સુરતનાં જિનાલયો

(સુરત, વલસાડ, નવસારી જિલ્લાનાં જિનાલયો સહિત)



ચંદ્રકાન્ત કડિયા

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરતનાં જિનાલયો

(સુરત, વલસાડ તથા નવસારી જિલ્લાનાં જિનાલયો સહિત)

ચંદ્રકાન્ત કડિયા

પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ-૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Suratna Jinalayo by Chandrakant Kadia

પ્રથમ આવૃત્તિ : ૧૫ જૂન, ૨૦૦૧
વીર સંવત : ૨૫૨૭ વિક્રમ સંવત : ૨૦૫૭
પ્રત : ૧૦૦૦

© શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ-૧

કિંમત : રૂા. ૨૫૦-૦૦

પ્રકાશક : કામદાર નવીનચંદ્ર મણિલાલ
જનરલ મૅનેજર
શેઠ આણંદજી કલ્યાણજી, ઝવેરીવાડ, અમદાવાદ-૧

ગ્રંથ આયોજન : શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશન રિસર્ચ સેન્ટર,
'દર્શન' બંગલો, શાહીબાગ, અમદાવાદ-૪

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
નોવેલ્ટી સિનેમા પાસે,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન નં. ૫૫૦૮૬૩૧-૫૫૦૯૦૮૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરોવચન

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી સને ૧૯૫૩માં સમગ્ર ભારતનાં જૈન તીર્થો અને જૈન મંદિરો ધરાવતાં અન્ય ગ્રામ-નગરાદિનાં ઐતિહાસિક વર્ણન આલેખતો ગ્રંથ **જૈન તીર્થ સર્વ સંગ્રહ** ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત ગ્રંથની નકલો ખપી જવાથી ઘણા સમયથી અનુપલબ્ધ હતો. તેમ જ છેલ્લાં વર્ષોમાં ઇતિહાસ વિષયક ઘણું નવું નવું સંશોધન થયું છે તથા શહેરો અને નગરોમાં અનેક જિનાલયોનાં જીર્ણોદ્ધાર, પ્રતિમાજીઓનું સ્થળાંતર, નૂતન જિનાલયોના નિર્માણ જેવા અનેકવિધ પ્રસંગ અનવરત થતા જ રહ્યા છે. આ તમામ માહિતીનો ઉપયોગ કરી નવા સ્વરૂપે જ ઉક્ત ગ્રંથો પ્રકાશિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે યોજના અનુસાર પ્રથમ **રાજનગરનાં જિનાલયો** નામનો ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો. ત્યાર બાદ **ખંભાતનાં જિનાલયો** તથા **પાટણનાં જિનાલયો** ગ્રંથો પ્રકાશિત થયા. તે શ્રેણિમાં હવે **સુરતનાં જિનાલયો (સુરત, વલસાડ** તથા **નવસારી જિલ્લાનાં જિનાલયો સહિત)** ગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે ત્યારે હું ખૂબ જ આનંદ અનુભવુ છું. પૂર્વે પ્રકાશિત કરવામાં આવેલ **જૈન તીર્થ સર્વ સંગ્રહ** નામના ગ્રંથો કદમાં દળદાર હતા તેથી ઉપયોગ કરનારને અગવડનો અનુભવ થતો હતો તેમ જ જે તે નગરના ઇતિહાસને જાણવા માટે સંપૂર્ણ ગ્રંથને ઉથલાવવો પડતો હતો. આ અગવડને દૂર કરવા માટે આ સમગ્ર યોજનાને ૧૦ ભાગમાં વિભાજન કરવામાં આવી છે. સંપૂર્ણ વિગત ગ્રંથના અંતે આપવામાં આવી છે. તે અનુસાર ગુજરાતનાં મુખ્ય નગરોના ઇતિહાસને અલગ ગ્રંથોમાં પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ કારણે તે-તે નગરના ભાઈઓ પોતાના નગરનો ઇતિહાસ સુપેરે જાણી શકે તેમ જ ભવિષ્યમાં પોતાના વારસદારોને એક અમૂલ્ય ભેટ પણ આપી શકે તેવી ભાવનાથી આ યોજના વિચારવામાં આવી છે. **ખંભાતનાં જિનાલયો** તથા **પાટણનાં જિનાલયો** વિશે પૂ૰ આચાર્ય ભગવંતોના ઉત્સાહવર્ધક અભિપ્રાયો પ્રાપ્ત થયા છે તે માટે પણ અમે તેમના આભારી છીએ. આ યોજના માટે જેમણે-જેમણે સહકાર આપ્યો છે તેમનો આભાર વ્યક્ત કરું છું.

જિનાલયોની માહિતી એકત્ર કરી પ્રકાશિત કરવાના પ્રસ્તુત કાર્યમાં સુરતનાં જિનાલયોના તથા વલસાડ તેમજ નવસારી જિલ્લાનાં તમામ જિનાલયોના વ્યવસ્થાપક ભાઈઓએ સુંદર સહકાર આપ્યો છે તેનો તેમજ વર્તમાન કાળે જેટલાં જિનાલયો છે તે તમામની સુરત, વલસાડ તથા નવસારીના વતનીઓ દ્વારા ધનથી અને સ્થાનિક ભાઈઓ દ્વારા તન અને મનથી સુંદર સુરક્ષા તથા યથાવત્ જાળવી રાખવા ખૂબ જ સુંદર પ્રયાસ થઈ રહ્યો છે, તેની હું ખૂબ જ અનુમોદના કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતનાં જિનાલયોની માહિતી એકઠી કરવા માટે આ કાર્યમાં જોડાયેલાં બહેનોનો તથા ઐતિહાસિક માહિતી, ઇતિહાસ અને અન્ય સામગ્રી એકત્ર કરી પ્રકાશન કરવા માટે શ્રી ચંદ્રકાન્ત કડિયાનો આ પ્રસંગે વિશેષ આભાર માનું છું.

આ ગ્રંથમાં પ્રકાશિત થયેલ માહિતી એકત્ર કરવા માટે મુખ્ય આર્થિક સહયોગ શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ તરફથી પ્રાપ્ત થયો છે, છબીઓ (ફોટોગ્રાફ્સ) તથા પ્રકાશન માટે સંબોધિ સંસ્થાન નામની સંસ્થાએ તથા ગ્રંથ સંરચના અને કૉમ્પ્યુટર આદિ દ્વારા સુંદર પ્રકાશન કાર્ય માટે શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટરનો બહુમૂલ્ય સહકાર અને સહયોગ મળ્યો છે. આ માટે તે સહુનો હું ખૂબ જ આભાર માનું છું.

જૂન, ૨૦૦૧, અમદાવાદ.

શ્રેણિક કસ્તૂરભાઈ
પ્રમુખ
આ. ક. પેઢી

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપોદ્‌ઘાત

રાજનગર-અમદાવાદ, ખંભાત અને પાટણનાં જિનાલયોના ત્રણ ગ્રંથો પેઢી તરફથી પ્રકાશિત થયા છે તે શ્રેણિમાં સુરતનાં જિનાલયો તથા વલસાડ તેમજ નવસારી જિલ્લાનાં જિનાલયોને આવરી લેતો આ ચતુર્થગ્રંથ એક નવી ભાત પાડે છે. અમદાવાદ, ખંભાત અને પાટણ ઐતિહાસિક દૃષ્ટિએ પ્રાચીન નગરો છે. તેની પરંપરા ભવ્ય છે. ત્યાંનાં જિનાલયો અપેક્ષાકૃત પ્રાચીન છે તેમજ શિલ્પ અને સ્થાપત્યતા અદ્‌ભુત છે. જ્યારે સુરત કંઈક અર્વાચીન ગણાય છતાંય તેની પરંપરા અને ઇતિહાસ ભવ્ય તથા રોચક છે. પ્રારંભથી જ સુરત શહેર વ્યાપાર-વાણિજ્યનું મથક રહ્યું છે તેથી વણિકો અને જૈનોની માનીતી નગરી બની ગઈ હતી. જૈનો જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં જિનાલયો અને ઉપાશ્રયોનું નિર્માણ અચૂક કરે છે. તેવી જ રીતે સુરતમાં તથા આસપાસના અનેક ગામોમાં અનેક જિનાલયો નિર્મિત થયાં છે. તેનો ઇતિહાસ તથા માહિતી પ્રસ્તુત ગ્રંથમાં આપવામાં આવી છે.

નાનામાં નાના ગામમાં પણ જિનાલયોનું અસ્તિત્વ જૈનોની ભક્તિભાવ અને તે દ્વારા તન, મન, ધનને પાવન કરવાની ઉદાર વૃત્તિનું દ્યોતક છે. જૈન ધર્મની ઉજ્જવળ પરંપરામાં જિનાલયોનું નિર્માણ એક અવિચ્છિન્ન ઘટક છે. પરમાત્માની ભક્તિ પણ ખૂબ જ ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક કરીને મનને પાવન કરવાની વૃત્તિ જૈન માત્રમાં સતત વહેતી રહી છે. નવી પેઢીને આવા પુનિત કાર્યમાં જોડવા માટે જિનાલયો સમર્થ અને સાર્થક નિમિત્ત બની જાય છે. આથી આજેય જૈન ધર્મની ધજા ગગનમાં ફરકી રહી છે. અને તેથી જિનશાસનની પ્રગતિ વધુ ને વધુ થઈ રહી છે તેમાં આવાં જિનમંદિરો કારણભૂત છે. સુરત, વલસાડ અને નવસારી જિલ્લાનાં જિનાલયોનો ઇતિહાસ અને તેની વિશેષતા પ્રસ્તુત ગ્રંથમાં આલેખવામાં આવી છે. તે ઉપરાંત તે તે જિલ્લાના સંઘો, ધર્મશાળાઓ, ભોજનશાળાઓ, જ્ઞાનભંડારો આદિની માહિતી પણ આપવામાં આવી છે. આ દર્શાવે છે કે જૈનો માત્ર જિનાલયો જ નહીં પરંતુ સાતેય ક્ષેત્રોને હર્યાભર્યા રાખવા સતત સજાગ રહ્યા છે અને સાતેય ક્ષેત્રોને સિંચન કરવામાં સદાય ઉદાર રહ્યા છે. આવી પ્રવૃત્તિઓનો પ્રમાણભૂત ઉલ્લેખ આ ગ્રંથમાં લેખક મહોદયે ખૂબ જ ચીવટ અને અપાર મહેનત કરી એકત્ર કર્યો છે. આમ આ ગ્રંથ અનેક ઉપયોગી માહિતીઓનો સંગ્રાહક ગ્રંથ બન્યો છે. માત્ર તે સ્થાનના વતનીઓને માટે જ નહીં પણ સમગ્ર જૈનો માટે આ એક ઉપયોગી ગ્રંથ સાબિત થશે. તેમાંય ખાસ કરીને સંશોધકો, ઇતિહાસકારો અને જિજ્ઞાસુઓ માટે તો સંદર્ભગ્રંથની ગરજ સારશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ગ્રંથમાં ઇતિહાસ પછીના ભાગમાં જિનાલયોનાં કોષ્ટકોમાં જિનાલયો સંબંધી માહિતી આપવામાં આવી છે. પૂર્વે જણાવ્યું તે પ્રમાણે વિભિન્ન સંસ્થાઓ અંગેની માહિતીઓથી ગ્રંથ વધુ ઉપાદેય બન્યો છે. પરિશિષ્ટમાં આપવામાં આવેલ જુદી-જુદી ચૈત્ય પરિપાટીઓ સુરતની તીર્થ તરીકેની ખ્યાતિનો ખ્યાલ આપે છે. જુદા-જુદા સમયે રચાયેલી ચૈત્યપરિપાટીઓ સુરતના તે-તે કાળના ઇતિહાસની નોંધ માટેનું એક સબળ સાધન છે. તેમાં તે-તે સમયે વિદ્યમાન જિનમંદિરો તેની વિશેષતાઓ અને અન્ય માહિતી માટેનું પ્રમાણભૂત સાધન છે. તેનો ઉપયોગ પ્રસ્તુત ગ્રંથ તૈયાર કરવામાં આધારભૂત સામગ્રી તરીકે કર્યો છે. આમ તે ચૈત્યપરિપાટીઓનો ઉપયોગ લેખનકાર્યમાં તો થયો જ છે. પરંતુ તેને મૂળ સ્વરૂપે પણ પ્રકાશિત કરવામાં આવી છે જેથી વિદ્વાનોને તેનો સંદર્ભ જોવો હોય તો સુલભ થઈ શકે.

સુરતમાં જુદાં-જુદાં વર્ષોમાં જિનશાસનની પ્રભાવનાનાં અનેક નાનાં મોટાં કાર્યો થતાં આવ્યાં છે. તેમાંથી જે મુખ્ય કાર્યો થયાં તેનો ખ્યાલ આવે તે માટે સુરતની તવારીખ પણ આપવામાં આવેલી છે. આમ આ ગ્રંથ ખરેખર સુરતમાં જૈનધર્મ વિશેની માહિતીનો સર્વ સંગ્રાહક ગ્રંથ બની શક્યો છે.

આ ગ્રંથના લેખક શ્રી ચંદ્રકાન્ત કડિયાએ ગ્રંથ તૈયાર કરવામાં ખૂબ જ મહેનત અને પ્રમાણભૂત માહિતી એકઠી કરવા માટે ભારે જહેમત ઉઠાવી છે તેમ જ ખૂબ જ ટૂંક સમયમાં આ કાર્ય પૂર્ણ કરી આપ્યું છે તે માટે તેમની જેટલી અનુમોદના કરીએ તે ઓછી જ છે.

ગ્રંથ તૈયાર કરવા માટે સહયોગ કરનાર તમામનો આભાર માનવામાં આવે છે. ગ્રંથપ્રકાશનમાં સહયોગ આપવા બદલ સંબોધિ સંસ્થાનનો પણ આભાર માનવામાં આવે છે. આ ગ્રંથમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તે અંગે અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે જેથી બીજી આવૃત્તિમાં તે અંગે ખ્યાલ રાખી શકાય.

અનેક ઇતિહાસવેત્તાઓ અને જિજ્ઞાસુઓને આ ગ્રંથ ઉપયોગી નીવડશે તેવી આશા છે. અને સુરતના પ્રત્યેક રહેવાસી માટે તો એક સંગ્રહણીય ગ્રંથ બન્યો છે. તેઓ પણ આ ગ્રંથને અવશ્ય આવકારશે.

જિતેન્દ્ર બી. શાહ

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસ્તાવના

સં૰ ૨૦૫૩માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા પ્રકાશિત થયેલ **રાજનગરનાં જિનાલયો** ગ્રંથના પુરોવચનમાં શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં સમગ્ર ભારતનાં તમામ શહેરો અને ગામોનાં જિનાલયોની આવી નોંધ તૈયાર થાય અને ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થાય. પ્રસ્તુત ગ્રંથ પ્રકાશિત થયા બાદ બે માસના ટૂંકા ગાળામાં જ તે અપ્રાપ્ય બન્યો હતો.

ચતુર્વિધ સંઘના આવા ઉષ્માભર્યા પ્રતિભાવથી પ્રેરાઈને શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ ગુજરાતનાં તમામ જિનાલયોના પ્રોજેક્ટની રૂપરેખા તૈયાર કરવાનું કાર્ય મને સોંપ્યું. રૂપરેખા તૈયાર થઈ અને દસ ગ્રંથોમાં સમાવિષ્ટ થાય તે રીતે પ્રોજેક્ટને આખરી ઓપ આપવામાં આવ્યો. પ્રોજેક્ટને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા મંજૂર કરવામાં આવ્યો. વળી, પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે જરૂરી ફંડ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યું. આ સંદર્ભમાં શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈનો તથા આણંદજી કલ્યાણજી પેઢીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પ્રસ્તુત પ્રોજેક્ટનો પ્રારંભ ૨૪ એપ્રિલ,૧૯૯૮થી શરૂ થયો હતો અને પ્રોજેક્ટનો પ્રથમ ગ્રંથ **ખંભાતનાં જિનાલયો** ૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ પ્રકટ થયો. તે ગ્રંથને પણ ખૂબ જ સાનુકૂળ પ્રતિભાવ સાંપડ્યો. ત્યારબાદ પ્રોજેક્ટનો બીજો ગ્રંથ **પાટણનાં જિનાલયો** ૨૪ એપ્રિલ, ૨૦૦૦ના રોજ પૂર્ણ થયો અને આ ત્રીજો ગ્રંથ **સુરતનાં જિનાલયો (સુરત, વલસાડ તથા નવસારી જિલ્લાનાં જિનાલયો સહિત)** પૂર્ણ થઈ શક્યો છે. આ ગ્રંથ તૈયાર કરવામાં થોડોક વિલંબ થયો છે તે બદલ અંતઃકરણપૂર્વક દિલગીરી વ્યક્ત કરું છું.

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ, સંબોધિ સંસ્થાન તથા તીર્થકોશ નિધિ તરફથી આ પ્રોજેક્ટ માટે આર્થિક સહયોગ સાંપડી રહ્યો છે. ઉપરાંત સંબોધિ સંસ્થાનના સૌજન્યથી પ્રસ્તુત ગ્રંથમાં ફોટોગ્રાફ્સ ઉપલબ્ધ બન્યા છે. આ માટે તે તે સંસ્થાઓનો ઋણસ્વીકાર કરું છું. સમગ્ર પ્રોજેક્ટ દરમ્યાન પરમ મિત્ર શ્રી જિતેન્દ્રભાઈ બી. શાહ તરફથી સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે.

આ કાર્ય માટેં કેતનભાઈ શાહ, પુષ્પાબેન હર્ષદભાઈ શાહ, બિંદુબેન પ્રદીપભાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઝવેરી, ઉષાબેન અજિતભાઈ શાહ, ગીતાબેન નીતીનચંદ્ર શાહ, દક્ષાબેન નરેશભાઈ શાહ, પારૂલબેન હેમંતભાઈ પરીખ તથા કુ. શીતલ શાહ વગેરે ભાઈ-બહેનોની ટીમનો સહયોગ પ્રાપ્ત થયો છે. અનેક પ્રતિકૂળતાઓ તથા મુશ્કેલીઓમાં પણ ખૂબ જ સમતાપૂર્વક, ખંતથી અને નિષ્ઠાપૂર્વક બહેનોએ આ કાર્ય કર્યું છે અને કરી રહી છે. તેઓએ જિનાલયોની પ્રત્યક્ષ મુલાકાત લઈને નિયત કરેલ પત્રકમાં માહિતી એકઠી કરી છે. ઉપરાંત દક્ષાબેન શાહે સુરતની જૈન ઘટનાઓની તવારીખ તથા જિનાલયોના કોષ્ટક પ્રકરણમાં મદદનીશ તરીકે સહાય કરી છે.

આ ગ્રંથમાં સુરત શહેરનાં ૧૩૬ જિનાલયોની માહિતી ઉપરાંત સુરત જિલ્લાનાં ૪૮ જિનાલયો, વલસાડ જિલ્લાનાં ૫૭ જિનાલયો તથા નવસારી જિલ્લાનાં ૩૫ જિનાલયો ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશનાં ૫ જિનાલયોની માહિતી સમાવિષ્ટ કરવામાં આવી છે.

પ્રત્યક્ષ મુલાકાત ઉપરાંત આ ગ્રંથલેખનમાં ચૈત્યપરિપાટીઓનો બહુમૂલ્ય ફાળો છે. ઉપા૦ શ્રી વિનયવિજયરચિત સુરત ચૈત્યપરિપાટી (સં૦ ૧૬૮૯), લાધાશાહરચિત સૂર્યપૂર ચૈત્યપરિપાટી (સં૦ ૧૭૯૩), સુરતનાં જિનાલયોના કડીબદ્ધ ઇતિહાસ માટે આ બન્ને ચૈત્યપરિપાટીઓ ખૂબ જ ઉપયોગી નીવડી છે.

સુરતનાં પ્રાચીન જિનાલયોની ભવ્યતા તથા અનુપમ કલા-કારીગરીનો અંશતઃ પણ ખ્યાલ આવે તે હેતુથી જિનાલયોનો શક્ય તેટલો વિગતવાર વર્ણન કરવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે.

કોષ્ટકમાં પ્રતિમાઓ તથા પટની સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગણતરીમાં આરસપ્રતિમાની સંખ્યામાં મૂળનાયકની પ્રતિમાની ગણતરી સામેલ છે. જ્યાં આવી ગણતરી સામેલ કરી નથી ત્યાં સ્પષ્ટતા કરી ગણતરી આપવામાં આવી છે. દેવ-દેવીઓની મૂર્તિઓને ગણતરીમાં સમાવિષ્ટ કરી નથી. માત્ર તીર્થંકરોની જ પ્રતિમાઓને ગણતરીમાં સામેલ કરવામાં આવી છે. પ્રતિમાનાં નામ જ્યાં આપ્યાં નથી અથવા લાંછન દ્વારા ઓળખી શકાઈ નથી ત્યાં તીર્થંકર ભગવાનનું નામ આપી શકાયું નથી. એનો ઉલ્લેખ આરસપ્રતિમા તરીકે કર્યો છે. આરસના પથ્થરમાં અથવા સાદા પથ્થરમાં કે કાષ્ઠમાં ઉપસાવેલ હોય અથવા ચિત્રાંકન થયેલ પટ હોય તેવા પટોની સંખ્યાને કોષ્ટકમાં ગણતરીમાં લીધેલ છે. તીર્થંકરોનાં જીવનચરિત્ર તથા અન્ય પ્રસંગોના ચિત્રકામ અંગેની નોંધ કોષ્ટકમાં મૂકી નથી. જિનાલયના વર્ણનમાં જ્યાં **ડાબી બાજુ જમણી બાજુ**નો ઉલ્લેખ થયો હોય ત્યાં મૂળનાયકની ડાબી બાજુ, મૂળનાયકની જમણી બાજુ સમજવાની છે. જિનાલય ઘરમાં હોય કે ઘરદેરાસર તરીકે ગણાતું હોય ત્યાં **ઘરદેરાસર** શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

સંવતના ક્રમ અનુસાર તથા તીર્થંકરના ક્રમ અનુસાર અલગ અલગ યાદી આપવામાં આવી છે.

જિનાલયની સમયનિર્ધારણા કરવી એ કપરું કામ હતું. આ માટે અમે ચૈત્યપરિપાટીઓ, અન્ય સંદર્ભ ગ્રંથો તથા સંદર્ભ નોંધોનો વિનિયોગ કર્યો છે. પ્રાયઃ સૌથી વિશેષ આધારભૂત સ્રોત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયના મૂળનાયકનો મૂર્તિલેખ કહી શકાય. આથી, વાંચી શકાયું તેટલું લખાણ મોટા ભાગના મૂર્તિલેખોમાંથી ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરંતુ પ્રતિમાને લેપ કરવામાં આવ્યો હોય, અક્ષરો ઘસાઈ ગયા હોય કે વાંચી શકાયા ન હોય ત્યાં લેખ ઉપલબ્ધ થયો નથી તે મુજબ સમજવાનું છે. તો કેટલેક સ્થળે પ્રતિમાલેખ નથી તેવી નોંધ કરેલ છે.

કેટલીક જગ્યાએ **જૈન તીર્થ સર્વસંગ્રહ** અને **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી** જેવા સંદર્ભગ્રંથોમાં આપવામાં આવેલી સંવત માન્ય રાખવામાં આવી છે.

એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી દ્વારા લિપિશાસ્ત્રના વર્ગો લક્ષ્મણભાઈ ભોજકની રાહબરી હેઠળ ચાલ્યા હતા. આ તાલીમ વર્ગમાં પ્રોજેક્ટની ટીમની બહેનો પણ જોડાઈ હતી. લિપિશાસ્ત્રની એ તાલીમ મૂર્તિલેખો તથા શિલાલેખો ઉકેલવામાં ઉપકારક નીવડી. જિનાલયમાં મૂળનાયકના મૂર્તિલેખ ઉપરાંત આજુબાજુની અન્ય પ્રતિમાઓના લેખને ઉકેલવાનો બનતો પ્રયત્ન કર્યો છે.

અહીં અભ્યાસીઓ તથા વિદ્વાનોને ઉપયોગી થઈ પડે તે માટે પરિશિષ્ટો સમાવવામાં આવ્યાં છે. પરિશિષ્ટોમાં તે તે સમયની જોડણી યથાવત્ રાખવામાં આવી છે. વળી, તવારીખના પરિશિષ્ટમાં ૨૦મા સૈકા સુધીની તવારીખ સમાવિષ્ટ કરવામાં આવી છે. પ્રોજેક્ટના કાર્ય નિમિત્તે જે ગ્રંથોનું અધ્યયન થયું તેમાંથી ઉપલબ્ધ માહિતીને આધારે તવારીખનું પરિશિષ્ટ સમાવિષ્ટ કર્યું છે. તવારીખનું પ્રકરણ સ્વતંત્ર રીતે આપવાનો પ્રસ્તુત પ્રોજેક્ટની અંતર્ગત ઉપક્રમ ન હતો. પરંતુ ભવિષ્યમાં સુરતની જૈન પરંપરા અંગે અધ્યયન-સંશોધન કરનાર અભ્યાસીઓને ઉપયોગી થઈ પડે તે હેતુથી તવારીખની નોંધ ૨૦મા સૈકા સુધીની આપવામાં આવી છે. આ તવારીખ સંપૂર્ણ નથી.

આ૦ શ્રી જમ્બૂવિજયજી, આ૦ શ્રી રામચંદ્રસૂરિજી ડહેલાવાળા, આ૦ શ્રી ચંદ્રોદયસૂરિજી, આ૦ શ્રી શીલચંદ્રસૂરિજી, આ૦ શ્રી પ્રદ્યુમ્નસૂરિજી, શ્રી અજયસાગરજી મહારાજ સાહેબ, મુનિ શ્રી ભુવનચંદ્રજી મહારાજ, મુનિ શ્રી સર્વોદયસાગર વગેરે આચાર્ય ભગવંતો અને સાધુ ભગવંતોનું માર્ગદર્શન, પ્રેરણા, પ્રોત્સાહન અને આશિષોના બહુમૂલ્ય પ્રદાનનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું.

અભ્યાસ દરમ્યાન જે જે હસ્તપ્રતો તથા ગ્રંથોની જરૂરિયાત ઊભી થઈ, તેને મેળવવામાં ક્યારેક ઘણી મુશ્કેલીઓ પડી તેમ છતાં પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર, અમદાવાદનાં ભો૦ જે૦ વિદ્યાલય, જૈન પ્રાચ્ય વિદ્યામંદિર, આ૦ શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જ્ઞાનભંડાર, સંવેગી ઉપાશ્રયનો જ્ઞાનભંડાર, ડહેલાના ઉપાશ્રયનો જ્ઞાનભંડાર, એલ.ડી.ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજી, શારદાબહેન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો ગ્રંથભંડાર, ખંભાતના શ્રી તપગચ્છ અમર જૈનશાળાનો જ્ઞાનભંડાર તથા કોબાના આ૦ શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર વગેરે સંસ્થાઓએ હસ્તપ્રતો તથા ગ્રંથો સુલભ કરી આપીને ઉમળકાભેર સહકાર આપ્યો છે. તે સર્વેની અનુમોદના કરું તેટલી ઓછી છે. આ સૌનો હું હાર્દિક આભાર માનું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતનાં જિનાલયોના વહીવટદારોએ માહિતી આપીને મદદ કરી છે. શ્રી ચંદુભાઈ પટવા, શ્રી સંદીપ વાન, શ્રી હસમુખ શાહ વગેરે મારા વિદ્યાર્થીમિત્રોએ સુરતની વિવિધ સંસ્થાઓ, જિનાલયોના વહીવટદારો તથા અન્ય વ્યક્તિઓની સાથે સંપર્ક કરાવીને અનન્ય સેતુકર્મ બજાવ્યું છે. ઉપરાંત જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં રૂબરૂ આવીને સમગ્ર કાર્યમાં ખૂબ જ મદદરૂપ બન્યા છે.

સુરતના અતિથિગૃહ 'સુરત જૈન ભોજનશાળા'ના સંચાલકોએ રહેવાની ઉત્તમ સુવિધા પૂરી પાડી છે. તેમનો પણ હું આભાર માનું છું.

તદુપરાંત આ કાર્યમાં સંબોધિ સંસ્થાનના ઉપક્રમે સુરતનાં જિનાલયોની છબીકલા માટે શ્રી સ્નેહલભાઈ શાહનો સહયોગ પ્રાપ્ત થયો છે.

ખાસ તો સુરત, નવસારી તથા વલસાડ જિલ્લાનાં ગામોનાં જિનાલયોમાં રૂબરૂ મુલાકાત લઈને શ્રી કેતનભાઈ શાહે ભગીરથ પ્રયાસ કર્યો છે અને કષ્ટસાધ્ય કાર્યને સુગમ બનાવ્યું છે.

સમગ્ર ગ્રંથના સંપાદનમાં મદદનીશ તરીકે કુ. શીતલ શાહે ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને સમર્પિત ભાવે સેવાઓ આપી છે.

જિનાલયોના ગ્રંથના આ સમગ્ર પ્રોજેક્ટ દરમ્યાન મારી પત્ની રસીલા કડીઆનો સાથ-સહકાર ઉપરાંત બહુમૂલ્ય માર્ગદર્શન મળ્યાં છે. તેના સમર્પિત ભાવથી જ આ યજ્ઞકાર્ય સરળતા-પૂર્વક અને સફળતાપૂર્વક પાર પડ્યું છે.

અહીં આ સૌનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું.

અંતે, એક વાત ખાસ જણાવવાની કે આ ગ્રંથમાં કોઈ વિગતદોષ જણાયો હોય અથવા જિનાલયો વિશેની વધુ માહિતીની કોઈને જાણ હોય તો તેઓ તેની અચૂક જાણ કરે તેવી નમ્ર વિનંતિ છે.

પ્રસ્તુત ગ્રંથલેખનમાં શાસ્ત્રોક્ત દૃષ્ટિએ જો કોઈ દોષ રહી ગયો હોય તો અંતઃકરણપૂર્વક ખમાવું છું.

શ્રી એલ. આર. જૈન બોર્ડિંગ
ટી.વી. ટાવર સામે
ડ્રાઇવ-ઇન રોડ
અમદાવાદ-૩૮૦ ૦૫૪.
ફોન : ૬૮૫૮૯૨૬

ચંદ્રકાન્ત કડિયા

તા: ૨૪-૪-૨૦૦૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુક્રમણિકા

	પુરોવચન	૩
	ઉપોદ્‌ઘાત	૫
	પ્રસ્તાવના	૭
૧.	સુરતની જૈન પરંપરા	૧
૨.	સુરતનાં જિનાલયો	૯
૩.	સુરત જિલ્લાનાં જિનાલયો	૨૦૧
૪.	નવસારી જિલ્લાનાં જિનાલયો	૨૪૭
૫.	વલસાડ જિલ્લાનાં જિનાલયો	૨૭૯
૬.	સુરતનાં જિનાલયોનું કોષ્ટક	૩૧૭
૭.	સુરત જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક	૩૬૭
૮.	નવસારી જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક	૩૮૯
૯.	વલસાડ જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક	૪૦૫
૧૦.	તીર્થંકરોના ક્રમાનુસાર સુરતનાં જિનાલયોની યાદી	૪૨૯
૧૧.	સંવતના ક્રમાનુસાર સુરતનાં જિનાલયોની યાદી	૪૩૯
૧૨.	સુરતનાં ઉપાશ્રયો, પાઠશાળા, જ્ઞાનભંડાર, આયંબિલશાળા, ધર્મશાળા તથા ભોજનશાળાની યાદી	૪૪૭
૧૩.	સુરતનાં જિનાલયોના સંઘોની યાદી	૪૬૧
૧૪.	સુરત જિલ્લાનાં જિનાલયોના સંઘોની યાદી	૪૮૫
૧૫.	નવસારી જિલ્લાનાં જિનાલયોના સંઘોની યાદી	૪૯૩
૧૬.	વલસાડ જિલ્લાનાં જિનાલયોના સંઘોની યાદી	૫૦૧
૧૭.	પરિશિષ્ટ	૫૦૯
	૧. સુરતની જૈન ઘટનાઓની તવારીખ	૫૧૧
	૨. ઉપા૰ વિનયવિજય ઉપાધ્યાય વિરચિત સૂર્યપુર ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૮૯)	૫૨૮
	૩. કટુકમતીય લાધાશાહ કૃત સુરત ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૯૩)	૫૩૩
૧૮.	સંદર્ભ ગ્રંથ સૂચિ	૫૪૧
૧૯.	ગુજરાતનાં જિનાલયોના ઈતિહાસની યોજના અંગે	૫૪૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતનાં જિનાલયોના ફોટોગ્રાફ્સની યાદી

(૧) આગમમંદિર, બાહ્ય દેખાવ. (આગમ મંદિર રોડ, ગોપીપુરા)

(૨) અનંતનાથ સ્વામી જિનાલય, બાહ્ય દેખાવ. (જૂની અદાલત, ગોપીપુરા)

(૩) હીરાચંદ લલ્લુભાઈ ઝવેરીના ઘરદેરાસરના શ્રી વિમલનાથના દેરાસરની જીર્ણ કાષ્ઠકોતરણી. (ભણશાળી પોળ, ગોપીપુરા)

(૪) કુંથુનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (ગોપીપુરા)

(૫) કુંથુનાથ જિનાલય, રંગમંડપનો ભાગ. (ગોપીપુરા)

(૬) ધર્મનાથ (હાથીવાળા) જિનાલય, બાહ્ય દેખાવ. (ગોપીપુરા)

(૭) ધર્મનાથ (હાથીવાળા) જિનાલય, ગુરુમૂર્તિ. (સુભાષચોક, ગોપીપુરા)

(૮) ધર્મનાથ (હાથીવાળા) જિનાલય, યતિમહારાજની ગાદી, નાકોડાભૈરવ, માણિભદ્રવીર. (ગોપીપુરા)

(૯) મહાવીરસ્વામી જિનાલય, બારસાખ. (દેસાઈ પોળ, પેઢીની ગલીમાં, ગોપીપુરા)

(૧૦) મહાવીરસ્વામી જિનાલય, દેવીપ્રતિમા. (દેસાઈ પોળ, પેઢીની ગલી, ગોપીપુરા)

(૧૧) મહાવીરસ્વામી જિનાલય, દ્વારપાળ. (દેસાઈ પોળ, પેઢીની ગલીમાં, ગોપીપુરા)

(૧૨) આદીશ્વર જિનાલય, બાહ્ય દેખાવ. (માળીફળિયા)

(૧૩) ઉમરવાડી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (ઓશવાળ મહોલ્લો)

(૧૪) સંભવનાથ જિનાલય (મંછુરામ તલકચંદ ઝવેરીનું) બાહ્ય દેખાવ. (મોતીપોળના નાકે)

(૧૫) માણેકચંદ ઝવેરચંદ જરીવાળા ઘર દેરાસરસ્થિત કાષ્ઠકોતરણીયુક્ત શ્રી સિદ્ધચક્રયંત્ર. (ભણશાળી પોળ, કાયસ્થ મહોલ્લો)

(૧૬) માણેકચંદ ઝવેરચંદ જરીવાળા ઘરદેરાસરના મૂળ નાયકની કાષ્ઠની છત્રી. (ભણશાળી પોળ, કાયસ્થ મહોલ્લો)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૭) મહાવીરસ્વામી જિનાલય, આરસનું કલાત્મક સમવસરણ. (કચરાની પોળ, ઘીકાંટા, નાણાવટ)

(૧૮) અજિતનાથ ભગવાનનું દેરાસર, સરસ્વતી માતાની મૂર્તિ ચૂંદડી સહિત. (નાણાવટ)

(૧૯) અજિતનાથ જિનાલય, સરસ્વતી માતાની મૂર્તિ લેખસહિત. (તાળાવાળાની પોળ, નાણાવટ)

(૨૦) અજિતનાથ ઘરદેરાસર (મોતીચંદ તલકચંદ) કાષ્ઠ કોતરણી. (ઓશવાળ મહોલ્લો)

(૨૧) સીમંધરસ્વામી જિનાલય, પંચાંગુલી માતા. (તાળાવાળાની પોળ, વડાચૌટા)

(૨૨) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, મહાલક્ષ્મી માતા. (શાહપોર)

(૨૩) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, કાષ્ઠકોતરણી. (શાહપોર)

(૨૪) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, સ્તંભની કાષ્ઠકોતરણી. (શાહપોર)

(૨૫) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, ગભારાની બહાર રંગમંડપમાં ઘુંમટની કાષ્ઠકોતરણી. (શાહપોર)

(૨૬) ચિંતામણી પાર્શ્વનાથ, બાવન જિનાલય ભમતીમાં કાષ્ઠસ્તંભની કોતરણી. (શાહપોર)

(૨૭) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, કાષ્ઠકોતરણીયુક્ત સ્તંભ. (શાહપોર)

(૨૮) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, અષ્ટાપદજીનો પટ પ્રિન્ટેડ લાકડા ઉપર. (શાહપોર)

(૨૯) આદેશ્વર જિનાલય, ઓશિયા માતાની આરસ પ્રતિમા. (દરિયા મહેલ, ઓવારી કાંઠા, વડાચૌટા)

(૩૦) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ભગવાન મહાવીરની બાલ્યાવસ્થા. ચ્યવન, જન્મ, ક્રીડા અને નિશાળગળણુંના પ્રસંગ. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૧) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, મહાવીરસ્વામીને કેવળજ્ઞાન, તીર્થસ્થાપના, ઇન્દ્રભૂતિનું સમવસરણમાં આગમન, પ્રવ્રજ્યાદાન, ગણધરપદની પ્રાપ્તિ. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૨) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, રંગમંડપનો ભાગ, તીર્થંકરત્વની પ્રાપ્તિનાં સ્થાનકો ૧થી ૧૦. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૩) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, તીર્થંકરત્વની પ્રાપ્તિનાં સ્થાનકો ૧૧થી ૨૦. (શ્રાવકશેરી, સૈયદપુરા)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૪) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રોના રક્ષણ માટે અવસાન, તેમજ બ્રાહ્મણ દ્વારા પ્રતિબોધિત ચક્રીની દીક્ષા. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૫) ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ૧૭૦ તીર્થંકર પટ્ટ. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૬) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, અષ્ટાપદની રચના. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૭) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ચંપા શ્રાવિકાની તપશ્ચર્યા અને અકબર બાદશાહ. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૮) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ૨૪ તીર્થંકરનાં પારણાં. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૩૯) ચંદ્રપ્રભસ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, રંગમંડપનો સ્તંભ. (શ્રાવકશેરી, સૈયદપુરા)

(૪૦) વાસુપૂજ્ય જિનાલય, બાહ્ય દેખાવ. (કાળા મહેતાની શેરી, સગરામપુરા)

(૪૧) આદેશ્વર જિનાલય, ચક્રેશ્વરી માતાનો ગોખ. (અઠવા લાઈન્સ)

(૪૨) આદેશ્વર જિનાલય, ગભારાની બહારના દરવાજાની કોતરણી. (અઠવા લાઈન્સ)

સુરત જિલ્લાનાં જિનાલયોના ફોટોગ્રાફ્સની યાદી

(૪૩) વાસુપૂજ્યસ્વામી જિનાલય, બાહ્ય દેખાવ. (વાણિયાવાડ, બુહારી, તા. વાલોડ)

(૪૪) પાર્શ્વનાથ જિનાલય રંગમંડપમાં પદ્માવતી દેવીની મૂર્તિ. (મેઈન રોડ, બજારફળિયું, વાલોડ, તા. વાલોડ.)

(૪૫) સંભવનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (વાણિયાવાડ, કરચેલીયા, તા. મહુવા)

(૪૬) અભિનંદનસ્વામી જિનાલયનો ઝાંપા પાસેથી, ઘુમ્મટ-શિખરનો ભાગ. (બજારમાં, બૅંક ઑફ બરોડા સામે, મઢી, તા. બારડોલી)

વલસાડ જિલ્લાનાં જિનાલયોના ફોટોગ્રાફ્સની યાદી

(૪૭) અજિતનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (નહેરુ સ્ટ્રીટ, વાપી, તા. પારડી)

(૪૮) અજિતનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (બગવાડા, પારડી)

(૪૯) વિમલનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (દેવીપર, પો. ગોવાડા, તા. ઉમરગામ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવસારી જિલ્લાનાં જિનાલયોના ફોટોગ્રાફ્સની યાદી

(૫૦) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (રાયચંદ રોડ, નવસારી)

(૫૧) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (મધુમતી, નવસારી)

(૫૨) શાંતિનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (જલાલપોર)

(૫૩) ગોડી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (આલીપોર)

(૫૪) સંભવનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (વાંસદા)

(૫૫) આદેશ્વર જિનાલય, બાહ્ય દેખાવ. (અષ્ટગામ)

(૫૬) આદેશ્વર જિનાલય, બાહ્ય દેખાવ. (કાલીયાવાડી)

(૫૭) શાંતિનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (બીલીમોરા)

(૫૮) ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (ગણદેવી)

(૫૯) આદેશ્વર જિનાલય, દરવાજા સહિત બાહ્ય દેખાવ. (સરભાણ)

(૬૦) શીતલનાથ જિનાલય, બાહ્ય દેખાવ. (ફણસા)

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતની જૈન પરંપરા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતની જૈન પરંપરા

તાપી નદીના કાંઠે આવેલું સુરત શહેર ક્યારે વસ્યું એ વિશે જુદી જુદી માન્યતાઓ પ્રચલિત છે. એનું 'સૂર્યપુર' એવું શાસ્ત્રીય નામ પ્રતિમાલેખો અને ગ્રંથોમાંથી મળી આવે છે પણ ૧૬મા સૈકા પહેલાંનો કોઈ લેખ મળી આવ્યો નથી.

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ સુરતનો ક્રમબદ્ધ જૈન ઈતિહાસ આલેખતાં સુરત સંબંધી વિક્રમના ૧૬મા શતક વિશે નીચે મુજબની નોંધ મૂકે છે :

(૧) સં૰ ૧૫૧૩ વર્ષે પોષ શુદિ ૧૦ બુધે સૂર્યપુરવાસિ શ્રીમાલ જ્ઞા૰ મં૰ પેથા ભા૰ સેગૂ પુત્ર મં૰ હરરાજેન ભા૰ જઈતી સુત માલાદિ કુટુંબયુતેન સ્વશ્રેયસે શ્રી શીતલનાથબિંબં કા૰ પ્ર૰ તપા શ્રી રત્નશેખરસૂરિ ગુરુભિઃ ।

(૨) સં૰ ૧૫૧૯ માઘ શુદિ ૧૩ બુધે સૂર્યપુરે શ્રી શ્રીમાલી ગાં૰ વરસિંગ ભા૰ ટબકૂ પુ૰ ગાં૰ દેવાકેન ભા૰ દેવલદે ભ્રાતૃ હેમાક્ષયા સવરાજ મદનયુતેન પુ૰ શ્રીપતિ શ્રેયાર્થં શ્રી વિમલનાથ બિંબં કા૰ પ્ર૰ વૃદ્ધ તપા પક્ષે શ્રી ઉદયવલ્લભસૂરિભિઃ । બુદ્ધિસાગરજીનો સંગ્રહ ભા૰ ૧ નં૰ ૯૩૦

(૩) સં૰ ૧૫૩૪ વર્ષે વૈ૰ વ૰ ૧૦ સુરતવાસી પ્રાગ્વાટ વ્ય૰ ધર્મ્મા ભા૰ રાજૂસુત વણવીર ભા૰ ઝરી નામ્ન્યા સુત મહાકેન કુટુંબયુતેન શ્રી સુમતિબિંબં કા૰ પ્ર૰ તપા શ્રી લક્ષ્મીસાગરસૂરિભિઃ । નાહરનો સંગ્રહ ભા૰ ૩, નં૰ ૨૩૫૩.

(૪) સં૰ ૧૫૩૯ વર્ષે માઘ વદિ ૪ સોમે સૂર્યપુર વાસ્તવ્ય શ્રીમાલ જ્ઞાતીય વ૰ સાહ જયતસી ભાર્યા પ્રભૂ સુત વ૰ વુલા ભાર્યા કલદ સુત વ૰ સાધા ભાર્યા રામતિ શ્રેયાર્થં શ્રી અંચલગચ્છે શ્રી જયકેસરિસૂરિણામુપદેશેન શ્રી વિમલનાથબિંબં કારિતં. સુરત પ્રતિમાલેખ સંગ્રહ નં૰ ૮૦.

૨૬ વર્ષમાં (સં૰ ૧૫૧૩ થી સં૰ ૧૫૩૯) ચાર પ્રતિષ્ઠાઓના ઉલ્લેખ પરથી સૂર્યપુર-સુરત તે વખતે એટલે કે ૧૬મા સૈકામાં વૈભવશાળી સમૃદ્ધ શહેર હોવું જોઈએ. ઉપરાંત આ લેખો પરથી સમજાય છે કે તપાગચ્છના આચાર્યો રત્નશેખરસૂરિ અને તેમના પટ્ટધર લક્ષ્મી-સાગરસૂરિએ, વૃદ્ધ (બૃહત્) તપાગચ્છના ઉદયવલ્લભસૂરિએ અને અંચલગચ્છના જયકેસરી-સૂરિએ સુરતમાં પ્રવેશ કરી દીધો હતો.

●

૧૬મા સૈકાથી આજ સુધી આ નગરનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. તેણે અનેક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જળપ્રલયો નિહાળ્યા છે, કેટલાય દાવાનળો અનુભવ્યા છે, અનેકવાર લૂંટાયું છે. એવા અનેક કારમા ઘા ઝીલ્યા છતાં આજે પોતાનું નામ દીપાવતું એ ઊભું છે.

સુરતમાં એક સમયે ચોરાશી બંદરનો વાવટો ફરકતો હતો. ભારતવર્ષમાં એના કારીગરોની હોડમાં કોઈ ઊતરતું નહિ. શિવાજી મહારાજે અહીંની સંપત્તિ લૂંટીને પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરી હતી. અંગ્રેજો સુરતના સૌંદર્યથી લલચાયા હતા અને પોતાનું સૌ પહેલું થાણું અહીં નાંખ્યું હતું.

●

સુરતનું સૌંદર્ય વધારવામાં અને એનો મહિમા ગાજતો કરવામાં જૈનોનું સ્થાન અગ્રેસર હતું. આજે પણ તેનું એ સ્થાન કેટલેક અંશે જળવાઈ રહેલું જોવાય છે. સુરતના ગોપીપુરા અને નાણાવટમાં ઝવેરીઓ અને નાણાવટીઓની ઊંચી અટ્ટાલિકાઓ એનું આપણને ભાન કરાવે છે. એમની દાનવીરતા ઇતિહાસના પાને અંકાયેલી છે. નગરશેઠ જગન્નાથભાઈ, ભણશાલી શેઠ, લક્ષ્મીદાસ તેમજ શાંતિદાસ શેઠની પ્રાચીન કાળની સખાવતો અને શેઠ પ્રેમચંદ રાયચંદ, શેઠ નગીનદાસ, શેઠ નગીનદાસ ઝવેરચંદ વગેરેએ કરેલાં દાનનાં સ્મારકો આજે પણ એમનો મહિમા ગાઈ રહ્યાં છે.

●

આજે અહીં ઊભેલાં નાનાં-મોટાં ૧૩૬ જિનમંદિરો અહીંના દાનવીરોની યશોગાથા સંભળાવી રહ્યાં છે. આ જિનાલયો પૈકી કેટલાંક તો વિશાળ અને ભવ્ય છે. કેટલાંક પ્રાચીન છે ને વારંવારના જીર્ણોદ્ધારથી નવાં બન્યાં છે.

સુરતમાં ૧૭મા સૈકા દરમ્યાનનાં આશરે ૮ જિનાલયો, ૧૮મા સૈકા દરમ્યાનનાં ૬ જિનાલયો, ૧૯મા સૈકા દરમ્યાનનાં ૧૫ જિનાલયો, ૨૦મા સૈકા દરમ્યાનનાં ૩૨ જિનાલયો તથા ૨૧મા સૈકા દરમ્યાન સં૰ ૨૦૫૦ સુધી ૩૩ જિનાલયો અને સં૰ ૨૦૫૧ આજ દિન પર્યંત ૪૨ જિનાલયો એમ કુલ ૧૩૬ જિનાલયો વિદ્યમાન છે.

સં૰ ૧૬૮૯માં ઉપાધ્યાય વિનયવિજયજી સૂર્યપુર ચૈત્યપરિપાટી ગૂ૰ પદ્યમાં રચી છે. તેમાં ૧૪ કડી છે. પ્રથમની ૧૧ કડીમાં સુરતનાં ૧૧ જિનાલયોનાં નામ આપ્યાં છે :- ૧. ઋષભદેવ, ૨. શાંતિનાથ, ૩. ધર્મનાથ, ૪. સુરતમંડણ પાર્શ્વનાથ, ૫. સંભવનાથ, ૬. ધર્મનાથનું બીજું, ૭. અભિનંદનસ્વામી, ૮. પાર્શ્વનાથનું બીજું ઉંબરવાડામાં, ૯. કુંથુનાથ, ૧૦. અજિતનાથ અને ૧૧. ચિંતામણિ પાર્શ્વનાથનું. આ રીતે ૧૧ પ્રધાન જિનમંદિરો સુરતમાં હતાં એ તે શહેરના શ્રાવકોની વિપુલ સમૃદ્ધિ સૂચવે છે.

સં૰ ૧૭૯૩માં માગશર વદ ૧૦ ગુરુવારે કડવાગચ્છના લાધાશાહે સુરતમાં જેટલાં ચૈત્યો છે તેનાં નામ ઠામ સહિત વર્ણનરૂપે સૂરત ચૈત્યપરિપાટી નામની પદ્યકૃતિમાં અગાઉ ઉપા૰ શ્રી વિનયવિજયજીએ ગણાવેલાં ૧૧ દેરાસરો પૈકી ૧૦ મોટાં દેરાસરો, ઉપરાંત ૨૩૫ દહેરાસર, ૩ ભોંયરા, ૩૯૭૨ પ્રતિમા, પંચતીર્થીની ૫ ધાતુપ્રતિમા, ચોવીસવટાની ૨૪ વગેરે ૧૦,૦૪૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગણાવેલ છે. એટલું જ નહિ પરંતુ તે દરેક દેરાસર કયા કયા પરામાં આવેલ છે, દરેક પરામાં કેટલાં નાનાં ઘરદેરાસરો છે તે, દરેક દેરાસરમાં કેટલી આરસની અને ધાતુની મૂર્તિઓ છે વગેરે ગણનાપૂર્વક જણાવેલ છે.

સં૰ ૧૮૭૭માં દીપવિજયકૃત સુરત કી ગઝલમાં સુરતમાં ૪૨ જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ છે. સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સુરતમાં ૪૪ જિનાલયો તથા સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ૭૪ જિનાલયો હોવાનો નિર્દેશ છે. આજે સુરતમાં ૧૩૬ જિનાલયો વિદ્યમાન છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સુરતમાં ઘરદેરાસરોની સંખ્યા ૨૭ હતી, સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં જણાવ્યા મુજબ સુરતમાં ૨૪ ઘરદેરાસરો હતાં. આજે સુરતમાં ૪૦ ઘરદેરાસરો વિદ્યમાન છે.

●

સુરતના શ્રેષ્ઠીઓએ શત્રુંજય, સમેતશિખર તથા અન્ય વિવિધ તીર્થોના સંઘો કાઢી જૈન શાસનની પ્રભાવનામાં અનેકગણો વધારો કર્યો છે. સં૰ ૧૭૬૯માં સુરતમાંથી પ્રથમ સંઘ કાઢનાર પરીખ પ્રેમજી સવજી હતા, તે સંઘના તત્કાલીન રચાયેલા શલોકાનાં વર્ણનો પરથી જણાય છે કે તેને ઘણી મુશ્કેલીઓ પડી હતી, છતાં તે દૂર કરી શત્રુંજયની યાત્રાનો સંઘ કાઢી શક્યો હતો પણ ગિરનારની યાત્રા કરવા ધારી હતી તે કરવા અશક્ત બન્યો હતો. ત્યારબાદ સં૰ ૧૭૮૮ (૯૪?) દરમ્યાન સંઘવી કચરા કીકા પટણીએ અધ્યાત્મયોગી શ્રી દેવચંદ્રજી મહારાજના ઉપદેશથી સમેતશિખર મહાતીર્થનો યાત્રાસંઘ કાઢ્યો હતો. સં૰ ૧૭૯૮માં શ્રી ઉદયસાગરસૂરિની નિશ્રામાં ખુશાલશાહે શત્રુંજયનો સંઘ કાઢ્યો. મંત્રી ગોડીદાસ, બંધુ જીવણદાસ, ધર્મચંદ શાહ વગેરે શ્રાવક-શ્રાવિકા સંઘમાં જોડાયા હતા. સં૰ ૧૮૦૪માં સંઘપતિ કચરા તથા રૂપચંદ શેઠનો શ્રી સિદ્ધાચલનો છ'રી પાળતો સંઘ સુરત(ડુમસ)થી નીકળી ભાવનગર દરિયાઈ માર્ગે આવ્યો હતો. સં૰ ૧૮૨૧માં સંઘવી કચરા કીકાના પુત્ર સં૰ તારાચંદનો સંઘ માગશર વદ બીજના દિને નીકળ્યો હતો. આ સંઘે વિવિધ જૈન તીર્થો અને મોટા નગરોની યાત્રા કરી હતી. સં૰ ૧૮૪૦ આસપાસ પ્રેમચંદ લવજી મોદી સિદ્ધાચલજીનો સંઘ કાઢી સંઘપતિ થયા હતા. સં૰ ૧૮૬૨માં સુરતના શેઠ ડાહ્યાભાઈ નવલખાએ મારવાડનો સંઘ કાઢ્યો હતો ત્યારે સંઘ સહિત મારવાડમાં ગોડી પાર્શ્વનાથને ભેટ્યા હતા. ત્યારબાદ સં૰ ૧૯૪૫માં શેઠ ધરમચંદ ઉદયચંદ તરફથી શ્રી સિદ્ધાચલનો છ'રી પાળતો સંઘ તથા શ્રી કેસરિયાજીનો પગ રસ્તે સંઘ શ્રી મોહનલાલજી મહારાજની સાથે નીકળ્યો હતો. સં૰ ૧૯૬૪માં શેઠ અભેચંદ સરૂપચંદે શ્રી આનંદસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં અંતરીક્ષજીનો સંઘ કાઢ્યો અને સં૰ ૧૯૭૬માં શેઠ જીવણચંદ નવલચંદે શ્રીમદ્ સાગરાનંદસૂરિની નિશ્રામાં સિદ્ધાચલજીનો સંઘ કાઢ્યો હતો. આ પરંપરા આજ દિન પર્યંત ચાલુ જ રહી છે.

●

સુરતમાં આચાર્યપદવીના ઉત્સવો પણ અનેક થયા છે. સં૰ ૧૭૬૩માં ખરતરગચ્છના શ્રી જિનચંદ્રસૂરિ(સાતમા)ના પટ્ટધર જિનસૌખ્યસૂરિને સૂરિપદ, સં૰ ૧૭૮૮(૯૪?)માં શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલ્યાણસાગરને આચાર્યપદવી, સં૰ ૧૭૯૭માં ઉદયસાગરસૂરિને ગચ્છનાયકપદ, સં૰ ૧૮૨૩માં શ્રી ઉદયસાગરસૂરિના પટ્ટધર પુણ્યસાગરસૂરિને આચાર્ય તથા ગચ્છેશપદ, સં૰ ૧૮૫૬માં શ્રી જિનહર્ષને સૂરિપદ તથા સં૰ ૧૯૭૪માં શ્રી આનંદસાગરસૂરિને આચાર્યપદ અર્પવામાં આવ્યું. ત્યારબાદ પણ આચાર્યપદના ઉત્સવો સુરતમાં થતા જ રહ્યા છે.

•

જૈન શાસનના મુખ્ય કેન્દ્ર સમાન સુરત અને રાજનગર વચ્ચે એક અનેરો સંબંધ પણ જોવા મળે છે. રાજનગરના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ સરસપુરમાં સં૰ ૧૬૮૨માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય બંધાવ્યું તે સમયે અંજનશલાકા થયેલી પ્રતિમાઓ સુરતનાં જિનાલયોમાં પણ બિરાજમાન છે. ઉદાહરણ તરીકે શાંતિનાથ (વખારનો ખાંચો, ગોપીપુરા) તથા અનંતનાથ(નેમુભાઈની વાડી, ગોપીપુરા)ની પ્રતિમા. તે જ પ્રમાણે સં૰ ૧૯૦૩માં રાજનગરના શ્રી હઠીસિંહના જિનાલયની પ્રતિષ્ઠા થઈ તે સમયે અંજનશલાકા થયેલ પ્રતિમાઓ સુરતમાં – મનમોહન પાર્શ્વનાથ (હાથીવાળા દેરાસરની ગલી, સુભાષચોક), શાંતિનાથ(લક્ષ્મીબાઈના મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં ઉપરના માળે, હાથીવાળા દેરાસરની ગલી, સુભાષચોક), કલ્યાણ પાર્શ્વનાથ (કબૂતરખાના, વડાચૌટા), પોસાયા પાર્શ્વનાથ (શીતલનાથના જિનાલયમાં ઉપરના માળે, પ્રેમચંદ રાયચંદની ધર્મશાળા પાસે, સુભાષચોક) પણ બિરાજમાન છે. આમ, રાજનગર અને સુરતની નગરશેઠ પરંપરા વચ્ચેનો સંબંધ દીર્ઘકાળ સુધી જળવાઈ રહ્યો છે.

•

ગોપીપુરામાં ઓસવાલ મહોલ્લા મધ્યે શ્રી ઉમરવાડી પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. આ જિનાલયનો ઉલ્લેખ ચારસો વર્ષ પૂર્વે મળે છે. સં૰ ૧૬૫૬માં શ્રી નયસુંદરકૃત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદમાં ઉમરવાડી પાર્શ્વનાથના આ જિનાલયના નામનો ઉલ્લેખ છે.

•

ગોપીપુરામાં શ્રી ધર્મનાથ તથા શ્રી સૂરજમંડન પાર્શ્વનાથનું શિખરબંધી સંયુક્ત જિનાલય આવેલું છે. ધર્મનાથની પ્રતિષ્ઠા અકબર બાદશાહના સમયમાં સં૰ ૧૬૬૪માં તથા સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા સલીમ બાદશાહના વખતમાં સં૰ ૧૬૮૭માં થઈ હતી.

•

શાહપુર વિસ્તારમાં આવેલું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય સં૰ ૧૬૮૯ પૂર્વેના સમયનું છે. આ જિનાલય સુરતનાં જિનાલયોમાં મુખ્ય છે. કાષ્ઠકોતરણીના ઉત્તમ નમૂનારૂપ આ જિનાલય સુરતમાં પ્રથમ ક્રમે આવે છે.

•

સૈયદપુરા વિસ્તારમાં શ્રાવકશેરી મધ્યે શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ભોંયરાયુક્ત જિનાલય છે. ભોંયરામાં શ્રી અરનાથ છે. કાષ્ઠના ભવ્ય નંદીશ્વર દ્વીપની રચના હોવાથી નંદીશ્વર દ્વીપના જિનાલય તરીકે પ્રચલિત છે. અહીં ઊંચું, કાષ્ઠનું સમવસરણ છે. સંવત્સરીના દિવસે અહીં મેરુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર્વત સાથે કાષ્ઠકામયુક્ત જંબુદ્વીપને ફરતે નંદીશ્વર દ્વીપની મનોહર અને ભવ્ય રચના કરવામાં આવે છે જે પંદરેક દિવસ સુધી રાખવામાં આવે છે. અનેક જૈનો તેના દર્શનાર્થે આવે છે. કાષ્ઠની આ રચના નમૂનેદાર અને અલૌકિક છે. તેના પરનું રંગકામ આકર્ષક છે.

●

ગોપીપુરામાં કાયસ્થ મહોલ્લામાં શ્રી ખીમચંદ સ્વરૂપચંદ સંઘવી પરિવારના મકાનમાં ત્રીજે માળ શ્રી આદેશ્વરનું કાષ્ઠનું ઘરદેરાસર સં૰ ૧૮૨૨ના સમયનું છે. પૂ૰ આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰નું આ જન્મસ્થળ છે. આશરે ૨૫૦ વર્ષ પ્રાચીન આ ઘરદેરાસરની ચલપ્રતિષ્ઠા પૂ૰ પ૰ શ્રી ઉત્તમવિજયગણિ મહારાજે કરાવેલ છે.

●

સુરતના વીશા ઓસવાલ જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય શ્રી ભાઈદાસ નેમિદાસે સં૰ ૧૮૨૭માં ગોપીપુરા મધ્યે મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમા તથા ભોંયરામાં ૮૯"ના મહાપ્રભાવક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથને મૂળનાયક તરીકે શ્રી જિનલાભસૂરિની નિશ્રામાં અતિ ઉલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા કરાવીને એક પૂર્ણ ચૈત્યની સ્થાપના કરાવી. આ જિનાલયનું વર્ણન શ્રી જિનલાભસૂરિ રચિત શીતલ જિન ચૈત્ય વર્ણનમાં ખૂબ જ વિગતવાર આવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ સ્તવન ખૂબ જ ઉપયોગી છે.

●

શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિર તરીકે પ્રચલિત શ્રી મહાવીરસ્વામીનું, ત્રણ મૂળનાયકોવાળું, ભોંયરાયુક્ત જિનાલય આવેલું છે. અહીં ૪૫ આગમો તામ્રપત્ર પર ઉપસાવવામાં આવ્યાં છે. તેથી આ જિનાલય આગમમંદિર તરીકે ઓળખાય છે. ભોંયરામાં એક ઓરડો છે જેમાં ફરતાં ચક્ર સાથેનું આગમપુરુષનું ચિત્ર દોરેલું છે અને ૪૫ આગમોના નામ સુવર્ણાક્ષરે લખેલા છે. અહીં આગમરત્ન મંજૂષાની પેટીમાં ૪૫ આગમોની મૂળ હસ્તપ્રતો મૂકવામાં આવેલ છે.

●

સુરતનાં જિનાલયોની આ ભવ્ય પરંપરાની કીર્તિગાથા આપણે જોઈ. કાળનો પ્રભાવ અસર કરી રહ્યો છે. તેમ છતાં સુરતમાં જિનાલયોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જ રહી છે. પાટણ, ખંભાત, રાજનગર અને સુરત – જૈન શાસનનાં ચાર મુખ્ય કેન્દ્રો પૈકી ખંભાત અને પાટણ ધંધા રોજગાર અને આર્થિક ક્ષેત્રે તેમની જાહોજલાલી ગુમાવી ચૂક્યા છે. રાજનગર આર્થિક ક્ષેત્રે ટકી રહ્યું છે પરંતુ શહેરના કોટ વિસ્તારનાં પ્રાચીન જિનાલયોની દેખભાળની સમસ્યા વિકટ બની છે. જ્યારે સુરતનાં પ્રાચીન જિનાલયોની દેખભાળ જળવાઈ રહી છે પરંતુ ભવિષ્યમાં દેખભાળ જળવાઈ રહે તે માટે જાગૃતિ અને પ્રયત્નો સુરતના જૈન સંઘોએ અગાઉથી દાખવવા જરૂરી છે.

સુરતની આ ભવ્ય જૈન પરંપરાના સ્મરણથી ઉન્નત થયેલું મસ્તક અરિહંત ભગવાનનાં ચરણોમાં નમન કરી રહ્યું છે.

● ● ●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતનાં જિનાલયો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતનાં જિનાલયો

વિસ્તાર	મૂળનાયક	સંવત	પૃષ્ઠ નંબર
આગમમંદિર રોડ, ગોપીપુરા	૧. મહાવીરસ્વામી	સં. ૨૦૦૪	૧૭
નેમુભાઈની વાડી, ગોપીપુરા	૨. અનંતનાથ	સં. ૧૯૪૭	૧૯
હજીરાવાળો ખાંચો, ગોપીપુરા	૩. શાંતિનાથ	સં. ૧૯૬૨	૨૧
ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા	૪. ચિંતામણિ પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં. ૧૭૫૦ લગભગ	૨૩
ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા	૫. અજિતનાથ-ઘરદેરાસર	સં. ૧૯૦૦ લગભગ	૨૪
ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા	૬. ચંદ્રપ્રભુસ્વામી	સં. ૧૮૧૦ આસપાસ	૨૫
ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા	૭. શાંતિનાથ	સં. ૧૯૩૯	૨૭
ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા	૮. ઉમરવાડી પાર્શ્વનાથ	સં. ૧૬૫૬ પૂર્વે	૨૮
ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા	૯. મનમોહન પાર્શ્વનાથ	સં. ૧૯૫૫ પૂર્વે	૩૨
માળી ફળિયા, ગોપીપુરા	૧૦. શાંતિનાથ	સં. ૧૬૮૯ પૂર્વે	૩૩
	૧ આદેશ્વર	સં. ૧૯૬૩ પૂર્વે	
માળી ફળિયા, ગોપીપુરા	૧૧. આદેશ્વર	સં. ૧૬૮૩	૩૭
માળી ફળિયા, ગોપીપુરા	૧૨. આદેશ્વર (કાંકરિયાનું)	સં. ૧૯૫૪-૫૫ આસપાસ	૪૧
માળી ફળિયા, ગોપીપુરા	૧૩. ગોડી પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં. ૧૯૮૬	૪૩
કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા	૧૪. આદેશ્વર-ઘરદેરાસર	સં. ૧૮૨૨	૪૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા	૧૫. આદેશ્વર-ઘરદેરાસર	સં. ૧૯૪૩ આસપાસ	૪૫
ભણશાળી પોળ, ગોપીપુરા	૧૬. વિમલનાથ-ઘરદેરાસર	સં. ૧૯૬૩ પૂર્વે	૪૬
ભણશાળી પોળ, ગોપીપુરા	૧૭. શંખેશ્વર પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૨	૪૭
મોતીપોળના નાકે, ગોપીપુરા	૧૮. સંભવનાથ	સં. ૧૯૬૩	૪૮
મોતી પોળ, ગોપીપુરા	૧૯. પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં. ૧૯૧૦	૫૨
મોતી પોળ, ગોપીપુરા	૨૦. વાસુપૂજ્યસ્વામી	સં. ૧૮૪૩	૫૩
સુભાષચોક, ગોપીપુરા	૨૧. શીતલનાથ	સં. ૧૮૨૭	૬૬
સુભાષચોક, ગોપીપુરા	૨૨. આદેશ્વર	સં. ૧૯૨૫	૭૩
હાથીવાળું દેરાસર, ગોપીપુરા	૨૩. ધર્મનાથ	સં. ૧૬૬૪	૭૪
	સુરજમંડન પાર્શ્વનાથ	સં. ૧૬૭૮	
હાથીવાળા દેરાસરની ગલીમાં	૨૪. ધર્મનાથ	સં. ૧૯૦૩	૮૦
હાથીવાળા દેરાસરની ગલીમાં	૨૫. મનમોહન પાર્શ્વનાથ	સં. ૧૯૦૫	૮૨
વકીલનો ખાંચો, ગોપીપુરા	૨૬. સંભવનાથ	સં. ૧૬૮૯ પૂર્વે	૮૬
ખપાટીયા ચકલા, ગોપીપુરા	૨૭. આદેશ્વર - અષ્ટાપદ	સં. ૧૯૪૩	૮૭
ખપાટીયા ચકલા, ગોપીપુરા	૨૮. મહાવીરસ્વામી	સં. ૧૭૯૩ પૂર્વે	૯૦
કલાશ્રીપતની પોળ	૨૯. મુનિસુવ્રતસ્વામી-ઘરદેરાસર	સં. ૧૮૭૫ લગભગ	૯૩
ચંદનબાગ, સોની ફળિયા	૩૦. દુઃખભંજન પાર્શ્વનાથ-ઘ.દે.	સં. ૧૯૪૨	૯૪
દેસાઈ પોળ, સોની ફળિયા	૩૧. અજિતનાથ (ચૌમુખી)	સં. ૧૯૦૦ આસપાસ	૯૫
મોટી દેસાઈ પોળ	૩૨. સુવિધિનાથ	સં. ૧૮૫૦ આસપાસ	૯૭
સોની ફળિયા	૩૩. વિમલનાથ	સં. ૧૯૦૦ આસપાસ	૯૮
સોની ફળિયા	૩૪. આદેશ્વર-ઘરદેરાસર	સં. ૨૦૪૬	૧૦૦
ગોપીપુરા, મેઈન રોડ	૩૫. કુંથુનાથ	સં. ૧૬૮૯ પૂર્વે	૧૦૦
ઉમેશ મેન્શન, ગોપીપુરા	૩૬. સુવિધિનાથ-ઘરદેરાસર	સં. ૨૦૪૯	૧૦૨
ગોપીપુરા, મેઈન રોડ	૩૭. ચંદ્રપ્રભુસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૬	૧૦૩
કાજીનું મેદાન, ગોપીપુરા	૩૮. આદેશ્વર	સં. ૨૦૫૩	૧૦૩
કાજીનું મેદાન, ગોપીપુરા	૩૯. નેમિનાથ	સં. ૨૦૫૪	૧૦૪
જૈન ધર્મશાળા, સ્ટેશન રોડ	૪૦. કુંથુનાથ	સં. ૨૦૧૬	૧૦૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રત્નરેખા એપાર્ટમેન્ટ	૪૧. વાસુપૂજ્યસ્વામી	સં. ૨૦૪૭	૧૦૬
સિદ્ધશીલા એપાર્ટમેન્ટ	૪૨. ભીલડિયા પાર્શ્વનાથ	સં. ૨૦૪૬	૧૦૭
મહાવીર જૈન વિદ્યાલય	૪૩. ધર્મનાથ	સં. ૨૦૧૬ આસપાસ	૧૦૮
ટીમલીયાવાડ, નાનપુરા	૪૪. પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં. ૨૦૪૬	૧૦૮
નાનપુરા, મક્કાઈ પુલ	૪૫. ચંદ્રપ્રભુ	સં. ૧૮૮૨	૧૦૯
નાનપુરા ગેટ	૪૬. મહાવીરસ્વામી	સં. ૨૦૩૯	૧૧૦
કૈલાસનગર, મજુરાગેટ	૪૭. આદેશ્વર	સં. ૨૦૪૪	૧૧૨
પાર્શ્વનગર કોમ્પ્લેક્ષ	૪૮. મહાવીરસ્વામી	સં. ૨૦૫૨ આસપાસ	૧૧૩
શંખેશ્વર કોમ્પ્લેક્ષ	૪૯. શંખેશ્વર પાર્શ્વનાથ	સં. ૨૦૫૪	૧૧૩
જિનલ એપાર્ટમેન્ટ	૫૦. નમિનાથ	સં. ૨૦૫૪	૧૧૪
સગરામપુરા	૫૧. વાસુપૂજ્યસ્વામી	સં. ૧૯૬૩ પૂર્વે	૧૧૪
શ્રાવકશેરી, સૈયદપુરા	૫૨. ચંદ્રપ્રભુ	સં. ૧૭૯૩ પૂર્વે	૧૧૭
નવાપુરા	૫૩. શાંતિનાથ	સં. ૧૭૯૩ પૂર્વે	૧૨૧
શાહપોર	૫૪. ચિંતામણિ પાર્શ્વનાથ	સં. ૧૬૮૯ પૂર્વે	૧૨૩
તાળાવાળાની પોળ	૫૫. સીમંધરસ્વામી	સં. ૧૮૧૫	૧૨૭
તાળાવાળાની પોળ	૫૬. અજિતનાથ	સં. ૧૮૩૬	૧૩૦
તાળાવાળાની પોળ	૫૭. સુમતિનાથ-ઘરદેરાસર	સં. ૧૯૮૯ પૂર્વે	૧૩૧
હનુમાનવાળી પોળ	૫૮. અજિતનાથ	સં. ૧૮૨૮ પૂર્વે	૧૩૨
કચરાની પોળ, નાણાવટ	૫૯. મહાવીરસ્વામી (ચૌમુખી)	સં. ૧૯૩૮	૧૩૪
નગરશેઠની પોળ	૬૦. ગોડી પાર્શ્વનાથ	સં. ૧૮૮૨	૧૩૬
વડાચૌટા	૬૧. કલ્યાણ પાર્શ્વનાથ	સં. ૧૯૪૧	૧૩૮
પંડોળની પોળ, નાણાવટ	૬૨. નમિનાથ	સં. ૧૭૫૫ પૂર્વે	૧૪૦
ભાઈશાજીની પોળ	૬૩. આદેશ્વર-ઘરદેરાસર	સં. ૧૯૦૦ આસપાસ	૧૪૨
દરિયામહેલ, ઓવારી કાંઠા	૬૪. આદેશ્વર	સં. ૧૮૫૦ લગભગ	૧૪૩
બેગમપુરા, નવાબવાડી	૬૫. શાંતિનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૨	૧૪૪
દાદાવાડી, હરિપુરા	૬૬. મુનિસુવ્રતસ્વામી	સં. ૨૦૪૫	૧૪૫
હરિપુરા, મેઈન રોડ	૬૭. શીતલનાથ	સં. ૧૯૪૮	૧૪૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘીયા શેરી સામે, મહીધરપુરા	૬૮: સંભવનાથ-ઘરદેરાસર	સં. ૧૯૬૩ પૂર્વે	૧૪૯
છાપરીયા શેરી, મહીધરપુરા	૬૯. સુપાર્શ્વનાથ	સં. ૧૯૨૫ આસપાસ	૧૫૦
છાપરીયા શેરી, મહીધરપુરા	૭૦. આદેશ્વર	સં. ૧૯૨૧	૧૫૧
ગોળશેરી, મહીધરપુરા	૭૧. ચંદ્રપ્રભુસ્વામી	સં. ૧૯૪૬	૧૫૨
ગોળશેરી, મહીધરપુરા	૭૨: ગોડી પાર્શ્વનાથ	સં. ૧૯૪૮	૧૫૪
કતારગામ, મેઈન રોડ	૭૩. આદેશ્વર	સં. ૧૯૧૯ પૂર્વે	૧૫૫
કતારગામ	૭૪. આદેશ્વર (લાડવા શ્રીમાળીનું)	સં. ૧૯૬૦	૧૫૮
પારસ સોસાયટી, કતારગામ	૭૫. મહાવીરસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૨	૧૬૦
ખોડિયારકૃપા સોસાયટી	૭૬! શીતલનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૫	૧૬૦
ચંદનબાળા એપાર્ટમેન્ટ	૭૭: વાસુપૂજ્યસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૫	૧૬૧
અઠવાગેટ	૭૮. શાંતિનાથ	સં. ૨૦૨૮	૧૬૧
ગજજરવાડી, અઠવાગેટ	૭૯! શંખેશ્વર પાર્શ્વનાથ	સં. ૨૦૫૫	૧૬૧
દિવાળીબાગ સોસાયટી	૮૦. આદેશ્વર	સં. ૨૦૪૮-૪૯	૧૬૨
લાલબંગલા, અઠવાલાઈન્સ	૮૧. આદેશ્વર	સં. ૧૯૬૦	૧૬૨
લાલબંગલા, અઠવાલાઈન્સ	૮૨: વાસુપૂજ્યસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૬	૧૬૬
લાલબંગલા, અઠવાલાઈન્સ	૮૩! નમિનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૫	૧૬૬
ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષ	૮૪: વાસુપૂજ્યસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૬	૧૬૭
આદર્શ સોસાયટી	૮૫. આદેશ્વર	સં. ૨૦૪૬	૧૬૭
અમીઝરા એપાર્ટમેન્ટ	૮૬! વાસુપૂજ્યસ્વામી	સં. ૨૦૫૧	૧૬૭
અમીઝરા એપાર્ટમેન્ટ	૮૭! સંભવનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૬	૧૬૮
સમકિત બંગલોઝ	૮૮! શીતલનાથ-ઘરદેરાસર	સં. ૨૦૪૪	૧૬૮
દીપમંગલ સોસાયટી	૮૯! વિમલનાથ	સં. ૨૦૪૯	૧૬૯
સિદ્ધચક્ર એપાર્ટમેન્ટ	૯૦! કુંથુનાથ (ચૌમુખી)	સં. ૨૦૫૪	૧૭૦
કેશવજ્યોત, અઠવાલાઈન્સ	૯૧! પદ્મપ્રભુસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૬	૧૭૧
કેશવજ્યોત, અઠવાલાઈન્સ	૯૨! મુનિસુવ્રતસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૬	૧૭૨
પ્રતિષ્ઠા કોમ્પ્લેક્ષ, ઘોડદોડ રોડ	૯૩! સીમંધરસ્વામી	સં. ૨૦૫૦	૧૭૨
રોયલ પેલેસ, ઘોડદોડ રોડ	૯૪! શીતલનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૨	૧૭૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગેલેક્ષી એપાર્ટ., ઘોડદોડ રોડ	૯૫. મહાવીરસ્વામી	સં. ૨૦૫૩	૧૭૩
અરિહંત બંગલો, ઘોડદોડ રોડ	૯૬. સુમતિનાથ	સં. ૨૦૩૪	૧૭૪
રવિછાયા એપાર્ટમેન્ટ	૯૭. સંભવનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૬	૧૭૫
રવિજ્યોત એપાર્ટમેન્ટ	૯૮. સુમતિનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૫	૧૭૫
રવિજ્યોત એપાર્ટમેન્ટ	૯૯. શંખેશ્વર પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૧	૧૭૫
સરેલાવાડી, ઘોડદોડ રોડ	૧૦૦. આદેશ્વર	સં. ૨૦૪૬	૧૭૬
સિદ્ધચક્ર એપાર્ટમેન્ટ પાસે	૧૦૧. સીમંધરસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૪૫	૧૭૬
ત્રિભુવન કોમ્પ્લેક્ષ, ઘોડદોડ રોડ	૧૦૨. શાંતિનાથ	સં. ૨૦૫૦	૧૭૭
૩, સીમા રો હાઉસ	૧૦૩. અજિતનાથ-ઘરદેરાસર		૧૭૭
લાલા ઠાકોરની પોળ, રાંદેર	૧૦૪. નેમનાથ	સં. ૧૬૮૯ પૂર્વે	૧૭૮
લાલા ઠાકોરની પોળ, રાંદેર	૧૦૫. આદેશ્વર	સં. ૧૯૬૩ આસપાસ	૧૭૯
નિશાળફળી, રાંદેર	૧૦૬. આદેશ્વર -મોટું જિનાલય	સં. ૧૬૮૩ આસપાસ	૧૮૦
નિશાળફળી, રાંદેર	૧૦૭. મનમોહન પાર્શ્વનાથ	સં. ૧૯૬૮ પૂર્વે	૧૮૨
નિશાળફળી, રાંદેર	૧૦૮. અજિતનાથ-ઘરદેરાસર	સં. ૧૯૬૩ પૂર્વે	૧૮૩
સૈફી સોસાયટી	૧૦૯. આદેશ્વર	સં. ૨૦૪૧	૧૮૪
રામકૃષ્ણ સોસાયટી	૧૧૦. સંભવનાથ	સં. ૨૦૩૬	૧૮૫
ત્રિકમનગર, વરાછા રોડ	૧૧૧. શંખેશ્વર પાર્શ્વનાથ	સં. ૨૦૪૭	૧૮૬
અરિહંત પાર્ક, સુમુલ ડેરી રોડ	૧૧૨. વાસુપૂજ્યસ્વામી	સં. ૨૦૫૦	૧૮૭
શાંતિનિકેતન સોસા.	૧૧૩. વાસુપૂજ્યસ્વામી	સં. ૨૦૫૧	૧૮૮
જોગાણીનગર, રાંદેર રોડ	૧૧૪. પાર્શ્વનાથ	સં. ૨૦૪૭	૧૮૮
વિકલનગર સોસાયટી	૧૧૫. વાસુપૂજ્યસ્વામી-ઘરદેરાસર	સં. ૨૦૫૩ આસપાસ	૧૮૯
પન્ના ટાવર, ન્યુ રાંદેર રોડ	૧૧૬. શીતલનાથ	સં. ૨૦૫૦	૧૮૯
શત્રુંજય ટાવર, રાંદેર રોડ	૧૧૭. આદેશ્વર	સં. ૨૦૫૦	૧૮૯
ગંગાનગર હા. સોસા.	૧૧૮. મહાવીરસ્વામી	સં. ૨૦૫૦	૧૯૦
શૈલેષ સોસાયટી	૧૧૯. વિમલનાથ	સં. ૨૦૪૬	૧૯૧
અડાજણ પાટિયા	૧૨૦. શંખેશ્વર પાર્શ્વનાથ	સં. ૨૦૩૯	૧૯૨
મકનજી પાર્ક	૧૨૧. સીમંધરસ્વામી	સં. ૨૦૫૪	૧૯૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંકુર સોસાયટી	૧૨૨. નમિનાથ-ઘરદેરાસર	સં. ૨૦૫૭	૧૯૩
દીપા કોમ્પ્લેક્ષ, અડાજણ રોડ	૧૨૩. વિમલનાથ	પ્રતિષ્ઠા બાકી	૧૯૩
સંઘવી ટાવર-૨, અડાજણ રોડ	૧૨૪. કુંથુનાથ	પ્રતિષ્ઠા બાકી	૧૯૪
ઈશિતા પાર્ક, અડાજણ રોડ	૧૨૫. આદેશ્વર	પ્રતિષ્ઠા બાકી	૧૯૪
રીવેરા ટાવર, અડાજણ રોડ	૧૨૬. વિઘ્નહર પાર્શ્વનાથ	સં. ૨૦૫૦	૧૯૪
અક્ષરજ્યોત એપાર્ટ.	૧૨૭. વાસુપૂજ્યસ્વામી	સં. ૨૦૫૩	૧૯૫
ઉધના, શાસ્ત્રીનગર	૧૨૮. અજિતનાથ	સં. ૨૦૫૩	૧૯૫
અંબર કોલોની, હરિનગર	૧૨૯. આદેશ્વર	સં. ૨૦૫૨	૧૯૬
ઉધના, ઉદ્યોગનગર	૧૩૦. વાસુપૂજ્યસ્વામી	સં. ૨૦૫૪	૧૯૬
ઉધના, ઉદ્યોગનગર	૧૩૧. પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં. ૨૦૩૮	૧૯૭
ભટાર રોડ	૧૩૨. વાસુપૂજ્યસ્વામી	પ્રતિષ્ઠા બાકી	૧૯૭
વર્ધમાન કોમ્પ્લેક્ષ, ભટાર રોડ	૧૩૩. શંખેશ્વર પાર્શ્વનાથ	પ્રતિષ્ઠા બાકી	૧૯૮
મોડેલ ટાઉન, ડુંભાલ	૧૩૪. શાંતિનાથ	સં. ૨૦૫૧	૧૯૮
વેસુ, તાલુકો ચોર્યાસી	૧૩૫. સોમેશ્વરા પાર્શ્વનાથ	સં. ૨૦૫૫	૧૯૮
ડુમસ	૧૩૬. આદેશ્વર-ઘરદેરાસર	સં. ૧૯૫૪ આસપાસ	૧૯૯

કુલ જિનાલયો : ૧૩૬

● ● ●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગમમંદિર રોડ, ગોપીપુરા

૧. શ્રી મહાવીરસ્વામી (સં૰ ૨૦૦૪)

શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિર તરીકે પ્રચલિત શ્રી મહાવીરસ્વામીનું, ત્રણ મૂળનાયકોવાળું, ભોંયરાયુક્ત આરસનું બનેલું સામરણયુક્ત જિનાલય આવેલું છે. અહીં ૪૫ આગમો તામ્રપત્ર પર ઉપસાવવામાં આવ્યા છે તેથી આ જિનાલય **આગમમંદિર** તરીકે ઓળખાય છે. ગોપીપુરાનો આ વિસ્તાર આગમમંદિર રોડ તરીકે પ્રસિદ્ધ છે. ભોંયરામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ તથા ઉપરના માળે (અગાશીમાં) મૂળનાયક શ્રી આદેશ્વર છે.

જિનાલયમાં પ્રવેશવા માટે બન્ને બાજુ આરસના પગથિયાંની રચના છે. ઝરૂખા જેવી શૃંગારચોકીમાંથી રંગમંડપમાં પ્રવેશવાનું કાષ્ઠનું વિશાળ દ્વાર છે. દ્વારની ડાબી બાજુ માણિભદ્રવીર તથા જમણી બાજુ સિદ્ધાયિકાદેવીના ગોખ છે જેને કાચથી બંધ કરેલ છે.

રંગમંડપ ઘણો વિશાળ છે. છત પર રંગકામ થયેલ છે. બન્ને બાજુ દીવાલો પર ૪૫ આગમો તામ્રપત્ર પર ઉપસાવીને કાચની ફ્રેમમાં મઢી સુરક્ષિત કરવામાં આવ્યા છે. અહીં ડાબી તથા જમણી બાજુ મળીને કુલ ચુમ્માળીસ આરસપ્રતિમા છે તથા બન્ને બાજુ એકેક ચૌમુખી પ્રતિમા આરસની ચિત્રકામયુક્ત બેઠક પર બિરાજમાન છે. તામ્રપત્રોની ઉપરની દીવાલમાં મહાવીર- સ્વામીના કલ્યાણકોના પટ પથ્થરમાં કોતરાવી રંગ કરાવી કાચની ફ્રેમમાં ફીટ કર્યા છે. તેમાં ચંદનબાળા દ્વારા પ્રભુને પારણું, ચ્યવન કલ્યાણક, જન્મકલ્યાણક, જન્માભિષેક, પ્રભુ દ્વારા દેવાતું સાંવત્સરિક દાન, દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક, પ્રભુ વીરની અંતિમ દેશના, નિર્વાણ-કલ્યાણક, ગૌતમસ્વામી કેવલોત્સવ પ્રસંગ, વીરપ્રભુ દ્વારા તીર્થની સ્થાપનાના પ્રસંગનો સમાવેશ થાય છે. રંગમંડપમાં ધ્યાનાકર્ષક બે મોટા ઘંટ છે જેના પર સં૰ ૨૦૦૪ કોતરેલ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૩૯" ઊંચી શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા સહિત કુલ અગિયાર આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. ડાબા ગભારે શ્રી પાર્શ્વનાથ તથા જમણા ગભારે શ્રી શાંતિનાથ છે. મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'શ્રી વીર ૨૪૬૯ વિક્રમ ૧૯૯૯ શાલિવાહન ૧૮૬૭ ક્રાઈષ્ટ ૧૯૪૩ વર્ષે માઘમાસે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃષ્ણ પક્ષે દ્વિતીયા તિથૌ સોમવાસરે શ્રી પાદ...પુર શ્રી શત્રુંજયતલહટ્ટિકાયાં શ્રીશોલત્કર્ણ સકલાંગયોપેત શ્રી વર્ધમાન જૈનાગમમંદિર શ્રી રાજનગર વાસ્તવ્ય શ્રીમાલી જ્ઞાતિય શ્રેષ્ઠિ પીતામ્બરદાસ સુત છોટાલાલ સુત મોહનલાલેન સ્વપિતૃ સ્મરણાર્થે શ્રી મહાવીરપ્રભો મૂર્તિઃ કારિતા પ્રતિષ્ઠિતાં શ્વેતાંબર તપોગચ્છી આચાર્યાનન્દસાગરસૂરીશ્વરેણ .....'

શ્રી મહાવીરસ્વામીના જિનાલયના રંગમંડપમાંથી નીચે-ભોંયરામાં જવાનાં પગથિયાં છે. ચાર મોટા સ્થંભો તથા મોટી કમાનોયુક્ત ભોંયરાનો રંગમંડપ પણ ઉપરના (શ્રી મહાવીરસ્વામી-ના) રંગમંડપ જેટલો વિશાળ છે.

લોખંડની જાળીવાળા કાષ્ઠના ત્રણ ગર્ભદ્વાર છે. આજુબાજુના ગર્ભદ્વારની વચ્ચે દીવાલે બે ગોખમાં ત્રણ-ત્રણ – એમ કુલ છ આરસપ્રતિમા છે. અહીં પણ આગમસૂત્રો તામ્રપત્ર ઉપર ઉપસાવીને કાચની ફ્રેમથી દીવાલે ફીટ કરવામાં આવ્યા છે. બે મોટા આરસના નવપદજી અને તેમાં મધ્યે ચૌમુખજી, તેની ચારેબાજુ સિદ્ધ ભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓની રચના ઘણી સુંદર છે. ગર્ભદ્વારની ઉપરની દીવાલે ધ્યાનસ્થ પાર્શ્વનાથની પૂજા કરતા હાથી તથા કમઠનો પ્રસંગ કોતરેલ છે.

મૂળનાયક શ્રી પાર્શ્વનાથની ૨૧" ઊંચી પ્રતિમા છે. કુલ અગિયાર પ્રતિમા પૈકી પાંચ શ્યામરંગી છે. ડાબા ગભારે શ્રી આદેશ્વર તથા જમણા ગભારે શ્રી શાંતિનાથ છે. પ્રતિમાઓની પાછળની દીવાલે આરસમાં ચિત્તાકર્ષક કોતરણીમાં રંગ અને સોનાના વરખ પૂરવામાં આવ્યા છે જેમાં ઈન્દ્ર અને મોરની રચના સુંદર છે.

ભોંયરામાં રંગમંડપ પૂરો થતાં મૂળનાયકની સામે એક ઓરડો છે જેમાં ફરતા ચક્ર સાથેનું આગમપુરુષનું ચિત્ર દોરેલું છે અને ૪૫ આગમોના નામ સુવર્ણાક્ષરે લખેલ છે. અહીં આગમરત્ન મંજૂષાની પેટીમાં ૪૫ આગમોની મૂળ હસ્તપ્રતો મૂકવામાં આવેલ છે.

ઉપર અગાશીમાં ચારેબાજુ કપચીકામ છે. મધ્યે ઘુમ્મટમાં અંબાડીયુક્ત હાથી પર મહાવત તથા નગરશેઠનું શિલ્પ છે જે કાચથી સુરક્ષિત કરેલ છે.

પ્રવેશદ્વારની બન્ને બાજુ દ્વારપાળનાં શિલ્પો છે. બારસાખની ઉપરની દીવાલે મરુદેવા માતાને કેવળજ્ઞાનનો પ્રસંગ, સમવસરણ – ઉપસાવેલા છે.

રંગમંડપમાં ચિત્રકામયુક્ત બે સમોવસરણમાં ચૌમુખી છે. રંગમંડપમાં મુખ્ય ગર્ભદ્વારની ઉપરની દીવાલે આદેશ્વરના નિર્વાણ કલ્યાણકનો પ્રસંગ, અષ્ટાપદ, ડાબી બાજુ ગર્ભદ્વારની ઉપરની દીવાલે સમોવસરણ તથા કેવલજ્ઞાનનો પ્રસંગ તથા જમણી બાજુ ગર્ભદ્વારની ઉપરની દીવાલે નાભિકુલકર અને આદેશ્વરના રાજ્યાભિષેકનો પ્રસંગ – જેવા પ્રસંગો ચિત્રિત કરેલા છે. કુલ અઢાર આરસપ્રતિમા છે.

ગભારામાં ૧૯" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ બાર આરસપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં કુલ ૧૦૮ આરસપ્રતિમા છે. વહીવટ શ્રી આગમમંદિર જૈન સંઘના ટ્રસ્ટીઓ શ્રી શાંતિચંદ્ર છગનલાલ ઝવેરી, શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી તથા શ્રી અજિતભાઈ રતનચંદ ઝવેરી હસ્તક છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં જૂની અદાલત, આગમમંદિર રોડ, ગોપીપુરા વિસ્તારમાં શ્રી મહાવીરસ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ છે. જિનાલયના બાંધકામ માટે બહેન રતનબહેન સોભાગચંદ તથા નગીનચંદ ઝવેરચંદ તરફથી જમીન ભેટ તરીકે પ્રાપ્ત થયેલ. સ્થાનિક માહિતી મુજબ ફક્ત નવ મહિનામાં જ ભોંયરા તથા માળ સાથેનું ભવ્ય જિનાલય તૈયાર થયું હતું. ખાતમુહૂર્ત અમદાવાદના શ્રેષ્ઠી શ્રી માણેકલાલ મનસુખભાઈ ભગુભાઈ દ્વારા તથા શિલારોપણ ભાવનગરના શ્રેષ્ઠી શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી દ્વારા થયું હતું. પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૪ના મહા સુદ ત્રીજના રોજ આગમોદ્ધારક આચાર્ય શ્રી આણંદસાગરસૂરિની નિશ્રામાં શ્રી ફૂલચંદ કલ્યાણચંદના પુત્રી લલિતાબહેન સૌભાગચંદ ઝવેરી દ્વારા કરવામાં આવી હતી.

ટૂંકમાં આ જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૦૪**માં થયેલ છે.

• • •

નેમુભાઈની વાડી, જૂની અદાલત, ગોપીપુરા

૨. શ્રી અનંતનાથ - શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૧૯૪૭)

ગોપીપુરામાં જૂની અદાલત પાસે, નેમુભાઈની વાડીમાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી અનંતનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપર શિખરમાં ગભારો છે. તેમાં શ્રી મુનિસુવ્રત-સ્વામી મૂળનાયક છે.

જિનાલયમાં પ્રવેશવાનો જાળીવાળો લોખંડનો ઝાંપો છે. તેની બન્ને બાજુ દ્વારપાળનાં બે શિલ્પો છે. ઝાંપો ઓળંગી જિનાલયના કંપાઉંડમાં પ્રવેશાય. રંગમંડપમાં પ્રવેશવા કંપાઉંડમાં કઠેડાવાળા પગથિયાંની રચના છે. તેની ઉપર તથા નીચેના ભાગમાં પથ્થરનાં બનેલાં મોટાં આકર્ષક શિલ્પો છે. આ પ્રકારની રચના જિનાલયની ચારેબાજુ છે.

રંગમંડપમાં આજુબાજુ બે અન્ય પ્રવેશદ્વાર છે જે પૈકી ડાબી બાજુના દ્વારેથી ઉપરના માળે (અગાશીમાં) જવાય. રંગમંડપમાં કુલ દસ ગોખ છે. તે પૈકી બે ગોખમાં ત્રણ-ત્રણ મળીને કુલ છ આરસપ્રતિમા, એક ધાતુની ચોવીસી, ગર્ભદ્વાર પાસેના બે ગોખમાં યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે તથા અન્ય ત્રણ ગોખ ખાલી છે. ફરતે દીવાલો પર વિવિધ પ્રસંગો – મહાવીરસ્વામીના કાનમાં ખીલા ઠોકવા, ચંદનબાળા પ્રભુને બાકરા વહોરાવે છે, વીર પ્રભુને સર્પદંશના પ્રસંગનું સુંદર કાચકામ છે. રંગમંડપના ઘુમ્મટમાં કાચની કારીગરીમાં પરીઓની સુંદર આકૃતિ છે. ઘુમ્મટ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મધ્યે ઝુમ્મર રંગમંડપની સુંદરતામાં વધારો કરે છે. અહીં ફરસ કાળા તથા સફેદ – એમ બે રંગના આરસ તથા સુવર્ણ રંગની પિત્તળની પટ્ટીઓના સંયોજન દ્વારા શોભિત છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ચાંદીની છત્રીમાં બિરાજમાન મૂળનાયક અતિ મનોહર લાગે છે. ૩૩" ઊંચી મૂળનાયક શ્રી અનંતનાથની પ્રતિમા સહિત કુલ નવ આરસપ્રતિમા તથા બાવીસ ધાતુપ્રતિમા છે ઉપરાંત ગૌતમસ્વામીની એક ધાતુમૂર્તિ તથા એક ચૌમુખી નાના છે જેમાં બે રજતપ્રતિમા તથા કસોટીના પથ્થરની બે પ્રતિમા છે. ડાબા તથા જમણા ગભારે શ્રી પાર્શ્વનાથ છે. મૂળનાયક શ્રીની પ્રતિમા પર સં૰ ૧૬૮૨ના જેઠ વદ ૯ના દિને શાંતિદાસ શેઠના પત્ની કસ્તૂરી-દેવીએ જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ મ૰ સા૰ના શિષ્ય મહોપાધ્યાય શ્રી વિવેકહર્ષગણિ, ઉપાધ્યાય શ્રી મુક્તિસાગરગણિના વરદહસ્તે અંજનશલાકા થયાનો લેખ છે.

આ અંજનશલાકા અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા સમયે થયેલી હોવી જોઈએ.

ઉપર શિખરમાં ગભારાની રચના છે. તેમાં ૧૩" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રત-સ્વામીની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા રજતછત્રીમાં બિરાજમાન છે. આદેશ્વરને શેરડીના રસથી પારણા, પાર્શ્વનાથ-ધરણેન્દ્ર-પદ્માવતી સહિત મેઘમાળીનો ઉપસર્ગ, ચૌદ સ્વપ્નો, શત્રુંજય પર આવેલ બાબુના દેરાસરનું દૃશ્ય, ઇન્દ્રનો જન્માભિષેક, પ્રભુને કેવળજ્ઞાન, સમોવસરણ, પાર્શ્વનાથનું કાષ્ઠ ચિરાવતું દૃશ્ય, નેમનાથનો વરઘોડો – વિવિધ પ્રસંગો છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૬૩**માં પ્રગટ થયેલ **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મળે છે. તે સમયે જૂની અદાલત, નેમુભાઈની વાડીમાં દર્શાવેલું આ શિખરબંધી જિનાલય સં૰ ૧૯૪૮માં નેમચંદ મેલાપચંદે બંધાવ્યું હતું. કુલ સત્તર આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

ત્યારબાદ **સં૰ ૧૯૬૮**માં પ્રગટ થયેલ **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલય ઓસવાલ મહોલ્લામાં દર્શાવ્યું છે.

સં૰ ૧૯૮૪માં પ્રગટ થયેલ પોપટલાલ પૂંજાભાઈ પરીખ લિખિત **સુરત જૈન ડિરેક્ટરી**માં સુરતમાં વિદ્યમાન જિનાલયોની યાદીમાં ઉપર્યુક્ત જિનાલય નેમુભાઈની વાડીમાં દર્શાવ્યું હતું અને બંધાવનાર તરીકે શેઠ નેમચંદ મેલાપચંદનો ઉલ્લેખ હતો.

સં૰ ૧૯૮૯માં પ્રગટ થયેલ **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલય સં૰ ૧૯૪૭માં જેઠ સુદ છઠને શુક્રવારે શેઠ નેમચંદ મેલાપચંદે બંધાવ્યું હોવાની નોંધ છે. ઉપરાંત 'જિનાલય ભવ્ય અને રળિયામણું છે. વાસુપૂજ્યસ્વ'મીના જિનાલયથી દ્વિતીય સ્થાને આ જિનાલય ગણાય છે' – તેવી નોંધ છે.

ઉપર્યુક્ત ગ્રંથના સંચયકાર શ્રી કેશરીચંદ હીરાચંદ ઝવેરીએ **સં૰ ૧૯૯૬**માં પ્રગટ થયેલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમના અન્ય ગ્રંથ – **સૂર્યપુર રાસમાળા**માં પૃ૰ ૧૨ ઉપર ઉપર્યુક્ત માહિતી સાથે જિનાલયના દ્વાર પરનો લેખ તથા ત્રણ પ્રતિમાલેખો આપ્યા છે જે પૈકી દ્વાર પરનો લેખ નીચે મુજબ છે :

'શ્રી સંવત ૧૯૪૭ વર્ષે જેઠ માસે શુક્લ પક્ષે તિથિ છઠ શુક્રવારે શ્રી સૂર્યપુરનિવાસી શ્રી ઓસવાલ જાતિય શેઠ ધર્મચંદ્ર સૂત મેલાપચંદ તસ સૂત શેઠ નેમચંદ નવીન જિનચૈત્ય કારિત્વા જિનબિંબ સ્થાપિતં'

આ૰ શ્રી લબ્ધિસૂરીશ્વરજી રચિત સુરતમંડન શ્રી અનંતજિનસ્તવન પણ ઉપર્યુક્ત ગ્રંથમાં પૃ૰ ૨૦૫ ઉપર છે.

સં૰ ૧૯૯૬માં જ પ્રગટ થયેલ **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં શેઠ નેમચંદ મેલાપચંદે સુરતની વાડીનું જિનાલય તથા વાડીનો ઉપાશ્રય અને રત્નસાગરજી સ્કૂલ માટે મકાન બંધાવ્યાની નોંધ પૃ૰ ૧૧૩ પર કરવામાં આવી છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ શિખરબંધી જિનાલયમાં કુલ અઢાર આરસ-પ્રતિમા, ચૌદ ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા તથા રજતની એક ગુરુમૂર્તિ હોવાની નોંધ છે. સં૰ ૧૯૪૭માં શેઠ નેમચંદ મેલાપચંદે જિનાલય બંધાવ્યું હતું. મૂળનાયક પર સં૰ ૧૬૮૨નો લેખ હોવાનો ઉલ્લેખ છે. વહીંવટ શેઠ મંગળભાઈ હીરાચંદ ઝવેરી હસ્તક હતો. સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩ની **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૭માં થઈ હોવાનો તથા શેઠ નેમચંદ મેલાપચંદ ઝવેરીએ બંધાવ્યું હોવાનો ઉલ્લેખ છે. વહીવટદાર તરીકે શ્રી તલકચંદ મંગળભાઈ (ગોપીપુરા) સેવા આપતા હતા.

આજે આ જિનાલયનો વહીવટ નેમચંદ મેલાપચંદ ઝવેરી વાડી ઉપાશ્રય જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ઉષાકાન્ત એસ૰ ઝવેરી, શ્રી પ્રવીણચંદ રૂપચંદ ઝવેરી તથા શ્રી રમેશભાઈ પાનાચંદ ઝવેરી હસ્તક છે. કુલ અઢાર આરસપ્રતિમા તથા ત્રેવીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયક શ્રી અનંતનાથની પ્રતિમા પર સં૰ ૧૬૮૨નો લેખ તથા શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૬૫નો લેખ છે.

સં૰ ૧૯૮૪, સં૰ ૧૯૯૬, સં૰ ૨૦૧૦માં જણાવ્યા મુજબ આ જિનાલય સં૰ ૧૯૪૭માં બંધાયું હતું જ્યારે **સં૰ ૧૯૬૩**માં સં૰ ૧૯૪૯ દર્શાવેલ છે.

અમારી માન્યતા પ્રમાણે જિનાલય **સં૰ ૧૯૪૭**ના સમયનું છે. પ્રતિમા પ્રાચીન છે.

• • •

હજીરાવાળો ખાંચો, ગોપીપુરા

૩. શાંતિનાથ (સં૰ ૧૯૬૨)

ગોપીપુરામાં આગમમંદિર રોડ પર આગમમંદિરની પાછળના ભાગમાં હજીરાવાળા ખાંચામાં શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતના વીશા ઓસવાલ જ્ઞાતિના ધીગોલ ગોત્રના શ્રી જગજીવનદાસ ઉત્તમચંદ વીરે પોતાના પુત્ર બાલુભાઈના શ્રેયાર્થે આ જિનાલય બંધાવ્યું હોવાથી **જગાવીરનું જિનાલય** તરીકે ઓળખાય છે.

પગથિયાં ચડતાં **સન્મુખ સામરણયુક્ત ગુરુમંદિરની રચના છે.** તેમાં આ૦ શ્રી લબ્ધિસૂરિ મહારાજના શિષ્ય શ્રી પ્રવીણવિજયજી ગણિના શિષ્ય શ્રી મહિમાવિજયજી ગણિની ગુરુમૂર્તિ છે જેની પ્રતિષ્ઠા સં૦ ૨૦૨૦માં વૈશાખ સુદ ૧૩ શુભ દિવસે થયેલી છે.

જિનાલય સાદું છે. પ્રવેશતાં એક બાજુ કેસર-સુખડ માટેની રૂમ છે. માણિભદ્રવીરનો ગોખ છે. રંગમંડપ નાનો છે. દીવાલે આરસનું સિદ્ધચક્ર છે. ગૌતમસ્વામી તથા પદ્માવતીદેવીના ગોખ છે. સં૦ ૨૦૫૩માં વૈશાખ સુદ ૧૧ના દિને આ૦ શ્રી અશોકચંદ્રસૂરિની નિશ્રામાં મૂળનાયક પ્રતિમાને યથાવત્ રાખી જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ત્યારે આ મૂર્તિઓ અહીં પ્રતિષ્ઠિત કરી હતી. અન્ય બે ગોખમાં ત્રણ-ત્રણ મળીને કુલ છ આરસપ્રતિમા છે. ગર્ભદ્વાર પાસેના ગોખમાં ગરુડયક્ષ તથા નિર્વાણીદેવીની આરસમૂર્તિ છે.

ગર્ભદ્વાર એક છે. ૨૧" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા સહિત કુલ સાત આરસપ્રતિમા, તેર ધાતુપ્રતિમા તથા એક સ્ફટિકપ્રતિમા છે. મૂળનાયક પર સં૦ ૧૬૮૨નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં પ્રાપ્ત થાય છે. તે સમયે મોટી પોળ વિસ્તારમાં દર્શાવેલ આ શિખરબંધી જિનાલયમાં કુલ પાંચ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા હતી. સં૦ ૧૯૬૨માં જગાવીરચંદે જિનાલય બંધાવ્યું હોવાની તથા સ્થિતિ સારી હોવાની નોંધ છે.

સં૦ ૧૯૮૬માં પ્રગટ થયેલ **તીર્થગાઇડ**(ભાગ-૧)માં અરજીલાલના મહોલ્લામાં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૦ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં ગોપીપુરા મોટીપોળમાં જગાભાઈ વીરચંદે બંધાવેલ શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ છે.

સં૦ ૧૯૮૯માં પ્રગટ થયેલ **સુરત ચૈત્યપરિપાટી**માં પણ આ જિનાલયનો ઉલ્લેખ ગોપીપુરા, મોટીપોળ વિસ્તારમાં થયેલો છે. સં૦ ૧૯૬૨માં જગાભાઈ વીરચંદે આ જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શેઠ કેસરીચંદ રૂપચંદ હસ્તક હતો.

સં૦ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં શેઠ જગાવીરચંદે સં૦ ૧૯૫૪માં આ જિનાલય બંધાવ્યાની નોંધ છે.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં હજીરાનો મહોલ્લો વિસ્તારમાં શાંતિનાથના આ શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. મોટીપોળ પછી આ વિસ્તાર દર્શાવ્યો હતો. કુલ નવ આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા હતી. સં૦ ૧૯૬૨માં જગજીવનદાસ ઉત્તમચંદ વીરે બંધાવ્યું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતું. સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ રતનચંદ ફકીરચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૨૩માં **સુરતના જિનાલયોની સવિસ્તાર યાદી**માં હરજીરામનો ખાંચો, ગોપીપુરા વિસ્તારમાં શાંતિનાથ-જગાવીરનું દેરાસર સં૰ ૧૯૬૨ના વૈશાખ સુદ ૧૩ - રવિવારે બંધાયાની નોંધ છે. જિનાલય બંધાવનારના નામમાં નીચે મુજબનો ઉલ્લેખ થયેલો છે :

'વિશા ઓસવાલ જ્ઞાતિય ધીગોલઇતિ ગોત્રીય શ્રેષ્ઠી જગજીવનદાસ ઉત્તમચંદના સ્વર્ગસ્થ પુત્ર બાલુભાઈના સ્મરણાર્થે શાંતિનાથ ચૈત્યં પ્રતિષ્ઠાપિતં'

ઉપરાંત સં૰ ૨૦૦૪માં શ્રી ધરમચંદ ઉદેચંદ જીર્ણોદ્ધાર ફંડ તથા શ્રી ઝવેરી મંડળ મુંબઈ દ્વારા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યાની નોંધ હતી. વહીવટ મોતીપોળ, ગોપીપુરામાં રહેતા શેઠ રતનચંદ ફકીરચંદ ઝવેરી હસ્તક હતો.

હાલ વહીવટ શ્રી શાંતિનાથ ભગવાન જૈન દહેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી બિપીનભાઈ રતનચંદ ઝવેરી, શ્રી કુસુમચંદ રતનચંદ ઝવેરી તથા શ્રી પુષ્પસેન ઝવેરી હસ્તક છે.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં તથા સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં જિનાલયની સ્થાપનાનો સમય સં૰ ૧૯૬૨ દર્શાવ્યો છે. સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં કેશરીચંદ હીરાચંદ ઝવેરી સં૰ ૧૯૫૪માં જિનાલયની સ્થાપના થઈ હોવાનું જણાવે છે. અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયની સ્થાપના સં૰ ૧૯૬૨માં થઈ હોવાનો વિશેષ સંભવ છે.

• • •

ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા

૪. ચિંતામણિ પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૭૫૦ લગભગ)

ગોપીપુરાના ઓસવાલ મહોલ્લામાં શાહ નથ્થુચંદ હીરાચંદના મકાનમાં ત્રીજે માળ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે. મકાનની સ્થિતિ જીર્ણ છે.

આ ઘરદેરાસરમાં એક ગોખમાં જર્મન-સિલ્વરની છત્રીમાં કમળદળ સંપુટમાં ૫" ઊંચી મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની સ્ફટિકની પ્રાચીન પ્રતિમા છે. ઉપરાંત કુલ તેર ધાતુપ્રતિમા તથા એક રજતપ્રતિમા છે.

સ્થાનિક માહિતી પ્રમાણે આશરે ૮૦૦ વર્ષ પૂર્વે સ્ફટિકની આ પ્રતિમા કમળસંપુટ સાથે દરિયામાંથી પ્રાપ્ત થઈ હતી. તાળું ખોલતાં તેમાં ઉપર્યુક્ત સ્ફટિક પ્રતિમા સાથે દીવો ઝળહળી રહ્યો હતો. શ્રી કુમારપાળ મહારાજ આ પ્રતિમાની પૂજા કરતા હતા તેમ પણ કહેવાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ ઘરદેરાસરનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મળે છે. ગોપીપુરાના ઓસવાલ મહોલ્લામાં આવેલા આ ઘરદેરાસરના પરિવારનું નામ શેઠ લાલુભાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથુભાઈ દર્શાવવામાં આવ્યું હતું. કુલ તેર ધાતુપ્રતિમા હતી જે આજે પણ યથાવત્ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં 'ઓસવાલ મહોલ્લો – શા૰ નથુશા હીરચંદને ત્યાં' – એ મુજબનો ઉલ્લેખ થયો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ઓસવાલ મહોલ્લામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ઘરદેરાસર બંધાવનાર તરીકે નથુશા હીરાચંદનો ઉલ્લેખ થયેલો છે. બંધાયા સંવત ૧૭૫૦ લગભગ દર્શાવવામાં આવી છે. કુલ તેર ધાતુપ્રતિમાનો ઉલ્લેખ છે ઉપરાંત સ્ફટિકની એક પ્રતિમાનો પણ ઉલ્લેખ છે. ઘરદેરાસરની સ્થિતિ સારી હતી અને વહીવટ મોતીચંદ ગુલાબચંદ હસ્તક હતો.

આજે આ ઘરદેરાસરનો વહીવટ શ્રી બિપીનચંદ ખીમચંદ વિધિકારક હસ્તક છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં જણાવ્યા પ્રમાણે આ ઘરદેરાસર સં૰ ૧૭૫૦ લગભગના સમયનું તો છે જ. મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની સ્ફટિકપ્રતિમા પરનો લેખ તેની પ્રાચીનતાનો નિર્દેશ કરે છે.

• • •

ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા

૫. અજિતનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૦૦ લગભગ)

ગોપીપુરાના ઓસવાલ મહોલ્લામાં ઘર નં૰ ૧૦/૧૫૩૫માં બીજે માળ અગાશીમાં મધ્યમ કદની રૂમમાં શ્રી મોતીચંદ તલકચંદ ઝવેરી પરિવારનું શ્રી અજિતનાથનું ઘરદેરાસર આવેલું છે.

હાલ મકાનનું સમારકામ થતું હોવાને કારણે મૂળનાયક સપરિવાર માળી ફળિયાના શ્રી આદેશ્વરના જિનાલય(કાંકરિયાનું)માં પરોણાગત બિરાજમાન છે. તેથી મુલાકાત સમયે ઘરદેરાસર ખાલી હતું. સમારકામનું કાર્ય પૂર્ણ થયા પછી મૂળનાયક પુનઃ અહીં પધરાવવામાં આવશે – તેમ ટ્રસ્ટીશ્રીએ જણાવ્યું હતું.

ફરસ આરસની છે. દીવાલો તથા સ્થંભો ઉપર કાષ્ઠની બારીક કોતરણી છે. ત્રણ ગોખ પૈકી વચ્ચેના ગોખની ઉપર ચૌદ સ્વપ્નો, કુંભ તથા દેવીઓ અને નીચેના ભાગમાં અષ્ટમંગલની કલાત્મક કોતરણી તેની સુંદરતામાં વધારો કરે છે.

૧૧" ઊંચી મૂળનાયક શ્રી અજિતનાથની સ્ફટિક પ્રતિમા ઉપરાંત દસ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ ઘરદેરાસરનો ઉલ્લેખ શેઠ મૂળચંદ ખુશાલચંદના ઘરદેરાસર તરીકે થયેલો છે. કુલ આઠ ધાતુપ્રતિમા તથા એક રત્નની પ્રતિમા હતી.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં પણ ઓસવાલ મહોલ્લામાં શા૰ તલકચંદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેલાપચંદને ત્યાં – એ મુજબ આ ઘરદેરાસરનો ઉલ્લેખ થયો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસરમાં બે આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમાનો ઉલ્લેખ છે. સં૰ ૧૯૦૦ લગભગમાં મૂળચંદ ખુશાલચંદે ઘરદેરાસર બંધાવ્યું હોવાનો ઉલ્લેખ છે. તે સમયે પણ ઘરદેરાસર બીજે માળ હતું અને સ્થિતિ સારી હતી. વહીવટ શેઠ મોતીચંદ તલકચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૫૪માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડમાં** – 'સુરત વીશા ઓસવાલ જ્ઞાતિય શેઠ મૂલચંદ અને તેમના ધર્મપત્ની બાઈ શિવકોર મૂલચંદે એકસો વરસ અગાઉ આ ઘરદહેરાસર બનાવેલ. પોતાને કોઈ વારસ ન હોવાથી તલકચંદ મેલાપચંદને અર્પણ કર્યું. હાલ મોતીચંદ તલકચંદ પરિવાર બધું સંભાળે છે.' – તે મુજબની નોંધ છે.

આજે આ ઘરદેરાસરનો વહીવટ શ્રી મોતીચંદ તલકચંદના વંશજો સંભાળે છે.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૯૦૦ લગભગનું** છે.

• • •

ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા

૬. ચંદ્રપ્રભુસ્વામી (સં૰ ૧૮૧૦ આસપાસ)

ગોપીપુરાના ઓસવાલ મહોલ્લામાં શ્રી મનમોહન પાર્શ્વનાથના જિનાલયની સામે, શ્રી શાંતિનાથના જિનાલય(ઉસ્તાદનું)ની બાજુમાં આરસનું બનેલું શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

જિનાલયની લંબાઈ વિશેષ છે. ઉપર ધાબાની પાળીની દીવાલે કમળ પર શ્રી લક્ષ્મીદેવી ઉપસાવેલા છે. રંગકામમાં આછા લીલા રંગનો વિશેષ ઉપયોગ થયેલો છે. ઊંબરો ચડી જાળીવાળો ઝાંપો ઓળંગતા શૃંગારચોકી આવે. અહીં સ્થંભો પર કોતરણીયુક્ત કમાનો છે.

પ્રવેશતાં આપણી જમણી બાજુ ગભારો અને ડાબી બાજુ ગૂઢમંડપ છે. તેમાં પ્રવેશવાનું એક દ્વાર છે. બે ગોખ પૈકી એક ગોખમાં શ્રી જિનદત્તસૂરિજીની ગુરુમૂર્તિ તથા અન્ય ગોખમાં શ્રી જિનકુશલસૂરિની ગુરુમૂર્તિ છે જે બન્નેની પ્રતિષ્ઠા **સં૰ ૧૯૮૪**માં મહા સુદ ૧૦ને દિવસે નેમકોરબહેન રતનચંદ કસ્તુરચંદના સ્મરણાર્થે કરવામાં આવેલ છે. આ બન્ને ગુરુમૂર્તિઓના આગળના ભાગમાં તે-તે મહારાજ સાહેબની પગલાંની જોડ છે જેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૫ના મહા સુદ ૧૦ને દિને ચંદનબહેન પૂનમચંદ શાહ તરફથી કરવામાં આવેલ છે.

મોટા રંગમંડપમાં મધ્યેની ચોકીની છત પર જાળીવાળી બારીઓની રચના છે. રંગબેરંગી હાંડીઓ અને ઝુમ્મરોથી તે શોભે છે. અહીં જમણી બાજુ ગોખમાં બિરાજમાન ભૈરવનાથની મૂર્તિની પ્રતિષ્ઠા સં૰ ૨૦૧૪માં કરવામાં આવી છે. ગર્ભદ્વારની ઉપરની દીવાલે શત્રુંજયનો પટ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પર સં૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૯૭નો લેખ છે. કુલ પચીસ આરસપ્રતિમા તથા પંચોતેર ધાતુપ્રતિમા છે. આરસના નાના પગલાંની એક જોડ છે તથા પાંચ જિનનો આરસનો એક પટ છે. અહીં ડાબી બાજુ ગોખમાં ઘંટાકર્ણવીર છે જેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૫માં શ્રી જીવનચંદ ઝવેરચંદ તથા કેસરીચંદ કલ્યાણચંદ પરિવાર દ્વારા કરવામાં આવી છે.

આ જિનાલયનો છેલ્લો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૪૫માં થયો છે. તે અગાઉ સં૰ ૧૯૯૧માં વૈશાખ સુદ ૧૦ ને સોમવારના રોજ ખરતરગચ્છના શા૰ પ્રેમચંદ કલ્યાણચંદ તથા શા૰ કેસરીચંદ કલ્યાણચંદ તરફથી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. સ્થાનિક માહિતી પ્રમાણે પૂર્વે જિનાલય કાષ્ઠનું હતું.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું હતું. કુલ સત્તાવીસ આરસપ્રતિમા, ત્રાણુ ધાતુપ્રતિમા તથા એક રત્નપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં તીર્થગાઈડ(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪માં સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલય ઓસવાલ મહોલ્લામાં વિદ્યમાન હોવાની નોંધ છે.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં આ જિનાલય ખરતરગચ્છના જિનાલય તરીકે ઓળખાતું હોવાની નોંધ છે. દાદા સાહેબનાં પગલાં હોવાનો તથા જિનાલયની સ્થિતિ સારી હોવાનો ઉલ્લેખ છે. ઉપરાંત 'અંચલગચ્છે ભટ્ટારક ઉદયસાગરસૂરિ પ્રતિષ્ઠિતં' – એ મુજબનો લેખ મૂળનાયક પ્રતિમા પર હોવાની નોંધ છે. **સં૰ ૧૯૮૯**માં વહીવટ કેશરીચંદ કલ્યાણચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયની બાંધણી સામરણવાળી દર્શાવી છે. એટલે કે અગાઉ જણાવ્યું તેમ સં૰ ૧૯૯૧માં જીર્ણોદ્ધાર સમયે આ જિનાલય સામરણવાળું બન્યું. **સં૰ ૨૦૧૦**માં કુલ છવ્વીસ આરસપ્રતિમા, સિત્યાસી ધાતુપ્રતિમા તથા એક સ્ફટિકપ્રતિમા હતી. જિનાલય બંધાયા સંવત ૧૮૫૦ લગભગ દર્શાવી હતી. ઉપરાંત વહીવટ શેઠ ઝવેરચંદ કેસરીચંદ હસ્તક હોવાનો તથા સ્થિતિ સારી હોવાનો ઉલ્લેખ હતો.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૮૧૦માં આ૰ શ્રી ઉદયસાગરસૂરિની નિશ્રામાં થઈ હોવાની તથા સં૰ ૧૯૯૧માં જીર્ણોદ્ધાર થયો હોવાની નોંધ છે. તથા વહીવટ શેઠ ઝવેરચંદ કેસરીચંદ હસ્તક હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૫૪માં સુરત તીર્થ વંદુ કર જોડ ગ્રંથમાં આ જિનાલય ખરતરગચ્છના જિનાલય તરીકે ઓળખાતું હોવાની તથા જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૮૧૦માં થઈ હોવાની નોંધ છે.

આજે જિનાલયનો વહીવટ શ્રી જીવણચંદ ઝવેરચંદ ઝવેરી, શ્રી હિતેશભાઈ તલકચંદ ઝવેરી તથા શ્રી સરસ્વતીચંદ્ર રતનચંદ ઝવેરી હસ્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પર 'સં૰ ૧..(૭?)૯૭ ..... અંચલગચ્છે ભટ્ટારક ઉદયસાગરસૂરિ પ્રતિષ્ઠિતં' – એ મુજબનું લખાણ વાંચી શકાય છે.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં તથા **સં૰ ૨૦૫૪**માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૮૧૦માં થઈ હોવાની નોંધ છે. તથા **સં૰ ૨૦૧૦**માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં જિનાલય બંધાયા સં૰ ૧૮૫૦ લગભગ દર્શાવી છે. શ્રી ઉદયસાગરસૂરિ સં૰ ૧૭૯૭માં સુરતમાં બિરાજમાન હતા અને તે વર્ષમાં તેઓશ્રીને સૂરિપદ અર્પવામાં આવ્યું હતું તે મુજબના ઉલ્લેખો ગ્રંથમાં મળે છે.

આ સંદર્ભમાં જિનાલયનો સમય **સં૰ ૧૮૧૦ આસપાસ**નો માની શકાય.

• • •

ઓસવાલ મહોલ્લો

૭. શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૩૯)

ગોપીપુરાના ઓસવાલ મહોલ્લામાં શ્રી ઉમરવાડી પાર્શ્વનાથના જિનાલય અને શ્રી ચંદ્રપ્રભુસ્વામીના જિનાલયની વચ્ચે શ્રી શાંતિનાથનું ઘરદેરાસર આવેલું છે.

ખુશાલચંદ ફૂલચંદ પરિવારનું આ ઘરદેરાસર માતૃ-આશિષ ફ્લેટની બાજુમાં ભોંયતળિયે છે. આગળના ભાગમાં મધ્યમ કદનો ચોક છે. આપણી જમણી બાજુ શ્રી ઉમરવાડી પાર્શ્વનાથના જિનાલયમાં પ્રવેશવાનું દ્વાર છે. સામે જ આ ઘરદેરાસરમાં પ્રવેશવાનું દ્વાર છે.

જિનાલયની જેમ રંગમંડપ તથા ગભારાની રચના છે. રંગમંડપ લંબચોરસ છે. ફરસ આરસની છે. સ્થંભો પર ફૂલ-બુટ્ટાની સુંદર ભાત ઉપસાવેલી છે. છતમાં પીઢિયા છે. નાની હાંડીઓથી રંગમંડપ શોભે છે. એક બાજુ હવાઉજાસ માટેનું જાળિયું-હવાબારિયું છે.

એક ગર્ભદ્વાર છે. ૫" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા સૂર્ય-ચંદ્રની સોનેરી કોતરણીયુક્ત આરસની છત્રીમાં બિરાજે છે. જમણી બાજુ શ્રી ચંદ્રપ્રભુ અને શ્રી આદેશ્વર તથા ડાબી બાજુ શ્રી પાર્શ્વનાથ અને શ્રી સંભવનાથ છે. મૂળનાયકની નીચે શ્રી મુનિસુવ્રતસ્વામી અને તેની નીચે ૯" ઊંચી સ્ફટિકપ્રતિમા છે. જમણી તથા ડાબી બાજુ દીવાલે બારીક, કલાત્મક કોતરણીયુક્ત આરસની છત્રીવાળા ગોખમાં શ્રી સંભવનાથ તથા શ્રી અજિતનાથ છે. કુલ આઠ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા ઉપરાંત એક સ્ફટિકપ્રતિમા છે.

મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પર લેખ નથી પણ છત્રી પર નીચે મુજબનું લખાણ છે :

'શા૰ ઉદેચંદ ખૂબચંદ આ દેહેરાસર બાંધી પ્રતીસ્થા સંવત ૧૯૩૯ના પોશ વદ ૮ વા૰ બુધે કરી છે. આ પવાશન બનાવનાર આગરાવાલા મીશતરી ફરશમજીએ કરૂ છે.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં શેઠ ખુશાલભાઈ ફૂલચંદના નામ સાથે આ ઘરદેરાસરમાં કુલ પાંચ આરસપ્રતિમા, પાંચ ધાતુપ્રતિમા તથા રત્નની એક પ્રતિમા હોવાનો ઉલ્લેખ છે.

સં. ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં ઓસવાળ મહોલ્લામાં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં. ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં ઓસવાલ મહોલ્લામાં ફૂલચંદ ઉત્તમચંદનું દહેરાસર – એ મુજબનો ઉલ્લેખ છે.

સં. ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં શાંતિનાથનું આ જિનાલય બંધાવનાર તરીકે ફુલાભાઈ ઉત્તમચંદનો ઉલ્લેખ છે. ઉપરાંત બે આરસના ગોખલાની કોતરણી જોવાલાયક છે – એ મુજબની વિશેષ નોંધ હતી. તે સમયે વહીવટ નગીનચંદ ફૂલચંદ હસ્તક હતો.

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધ તરીકે થયો છે. કુલ આઠ આરસપ્રતિમા, છ ધાતુપ્રાતેમા, એક સ્ફટિકપ્રતિમા તથા ત્રણ રજત ચોવીસીપટ હોવાનો ઉલ્લેખ હતો. વહીવટ શેઠ ખુશાલચંદ ફૂલચંદ હસ્તક હતો અને સ્થિતિ સારી હતી.

સં. ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં આ જિનાલયનો **ઉસ્તાદનું જિનાલય** તરીકે ઉલ્લેખ છે. પ્રતિષ્ઠા સં. ૧૯૩૯ પોષ વદ ૮ને બુધવારે થઈ હોવાની તથા શા. ઉદેચંદ ખૂબચંદે બંધાવ્યું હોવાની નોંધ હતી. વહીવટ શેઠ માણેકલાલ સાકરચંદ ખુશાલચંદ ઉસ્તાદ હસ્તક હતો.

આજે વહીવટદાર તરીકે શ્રી જગદીશભાઈ માણેકલાલ ઝવેરી, શ્રી સિદ્ધાર્થભાઈ જવાહીરલાલ ઝવેરી અને શ્રી હેમલભાઈ રમેશભાઈ ઝવેરી સેવાઓ આપી રહ્યા છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં. ૧૯૩૯**નો છે.

• • •

ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા

૮. ઉમરવાડી પાર્શ્વનાથ (સં. ૧૬૫૬ પૂર્વે)

ગોપીપુરામાં ઓસવાલ મહોલ્લા મધ્યે શ્રી ઉમરવાડી પાર્શ્વનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે. બાજુમાં શ્રી શાંતિનાથનું જિનાલય-ઉસ્તાદનું જિનાલય આવેલું છે. જીર્ણોદ્ધાર સં. ૨૦૪૯માં જ થયો હોવાથી જિનાલય નવીન લાગે છે.

લોખંડની જાળીવાળા ઝાંપાની આજુબાજુ ગુલાબી રંગના કોતરણીયુક્ત સ્થંભો છે. ઝાંપો પસાર કરતાં મધ્યમ કદનો ચોક આવે છે. અહીંથી પાંચેક પગથિયાં ચડતાં જિનાલયમાં પ્રવેશવાનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વાર છે. પગથિયાં પાસેની ચોકીના સ્થંભો પરના કોતરણીયુક્ત તોરણો તથા નારીશિલ્પો ધ્યાનાકર્ષક છે. પ્રવેશદ્વારના સ્થંભો અને બારસાખે અષ્ટમંગલ તથા ચૌદ સ્વપ્નોની કોતરણી છે. બારસાખની ઉપર દેવી અને આજુબાજુ ચામર વીંઝતા શિલ્પો છે. પ્રવેશતાં આપણી જમણી બાજુ રંગમંડપમાં પ્રવેશવાના ત્રણ દ્વાર છે. તેની સામે અન્ય એક દ્વાર છે જે બાજુમાં આવેલ શ્રી શાંતિનાથના જિનાલયના ચોકમાં ખૂલે છે. પાસે એક ગોખમાં માણિભદ્રવીર બિરાજમાન છે.

રંગમંડપ લંબચોરસ છે. ઘુમ્મટમાં પીળા રંગમાં કોતરણી છે. કુલ સાત ગોખ છે. તે પૈકી ડાબી બાજુ ૧. ચક્રેશ્વરીદેવી, ૨. ગૌતમસ્વામી, ૩. કુંથુનાથ, ધર્મનાથ, સંભવનાથ તથા પાંચ ધાતુપ્રતિમા અને ૪. પદ્મપ્રભુસ્વામી – એમ કુલ ચાર ગોખ તથા જમણી બાજુ ૧. પદ્માવતીદેવી, ૨. શાંતિનાથ, અરનાથ, નેમનાથ તથા પાંચ ધાતુપ્રતિમા અને ૩. પાર્શ્વનાથ, સુમતિનાથ, સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ, શ્રેયાંસનાથ, વિમલનાથ, પાર્શ્વનાથ – એમ કુલ ત્રણ ગોખ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૫'' ઊંચી શ્રી ઉમરવાડી પાર્શ્વનાથની સહસ્રફણાયુક્ત પરિકરવાળી મનોહર પ્રતિમાને લેખ નથી. ડાબે ગભારે શ્રી મલ્લિનાથ તથા જમણે ગભારે શ્રી આદેશ્વર છે. કુલ ચૌદ આરસપ્રતિમા છે તથા ત્રેપન ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખજી છે. ચોવીસજિનનો ધાતુનો પટ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૬૫૬માં શ્રી નયસુંદર કૃત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદમાં ઉમરવાડી પાર્શ્વનાથના નામનો ઉલ્લેખ છે.

સં. ૧૬૮૯માં મુનિ શ્રી ગુણવિજયના શિષ્યે ૧૦૮ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવનમાં **ઉમરવાડી** પાર્શ્વનાથને પણ વંદના કરી છે.

ઉમરવાડી પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **સં. ૧૬૮૯**માં ઉપા. વિનયવિજયરચિત **સૂર્યપુર ચૈત્યપરિપાટી**માં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

પાસ એ પાસ જિણેસર રાજીઉએ,
જાસ એ જાસ વિમલ જસ રાસિ કે;
ત્રિભુવનમાંહઈ ગાજીઉએ,
ઉંબર ઉંબરવાડા માહઈ કે;
પાસ જિણેસર રાજીઉ એ.

ત્રુ.

રાજી ઉ **પાસ** જિણંદ જયકર અષય સુષ અવાસએ
દરિસણઈ જેહનિ નાગ પામ્ય નાગરાજ વિલાસએ
ધરણીંદ પદમાવતી જેહનાં ચરણ સેવઈ ભાવસ્યું
તસ પાય સુરતરૂ તલઈ રંગઈ વિનય મનસુષ ભરી વસ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭મા સૈકામાં પં૰ રત્નકુશલકૃત શ્રી પાર્શ્વનાથ સંખ્યા સ્તવનમાં **ઊંભરવાડી**નો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

સોમ ચિંતામણિ સ્વામી જન ચિંતા હરો રે કંબોઈ શ્રીમાલ
દેવદયાલ અકલ જિન **ઊંભરવાડીઉ** રે તવસું વાણિ રસાલ. ૧૭

સં૰ ૧૭૪૬માં શ્રી શીલવિજયજીકૃત તીર્થમાલામાં પણ ઉંબરવાડી પાર્શ્વનાથનો ઉલ્લેખ છે જે નીચેની પંક્તિઓમાં થયેલો છે :

નવસારી સૂરતિમંડાણ ચિંતામણિ સોહિ જિનભાણ,
ઉંબરવાડી જીરાઉલો આદિનાથ ગાઉ ગુણનિલો. ૧૧૧

સં૰ ૧૭૫૧માં તપાગચ્છના શ્રી જશવિજય શિષ્ય મુનિ શ્રી જિનવિજયે સુરતમાં ગુણાવલી રાસ રચ્યો. તેમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

સંવત સતર એકાવના વરસૈ વિજયદશમી બહુ નેહિં,
સૂરતિ બંદિરમાં રાસ રચ્યો એ, સાહ વિજસિંઘ માણેકજી ગેહે રે. ૧૨

કહે જિનવિજય મુનિ ધન્યાસીઈ સત્તાવીસમી ઢાલ,
ઉબરવાડી પાસ પસાઈ ઘરિ ઘરિ મંગલમાલ રે. ૧૩

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

સં૰ ૧૮૭૭માં દીપવિજયકૃત **સુરત કી ગઝલ**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો છે :

સંખેસરા શ્રી જિનરાજ, **ઉબરવાડી** શ્રી મહારાજ
ગોડી પાસ જિનવર દેવ, સારે ભક્ત જન પ્રભુ સેવ. ૬૪

સં૰ ૧૯૧૫માં હુકમમુનિએ શ્રી ઉમરવાડી પાર્શ્વનાથ સ્તવનની રચના કરી હોવાની નોંધ **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં પૃ૰ ૨૦૩-૨૦૪ પર કરવામાં આવી છે જે નીચે મુજબ છેઃ

પાસ ઉમરવાડીજી ભેટીએ જેમ ભવનો લાહવો લીજીએજી રે. પા૰ આંકણી

સકલે દેશ શિરોમણી ત્યાહાં કાશી દેશકીજીએ જી ૧
નગરી વાણારસી સુંદરૂં ત્યાંહાં જનમ ભોમીકા લીજીયેજી હો,

પોસવદી દસમીને દીને નક્ષેત્ર વૈશાકી જીયેજી હો,
ત્યાંહાં જનમ દીવસ તે જાણીએ, સુર અસુરા શેવીએજી હો,

ત્યાંહાં રાજા અસ્વસેન જાણીએ ત્યાંહાં ભાતા વાંચા કહો સેવીએજી હો,
ત્યાંહાં નકર કાયાદી પતિ રૂધીર અમૃત સમ વષાણાજો. ૪

ત્રીસવરસ ઘરવાસમાં વસ્યા પ્રભાવતી સાથમાં હો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુખ સંસારના ભોગવી, ચરિત્ર લીધું જગનાથ જો, ૫

કેવલલહી સંઘ થાપિયો ધરમ કહુ દોય પ્રકાર જો,
પ્રભુ મુખથી કંઈ ઉચરી પામ્યા ભવતણો પાર જો. ૬

સુરત શહેરમાં વળી મંદિર છે, તસ સાર જો,
ભેટતાં ભાવટ સવીતળે પ્રગટો પુન્ન પ્રકાર જો. ૭

દેખી દરસણ પ્રભુતાહરૂં આત્મ અનુભવ થાય જો,
આપ સ્વરૂપ ત્યાંહાં સાંભળ્યું ત્યાંહાં ચિદાનંદ કહાય જો. ૮

સંવત ઓગણીસ પંદરમે સુદ બીજ ફાગુ રવીવાર જો,
મુનિ હુકમ તું દરશણે દેજો શિવપુર સારજો. ૯

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલય પોરવાડના મહોલ્લા વિસ્તારમાં ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ અઠ્ઠાવીસ આરસપ્રતિમા તથા એંશી ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ ઓસવાલ મહોલ્લામાં જ થયેલો છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ કરવામાં આવી છે :

'વહીવટ નવલભાઈ ઘેલાભાઈ હસ્તક. જીર્ણોદ્ધાર સં૰ ૧૯૭૨માં કરાવાયો. સ્થિતિ સારી. આનો વહીવટ આનસુર ગચ્છના વહીવટ સાથે ચાલે છે. બહારના ભાગમાં શ્રી પદમપ્રભુ ભગવાનનું દેરાસર છે, એ દેરાસરની શા૰ દીપચંદ ઊત્તમચંદ તરફથી સંવત ૧૯૭૪ના વૈશાખ શુદ ૬ને શનીવારે પ્રતિષ્ઠા થઈ છે.'

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુર રાસમાળા**માં પણ ઉપર્યુક્ત નોંધ કરવામાં આવી છે. તથા આ સમયમાં જ પ્રગટ થયેલ **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં સુરતના જૈન ઐતિહાસિક પ્રસંગો નામના પ્રકરણ-૮માં પૃ૰ ૧૭૮ પર ઉમરવાડી પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૫૧માં થઈ હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ઓસવાલ મહોલ્લો, ઉમરવાડીમાં પાર્શ્વનાથનું ધાબાબંધી જિનાલય દર્શાવ્યું છે. કુલ પચીસ આરસપ્રતિમા, ઇઠ્યોતેર ધાતુપ્રતિમા, ગૌતમસ્વામી-ની ધાતુમૂર્તિ તથા ત્રણ રજત ચોવીસજિન પટ હતા. જિનાલય સં૰ ૧૯૭૧માં બંધાયાની નોંધ હતી. જો કે તે સમયે જિનાલયનો જીર્ણોદ્ધાર થયાના સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. વહીવટ દેસાઈ પોળની પેઢી હસ્તક હતો અને સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૯૭૨માં થયાની નોંધ છે. વહીવટ શેઠ હીરાલાલ ચુનીલાલ જરીવાલા હસ્તક હતો જેઓ ઝાંપા-બજાર, ખરાદીશેરીમાં રહેતા હતા.

આજે જિનાલયમાં કુલ બત્રીસ આરસપ્રતિમા તથા તેસઠ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી આણસૂરગચ્છ ઉમરવાડી પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી શાંતિચંદ સોભાગચંદ ચોકસી હસ્તક છે.

સ્થાનિક માહિતી પ્રમાણે પૂર્વે જિનાલય નાનું હતું. જીર્ણોદ્ધાર બાદ પદ્મપ્રભુનું જિનાલય પણ આ જિનાલયમાં સમાવી લેવામાં આવ્યું છે.

સં૰ ૧૬૫૬માં શંખેશ્વર પાર્શ્વનાથ છંદમાં ઉમરવાડી પાર્શ્વનાથના નામનો ઉલ્લેખ છે તે સંદર્ભમાં આ જિનાલય **સં૰ ૧૬૫૬ પૂર્વે**નું છે.

• • •

ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા

૯. મનમોહન પાર્શ્વનાથ (સં૰ ૧૯૫૫ પૂર્વે)

ગોપીપુરામાં ઓસવાલ મહોલ્લામાં શ્રી મનમોહન પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. સામે શ્રી ચંદ્રપ્રભુ તથા ઉસ્તાદનું શ્રી શાંતિનાથનું જિનાલય છે.

પગથિયાં ચડતાં નાનો ઓટલો છે. રંગકામ તથા સાદી કોતરણી છે. એક પ્રવેશદ્વાર છે. રંગમંડપ લંબચોરસ છે. ઘુમ્મટ મોટો છે. ફરસ આરસની છે. બે ગોખ પૈકી ડાબી બાજુ ગોખમાં પાર્શ્વનાથ તથા જમણી બાજુ ગોખમાં મલ્લિનાથની આરસપ્રતિમા છે. મલ્લિનાથના ગોખમાં દ્વારપાલ તથા હાથીનું સુંદર ચિત્રકામ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૫" ઊંચી મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથની પ્રતિમા પર લેખ નથી. કુલ પચીસ આરસપ્રતિમા પૈકી બે કાઉસ્સગ્ગિયા છે અને ચોત્રીસ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. તે સમયે કુલ વીસ આરસપ્રતિમા તથા સત્તાવીસ ધાતુપ્રતિમા હતી. સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયની નોંધ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો સં૰ ૧૯૫૫ના વૈશાખ શુદ ૬ના રોજ જીર્ણોદ્ધાર થયો હોવાની નોંધ છે. જીર્ણોદ્ધાર સમયે રૂપચંદ લલ્લુભાઈએ ભગવાન ગાદી-નશીન કર્યા હતા અને મોહનલાલજી મહારાજે પ્રતિષ્ઠા કરાવી હતી. વહીવટ શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરી હસ્તક હતો. ઉપરાંત **આ દેરાસરનો ફરી જીર્ણોદ્ધાર થયો છે** – તેવી નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુર રાસમાળા**માં પણ સં૰ ૧૯૫૫માં પ્રતિષ્ઠા થયાની નોંધ મળે છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. કુલ છવ્વીસ આરસપ્રતિમા તથા સત્તાવીસ ધાતુપ્રતિમા હતી. જિનાલય સં૰ ૧૯૫૫માં બંધાયું હોવાની નોંધ હતી. વહીવટ શેઠ પાનાચંદ મૂળચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં પણ સં૰ ૧૯૫૫માં જીર્ણોદ્ધાર થયાની નોંધ છે. વહીવટ શેઠ નવીનચંદ બાલુભાઈ વીરચંદ હસ્તક હતો જેઓ કાજીનું મેદાન, ગોપીપુરામાં રહેતા હતા.

આજે વહીવટ શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી લક્ષ્મીચંદ બાબુભાઈ ઝવેરી, શ્રી પુષ્પસેન જીવણચંદ ઝવેરી તથા બિપીનચંદ્ર રતનચંદ ઝવેરી હસ્તક છે.

સં૰ ૧૯૫૫માં જિનાલયનો જીર્ણોદ્ધાર અથવા પ્રતિષ્ઠા થયાની નોંધ ઉપર્યુક્ત સંદર્ભગ્રંથો માંથી પ્રાપ્ત થાય છે. ત્યારબાદ માત્ર સાત વર્ષમાં જ - **સં૰ ૧૯૬૩**માં ધાબાબંધી જિનાલયની સ્થિતિ સાધારણ દર્શાવી છે. **સં૰ ૧૯૮૯**માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો **ફરીવાર જીર્ણોદ્ધાર** થયાનો ઉલ્લેખ છે. અને ત્યારબાદ **સં૰ ૨૦૧૦**માં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. એટલે કે **સં૰ ૧૯૬૩** થી **સં૰ ૧૯૮૯** દરમ્યાન જીર્ણોદ્ધાર થયો હશે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૫૫ પૂર્વે**નું છે. જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

માળી ફળિયા, ગોપીપુરા

૧૦. શાંતિનાથ (સં૰ ૧૬૮૯ પૂર્વે)

આદેશ્વર (સં૰ ૧૯૬૩ પૂર્વે)

માળી ફળિયામાં શ્રી આદેશ્વરનાં બે જિનાલયની બાજુમાં આરસનું બનેલું શ્રી શાંતિનાથનું સામરણયુક્ત પ્રાચીન જિનાલય આવેલું છે. ઉપરના માળે અગાશીનાં ગભારામાં શ્રી આદેશ્વર મૂળનાયક તરીકે બિરાજે છે.

સ્થાનિક માહિતી પ્રમાણે સં૰ ૧૯૯૩ થી સં૰ ૧૯૯૯ દરમ્યાન શાંતિનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ઉપરના માળે બિરાજમાન શ્રી આદેશ્વરના જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૧ માગશર સુદ છઠના રોજ આ૰ શ્રી સૂર્યોદયસાગરસૂરિની નિશ્રામાં થઈ હતી.

રંગમંડપ સાદો, સુંદર છે. સ્થંભો પર ચિત્રકામ છે. અષ્ટાપદ, આબુ, ગિરનાર, વરસી-તપના પારણાનો પ્રસંગ, ચંદનબાળા તથા મૃગાવતીનો પ્રસંગ, સિદ્ધચક્ર, નેમિનાથની જાન, ગૌતમસ્વામી, ઇલાચીકુમારનો પ્રસંગ, પાવાપુરી, કેવળજ્ઞાન કલ્યાણક જેવા પટ-પ્રસંગોના ચિત્રકામથી દીવાલો શોભે છે. નિર્વાણીદેવી તથા ગરુડયક્ષના ગોખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ ગર્ભદ્વાર અને તેની આજુબાજુ બારી છે. ૧૯" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર લેખ નથી. જમણે ગભારે શ્રી ધર્મનાથ તથા ડાબે ગભારે શ્રી સુવિધિનાથ છે. કુલ પિસ્તાળીસ આરસપ્રતિમા પૈકી પાંચ શ્યામ તથા એક રાતા આરસની છે અને ચોત્રીસ ધાતુપ્રતિમા પૈકી બે ચૌમુખી છે. એક રજત ચોવીસજિન પટ છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ તથા ધાતુની એક ગુરુમૂર્તિ છે.

અગાશીમાં મોટા ગભારામાં ૧૯" ઊંચી શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ બાર આરસપ્રતિમા તથા એકસોચાર ધાતુપ્રતિમા અને ધાતુની ચાર દેવીમૂર્તિ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં શ્રી શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં મળે છે :

સોલમા એ **સોલમા સાંતિ જિણેસરૂ** એ
સૂરતિ સૂરતિપુર સિંણગાર કે;
અચિરા કુંઅર ગુણનિલો એ,
વિશ્વસેન વિશ્વસેન રાય મલ્હાર તો;
સોલમા સાંતિ જિણેસરૂ એ.

ત્રુ.

સોલમા શાંતીજિણંદ પામી કુમતિ વામી મઈ સહી.
હવિં ભજું સ્વામી સીસ નાંમી અંતર જામી રહું ગ્રહી;
મલપરિં કમલા સબલ છાંડી પ્રીતિ માંડી મુગતિસ્યું,
જિનરાજ કમલાવરી વિમલા પુણ્યપ્રભુનું ઉલહસ્યું.

સં૰ ૧૭૫૫માં જ્ઞાનવિમલસૂરિકૃત તીર્થમાલામાં સુરતમાં મુખ્ય જિનાલયોમાં શાંતિનાથના જિનાલયના કવિ દર્શન કરે છે :

શુભ લગ્નયોગે વિધિસંયોગે, યાત્રા કરવા સંચર્યા,
શ્રી સૂર્યપુર વર થકી શ્રાવક સપરિવારે પરવર્યા. ૩

.....

ઋષભ જિનેસર **શાંતિજી** શાંતિકરણ જગનાથ,
ઇત્યાદિક બહુ જિનવર પ્રણમી શિવપુર સાથ. ૫

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં કવિ પ્રથમ સુરતના ગોપીપુરાનાં જિનાલયોના વર્ણન કરતા શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં કરે છે:

બીજે શ્રી **શાંતિનાથ**ને દેહરે શ્રી જગદીસો રે;
દ્વાદસ બિંબ પાષાણમેં પંચતીરથી ત્રીસો રે. શ્રી જિન૰ ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકલમલ પટ પાટલી એકતાલીસ બિરાજે રે;
ત્યાસી બિંબ સર્વે થઈ જિનમંદીરમાંહે છાજે રે. શ્રી જિન૦ ૬

સં૦ ૧૮૧૩માં જેઠ વદ ૭ને બુધવારે શ્રી રાજવિમલસોમસૂરિના ચેલાએ અજ્ઞાત કવિકૃત કલ્પસૂત્ર બાલાવબોધની ગદ્યકૃતિ સુરતના શાંતિનાથના જિનાલયમાં લખી હોવાની નોંધ જૈન ગૂર્જરકવિઓમાં થયેલી છે.

સં૦ ૧૮૨૮માં **ઉત્તમવિજય નિર્વાણરાસ**માં શ્રી ઉત્તમવિજયજી સુરતનાં અન્ય જિનાલયો સાથે શાંતિનાથને પણ નમન કરે છે :

ગુરૂજી વિચરતા જાય સુરતને પરિસરે,
.....
સુરતમંડણ ધર્મ સંભવ **શાંતિ** જિના,
રૂષભ વીર તિમ અજીત નમ્યા થઈ એકમના

સં૦ ૧૮૪૧ના પ્રથમ ચૈત્ર વદ ચોથને બુધવારે મુ૦ બુદ્ધિરત્ને ઉપા૦ સમૈયસુંદરકૃત સીતારામ પ્રબંધ સુરતમાં શાંતિનાથના ચરણે લખ્યો હોવાની નોંધ **જૈન ગૂર્જર કવિઓ**(ભાગ-૨) પૃ૦ ૩૪૮માં કરવામાં આવી છે.

સં૦ ૧૮૬૧ના જેઠ સુદ ૧ને બુધવારે સુરત શ્રી મકવાણા રાજ્યે શાંતિનાથના જિનાલયમાં ભ૦ કીર્તિરત્નસૂરિના શિષ્ય પં૦ બુદ્ધિરત્નના શિષ્ય કાંતિરત્ને ઉપા૦ વિનયવિજયકૃત શ્રીપાલરાસ લખ્યો હોવાની નોંધ **જૈન ગૂર્જર કવિઓ**(ભાગ-૪) પૃ૦ ૨૫માં કરવામાં આવી છે.

સં૦ ૧૮૭૨ના ફાગણ સુદ આઠમે મુનિ રૂપરત્ને સુરતના શાંતિનાથના જિનાલયમાં અજ્ઞાત કવિકૃત કલ્પસૂત્ર બાલાવબોધ લખ્યો હોવાની નોંધ **જૈન ગૂર્જર કવિઓ**(ભાગ-૬) પૃ૦ ૩૪૦માં કરવામાં આવી છે.

સં૦ ૧૮૭૭માં દીપવિજયકૃત **સુરત કી** ગઝલમાં આદેશ્વરના જિનાલય સાથે શાંતિનાથ-ના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

સાંતીનાથ કા દેહરાક, માનું સિવપુરીં સે રાક,
આદીનાથ જિનવર વીર, તારે ભવાં સાગર તીર. ૬૫

સં૦ ૧૮૯૦માં સુરતના શાંતિનાથના જિનાલયમાં જેઠ સુદ ૧૧ને સોમવારે મુનિ તેજરત્ને ઉદયરત્ન કૃત યશોધર રાસ અને અષ્ટપ્રકારી પૂજારાસ ચૈત્ર સુદ ૧ને ગુરુવારે લખ્યાની નોંધ **જૈન ગૂર્જર કવિઓ**(ભાગ-૫)ના પૃ૦ ૮૨ તથા પૃ૦ ૯૬માં કરવામાં આવી છે.

સં૦ ૧૮૯૩માં તેઓએ ઉપર્યુક્ત જિનાલયમાં બીજી અષાઢ વદ અમાસને શુક્રવારે વચ્છરાજકૃત સમ્યક્ત્વ કૌમુદીરાસ અને પોષ સુદ ૧ને રવિવારે જિનવિજયકૃત જયવિજયકુંવર પ્રબંધ તથા સં૦ ૧૯૧૨માં ફાગણ વદ બીજને રવિવારે મોહનવિજયકૃત ચંદરાજાનો રાસ લખ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(**જૈન ગૂર્જર કવિઓ**(ભાગ-૨, પૃ૰ ૧૯૪, ભાગ-૫, પૃ૰ ૪૪૪ તથા પૃ૰ ૧૫૫)) જૈન ગૂર્જર કવિઓમાં જે શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ છે તે આ જિનાલયના સંદર્ભમાં થયો હોય !

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં માળી ફળિયામાં કુલ ચાર જિનાલયો- શાંતિનાથના જિનાલય ઉપરાંત આદેશ્વરનાં ત્રણ જિનાલયો વિદ્યમાન હોવાના ઉલ્લેખ છે. તે પૈકી શાંતિનાથ તથા આદેશ્વરનાં અલગ અલગ જિનાલયો ધાબાબંધી દર્શાવ્યાં છે. શાંતિનાથના જિનાલયમાં કુલ છત્રીસ આરસપ્રતિમા, બાસઠ ધાતુપ્રતિમા તથા ચાર રત્નપ્રતિમા હતી તથા આદેશ્વરના જિનાલયમાં બાર આરસપ્રતિમા અને સાત ધાતુપ્રતિમા હતી. આ બંને જિનાલયોની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં માળી ફળિયામાં શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં માળી ફળિયામાં આદેશ્વરનાં બે જિનાલયોની સાથે શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ છે. એટલે કે શાંતિનાથના જિનાલયમાં ઉપરના માળે આવેલા આદેશ્વરના જિનાલયનો **સં૰ ૧૯૬૮**માં તથા **સં૰ ૧૯૮૪**માં અલગ જિનાલય તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં માળી ફળિયાના શાંતિનાથના આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૨૩માં થઈ હોવાની તથા વહીવટ શેઠ હીરાચંદ ખુબચંદ અને શેઠ ઉત્તમચંદ માનચંદ હસ્તક હોવાની નોંધ છે. પહેલે માળે ફૂલચંદ કલ્યાણચંદનું જિન્નાલય હોવાની વિશેષ નોંધ છે. ઉપરાંત જિનાલયમાં આચાર્યની ગુરુમૂર્તિ પર તથા બે પાદુકા પર લેખ હોવાનો ઉલ્લેખ છે. આ લેખ નીચે મુજબ છે :

આચાર્યની પ્રતિમાનો લેખ – '૧૮૩૦ વર્ષે સિદ્ધસેનસૂરિ મૂર્તિ કારિતં.'

પાદુકાનો લેખ –

(૧) સંવત ૧૯૨૪ મહા શુદી ૫ ગુરુવારે શ્રીમદ તપાગચ્છ ચંદ્રશાખા કંબલચંદ્રજી પાદુકાને બાઈ જીવકોર સ્થાપિત.

(૨) સંવત ૧૭૨૨ વર્ષે પોશ શુદ ૧૩ સોમ શ્રી સૂર્યપુરવાસી વૃદ્ધે શાખીય શ્રી પ્રજ્ઞાજ્ઞાતીય શ્રી સાગરસૂરિ ભટ્ટારક પ્રતિષ્ઠા કરનાર. વિજયસેનસૂરિ પાદુકા.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં ગોપીપુરાના ઓસવાલ મહોલ્લામાં ઉપર્યુક્ત શેઠ ફૂલચંદ કલ્યાણચંદના ઘરદેરાસરમાં કુલ બાર આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા વિદ્યમાન હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં માળી ફળિયામાં કુલ ત્રણ જિનાલયો પૈકી આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ ચોપન આરસપ્રતિમા, એકસો એંશી ધાતુપ્રતિમા, આરસ-ની એક ગુરુમૂર્તિ તથા બે રજત ચોવીસીપટ હતા. જિનાલય સં૰ ૧૯૦૦ લગભગમાં બંધાયું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાની નોંધ છે. વહીવટ કેસરીચંદ તલકચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં માળી ફળિયામાં શાંતિનાથના જિનાલય સાથે ઉપરના માળે શેઠ ફૂલચંદ કલ્યાણચંદનું જિનાલય આવેલું હોવાની નોંધ છે. વહીવટ શેઠ ગુલાબચંદ બાલુભાઈ હસ્તક હતો જેઓ મોટીપોળ, ગોપીપુરામાં રહેતા હતા. જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૧૯૨૩માં થયો હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૫૪માં સુરત તીર્થ વંદુ કર જોડમાં શાંતિનાથના આ જિનાલયની છેલ્લી પ્રતિષ્ઠા સં૰ ૧૯૨૩માં થઈ હોવાની તથા સાગરગચ્છના જિનાલય તરીકે ઓળખાતું હોવાની નોંધ છે.

આજે જિનાલયમાં કુલ ચોપન આરસપ્રતિમા તથા એકસો આડત્રીશ ધાતુપ્રતિમા છે. જિનાલયનો વહીવટ શ્રી ગોપીપુરા જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી કસ્તુરચંદ તારાચંદ ઝવેરી, શ્રી સુરેશભાઈ બાલુભાઈ ઝવેરી તથા શ્રી રમેશભાઈ પાનાચંદ ઝવેરી હસ્તક છે.

ટૂંકમાં શાંતિનાથનું જિનાલય **સં૰ ૧૬૮૯ પૂર્વેનું** છે તથા ઉપરના માળે આદેશ્વરનું જિનાલય **સં૰ ૧૯૬૩ પૂર્વે**ના સમયનું છે.

• • •

માળી ફળિયા, ગોપીપુરા

૧૧. આદેશ્વર (સં૰ ૧૬૮૩)

ગોપીપુરા મધ્યે માળી ફળિયામાં શ્રી શાંતિનાથના પ્રાચીન જિનાલયની બાજુમાં શ્રી આદેશ્વરનું બે માળનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપરના માળે મૂળનાયક શાંતિનાથ છે. આ જિનાલયની બાજુમાં જ શ્રી કાંકરિયાનું આદેશ્વરનું જિનાલય આવેલું છે. આદેશ્વરના બન્ને જિનાલયો એક ચોકમાં – કંપાઉંડમાં છે.

જિનાલયમાં પ્રવેશવાના મુખ્ય બે દ્વાર પૈકી એક માળી ફળિયામાં પડે છે. જ્યારે બીજો કાયસ્થ મહોલ્લામાં પડે છે. તેની સાદા પથ્થરની કોતરણીયુક્ત કમાન પર મધ્યે લક્ષ્મીદેવી અને આજુબાજુ વાજિંત્ર વગાડતી શિલ્પાકૃતિઓ તથા સ્થંભો પર ફૂલછાબ લઈ ઊભેલી સ્ત્રી શિલ્પાકૃતિઓ ભક્તોનો સત્કાર કરતી, જિનશાસનનો જયજયકાર કરાવતી હોય તેવું લાગે છે.

શૃંગારચોકીની ફરસ વિવિધ રંગના આરસના સંયોજન દ્વારા શોભે છે. તેનાં સ્થંભો, કમાનો તથા સ્થંભો પર વાજિંત્ર વગાડતી પરીઓનાં શિલ્પો પરનું આછા રંગોથી કરેલું રંગકામ ધ્યાન ખેંચે છે.

ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપ મોટો છે. સ્થંભો પર ફૂલ-બુટ્ટાની કારીગરીવાળી વિવિધરંગી ભાત ઉપસાવેલી છે. ઘુમ્મટમાં વાજિંત્ર વગાડતી તથા વિવિધ મુદ્રાવાળી શિલ્પાકૃતિઓ કંડારેલી છે. પ્રવેશદ્વાર પાસે જમણી બાજુથી ઉપર – શાંતિનાથના જિનાલયમાં જવા માટેનાં પગથિયાં છે. રંગમંડપમાં જમણી બાજુ બે ગોખમાં ગૌમુખયક્ષ, નવપદજીનો આરસનો પટ તથા અન્ય બે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગોખમાં ત્રણ-ત્રણ આરસપ્રતિમા છે. ડાબી બાજુ બે ગોખમાં ચક્રેશ્વરીદેવી, કેસરિયાજીદાદા તથા અન્ય બે ગોખમાં ત્રણ-ત્રણ આરસપ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૨૧" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર 'સં૰ ૧૬૮૩ વર્ષે ફાગુણ વદિ ૫ શ્રી આદિનાથ બિંબ સ્વશ્રેયસે કારિતં પ્રતિષ્ઠિતમ્ ..... શ્રી વિજયસેનસૂરિભિઃ।' ગભારામાં કુલ પચીસ આરસપ્રતિમા છે તથા ચોસઠ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે. ડાબે ગભારે શ્રી અજિતનાથ છે. જમણે ગભારે શ્રી ચંદ્રપ્રભુની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'સં૰ ૧૭૮૨ વર્ષે આષાઢ સુદિ ..... શવંશ જ્ઞાતીય પ્રા૰ સુંદરદાસ પુત્ર સમાચંદ ભાર્યા નાગબાઈ પુત્ર ગુલાલચંદ ભાર્યા ..... કલ્યાણચંદ ..... હાલચંદ ..... સા૰ તિલકચંદ .... પ્રમુખ કુટુંબસહિતેન શ્રી ચંદ્રપ્રભુ બિંબ કારિતં'

ઉપરના માળે-અગાશીમાં ગભારામાં ૧૭" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની ધાતુપ્રતિમા છે. પ્રતિમાલેખ નથી. કુલ ચૌદ આરસપ્રતિમા તથા એકસો બાસઠ ધાતુપ્રતિમા છે. આરસનાં પગલાંની ચાર જોડ છે જે પૈકી હસ્તિવિજયગણિની પાદુકા પર સં૰ ૧૭૮૬નો લેખ, આદેશ્વરની પાદુકા પર સં૰ ૧૭૮૦નો લેખ તથા એક પાદુકા પર સં૰ ૧૭૭૬નો લેખ છે. અન્ય પાદુકા પરનો લેખ સુવાચ્ય નથી.

આ ગભારાની બહાર આજુબાજુ શિખરયુક્ત બે દેરીઓ છે જે પૈકી જમણી બાજુની દેરીમાં શ્રી વિજયરાજસૂરીશ્વરની પાદુકા પર સં૰ ૧૭૫૮નો લેખ છે તથા ડાબી બાજુની દેરીમાંની પાદુકા પર 'સં૰ ૧૮૬૦ ..... વિજયલક્ષ્મીસૂરિ .....' વાંચી શકાય છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં ઉપા૰ શ્રી વિનયવિજયકૃત **સૂર્યપુર ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમવાર મળે છે જે નીચે મુજબ છે :

પૂજીએ પૂજીએ **પ્રથમ તિર્થંકરૂ** એ,
ત્રિભુવન ત્રિભુવન દીપક દેવ તો;
સેવ કરૂં મન રંગસ્યું એ,
સૂરતિ સૂરતિપુર સિણગાર કે;
પૂજીએ પ્રથમ તીર્થંકરૂ એ.

ઢુ૰

પૂજીએ **પહિલું પ્રથમ જિનવર** ભુવન દિનકર જગિ જ્યો,
જિન રૂપ સુંદર સુગુણ મંદિર ગાયવા ઉલટ થયો;
સવિ નીતિ દાષી મુગતિ ભાષી આપ જગ સાષી થયો,
રસરંગ ચાષી દુરતિ નાષી અંષયસુષ સંગમ લયો. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૭૪૬માં શીલવિજયકૃત **તીર્થમાલા**માં કવિએ આદેશ્વરના ગુણ ગાયા છે :

નવસારી સૂરતિમંડાણ ચિંતામણિ સોહિ જિનભાણ,
ઉંબરવાડી જીરાઉલો **આદિનાથ** ગાઉ ગુણનિલો ૧૧૧

સં૰ ૧૭૫૫માં જ્ઞાનવિમલસૂરિકૃત **તીર્થમાળા**માં સુરતનાં અન્ય જિનાલયો સાથે આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ધુર થકી શહેરમાં વંદિયા, પાસ ચિંતામણી વારૂ
ધર્મ જિનેસર નમિ જિન, કુંથુ જિનેસર તારૂ
ઋષભ જિનેસર શાંતિજી, શાંતિ કરણ જગનાથ
ઇત્યાદિક બહુ જિનવર, પ્રણમી શિવપુર સાથ.

સં૰ ૧૭૯૩માં કટુકમતીય લાધાશાહકૃત **સૂરત ચૈત્યપરિપાટી**માં ગોપીપુરામાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિમાં મળે છે :

સુરતનગર સોહામણું, સોહામણા જિનપ્રાસાદો રે;
ગોપીપુરામાહે નિરખંતા ઉપનો અધિક આલ્હાદો રે. ૧

શ્રીજિનબિંબ જોહારીયેં, ધારીયે જિનમુખચંદો રે;
તારીયે આતમ આપણો વારીયે ભવદુખફંદો રે. શ્રી જિન૰ ૨

પ્રથમ નમું આદિનાથને દેહરે ચૈત્ય ઉદારો રે;
બિંબ ચૌદ આરસમેં ધાતુમય ચિત ધારો રે. શ્રી જિન૰ ૩

એકલમલ પંચતીરથી પાટલી નેં પટ જાણું રે;
સર્વ થઇ શતદોયનેં બોહોત્તર અધિક વષાણું રે. શ્રી જિન૰ ૪

સં૰ ૧૮૨૮માં **ઉત્તમવિજય નિર્વાણરાસ**માં ઉત્તમવિજયએ સુરતનાં અન્ય જિનાલયોની સાથે આદેશ્વરના જિનાલયના દર્શન કર્યાની નોંધ છે :

સુરતમંડણ ધર્મ સંભવ શાંતિ જિના,
રૂષભ વીર તિમ અજીત નમ્યા થઈ એકમના

સં૰ ૧૮૪૩માં ઋષભસાગરજીકૃત **પ્રેમચંદસંઘ વર્ણનરાસ**માં કવિ સુરતનાં અન્ય જિનાલયો સાથે આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં કરે છે :

ઇમ આડંબર આવીયા, સૂરતમંડણ હે ભેટ્યા શ્રી પાસ કે;
ધર્મનાથ પ્રભુ ધ્યાવતાં, ગોઠીયોં હેં પૂરેં આસ કે. વા૰ ૧૨

સાહિબ શ્રી શંખેશ્વરો, સૂરીશ્વર હે ભેટ્યા સહુ સાથ કે;
આદી તખત વિરાજતા, ગુરુ ગિરુઓ હે મુનીવરનો નાથ કે. વા૰ ૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૮૭૭માં દીપવિજયકૃત **સુરત કી** ગઝલમાં સુરતનાં અન્ય જિનાલયોની સાથે આદેશ્વરના જિનાલયની નોંધ નીચે મુજબની પંક્તિઓમાં થયેલી છે :

સાંતીનાથ કા દેહરાક, માનું સિવપુરીં સે રાક,
આદીનાથ જિનવર વીર, તારે ભવાં સાગર તીર. ૬૫

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ ત્રેવીસ આરસપ્રતિમા તથા બસો ચોરાણું ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયની નોંધ છે.

જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૧૯૬૪ના વૈશાખ સુદ છઠને બુધવારે થયો હોવાની નોંધ **સં૰ ૧૯૮૯**માં **સુરત ચૈત્યપરિપાટી**માં કરવામાં આવી છે. જિનાલય આનસુરગચ્છના જિનાલય તરીકે ઓળખાતું હતું. ઘુમ્મટ ઘણો જ મોટો હોવાનો તથા બાંધણી અને પથ્થરકામ ઘણું સુંદર હોવાનો ઉલ્લેખ પણ ઉપર્યુક્ત ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

આજે પણ માળી ફળિયામાં પડતાં પ્રવેશદ્વારની કમાન પર – 'શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૪ના વૈશાક સુદ ૬ વાર બુધ તખ્ત પર બિરાજમાન છે.' – મુજબનું લખાણ છે. ઉપરાંત **સં૰ ૨૦૨૩**માં પણ જીર્ણોદ્ધાર વિશેની ઉપર્યુક્ત નોંધ કરેલ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. કુલ બેતાળીસ આરસપ્રતિમા, બસો બોતેર ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસીપટ હતો. સં૰ ૧૯૬૪માં આનસુરગચ્છે આ જિનાલય બાંધ્યું હોવાની નોંધ હતી. **સં૰ ૨૦૧૦**માં વહીવટ દેસાઈ પોળની પેઢી હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં આ જિનાલય વસ્તુપાલ તેજપાલના સમયનું કહેવાય છે તેવી દંતકથા હોવાની નોંધ કરવામાં આવી છે. વહીવટ શેઠ હીરાભાઈ ચુનીલાલ જરીવાળા હસ્તક હતો. એક જૂના પબાસન પરનો લેખ અધૂરો હોવાની નોંધ પણ છે જે નીચે મુજબ છે :

'સં૰ ૧૩૫૬ વર્ષે જેઠ વદી ૨ ગુરૌ પ્રાગ્વાટ જ્ઞાતિ ..... પાર્શ્વનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં શ્રી વર્ધમાનસૂરિ શિષ્ય શ્રી મહેંદ્રસૂરિભિઃ'

આજે જિનાલયમાં કુલ ઓગણચાળીસ આરસપ્રતિમા તથા બસો છવ્વીસ ધાતુપ્રતિમા છે અને વહીવટ શ્રી આદેશ્વર જિનાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી, શ્રી અમરચંદભાઈ મગનલાલ નાણાવટી તથા શ્રી નરેશભાઈ અમરચંદ મદ્રાસી હસ્તક છે.

મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર **સં૰ ૧૬૮૩**નો લેખ છે. અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૬૮૩**ના સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માળી ફળિયા, ગોપીપુરા

૧૨. આદેશ્વર (કાંકરિયાનું) (સં૰ ૧૯૫૪-૫૫ આસપાસ)

ગોપીપુરાના માળી ફળિયા વિસ્તારમાં શાંતિનાથના જિનાલયની બાજુમાં આદેશ્વરનાં બે જિનાલયો એક જ કંપાઉંડમાં આવેલાં છે. સફેદ તથા લાલ રંગકામવાળું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય **કાંકરિયાનું જિનાલય** તરીકે પ્રચલિત છે.

બારડોલી પાસે કરચેલીયા ગામ પાસે આવેલ કાંકરીયા ગામમાં જૈનોની વસ્તી નહિવત્ થતાં – ગામનાં જૈન કુટુંબો રોજી-રોટી માટે અન્ય શહેરોમાં સ્થાયી થતાં ત્યાંના શ્રી આદેશ્વરની પ્રતિમા અત્રે પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.

રંગમંડપ નાનો છે. કુલ આઠ ગોખમાં આઠ આરસપ્રતિમા છે. ગોખની દીવાલે નિર્વાણ-કલ્યાણક, શત્રુંજય, સિદ્ધાચલ, ચ્યવનકલ્યાણક, ચામર વીંઝતા ઈન્દ્રો વગેરેનું ચિત્રકામ થયેલું છે.

રંગમંડપના પ્રવેશદ્વારની સન્મુખ, મૂળનાયકની ડાબી બાજુના દ્વારે ઘુમ્મટયુક્ત દેરીમાં રાયણ પગલાં છે જે સં૰ ૨૦૪૨ના ફાગણ વદ ૧૦ ગુરુવારે તા૰ ૪-૪-૮૬ના રોજ શ્રી મોહનલાલ કસ્તુરચંદ પરિવારના હસ્તે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. તેના પર નીચે મુજબનો લેખ છે :

'શ્રી વિ૰ સં૰ ૨૦૪૧ માઘ કૃષ્ણ ૧૩ રવૌ શ્રી સિદ્ધગિરી તલહટ્ટિકાયાં જંબુદ્વીપ ચૈત્યોત્સયે શ્રી આદિનાથ ચરણપાદુકા ધ્યાનસ્થં સ્વર્ગત આગમોદ્ધારકાચાર્ય શ્રીમદાનન્દસાગર-સૂરીશ્વરઃ સંસ્થાપિતાગમોદ્ધારક સંસ્થયા કારિતા પ્રતિષ્ઠિતાંય તપા૰ આ૰ શ્રી દેવેન્દ્રસાગરસૂર્યાદિ .....'

ગભારો નાનો છે. ૧૯" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર 'સં૰ ૧૮૩૦ મા૰ સુ૰ ૫ .... શ્રી વિજયઉદયસૂરિભિઃ પ્રતિષ્ઠિતં' – તે મુજબનું લખાણ છે. કુલ છ આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. ગભારાની દીવાલે દીક્ષા કલ્યાણક, જન્મ કલ્યાણક તથા કેવલ કલ્યાણકનું ચિત્રકામ છે.

સુરતમાં થયેલ ૪૦૦ સિદ્ધિતપની યાદમાં જિનાલયમાં મૂળનાયકની સામે જ એક દેવકુલિકામાં શ્રી પુંડરીકસ્વામીની આરસપ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. પ્રતિમાના પબાસનની નીચેની દીવાલે લેખ છે :

'મોહનલાલ કસ્તુરચંદ ઝવેરી, શ્રી પુંડરીકસ્વામીનું દેરાસર શાસનસમ્રાટ પૂ૰ આ૰ શ્રી વિજય નેમિ-વિજ્ઞાન-કસ્તુર સૂરિઃ ના પટ્ટ આ૰ શ્રી વિજયચંદ્રોદયસૂરિ તથા શ્રી વિજયઅશોકચંદ્ર સૂરિના સદુપદેશથી સ્વ૰ પદ્માવતીબહેન (ભીખુબહેન) મોહનલાલ તથા સ્વ૰ હરેશકુમારની પુણ્ય સ્મૃતિમાં અને અ૰ સૌ૰ પરિવાર રજનીકાંતભાઈ, નીલેશ, વીના આદિએ આ જિનાલયમાં શ્રી આદીશ્વર ભગવંતના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામીની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૨ ફા૰ વ૰ ૧૦ શુક્રવાર તા. ૪-૪-૮૬ના દિવસે શુભ મુહૂર્તે કરી છે.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. કુલ નવ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા **સં. ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં પણ આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં. ૧૯૫૪-૫૫માં શ્રીમદ્ મોહનલાલજી મહારાજની નિશ્રામાં ઘેલાભાઈ લાલભાઈ તથા તેમના પત્ની કંકુબહેને આ જિનાલયની પ્રતિષ્ઠા કરી હોવાની નોંધ **સં. ૧૯૮૯**માં **સુરત ચૈત્યપરિપાટી**માં મળે છે. ઉપરાંત જિનાલય કાંકરિયા ગામથી લાવવામાં આવ્યું હતું અને ત્યાંના પૈસાથી આ જિનાલય બંધાવાયું હોવાની નોંધ છે. વહીવટ શેઠ મૂળચંદ તલકચંદ હસ્તક હતો.

આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૫૫માં થઈ હોવાની નોંધ **સં. ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં મળે છે.

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. કુલ ચૌદ આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા હતી. સં. ૧૯૫૦ લગભગમાં જિનાલય બંધાયાની નોંધ હતી. વહીવટ પાનાચંદ મૂળચંદ સીનોર હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૧૯૫૪માં કંકુબહેન તથા ઘેલાભાઈ લાલભાઈએ આ જિનાલયની પ્રતિષ્ઠા કરી હોવાની નોંધ **સં. ૨૦૨૩**માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલય વિશે મળે છે. મૂળનાયક પ્રતિમા પર 'સં. ૧૮૪૯ મહા વદ ૫' – મુજબનો લેખ હોવાની નોંધ હતી. વહીવટ આગમોદ્ધારક સંસ્થા, જૂની અદાલત હસ્તક હતો.

સં. ૨૦૫૪માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં પ્રતિષ્ઠા સં. ૧૮૯૪ મહા વદ ૫ના રોજ થયાની નોંધ છે.

રૂબરૂ મુલાકાત દરમ્યાન પ્રતિમા પરનો લેખ ખૂબ જ કાળજીપૂર્વક અને ચોકસાઈથી વાંચવામાં આવ્યો છે અને મૂળનાયક પ્રતિમા પર 'સં. ૧૮૩૦ મા.સુ.૫ શ્રી વિજયઉદયસૂરિભિઃ પ્રતિષ્ઠિતં' – મુજબનું લખાણ સ્પષ્ટ વંચાય છે.

આજે કુલ ચૌદ આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી આગમમંદિર પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી શાંતિભાઈ ઝવેરી તથા શ્રી પ્રવીણચંદ્ર આર. ઝવેરી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં. ૧૯૫૪-૫૫ આસપાસ**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માળી ફળિયા, ગોપીપુરા

૧૩. ગોડી પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૮૬)

ગોપીપુરાના માળી ફળિયામાં આવેલું શ્રી ગોડી પાર્શ્વનાથનું ઘરદેરાસર અમરીબાઈના ઘરદેરાસર તરીકે પ્રચલિત છે. હાલ જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ હોવાથી પ્રતિમા કાંકરિયાના શ્રી આદેશ્વરના જિનાલયમાં પરોણા રાખેલ છે.

મકાન પાડી સામરણયુક્ત નાનું, ત્રણ ગર્ભદ્વારવાળું જિનાલય બનાવવાની યોજના છે. મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથની ૧૧'' ઊંચી આરસપ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૮૬માં બાઈ ફૂલકોરે આ ઘરદેરાસર બંધાવ્યું હતું તેવી નોંધ **સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં** કરવામાં આવી છે. કુલ પાંચ ધાતુપ્રતિમા હતી અને ઘરદેરાસર ત્રીજા માળે હતું. વહીવટ ફકીરચંદ નેમચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૫૪માં સુરત તીર્થ વંદુ કર જોડમાં આ ઘરદેરાસર સુરત વીશા ઓસવાલ જ્ઞાતિય ફૂલકોરબહેન ફકીરચંદ નેમચંદે બંધાવ્યાની નોંધ છે. ઉપરાંત જૂના ધાતુના મૂળનાયક ચોરાઈ જવાથી પાષાણની નવી પ્રતિમા શ્રી આનંદસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં અમરીબહેન, મંગળાબહેન તથા ઘેલાભાઈએ પધરાવેલ છે તેવી નોંધ છે. ત્યારથી આ ઘરદેરાસર અમરીબાઈના ઘરદેરાસર તરીકે ઓળખાય છે. પૂર્વે ઘરદેરાસર ત્રીજે માળ હતું. તે નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કર્યા પછી નીચે લાવેલ છે.

આજે આ ઘરદેરાસરનો વહીવટ બાઈ ફૂલકોર ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી ઘેલાભાઈ અભેચંદ ઝવેરી, શ્રી પ્રદીપભાઈ હીરાચંદ શાહ, શ્રી ફુલચંદ ફકીરચંદ સરકાર તથા શ્રી પ્રવીણભાઈ આર૰ ઝવેરી હસ્તક છે.

ટૂંકમાં આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૮૬**નો છે.

• • •

કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા

૧૪. આદેશ્વર (ઘરદેરાસર) (સં૰ ૧૮૨૨)

ગોપીપુરામાં કાયસ્થ મહોલ્લામાં શ્રી ખીમચંદ સ્વરૂપચંદ સંઘવી પરિવારના મકાનમાં ત્રીજે માળ શ્રી આદેશ્વરનું કાષ્ઠનું ઘરદેરાસર આવેલું છે. પૂ૰ આ૰ શ્રી વિજયચંદ્રોદયસૂરિ મ૰ સા૰નું આ જન્મસ્થળ છે.

રંગકામયુક્ત કોતરણવાળી કાષ્ઠની છત્રીમાં મૂળનાયક શ્રી આદેશ્વરની ૫'' ઊંચી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંચતીર્થી ધાતુપ્રતિમા સહિત કુલ દસ ધાતુપ્રતિમા, બે રજતપ્રતિમા તથા ગૌતમસ્વામીની આરસ-મૂર્તિ છે. પદ્માવતીદેવીની મૂર્તિને વાસક્ષેપ પૂજા થાય છે. મૂળનાયકની આજુબાજુ બે મોટી સ્ફટિકપ્રતિમા છે. મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'સંવત ૧૫૮૪ જેઠ સુદિ ૧૩ ..... રૂપા પુત્ર દેવા ભાર્યા ચંદા પુત્ર સા હીમરાજેન ભાર્યા સંપુરાઈ પુત્ર કાલા ગોરા સહિતેન સુશ્રેયં સુખાર્થં શ્રી આદિનાથ બિંબ કારિતં ખરતરગચ્છ શ્રી જિનમાણિક્યસૂરિભિઃ'

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં આ ઘરદેરાસરનો ઉલ્લેખ ગોપીપુરા વિસ્તારમાં **સંઘવીના ઘરદેરાસર** તરીકે થયેલો છે. કુલ સાત ધાતુપ્રતિમા તથા બે સ્ફટિકપ્રતિમા હતી.

સં૰ ૧૯૮૯માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં મોટો રસ્તો વિસ્તારમાં શા૰ ખીમચંદ સરૂપચંદને ત્યાં – એ મુજબ આ ઘરદેરાસરનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ ઘરદેરાસર કાયસ્થ મહોલ્લામાં દર્શાવવામાં આવ્યું છે. કુલ બાર ધાતુપ્રતિમા તથા બે સ્ફટિકપ્રતિમા હતી. ખીમચંદ સરૂપચંદે બંધાવ્યાની નોંધ હતી. ઘરદેરાસર ત્રીજે માળ હોવાનું દર્શાવ્યું હતું અને વહીવટ ચીમનલાલ ખીમચંદ હસ્તક હતો. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૫૮૪નો લેખ હોવાનો ઉલ્લેખ હતો તથા ઘરદેરાસરની સ્થિતિ સારી દર્શાવેલી હતી.

સંઘવી ઝવેરચંદ ફત્તેચંદ કીકાભાઈએ બંધાવેલ, ૨૫૦ વર્ષ પ્રાચીન આ ઘરદેરાસરની ચલપ્રતિષ્ઠા પૂ૰ પં૰ શ્રી ઉત્તમવિજયગણિ મહારાજે કરાવેલ છે. ઘરદેરાસર બંધાવનારની આઠમી પેઢીએ એટલે કે વંહીવટકર્તા શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવીએ દેરાસર તથા ઘરનો આમૂલ-ચૂલ જીર્ણોદ્ધાર લોખંડનો ઉપયોગ કર્યા વિના કરાવેલ છે. પ્રાચીન દેરાસરની કાષ્ઠની તમામ કલા-કારીગરી એના એ જ સ્વરૂપે પાછી લગાડી છે. સં૰ ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ના રોજ પુનઃ પ્રતિષ્ઠા આ૰ શ્રી વિજયચંદ્રોદયસૂરિ મ૰ સા૰, આ૰ શ્રી વિજય અશોકચંદ્રસૂરિ મ૰ સા૰, પૂ૰ ગણિ શ્રી સોમચંદ્રવિજયજી મ૰ તથા સાધ્વીજી શ્રી યશસ્વિનીશ્રી આદિની નિશ્રામાં થયેલ છે – તે મુજબની નોંધ **સં૰ ૨૦૫૪**માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં કરવામાં આવી છે.

સુરત તીર્થ વંદુ કર જોડ ગ્રંથમાં આ ઘરદેરાસરનો સમય સં૰ ૧૮૨૨ દર્શાવવામાં આવ્યો છે. અમારી માન્યતા પ્રમાણે પણ આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૮૨૨** છે. તેમ છતાં આ અંગે વધુ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા

૧૫. આદેશ્વર (ઘરદેરાસર) (સં૰ ૧૯૪૩ આસપાસ)

કાયસ્થ મહોલ્લામાં દિગંબરના જિનાલયની સામે શ્રી માણેકચંદ ઝવેરચંદ જરીવાળા પરિવારના મકાન નં૰ સી/૧૫૭૧,૭૨માં બીજે માળ શ્રી આદેશ્વરનું સુંદર કાષ્ઠ કોતરણીવાળું ઘરદેરાસર આવેલું છે.

ઘરદેરાસરમાં બારી-બારણા તથા ફરતે દીવાલે નંદીશ્વરદ્વીપ, મોતીશાની ટૂંક, ચંપાપુરી, ચારૂપ, શત્રુંજય, સમેતશિખર, તારંગા, ગિરનાર, આબુ, રાજગૃહી, નાહુલાઈ, પાવાપુરી, કચ્છ, ભોંયણી, ભદ્રેશ્વર, ઈડર, જામનગરનું જિનાલય – જેવા પટોનું સુંદર ચિત્રાંકન થયેલું છે. કલાત્મક કાષ્ઠ કોતરણીમાં રંગકામયુક્ત સિદ્ધચક્રની રચના સુંદર છે.

૫'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની ચોવીસીયુક્ત ધાતુપ્રતિમા છે. કુલ છ ધાતુપ્રતિમા છે જે રંગકામયુક્ત કોતરણીવાળી છત્રીમાં બિરાજે છે. છત્રીના સ્થંભો નીચે હાથીનાં શિલ્પો પર સુંદર મુખાકૃતિવાળા શ્રેષ્ઠી છે. સિંહાસનની પાળી પર અષ્ટમંગલ તથા ચૌદ સ્વપ્નો કંડારેલાં છે. ત્રણ છત્રીઓમાં કળા કરતા મોર, સિંહ, પોપટની આકૃતિ છે. ટોડલા પર વાજિંત્રો સહિત પૂતળીઓ શોભે છે. ચારે ખૂણા પર કળા કરતા મોરની કૃતિ છે. તેની મધ્યે વાજિંત્ર સહિત નરશિલ્પો છે.

મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'સંવત ૧૭૭૨ આ૰ સુ૰ ૩ ..... આદિ ..... કારિતં .....'

મૂળનાયક પ્રતિમાની ચોવીસી પરિકરમાં પાછળના ભાગમાં નીચે મુજબ લખાણ છે :

'સં૰ ૧૫૧૮ વર્ષે મહા સુદિ ૫ ગુરો શ્રી શ્રીમાલી જ્ઞાતીય સંઘવી કાન્હા ભાર્યા પરબતિ સુત સં૰ શ્રીવણ પ્રવરેણ સુત નજા ..... સકલ કુટુંબયુતેન ..... શ્રેયસે શ્રી ધર્મનાથાદિ ચતુર્વિંશતિ પટ્ટ આગમગચ્છે શ્રી હેમરત્નસુરી સુગુરૂપદેશેન કારિતઃ પ્રતિષ્ઠિતઃ । વિધિના શ્રી ધંધૂકાનગર વાસ્તવ્ય શ્રી ।'

એટલે કે પ્રતિમા આદેશ્વરની છે પરંતુ ચોવીસી પરિકર ધર્મનાથનું છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ભણસાળી પોળ, ગોપીપુરામાં ઝવેરચંદ અમીચંદના ઘરદેરાસરમાં સાત ધાતુપ્રતિમા હોવાની નોંધ છે.

સં૰ ૧૯૮૯માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં કાચ મહોલ્લામાં શા૰ માણેકચંદ ઝવેરચંદને ત્યાં આ ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ભણસાલી પોળમાં દર્શાવેલ આ ઘરદેરાસરમાં કુલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાત ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસી પટ હોવાની નોંધ છે. જિનાલય બીજે માળ હતું. શેઠ માણેકચંદ ઝવેરચંદે સં૰ ૧૯૦૦માં આ ઘરદેરાસર બંધાવ્યાની નોંધ હતી. વહીવટ શેઠ નગીનદાસ ચૂનીલાલ હસ્તક હતો અને ઘરદેરાસરની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૫૪માં સુરત તીર્થ વંદુ કર જોડમાં આ ઘરદેરાસરની પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૩ના ફાગણ સુદ પાંચમના રોજ થઈ હોવાની નોંધ છે. **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે.

આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૪૩ આસપાસ**ના સમયનું હોવાની સંભાવના છે. જો કે આ અંગે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

ભણશાળી પોળ, ગોપીપુરા

૧૬. વિમલનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૬૩ પૂર્વે)

ગોપીપુરા વિસ્તારની ભણશાળી પોળમાં ઘર નં૰ ૮/૧૫૮૪માં શ્રી હીરાભાઈ લલ્લુભાઈ ઝવેરી પરિવારનું શ્રી વિમલનાથનું ઘરદેરાસર આવેલું છે. ઘરદેરાસર બીજે માળ છે.

૫'' ઊંચી મૂળનાયક શ્રી વિમલનાથની ધાતુપ્રતિમા સહિત કુલ ચાર ધાતુપ્રતિમા તથા એક આરસપ્રતિમા કાષ્ઠકોતરણીયુક્ત જીર્ણ કબાટ જેવા ગોખમાં બિરાજે છે. પ્રતિમાની પાછળની દીવાલે તાંબાનું પતરું જડેલું છે. કબાટ પર આજુબાજુ ફૂલવેલ તથા તીર્થંકર પ્રતિમા અને તેમની આજુબાજુ શ્રાવક-શ્રાવિકાનું ચિત્રકામ છે જે ઘણું ઝાંખું છે. સ્થંભો પર વાજિંત્ર સહિતના નારીઓનાં જીર્ણ થઈ ગયેલાં શિલ્પો છે.

મૂળનાયક શ્રી વિમલનાથની ધાતુપ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'વિ૰ સં૰ ૧૭૮૮ માઘ સુદ ૧૦ બુધવાર શ્રી શ્રીમાલ જ્ઞાતીય વીરદાસ મોહનદાસ ..... સાગરગચ્છ ..... શ્રી વિમલનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતમ્'

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ભણશાળીની પોલમાં વિમલનાથના આ ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે. એક આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૮૦૦ લગભગમાં શેઠ હીરાલાલ લલ્લુભાઈના વડીલોએ આ ઘરદેરાસર બંધાવ્યાની નોંધ તથા મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૭૮૪નો લેખ હોવાની નોંધ છે. ઘરદેરાસર બીજે માળ હતું. વહીવટ શેઠ હીરાભાઈ લલ્લુભાઈ હસ્તક હતો અને સ્થિતિ સારી હતી.

તે અગાઉ અન્ય ગ્રંથોમાં આ ઘરદેરાસરની નોંધ પ્રાપ્ત થતી નથી. **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ભણસાલી પોળમાં શેઠ વજેચંદ સવાઈચંદના ઘરમાં એક આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. આ ઘરદેરાસર અને વિમલનાથનું ઘરદેરાસર એક હોવાનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વધુ સંભવ છે. કારણ કે બંને ઘરદેરાસરોમાં પ્રતિમાઓની સંખ્યા એકસરખી જ છે. જો કે આ અંગે વધુ સંશોધનની જરૂર છે.

અમારી માન્યતા પ્રમાણે આ ઘરદેરાસર **સં. ૧૯૬૩ પૂર્વેના** સમયનું છે.

• • •

ભણશાળી પોળ, ગોપીપુરા

૧૭. શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં. ૨૦૫૨)

ગોપીપુરામાં ભણશાળી પોળમાં, બંગડીવાળા ખાંચામાં પાર્શ્વ-પદ્માવતી એપાર્ટમેન્ટમાં ભોંયતળિયે શ્રી નવીનભાઈ સૂરચંદ બંગડીવાળા પરિવારનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું આરસનું બનેલું નવીન ઘરદેરાસર આવેલું છે.

સં. ૨૦૫૪માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ ઘરદેરાસર સુરત વીશા પોરવાડ જ્ઞાતીય શ્રી નવીનચંદ્ર સુરચંદ ડાહ્યાભાઈ બંગડીવાળા તથા ચંદ્રકળાબહેન નવીનચંદ્ર બંગડીવાળાએ પોતાની જગ્યામાં સ્વદ્રવ્યથી બંધાવ્યાની નોંધ છે.

રંગમંડપ જેવી રચનામાં ફરસ આરસની છે. જમણી બાજુ માણિભદ્રવીરનો ગોખ છે.

ગભારામાં પ્રવેશવાનું કાષ્ઠનું દ્વાર છે જેની ઉપર પદ્માવતીદેવી કમળમાં પાર્શ્વપ્રભુને ઝીલે તેવી કાષ્ઠકોતરણી છે. દ્વારમાં અષ્ટમંગલ કોતરવામાં આવ્યા છે. મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ૨૫" ઊંચી આરસપ્રતિમા સપરિવાર શિખરયુક્ત આરસની છત્રીમાં બિરાજમાન છે. તેની જમણી બાજુ શ્રી વાસુપૂજ્યસ્વામી તથા ડાબી બાજુ શ્રી મુનિસુવ્રતસ્વામી છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. ડાબી બાજુ ગૌતમસ્વામી તથા જમણી બાજુ શ્રી પદ્માવતીદેવીના ગોખ છે. ગભારામાં ડાબી બાજુની દીવાલે નીચે મુજબનું લખાણ છે :

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।

શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તુરસૂરિભ્યો નમઃ ।

શ્રી નવીનભાઈ સૂરચંદ બંગડીવાળા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનાલય પ્રતિષ્ઠા પ્રશસ્તિ

સુરત વીશા પોરવાડ જ્ઞાતીય કમળાબહેન સૂરચંદ ડાહ્યાભાઈ બંગડીવાળાના સુપુત્ર શ્રી નવીનભાઈ તથા ધર્મપત્ની ચંદ્રકળાબહેનની ભાવનાથી અને શાસનસમ્રાટ્ શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તુરસૂરિજી મ.ના પટ્ટ પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ. તથા સંસારી પરમમિત્ર પ. પૂ. આ. શ્રી વિજયઅશોકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી આ ગૃહજિનાલય તૈયાર થયું.

વડીલબંધુ શ્રીપતભાઈ, ઈશ્વરભાઈ ભગિની વિમળાબહેનની અનુમોદનાથી અને પુત્રી વિશાખા - રીટા, જમાઈ અભયકુમાર - કુમારપાળ, દોહિત્રી હેમા દોહિત્ર ફેનીલ પ્રયત્નથી પાંચે કલ્યાણકોની ઉજવણી સહિત અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો.

પ. પૂ. આ. શ્રી વિજયદેવસૂરિ મ., પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિ મ., પ. પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરિ મ., પ. પૂ. આ. શ્રી વિજયઅશોકચંદ્રસૂરિ મ., પ. પૂ. આ. શ્રી વિ. હ્રીંકારસૂરિજી આદિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શતાધિક પૂ૰ સાધુ-સાધ્વીજી મ૰ની નિશ્રામાં જેઠ સુ૰ ૫ના અંજનશલાકા કરાવી વિ૰ સંવત ૨૦૫૨ જેઠ સુદ ૬-ગુરુવાર તા. ૨૩-૫-૯૬ પં૰ સોમચંદ્રવિજયના આચાર્યપદ દિવસે શુભમુહૂર્તે સૂરિમંત્રિત વાસક્ષેપપૂર્વક કરવામાં આવી છે.

દ્વારોદ્‌ઘાટન : જેઠ સુદ ૭ - શ્રી શ્રીપતભાઈ સૂરચંદ બંગડીવાળા વરદ્‌હસ્તે થયો.

ટૂંકમાં આ ઘરદેરાસરની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૨**માં થયેલ છે.

• • •

મોતીપોળના નાકે, ગોપીપુરા

૧૮. સંભવનાથ (સં૰ ૧૯૬૩)

ગોપીપુરા મધ્યે મોતી પોળના નાકે શ્રી સંભવનાથનું શિખરબંધી મનોહર જિનાલય આવેલું છે. જિનાલય શેઠ મંછુરામ તલકચંદ ઝવેરીના જિનાલય તરીકે પ્રચલિત છે.

પ્રવેશદ્વારની કમાનો તથા સ્થંભો પર ફૂલ-બુટ્ટાની કોતરણી સુંદર છે. ત્રણ પ્રવેશદ્વાર છે. મુખ્ય પ્રવેશદ્વારની આજુબાજુ દ્વારપાલનાં શિલ્પો તથા સ્થંભો પર પરીઓનાં શિલ્પો ધ્યાનાકર્ષક કેન્દ્રિત છે. શૃંગારચોકીમાં જમણી બાજુ અગાશી-ઘાબા પર જવા માટેની સીડી છે.

મધ્યમ કદના રંગમંડપમાં પ્રવેશતાં સન્મુખ શ્રી સંભવનાથની સ્ફટિકપ્રતિમાના દર્શન થાય છે. શેઠ મંછુરામ તલકચંદ ઝવેરી તથા શેઠાણી હરકોરબહેન મંછુરામ ઝવેરીનો ચિત્રકામવાળો ફોટો કાચથી મઢી દેવામાં આવ્યો છે. બાંધકામમાં ઈટાલિયન મારબલનો ઉપયોગ થયેલો જણાય છે. ફરતે દીવાલે શત્રુંજય, અષ્ટાપદ, કેસરિયાજી, બાબુ બદરીનાથનું દેરાસર-કલકત્તા, કચ્છ, આબુ, ભદ્રેશ્વર, ભોંયણી, આમલકી ક્રીડા, ગિરનાર, રાણકપુર, સમેતશિખર – વગેરે ચિત્રિત કરેલા પટ છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. પ્રતિકૂળ સમયે પ્રતિમાના રક્ષણ અર્થે ભોંયરામાં પબાસનની રચના કરવામાં આવી છે. ડાબી બાજુ શિલાલેખ છે જે નીચે મુજબ છે :

સંભવનાથ સ્વામી જિનાલય

ૐ હ્રીં શ્રીં શ્રી સંભવનાથ સ્વામીને નમો નમઃ

શ્રી સુરત બન્દીર વાસ્તવ્ય વીશા ઓશવાલ જ્ઞાતિય શ્રેષ્ઠીવર્ય વર્ધમાન તત્સુત મૂલચંદ, તત્સુત ભાઈચંદ તત્સુત તલકચંદ તત્સુત શ્રેષ્ઠીવર્ય ઝવેરી મંછુભી ઈત્યસ્ય શુભ ભાવનાનુસારેણ (૧) નગીનભાઈ (૨) ચુનીભાઈ (૩) હીરાભાઈ ઈત્યતૈઃ ષડ્‌ભિઃ સુપુત્રૈસ્તેષાં માતા હીરાકુંવર ઈત્યનયાચ વીર સં૰ ૨૪૩૩ વિક્રમ સંવત ૧૯૬૩ (ઈ૰ સ૰ ૧૯૦૭) જેઠ સિતર ગુરુવાર તે સંવિગ્ન સારવીય તપાગચ્છીય ગીતાર્થવર્ય મુનિરાજ ૧૦૦૮ મોહનલાલજી મહારાજ પટ્ટપ્રભાવક પન્યાસ પ્રવર ૧૦૦૮ શ્રી હર્ષમુનિ મહારાજ કરકમલ પ્રવિત્રીત વાસ્સક્ષેપ પુરસ્સરં અમદાવાદ વાસ્તવ્ય વિધિવિધાનકુશલ શ્રેષ્ઠીવર્ય ઝવેરી લલ્લુભાઈ સુત છોટાલાલ સહયોગેન મૂલનાયક શ્રી સંભવનાથ પ્રમુખ જિનબિંબાના પ્રતિષ્ઠાકૃતા સપ્તમણ્ડનવડરામધિરાજ સુરાજ્યે

ચિરં નદતાત્

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂલનાયક	શ્રી સંભવનાથ	ઝવેરી છગનભાઈ મંછુભાઈ ઇત્યનેન પ્રતિષ્ઠિતં
મૂલનાયકની જમણી બાજુ	શ્રી સંભવનાથ (સ્ફટિક)	શેઠ ચુનીભાઈ મંછુભાઈ
મૂલનાયકની ડાબી બાજુ	શ્રી શ્રેયાંસનાથ (સ્ફટિક)	શેઠ નગીનભાઈ મંછુરામનાં ધર્મપત્ની નવલબાઈ
મૂલનાયકથી જમણી બાજુ નીચે	શ્રી સુમતિનાથ (સ્ફટિક)	શેઠ છગનભાઈ મંછુરામનાં ધર્મપત્ની રૂક્ષ્મણીબાઈ
મૂલનાયકથી ડાબી બાજુ નીચે	શ્રી વાસુપૂજ્ય	શેઠ બાલુભાઈ મંછુભાઈ
મૂલનાયકથી જમણી બાજુના ત્રિગડામાં મૂલનાયક	શ્રી મહાવીરસ્વામી	શેઠ ચુનીલાલ મંછુરામનાં ધર્મપત્ની કંકુબાઈ
મૂલનાયકથી જમણી બાજુ	શ્રી આદીશ્વર	શેઠાણી હીરાકુંવરબાઈ મંછુરામ ઝવેરી
મૂલનાયકથી ડાબી બાજુ	શ્રી આદીશ્વર	બાઈ દેવકોરની પુત્રી મધીબેન
મૂલનાયકની ડાબી બાજુના ત્રિગડામાં મૂલનાયક	શ્રી શાંતિનાથ	શેઠ હીરાભાઈ મંછુભાઈ
મૂલનાયકની જ૰ બા૰	શ્રી ચંદ્રપ્રભુ	શેઠ નગીનભાઈ મંછુભાઈ
મૂલનાયકની ડા૰ બા૰	શ્રી ગોડી પાર્શ્વનાથ	શેઠ મગનભાઈ મંછુભાઈ
કળશ તથા ધ્વજાદંડ		શેઠ પાનાચંદ ચુનીભાઈ મંછુભાઈ
દુરિતાદેવી		શેઠ મોતીચંદ નગીનભાઈ મંછુભાઈ

મૂળનાયક શ્રી સંભવનાથની સ્ફટિકપ્રતિમા ૯" ઊંચાઈ ધરાવે છે. કુલ ચાર સ્ફટિક-પ્રતિમા, સાત આરસપ્રતિમા તથા સોળ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં નગીનભાઈ મંછુભાઈના શ્રી સંભવનાથના જિનાલય તરીકે આ જિનાલયનો ઉલ્લેખ છે.

મંછુરામ તલકચંદ ઝવેરીએ શ્રી સંભવનાથનું જિનાલય બંધાવ્યાનો ઉલ્લેખ **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં મળે છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં ગોપીપુરા, ઓસવાલ મહોલ્લાના નાકે વિસ્તારમાં સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ છે. શેઠ મંછુભાઈ તલકચંદના પુત્રોએ જિનાલય બંધાવ્યું અને શેઠ છગનભાઈ મંછુભાઈ દ્વારા સં૰ ૧૯૬૨ના જેઠ સુદ ૨ના રોજ શ્રી વિજયસિદ્ધિસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી હોવાની નોંધ છે. મૂળનાયક ઉપરાંત અન્ય ત્રણ રત્નપ્રતિમા છે. જિનાલય રળિયામણું છે – તેવી નોંધ પણ છે. **સં૰ ૧૯૮૯**માં જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ મંછુભાઈ તલકચંદના પુત્રો કરતા હતા.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં શેઠ મંછુભાઈ તલકચંદના સુપુત્રોએ સંભવનાથનું જિનાલય બંધાવ્યાની નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મોટી પોળના નાકે આ જિનાલયનો ઉલ્લેખ છે. જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. કુલ સાત આરસપ્રતિમા, સોળ ધાતુપ્રતિમા તથા ચાર સ્ફટિક-પ્રતિમા હતી જે આજે પણ યથાવત્ છે. શેઠ મનસુખભાઈ તલકચંદના પુત્રોએ સં૰ ૧૯૬૨માં જિનાલય બંધાવ્યું હોવાની નોંધ છે. **સં૰ ૨૦૧૦**માં વહીવટ શેઠ ગુલાબચંદ બાલુભાઈ હસ્તક હોવાનો તથા જિનાલયની સ્થિતિ સારી હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૧૩માં આ જિનાલયને ૫૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે જિનાલયના ટ્રસ્ટીઓ તથા શેઠ મંછુભાઈ તલકચંદના કુટુંબીઓએ જિનાલયનો સુવર્ણ મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું હતું. તે અંગેની ટૂંકી રૂપરેખા સંભવનાથ સ્તવન ગ્રંથમાં પ્રસિદ્ધ થઈ હતી જેના કેટલાક અંશો નીચે મુજબ છે :

'સૂર્યપુર યાને સૂરત શહેરના ગોપીપુરામાં આ દહેરાસરજી છે. તેમાં મૂળનાયક તરીકે શ્રી સંભવનાથજી ભગવાન બિરાજે છે. મૂળનાયકજી ભગવાન તથા બીજા ત્રણ બિંબો મળી કુલ ચાર બિંબો સ્ફટિક રત્નના છે.

આ સ્ફટિક રત્નની ચારે પ્રતિમાઓની અંજનશલાકા શેઠ મંછુભાઈના વડવા શેઠ મૂલચંદ વર્ધમાન અને તેમના વડવાઓએ વિ૰ સં૰ ૧૬૮૩ના જેઠ સુદ ૩ને દિવસે અમદાવાદમાં જગદ્‌ગુરુ શ્રીમદ્ હીરવિજય સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ્રખર પ્રભાવક શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયસેન-સૂરીશ્વરજી મહારાજના ૧૦૦૮ મહાત્મા શ્રીમદ્ વિજયદેવસૂરિજીના હાથે કરાવી હતી. અને સુરત ગોપીપુરા મોટા રસ્તા પર આવેલ પોતાના ઘરદેરાસરમાં આ અલૌકિક બિંબો સ્થાપન કર્યા હતા. શેઠ મૂલચંદભાઈના પુત્ર ભાઈચંદભાઈ, તેમના પુત્ર તલકચંદભાઈ, તેમના પુત્ર ઝવેરી મંછુભાઈ-એ પણ વંશપરંપરાએ સં૰ ૧૯૩૦ સુધી પોતાના ઘરદહેરાસરમાં આ બિંબોની પૂજા-સેવા ભક્તિ કરી હતી.

વિ૰ સં૰ ૧૯૩૦માં એ ઘર વેચ્યું ત્યારે આ ઘરદહેરાસરમાંની આ ચાર પ્રતિમાઓને ગોપીપુરામાં આવેલ શ્રી ધર્મનાથજી ભગવાનના દહેરાસરજીમાં પરોણા દાખલ પધરાવ્યા હતા. આ બાબતનું લખાણ નીચે મુજબ છે :

સંવત ૧૯૩૦ના માગસર શુદ ૧૨ને સોમવારને શા મુલચંદ વર્ધમાનના ઘરમાંથી દેરાસર હતું તે દેરાસર આજ દિને અમારો ગચ્છ વિજય દેવસુરનો છે તે ગચ્છના દહેરામાં પધરાવ્યું છે. તેની વીગત પ્રતિમા નંગ ૪ ચાર સ્ફટિક રત્નની છે. એ પ્રતિમા ચાર; ગચ્છનું દહેરું ધરમનાથજી ભાણજીનું કહેવાય છે તે દહેરામાં પધરાવી છે. તારીખ ૧લી ડીસેંબર સને ૧૮૭૩ અંગ્રેજીને દિને પધરાવી છે. એ શા મુલચંદ વર્ધમાનની છે એનો વારસ શા મંછુભાઈ તલકચંદ છે. એને એ દેરામાં પધરાવી છે સંવત ૧૯૩૦ના માગસર શુદ ૧૨ને દિને પધરાવ્યું છે. શેઠ શા હરખચંદ રતનચંદની હરૂબરૂ સંઘને સોંપી છે. પરોણા દાખલ સોંપી.

એ પ્રતિમા છે તે એ ધણીની છે એ ધણીની મરજીમાં ફાવે ને દહાડે એ દેરાસરમાંથી પ્રતિમા લઈ જાય તો એ ધણી માલેક છે એમાં સંઘ વાલાથી અટકાયત કરાય નહીં.

સં૰ ૧૯૪૭માં બાલબ્રહ્મચારી મુનિમહારાજ શ્રી ૧૦૦૮ શ્રી મોહનલાલજી મહારાજ સુરતમાં પધારેલા. તેઓશ્રી આ રત્નના ચાર પ્રતિમાજીના દર્શન કરીને ઘણા જ આનંદ પામ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેઓશ્રી હસ્તક જયારે જયારે દીક્ષા-વડીદીક્ષા વગેરેની ક્રિયા થતી હતી ત્યારે નાણ મંડાય તેમાં આ ચોમુખજી પધરાવતા હતા. અને શેઠશ્રી મંછુભાઈને વારંવાર ઉપદેશ આપતા હતા કે આ અમૂલ્ય પ્રતિમાઓને દેરાસર બંધાવી પ્રતિષ્ઠિત કરો.

તેઓના ઉપદેશની અસર થઈ ને શેઠ મંછુભાઈની ભાવના દેરાસર બંધાવવાની થઈ. પોતે ગોપીપુરામાં મોટી પોળ(જૂની સંઘવીની પોળ)ના નાકે પોતાના રહેવાના ઘરની સામેની મિલકતો ખરીદી. એ જગ્યાએ દેરાસર બંધાવવાનું નક્કી થયું, પરંતુ દેરાસર જોવાનું પોતાના ભાગ્યમાં નહીં હોય એટલે વિ૰ સં૰ ૧૯૬૧ના માગસર વદ ૧૧ના દિને તેઓશ્રી મુંબઈમાં સ્વર્ગવાસ પામ્યા. તે સમયે પરમોપકારી શાંતમૂર્તિ મુનિમહારાજ શ્રી ૧૦૦૮ શ્રી મોહનલાલજી મહારાજ મુંબઈમાં બિરાજમાન હતા. તેઓશ્રીએ ઘેર આવીને શેઠશ્રીને અંત સમયે ધર્મ સંભળાવ્યો હતો.

મરહૂમ શેઠ મંછુભાઈની ભાવનાનુસાર તેમનાં ધર્મપત્ની હીરાકુંવરબાઈ તથા ૬ સુપુત્રો – ઝવેરી નગીનભાઈ, ચુનીભાઈ, બાલુભાઈ, છગનભાઈ, મગનભાઈ તથા હીરાભાઈ વગેરે કુટુંબીઓએ દહેરાસર બંધાવવાનું કામ શરૂ કર્યું અને એક રમણીય જિનાલય બે વર્ષમાં પૂર્ણ બંધાઈ ગયું. વિ૰ સં૰ ૧૯૬૩ના જેઠ સુદ ૨ને ગુરુવારના શુભ દિવસે શુભ મુહૂર્તે પ્રાતઃ સ્મરણીય, શાંતમૂર્તિ, બાલબ્રહ્મચારી પૂ૰ શ્રી ૧૦૦૮ શ્રી મોહનલાલજી મહારાજના પટ્ટધર તપાગચ્છીય પંન્યાસજી શ્રી હરખમુનિજીના શુભ હસ્તે આ ચાર રત્નની પ્રતિમાઓ તથા બીજા સાત પાષાણનાં બિંબો મળી અગિયાર પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ.

પ્રતિષ્ઠા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, શાંતિસ્નાત્ર આદિ ઉલ્લાસપૂર્વક કરવામાં આવ્યા હતા. પ્રતિષ્ઠા, શાંતિસ્નાત્ર વગેરેની ક્રિયા કરાવવા માટે અમદાવાદ જૈન વિદ્યાશાળાવાળા સુશ્રાવક છોટાલાલ લલ્લુભાઈ ઝવેરી આવ્યા હતા. પ્રતિષ્ઠાના દિવસે શ્રી સકલસંઘનું સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૩ના જેઠ સુદ ૨ના રોજ મોહનલાલજીના શિષ્ય પં૰ શ્રી હરખમુનિજીની નિશ્રામાં થયાની નોંધ **સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં મળે છે. વહીવટ શા૰ ભાઈચંદ નગીનભાઈ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ શેઠ મંછુભાઈ તલકચંદ ઝવેરીનું શ્રી સંભવનાથ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી નીતિનભાઈ માનચંદ ઝવેરી, શ્રી દીપચંદ જીવણચંદ ઝવેરી, શ્રી નરેન્દ્રભાઈ ભાઈચંદ ઝવેરી તથા શ્રી દીપચંદ નાનાભાઈ ઝવેરી હસ્તક છે.

આ જિનાલયની પ્રતિમા ઘણી પ્રાચીન છે. સં૰ ૧૬૮૩માં આ પ્રતિમાની પ્રતિષ્ઠા થયાની નોંધ છે. જિનાલયની પ્રતિષ્ઠાના સંદર્ભમાં **સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટી**માં વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ૰ સા૰નો ઉલ્લેખ છે અને પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૨ દર્શાવવામાં આવ્યો છે. ઉપર જણાવેલી વિગતોના સંદર્ભમાં આ વિરોધાભાસ હોવાને કારણે વધુ સંશોધનની જરૂર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૯૬૩**ના સમયનું છે. પ્રતિમા સં૰ ૧૬૮૩ના સમયની છે.

• • •

મોતી પોળ, ગોપીપુરા

૧૯. પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૧૦)

ગોપીપુરામાં મોતી પોળમાં શ્રી બાલુભાઈ હીરાચંદ મંગળદાસ ઝવેરીનું (રાજાનું) ઘરદેરાસર આવેલું છે. હાલ સ્થિતિ અતિજીર્ણ છે.

મુલાકાત દરમ્યાન જીર્ણ સમેતશિખરની રચના નજરે નિહાળી હતી. મકાન ખંડેર જેવું થઈ ગયું છે. પૂર્વે જાહોજલાલી ઘણી હશે તેવું મકાનની છત પરની કોતરણી જોતાં લાગે છે. હાલ એક રૂમમાં મધ્યે નાની દેરીમાં પ્રતિમા પધરાવેલ છે.

મૂળનાયક શ્રી પાર્શ્વનાથની ૩" ઊંચી શ્યામ આરસપ્રતિમા સહિત કુલ આઠ આરસ-પ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા છે.

હાલ ચંદ્રકાન્તભાઈ બાલુભાઈ હીરાચંદ રાજાના વંશના કોઈ હયાત ન હોવાથી વહીવટ શ્રી નિરંજનભાઈ મોતીચંદ ઝવેરી, મંગળાબહેન મોતીચંદ ઝવેરી તથા શ્રી સાકરચંદ મોતીચંદ ઝવેરી હસ્તક છે. ઘરદેરાસરના જીર્ણોદ્ધારની જરૂર છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મોટીપોળમાં આવેલ શ્રી પાર્શ્વનાથનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ આઠ આરસપ્રતિમા અને અઠાવીસ ધાતુપ્રતિમા હતી અને સ્થિતિ સારી હતી. જિનાલય બંધાવનાર તરીકે હીરાચંદ મંગળદાસનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં મોટી પોળ વિસ્તારમાં પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લખ છે.

ત્યારબાદ **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં પણ સુરતનાં જિનાલયોની યાદીમાં મોટી પોળમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ છે. બંધાવનાર તરીકે હીરાચંદ મંગળદાસના નામનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં પણ પાર્શ્વનાથનું આ જિનાલય બંધાવનાર તરીકે હીરાચંદ મંગળદાસના નામનો ઉલ્લેખ છે તથા સં૰ ૧૯૫૪માં પ્રતિષ્ઠા થયાની નોંધ છે. સંભવ છે તે સમયે જીર્ણોદ્ધાર થયો હોય.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ગોપીપુરા, હીરામંગલની વાડીમાં પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ છે. જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ આઠ આરસપ્રતિમા અને ચોવીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૧૦માં શેઠ હીરાચંદ મંગળદાસે જિનાલય બંધાવ્યું હતું અને વહીવટ તારાબહેન બાલુભાઈ હસ્તક હતો. **સં૰ ૨૦૧૦**માં સ્થિતિ સારી હતી. સમેતશિખરની રચના પ્રાચીન છે તેવી નોંધ પણ હતી.

સં૰ ૨૦૨૩માં આ ઘરદેરાસર મોટી પોળ, સંઘવીની પોળ વિસ્તારમાં દર્શાવેલું છે. સમેતશિખરના જિનાલય તરીકે પ્રસિદ્ધ આ જિનાલય-ઘરદેરાસર શેઠ હીરાચંદ મંગળદાસ રાજાએ સં૰ ૧૯૧૦માં બંધાવ્યાની નોંધ છે.

આજે આ ઘરદેરાસરનો વહીવટ શ્રી સાકરચંદ મોતીચંદ ઝવેરી, શ્રી નિરંજનભાઈ મોતીચંદ ઝવેરી હસ્તક છે.

ટૂંકમાં આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૧૦** છે.

• • •

મોતી પોળ, ગોપીપુરા

૨૦. વાસુપૂજ્યસ્વામી (સં૰ ૧૯૧૦)

ગોપીપુરા, મોતી પોળમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું બે માળનું, શિખરબંધી ભવ્ય જિનાલય આવેલું છે. ભોંયરામાં મૂળનાયક શ્રી આદેશ્વર છે.

પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૩માં મહા સુદ છઠના રોજ શ્રી વિજયકુમુદચંદ્રસૂરિની નિશ્રામાં થયેલ છે. જિનાલયની સામે નાના મકાનમાં શ્રી જિનદત્તસૂરિનાં આરસનાં પગલાંની એક જોડ છે. તે દાદાવાડી તરીકે ઓળખાય છે.

જિનાલયમાં પ્રવેશવા માટે બન્ને બાજુ પગથિયાંની રચના છે. બન્ને પ્રવેશદ્વારે આરસનાં તોરણો પર લક્ષ્મીદેવીનું શિલ્પ છે. ત્રણ કાષ્ઠના પ્રવેશદ્વાર છે.

રંગમંડપ વિશાળ છે. ઘુમ્મટમાં રંગકામ થયેલ છે. શ્રી વિજયસેનસૂરીશ્વરજીની આરસની ગુરુમૂર્તિનો ગોખ તથા આઠ આરસપ્રતિમાના ગોખ છે. સમવસરણયુક્ત બે ચૌમુખજી છે. બે બાજુ દેવકુલિકા છે. બન્ને દેવકુલિકામાં નવ નવ આરસપ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૨૯" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા છે. જમણે ગભારે ચંદ્રપ્રભુસ્વામી તથા ડાબા ગભારે મુનિસુવ્રતસ્વામી છે.

ભોંયરું વિશાળ છે. અહીં પણ રંગમંડપમાં બે દેવકુલિકા છે જેમાં નવ-નવ આરસપ્રતિમા છે. ચક્રેશ્વરીદેવી, પદ્માવતીદેવી, કુમારયક્ષ તથા ચંડાદેવીની આરસમૂર્તિઓના ગોખ છે. તથા અન્ય એક દેવકુલિકામાં માણિભદ્રવીરની મૂર્તિ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૭૧" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા નયનરમ્ય છે. જમણા ગભારે શાંતિનાથ તથા ડાબા ગભારે અજિતનાથ છે. મૂળનાયક પર સં૰ ૧૮૪૩નો લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૮૪૩માં વાસુપૂજ્ય જિનની પ્રતિષ્ઠા સુરતના રતનચંદ શાહે કરાવી તે માટેનું વાસુપૂજ્ય જિનમહિમા વર્ણન સ્તવન શ્રી વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય પ્રેમવિજયે રચ્યું છે જેનો સાર નીચે પ્રમાણે છે :

'શત્રુંજયનો ૧૫મો જીર્ણોદ્ધાર કરાવનાર અને નવલાખ બંદીવાનને છોડાવી જશ પ્રાપ્ત કરનાર સમરા સારંગના વંશજ સુરત બંદરે વસતા ખેમરાજ મેઘરાજના પુત્ર ઝવેરશાના પુત્ર રતનચંદે ગુરુમુખે વાસુપૂજ્ય તીર્થંકરનું ચરિત્ર સાંભળીને તેનું દેવાલય મોં માગ્યા ધન ખર્ચીને શુદ્ધભૂમિ પર બંધાવવાનો નિશ્ચય કર્યો. મોટી કોરણીવાળા રળિયામણા રંગમંડપ અને તેજથી ઝળકતા ગભારા સાથે દેવવિમાન જેવું જિનાલય બંધાવ્યું. ચંદ્ર જેવા ઉજ્જવલ પાષાણ-આરસ-પહાણ મંગાવી મૂર્તિ કરાવી. પછી તેણે પ્રતિષ્ઠા માટે વૈદિકા રચી, પીઠો મંડાવી, જળયાત્રા વગેરે વિધિ કરી. દશમે દિને શુભમુહૂર્તે અંજનશલાકા કરાવી સં. ૧૮૪૩ વૈશાખ સુદિ ૨ને દિને તખત પર મૂળનાયકરૂપે તે વાસુપૂજ્યજિનની મૂર્તિ ભરાવી. આની પ્રતિષ્ઠા ઉત્સવ હર્ષથી કર્યો. દેહરા ઉપર મનમોહન પાર્શ્વનાથ, ભોંયરામાં આદેશ્વર, જમણી બાજુ ચોમુખ સીમંધરસ્વામી, ડાબી બાજુ સહસ્રફણા પાર્શ્વનાથની ચૌમુખી પ્રતિમા અને ભમતીમાં ચોવીસ જિનપ્રતિમા ભરાવી. રતનચંદ અને તેના બે ભાઈ અભેચંદ અને પ્રેમચંદ એ ત્રણેએ અતિ દ્રવ્ય ખર્ચી જિનશાસનની શોભા વધારી. જે માતાની કુખે રતનચંદ જન્મ્યા તે ઝમકુબાઈને ધન્ય છે. રતનચંદની ભાર્યા બાઈ આધારનો ઉછરંગ માતો નહોતો. ચતુર્વિધ સંઘનું સ્વામીવચ્છલ, યાચકોને દાન, સાધુભક્તિ ખૂબ કરી રતનશાએ ધનનો લાહો લીધો.' (સુવર્ણપુરનો સુવર્ણયુગ (**સં. ૧૯૯૬**) પૃ. ૧૦૯-૧૧૦)

આજે પણ જિનાલયમાં ભમતી સિવાય ઉપર્યુક્ત પ્રતિમાઓ વિદ્યમાન છે.

સં. ૧૮૪૩માં શ્રી પ્રેમવિજયે કરેલ શ્રી વાસુપૂજ્યસ્વામીના જિનાલયનું વર્ણન નીચે મુજબ છે :

શ્રી વાસુપૂજ્યસ્વામીના દેરાસરનું વર્ણન

દોહરો

શ્રી વાસુપૂજ્ય જિણંદને, પ્રણમુ ગુણ અભિરામ;
જેહને નામે સંપ જે, સકલ મનોરથ ધામ ૧

ત્રિભુવન વંદન પાવનો, વાસુપૂજ્ય નંદનદેવ;
વંદન ભાવ સહિત કરે, તવન કરું તત ખેવ ૨

આદિજિણંદ મયા કરો. એ દેશી

પૂણ્ય પ્રભાવક ઉપના, ઉસવાલ વંશ પ્રસિદ્ધો રે;
શમરા શારંગ શેત્રુંજયતણો, પન્નરમો ઉદ્ધાર તે કિધો રે ૧

ધન ધન શ્રી જિનશાશને, - આંકણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવલખ બંદિવાનને છોડાવી જશ લીધો રે;
તસુ વંશે સુરત બંદરે વસતાં કારજ સિધ્ધો રે ૨

ખેમરાજ મેઘરાજનો, ઝવેરશા વ્યવહારી રે;
તસ સુત પુન્ય પવિત્ર જયો, રતનચંદ સુખકારી રે ૩

એકદા ગુરૂ મુખે સાંભળી, વાસુપૂજ્ય સંબંધ રે;
રોહીણી ચરીત્રને ધારીને, હર્ષ થયા પુન્ય બંધ રે ૪ ધન

વાસુપૂજ્ય મહારાજનો, નિપજાવુ પ્રસાદો રે;
મુહ માગ્યા ધન ખરચીને, ભુમિકા સુધ અલ્હાદ રે ૫ ધન

રંગમંડપ રળિયામણો કોરણિ મેટિ ઉદાર રે
ગંભારો તેજે ઝબહળે ગર્ભાવાસા નિવાર રે ૬ ધન

દ્રવ્ય ખરચ્યું મોટે મને જિનમંદિર સુભ કાજ રે
દેવ વિમાને સમો દેખી હરખ્યા સંઘ સમાજ રે ૭ ધન

ચંદ પરે ઉજવલ કાંતી, પાખાંણ દલ મંગાવે રે
પુરવ દેશથી આવીઆ શિલાવટ મન ભાવ્યો રે ૮ ધન

પંચ સુતર સિતારે ભાગની પડિમાજીનની ભરાવી રે;
કરણ ચરણની સીતરી પામવા જહે જણાવી રે ૯ ધન

માન પ્રમાણે બિંબ તે શવિજનને સુખ દાઇ રે;
સંપૂર્ણ મૂર્તિ તે થઈ, રતનશા હરખ વધાઇ રે ૧૦ ધન

કુંમાર યજ્ઞને ચંદા દેવી વાસુપૂજ્ય પટરાગી રે
ટાળે વિઘન માંણીભદ્રજી દિઇ શાંતી પુષ્ટિ સોભાગી રે ૧૧ ધન

ઢાળ

(ભરત નૃપ ભાવસ્યું એ)

હવે પ્રતિષ્ઠા કારણે એ, પુરવ સન મુખ સારતો,
વેદિકા શુભ રચીએ, દોઢ હાથ ઉન્નત ભલીએ
પુરીત વસ્તુ ઉદારતો ...૧

પાંચ સ્વસ્તીક શ્રીફળ છવીએ, પંચ રતન ભુપીઠતો,
અષ્ટ સુગંધે વીલેપીઉં એ, કરી ધૂપ ઉકિઠતો .....વે૰ ૨

બાર અંગુલ માંયથી નહિ એ, ઉન્નત શરલ ઉતંગતો,
ચઉદિશી ચઉવેશને એ, થાએ મન ઉછરંગતો .....વે૰ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વંશ પાત્ર માંડવારકા એ, ચઉવંશે સાત સાત તો,
પુણ્ય અંકુર જાણે ઉગીઆરે, વીમાન તોરણ પાંતતો .....વે૦ ૪

સમોસરણ પ્રથમ સમે એ, પીઠ રચે સુરરાજ તો,
તિમ ઈહા શુભ મુરત શુભ દીન એ, ભૂમી સુઇ મહાકાજ .....વે૦ ૫

હવે જળ લેવા કારણે એ, થયો ઉજવાલ પુન્યવંત તો,
જળયાત્રા ભણિએ, હયવરસિણ ગાયે ભલા એ,
મયગલમદ મલ મદ પંતતો જળ૦ ૧

હવે ચંદાવિરને એ, વૃષભ રથ કર્યા સજજતો,
પંચમાં અંગમાં વર્ણવ્યા એ, તિર્થ ઈહા રથ ધન ગાજતો. ૨

ભેરી ભુગલ શરણાઈઉ એ, ઢોલનિશાંન વાજિંત્રતો,
સંઘ ચતુર્વિધ બહુ મળ્યા એ, ધ્વજી લહંકતી પવિત્રતો. ૩

સોહવગીત મંગળ ભણે એ, નરનારીના થોકકે,
પ્રસન્ન કરી જળદેવતાએ, મંત્ર સનાથ સલોકકે. ૪

સોલ સિંણગારે શોભતી એ, રૂચીવંતી ચઉ નારી તો,
શજળ કલશ શીરો પર ઠવીએ, આવે જિન દરબાર તો. ૫

પ્રભુની જમણી દીશી ઈઠવે એ, દેહ પ્રદક્ષણા માનતો,
સંઘ સત્કારકાર આડંબરે એ, રતનશા હરખ પ્રમાણ તો. ૬

ઢાળ બીજી

(દેવનાહના છોકરા થાવે, વિરનેષંધોળે ચઢાવે – એ રાહ)

હવે મંગળ કલશની રચના, કરી વિધિ યોગ્ય નીયતના,
દાગ રહીત મંગળ અડચાત્ર, મધ્યે કુંકુમ સાથીઉ મંત્ર ૧

પંચરત્નને દ્રવ્ય અભંગ, માંહિ ઠવીએ મન ઉછરંગ,
મોહોસનાથ મોહોસવ કીજે, તથા બિંબ પ્રવેશ તીહાં કીજે ૨

નવા બિંબ પ્રતિષ્ઠા હોવે, તિહાં કુંભ સ્થાપના જોવે,
પ્રભુજી મણી દીશી માનોહાર, દિપક જયણા સુરકકાર ૩

કુંભ ચક્રે નક્ષત્ર આવે, સવી પાપ તાપ શમાવે,
કંઠે ફુલ માલના લેર શુભ વસ્ત્ર આછાદીન સાર ૪

શાલ સ્વસ્તીક ઉપર થાપે સુંદરી ગીત મ્યાંન આલાપે,
જિનશાશનમાં એ કરણી નિરવિઘ્ન તણી નીસરણી ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેસવી અંકમાં અક્ષય અંક તેહમાને ગણવો નિશંક,
સોહવ પુત્ર વંતી નારી નવપદનો પદનો મંત્ર સંભારી ૬

થિર શાશે અષંડ ધારે જળપુરી જે શુભ વારે
લક સ્નાત્ર તે દીનથી સોહાઈ શાંતિ સ્મરણ ત્રિસાઉ તેજોઙ્યો ૭

એહ કીરીઆમાં હુશીઆરી ત્રિકરણ યોગે વ્રતધારી
ઉજવલતા સવતી ગવરી ઘૃતદીપ પુરે શુભ કુમરી ૮

સૂર્ય કાંતીનો દેવતા યોગે ધર્મ દીપક પ્રગટે ઉછોગે,
ઇમકુંમ સ્થાપના યુગતે સૌભાગ્ય લક્ષ્મિસુરી શક્તિ ૯

ઢાલ ૩

ફતમલ હુતો ગદતી તળાવ - એ દેશી

સુરિજન બિજ દીવસ સુજાણ સોવન પઢે સોહતો
સુરિજન સુગંધના સાત લેપ સોવન લેખની દીપતો ૧

સુરિજન નંદા વર્ત લિખંત કલ્યાણ તેતનો કંદએ
સુરિજન જીનની ગહ ત્રણ રાજિત પરમાનંદ એ ૨

સુરિજન નક્ષત્ર પાલ આહવાન, ત્રીજે દિવસે કીજી એ,
સુરિજન નવગ્રહ દશ દીગપાલ અષ્ઠમંગળ સ્થાંપી પુંજી એ ૩

સુરિજન સિદ્ધચક્રની સેવ ચોથે પાંચમે દીહાડલે
સુરિજન વિસથાનિક ભક્તિ ધરતાં રતનચંદ હીઅડલે ૪

જગપતિ વાસુપુજ્યનો જીવ પંચોતેર ભુપ શંયમી
જગપતિ વીસથાનિક તપ કીધ ભવ ત્રિજો ગુણ અનુરમી ૫

જગપતિ બાંધિ તિર્થંકર ગૌત્ર પ્રાણત સ્વર્ગે સિધાવીઆ,
જગપતિ વીસશાગરનુ આય ભોગવિજયા કુષં પામીયા ૬

જગપતિ જયારાણી ચંપાનગર મળારી વાસુપુજ્ય ભુપતી ગુણનીલો
જગપતિ જયારાણી ગુણવાણી, સર્વ સ્ત્રી જાતિમાં સીરતીલો ૭

જગપતિ જેષ્ટ શુદિ નમવી જાણ ગરભા વાસે અવતરીયાં
જગપતિ પોઢિપલ્યંગ મલારી સુખનિજ્ઞઈ અલંકર્યા ૮

જગપતિ ચઉદ સુપન તિહાં દીઠ તે શફળ શાસ્ત્રમાં દાખીઉં,
જગપતિ વચન કલ્યાણક ધાર પ્રાણથાપન બે બે થાપીઉં ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગપતિ રંડ આવે તત ખેવ બંદ જનની કુશળ પુંધે,
જગપતિ ત્રિણજ્ઞાન ભગવાન શામતો રવી સમ રૂપ છે ૧૦

જગપતિ છઠે દીવસે એ કાજ કાજે કીયા અતિભલી
સુરીજન રતનશા હરખ અપાર ધન ખરચી જે મન રૂલી ૧૧

ઢાલ ૪
અંબાયનો ગઢ ગાજે છે - એ દેશી

આવો જમાઈ પ્રાહુણા જયવંતાજી
ઐરાવણ ગરૂપતી કહેરે સુણો માતાજી

કર સ્યે મુળ સ્વામી શેવ તવસુત જાણજી
મુળ પરેં ભારવ હશે, જમ નંદજી
ઈમ કહેતો ઘોરી દીઠ, નયણા નંદજી ૧

રાગ દ્વેષ, કહે સી હોજી
વિઠો જયા રાણી, ધર્મ સમી હોજી
માહરો ચપલ દોષ વારસ્યે, પુત્ર સેવાજી
સિરી દેવી વિનવે એમ, તત્વ કહેવાજી ૨

જાણીઇ ફુલ માળા વહેં, દેખે દેવાજી
પસરસ્યે મુળ આ વાસ, કિરિત તે હવિજી ૩

ચંદ્ર કહે મલ ઉપમા, સુત મુખી મન ધરી
પુરણ સુખનેજી ૪

મોહ નિશાને ચુરસે, જાયો નાથજી
જણાવતો દીવ દીઠ, સુત જગનાથોજી ૫

ધર્મ ધ્વજા શહસ જોયણી, જસ્યું હો સ્યેજી
ઈમ જાણી ધ્વજ લહકંત, જગ દુખ ખોસ્યેજી ૬

થાનક એ ગુણ રયણનો, સહી જાયોજી
કહેવા આવ્યો તો કુંભનિ, સુણે માયોજી ૭

મુખ પરે ત્રિભુન જીવની, ઉષા હરખની
જાણી સરોવર, એ વાણી વરસેજી ૮

સાયર કહે એ મુળ થકી, મહા ગંભીરોજી
કહેવા આવ્યો છું માત, પુન્ય મંદીરોજી ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈમાનીક નમસ્યે સુરા માન મોડીજી
વાદતો એમ વીમાને નીરખે માડીજી ૧૦

જગદા વરણ સોભાવસ્યે, વિશ્વાનંદિ
ઉચરતા રયણ ભરથાલ, જોવે આનંદેજી
તવ સુત કર્મે ધન દહોસ્યે, ધ્યાન અંગનેજી
એમ કહી માને માત, ચઉમે સ્વપ્નેજી ૧૧

ચઉદ સ્વપ્ન દેખી જાગીયા જ્યા રાણીજી
એહનો અરથ સુણી સાચ, મન હરખાણીજી;
ચઉદ સુપન મહો છવ કીધો, રતન ચંદેજી;
હરખે મનહ મુળારજી, પ્રભુ પદવંદેજી ૧૨

ઢાળ ૫
(મધુકર માધવને કહેજો એ દેશી)

ફાગુણ વ્રદી ચઉદશી રજની રે સુત પ્રશવે જ્યાદે જનની રે
હરખી સવી મેદની સજની રે જનપતી જગ ગુરુ જાયા રે
દીસી કુંમરી હુલ રાયા રે જગપતી ૧

અધોલોકવાસી કુંમારી રે જીન જન્મ અવધીનાંણે સમરી રે
આવિ આઠ નમે તે અમારી જગપતી ૨

શમીરે જોયન ભૂમી સમારી રે ઈશાંને સુતીધર વિસ્તારી રે
ઉભી ગુણ ગાયે તે સારી જગપતી ૩

ઉર્ધ્વલોકથી આઠ દેવી રે આવી જળને વરસાવી રે
ભુમીયો જનમિત કરે વિ જગપતી ૪

પુરવ રુચકથિ આવે રે વિળણે વાયુ હાથે સોહાવે રે
તેહી શીર હીજીન ગુણગાવે જગપતી ૫

ચામર છત્ર ચતુરાઅડ ધરતી રે ઉતરફ ચકથી અવતરતી રે
હોય નમીને ભવડુરકહરતીરે જગપતી ૬

ચ્યારવી દીશી થકી દીશી સુરી રે દીપક કરકાંતિ પુરિ રે
પ્રભુ મુખ જોવા સનુરી જગપતી ૭

મધ્ય રૂચકની ચ્યાર દેવી રે નાલી છેદકી કીયા કરેવી રે
ખાંતી રત્નેપુરીત ધરેવી રે જગપતી ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેલના ઘરમીણ વિરચી રે નવરાવે વસ્ત્રી પહેરાવે અચરી રે
જીન મંદીર થાપે ચરચી રે જગપતી ૯

છપન્ન દીશા કુમરી જેહવો રે જીનશાશન મહીમા કહેવો રે
રતનશા કહે ઉચ્છવ તે હવો જગપતી ૧૦

ઢાળ ૬

(પુણ્યે વિમલા દોહલા રે જયાશફળ હોય એ દેશી)

અવધિનાંણે જયણિ ઉરે સોહમપતિ નિજ જન્મ
ઘંટા સુઘોષા વજડાવિઆ કાંઇ સેનાનીનો એ કામનો
જન્મભિષેક પ્રાણી કરો એ જ૦ ૧

એ કોન બત્રીસ લાખનો એ ઘંટાનાદ વીસાલ
નિસુણી પરીકર પર વસ્યા, કાંઇ આવે આવે,
એ ઇંદ્રતે અનુસારતો જ૦ ૨

પાલક મુકી નંદીશ્વરે એ બીજુ રચી વીમાન,
મંદિર જનજનની ભણીએ કાંઇ ત્રીણ ત્રીણ પ્રદક્ષણા દાનનો. જ૦ ૩

ઇંદ્ર કહે જીન મહોચ્છવ વેરે કરવો છેગુલ જાત,
અવ સ્વાપનો પ્રતિબિંબ છવીરે પંચરૂપે એ પંચરૂપે,
ગ્રહ જગતે તાતતો જ૦ ૪

મેરુ પાડુક વન વિષે રે લઇ ઉત્સંગે સ્વામી શક્ર સિંહાસન બેસીને રે
કાંઇ ભક્તિ એ ભક્તિ સેવન કામ તો જ૦ ૫

એમ નિજ નિજ થાનિક થકી એ આવી આ ચોસઠ ઇંદ્ર
પહેલો અભિષેક આદરે એ કાંઇ મન મોહેમન મોહે
અચ્યુત ઇંદતો જ૦ ૬

સેવક સુર આદેશથીરે લાવે તીર્થનાનીર ચંદન ફુલ કળસ ઘણા
કાંઇ મેળે એ મેળે જીનવર નીર તે જ૦ ૭

નાટીક ગીત મોહે ખરુ રે વાજીત્ર નાદોકાર થઇ સુરનાર કરે
કાંઇ ભુષણ હે ભુષણનો લળકાર તો જ૦ ૮

ત્રેસઠ સુરપતી સ્નાત્ર મહોછવ ઇસાંન પંચ રૂપે કરી રે
કાંઇ અંકે કે અંકે ધરે ષાસતો જ૦ ૯

સોહમ વસહના ચ્યાર રૂપે અભ્ર શૃંગેં પયપુર
કરે સનાથ જગનાથનો કાંઇ નીરમલ એ નીરમલજી
નવ નવ નુર તો જ૦ ૧૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંગળ આઠ આલેખીયા રે આરતિ મંગલદીપ
કરે સ્તવનના વાસુપુજ્યની એ કાંઇ આણે એ આણે
ભાવ શમીપતો જ૦ ૧૧

નમી સ્તવી સોહમ ઘણી રે માતા પાસે છવંતે
હેમરયણ વુતા કરી કાંઇ ઠામોએ ઠામે નિજ ઉલસંતતો જ૦ ૧૨

મહોછવ ચઉસઠી ઇંદ્રનારે રચી મનને ઉદાર
રતનશા નીજ ધન તણો કાંઇ લાહોએ લાહો લીધો અપાર તો જ૦ ૧૩

સુંગંધ ચૂર્ણદીક તણા રે આઠમે વાસર સાર અઢાર શનાથ તે નવાં નવાં રે
કાંઇ કીધા કાંઇ કીધા એ મંત્ર ઉચારતો જ૦ ૧૪

ઢાલ ૭

પિઠી ચોળે પીતરાંણી રે
પહેલા સ્વામી સીમંધરા એ દેશી

અતિશય શહજના ચ્યાર લક્ષણ અંગ અપાર રે
આઠ એક સહસવીરાજે રે અમીય અંગુઠડે છાઝે રે ૧

ત્રિભુવન આનંદ કંદરે, કાંતી વધે જિમ ચંદ રે,
ભણવા યોગ્ય જાણી રે, નીશાળે ઉછવ આણી રે ૨

પાઠક દીલના સંદેહ રે, ટાળે અવધિથી તેહ રે.
અહો પ્રભુ જ્ઞાન વીશાળ રે, મુખ મુખ વાણી વીશાળ રે.
યોવન પ્રભુજીના દેહને, ધારે માતા પીતા મન બોજા રે,
પદ્માવતી રાજ કન્યા રે, શનમુખ આવી લાગીઆ રે ૩

શુભ વેળા શુભ લગ્ન રે, જોવે વિવાહ સુર ગગને રે,
ઇંદ્ર ઇંદ્રાણી ઉહીનાંણે રે, કરે રંગરલી તેહ ઠાણે રે ૪

મોક્ષરોધી ભોગ કર્મ રે, ભેદવા કર ગ્રહેએ મર્મરે,
કામની કરવા લે શાહી રે, કામને આંણે મનાઇ રે ૫

પહેલું મંગલ હોવે રે, લાખ ઉરંગ મદાંન દેવે રે
બિજુ મંગલ થાવે રે, ગજ બહુલા પ્રભુ આવે રે ૬

ત્રિજુ મંગલ વરતે રે કોડિ ભુષણ દાન દેયુકતે રે,
મણિ મુકતા ફળ સ્વર્ણ રે, ચોથે મંગલ પૂર્ણ રે ૭

વિવાહ ઉછવ કીધો રે, મોટે મંડાણે યશ લીધો રે
નિરાગપણે વિતરાગ રે ભોગવતા પુણ્ય ભાગ રે ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ્માવતી સુત જાયો, મઘવાના જોગ વારો રો,
સુતનિ સુતા પુણ્યવંતી રે રોહીણી અશોક વિલશંતી રે ૯

જન્મથી વરસ અઢાર લક્ષ રે, કર્મ ફળ જાણે નાણેં પ્રતક્ષરે
જયા વાસુ પુજ્ય સમજાવે રે, સંયમ દીલ માંહે લાવિ રે ૧૦

ઢાલ ૮મી

વીર વખાણી રાણી ચેલણા એ દેશી

પાંચમા સ્વર્ગથી આવીયાજી, દેવલોકાંતીકજેહ.
વિનતી કરે વાસુપૂજ્યનેજી, સંયમ ગ્રહો ગુણ ગેહ ૧

દાન સંવત્સર દેઈનેજી, ષટ્શયનરવટ સાથ,
અમાવાસ્યાં ફાલ્ગુણની ભલીજી, દીક્ષા લીઇં જગનાથ ૨

સુરવર નરવર બહુમલજી, વાજંત્રનો નહી પાર,
ત્રતીય કલ્યાણક નીપરેજી, રતનશા હરખ અપાર ૩

એહ વિધનમે દીવસે કરોજી, અધિવાસના સુખકાર,
રજની સમે સદ્ગુરુ તીહાંજી, મંત્ર પવિત્ર વિસ્તાર. ૪

પ્રણવમય તીર્થનાયક પ્રભુજી, અતિશયરયણ ભંડાર,
ત્રિભુવન પાલન સુરત રૂજી, કરો મૂરતી એહ અવતાર. ૫

વરસ દીવસ છદ્મસ્થપણેજી, વિચરી લહ્યું કેવલ નાણ,
મહા સુદિ બિજ દીવસે ભલોજી, વરતતા શુદ્ધ ધ્યાન. ૬

અતિશય શોભા પુરણ થઈજી, સકલ પદાર્થ જાણ,
ગણધર સંઘની થાપનજી, બેઠા ત્રિગડે જિનભાણ. ૭

ત્રિભુવન જીવને તારવાજી, દેશના દીઇ જીનરાજ,
સાંભલી ભવિ પામિયાજિ, સૌભાગ્યલક્ષ્મી પદરાજ. ૮

ઢાલ ૯મી

મોહયા મોહારે સુરનર લોક ગુરુને બોલડીઇ એ દેશી

હવે દશમે દિન અંજન શીલાકા, શુભ મુરતથી યોગે રે,
વિધિ સહિત કરિઇ ઉછરંગે, દ્રવ્યભાવ સંયોગે અંજન શીલાકા રે ૧

કીજે કીજે રે અતિ ઉલ્લાસ, પ્રભુ ગુણ ધારી રે
સોવીરાજન માંણીક્ય વરણેં મિશ્ર મૃગમદ સાર રે,
ઘૃત ધનસાર સુગંધે વસ્તુ, મેલિઇ મનોહાર અં૦ ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોહવ પંચનારી ગુણવંતી, એ અંજનને સમારે રે,
કંચન ભામાં તે તે થાપે, પવિત્ર પણો મનોહો રે. ૩

પ્રતિષ્ટા વિધિનું સાર જાણી, સૂરીશ્વર ગણધારી રે,
કાંચીન રૂપ શીલાગ્રહીનેં, મંત્ર હૃદય સંભારી અં૰ ૪

કેવળજ્ઞાનને કેવલ દર્શન, પરગટયો પરમ ઉદ્યોત રે,
થાપના સત્ય કહી ઠાણાંગ સૂત્રે, જિનપ્રતિમા જિન હોત અં૰ ૫

વૈશાખ શુદી નંદા તીથી બીજે, શશી સિંહ લગને આવે રે,
સંવત ૧૮ અઢાર ૪૩ ત્રીહતાલી વર્ષે, બેઠા તખતે સોહાવે અં૰ ૬

લક્ષ્મીસૂરિ તે સમયે વીનવે, વાસુપૂજ્ય મહા રાયો રે,
થીર ભાવે સમોસરણ ભાવે બેઠા, ભગવતી વછલ સુખદાય રે અં૰ ૭

સર્વાભરણસું આંગી અનોપમ, રતનશા સર્વ બનાવે રે,
જનમ સફલ કરવાને કારણ, સમકીત તત્વ દીપાવેં, અં૰ ૮

એકસો આઠે તીર્થના જલ, શનાથ કાવ્ય ઉચારે રે.
મંગલદીપ નૈવેદ્ય ધરીને, શીવ કલ્યાણ ધારે, અં૰ ૯

ઢાલ ૧૦મી

આસાણરારે યોગી રે એ દેશી

વાસુપૂજ્ય પ્રભુને વયણે, થયા વ્રતધારિ શં ધારે, આંકણી

મુનિવર તેર સહસ શોભતાં, શાધિ લક્ષનિ શંગારે,
પ્રણમો જીન રાયા ૧

દોય લખ પન્નરસહસ્સ ઉપાસક, ચઉલખ છત્રીસ શહસા રે,
જયા સુત જયવંતા ૨

ચંપાપુરીમાં શીવપદ પામ્યાં, છશેં પુરૂષ પરીવરીયા રે,
અવીનાશી આનંદ અષાઢ સુદી ચતુદશ દીન લાયક,
સાદિ અનંત અનુસરીયા રે, સુખ પરમાનંદ, ૩

ચોપનલાખ વરસ સંયમધારી, સુખભર ભોગવી આપુરે,
વાસુપૂજ્ય સુત વંદો, બહુ તેર લાખ વરસની રૂપ,
શહજાનંદ પદ થાય રે, ચિદાનંદ મહેદો, ૪

પંચકલ્યાણકના બહુ ઓછવ, કરીને પડિમા થાયે રે,
શ્રાવિકા પુન્યવંતા રતનશા નીત નીત નવલી ભક્તિ,
કરતા ધર્મ દીપાવે, શાસન જયવંતા ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઢાલ ૧૧મી

આવો આવો રે સયણ ભગવતી સૂત્રને સુણીયે, એ દેશી

શ્રી જિનમંદીર તખતે બીરાજે, વાસુપૂજ્ય જયવંતા,
પ્રસાદબિંબ પ્રતિષ્ઠા ઓછવ, રતનશા હરખે કરતા,
ભવિતુમે વંદો રે વાસુપૂજ્ય જીનરાયા, ૧

રૂષભદેવની પ્રતિમા, ભુમી ઘરમાં થપાવી મોરે,
આનંદ અધિકો મહિમા, ભ૦ ૨

દેહરા ઉપરે મનમોહનજી, પાસ પ્રભુ પધરાવે,
દક્ષણ ભુજાઈ સમવસરણમેં, સીમંધર ચોમુખજી સોહાવે, ભ૦ ૩

વામ ભુજાઈ સહસફણો, પ્રભુ ચોમુખ અ તેહી છાજે,
ભમતી માંહે ચોવિસ જિનવર, પૂજત ભવદુઃખ ભાજે. ભ૦ ૪

અભેચંદ પ્રેમચંદ તીનું બાંધવ, દિન દિન ચઢતે ભાવે.
ખરચે દ્રવ્ય અતિહી ઉછરંગે, જિનશાસનની શોભાવે. ભ૦ ૫

ત્રિભુવનના જીનસમરણ કાજે, પાંચે ઠામે જીન છાજે,
જસ નામે દુઃખ દોહગ ભાજે, સંપદ ધર્મ બીરાજે ભ૦ ૬

ઘન ઝમકુભાઈની કુખે ઉપના, રત્નચંદ કુલચંદ,
સીલવંતી આધાર ભાર્યાઈ, પ્રભુ કુક્ષે મન આનંદ. ૭

દિન દિન અતેહી મન ઉછરંગે, ઉછવ થાઈ જીનંદા,
જેહને ધનનો લાહો લિધો, પામે મહોદય વંદા. ૮

સંઘ ચતુર્વિધ સાંમીવ છલ, કરતા મને નવી થોભે,
બહુ પકવાન મેવાની વડાઈ, દાન માને ઘણું શોભ ભ૦ ૯

યાચક જન બહુ યાચવા આપ, પંચ પશાઓ તે પામ્યાં,
મેઘ તણીપરે વરસને દાને, સાધુ ભગત થીર ધામો ભ૦ ૧૦

ઢાલ ૧૨મી

રાગ ધન્યાશ્રી

શ્રી વાસુપુજ્ય પ્રભુના ગુણ ગાવો, મીથ્યા દૂરીત મીટાવો રે,
મુકતા ફલની થાળ ભરીને, સુરત પ્રભુની વધાવો રે શ્રી ૧

સુખ સંપદ ગુણ જ્ઞાન વીશાળ, સદ્‌હણા દીજ લાવે રે,
આનંદ રંગ રસાળ મહોદય, પુન્ય કારણ પ્રભુ ધાવો રે શ્રી ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરમણી સુરત રૂ શુભ, કાંમ કુંભ જમાવો રે,
પુન્ય રતના ગરજીન પ્રતિમાને, ત્રિભુનન વંદન આવો રે શ્રી ૩

પુત્ર કલત્ર હય ગય રથ મંદીર, સુંદર ધર્મ સુદીવો રે,
પ્રભુ મદ ભક્તિ શક્તિથી અધીકું લહીઇ, નરભવ પુન્ય
દીપાવો રે શ્રી ૪

શ્રી વિજયસોભાગ તપાગછે, સુગુરુનો સુપ્રભાવો રે,
તશ શીશ પ્રેમવિજય સ્તવન કિધી, પરમાનંદ સુખ પાવો રેશ્રી ૫

કલશ

શ્રી વાસુપૂજ્ય જિણેંદ્ર સાહિબે, થાપીયા જીન મંદિરે,
રતનચંદ મન આણંદે, પુત્ર કલત્ર ધન પરીકરે,
જિનબિંબ થાપક તવનકારકં રવિ શશી લગેથીર રહો,
પ્રેમવિજય કહે પ્રભુ પશાયે, સકલ સંઘ મંગલ લહેં ૧

ઇતિ શ્રી વાસુપૂજ્ય જિનમહિમા વર્ણનો સ્તવન સંપૂર્ણ

સં૰ ૧૮૭૭માં સુરતમાં રચાયેલ દીપવિજયકૃત **સોહમકુલ પટ્ટાવલી રાસ**માં આ૰ શ્રી વિજયલક્ષ્મીસૂરિએ સુરતમાં રતનચંદે કરાવેલા જિનાલયમાં વાસુપૂજ્યની પ્રતિષ્ઠા કરી હતી તેવી નોંધ કરી છે જે નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

સૂરત બંદિર દીપતો, સાહેલડીયાં, તિહાં **રતનચંદ** છે જેહ,
વાસુપૂજ્ય મહારાજની, સાહેલડીયાં, કીધી **પ્રતિષ્ઠા** તેહ.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મોટી પોળ વિસ્તારમાં આ જિનાલયનો ધાબાબંધી જિનાલય તરીકે ઉલ્લેખ છે. કુલ એકાણુ આરસપ્રતિમા તથા છત્રીસ ધાતુપ્રતિમા હતી અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં મોટી પોળમાં વાસુપૂજ્યસ્વામીનું મોટું જિનાલય હોવાની નોંધ છે. તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં તથા **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'ગોપીપુરા મોટી પોળમાં આવેલ વાસુપૂજ્યસ્વામીના જિનાલયના બીજા માળના ભોંયરામાં જિનાલય છે. તેમાં મૂલનાયક શ્રી શાંતિનાથ છે. ઉપરના માળે ચૌમુખજી છે. વચમાં શ્રી પાર્શ્વનાથ છે. બીજી બાજુ સમવસરણની રચના છે. પહેલા માળના ભોંયરામાંના લેખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપરથી વંચાય છે કે તે શાકરચંદ લાલભાઈ તરફથી કરાવવામાં આવ્યું છે તથા એ દેરાસરજી શ્રી રત્નસાગરજીના ઉપદેશથી થયું છે. એની પ્રતિષ્ઠા શ્રી સિદ્ધિવિજયજીએ કરાવી છે. આ જિનાલયમાં પ્રતિમાઓ ઘણા પ્રમાણમાં છે. તથા માપમાં ઘણી મોટી છે. ભોંયરામાં એક નીચે એક એમ બે માળ નીચે અને એક ઉપર મળી ચાર માળમાં દેરાસર છે. સુરતનાં સમૃદ્ધિમાન દેરાસરોમાં આ દેરાસર પ્રથમ પંક્તિનું છે. મૂલનાયકજીનું બિંબ અદ્‌ભુત અને ચમત્કારી છે ...'

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મોટીપોળમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ નેવ્યાશી આરસપ્રતિમા, બોતેર ધાતુપ્રતિમા, એક ગુરુમૂર્તિ તથા શ્રાવક-શ્રાવિકાની આરસમૂર્તિ હતી. સં૰ ૧૮૪૩માં સાંકરચંદ લાલભાઈએ જિનાલય બંધાવ્યું હોવાની નોંધ છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૪૩નો લેખ હોવાનો ઉલ્લેખ છે. વહીવટ દયાચંદ કરમચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં ગોપીપુરા, મોટીપોળ, સંઘવીની પોળમાં દર્શાવેલ વાસુપૂજ્યસ્વામીના આ જિનાલયમાં મજલા ઉપર ચૌમુખજી, મનમોહન પાર્શ્વનાથ, સીમંધરસ્વામી, સહસ્રફણા પાર્શ્વનાથ તથા ભોંયરામાં શાંતિનાથ અને આદેશ્વરની નોંધ મળે છે. સં૰ ૧૮૪૩ના વૈશાખ સુદ છઠના રોજ ઓસવાલ જ્ઞાતિના ઝવેરી ખેમરાજ મેઘરાજના પુત્ર ઝવેરચંદ અને તેમના પુત્ર રતનચંદે ખોબલો ભરી મોતી આપી પ્રતિમાઓ ભરાવી હોવાનો ઉલ્લેખ છે. ત્યારબાદ શેઠ રતનશાએ દીક્ષા લઈ જતિ થઈ રતનવિજય નામ ધારણ કરી જિનાલયની વ્યવસ્થા કરતાં ૧૦૪ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ પામ્યાની નોંધ પણ છે. ઉપરાંત સં૰ ૧૯૨૦માં પ્રેમચંદ રાયચંદ ઝવેરીએ જીર્ણોદ્ધાર કરાવ્યાનો નિર્દેશ છે.

આજે જિનાલયમાં કુલ સિત્યાસી આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા અને બે ચૌમુખજી છે તથા સડસઠ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી અજિતભાઈ રતનચંદ ઝવેરી, શ્રી બિપીનભાઈ રતનચંદ ઝવેરી તથા શ્રી ધરણેન્દ્રભાઈ કલ્યાણચંદ ઝવેરી હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૧૮૪૩**નો છે.

• • •

પ્રેમચંદ રાયચંદની ધર્મશાળા પાસે, સુભાષચોક

૨૧. શીતલનાથ (સં૰ ૧૮૨૭)

સહસ્રફણા પાર્શ્વનાથ (સં૰ ૧૮૨૭)

પોસાયા પાર્શ્વનાથ (સં૰ ૧૯૦૩)

ગોપીપુરા, સુભાષચોક મધ્યે પ્રેમચંદ રાયચંદની ધર્મશાળા પાસે આવેલ આરસ તથા પથ્થરના બનેલા ત્રણ માળના શ્રી શીતલનાથના શિખરબંધી જિનાલયમાં ભોંયરામાં અતિપ્રભાવક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ તથા ઉપરના માળે શ્રી પોસાયા પાર્શ્વનાથની ચોવીસી પ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લગભગ ૩૨ વર્ષ પૂર્વે જીર્ણોદ્ધાર કરાવી શેઠ શ્રી તલકચંદ મોતીચંદ ઝવેરી તથા શેઠ નેમચંદ પાનાભાઈએ આરસનું શિખરબંધી જિનાલય તૈયાર કરાવ્યું અને શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિમા સિવાય અન્ય સર્વ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા શ્રી મહિમાપ્રભ સાગરજીની નિશ્રામાં કરવામાં આવી. તે સમયે આબુ-દેલવાડા-રાણકપુરના દેહરાઓ જેવી કલાકારીગરીયુક્ત કોતરણી કરવામાં આવી હતી જે આજે પણ છે.

જિનાલય પાસે ગુરુમંદિર છે જેમાં કુલ ત્રણ ગુરુમૂર્તિ અને પગલાંની બે જોડ છે. મધ્યે શ્રી જિનદત્તસૂરિની ગુરુમૂર્તિ, જમણી બાજુ શ્રી જિનલાભસૂરિનાં પગલાં તથા ડાબી બાજુ શ્રી જિનચંદ્રસૂરિની મૂર્તિ અને તેઓના આરસનાં પગલાંની એક જોડ છે.

શૃંગારચોકીમાં છત મધ્યે પદ્માવતીદેવી અને આજુબાજુ હાથી, મોર, સર્પ તથા કલ્પ-વૃક્ષના પાનની કલાત્મક કૃતિઓ છે. ત્રણ પ્રવેશદ્વાર પૈકી મુખ્ય દ્વારેથી અષ્ટકોણાકાર રંગમંડપમાં પ્રવેશતાં છત પર અંબિકાદેવીની સોનેરી રંગકામયુક્ત કૃતિ છે. અહીં મોટા ઘુમ્મટમાંની હંસ, ગજ, કમળ, ૨૪ તીર્થંકર, યક્ષ-યક્ષિણી અને કમલાકારની રચના આબુ-દેલવાડા-રાણકપુરનાં જિનાલયોનું સ્મરણ કરાવે છે. કુલ ચાર ગોખ પૈકી ડાબી બાજુ ગોખમાં બે ભૈરવજી છે. તેની બાજુમાં નીચે ભોંયરામાં જવાનાં પગથિયાં અને તેની બાજુમાં ઉપરના માળે જવાનાં પગથિયાં છે. પાસે ગોખમાં ત્રણ આરસપ્રતિમા છે. જમણી બાજુ ગોખમાં નાકોડા ભૈરવજી તથા અન્ય ગોખમાં ત્રણ આરસપ્રતિમા છે.

કુલ ત્રણ ગર્ભદ્વાર છે. ગભારામાં ૨૧" ઊંચી શ્રી શીતલનાથની સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. કુલ અઢાર આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા તથા ધાતુનાં નાનાં પગલાંની એક જોડ છે.

ઉપરનો માળ

ઉપરના માળે ૧૫" ઊંચી મૂળનાયક શ્રી પોસાયા પાર્શ્વનાથની આરસપ્રતિમાના પરિકરમાં ચોવીસ તીર્થંકરોની પ્રતિમા છે. પ્રતિમા પર નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

'સંવત ૧૯૦૩ શાકે ૧૭૬૮ માઘ માસે વદ પાંચમ ગુરુવાર ઓસવાલ શ્રી નેમીદાસ ..... શ્રી મહેન્દ્રસૂરિ ..... શ્રી શાંતિસાગરસૂરિ પ્રતિષ્ઠિતં'

આ પ્રતિમાની અંજનશલાકા રાજનગરના હઠીસિંગના જિનાલયની પ્રતિષ્ઠા વેળાએ થઈ હોવાનો સંભવ છે.

જમણે ગભારે શ્રી અજિતનાથ તથા ડાબે ગભારે શ્રી મહાવીરસ્વામી છે. કુલ અગિયાર આરસપ્રતિમા છે.

ભોંયરું

વિશાળ ભોંયરામાં ફણા વગર ૫૩" અને ફણા સાથે ૮૧" ઊંચી મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની અનન્ય, વિરલ, મનોહર, ચમત્કારિક પ્રતિમા છે. આ ભવ્ય પ્રતિમામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા છે. પદ્માવતીદેવી તેમનાં ચરણમાં છે. ધરણેન્દ્ર સહસ્ર નાગરૂપે પ્રભુને છત્ર ધરે છે. મેઘમાળી અપરાધની ક્ષમા માગતા પ્રભુને નમસ્કાર કરતા પદ્માવતીનાં ચરણમાં છે. પ્રતિમાજી કમળનાં ફૂલ ઉપર બનેલાં છે. તેમની બન્ને બાજુ પરિકરમાં પાંચ-પાંચ નાની પ્રતિમાઓ છે જે પ્રભુના દશે ગણધરોની છે. પ્રતિમા પર નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

॥ સં૰ ૧૮૨૭ શાકે ૧૬૯૩ પ્રવર્તમાને વૈશાખ સુદિ દ્વાદશી તિથૌ ગુરુવારે ઉસવાલ જ્ઞાતિય વૃદ્ધશાખાયા ..... પ્રતિષ્ઠિતં વ । શ્રી વૃદ્ધત્ખરતરગચ્છે જંગમ યુગપ્રધાન ભટ્ટારક શ્રી જિનચંદ્રસૂરિઃ તત્પટ્ટે ભ૰ શ્રી જિનસાગરસૂરિઃ તત્પટ્ટે ભ૰ શ્રી જિનભક્તિસૂરિઃ તત્પટ્ટાલંકાર જંગમ યુગપ્રધાન ભટ્ટારક શ્રી જિનલાભસૂરિભિઃ ॥ શ્રી સૂરિત બિંદરે ॥

જમણે ગભારે સુપાર્શ્વનાથ અને ડાબે ગભારે પાર્શ્વનાથ છે. કુલ અગિયાર આરસપ્રતિમા પૈકી ત્રણ કસોટીની પ્રતિમા છે. ચૌદ ધાતુપ્રતિમા છે. ધરણેન્દ્રદેવ તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૮૨૭ના વૈશાખ સુદ ૧૨ને દિને સુરત નગરે ગોપીપુરા મધ્યે મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમા તથા ભોંયરામાં ૮૯"ના મહાપ્રભાવક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા સુરતના વીશા ઓસવાલ જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય શ્રી ભાઈદાસ નેમિદાસે શ્રી જિનલાભસૂરિની નિશ્રામાં અતિ ઉલ્લાસપૂર્વક કરાવીને એક પૂર્ણ ચૈત્યની સ્થાપના કરાવી.

આ જિનાલયનું વર્ણન શ્રી જિનલાભસૂરિ રચિત શીતલ જિન ચૈત્ય વર્ણનમાં ખૂબ જ વિગતવાર આવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ સ્તવન ખૂબ જ ઉપયોગી હોવાને કારણે અક્ષરશઃ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે.

શ્રી શિતળ જિન ચૈત્ય વર્ણન

સૂરતિ બંદિરમાં ભલા **ખરતર ગચ્છ**ના ચૈત્ય,
નાન્હાવટ હનુમંતપોલમાં અજિતનાથ આદિત્ય. ૧
ગોપીપુરાનૈ મધ્ય શુભ શ્રી **શીતળ** જિન ચૈત્ય,
હય ત્રિક અન્ય તીર્થ એક ચૈત્યમાં પૃથક પૃથમ નમું નિત્ય.૨

રાગ-ધનાશ્રી

સ્તવિયા શ્રી જિનરાજ ભાવે રે ભાવે રે મૂલનાયક શીતલ જિનપતિ.
શ્રી ગૌડીપ્રભુ પાસ સ્થાપન રે સ્થાપન રે વીર પ્રભુ ઠવિયા શુભમતિ રે ૧
ચૌવીસ જિનના બિમ્બ ઠાવણ રે ઠાવણ રે પ્રતિષ્ઠિત શુભ દિન વારૂ રે ૨
અતીત ચૌવીસેમાં એક જિનપતિ રે જિનપતિ રે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવલજ્ઞાની જિનસુખ કંદ ૩

અનાગત ચૌવીસીમેં એક જિનવરૂ રે જિનવરૂ રે
શ્રી પદ્મનાભજિન ભવિષ્યતિ ૪

વીસ વિહરમાનમેં એક સીમંધરૂ રે સમધરૂ રે
નૂતન બિમ્બ થાપન ગતિ રે ૫

સહસ્રફણા પ્રભુ પાસ ભૂમિ ચૈત્યે રે ભૂમિ ચૈત્યે રે
સેવ્યો સુરતરૂ દિન દિન રે ૬

એક ચૈત્યમેં એહ કીધી રે કીધી પૃથક પૃથક જિન થાપનારે ૭

ધન ધન જ્ઞાતિ ઓસવંશ વીરનો રે વીરનો રે શાસન શોભાવે મુદારે ૮

ધન ધન ચતુર્વિધ સંઘ શ્રદ્ધારે શ્રદ્ધારે સરવૈ શ્રી અરિહંતની રે ૯

ધન ધન શ્રી નેમિદાસ તરુકલે રે તરુકલે રે
ભાઈદાસે બિમ્બ સ્થાપન કિયા ૧૦

ઓશવંશ ભૂપાલ જેહવારે જેહવારે તેવા થયા જિન શાસને રે ૧૧

દ્રવ્ય ખરચે જલધર આષાઢો રે આષાઢો રે
વરસૈ તિમ દ્રવ્ય ખરચતાં રે ૧૨

શ્રી ગુરુના ઉપદેશ એહવીરે એહવીરે ધર્મ કરણી ચિત્તમેં વસી રે ૧૩

નવકારસી ભોજન ધૃતપૂરરે ધતપૂરરે અન્ય મિષ્ઠાનવિધિ યુક્તા રે ૧૪

સુવિહિત ખરતર ગચ્છ સ્વચ્છતા રે સ્વચ્છતા રે
સુરસિન્ધ ને તુલ્યતારે ૧૫

ગચ્છ ચોરાસીમેં ભાણ જ્ઞાનને રે જ્ઞાનને રે
સરસતિ કુટુંબ સમરસંચતિરે ૧૬

સંવત અઢાર અઠાવીસ માધવરે માધવરે
સુદિ દ્વાદશી શુભ સુરગુરુરે ૧૭

સૂરતિ બંદર રમ્ય કમલ કમલા રે વિમલા ધરિ ધરિ રંગથી રે ૧૮

ગોપીપુરા તે મધ્ય રાજૈ રાજૈ રે ચૈત્ય શીતળ જિનપતિ તણૌ રે ૧૯

ખરતર ગચ્છનો સંઘ ચિરંજયો રે ચિરંજયો રે
ગુલાબચંદ ગુરુભક્તિમેરે. ૨૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચતુરમેં ચાણિક્ય તુલ્ય મુલતાનીરે મુલતાનીરે મન્છા રામજી ભક્તિસું. ૨૧

દેવગુરુ પરિભક્તિ ધારેરે ધારેરે દ્રવ્ય ખરચૈ સ્વશક્તિથી રે. ૨૨

ઈત્યાદિક જે સંઘ પ્રસમરે પ્રૂસમરે વલીદુગ્પસહ લગૈ સદારે. ૨૩

કીધું અષ્ટોત્તરી સ્નાત્ર સ્નાત્ર જિનવરૈ વૈશાખ વદિ પંચમ ગુરુ રે ૨૪

શ્રી જિનલાભસૂરિરાજ જંપૈરે જંપૈરે, ઘરિઘરિકુશલતા વધો રે. ૨૫

કલશ

શીતલ જિનપતિ ગૌડીપાસ ચૌવીસ જિનપતિ થાપના,
મુખ્યતા શ્રી વીર જિનવર કેવલજ્ઞાની થાપના.
પદ્મનાભ જિન સહસફણ પ્રભુ સીમંધર ઠવણાવરૂ,
જિનલાભસૂરિવર પ્રતિષ્ઠિત શ્રી **ભાઈદાસનેં** સુખ કરૂં.

ઉપરાંત ક્ષમાકલ્યાણ રચિત શ્રી શીતલનાથજીના દેરાસરના વર્ણનનું એક સ્તવન છે જે પણ ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી હોઈ અક્ષરશઃ મૂકવામાં આવેલું છે.

શ્રી શીતલનાથજીના દેરાસરનું વર્ણન

પંથડો નિહાલું રે બીજા જિનતણો રે – એ દેશી

ભવિજન પૂજો રે **શીતલ** જિનપતિ રે, નયનાનન્દન ચંદ,
પ્રભુજી વિરાજૈ સુરત બિંદરે રે, નન્દાદેવીનો નંદ. ભ૦ ૧

જગહિતકારી રે જિનજી અવતર્યા રે, શ્રી દઢરથ નૃપ ગેહ,
શ્રીવચ્છ સોહે રે લાંછન સુન્દરૂ રે, કનકવરણ પ્રભુ દેહ. ભ૦ ૨

વિષય નિવારી રે સંયમ આદર્યો રે, લાધ્યું કેવલનાણ,
સઘન ઘનાઘન જિમ ધર્મ વરસતારે, વિચર્યા ત્રિભુવન ભાણ. ભ૦ ૩

વેદની પ્રમુખ જે શેષ રહ્યા હુંતા રે, ચ્યાર અઘાતી કર્મ,
દૂર નિવાર્યા રે અનુક્રમે તેહનેં રે, પામ્યા શિવપદ શર્મ. ભ૦ ૪

સંપ્રતિકાલે રે શ્રી જિનરાજનો રે, પૂજીજે પ્રતિબિંબ,
પ્રતિદિન લહિયૈં રે, પ્રભુ પ્રસાદથી રે, મનવંછિત અવિલંબ. ભ૦ ૫

શ્રી જિનવરનો બિમ્બ વિલોકતાં રે, દુષ્કૃત દૂર પુલાય,
ઈન્દ્રિયનિગ્રહ સુગ્રહ સંપજે રે, સમકિત પણ દઢ થાય. ભ૦ ૬

શ્રી સદ્ગુરુના મુખથી સાંભલ્યા રે, એહવા વચન વિશાળ,
તે બહુમાને નિજ ચિત્તમાં ધરિ, **નેમી** સુત **ભાઈદાસ.** ભ૦ ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈત્ય કરાવ્યું રે સુન્દર શોભતું રે, મન ધરી અધિક ઉલ્લાસ,
શીતલ પ્રભુનો બિંબ ભરાવિયો રે, **સહસફણા** વલિ પાસ. ભ૰ ૮

વરસ **અઢારેં સત્તાવીસમેં** રે, **માધવ માસ** મઝાર,
ઉજવલ **દ્વાદશી દિવસે** થાપીયારેં, બિંબ અનેક ઉદાર. ભ૰ ૯

એકસો ઈક્યાંસી સહુ મેલેં થયા રે, બિમ્બાદિક સુવિચાર,
કીધ પ્રતિષ્ઠા તે દિન તેહની રે, વિધિપૂર્વક મનધાર. ભ૰ ૧૦

શ્રી **જિનલાભસૂરીશ્વર** દીપતા રે, શ્રી **ખરતરગચ્છ** ભાણ,
તાસ પસાય મેં શીતલ જિન થુણ્યા રે, વિબુધ **ક્ષમાકલ્યાણ**. ભ૰ ૧૧

ઉપર્યુક્ત સ્તવનોમાં સં૰ ૧૮૨૭-૨૮ દરમ્યાન આ જિનાલયનાં જિનબિંબોની પ્રતિષ્ઠા ભાઈદાસે શ્રી જિનલાભસૂરિની નિશ્રામાં કરાવી તે સ્પષ્ટ થાય છે.

ઉપરાંત અન્ય સ્તવનોમાં પણ આ જિનાલયનાં બિંબોની પ્રતિષ્ઠા અંગે ઉલ્લેખો મળે છે. જિનલાભસૂરિકૃત શ્રી વીરજિનસ્તવનમાં નીચે મુજબની પંક્તિઓમાં તે સમયની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે :

નૂતનબિંબ શ્રી વીરનો ઠવિયું ચૈત્ય વિશાલ,
શ્રી જિનલાભ સુરિન્દવર પ્રતિષ્ઠિત ઉજમાલ. ૧

શ્રી જિનલાભસૂરિ રચિત સહસ્રફણા પાર્શ્વજિન સ્તવનમાં ભોંયરામાં બિરાજમાન સહસ્રફણા પાર્શ્વનાથ અંગેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ભૂમિગ્રહમેં સહસફણા પારસનાથ પ્રગટ્ટ,
તસ ગુણ કિંચિત્ વર્ણવું જસ નામેં ગહગટ્ટ.

ઉપરાંત અનાગત ચોવીસી શ્રી પદ્મનાભ જિનસ્તવનમાં પદ્મનાભના બિંબની પ્રતિષ્ઠા જિનલાભસૂરિએ કર્યાનો ઉલ્લેખ છે :

અનાગત ચૌવીસી થસ્યે શ્રી **પદ્મનાભ** જિનરાજ,
જીવિત મૂરતિ બિમ્બવર ભવષ્યતિ સિરનોં તાજ. ૧

શ્રી જિનલાભ સૂરીશ્વરે પ્રતિષ્ઠિત શુભ દિન્ન,
પઢમ તીર્થંકર જે થસ્યે, તસ પઢિમા નહીં ભિન્ન. ૨

તે જ પ્રમાણે સીમંધરમૂર્તિ સ્થાપિત સ્તવનમાં સીમંધરસ્વામીના બિંબની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

શ્રી જિનલાભસૂરીશ્વરે પ્રતિષ્ઠિત હો **સીમન્ધર** બિમ્બ,
નૂતન કલ્પતરુ ફલ્યૌ તત્વ સમકિત હો ફલમાનું અમ્બ. ૧૨ શ્રી૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૮૨૮માં ઉપરના મજલે ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન હતી. આ અદ્‌ભુત પ્રતિમા તેમજ અન્ય ત્રણ પ્રતિમા અનંતનાથ, ધર્મનાથ તથા પદ્માવતીમાતા મુંબઈમાં ગુલાલવાડી મધ્યે આવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજે છે. તથા હાલ આ જિનાલયમાં ઉપરના માળે મૂળનાયક તરીકે શ્રી પોસાયા પાર્શ્વનાથની પ્રતિમા છે જેના પર સં૰ ૧૯૦૩નો લેખ છે.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં તથા સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે. સં૰ ૧૯૮૯માં જિનાલયનો વહીવટ શેઠ પાનાચંદ ભગુભાઈ હસ્તક હતો. ભોંયરામાં જિનદત્તસૂરિની પ્રતિમા હતી તથા બે કાઉસ્સગ્ગ મૂર્તિઓ હોવાની નોંધ છે.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં આ જિનાલય સબંધી નીચે મુજબ નોંધ છે :

'સં૰ ૧૮૨૭ વૈશાખ શુદિ ૧૨ દિને આદિ ગોત્રીય શાહ નેમિદાસના પુત્ર ભાઈદાસે કરાવેલ ત્રણ ભૂમિના પ્રાસાદમાં શીતલનાથ, સહસ્રફણા પાર્શ્વનાથ અને ગોડી પાર્શ્વનાથ આદિ ૧૮૧ બિંબોની પ્રતિષ્ઠા જિનલાભસૂરિએ કરી તથા સં૰ ૧૮૨૮ વૈશાખ શુદિ ૧૨ને દિને ત્યાં ૪ દેવગૃહમાં શ્રી મહાવીર આદિ ૮૨ બિંબોની પ્રતિષ્ઠા કરી. ..... સં૰ ૧૮૨૭ વૈ૰ શુ૰ ૧૨ ગુરુવારે ગોડી પાર્શ્વની, વીર બિંબની, જીવિત મૂર્તિ પદ્મનાભ (શ્રેણિકનો જીવ ભવિષ્યમાં થનાર તીર્થંકર)ની પણ તેમણે પ્રતિષ્ઠા કરી. મૂલનાયક વીર બિંબ અને અન્ય ૨૩ જિનનાં બિંબ. અજિતજિન આદિ એક ચૈત્યમાં સ્થાપિત કર્યા અને તે સૂત્રિના ઉપદેશથી શ્રાવક ભાઈદાસે સર્વ કર્યું. ભૂમિગૃહમાં સહસ્રફણા પાર્શ્વની સ્થાપના કરી. અતીત જિનમાંથી કેવળજ્ઞાની પ્રથમ જિનના નૂતનબિંબની, અનાગત જિનમાંથી પદ્મનાભની જીવિતમૂર્તિની, વિહરમાન જિનમાંથી સીમંધરસ્વામીની મૂર્તિની સ્થાપના ભાઈદાસે કરી અને સં૰ ૧૮૨૮ વૈ૰ શુ૰ ૧૨ બૃહસ્પતિવારે જિનલાભસૂરિએ પ્રતિષ્ઠા કરી.'

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયનો ધાબાબંધી જિનાલય તરીકે ઉલ્લેખ થયો છે. કુલ બત્રીસ આરસપ્રતિમા તથા એકાવન ધાતુપ્રતિમા હતી. વહીવટ શેઠ ફકીરચંદ પાનાચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલયનો વહીવટ શ્રી નેમચંદ પાનાચંદ ભગુભાઈ હસ્તક હોવાની નોંધ છે.

આજે જિનાલયમાં કુલ ચાળીસ આરસપ્રતિમા તથા છવ્વીસ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી હિતેશભાઈ તલકચંદ ઝવેરી, શ્રી નવીનચંદ્ર નેમચંદ ઝવેરી તથા શ્રી હેમેન્દ્રભાઈ ફકીરભાઈ ઝવેરી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય સં૰ ૧૮૨૭નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુભાષચોક, ગોપીપુરા

૨૨. આદેશ્વર (સં૰ ૧૯૨૫)

ગોપીપુરા, સુભાષચોક મેઈન રોડ પર જનતા સ્ટોર્સની ગલીમાં શ્રી શીતલનાથ - શ્રી સહસ્રફણા પાર્શ્વનાથના જિનાલયની બાજુમાં શ્રી આદેશ્વરનું ધાબાબંધી જિનાલય આવેલું છે. લાલીના દેરાસર તરીકે આ જિનાલય પ્રસિદ્ધ છે.

નાના લાંબા ઓટલા પર બે પ્રવેશદ્વાર છે. એક મોટી રૂમમાં એક બાજુ શિખરબંધી આરસની છત્રી-દેરીમાં ૧૫" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસ-પ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા બિરાજે છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. અહીં શત્રુંજય, પાવાપુરી, કેસરિયાજી, સમોવસરણ તથા શંખેશ્વર પાર્શ્વનાથના ફોટા ફ્રેઈમ કરેલા છે. જમણી બાજુ ચક્રેશ્વરીદેવીનો ગોખ છે. મૂળનાયકની ડાબી બાજુની પ્રતિમા પર 'સં૰ ૧૯૨૧ .. માઘ માસે શુક્લ પક્ષે .....' – મુજબનું લખાણ તથા જમણી બાજુની પ્રતિમા પર સં૰ ૧૯૨૧નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

હાલ આ જિનાલયની પાસે આવેલ શ્રી શીતલનાથના જિનાલય વિશે **સં૰ ૧૯૬૩**માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં **ઘણી દેરાસરની હકીકત લખવા જતાં ના કહે છે** – મુજબની નોંધ છે. સંભવ છે કે આ જિનાલયની નોંધ પણ ન કરવા દીધી હોય અથવા સરતચૂકથી રહી ગઈ હોય.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સુરતનાં જિનાલયોની યાદીમાં પ્રેમચંદ રાયચંદ ધર્મશાળા પાસે - વિસ્તારમાં લાલીનું દેરાસર તરીકે આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં પણ આ જિનાલય ઉપર્યુક્ત વિસ્તારમાં દર્શાવ્યું છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ નગીનચંદ કપૂરચંદ ઝવેરી હસ્તક હતો.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં ગોપીપુરા વિસ્તારમાં લાલીના દેરાસર તરીકે આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા હતી જે આજે પણ યથાવત્ છે. સં૰ ૧૯૧૦માં હરકોરબહેને આ જિનાલય બંધાવ્યું હોવાનો તથા વહીવટ કબલીબહેન હસ્તક હોવાનો ઉલ્લેખ હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની યાદીમાં પણ પ્રેમચંદ ધર્મશાળા પાસે ગલીમાં શ્રી આદેશ્વરનું – લાલીનું જિનાલય વિદ્યમાન હોવાની નોંધ છે. જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૨૫માં થઈ હતી. મૂળનાયકની આજુબાજુની પ્રતિમા પર સં૰ ૧૯૨૧ માહા સુદ ૭ ગુરુવારનો લેખ હોવાની નોંધ હતી. વહીવટ શેઠ ચંદુલાલ બાપુલાલ હસ્તક હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે આ જિનાલયનો વહીવટ શ્રી માણેકચંદ ઝવેરી તથા શ્રી ચંદુલાલ માણેકલાલ ઝવેરી હસ્તક છે.

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં તથા **સં. ૧૯૬૮**માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં આ જિનાલયનો ઉલ્લેખ નથી. પરંતુ અન્ય ઉપલબ્ધ માહિતીના આધારે આ જિનાલય **સં. ૧૯૨૫**ના સમયનું હોવાનો વિશેષ સંભવ છે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

હાથીવાળું દેરાસર, ગોપીપુરા

૨૩. ધર્મનાથ (સં. ૧૬૬૪)

સૂરજમંડન પાર્શ્વનાથ (સં. ૧૬૭૮)

ગોપીપુરા મધ્યે હાથીવાળા દેરાસરની ગલીમાં આરસ તથા સાદા પથ્થરનું શ્રી ધર્મનાથ તથા શ્રી સૂરજમંડન પાર્શ્વનાથનું શિખરબંધી સંયુક્ત જિનાલય આવેલું છે. ભોંયરામાં મૂળનાયક શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ છે. જિનાલય દેવસૂરગચ્છનું ગણાય છે.

શૃંગારચોકીમાં હાથીનાં શિલ્પો દીવાલમાં ઉપસાવેલાં છે. ત્રણ પ્રવેશદ્વાર છે. જમણી બાજુ એક રૂમમાં યતિની ગાદી, માણિભદ્રવીર તથા નાકોડાભૈરવ બિરાજે છે. રંગમંડપ વિશાળ છે. ૫૧'.૩" ફૂટનો વ્યાસ ધરાવતો કોતરકામયુક્ત ઘુમ્મટ છે. પુંડરીકસ્વામી તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓના ગોખ છે. વાયુભૂતિ, દેવચંદ્રસૂરિ તથા વિજયપ્રભાસૂરિની આરસની ગુરુમૂર્તિઓ છે તથા કાઉસ્સગ્ગ મુદ્રામાં વર્તમાન ચોવીસીની ચોવીસ શ્યામ આરસપ્રતિમા છે.

મુખ્ય ગભારા સિવાય દેવકુલિકાની રચનાવાળા અન્ય બે ગભારા છે. તે પૈકી એક ગભારામાં મધ્યે ૨૧" ઊંચી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરસપ્રતિમા તથા અન્ય ગભારામાં મધ્યે ૨૧" ઊંચી શ્રી ગોડી પાર્શ્વનાથની આરસપ્રતિમા બિરાજે છે. શ્રી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પુનઃ પ્રતિષ્ઠા પૂર્વે આ જિનાલયમાં ઉપરના માળે બિરાજમાન હતી તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા આ જિનાલયની પાસે આવેલ જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન હતી. મુખ્ય ગભારામાં ૨૧" ઊંચી મૂળનાયક શ્રી ધર્મનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત નયનરમ્ય પ્રતિમા બિરાજે છે. મૂળનાયક પ્રતિમા પર લેખ નથી. કુલ અડસઠ આરસપ્રતિમા પૈકી ચોવીસ કાઉસ્સગ્ગિયા છે તથા એક ધાતુપ્રતિમા છે.

સં. ૨૦૪૩માં મહા સુદ ૧૩ તા. ૧૧-૨-૧૯૮૭ને બુધવારે તે ચોવીસ શ્યામ કાઉસ્સગ્ગિયા આરસપ્રતિમાની અંજનશલાકા થયા પછી મહા સુદ ૧૪ તા. ૧૨-૨-૧૯૮૭ના રોજ ભોંયરામાંના મૂળનાયક શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિમા સિવાય શ્રી ધર્મનાથ આદિ જિનબિંબો સાથે ઉપર્યુક્ત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ જિનાલયનાં જિનબિંબો તથા શ્રી ગોડી પાર્શ્વનાથ આદિ જિનાલયનાં જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા આ. શ્રી વિજયકુમુદચંદ્ર- સૂરિ, આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિ, આ. શ્રી વિજયઅશોકચંદ્રસૂરિ, આ. શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિ આદિની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિશ્રામાં થયેલ છે.

ભોંયરામાં પણ વિશાળ રંગમંડપ છે. ચક્રેશ્વરીદેવી, પદ્માવતીદેવી તથા વિજયદેવસૂરિની આરસની મૂર્તિઓના ગોખ છે. ગભારો નાનો છે. ૬૫'' ઊંચી મૂળનાયક શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની ભવ્ય, મનોહર, અલૌકિક અને ચમત્કારીક પ્રતિમા પર સં૰ ૧૬૭૮નો લેખ છે જે નીચે મુજબ છે :

'સંવત ૧૬૭૮ વર્ષે કાર્તિક વદિ ૫ દિને ગુરુવાસરે પુનર્વસુ નક્ષત્રે શ્રી સુરત બંદરે પાતસાહી સલીમ શાહી વિજયમાન રાજ્યે .... પ્રાગવાટ જ્ઞાતિય લઘુશાખાયાં મહુખા (મહંત ખોશા ?) ભાર્યા કોડમદે સુત કુલશા ભાર્યા ..... જિનશાસનપ્રભાવક સાહુ શ્રી નાથા ભાર્યા ગંગા સુત સા૰ સુરજી સા૰ માણિકજી પૌત્ર સાહીદાસ પ્રમુખ કુટુંબે ..... નવફણા પાર્શ્વનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં સુવિહિત માર્ગ પ્રકાશક ભટ્ટારક શ્રી ૫ આણંદવિમલસૂરિ પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી ૫ વિજયદાનસૂરિ પટ્ટ પ્રકાશક પાતશાહી શ્રી અકબર મહારાજ પ્રદત્ત ષણ્માસિકજીવાભય સકલ દેશ જીજીઆકર નિવારણ સંલબ્ધમાન શ્રી શત્રુંજયાદિ કરણાવતંસહ ..... સત પ્રભાવક શ્રી ૫ હિરવિજયસૂરીશ્વર પટ્ટ ભાસ્કર સમાન પાતસાહી શ્રી અકબર દત્ત બહુમાન સાહી શ્રી અકબરલબ્ધજય ભટ્ટારક શ્રી ૫ વિજયસેનસૂરીશ્વર પટ્ટોદયગિરિ ભાસ્કર સમાન સુવિહિત માર્ગદીપક જસ ભાલવ બહુમાન પાતસાહ શ્રી સલીમ સાહી દત્ત ..... ઉપાધ્યાય શ્રી ૫ રત્નચંદ્રગણિભિઃ'

ભોંયરાના જિનાલયના જીર્ણોદ્ધાર વખતે શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની આરસપ્રતિમાની બરોબર પાછળ એક ગોખમાંથી વેલુના શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિમા પ્રાપ્ત થઈ હતી જે હાલ ગભારાની પાછળ મૂળનાયકની બરાબર પાછળ ગોખમાં બિરાજમાન છે. અહીં મૂળનાયકની એક આરસપ્રતિમા તથા એક વેલુની પ્રતિમા છે. કુલ એકસો બેતાળીસ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં ધર્મનાથ તથા સૂરજમંડન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

ધર્મ એ **ધર્મ** એ જિણેસર વંદિઈ એ,
આપઈ એ આપઈ ધર્મ ઉદાર કે,
પન્નરમો પરમેશ્વરૂ એ,
વિશ્વ એ વિશ્વતણો આધાર કે,
ધર્મ જિણેસર વંદિઈ એ.

ત્રુ૰

વંદિઈ **ધર્મજિણંદ** જગગુરૂ નયર **સૂરતિમંડણો**,
ભવ કષ્ટવારણ સુગતિ કારણ પાપ તાપ વિહંડણો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુભવી પદવી જેણઈ અનુપમ ધર્મ – ચક્કીસરતણી,
મુઝ પુણ્ય તરૂઅર ફલ્યો પામી સ્વામી સેવાસારણી. ૩

વામા એ **વામા** એ **સુત** સોહામણો એ,
સિવપુર સિવપુર કરો સાથ કે;
નાથ જ્યો ત્રિભુવનતણો એ,
સૂરતિ **સૂરતિમંડણ** નામ કે;
વામાસુત સોહામણો એ.

ત્રુ૦

વામાતણો સુત સદા સમરથ સેવકાં સાધાર એ,
જગસૂઘ મંદિર થંભ થોભણ નોધારાં આધાર એ;
સસિ સૂર નૂર સમાન કુંડલ મુકુટ મોટો મનહરઈ.
વલિ હાર હીરાતણો હિઅડઈ તેજ તિહુઅણિ વિસ્તરઈ ૪

સં૦ ૧૭૨૧માં ઉપા૦ મેઘવિજયજીકૃત **શ્રી પાર્શ્વનાથ નામમાલા**માં કવિ સૂરજમંડન પાર્શ્વનાથને નમસ્કાર કરે છે :

સૂરતિમંડણ એ ભજ ભીડભંજણ એ, એ૦

સં૦ ૧૭૩૧માં ઉપા૦ વિનયવિજયજીકૃત **શ્રી જિનસહસ્રનામ સ્તોત્ર**માં તેમણે આ પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કર્યા છે.

સં૦ ૧૭૪૬માં શ્રી શીલવિજયકૃત **તીર્થમાલા**માં સૂરજમંડન પાર્શ્વનાથનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

નવસારી **સુરતમંડાણ**, ચિંતામણ, સોહે જિનભાણ,
ઉંબરવાડી જીરાઉલા, આદિનાથ ગાઉં ગુણનીલો ૧૧૧

સં૦ ૧૭૫૫માં જ્ઞાનવિમલકૃત **તીર્થમાળા**માં સુરતનાં જિનાલયોના વર્ણનમાં ધર્મનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં છે :

ધુર થકી શહેરમાં વંદિયા, પાસ ચિંતામણી વારૂ
ધર્મ જિનેસર નમિ જિન, કુંથુ જિનેસર તારૂ

સં૦ ૧૭૮૭માં જૈનેન્દ્રસાગરકૃત **શ્રી વિજયદયાસૂરિની સઝાય**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ મળે છે :

સૂરતિ મંડન પ્રભુ પાસ, ધર્મનાથ પૂરે મન આસ,
ભેટે મનનૈ ઉલ્લાસ ॥ સ૦ ॥ વિ૦ ॥ ॥ ૧૭ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સતરૈ સૈ સત્યાસિ વરસે, ફાગણ સુદી ત્રીજને દીવસે
મૂહૂરત કીધું દિ સરસેં ॥ સ૦ ॥ વિ૦ ॥ ॥ ૧૮ ॥

ઇમ ઓછવ કરી પધરાવ્યા, **સૂરતિ ચોમાસુ** આવ્યા
સંઘૈ જૈત નીસાણ વજાવ્યા ॥ સ૦ ॥ વિ૦ ॥ ॥ ૧૯ ॥

૧૮મા સૈકામાં શ્રી કલ્યાણસાગરકૃત **શ્રી પાર્શ્વનાથ ચૈત્યપરિપાટી**માં કવિ સુરતના પાર્શ્વનાથના દર્શન કરે છે.

સં૦ ૧૭૮૬ પછી જિનવિજયકૃત **ક્ષમાવિજય નિર્વાણરાસ**માં સં૦ ૧૭૮૦માં ક્ષમાવિજયે સુરતમાં ચોમાસું કર્યાની નોંધ સાથે આ જિનાલયનો ઉલ્લેખ કર્યો છે :

ભેટી **ધર્મજીણંદ** સુપાસ, શ્રી **સુરત મંડણ પાસ**
શ્રી સંઘને અધિક ઉલ્લાસ, સંવત એંસીએ રહ્યા ચોમાસ

સં૦ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ત્રીજે શ્રી ધર્મનાથને દેહરામાંહે સુણો સંતો રે;
સુરજમંડણ પાસજી ભૂયરામાંહે ભગવંતો રે. શ્રી જિન૦ ૭

ચોવીસબિંબ પાષાણમેં સાત રતનમેં દીપે રે;
એકસો સીતરે ધાતુમેં નિરષંતા નયન ન છીપે રે. શ્રી જિન૦ ૮

સં૦ ૧૭૯૯માં શ્રી ઉત્તમવિજયએ સુરતમાં રચેલ **સંયમશ્રેણી ગર્ભિત મહાવીર સ્તવ સ્વોપજ્ઞ ટબા** સહિતમાં આ જિનાલયનો ઉલ્લેખ છે :

સૂરત માંહે **સૂરજમંડણ** શ્રી જિનવિજય પસાયો,
વિજયદયાસૂરિરાજે જગપતિ, ઉત્તમવિજય મલ્હાયો રે. ભલે૦ ૧૧

સં૦ ૧૭૯૯માં જ ઉક્ત કવિકૃત શ્રી **જિનવિજય નિર્વાણરાસ**માં સૂરજમંડન પાર્શ્વનાથને જુહાર્યાની નોંધ છે :

સુરત મંડન પાસ પ્રમુખ જિન નિરખીત હરખીત થાયજી

જયસાગરકૃત તીર્થમાળામાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

સુરતમંડણ કલીકુંડું વળી ભાભો ઘૃતકલ્લોલ, ભવિયણ
જગવલ્લભ ને સહસફણો, જુહારો નિસાપોલ. ભવિયણ ૩૧.

સં૦ ૧૮૧૪ આસપાસ કવિશ્રી રત્નવિજય લિખિત ચોવીસીના અંતે કલશમાં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની સ્તવના કરી છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂર્યમંડણ પાસ પસાયા, સુરત બિંદરમેં સુહાયા રે
ત્રિકરણયોગ મેં દ્રનેર કાયા, ચોવીસ પ્રભુ ગુણ ગાયા રે.

સં૰ ૧૮૨૮માં પદ્મવિજયકૃત **ઉત્તમવિજય નિર્વાણરાસ**માં આ જિનાલય જુહાર્યાની નોંધ કરી છે :

સુરત મંડણ ધર્મ સંભવ શાંતિ જિના,
રૂષભ વીર તિમ અજીત નમ્યા થઈ એકમના

સં૰ ૧૮૪૩માં પ્રેમચંદ સંઘવીએ સિદ્ધાચલનો સંઘ કાઢ્યો હતો. સુરત પાછા ફરતાં સંઘ આ જિનાલયના પણ દર્શન કરે છે જેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ઈમ આડંબર આવીયા, **સૂરતમંડણ** હે ભેટ્યા કે;
ધર્મનાથ પ્રભુ ધ્યાવતાં, ગોડીચોં હેં પૂરેં આસકે. વા૰ ૧૨

સં૰ ૧૮૭૭માં દીપવિજયકૃત **સુરત કી** ગઝલમાં આ જિનાલય વિશે નીચે મુજબની પંક્તિઓમાં નોંધ આવે છે :

સંવત સોલ વિક્રમરાજ, સૂરત નામ ગણિકા સાજ,
તાપર પાતસાહકી મેહેર, તાનેં વસ્યો સૂરત સેહેર. ૩

ફિરક ગોપિસા સાહુકાર, ગોપીપુરા વાસ્યા સાર
ગોપી નામ સરવર વાવ, પથ્થર કેલબંધી સાવ. ૪

સૂરજમંડના શ્રી પાસ, થાપન કિયા ગોપીદાસ
તાપિ છક્કરાંસી પતસાહ, કિલ્લા કીન વડઉચ્છાંહ. ૫

ત્યારબાદ આ જ ગઝલમાં કવિ સુરતનાં જિનાલયોના નામમાં આ જિનાલયનો ઉલ્લેખ કરે છે :

નીકે જૈનકે પ્રાસાદ, દેખત હોત હે આલ્હાદ
સૂરતમંડના શ્રી પાસ, ફિરકે **ધર્મ** દેવલ ખાસ. ૬૩

કવિ દીપવિજયજી **સુરત નગરનું વર્ણન** કરતાં આ જિનાલય વિશે નીચે મુજબની પંક્તિઓમાં નોંધ કરે છે :

સકલ બિંદરમાં સોભિત બિંદર સ્વર્ગપુર અવધાર,
મંદર ગિરિસમ જિનવર મંદિર દંડકલસ ધ્વજ સાર,
મૂલનાયક શ્રી **ધર્મ જિનેશ્વર** પરમેશ્વર સુખકાર,
શ્રી **શંખેશ્વર પાસ** બિરાજૈ છાજૈ મહીમા સાર ૧

શ્રી **ગોડીય મંડન** દૂરિય વિહંડન ભવભય ભંજણ હાર
સુર્યમંડન પમુહા વિહાર છૈ સુંદર અતિ ઉત્તંગ ઉદાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે આ જિનાલયમાં ઉપર્યુક્ત ચારે પ્રતિમા અલગ અલગ ગભારામાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

સં૰ ૧૮૮૧માં ઉત્તમવિજયકૃત **શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ નામના છંદ**માં સૂરજમંડન પાર્શ્વનાથના નામનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૫૬માં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની પુનઃ પ્રતિષ્ઠા શ્રી મોહનલાલજી મહારાજની નિશ્રામાં જીવણચંદ ધરમચંદ તથા બાલુભાઈ મૂલચંદ દ્વારા કરવામાં આવી હતી.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી. આજે આ જિનાલયમાં પ્રતિષ્ઠિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. તે સમયે જિનાલય ધાબાબંધી હતું. કુલ અગિયાર આરસપ્રતિમા તથા સાડત્રીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં ડાહ્યાભાઈ વકીલના ખાંચામાં ધર્મનાથના જિનાલયનો ઉલ્લેખ છે તથા ભોંયરામાં સૂર્યમંડનની મોટી અને અદ્‌ભુત પ્રતિમા હોવાની નોંધ છે. આ વિસ્તારમાં જ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય હોવાની નોંધ છે.

સં૰ ૧૯૮૪માં વકીલના ખાંચામાં ધર્મનાથનું જિનાલય તથા શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય – એમ બન્ને જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં વકીલના ખાંચામાં દર્શાવેલ આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'દેવસુર ગચ્છનો વહીવટ છે. આ દેરાસરમાં માળ પર દેરાસર છે જેમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથજી ભગવાન છે, એમાં ભોંયરૂ છે જેમાં આચાર્યોની મૂર્તિઓ અને પગલાંઓ છે. આ દેરાસરમાં જૂના વખતની દેવસુર ગચ્છના શ્રી પૂજની ગાદી છે. આ દેરાસરના ભોંયરામાં સૂરજમંડન શ્રી પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ છે જે અલૌકિક અને પ્રભાવિક છે. આ દેરાસરજીના પાછલા ભાગમાં એક મંદિર છે જે જૂના વખતનું હોય એમ લાગે છે. આ દેરાસરજી હાથીવાળા દેરાસર તરીકે ઓળખાય છે.'

ઉપરાંત આ જ વિસ્તારમાં શંખેશ્વર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ છે જેનો વહીવટ ધર્મનાથના જિનાલયના વહીવટદારો હસ્તક હતો.

સં૰ ૧૯૫૬માં મોહનલાલજી મહારાજની નિશ્રામાં જીવણચંદ ધરમચંદ તથા બાલુભાઈ મૂલચંદ દ્વારા શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની પુનઃ પ્રતિષ્ઠા થઈ હોવાની નોંધ **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં કરવામાં આવી છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં હાથીવાળું દેરાસર એ સરનામા સાથે ધર્મનાથના આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. તે સમયે કુલ પચીસ આરસપ્રતિમા, પંદર ધાતુપ્રતિમા, બે ગુરુમૂર્તિ તથા રજત ચોવીસી પટ હતા. મૂળનાયક પર સં૰ ૧૬૬૪નો લેખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાની તથા વહીવટ શેઠ મંગુભાઈ બાલુભાઈ સંઘવી હસ્તક હોવાની નોંધ છે. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત ત્રણ અલગ ગભારા હોવાની વિશેષ નોંધ છે. ઉપરાંત શંખેશ્વર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. કુલ ચૌદ આરસપ્રતિમા તથા સાડત્રીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ મંગુભાઈ બાલુભાઈ સંઘવી હસ્તક હતો.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદીમાં ગોપીપુરા, હાથીવાળા ખાંચામાં આ જિનાલયનો ઉલ્લેખ છે. ધર્મનાથના આ જિનાલયમાં ઉપરના માળે ગોડી પાર્શ્વનાથ તથા ભોંયરામાં સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિમા હોવાની નોંધ છે. ધર્મનાથની પ્રતિષ્ઠા અકબર બાદશાહના સમયમાં તથા સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા સલીમ બાદશાહના વખતમાં થઈ હતી. સં૰ ૧૬૭૮માં કારતક વદ ૫ ગુરુવારે શ્રી રત્નચંદ્રના હસ્તે સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિમાની તથા સં૰ ૧૬૬૪માં જેઠ સુદ ૫ સોમે ઓસવાલ શ્રાવક નાગજી દ્વારા શ્રી હીરવિજયસૂરિ હસ્તે ધર્મનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હોવાની નોંધ છે. ઉપરાંત સં૰ ૧૯૫૬માં જિનાલયનો જીર્ણોદ્ધાર થયાની નોંધ છે. વહીવટ શ્રી વિજયદેવસૂર ગચ્છની પેઢીના શેઠ મંગુભાઈ બાલુભાઈ સંઘવી હસ્તક હતો. તથા શંખેશ્વર પાર્શ્વનાથના જિનાલયમાં પ્રતિષ્ઠા સં૰ ૧૮૯૩ મહા સુદ ૧૦ બુધવારે ઓસવાલ જ્ઞાતિના તારાચંદ ભાર્યા બાઈ જડાવ પુત્ર સવાઈચંદ, ભાઈ દુર્લભચંદ, ભાઈ મલુકચંદ પરિવારે શ્રી વિજયઆણંદસૂરિગચ્છના વિજયધનેશ્વરસૂરિની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે.

શંખેશ્વર પાર્શ્વનાથના આ જિનાલયની પ્રતિમા આજે ધર્મનાથ-સૂરજમંડન પાર્શ્વનાથના સંયુક્ત જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

જિનાલયનો વહીવટ શ્રી પ્રવીણચંદ્ર બાબુભાઈ સરકાર, શ્રી દીપચંદ સુરચંદભાઈ ઝવેરી, શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી તથા શ્રી મહેન્દ્રભાઈ સી૰ સરકાર હસ્તક છે.

ટૂંકમાં ધર્મનાથનું જિનાલય **સં૰ ૧૬૬૪**ના સમયનું છે તથા સૂરજમંડન પાર્શ્વનાથનું જિનાલય **સં૰ ૧૬૭૮**ના સમયનું છે.

• • •

હાથીવાળા દેરાસરની ગલીમાં, ગોપીપુરા

૨૪. ધર્મનાથ (સં૰ ૧૯૦૩)

ગોપીપુરા મધ્યે હાથીવાળા દેરાસરની ગલીમાં શ્રી ધર્મનાથનું સાદું, નાનું, શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય ડાહી દોશીના જિનાલયના નામથી પ્રચલિત છે.

જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૧ને વૈશાખ સુદ ૭ રવિવારના દિને શ્રી જયંતિલાલ છોટાલાલ ખોડુવાલા પરિવાર દ્વારા આ૰ શ્રી વિજયચંદ્રોદય સૂરિ તથા આ૰ શ્રી વિજયઅશોકચંદ્ર સૂરિની નિશ્રામાં કરવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રંગમંડપમાં ડાબી બાજુના અન્ય એક દ્વારમાંથી શ્રી મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં જઈ શકાય છે જે લક્ષ્મીબાઈના જિનાલય તરીકે પ્રચલિત છે. રંગમંડપ મધ્યમ કદનો છે. હાથી પર બિરાજમાન માણિભદ્રવીરની આરસમૂર્તિ એક બાજોઠ પર પરોણાગત રાખેલ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૨૬" ઊંચી મૂળનાયક શ્રી ધર્મનાથની પ્રતિમા સાદી કોતરણીવાળી આરસની છત્રીમાં બિરાજે છે. પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે. અક્ષર ઘસાયેલ હોવાથી લેખ સંપૂર્ણ વાંચી શકાતો નથી. લેખમાં હઠીસીંગના નામનો ઉલ્લેખ છે.

'સંવત ૧૯૦૩ પ્રવર્તમાને માઘ માસે કૃષ્ણ પક્ષે પંચમી ભૃગૌ અહમદાબાદ વાસ્તવ્યે ઓસવાલ જ્ઞાતીય ..... શ્રી ધર્મનાથ બિંબ .....'

જમણે ગભારે શ્રી શાંતિનાથ તથા ડાબે ગભારે શ્રી સુમતિનાથ છે. કુલ ચૌદ આરસ-પ્રતિમા તથા યક્ષ-યક્ષિણીની બે આરસમૂર્તિ છે. દરેક આરસપ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ગોપીપુરા વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ ચૌદ આરસપ્રતિમા તથા સત્તાવીસ ધાતુપ્રતિમા હતી અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં ડાહ્યાભાઈ વકીલના ખાંચામાં વિદ્યમાન ચાર જિનાલયોની યાદીમાં ધર્મનાથના બે જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં પણ વકીલના ખાંચામાં આ જિનાલયનો ઉલ્લેખ છે. બંધાવનાર તરીકે ડાહીબાઈનું નામ દર્શાવેલું છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં ગોપીપુરા, વકીલના ખાંચામાં જ આ જિનાલય વિદ્યમાન હોવાની નોંધ છે. ડાહીબાઈના પિતાશ્રીએ જિનાલય બંધાવ્યાની નોંધ છે. વહીવટ શેઠ મોતીચંદ ગુલાબચંદ ઝવેરી હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં ડાહીડોશીએ શાંતિનાથનું જિનાલય બંધાવ્યાની નોંધ છે. આજે જિનાલયમાં જમણે ગભારે શ્રી શાંતિનાથ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલય ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ ચૌદ આરસપ્રતિમા, એકત્રીસ ધાતુપ્રતિમા તથા એક સ્ફટિકપ્રતિમા હતી. સં૰ ૧૯૦૩ લગભગમાં ડાહીબાઈએ જિનાલય બંધાવ્યું હોવાનો તથા મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ હોવાની નોંધ છે. **સં૰ ૨૦૧૦**માં વહીવટ શેઠ મોતીચંદ ગુલાબચંદ ઝવેરી હસ્તક હતો તથા જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત **ડાહીબાઈના દેરાસર** તરીકે પ્રસિદ્ધ હોવાની વિશેષ નોંધ પણ કરવામાં આવી હતી.

સં૰ ૧૯૦૩ના માહા વદિ ૫ ગુરુવારે અમદાવાદવાલા ઓસવાલ જ્ઞાતિના ખુશાલચંદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂલચંદના પુત્ર કેશરીસંગના પુત્ર હઠીસીંગે સાગરગચ્છના શ્રી શાંતિસાગરસૂરિની નિશ્રામાં ધર્મનાથની પ્રતિષ્ઠા કરાવી – તે મુજબની નોંધ **સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલય વિશે મળે છે.

આજે જિનાલયનો વહીવટ શ્રી પ્રવીણચંદ્ર બાબુભાઈ સરકાર, શ્રી દીપચંદ સુરચંદ ઝવેરી તથા શ્રી મહેન્દ્રભાઈ ઉત્તમચંદ ઝવેરી હસ્તક છે.

અમદાવાદ શહેરમાં દિલ્હી દરવાજા બહાર આવેલ સુપ્રસિદ્ધ હઠીસીંગના જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૦૩માં થઈ હતી. તે સમયે અંજનશલાકા થયેલી અન્ય પ્રતિમાઓ અમદાવાદ, સુરત વગેરે મોટા શહેરોમાં તથા અન્ય તીર્થોમાં પણ પધરાવવામાં આવ્યાના ઉલ્લેખ મળે છે. આ જિનાલયની પ્રતિમાઓ પણ તે સમયે અંજનશલાકા થયેલી હોવાનું માની શકાય. ઉપરાંત આ જિનાલયના મૂળનાયકની પ્રતિમા પરના લેખમાં સં૰ ૧૯૦૩ અને હઠીસીંગ શબ્દ પણ વંચાય છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૦૩** છે.

• • •

હાથીવાળા દેરાસરની ગલીમાં, ગોપીપુરા

૨૫. મનમોહન પાર્શ્વનાથ (સં૰ ૧૯૦૫)

હાથીવાળા દેરાસરની ગલીમાં શ્રી મનમોહન પાર્શ્વનાથનું ત્રણ માળનું શિખરબંધી જિનાલય આવેલું છે. ભોંયરામાં મૂળનાયક શ્રી શાંતિનાથ તથા ઉપરના માળે - શિખરમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી છે. લક્ષ્મીબાઈના જિનાલય તરીકે પ્રસિદ્ધ આ જિનાલયની બાજુમાં ડાહી ડોસીનું શ્રી ધર્મનાથનું જિનાલય આવેલું છે. બંને જિનાલયમાં અવર જવર થઈ શકે તેવું દ્વાર છે.

જિનાલયની સ્થિતિ જીર્ણ છે. ટ્રસ્ટીશ્રીના જણાવ્યા અનુસાર નજીકના ભવિષ્યમાં જીર્ણોદ્ધારનું કાર્ય થશે.

પ્રવેશતાં ચૌદ કાષ્ઠસ્થંભોયુક્ત છાપરાબંધ મોટી ચોરસ જગ્યા છે. મધ્યમ કદના રંગમંડપમાં પ્રવેશવાનું એક કાષ્ઠનું દ્વાર છે. ફરસ આરસની છે. પથ્થરના સ્થંભો પર વિવિધ મુદ્રામાં શિલ્પાકૃતિઓ છે. ઘુમ્મટમાં જીર્ણ શિલ્પો છે. કુલ આઠ ગોખ છે. તે પૈકી એક ગોખમાં બાઈ લક્ષ્મી તથા બાઈ હરકોરની પથ્થરની મૂર્તિ છે. બીજા ગોખમાં શેઠ ભાઈદાસ દુલ્લભદાસ તથા બાઈ લક્ષ્મીની આરસમૂર્તિ છે. અન્ય ગોખ ખાલી છે. એક સ્થંભ પર નીચે મુજબનું લખાણ છે :

આ દેરાસર વીસા ઓસવાલ ન્યાતીના બાઈ લખમી તે શેઠ ભાઈદાસ દુલ્લભદાસની વિધવાએ બંધાવી મુલનાયક પારસનાથ ભગવાનને બિરાજમાન કર્યા છે. સં૰ ૧૯૦૫ ફાગણ સુદ ૩.

ત્રણ કાષ્ઠના ગર્ભદ્વાર છે. ૨૧" ઊંચી મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથની પ્રતિમા પર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૦૩નો લેખ છે જે નીચે મુજબ છે :

'સં૰ ૧૯૦૩ વર્ષે શાકે ૧૭૬૮ પ્રવર્તમાને માઘ માસે શુક્લ પક્ષે ૫ ભૃગુવાસરે શ્રી મહમઈ બિંદર વાસ્તવ્ય ઓસવાલ જ્ઞાતિય વૃદ્ધશાખાયં નાહડગોત્રે સા૰ મોતીચંદ તસ્ય ભાર્યા દીવાલીબાઈ તત્પુત્ર સા૰ ષેમચંદ શ્રી પાર્શ્વનાથ જિનબિંબ કારાપિતં શ્રી બૃહત ખરતરગચ્છે શ્રી જિનમહિન્દ્રસૂરિ રાજ્યે । ભટ્ટારક શ્રી શાંતિસાગરસૂરીશ્વર પ્રતિષ્ઠિતા ।'

કુલ અગિયાર આરસપ્રતિમા છે જે દરેક પર સં૰ ૧૯૦૩માં મહા સુદ પને ગુરુવારે ઓસવાલ જ્ઞાતિના નાહડ ગોત્રના શા૰ મોતીચંદના ધર્મપત્ની દીવાલીબાઈના પુત્રે શ્રી શાંતિસાગરસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. કુલ આઠ ધાતુપ્રતિમા છે. ડાબા ગભારે શ્રી શાંતિનાથ તથા જમણા ગભારે શ્રી મુનિસુવ્રતસ્વામી છે.

રંગમંડપમાં જમણી બાજુ નાના સાંકડા પગથિયાં ઊતરી નીચે ભોંયરામાં જવાય છે. ભોંયરામાં નાનો રંગમંડપ છે. ૨૯" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે જે નીચે પ્રમાણે છે :

'સં૰ ૧૯૦૩ વર્ષે શાકે ૧૭૬૮ પ્રવર્તમાને માઘ માસે શુક્લ પક્ષે ૫ ભૃગુવાસરે શ્રી મહમઈ બિંદર વાસ્તવ્ય શ્રી અશવાલ જ્ઞાતી વૃદ્ધશાખાયાં નાહડગોત્રે શાહા સાકરચંદ તત્પુત્ર શા૰ અમીચંદ તદ્‌ભાર્યા બાઈ સુપ તસ્યપુત્ર શા૰ મોતીચંદ તસ્યભાર્યા દીવાળીબેન .....।'

કુલ પાંચ આરસપ્રતિમા તથા છવ્વીસ ધાતુપ્રતિમા છે.

ઉપરના માળે શિખરમાં ૨૧" ઊંચી મૂળનાયક મહાવીરસ્વામીની એક આરસપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયેલો છે. સં૰ ૧૯૦૬માં લક્ષ્મીબાઈએ જિનાલય બંધાવ્યાની નોંધ છે. કુલ તેવીસ આરસપ્રતિમા તથા ઓગણત્રીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં તીર્થગાઇડ(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલયનો ઉલ્લેખ ડાહ્યાભાઈ વકીલના ખાંચા વિસ્તારમાં થયેલો છે.

સં૰ ૧૯૮૪માં સુરતની જૈન ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'જિનાલયના જીર્ણોદ્ધારની ખાસ જરૂર છે. આ જિનાલયના નિભાવ તેમજ તેની તમામ આવશ્યકતાનો આધાર મુંબઈના શ્રી આદેશ્વરના દેરાસર પર છે. વહીવટદાર મોતીચંદ વસ્તાચંદ છે.'

લક્ષ્મી ડોશીએ આ જિનાલય બંધાવ્યાની નોંધ **સં૰ ૧૯૯૬માં સૂર્યપુરનો સુવર્ણયુગ**માં થયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ગોપીપુરા વકીલનો ખાંચો વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ છે. જિનાલય શિખરબંધી હતું. કુલ સતર આરસપ્રતિમા, છ ધાતુપ્રતિમા તથા શેઠ-શેઠાણીની આરસમૂર્તિ હતી. શેઠ ભાઈદાસ દુર્લભદાસે સં૰ ૧૮૭૫ લગભગમાં જિનાલય બંધાવ્યું હોવાની તથા મૂળનાયક પર સં૰ ૧૯૦૩નો લેખ હોવાનો ઉલ્લેખ હતો. **સં૰ ૨૦૧૦**માં વહીવટ મોતીચંદ વસ્તાચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ જીર્ણ હતી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૦૨ થી સં૰ ૨૦૧૦ દરમ્યાન થયો હોવાની નોંધ છે. વહીવટ શેઠ પ્રવીણચંદ બાબુભાઈ માનચંદ સરકાર હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ સતર આરસપ્રતિમા તથા ચોત્રીસ ધાતુપ્રતિમા છે. ચોવીસ તીર્થંકરનો એક રજતપટ છે. વહીવટ શ્રી પ્રવીણચંદ્ર બાબુભાઈ સરકાર, શ્રી દીપચંદ સુરચંદ ઝવેરી તથા શ્રી મહેન્દ્રભાઈ ઉત્તમચંદ ઝવેરી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૦૫**નો છે.

• • •

વકીલનો ખાંચો, ગોપીપુરા

૨૬. સંભવનાથ (સં૰ ૧૬૮૯ પૂર્વે)

ગોપીપુરામાં હાથીવાળા દેરાસરની ગલીથી આગળ જતાં વકીલનો ખાંચો આવેલો છે ભણશાળીનો ખાંચો તરીકે પણ ઓળખાય છે. અહીં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી સંભવનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

પ્રવેશદ્વાર બે છે. મોટા રંગમંડપની દીવાલો પર નમસ્કાર મહામંત્ર, સર્વતોભદ્ર, અઢીદ્વિપવર્તિ ૧૭૦ જિનપટ, પાવાપુરી, ચૌદ રાજલોક, મહાવીરના કાનમાં ખીલા ઠોકવાનો પ્રસંગ, શત્રુંજય, ગિરનાર, ચંપાપુરી, સમવસરણ તથા વિવિધ પ્રાણીઓના ચિત્રકામયુક્ત પટ, પ્રસંગો તથા પ્રાણીઓ છે. પ્રવેશદ્વાર પાસે એક ગોખમાં કાઉસ્સગ્ગ મુદ્રામાં એક જીર્ણ પ્રતિમા છે જેની આજુબાજુ ચામર વીંઝતી બે દેવીમૂર્તિ છે. આ જીર્ણ પ્રતિમા પર – 'સં૰ ૧૬૩૧ વર્ષે માઘ વદિ ૫' – તે મુજબનું લખાણ વાંચી શકાય છે. બાકીનો લેખ સુવાચ્ય નથી. ત્રિમુખી દેવની આરસમૂર્તિ તથા યક્ષિણીની આરસમૂર્તિના ગોખ છે. તથા એક દેવીની આરસમૂર્તિ છે જેના પર સં૰ ૨૦૨૨ વૈશાખ સુદ પાંચમને સોમવારે તપાગચ્છીય આ૰ શ્રી વિજયયશોભદ્ર સૂરિ મ૰ સા૰ દ્વારા પ્રતિષ્ઠા થયાનો લેખ છે. રંગમંડપમાં બે ગોખમાં ત્રણ-ત્રણ આરસપ્રતિમા છે. તે પૈકી ડાબી બાજુ ગોખમાં નીચે મુજબનું લખાણ છે :

સંવત ૧૯૩૯ના માઘ સુદ ૫ વાર ચંદ્રે શ્રી અંચલગચ્છે જ્ઞાતિ ઉસવાલ સા ષીમચંદ કપૂરચંદ શ્રી ચંદ્રપ્રભુ જિન તથા જીવણચંદ સા૰ કેસરિચંદ શ્રી સુપાર્શ્વનાથ બિંબ તથા તસ્ય ભાર્યા વહૂ નંદકોર શ્રી વાસુપૂજ્ય જિન સ્થાપિતં ભટ્ટારક શ્રી શ્રી વિજયગુણરત્નસૂરીશ્વર રાજ્યે શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરત બિંદરે સ્થાપિતં પં૰ નવલવિજયગણિ શ્રી શ્રી શ્રી રસ્તુ કલ્યાણમસ્તુ । ઉપનામ સરૂપચંદજી।।

જમણી બાજુ ગોખમાં નીચે મુજબનું લખાણ છે :

સંવત ૧૯૩૯ના માઘ સુદ ૫ વાર ચંદ્રે શ્રી અંચલગચ્છે જ્ઞાતિ દશા શ્રીમાલ સા૰ હીરાચંદ મોતીચંદ તેન શ્રી ધર્મનાથ બિંબ સ્થાપિતં ત૰ ભાર્યા જેકોર શ્રી શાંતિનાથ બિંબં દૌ સ્થાપિતં ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રી ગુણરત્નસૂરિ રાજ્યે શ્રી સુરત બિંદરે પ્રતિષ્ઠિતં પં૰ નવલવિજય ગ૰ । શ્રી રસ્તુ કલ્યાણમસ્તુ ।

ત્રણ ગર્ભદ્વાર છે. મુખ્ય ગર્ભદ્વારની ઉપરની દીવાલે લક્ષ્મીદેવી, આજુબાજુ હાથી તથા ધર્મપઠન કરતા બે શિશુની કૃતિ છે. આજુબાજુના ગર્ભદ્વાર પર સરસ્વતીદેવી અને તેમની આજુબાજુ નવકારવાળી ગણતાં શિશુની કૃતિ છે. ૧૯" ઊંચી શ્રી સંભવનાથની મનોહર પ્રતિમા પર કોઈ લેખ નથી. કુલ અઠાવીસ આરસપ્રતિમા તથા એકસો આઠ ધાતુપ્રતિમા છે. ઉપરાંત અર્ધપદ્માસન મુદ્રામાં એક ધાતુમૂર્તિ તથા માળા ગણતી ધાતુમૂર્તિ છે. ડાબે ગભારે શ્રી નેમિનાથ તથા જમણે ગભારે કુંથુનાથ છે. કેટલીક પ્રતિમા પર સં૰ ૧૮૧૫નો લેખ છે.

મૂળનાયકની ડાબી બાજુ અન્ય એક રૂમમાં ઘુમ્મટબંધ આરસની છત્રીમાં ૫૰ પૂ૰ આ૰ શ્રી વિજયવિજ્ઞાનસૂરિ મ૰ સા૰ની ચરણપાદુકા પ્રતિષ્ઠિત કરેલ છે. તેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૧૨ના વૈશાખ સુદ પાંચમે ૫૰ પૂ૰ આ૰ શ્રી વિજયયશોભદ્રસૂરિ મ૰ સા૰ના સદુપદેશથી કરવામાં આવેલ છે.

ઉપરાંત ૫૰ પૂ૰ મોહનલાલજીના પટ્ટાલંકાર આ૰ શ્રી નિપુણપ્રભસૂરિજીની નિશ્રામાં આ૰ મ૰ શ્રીના શુભ હસ્તે શ્રી જિનભદ્રવિજયજીના પુત્ર શ્રી મોતીચંદ જીવણચંદ તરફથી મહોત્સવપૂર્વક સં૰ ૨૦૩૨ના મહા વદ ૬ને શુક્રવારે શ્રી જિનભદ્રવિજયજી મ૰ની મૂર્તિ અત્રે પ્રતિષ્ઠિત કરેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયજીકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં શ્રી સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

સેના એ સેના એ નંદન જિનવરૂ એ,
સંભવ સંભવ સુખદાતાર કે;
સાર કરંઇ સેવકતણી એ,
હયવર હયવર લંછણ પાય તો,
સેના એ નંદન જિનવરૂ એ.

ત્રુ૰

સેના એ નંદનતણી સેના મોહના મદ અપહરઈ,
પ્રભુતણઇ ચરણઇ રહ્યા સરણઇ અમર અલિ કલિરવ કરઈ;
પ્રભુતણી વાણી સુધાદાણી રસ સમાણી જાણીઇ.
ભવ તાપ ભાજી દૂરિ જાઈ જિન દવાનલ પાણીઇ. ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં ગોપીપુરામાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ચોથે સંભવનાથનેં પ્રાસાદે પ્રભુ ભેટયા રે;
એકવીસબિંબ પાષાણમેં પૂજંતાં પાતક મેટયા રે. શ્રી જિન૰ ૯

ચોવીસવટા પંચતીરથી એકલમલ પટ જાણો રે;
એકસો ઇકોતેર ધાતુમેં સર્વ સંખ્યાયેં પ્રમાણો રે. શ્રી જિન૰ ૧૦

સં૰ ૧૮૨૮માં રચાયેલ **ઉત્તમવિજય નિર્વાણરાસ**માં પણ સુરતનાં અન્ય જિનાલયોના ઉલ્લેખ સાથે આ જિનાલયનો ઉલ્લેખ મળે છે :

સુરતમંડણ ધર્મ **સંભવ** શાંતિ જિના,
રૂષભ વીર તિમ અજીત નમ્યા થઈ એકમના.

સં૰ ૧૮૮૧માં સુરતના સંભવનાથના જિનાલયમાં રાજેન્દ્રસાગરજીએ પ્રતિષ્ઠા કરાવ્યાની નોંધ **જૈન ગૂર્જર કવિઓ**(ભાગ-૯, પૃ૰ ૧૨૯)માં મળે છે.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ગોપીપુરામાં સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ છે. કુલ ઓગણપચાસ આરસપ્રતિમા તથા એકસો તેવીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં મગનલાલ વકીલના ખાંચામાં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં વકીલનો ખાંચો, ગોપીપુરા વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ છે. તે સમયે વર્ષગાંઠ માહ શુદ પાંચમ હતી અને અંચલગચ્છના દેરાસર તરીકે જિનાલય પ્રચલિત હતું. વહીવટ આંચળીઆ ગચ્છ – ઝવેરી નગીનચંદ કપુરચંદનો હતો.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. કુલ ચુમ્માળીસ આરસપ્રતિમા, એકસો સાત ધાતુપ્રતિમા તથા ચોવીસ જિનના ત્રણ રજત પટ હતા. વહીવટ શેઠ બાબુભાઈ ખીમચંદ હસ્તક હતો અને સ્થિતિ સારી હતી. ઉપરાંત સં૰ ૧૯૨૦ લગભગમાં અંચલગચ્છ દ્વારા જિનાલય બંધાયાનો ઉલ્લેખ છે.

અહીં જિનાલયના જીર્ણોદ્ધાર તથા પુનઃ પ્રતિષ્ઠાનો શિલાલેખ છે જે નીચે મુજબ છે :

શ્રી સંભવનાથ જિનાલય જીર્ણોદ્ધાર

સં૰ ૨૦૧૩ થી સં૰ ૨૦૨૨

આ જિનમંદિરનો જીર્ણોદ્ધાર શ્રી સંઘના સહકારપૂર્વક શા૰ ચીમનલાલ છગનલાલ કરાણી, શા૰ કુસુમચંદ જવેરચંદ ઝવેરી, શા૰ નગીનદાસ ઘેલાભાઈ કરાણી, શા૰ જીવણચંદ ડાહ્યાભાઈ ઝવેરી, શા૰ બાબુભાઈ ખીમચંદના વહીવટ દરમ્યાન થયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી સં૰ ૨૦૧૩ના મા૰ શુ૰ ૧૧ (મૌન એકાદશી)ના શુભ દિવસે પ૰ પૂ૰ શાસન પ્રભાવક તપાગચ્છીય આચાર્યદેવ ૧૦૦૮ શ્રી વિજયમોહન સૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પ૰ પૂ૰ આ૰ દેવ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારજા તથા તેઓશ્રીના પટ્ટધર પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ભવ્ય મહોત્સવ સાથે મૂલનાયક શ્રી સંભવનાથ વગેરે જિનબિંબોના આ જિનમંદિરમાં પ્રવેશ કરાવવામાં આવેલ છે.

વીર સં૰ ૨૪૯૨ સં૰ ૨૦૨૨ વૈ૰ સુ૰ ૫ સોમવારના શુભ મૂહુર્તે તપાગચ્છીય બાલબ્રહ્મચારિ શાસન સમ્રાટ્ કંદબગિરિ આદિ અનેક તીર્થોદ્ધારક પ૰ પૂ૰ આ૰ ભ૰ શ્રી શ્રી ૧૦૦૮ શ્રી વિ૰ વિજ્ઞાનસૂરીશ્વરજી મ૰ ના પટ્ટધર પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના શિષ્યરત્ન પ૰ પૂ૰ પં૰ શ્રી શુભંકરવિજયજી ગણીવર વગેરે મુનિમંડલની નિશ્રામાં મૂળનાયક શ્રી સંભવનાથ પ્રભુ વગેરે જિનબિંબોને ભવ્ય મહોત્સવ સાથે આ જિનમંદિરમાં પ્રતિષ્ઠિત ગાદીનશીન કરવામાં આવ્યા છે.

એટલે કે જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૧૩ થી સં૰ ૨૦૨૨ના સમયગાળા દરમ્યાન થયો છે. ત્યારબાદ તુરત જ **સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલયની નોંધ મળે છે. તેમાં પ્રતિષ્ઠા લેખ સંવત ૧૬૫૩નો નિર્દેશ થયેલો છે જે અધૂરો હોવાની નોંધ પણ કરવામાં આવી છે. સંભવ છે કે તે અધૂરો લેખ જીર્ણોદ્ધાર થયા પછી સચવાયો ન હોય.

આજે આ જિનાલયમાં કુલ ચોત્રીસ આરસપ્રતિમા છે. વહીવટ શ્રી જવાહરભાઈ ચીમનલાલ કરાણી, શ્રી સુભાષચંદ નાનાભાઈ લાકડાવાળા તથા શ્રી ફતેહચંદ ચીમનલાલ કરાણી હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં૰ ૧૬૮૯ પૂર્વે**નો છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

ખપાટીયા ચકલા, દેસાઈ પોળ જૈન પેઢી પાસે, ગોપીપુરા

૨૭. આદેશ્વર - અષ્ટાપદ (સં૰ ૧૯૪૩)

ગોપીપુરા, ખપાટીયા ચકલા, દેસાઈ પોળ જૈન પેઢી પાસે શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. આ જિનાલય **અષ્ટાપદજીના જિનાલય** તરીકે પ્રચલિત છે. ખૂણામાં શ્રી મહાવીરસ્વામીનું જિનાલય છે.

વીશા પોરવાડ જ્ઞાતિના શ્રી કલાભાઈ શ્રીપતજીના પુત્ર શેઠ વકતાશાના પુત્ર વ્રીજલાલના પુત્ર શેઠ અનુપશાજી તથા તેમના ધર્મપત્ની શેઠાણી વીજાબાઈના પુત્ર શેઠ ગોરધનભાઈએ સુરત શહેરના ગોપીપુરા મહાવીરસ્વામીની પોળમાં સં૰ ૧૯૪૩ વૈશાખ સુદ છઠને શુક્રવારે જિનાલય બંધાવી પૂર્વ દિશામાં આદેશ્વર અને અજિતનાથ પ્રમુખ ચોવીસ તીર્થંકરો બિરાજમાન કર્યા છે. તે મુજબના અર્થવાળું લખાણ જિનાલયમાં છે.

પ્રવેશદ્વારે કોતરણીવાળી કમાનો પર લક્ષ્મીદેવી, હાથી, દેવીઓ તથા મંગલમૂર્તિના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિલ્પો છે. વિશાળ કંપાઉંડમાં જમણી બાજુ ઘુમ્મટબંધ દેવકુલિકામાં ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિ છે જેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૭ અષાઢ સુદ ૨ને ગુરુવારે તા૰ ૨૪-૬-૭૧ના રોજ સ્વ૰ ચીમનલાલ કીકાભાઈ નાનચંદ ચોકસીના સુપુત્રો શ્રી ધરમચંદભાઈ, શ્રી જગદીશભાઈ તથા શ્રી કિરીટભાઈએ કરાવી છે.

પાસે ગુરુમંદિરમાં આરસની છત્રીમાં શ્રી મોહનલાલજી મહારાજની ગુરુમૂર્તિ છે. તેના પર સં૰ ૧૯૮૧ માગશર સુદ ત્રીજનો લેખ છે. ઉપરાંત આરસનાં પગલાંની બે જોડ પૈકી મોટા પગલાં પર સં૰ ૧૯૬૪નો લેખ છે. ગુરુમંદિરની જમણી બાજુ સમેતશિખરનો પટ છે. અહીં શ્રી મોહનલાલજી મહારાજના શિષ્ય શ્રી હર્ષમુનિ મહારાજની ચરણપાદુકા છે જેના પર સં૰ ૧૯૨૪નો લેખ છે. તેની બાજુમાં પં૰ શ્રી કનકમુનિ મહારાજનો ચિત્રિત ફોટો અને અષ્ટાપદનો પટ છે. ગુરુમંદિરની પાછળની દીવાલે આબુ, ગિરનાર તથા સિદ્ધાચલના મોટા પટ છે.

ડાબી બાજુ દેવકુલિકામાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથની ૨૧" ઊંચી કાઉસ્સગ્ગ પ્રતિમા છે. પ્રતિમાની આજુબાજુ ચામર વીંઝતા દેવ-દેવી તથા સન્મુખ હાથી છે. પ્રતિમા પર સં૰ ૧૮૨૨નો લેખ છે જે નીચે મુજબ છે :

'સંવત ૧૮૨૨ વૈશાખ સુદ ૧૩ ગુરૌ ..... લઘુ સમ્રાટ ..... કલિકુંડ પાર્શ્વનાથ બિંબ અચલગચ્છ ઉદય .....'

વિક્રમ સંવત ૨૦૪૩ના મહા સુદ ૧૧ના રોજ ખીમચંદ ડાહ્યાભાઈના શ્રેયાર્થે તેમના પત્ની તથા પુત્રો દ્વારા પ્રતિષ્ઠા થયાનો લેખ પ્રતિમાની નીચે આરસની તકતી પર લખવામાં આવ્યો છે.

મધ્યમ કદના રંગમંડપમાં ફરસ આરસની છે. ઘુમ્મટમાં રાસ રમતી નારીઓ તથા ફૂલ-વેલનું ચિત્રકામ છે. જમણી બાજુ ગોખમાં શેઠ અનુપશાજી તથા ડાબી બાજુ ગોખમાં શેઠાણી વીજાબાઈની મૂર્તિ છે. જમણી બાજુ અનુક્રમે ગૌમુખયક્ષ, આદેશ્વર તથા ત્રણ-ત્રણ આરસ-પ્રતિમાના બે ગોખ – એમ કુલ ચાર ગોખ છે. ડાબી બાજુ ચક્રેશ્વરીદેવી, આશાપૂરણ પાર્શ્વનાથ તથા ત્રણ-ત્રણ આરસપ્રતિમાના બે ગોખ – એમ કુલ ચાર ગોખ છે. કુલ દસ ગોખ છે. રંગમંડપમાં કુલ ચૌદ આરસપ્રતિમા છે. આજુબાજુ અન્ય બે દ્વાર છે. ઈક્ષુ રસનો પ્રસંગ, મેઘમાળીનો ઉપસર્ગ તથા ચંદનબાળાનો પ્રસંગ – વિવિધ પ્રસંગોનું ચિત્રકામ છે.

એક ગર્ભદ્વાર છે. ૨,૪,૮,૧૦ – એમ અષ્ટાપદની સુંદર રચના છે. તેમાં આદેશ્વર તથા અજિતનાથની પ્રતિમા ૨૩" ઊંચી છે. આદેશ્વરની પ્રતિમા પર લેખ નથી. અજિતનાથની પ્રતિમા પર સં૰ ૧૬૮૨નો લેખ છે જે નીચે મુજબ છે :

સંવત ૧૬૮૨ જ્યેષ્ઠ વદી ૯ ગુરુવાર શ્રી અહિમદાબાદ વાસ્તવ્ય શ્રી વૃદ્ધશાખીય ઓસવાલ જ્ઞાતિય સહસ્રકિરણ ભાર્યા કુઅરીબાઈ ..... પ્રમુખ કુટુંબ.....

અજિતનાથની આ પ્રતિમા અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરીએ બંધાવેલા સરસપુર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિસ્તારના સુપ્રસિદ્ધ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા વખતની છે. સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભુ – આ ચારેય પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે. તે નીચે મુજબ છે :

સંવત ૧૯૦૩ શાકે ૧૭૬૮ પ્રવર્તમાને માઘ માસે કૃષ્ણ પક્ષે ૫ ..... અહમદાવાદ વાસ્તવ્ય શા૰ નિહાલચંદ તત્પુત્ર ખુશાલચંદ ..... સાગરગચ્છ .....

ઉપર્યુક્ત પ્રતિમાઓ અમદાવાદના પ્રસિદ્ધ હઠીસીંહના જિનાલયની પ્રતિષ્ઠા સમયની છે. અન્ય કોઈ પ્રતિમાલેખ નથી. ગભારામાં કુલ ચોવીસ આરસપ્રતિમા તથા અઢાર ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ગોપીપુરામાં આવેલા આ જિનાલયને શિખરબંધી દર્શાવ્યું છે. કુલ ત્રીસ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા ઉપરાંત આરસનાં પગલાંની એક જોડ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલય બંધાવનાર તરીકે શ્રી કલાભાઈ શ્રીપતજીનો ઉલ્લેખ હતો.

સં૰ ૧૯૬૮ તીર્થગાઈડ(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં ખલાસી ચકલામાં મહાવીરસ્વામીના જિનાલયની સાથે અષ્ટાપદના આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં સુરતની જૈન ડિરેક્ટરીમાં ગોપીપુરા ખાડી વિસ્તારમાં અષ્ટાપદના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. બંધાવનાર તરીકે કલાભાઈ શ્રીપતજીનો ઉલ્લેખ છે. મૂળનાયક આદેશ્વર હોવાની નોંધ છે.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં ગોપીપુરા ખાડી પર દર્શાવેલ આ જિનાલય વિશે કેટલીક નોંધ કરવામાં આવી છે જે નીચે મુજબ છે :

'સં૰ ૧૯૪૩માં દેરાસર બંધાયું. પ્રતિષ્ઠા વિ૰ સં૰ ૧૯૪૩ના વૈશાક શુદ ૬ના દીવસે શેઠ ગોરધનદાસ અનુપશાજીએ કરાવી, જેમનાં સ્ત્રી(શેઠાણી)નું નામ વીજાબાઈ. શ્રી અષ્ટાપદના ખ્યાલ આપવાના આશયથી આ જિનાલય બંધાવેલ છે તેથી તેનાં આઠ પગથિયાં ૨,૪,૮,૧૦ કુલ ૨૪ જિનબિંબો પધરાવ્યા છે. રંગમંડપમાં બે ગોખલા છે જેના શિલાલેખ નીચે મુજબ –

(૧) ગબુભાઈ રૂપચંદે સંવત ૧૯૭૯ વૈશાખ વદ ૨ વાર બુધે શ્રી આદીશ્વર ભગવાન બેસાડ્યા છે.

(૨) શા૰ બાલુભાઈ નાહાલચંદે સંવત ૧૯૭૯ વૈશાક વદ ૨ વાર બુધે શ્રી અજિતનાથ ભગવાન બેસાડ્યા છે.

દેરાસરનો શિલાલેખ નીચે મુજબ છે :

ૐ નમશ્ચતુર્વિંશતિ શ્રી જિનેન્દ્રભ્યઃ

શ્રી જમ્બૂદ્વિપ, દક્ષિણ ભરતક્ષેત્રે ગુર્જરદેશે સુરતબંદરે ગોપીપુરા મધ્યે શ્રી મહાવીરસ્વામિની પોળને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષે વીશા પોરવાડ જ્ઞાતે ભાગ્યશાળી શાસનઉદ્યોત શ્રાવક શેઠ કલાભાઈ શ્રીપતશ્રી તસ્યસૂત શેઠ વધ્ય આતસ્યસૂત વૃજલાલ તસ્યસૂત શેઠ અનુપશાજી તસ્યસૂત શેઠ ગોરધનભાઈ મહાપ્રભાવિક નાથબુદ્ધિનિપુણ ધ્યાદાનાદિ ગુણેશોભિત શેઠ અનુપશા તસ ભારય બાઈ બીજાબાઈ તત કુક્ષે પ્રગટ શેઠ ગોરધનભાઈ અનુપશાજી તરફથી નવો જીનપ્રાસાદ શ્રી અષ્ટાપદજીનો બંધાવ્યો તેને વિષે ચોવીસે જિનેન્દ્ર સ્થાપિત કર્યા છે, તેની પ્રતિષ્ઠા વિક્રમસંવત્સરે ૧૯૪૩ના વશાક સુદ ૬ શુક્રવાસરે પુનનક્ષત્રે મિથુન રાશિ સ્થિતે ચં.. ધૃતિયોગે લગ્નને વિષે શુભ ગ્રહયોગે શુભ મૂહુર્તે પૂર્વ દીપ્તીમત્ આદીનાતજીતનાથૌ સ્થાપિતૌ ત સર્વ ભગવાન જીનજી ભક્તિ કરવાને અર્થે શ્રી વીરનિર્વાણથી ૨૪૧૩ વર્ષે અંગ્રેજી તારીખ ૨૫મી એપ્રિલ સને ૧૮૬૯ શુભં ભવતુ.

ઉપરાંત શ્રી મોહનલાલજી મહારાજના પગલાં અને મૂર્તિ તથા આરસ પર પંચતીર્થોનું ચિત્રકામ હોવાની નોંધ છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૧૯૯૬માં સૂર્યપુર રાસમાળામાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૪૩માં થઈ હોવાની નોંધ છે. **સં. ૧૯૯૬**માં જ પ્રગટ થયેલ **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં અષ્ટાપદનું આ જિનાલય શેઠ કલા શ્રીપતે બંધાવ્યાની નોંધ છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ગોપીપુરા ખાડી પર આ જિનાલયનો ઉલ્લેખ છે. શિખરબંધી જિનાલયમાં કુલ છત્રીસ આરસપ્રતિમા, આઠ ધાતુપ્રતિમા, ગૌતમસ્વામીની ધાતુમૂર્તિ તથા શેઠ-શેઠાણીની આરસમૂર્તિનો ઉલ્લેખ થયો છે. સં. ૧૯૪૨ લગભગમાં શેઠ કલાભાઈ શ્રીપતજીએ જિનાલય બંધાવ્યું હોવાનો તથા વહીવટ શેઠ હીરાચંદ દીપચંદ માસ્તર હસ્તક હોવાનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૨૩માં સુરતના જિનાલયોની સવિસ્તાર યાદીમાં આ જિનાલય ખાડી આગળ ગોપીપુરા વિસ્તારમાં દર્શાવેલું છે. જિનાલય અંગે ઉપર્યુક્ત માહિતી ઉપરાંત સં. ૧૯૭૧માં જીર્ણોદ્ધાર થયાની નોંધ છે. વહીવટ શેઠ મોહનલાલ કસ્તુરચંદ હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ ઓગણચાળીસ આરસપ્રતિમા છે. વહીવટ શ્રી અષ્ટાપદ દેરાસર જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ, શ્રી સૂરચંદ ઠાકોરદાસ ઝવેરી તથા શ્રી નિપુણભાઈ પ્રતાપચંદ ઝવેરી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં. ૧૯૪૩** છે.

• • •

ખપાટીયા ચકલા, દેસાઈ પોળ જૈન પેઢી પાસે, ગોપીપુરા

૨૮. મહાવીરસ્વામી (સં. ૧૭૯૩ પૂર્વે)

ગોપીપુરા, દેસાઈ પોળ જૈન પેઢીની ગલીમાં અષ્ટાપદના જિનાલય પાસે ખૂણામાં, ઉપરના માળે આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

પૂર્વે જિનાલય ધાબાબંધી હતું. બે વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર કરી સામરણ બનાવવામાં આવ્યું છે. ચૈત્ર સુદ ૧૩ અને શ્રાવણ સુદ ૧૦ – એમ બે વર્ષગાંઠ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બે દ્વાર પૈકી એક દ્વારની ઉપરની દીવાલે સં૰ ૧૯૮૧માં ઝવેરી હીરાભાઈ રતનચંદ હેમચંદ સુખડિયાએ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યાનું લખાણ છે. અહીંથી પગથિયાં ચડતાં સન્મુખ આરસનો છત્રીયુક્ત ગોખ નજરે પડે છે. તેમાં આ૰ શ્રી વિજયરામસૂરિ મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિ તથા અન્ય ચાર ગોખમાં માણિભદ્રવીર, પદ્માવતીદેવી તથા અધિષ્ઠાયક દેવ-દેવીની મૂર્તિઓ બિરાજમાન છે જેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૫ મહા વદ પના રોજ આ૰ શ્રી હેમભૂષણસૂરિ, આ૰ શ્રી ગુણશીલસૂરિ, આ૰ શ્રી ગુણયશસૂરિ તથા આ૰ શ્રી કીર્તિયશસૂરિની નિશ્રામાં થયેલ છે.

મધ્યમ કદના રંગમંડપમાં છત પર ફૂલ-બુટ્ટાનું ચિત્રકામ સુંદર છે. માતા ત્રિશલાને આવતા ચૌદ સ્વપ્નો, પાર્શ્વનાથ વનવિહાર, પાર્શ્વનાથ-કમઠનો ઉપસર્ગ, મહાવીર-ચંડકૌશીક નાગનો ઉપસર્ગ, અષ્ટાપદ, સમેતશિખર, ગિરનાર, આબુ, સિદ્ધચક્રનું કાચકામ, પાવાપુરીનો ચિત્રિત પટ તથા આરસમાં ઉપસાવેલ શત્રુંજય તીર્થ – વિવિધ પટ-પ્રસંગોથી દીવાલો શોભે છે. મધ્યે છતમાં જાળી છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે.

એક ગર્ભગૃહ છે. ગભારો મોટો છે. ૨૭'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૬૧નો લેખ છે જે નીચે પ્રમાણે છે :

'સંવત ૧૬૬૧ વૈશાખ વદી સપ્તમ્યાં ..... જીવાબાઈ ..... પુત્રે ..... મહાવીરસ્વામી બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ..... તપાગચ્છ ..... પટ્ટાલંકાર શ્રી હીરવિજયસૂરિ ..... વિજયસેનસૂરિ .....'

મૂળનાયક સપરિવાર આરસની કોતરણીયુક્ત છત્રીમાં બિરાજે છે. સ્થંભોની કમાનો પર બારીક ફૂલોની કોતરણીવાળાં તોરણો છે. કમાનો પર વાજિંત્ર વગાડતી નર્તકીઓ તથા ફૂલ-છાબ લઈ ઊભેલા ઈન્દ્રોનાં શિલ્પો છે. અહીં પણ વરસીતપના પારણાનો પ્રસંગ, મહાવીરસ્વામીના કાનમાં ખીલા ઠોકવાનો પ્રસંગ, ૧૧ ગણધર, ભગવાનના પગમાં ચૂલો પેટાવી બેઠેલો રબારી જેવા પ્રસંગોનું કાચકામ છે. કુલ સત્તર આરસપ્રતિમા પૈકી બે કાઉસ્સગ્ગિયા છે. કુલ સુડતાળીસ ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા ઉપરાંત ધાતુના કમળમાં ચૌમુખજી બિરાજે છે. વીસ તીર્થંકરનો પટ તથા ભક્તામર મહાયંત્ર છે.

ઐતિહાસિક સંદર્ભ

મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૬૧નો લેખ છે. **સં૰ ૧૭૯૩**માં લાધાશાહકૃત **સૂરત ચૈત્યપરિપાટી**માં ગોપીપુરામાં મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

પાંચમે શ્રી મહાવીરજી ભૂવનબિંબ અતિ સોહે રે;
પાંચ પ્રભુ પાષાણમેં નિરંષતાં ભવિમન મોહે રે. શ્રી જિન૰૧૧

એકલમલ પંચતીરથી પાટલીયેં પ્રભુ ધારો રે;
એકતાલીસ સર્વે થઈ ધાતુમય સુવિચારો રે. શ્રી જિન૰ ૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારબાદ **સં૰ ૧૮૨૮**માં પદ્મવિજયરચિત **ઉત્તમવિજય નિર્વાણરાસ**માં સુરતનાં જિનાલયોમાં મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ છે જે નીચે મુજબ છે :

પ્રેમાપુરથી ચોમાસું હવે ઉતરે મ્હારાલાલ
ગુરુજી વિચરતા જાય સુરતને પરિસરે,
.....
રૂષભ, **વીર** તિમ અજીત નમ્યા થઈ એકમના
નંદીશ્વર દ્વીપે થયો મહોત્સવ તિણે સમે,

સં૰ ૧૮૭૭માં દીપવિજયકૃત **સુરત કી ગઝલ**માં મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં છે :

સાંતીનાથ કા દેહરાક, માનું સિવપુરીં સે રાક,
આદીનાથ જિનવર **વીર**, તારે ભવાં સાગર તીર. ૬૫

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ગોપીપુરામાં દર્શાવેલા આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ ઓગણીસ આરસપ્રતિમા તથા ચોપન ધાતુપ્રતિમા ઉપરાંત એક રત્નપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલય સં૰ ૧૮૯૪માં બંધાયાનો ઉલ્લેખ હતો.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલય ખલાસી ચકલા વિસ્તારમાં દર્શાવેલ છે. આ વિસ્તારમાં અષ્ટાપદના અન્ય એક જિનાલયનો ઉલ્લેખ પણ થયેલો છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલયનો ઉલ્લેખ ગોપીપુરા-ખાડી વિસ્તારમાં થયેલો છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં ગોપીપુરા ખાડી વિસ્તારમાં દર્શાવેલ આ જિનાલયમાં જન્મકલ્યાણકના દિવસે તથા પર્યુષણમાં લોકો દર્શનાર્થે આવતા હોવાની નોંધ છે.

શેઠ હીરાચંદ રતનચંદ સુખડિયાએ ત્રીસ હજારના ખર્ચે મહાવીરસ્વામીના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યાની નોંધ **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં કરવામાં આવી છે. જીર્ણોદ્ધાર સં૰ ૧૯૮૧માં થયો હોવાનો ઉલ્લેખ **સં૰ ૧૯૯૬**માં જ પ્રગટ થયેલ **સૂર્યપુર રાસમાળા**માં છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ બાર આરસપ્રતિમા, છેતાળીસ ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા તથા એક રજત ચોવીસજિનપટ હતો. સં૰ ૧૮૫૦ લગભગમાં આનસુર ગચ્છે જિનાલય બંધાવ્યાની નોંધ હતી. વહીવટ દેસાઈ પોળની પેઢી હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં સુરતના **જિનાલયોની સવિસ્તાર** યાદીમાં આ જિનાલયનો ઉલ્લેખ છે. વહીવટ શેઠ લલુભાઈ રાયચંદ સુખડિયા હસ્તક હતો જેઓ ચાંલ્લાગલી, ગોપીપુરા હસ્તક હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે વહીવટ શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી નરેન્દ્રભાઈ લલ્લુભાઈ સુખડિયા, શ્રી રમેશભાઈ અમરચંદ બરફીવાલા તથા શ્રી ચંદ્રવદનભાઈ શાંતિલાલ શાહ હસ્તક છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં જિનાલય બંધાયા સંવત ૧૮૯૪ છે. **સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહ**માં સં૰ ૧૮૫૦ લગભગ દર્શાવેલ છે. તે અગાઉ **સં૰ ૧૭૯૩માં સૂરત ચૈત્યપરિપાટી**માં કવિ લાધાશાહ મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ કરે છે. મૂળનાયકની પ્રતિમા પર સં૰ ૧૬૬૧નો લેખ છે. તે સંદર્ભમાં જિનાલયનો સમય **સં૰ ૧૭૯૩ પૂર્વ**નો છે. જો કે આ અંગે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

કલાશ્રીપતની પોળ, ખપાટીયા ચકલા

૨૯. મુનિસુવ્રતસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૧૮૭૫ લગભગ)

ખપાટીયા ચકલા કલાશ્રીપતની પોળમાં શ્રીપત એપાર્ટમેન્ટમાં પાંચમે માળ શ્રી કલાભાઈ શ્રીપતજી પરિવારનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

આરસની છત્રીમાં ૩'' ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પંચતીર્થી ધાતુપ્રતિમા સહિત કુલ છ ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમા પર લેખ છે જે નીચે મુજબ છે :

'શ્રી પ્રાગ્વાટ જ્ઞાતીય મં૰ શ્રી પતિ ..... બાઈ નામન્યા ..... ૧૫૬૪ ..... સહિતયા મુનિસુવ્રતસ્વામી બિંબ કારિતં પ્રતિષ્ઠિતં શ્રી ઈન્દ્ર..સૂરિભિઃ'

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ખપાટીયા ચકલા શ્રીપતજીની પોળ વિસ્તારમાં દર્શાવેલ શ્રી મુનિસુવ્રતસ્વામીના ઘરદેરાસરમાં કુલ પાંચ ધાતુપ્રતિમાની નોંધ છે. સં૰ ૧૮૭૫ લગભગમાં શેઠ કલાભાઈ શ્રીપતજીએ બંધાવ્યાનો ઉલ્લેખ છે. વહીવટ શેઠ હીરાચંદ દીપચંદ માસ્તર હસ્તક હતો અને ઘરદેરાસરની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૩૮માં આ૰ શ્રી ચિદાનંદસૂરિ મ૰ સા૰, પૂ૰ શ્રી ભક્તિમુનિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી કલાશ્રીપતજીના કુટુંબીજનોએ જીર્ણોદ્ધાર કરાવ્યાની નોંધ **સં૰ ૨૦૫૪**માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં છે.

આજે ઘરદેરાસરનો વહીવટ શ્રી રમેશભાઈ હીરાલાલ શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ હસ્તક છે.

મૂળનાયક પ્રતિમા ઘણી પ્રાચીન છે. શેઠ કલાભાઈ શ્રીપતજીના વંશજ ગોરધનભાઈ અનુપશાજીએ સં૰ ૧૯૪૩માં અષ્ટાપદના જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી તે મુજબનો સ્પષ્ટ ઉલ્લેખ અષ્ટાપદના જિનાલયમાં મળે છે. ગોરધનભાઈ અનુપશાજીની પાંચમી પેઢીએ શેઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલાભાઈ શ્રીપતજીનું નામ પૂર્વજ તરીકે આવે છે. તે સંદર્ભમાં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં જણાવ્યા પ્રમાણે આ ઘરદેરાસર **સં૰ ૧૮૭૫ લગભગના** સમયનું હોવાનું માની શકાય.

• • •

ચંદનબાગ, સોની ફળિયા

૩૦. દુઃખભંજન પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૪૨)

ગોપીપુરા, બેસન્ટ રોડ પર સોની ફળિયામાં ચંદનબાગ નામની વાડીમાં ગુલાબબાઈ નાનાલાલ મર્ચન્ટ પરિવારનું શ્રી દુઃખભંજન પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

મધ્યમ કદના ચોરસ આકારના આ ઘરદેરાસરમાં ૧૩" ઊંચી મૂળનાયક શ્રી દુઃખભંજન પાર્શ્વનાથની મનોહર પ્રતિમા કમલાસન પર બિરાજે છે. પ્રતિમા પર સં૰ ૧૯૪૨નો લેખ છે. કુલ સોળ આરસપ્રતિમા, બે સ્ફટિકપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. આજે વહીવટદાર તરીકે શ્રી શ્રેયસભાઈ કુસુમચંદ મર્ચન્ટ સેવાઓ આપી રહ્યા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં આ ઘરદેરાસર વિળંદીબાદ વિસ્તારમાં દર્શાવવામાં આવેલ છે. કુલ ચૌદ આરસપ્રતિમા, બે રત્નપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં તલકચંદ માસ્તરની વાડીમાં શાંતિનાથ અને પાર્શ્વનાથ – એમ બે જિનાલયોની નોંધ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં દેસાઈ પોળ વિસ્તારમાં શ્રી પાર્શ્વનાથના આ ઘરદેરાસરને **શા૰ તલકચંદ માણેકચંદ માસ્તરનું દેરાસર** તરીકે દર્શાવ્યું છે. તલકચંદ માસ્તરે બંધાવ્યું હોવાની તથા માસ્તરના કુટુંબીઓ હસ્તક વહીવટ હોવાની નોંધ છે. ઉપરાંત ખાનગી દેરાસર ચંદનબાગ નામની પોતાની વાડીમાં છે – એ મુજબની નોંધ કરવામાં આવી છે.

આ ઘરદેરાસર શેઠ તલકચંદ માણેકચંદે બંધાવ્યું હોવાનો ઉલ્લેખ **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં પૃ૰ ૧૧૧ પર નીચે મુજબ છે :

'..... રા૰ રા૰ તલકચંદ માણેકચંદ શાપુરજીની પેઢીમાં ભાગીદાર હતા... સુરતમાં તેમણે પોતાની વાડીમાં બંગલો તથા જૈન મંદિર બંધાવ્યા છે અને તે વાડીનાં ફૂલો સુરતનાં ઘણાં ખરાં દેરાસરોમાં અપાય છે. વાડી ઘણી વિશાળ છે. વાડીમાં એક મંદિર હતું તે તેમના સુપુત્રો– ભાઈ રતનચંદ અને નાનાભાઈએ નવેસરથી બંધાવ્યું હતું ....'

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં તલક માસ્તરની વાડી, બીસંટ રોડ વિસ્તારમા આ ઘરદેરાસરનો ઉલ્લેખ થયો છે. કુલ સોળ આરસપ્રતિમા, બે સ્ફટિકપ્રતિમા, ત્રણ ધાતુપ્રતિમા તથા ધાતુની એક ગુરુમૂર્તિ હતી. સં૰ ૧૯૫૦ લગભગમાં શેઠ તલકચંદ માણેકચંદે ઘરદેરાસર બંધાવ્યું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાની તથા મૂળનાયક પર સં૰ ૧૯૪૨નો લેખ હોવાની નોંધ હતી. **સં૰ ૨૦૧૦**માં વહીવટ શેઠ નાનાભાઈ તલકચંદ હસ્તક હતો. સ્થિતિ સારી હતી.

ચંદનબાગ, બેસંટ રોડ પર સં૰ ૧૯૪૨માં શેઠ તલકચંદ માણેકચંદ માસ્તરે દુઃખભંજન પાર્શ્વનાથનું ઘરદેરાસર બંધાવ્યાની નોંધ **સં૰ ૨૦૨૩**માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં કરવામાં આવી છે. વહીવટ કુસુમચંદ નાનાભાઈ તલકચંદ હસ્તક હતો.

સં૰ ૧૯૫૦માં પ્રતિષ્ઠા થયાની તથા શેઠ તલકચંદ માણેકચંદ માસ્તરે ઘરદેરાસર બંધાવ્યું હોવાની નોંધ **સં૰ ૨૦૫૪**માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં કરવામાં આવી છે. ઉપરાંત સં૰ ૨૦૩૨માં શ્રી શાંતિભાઈ નાનાભાઈ પરિવારે જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે.

ટૂંકમા આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૪૨**નો છે.

● ● ●

દેસાઈ પોળ, સોની ફળિયા

૩૧. અજિતનાથ (ચૌમુખી) (સં૰ ૧૯૦૦ આસપાસ)

દેસાઈ પોળ સોની ફળિયામાં આરસનું બનેલું શ્રી અજિતનાથ ચૌમુખજીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

ચારેક પગથિયાં ચડતાં સન્મુખ ત્રણ પ્રવેશદ્વાર છે. મધ્યમ કદના સાદા રંગમંડપમાં દીવાલો તારંગા, આબુ, સમેતશિખરના કાચકામયુક્ત પટ તથા અષ્ટાપદ, શત્રુંજય, ગિરનારના આરસમાં કોતરેલ પટથી શોભે છે.

ચોરસ ગભારામાં મધ્યે શિખરયુક્ત, કલાત્મક કોતરણીવાળી આરસની છત્રીમાં શ્રી અજિતનાથ, શ્રી નેમનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી સુમતિનાથ – એમ ચૌમુખ પ્રતિમા બિરાજે છે. શ્રી અજિતનાથની પ્રતિમા ૧૭" ઊંચી છે. મૂળનાયક ચૌમુખજી ઉપરાંત વીસ આરસપ્રતિમા તથા ચોસઠ ધાતુપ્રતિમા છે. આરસનાં પગલાંની ત્રણ જોડ છે. તે પૈકી એક પગલાં પર સં૰ ૧૬૯૫નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં દેસાઈ પોળ વિસ્તારમાં આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ સત્તર આરસપ્રતિમા તથા એંશી ધાતુપ્રતિમા હતી. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ અપૂર્ણ-નવું થાય – તેવી વિશેષ નોંધ કરવામાં આવી છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં દેસાઈ પોળમાં સુવિધિનાથના જિનાલયની સાથે આ જિનાલયનો પણ ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલયનો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલય સં૰ ૧૯૬૪માં બંધાયું અને પ્રતિષ્ઠા શા૰ લલુભાઈ શીવચંદના વરદ હસ્તે કરાવ્યાની નોંધ છે. વહીવટ તાસવાળા મોતીચંદ હીરાચંદ હસ્તક હતો. ઉપરાંત ગોખ પરના લેખો દર્શાવ્યા છે જે નીચે મુજબ છે :

(૧) સં૰ ૧૯૫૬ના વૈ૰ શુદ ૬ને શુક્ર તાસવાળા શીવચંદ સોમચંદના પુત્ર મોતીચંદની વતી લલ્લુભાઈએ પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી છે.

(૨) સં૰ ૧૯૫૧ના વૈ૰ શુદ ૬ને ભોમવાર તાસવાળા હીરાચંદ ફુલચંદના પુત્ર મંછુભાઈએ આદેશ્વર ભગવાન પધરાવ્યા છે.

(૩) સં૰ ૧૯૬૪ના ફા શુદી ૧૦ ગુરુ બાઈ મણીકોર તે શા૰ ઉત્તમચંદ ધનલાલની વિધવાએ ચંદ્રપ્રભુ પધરાવ્યા છે.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુર રાસમાળા**માં દેસાઈ પોળમાં આવેલા આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૪માં થયાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મોટી દેસાઈ પોળમાં આ જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. કુલ બાવીસ આરસપ્રતિમા તથા ઓગણસાઈઠ ધાતુપ્રતિમા હતી. જિનાલય સં૰ ૧૯૦૦ લગભગમાં બંધાયું હોવાનો તથા મૂળનાયક પર સં૰ ૧૬૭૭નો લેખ હોવાનો ઉલ્લેખ હતો. વહીવટ દેસાઈ પોળની પેઢી હસ્તક હતો. સ્થિતિ સારી હતી.

જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૦૦ આસપાસ થઈ હોવાની તથા જીર્ણોદ્ધાર સં૰ ૧૯૬૪માં થયો હોવાની નોંધ **સં૰ ૨૦૨૩**માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં કરવામાં આવી છે. ઉપરાંત ચૌમુખી પ્રતિમા પૈકી અજિતનાથની પ્રતિમા પર સં૰ ૧૬૭૭, નેમિનાથની પ્રતિમા પર સં૰ ૧૬૬૪ જેઠ સુદ ૫,. શાંતિનાથની પ્રતિમા પર સં૰ ૧૭૮૫ માગશર સુદ ૫ તથા અન્ય એક પ્રતિમા (અહીં નામ દર્શાવેલ ન હતું) પર સં૰ ૧૬૬૪ જેઠ સુદ ૫ —નો લેખ હોવાની નોંધ હતી. અને વહીવટ દેસાઈ પોળ પેઢી હસ્તક હતો.

આજે પણ જિનાલયનો વહીવટ દેસાઈ પોળ જૈન પેઢીના ટ્રસ્ટીઓ — શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી, શ્રી પ્રદીપભાઈ જરીવાલા તથા શ્રી રાજુભાઈ શાહ હસ્તક છે.

સં૰ ૧૯૬૩માં મકાનની સ્થિતિ અપૂર્ણ - નવું થાય — તેવી વિશેષ નોંધ છે. સં૰ ૧૯૬૪માં જીર્ણોદ્ધાર થયો હોય તેવી સંભાવના વિશેષ છે. ગોખમાં સં૰ ૧૯૫૧ તથા સં૰ ૧૯૫૬ના લેખવાળી પ્રતિમાઓ છે. **સં૰ ૨૦૧૦**માં તથા **સં૰ ૨૦૨૩**માં જિનાલય સં૰ ૧૯૦૦ આસપાસ બંધાયાનો નિર્દેશ છે. ચૌમુખજી પ્રતિમાઓ પણ પ્રાચીન છે. તે સંદર્ભમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૦૦ આસપાસ**નો હોવાનો વધુ સંભવ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટી દેસાઈ પોળ, સોની ફળિયા

૩૨. સુવિધિનાથ (સં૰ ૧૮૫૦ આસપાસ)

સોની ફળિયા, મોટી દેસાઈ પોળમાં સાદા પથ્થરનું બનેલું શ્રી સુવિધિનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

જુદી જુદી વ્યક્તિ પાસેથી મળેલ રકમમાંથી ૧૦૮ પ્રાચીન તીર્થો પેઈન્ટ કરાવવામાં આવેલ છે જેનું ઉદ્‌ઘાટન તથા નામકરણ વિધિ સં૰ ૨૦૨૪ કારતક વદ ૨ રવિવાર તા૰ ૧૯-૧૧-૬૭ના રોજ આ૰ શ્રી વિજયકસ્તુર સૂરિ મ૰ સા૰ તથા પં૰ શ્રી ચંદ્રોદયવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં કરવામાં આવી છે. જિનાલય ૧૦૮ તીર્થ દર્શન મંદિર તરીકે પણ ઓળખાય છે.

ત્રણ પ્રવેશદ્વાર છે. ગૂઢમંડપની દીવાલો પર ફરતે ચાળીસ તીર્થો તથા ભગવાનનાં ચિત્રો છે. રંગમંડપમાં પ્રવેશવાનું કાષ્ઠનું એક દ્વાર છે. લંબચોરસ રંગમંડપમાં ફરતી દીવાલે અડસઠ તીર્થો તથા ભગવાનના ચિત્રો છે. તે દરેક ભગવાનના મુગટ પર ટીપકી લગાવેલ હોવાથી સુંદર લાગે છે.

એક ગર્ભદ્વાર છે. ગભારો સાદો અને મધ્યમ કદનો છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી સુવિધિનાથની પ્રતિમા આરસની કલાત્મક છત્રીમાં બિરાજમાન છે. પ્રતિમાલેખ નથી. કુલ અઠ્ઠાવીસ આરસપ્રતિમા છે. છેતાળીસ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ તેર આરસપ્રતિમા તથા પિસ્તાળીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં તીર્થગાઈડ(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪માં સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં મોટી દેસાઈ પોળમાં દર્શાવેલ સુવિધિનાથના જિનાલય ધનલાલ રૂપાલાલે બંધાવ્યું હોવાની તથા વહીવટ શેઠ જીવણચંદ ધરમચંદ અને શેઠ બાલુભાઈ ખીમચંદ હસ્તક હોવાની નોંધ છે. ઉપરાંત અન્ય વિશેષ નોંધ નીચે મુજબ છે :

'પ્રતિષ્ઠા સં૰ ૧૮૫૦ આસપાસ. સં૰ ૧૯૧૯, સં૰ ૧૯૪૦, સં૰ ૧૯૫૬ તથા સં૰ ૧૯૮૫માં – એમ કુલ ચાર વખત જીર્ણોદ્ધાર. સં૰ ૧૯૫૬માં આ૰ શ્રી વિજયસિદ્ધિસૂરિજીએ પ્રતિષ્ઠા કરાવી. આ દેરાસરજીમાં એક પ્રતિમા સંપ્રતિરાજાના વખતની છે. મૂળનાયકની પ્રતિમા ઘણા જૂના વખતની હોઈ લેખ ઘસાઈ ગયો છે. વિમલગચ્છના આચાર્યના હાથે લાડવા શ્રીમાળી જ્ઞાતિની એક બાઈએ શ્રી સુમતિનાથ ભગવાનની એક મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી છે જે ઘણા જુના વખતની છે. આરસ અને ધાતુની મળીને એકંદર ૬૬ પ્રતિમાઓ છે. આ દેરાસરજીમાં જુદા જુદા ત્રણ દેરાસરો પધરાવવામાં આવ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. શા૦ જેચંદ સુખમલનું શ્રી સુવિધિનાથનું મોટું દેરાસર.

૨. વખારવાળા ઉદેચંદ ઇચ્છાચંદનું શ્રી શાંતિનાથનું દેરાસર (મોટી આગ વખતે આવેલું માલુમ પડે છે.)

૩. નાનપરાના શા૦ પ્રેમચંદ પરશોતમના કુટુંબનું ઘરદેરાસર.

પબાસનની છત્રી ઉપરના લેખ પરથી માલૂમ પડે છે કે તે શ્રીમાલી ન્યાતના ચુનીલાલ છગનચંદ તરફથી કરાવવામાં આવ્યો છે.

સં૦ ૧૯૯૬માં સૂર્યપુર રાસમાળામાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૦ ૧૯૫૬માં શ્રી વિજયસિદ્ધિ સૂરિ મ૦ સા૦ દ્વારા થયાની નોંધ છે.

સં૦ ૧૮૫૦માં શેઠ ધનલાલ રૂપાલાલે દેસાઈ પોળમાં શ્રી સુવિધિનાથનું જિનાલય બંધાવ્યું હોવાની નોંધ **સં૦ ૧૯૯૬માં સૂર્યપુરનો સુવર્ણયુગ**માં છે.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ નાની દેસાઈ પોળમાં ધાબાબંધી તરીકે થયેલો છે. કુલ તેવીસ આરસપ્રતિમા, સુડતાળીસ ધાતુપ્રતિમા તથા બે રજત ચોવીસ જિનપટ હતા. સં૦ ૧૮૫૦ લગભગમાં ધનાલાલ રૂપાલાલે જિનાલય બંધાવ્યું હોવાની તથા વહીવટ દેસાઈ પોળની પેઢી હસ્તક હોવાની નોંધ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૦ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં પણ આ જિનાલયની પ્રતિષ્ઠા સં૦ ૧૮૫૦માં ધનાલાલ રૂપાલાલે કરાવી હોવાની નોંધ છે.

આજે પણ જિનાલયનો વહીવટ દેસાઈ પોળ જૈન પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી, શ્રી પ્રદીપભાઈ જરીવાલા તથા શ્રી રાજુભાઈ શાહ હસ્તક છે.

ટૂંકમાં અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં૦ ૧૮૫૦ આસપાસ**નો છે. જો કે વધુ સંશોધનની જરૂર છે.

• • •

નગરશેઠની પોળ, સોની ફળિયા

૩૩. વિમલનાથ (સં૦ ૧૯૦૦ આસપાસ)

નગરશેઠની પોળ, સોની ફળિયામાં આરસનું બનેલું શ્રી વિમલનાથનું ભોંયરાયુક્ત શિખરબંધી જિનાલય આવેલું છે.

મધ્યમ કદનો ચોક છે. શૃંગારચોકીમાં જમણી બાજુ માણિભદ્રવીરનો ગોખ તથા ડાબી બાજુ કેસર, સુખડ, ફૂલ વિગેરેની વ્યવસ્થા છે. ત્રણ સાદા પ્રવેશદ્વાર છે.

મોટા કદના રંગમંડપનો કોતરણીયુક્ત ઘુમ્મટ આકર્ષક ઝુમ્મરથી શોભે છે. ફરસ વિવિધ રંગના આરસના સંયોજનથી આકર્ષક લાગે છે. સ્થંભો પર કોતરણીવાળાં તોરણો છે. ગર્ભદ્વાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાસે જમણી બાજુ ગોખમાં પદ્માવતીદેવી તથા ડાબી બાજુ ગોખમાં પ્રાસાદદેવી છે.

ત્રણ ગર્ભદ્વાર છે. મોટા કદના ગભારામાં ૧૩" ઊંચી મૂળનાયક શ્રી વિમલનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા રજતછત્રીમાં બિરાજે છે. સં૰ ૨૦૪૩ મહા વદ ૧૩ના રોજ આ૰ શ્રી અશોકચંદ્રસૂરિની નિશ્રામાં સેવંતીભાઈ તેમના ધર્મપત્ની કાન્તાબહેન તથા પુત્ર વિજયકુમાર વિગેરેએ પરિકર ભરાવ્યાનો લેખ પરિકર પર છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા છે. જમણે ગભારે શંખેશ્વર પાર્શ્વનાથ તથા ડાબે ગભારે શાંતિનાથ છે. મૂળનાયકની પાછળની દીવાલે ઇન્દ્રો, સૂર્ય-ચંદ્ર, ફૂલ-વેલના ચિત્રકામ છે.

ભોંયરામાં કોઈ પ્રતિમા નથી. અહીં શ્રીપાલ-મયણા ચરિત્ર ૧૩૨ પથ્થરમાં કોતરવામાં આવી રહ્યું છે. જિનાલયની મુલાકાત સમયે કાર્ય ચાલુ હતું.

સ્થાનિક માહિતી પ્રમાણે અગાઉ જિનાલયની બાંધણી ઘરદેરાસર જેવી હતી. સ્થિતિ જીર્ણ થવાથી ઈ૰ સ૰ ૧૯૬૯-૭૦માં આ વિસ્તારમાં રહેતા સુશ્રાવક શ્રી રસિકલાલ નાથાલાલ શાહે જીર્ણોદ્ધાર માટે સોની ફળિયા જૈન સંઘને વિનંતિ કરી. ત્યારબાદ સં૰ ૨૦૩૯માં આ૰ શ્રી વિજય ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ તથા આ૰ શ્રી વિજય અશોકચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ થયું. સં૰ ૨૦૪૬ના મહા સુદ છઠના દિને આ૰ શ્રી વિજય કુમુદચંદ્રસૂરિ મ૰ સા૰ તથા શ્રી વિજય પ્રબોધચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સોની ફળિઆ વિસ્તારમાં વિમલનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ બે આરસપ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા હતી. સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સોની ફલીઆમાં વિમલનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયની જીર્ણોદ્ધાર પછીની પ્રતિષ્ઠા **સં૰ ૧૯૬૩**માં થઈ હોવાની નોંધ છે. વહીવટ શા૰ મણીભાઈ ડાહ્યાભાઈ હસ્તક હતો. ઉપરાંત બહારના દરવાજા પર એક લેખ હોવાની નોંધ કરવામાં આવી છે જે નીચે મુજબ છે :

"ભીન્નમલ બ્રાહ્મણ શ્રીમતિ બાઈ ગંગાકુંવર દેવી કલકત્તાવાળા શ્રી હિંમતરામ આદીતરામની પત્નિ – ચુનીલાલ અને ચુનીલાલનાં માતુશ્રી તરફથી આ જગા શ્રી વિમલનાથજી મહારાજને અર્પણ કરી છે. સં૰ ૧૯૭૩."

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. એક આરસપ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૦૦ લગભગમાં શેઠ મણિલાલ ડાહ્યાભાઈ જગજીવનદાસ જિનાલય બંધાવ્યાની તથા વહીવટ શ્રી ખીમચંદ કલ્યાણચંદ હસ્તક હોવાની નોંધ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં સોની ફળીઆ, દેશાઈ પોળ, ગોપીપુરા વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ થયો છે. જિનાલય બંધાવનારના નામમાં મણીલાલ ડાહ્યાભાઈ જગજીવન, પ્રતિષ્ઠા સંવત ૧૯૦૦ તથા જીર્ણોદ્ધાર સં૰ ૧૯૬૩માં થયો હોવાની નોંધ છે. વહીવટ દેસાઈ પોળ પેઢી હસ્તક હતો.

આજે પણ જિનાલયનો વહીવટ દેસાઈ પોળ જૈન પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી, શ્રી પ્રદીપભાઈ જરીવાલા તથા શ્રી રાજુભાઈ શાહ હસ્તક છે.

સં૰ ૧૯૬૩માં જિનાલયનો જીર્ણોદ્ધાર થયો છે. **સં૰ ૧૯૮૯**માં વહીવટ શ્રી મણિભાઈ ડાહ્યાભાઈ હસ્તક હોવાની નોંધ છે. સંભવ છે કે જીર્ણોદ્ધાર શ્રી મણિભાઈ ડાહ્યાભાઈ દ્વારા થયો હોય. **સં૰ ૨૦૧૦**માં તથા **સં૰ ૨૦૨૩**માં જિનાલયનો સમય સં૰ ૧૯૦૦ આસપાસનો દર્શાવ્યો છે. અમારી માન્યતા પ્રમાણે જિનાલયનો સમય **સં૰ ૧૯૦૦ આસપાસ**નો હોવાનો વધુ સંભવ છે જો કે આ અંગે વિશેષ સંશોધન કરવાની જરૂર છે.

• • •

વૃંદાવન એપાર્ટમેન્ટ, સોની ફળિયા

૩૪. આદેશ્વર (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૬)

સોની ફળિયામાં પાણીની ભીંત પાસે હનુમાન પોળમાં વૃંદાવન એપાર્ટમેન્ટમાં ચોથે માળ ૪૦૨ નંબરના ફ્લેટમાં મધ્યમ કદની રૂમમાં ઘુમ્મટયુક્ત આરસની છત્રીમાં મૂળનાયક શ્રી આદેશ્વરની ૧૩'' ઊંચી સપરિકર આરસપ્રતિમા બિરાજે છે. તથા એક ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમા પર નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

'મહાવીરનગર મધ્યે મહાવીરનગર સો૰ શ્રી વાસુપૂજ્ય જિનાલયે ચાંગગાવ નિવાસી અમૃતલાલ મગનલાલ શાહ ભાર્યા મંગુબેન ..... બુદ્ધિસાગરસૂરિ ..... કીર્તિસાગરસૂરિ ....'

આ ઘરદેરાસરની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૬**માં મહા વદ છઠને તા૰ ૧-૨-૯૦ના રોજ શ્રી જગદીશભાઈ અમૃતલાલ ઝવેરી દ્વારા શ્રી જિનચંદ્રસૂરિની નિશ્રામાં કરવામાં આવી છે.

• • •

ગોપીપુરા, મેઈન રોડ

૩૫. કુંથુનાથ (સં૰ ૧૬૮૯ પૂર્વે)

ગોપીપુરામાં મેઈન રોડ પર શ્રી કુંથુનાથનું આરસનું બનેલું શિખરબંધી પ્રાચીન જિનાલય આવેલું છે.

મોટો ચોક છે. બન્ને બાજુ આરસની બેઠક છે. શૃંગારચોકીમાં મગરમુખી કમાનોથી જોડાતા સ્થંભો પર વાજિંત્ર સહિત પરીઓ તથા ફૂલછાબ લઈ ઊભેલી શિલ્પાકૃતિઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવેશદ્વાર ત્રણ છે. તેના સ્થંભો પર દ્વારપાલનાં શિલ્પો ઉપસાવેલાં છે. મુખ્ય પ્રવેશદ્વારની બારસાખની ઉપરની દીવાલે સરસ્વતીદેવી તથા આજુબાજુના દ્વારે હાથી પર બિરાજિત શેઠ-શેઠાણીની કલાકૃતિ છે.

રંગમંડપ મધ્યમ કદનો છે. કોતરણીવાળા સ્થંભો પર વાજિંત્ર સહિત શિલ્પાકૃતિઓ તથા સ્થંભોને જોડતી કમાનો પર સુંદર રંગકામ થયેલું છે. ઘુમ્મટમાં યક્ષ-યક્ષિણી, તીર્થંકર, નવગ્રહો, ચૌદ સ્વપ્નો, ફૂલનું સુંદર ઓઈલ પેઇન્ટીંગ છે. શત્રુંજય, રાણકપુર, ભદ્રેશ્વર, આબુ, ગિરનાર, તારંગા, પાવાપુરી, અષ્ટાપદ, સમેતશિખર, રાજગૃહી, શંખેશ્વરના ઓઈલ પેઇન્ટ કરેલા પટ છે. કુલ પાંચ ગોખમાં દસ આરસપ્રતિમા, સાત રજતપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે.

ગર્ભદ્વાર ત્રણ છે. પ્રતિષ્ઠા સં૰ ૧૯૫૭ મહા સુદી ૧૩ – એ મુજબ મુખ્ય ગર્ભદ્વારની ઉપર દીવાલે લખાણ છે. ૧૯" ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની આરસપ્રતિમા પર સં૰ ૧૬૬૬નો લેખ છે. કુલ તેવીસ આરસપ્રતિમા, ચાળીસ ધાતુપ્રતિમા તથા રજત ચોવીસ જિનપટ છે.

પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૧૯૫૭માં મહા સુદ ૧૩ના રોજ શેઠ રૂપચંદ લલુભાઈ પરિવાર દ્વારા શ્રી મોહનલાલજી મહારાજ તથા શ્રી વિજયસિદ્ધિસૂરિની નિશ્રામાં થઈ હતી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયકૃત **સૂર્યપુર ચૈત્યપરિપાટી**માં કુંથુનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

સૂર જો સૂરતણો સુત સુંદરૂં એ,
સત્તર સત્તરમો ભગવંત કે;
કુંથુ નમું આણંદસ્યુ એ,
સોહ એ સોહ એ સૂરતિમાંહિ હે;
સૂરતણો સુત સુંદરૂં એ.

ત્રુ૰

સુત સૂર કેરો સોહઈ સૂરતિમાહિં સૂરતિ સાર એ,
પ્રભુતણી સૂરતિ દેખી મૂરત હોઇ હર્ષ અપાર એ;
મૃગમાનમોચન સ્વામિલોચન દેખિ મુઝ હઈડું ઠરઈ,
મકરંદભર અરવિંદ દેખી ભમર જિમ ઊલટ ધરઈ. ૯

સં૰ ૧૭૫૫માં શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત **તીર્થમાળા**માં સુરતનાં અન્ય જિનાલયોની સાથે કુંથુનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે જે નીચે મુજબ છે :

ધુર થકી સહરિમાં વંદિયા પાસ ચિંતામણી વારૂ
ધર્મ જિનેસર નમિજિન **કુંથુ જિનેસર** તારૂ ૪

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં તથા **સં૰ ૧૮૫૫**માં દીપવિજયકૃત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરત કી ગઝલમાં કુંથુનાથના જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મોટા રસ્તા પર દર્શાવેલ કુંથુનાથનું આ જિનાલય શિખરબંધી હોવાની નોંધ છે. કુલ એકવીસ આરસપ્રતિમા તથા ચોવીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં તથા **સં. ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં પણ આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં. ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં ગોપીપુરા મોટા રસ્તે આવેલા આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં. ૧૯૫૭માં શેઠ રૂપચંદ લલુભાઈ દ્વારા શ્રી મોહનલાલજી મહારાજ તથા શ્રી વિજય સિદ્ધિસૂરિની નિશ્રામાં કરાવ્યાની નોંધ છે. ઉપરાંત જિનાલયનો ઘાટ રમ્ય હોવાનું તથા અંદરનું રંગકામ સુંદર હોવાની પણ નોંધ છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૫૧માં થઈ હોવાનો ઉલ્લેખ છે. તે જ સમયે પ્રગટ થયેલ **સૂર્યપુર રાસમાળા**માં સં. ૧૯૫૭માં મોહનલાલજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠા થઈ હોવાની નોંધ છે.

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મેઈન રોડ પર આવેલ આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે જ થયેલો છે. કુલ તેવીસ આરસપ્રતિમા, ત્રીસ ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસ જિનપટ હોવાનો ઉલ્લેખ છે. સં. ૧૯૫૫માં જિનાલય બંધાયું હોવાની નોંધ છે. જો કે તે સમયે જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ થયું હોવાનો સંભવ છે. વહીવટ શેઠ ખીમચંદ કલ્યાણચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલયનો વહીવટ શેઠ રતનચંદ બાલુભાઈ ખીમચંદ નાણાવટી હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ તેત્રીસ આરસપ્રતિમા તથા અડતાળીસ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી કુંથુનાથ જૈન દેરાસર ટ્રસ્ટ – શ્રી નલીનભાઈ રતનચંદ નાણાવટી, શ્રી અમરચંદ મગનલાલ નાણાવટી, શ્રી બિપીનભાઈ અમીચંદ શાહ તથા શ્રી અમરચંદ પ્રેમચંદ કાજી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં. ૧૯૮૯** પૂર્વેનો છે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

ઉમેશ મેન્શન, ગોપીપુરા

૩૬. સુવિધિનાથ (ઘરદેરાસર) (સં. ૨૦૪૯)

ગોપીપુરા મેઈન રોડ પર આવેલ શ્રી કુંથુનાથના જિનાલયના પાછળના ભાગમાં કીપારામ મહેતાના ખાંચામાં, મહેતા મહાદેવના મંદિરની સામે ઉમેશ મેન્શનમાં ચોથે માળ શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મગનલાલ કસ્તુરચંદ માલવાડાવાળા પરિવારનું શ્રી સુવિધિનાથનું ઘરદેરાસર આવેલું છે.

રૂમ મોટો છે. આરસની છત્રીમાં મૂળનાયક શ્રી સુવિધિનાથની ૯" ઊંચી પંચતીર્થી ધાતુપ્રતિમા બિરાજે છે. પ્રતિમાની અંજનશલાકા અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલ જિનાલયમાં શ્રી ભુવનભાનુ સૂરિજીના હસ્તે થઈ છે. આ ઘરદેરાસરની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૮ના વૈશાખ સુદ બારશને દિને આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિજીની નિશ્રામાં શ્રી મગનલાલ કસ્તુરચંદ માલવાડાવાળા પરિવાર દ્વારા કરવામાં આવી છે.

વહીવટ શ્રી મગનલાલનાં સંતાનો – શ્રી પ્રવીણચંદ્ર, શ્રી મુલચંદભાઈ, શ્રી ચંદુલાલ તથા શ્રી નરેન્દ્રકુમાર કરે છે.

સં૰ ૨૦૫૪માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૯**માં થઈ હોવાની નોંધ છે.

• • •

ગોપીપુરા, મેઈન રોડ

૩૭. ચંદ્રપ્રભુસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૬)

ગોપીપુરા મેઈન રોડ પર મહેન્દ્રભાઈ નેમચંદ ઝવેરીની દુકાનની ઉપર, આદિભવનમાં ૧લે માળ શ્રી સુનીલભાઈ અનંતરાય વોરા પરિવારનું શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૬**ના માગશર સુદ પને દિને આ૰ શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ૰ સા૰ના હસ્તે થયેલ છે. ૯" ઊંચી મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની ધાતુપ્રતિમાની અંજનશલાકા આ૰ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. કુલ બે ધાતુપ્રતિમા છે.

• • •

કાજીનું મેદાન, ગોપીપુરા

૩૮. આદેશ્વર (સં૰ ૨૦૫૩)

ગોપીપુરા હીરા-પન્ના એપાર્ટમેન્ટની સામે કાજીના મેદાનમાં આરસનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. સૂર્યદીપ નવગ્રહાધિપતિ શ્રી આદિનાથ જિનાલય તરીકે આ જિનાલય ઓળખાય છે.

જિનાલયની પ્રતિષ્ઠા અંગેનો શીલાલેખ નીચે મુજબ છે :

શ્રી સૂર્યદીપ નવગ્રહાધિપતિ શ્રી આદિનાથ જિનાલય

તપાગચ્છીય જૈન શ્વે૰ મૂ૰ સૂરત વીસા ઓસવાલ જ્ઞાતીય સુશ્રાવક શ્રી જિતેન્દ્ર સૂર્યસેન ઝવેરી તથા સુશ્રાવિકા કુ૰ મલ્લિકાબહેન સૂર્યસેન ઝવેરીએ પોતાના ધર્મપ્રેમી પિતા શ્રી સૂર્યસેન દીપચંદ ઝવેરી, માતુશ્રી શ્રીમતિ સુશીલાબહેન અને જીતુભાઈના ધર્મપત્ની શ્રીમતિ નીલાદેવી જીતેન્દ્ર ઝવેરી તથા દાદા શ્રેષ્ઠીવર્ય શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીપચંદ માણેકલાલ ખુશાલચંદ (વિલાયતવાળા) અને દાદીમા શ્રીમતિ હીરાકોરબહેનના સ્મરણાર્થે અને સ્વઆત્મશ્રેયાર્થે સ્વદ્રવ્યથી નવગ્રહનાયક શ્રી આદિનાથ જિનેશ્વર આદિ નવ તીર્થંકર પરમાત્મા સાથે શ્રી ગૌતમસ્વામીજી, શ્રી માણિભદ્રવીર, યક્ષરાજ, શ્રી પદ્માવતીમાતા, શ્રી સરસ્વતીમાતા અને પૂ૰ આ૰ શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબની મૂર્તિઓ ભરાવી. આ જિનાલય નિર્માણ કરી પ્રતિષ્ઠા કરી છે.

પૂજ્યપાદ આગમોદ્ધારક દેવસૂર તપાગચ્છ સમાચારી સરંક્ષક આચાર્ય ભગવંત શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય પૂ૰ આ૰ શ્રી ચંદ્રસાગર સૂરિ મ૰ સા૰ના શિષ્ય માલવોદ્ધારક પૂ૰ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ૰ સા૰ શિષ્ય પૂ૰ આગમવિશારદ ગુરુદેવ શ્રી અભયસાગરજી મ૰ સા૰ના પટ્ટ શિષ્ય પૂ૰ આ૰ શ્રી અશોકસાગર સૂરીશ્વર મ૰ સાહેબે સ્વશિષ્ય પં૰ શ્રી જિનચંદ્રસાગરમહારાજ, પં૰ શ્રી હેમચંદ્રસાગરજી મ૰ તથા સાધ્વીજી શ્રી મૃગેન્દ્રશ્રીજી મ૰ આદિ ચતુર્વિધ શ્રી સંઘની નિશ્રામાં ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવપૂર્વક અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ વિ૰ સં૰ ૨૦૫૩ના માગસર સુદ ત્રીજના શુક્રવારે તા૰ ૧૩-૧૨-૧૯૯૬ના દિવસે શુભ મૂહુર્તે કરાવી છે.

શુભં ભવતુ શ્રી સંઘસ્ય

જિનાલયની બહાર જમણી બાજુ દેરીમાં સરસ્વતીદેવીની આરસમૂર્તિ છે. કાષ્ઠના બનેલા ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપ મધ્યમ કદનો છે. આ૰ શ્રી આનંદસાગરસૂરિ, પદ્માવતીદેવી, માણિભદ્રવીર તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓના ગોખ છે.

ગર્ભદ્વાર ત્રણ છે. ૨૧" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની જેસલમેરી પીળા પથ્થરની બનેલી પ્રતિમા જર્મન-સિલ્વરની છત્રીમાં બિરાજે છે. કુલ નવ આરસપ્રતિમા અને ત્રણ ધાતુપ્રતિમા છે. ડાબે ગભારે મુનિસુવ્રતસ્વામી, નેમનાથ અને પાર્શ્વનાથ તથા જમણે ગભારે ચંદ્રપ્રભુ, પદ્મપ્રભુ અને વાસુપૂજ્યસ્વામી છે.

નવગ્રહના શ્રી આદેશ્વર તથા નવગ્રહના નવ તીર્થંકરોની વર્ણ મુજબની મૂર્તિઓ અહીં પધરાવવામાં આવી છે. જિનાલયના વહીવટદાર તરીકે શ્રી ગોપીપુરા જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી જિતેન્દ્રભાઈ સૂર્યસેન ઝવેરી, શ્રી પ્રફુલ્લભાઈ એસ૰ ઝવેરી તથા શ્રી રાજેન્દ્રભાઈ જીવણભાઈ ચોકસી સેવાઓ આપે છે.

આ જિનાલયનો સમય **સં૰ ૨૦૫૩**નો છે.

• • •

કાજીનું મેદાન, ગોપીપુરા

૩૯. નેમિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૪)

ગોપીપુરા, કાજીના મેદાન પાસે, સ્ટર્લીંગ અને સમેતશિખરની ગલીમાં શ્રી હેમેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પરિવારનું શ્રી નેમિનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૪ વૈશાખ સુદ ૬ને દિને શ્રી હેમેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પરિવાર દ્વારા કરવામાં આવી છે. ૩૧" ઊંચી મૂળનાયક શ્રી નેમિનાથની શ્યામ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વહીવટ શ્રી સુમંગલમ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી રમેશભાઈ આર૰ સંઘવી, શ્રી હેમેન્દ્રભાઈ જે૰ કાપડિયા તથા શ્રી શૈલેષભાઈ એન૰ સંઘવી દ્વારા થાય છે. આ ટ્રસ્ટ દ્વારા ઉપરના માળે સંસ્કૃત પાઠશાળા ચાલે છે.

• • •

જૈન ધર્મશાળા, સ્ટેશન રોડ

૪૦. કુંથુનાથ (સં૰ ૨૦૧૬)

સ્ટેશન રોડ પર શ્રીમતી રૂક્ષ્મણીબહેન દલીચંદ વીરચંદ ઝોફ શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન ધર્મશાળા આવેલી છે. અહીં શેઠ શ્રી નેમચંદ નાથાભાઈ ચોકસી જૈન જિનાલય તથા રૂક્ષ્મણીબહેન દલીચંદ વીરચંદ ઝોફ ટ્રસ્ટ સંચાલિત શ્રી કુંથુનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

શૃંગારચોકીના સ્થંભો પર સાદી, સુંદર કોતરણી છે. એક પ્રવેશદ્વાર છે. તેની ઉપરની દીવાલે લેખ છે – "જિનાલયની ખનનવિધિ સં૰ ૨૦૧૩ પોષ સુદ ૧૫, શીલારોપણ સં૰ ૨૦૧૪ માગશર વદ પાંચમ, પ્રવેશ સં૰ ૨૦૧૫ પોષ સુદ ૭ તથા પ્રતિષ્ઠા સં૰ ૨૦૧૬ વૈશાખ વદ ૬ને સોમવાર તા૰ ૧૬-૫-૧૯૬૦ના રોજ આ૰ શ્રી વિજયપ્રેમસૂરિ મ૰ સા૰ના પટ્ટધર પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયજંબુસૂરીશ્વરજીની નિશ્રામાં થઈ."

રંગમંડપ નાનો, સાદો છે. શત્રુંજય, રાજગૃહી, વીસ સ્થાનક, દાન-શીલ-તપના પ્રભાવના દ્રષ્ટાંત, ગિરનાર, તારંગા, ભદ્રેશ્વર, નંદીશ્વર દ્વીપ, શંખેશ્વર, જન્માભિષેક, અષ્ટાપદ, અંતરિક્ષ, આબુ, સમવસરણ, સમેતશિખર, પાર્શ્વનાથ મેઘમાળીનો ઉપસર્ગ, મહાવીરસ્વામીના ઉપસર્ગ, પાવાપુરી, ચંદનબાળાનો પ્રસંગ – જેવા પટ-પ્રસંગોના ચિત્રકામથી દીવાલો શોભે છે. ઘુમ્મટમાં પણ જુદા જુદા ચૌદ પ્રસંગો સહિત કમળ, સૂર્ય, ચંદ્ર, દેવવિમાનમાંથી પુષ્પવૃષ્ટિ, સ્વસ્તિક તથા કુંભ વગેરેનું ચિત્રકામ છે. ગર્ભદ્વાર પાસે ગાંધર્વયક્ષ તથા અચ્યુતાદેવીના ગોખ છે.

એક ગર્ભદ્વાર છે. ૨૩" ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની પ્રતિમા પર લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

શેઠ શ્રી નેમચંદ નાથાભાઈ ચોકસીએ સ્ટેશન રોડ ધર્મશાળા માટે સખાવત કરી તેવી નોંધ સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં કરવામાં આવી છે.

સં૰ ૨૦૫૪માં સુરત તીર્થ વંદુ કર જોડમાં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ પ્રાપ્ત થાય છે :

મૂળનાયક પ્રતિમા પાલીતાણા શેઠ નરશી નાથાભાઈની ધર્મશાળામાંથી તથા આજુબાજુ બિરાજમાન શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પાલીતાણા નરશી કેશવજીની ટૂંકમાંથી અત્રે પધરાવેલ છે. પ્રતિષ્ઠા આ૰ શ્રી જંબુસૂરિજીના હસ્તે થયેલ છે. ૭૧૦ ચો૰ વાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જમીન શેઠ શ્રી નેમચંદ નાથાભાઈ ચોકસી તરફથી દાનમાં મળી. બારડોલીના શેઠ શ્રી હીરાચંદ ઝવેરચંદ અને અન્ય આગેવાનોના સહકારથી ધર્મશાળા બાંધવાની શરૂઆત થઈ. શ્રીમતી રૂક્ષ્મણીબહેન દલીચંદ વીરચંદ શ્રોફના માતબર દાન અને અન્ય દાનોના કારણે ધર્મશાળા ત્રણ માળની થઈ. દરરોજ આશરે ૨૫૦ ઉતારૂઓ લાભ લે છે. ધર્મશાળાની આવકમાંથી જૈન ભાઈ-બહેનોને આર્થિક મદદ તથા સ્કૉલરશિપ આપવામાં આવે છે.

આજે જિનાલયનો વહીવટ શ્રી નેમચંદ નાથાલાલ જૈન જિનાલય તથા રૂક્ષ્મણીબહેન દલીચંદ વીરચંદ શ્રોફ ટ્રસ્ટ – શ્રી મહેશભાઈ અમીચંદ શ્રોફ, શ્રી ચંપકભાઈ રાયચંદભાઈ શાહ તથા શ્રી ડાહ્યાભાઈ જીવણલાલ શાહ હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૨૦૧૬** છે.

• • •

રત્નરેખા એપાર્ટમેન્ટ, નાનપુરા

૪૧. વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૪૭)

નાનપુરા, ટીમલીયાવાડ, બાબુનિવાસની ગલીમાં રત્નરેખા એપાર્ટમેન્ટમાં રાજકૃપા બિલ્ડિંગમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું આરસનું જિનાલય આવેલું છે. બાંધણી ઘરદેરાસર જેવી છે.

જિનાલયના પ્રવેશદ્વારની બારસાખે અષ્ટમંગલ અને મધ્યે ચક્ર અંકિત કરેલ છે. કુલ છ ગોખ છે જે પૈકી બે ખાલી છે. અન્ય ગોખમાં માણિભદ્રવીર, પદ્માવતીદેવી, ગૌતમસ્વામીની આરસમૂર્તિઓ તથા અઢાર અભિષેક કરલે ધાતુપ્રતિમા બિરાજે છે.

૩૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા સપરિવાર સામરણયુક્ત આરસની છત્રીમાં બિરાજે છે. મૂળનાયકની ડાબી બાજુ આદેશ્વર તથા જમણી બાજુ મંત્રાધિરાજ પાર્શ્વનાથ બિરાજે છે. મૂળનાયકની પાછળની દીવાલે ભામંડલની રચના છે. છત્રીને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે. અહીં ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'વિ૰ સં૰ ૨૦૪૩ માઘ શુદી ૧૩ રવિવાસરે તપોવન સંસ્કારધામ મધ્યે પન્યાસ શ્રી ચંદ્રશેખરવિજય પ્રેરણયાકૃતાંજનશલાકાયાં શ્રી વાસુપૂજ્ય જિનબિંબમિદં પ્રતિષ્ઠિતં સંઘ કૌશલ્યાધારક કર્મસાહિત્ય નિષ્ણાત સિદ્ધાન્તમહોદધિ તપાગચ્છાચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વર પટ્ટધર વર્ધમાન તપોનિધિ આ૰ શ્રી ભુવનભાનુ સૂરીભિઃ આ૰ વિ૰ ગુણાનંદસૂરિ આ૰ વિજયઘોષસૂરિ પં૰ યશોભદ્રવિજયાદિ વિશાલ મુનિગણ પરિવૃત્તૈં કારિતં ચ મુનિ શ્રી દેવસુંદર વિ૰ મુનિ શ્રી રત્નસુંદર વિ૰ મુનિ શ્રી પદ્મસુંદર વિ૰ સા૰ શ્રી ચંદવ્યોતિ શ્રી પ્રેરણયાદેવલાનિવાસિ નાનચંદ ભાર્યા ખીમકુંવર સુત મનસુખલાલેન ઈતિ શુભં ભવતુ ।'

આ જિનાલય ડૉ૰ શ્રી સુરેશભાઈ ગુલાબચંદ મોહનલાલ શાહ પરિવારે બંધાવેલ છે. પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૭**ના વૈશાખ સુદ ૧૩ને રવિવારે તા૰ ૧૨-૫-૯૧ના રોજ શ્રી જગવલ્લભ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજયજી મ૰ સા૰ની નિશ્રામાં કરવામાં આવી છે.

સં૰ ૨૦૫૪માં **સુરત તીર્થ વંદુ કર જોડમાં** આ જિનાલય ડૉ૰ સુરેશચંદ્ર ગુલાબચંદ મોહનલાલ શાહ પરિવાર દ્વારા બંધાયાની નોંધ છે.

આજે વહીવટ શ્રી સુરેશભાઈ નગીનદાસ સંઘવી, શ્રી અરવિંદભાઈ ટી૰ શાહ તથા શ્રી શાંતિલાલ એલ૰ શાહ હસ્તક છે.

• • •

સિદ્ધશીલા એપાર્ટમેન્ટ, નાનપુરા

૪૨. ભીલડિયા પાર્શ્વનાથ (સં૰ ૨૦૪૬)

નાનપુરા વિસ્તારમાં જીવન ભારતી સ્કૂલની પાસે આવેલ સિદ્ધશીલા કો૰ ઓ૰ હાઉસિંગ સોસાયટીમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી ભીલડિયા પાર્શ્વનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

સોસાયટીમાં જમણી બાજુ જિનાલય છે. પ્રવેશચોકીના સ્થંભો, તેની કમાનો, પ્રવેશદ્વાર, તેની બારસાખની કોતરણી ધ્યાનાકર્ષક છે.

રંગમંડપ મધ્યમ કદનો છે. ડાબી જમણી બાજુના ગોખમાં પદ્માવતીદેવી તથા ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિઓ છે. જિનાલયની પ્રતિષ્ઠા અંગેનો લેખ નીચે મુજબ છે :

શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથાય નમઃ

યોગનિષ્ઠ આચાર્યદેવ શ્રીમદ્ બુદ્ધિ કીર્તિ સાગર સૂરીશ્વરેભ્યો નમઃ

શ્રી સિદ્ધશીલા શ્વેતાંબર જૈન ટ્રસ્ટ જિનાલયે મૂળનાયક શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠામાં લાભ લેનાર મહાનુભાવોની નામાવલી.

શુભ નિશ્રા : પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક ગચ્છાધિપતિ આચાર્ય દેવશ શ્રીમદ્ સુબોધસાગર સૂરીશ્વરજી મહારાજ તથા પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ મનોહરકીર્તિ સાગર સૂરિ મ૰ સા૰

વીર સંવત - ૨૫૧૬ વિક્રમ સંવત - ૨૦૪૬ મહા સુદ ૧૩ બુધવાર તા૰ ૭-૨-૧૯૯૦

શુભ લગ્ને શુભ ભવતુ શ્રી સંઘસ્ય ॥

શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથ : ડોસાણી લાલચંદ પોપટલાલ પરિવાર જુના ડીસા હ૰ મહેન્દ્રભાઈ

શ્રી આદિશ્વર ભગવાન : શાહ ફૂલચંદજી વરધીચંદજી પરિવાર જસવંતપુરા

શ્રી શાંતિનાથ ભગવાન : શાહ ચંદુલાલ નિહાલચંદ પરિવાર પટોસણ

શ્રી વાસુપૂજ્યસ્વામી : શાહ ચીમનલાલ ચુનીલાલ મહાજની પરિવાર ધાનેરા હ૰ હસમુખભાઈ

શ્રી મુનિસુવ્રતસ્વામી : શાહ વીરચંદ વરધીચંદભાઈ પરિવાર જેતાવાડા

શાસનદેવી શ્રી ચક્રેશ્વરીમાતાજી : શાહ સુરજમલ ગોમાજી પરિવાર બાંટ

શાસનદેવી શ્રી પદ્માવતીમાતાજી : શાહ પૂનમચંદ મંગળજીભાઈ પરિવાર જૂના ડીસા હ૰ સુરેશભાઈ

ધ્વજાદંડ : યાવત્‌ચંદ્રદિવાકરૌ : શાહ બાબુલાલ સુરચંદભાઈ પરિવાર જૂના ડીસા

દ્વાર ઉદ્‌ઘાટન : શેઠ હાલચંદભાઈ ધરમચંદભાઈ પરિવાર ધાનેરા હ૰ પિયૂશ, હિતેશ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ ગર્ભદ્વાર છે. ૨૫'' ઊંચી મૂળનાયક શ્રી ભીલડિયા પાર્શ્વનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત શ્યામ કસોટીના પથ્થરની પ્રતિમા મનમોહક છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે. ડાબે ગભારે વાસુપૂજ્યસ્વામી તથા જમણે ગભારે મુનિસુવ્રતસ્વામી છે.

જિનાલયનો વહીવટ સિદ્ધશીલા શ્વે૦ જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી સુરેશભાઈ પૂનમચંદ શાહ તથા શ્રી ચંપકભાઈ ટી૦ શાહ હસ્તક છે.

ટ્રસ્ટી પાસેથી મળેલી માહિતી અનુસાર એપાર્ટમેન્ટમાં ૭૬ ફ્લેટ પૈકી મોટા ભાગના જૈન કુટુંબો છે. રોજના ૨૦૦ થી ૨૫૦ લોકો પૂજાનો લાભ લે છે. દરરોજ સ્નાત્રપૂજા થાય છે.

જિનાલયનો સમય **સં૦ ૨૦૪૬** છે.

• • •

મહાવીર જૈન વિદ્યાલય, નાનપુરા

૪૩. ધર્મનાથ (સં૦ ૨૦૧૬ આસપાસ)

નાનપુરા, ટીમલીયાવાડમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં શ્રી ધર્મનાથનું જિનાલય આવેલું છે. બોર્ડિંગનું જિનાલય તરીકે ઓળખાય છે. વહીવટ શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલય હસ્તક છે.

બોર્ડિંગમાં પ્રવેશતાં જમણા હાથે એક રૂમમાં આરસની પાળીની રચના પર મૂળનાયક શ્રી ધર્મનાથની ૫'' ઊંચી ધાતુ ચોવીસી પ્રતિમા સહિત કુલ છ ધાતુપ્રતિમા છે: તેના પર નાના-નાના ત્રણ શિખરની રચના છે. આરસમાં ઉપસાવેલ શત્રુંજયનો પટ છે.

બોર્ડિંગના ગૃહપતિ શ્રી સોભાગચંદ ચોકસી પાસેથી મળેલ માહિતી અનુસાર આ જિનાલય બોર્ડિંગના વિદ્યાર્થીઓ માટે બંધાવેલ છે. હાલ સૌ કોઈ સેવા-પૂજા-દર્શનનો લાભ લે છે.

આજે વહીવટદાર તરીકે શ્રી મહેશભાઈ અમીચંદ શ્રોફ, ડૉ૦ શ્રી ધનસુખભાઈ બી૦ શાહ, શ્રી સોભાગચંદ શાહ તથા શ્રી સોભાગચંદ એન૦ ચોકસી સેવાઓ આપે છે.

જિનાલયની પ્રતિષ્ઠા જૂન મહિનામાં ઈ૦ સ૦ ૧૯૬૦માં કરવામાં આવેલ છે. ટ્રસ્ટની સ્થાપના તારીખ ૧-૬-૧૯૫૮ છે. જિનાલયનો સમય **સં૦ ૨૦૧૬ આસપાસ**નો છે.

• • •

ટીમલીયાવાડ, નાનપુરા

૪૪. પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૦ ૨૦૪૬)

નાનપુરા, ટીમલીયાવાડ વિસ્તારમાં જીવન ભારતી સ્કૂલની સામે 'નીડ' નામના બંગલામાં શ્રી કિરીટભાઈ મગનલાલ ચોકસી પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

સં૦ ૨૦૪૬ના ફાગણ સુદ પૂનમના દિને શ્રી ચંદ્રશેખર મ૦ સા૦ના ઉપદેશથી શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથની ૧૫'' ઊંચી પ્રતિમા પ્રતિષ્ઠિત કરેલ છે. હાલ એક જ આરસપ્રતિમા છે.

શ્રી કિરીટભાઈના જણાવ્યા અનુસાર પ્રતિમાની અંજનશલાકા કરાવેલ નથી. અઢાર અભિષેક કરાવેલ છે તેથી વાસક્ષેપ પૂજા કરવામાં આવે છે.

• • •

નાનપુરા, મક્કાઈ પુલ

૪૫. ચંદ્રપ્રભુ (સં૰ ૧૮૮૨ આસપાસ)

નાનપુરા, મક્કાઈ પુલ સર્કલ પાસે રોડ પર આરસનું બનેલું શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. બાજુમાં સેનેટોરિયમ છે.

કંપાઉંડમાં જુદા જુદા નાના-નાના છોડના કુંડા છે. એક પ્રવેશદ્વાર છે. તેની ઉપરની દીવાલે લક્ષ્મીદેવી આજુબાજુ હાથી તથા વાજિંત્રો સહિત બે નારીશિલ્પોની કૃતિ છે.

મધ્યમ કદના રંગમંડપની દીવાલો શત્રુંજય, સમેતશિખર, રૈવતાચલના નાના પટથી શોભે છે. કમલાકારનો ચૌદ સુપનની કોતરણીવાળો ભંડાર ધ્યાન ખેંચે છે. ગર્ભદ્વાર પાસે જમણી બાજુ ગોખમાં વિજયયક્ષ તથા ડાબી બાજુ જ્વાલાદેવી છે. રંગમંડપમાંથી ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે છે.

એક ગર્ભદ્વાર છે. આજુબાજુ બે બારીઓ છે. ૧૩'' ઊંચી મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુની મનોહર પ્રતિમા પર સં૰ ૧૮૮૨નો લેખ છે જે નીચે મુજબ વાંચી શકાય છે :

'સં૰ ૧૮૮૨ મહા શુક્લ પક્ષે ૬ રવિવાસરે શ્રી ચંદ્રપ્રભુ બિંબ ભરાવિતં ચ પ્રતિષ્ઠિતં શ્રી આણંદદેવસૂરિભિઃ'

કુલ ચૌદ આરસપ્રતિમા તથા છત્રીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયકની આજુબાજુની નાની પ્રતિમા પર સં૰ ૧૮૫૨નો લેખ છે. ડાબી બાજુ શાંતિનાથ અને જમણી બાજુ શ્રેયાંસનાથ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં નાનપુરામાં શ્રી ચંદ્રપ્રભુના જિનાલયને શિખર વિનાનું દર્શાવ્યું છે. બંધાવનાર તરીકે નેમાવાણીઆના સમસ્ત સંઘનો ઉલ્લેખ હતો. કુલ પચીસ આરસપ્રતિમા તથા તેર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. ઉપરાંત **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ચંદ્રપ્રભુના અન્ય એક ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ છે. તે જિનાલયમાં કુલ ત્રીસ આરસપ્રતિમા તથા એકાવન ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ જીર્ણ હતી અને બંધાવનાર તરીકે દેવચંદભાઈનું નામ દર્શાવવામાં આવ્યું હતું. આ જિનાલયનો ઉલ્લેખ ત્યારબાદ અન્ય સંદર્ભગ્રંથોમાં પ્રાપ્ત થતો નથી. આ જિનાલય અંગે માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે. તે માટે વિશેષ સંશોધન કરવાની જરૂર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં નાનપુરાના બગીચામાં એક જિનાલય હોવાની નોંધ છે. મૂળનાયકના નામની નોંધ નથી.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયના ગોખમાં એક લેખ હોવાની નોંધ છે જે નીચે મુજબ છે :

શ્રી શા૰ રાજાભાઈ રતનચંદની ધણીયાણી બાઈ ઇચ્છાએ સં૰ ૧૯૫૬ના મા૰ શુદી ૬ને શુક્રે વિધિપૂર્વક પ્રતિષ્ઠા મુનિ મહારાજ શ્રી મોહનલાલજી પાસે આદીશ્વરના બિંબની કરાવી છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નાનપરા બજાર વિસ્તારમાં ચંદ્રપ્રભુના આ જિનાલયને શિખરબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા હતી. શ્રી સંઘે સં૰ ૧૯૮૩માં જિનાલય બંધાવ્યું હોવાની તથા મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૮૨નો લેખ હોવાની નોંધ છે. વહીવટ શેઠ માણેકચંદ ડાહ્યાભાઈ હસ્તક હતો તથા જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં નાનપુરા ગાંધીબાગ શહેરની વચ્ચે, નદી કિનારે બગીચા વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ છે. સં૰ ૧૮૮૨ વૈશાખ સુદ ૬ રવિવારે સમસ્ત વીસા નેમા સંઘે (કપડવંજ) પ્રતિમા ભરાવી આણસુર ગચ્છના શ્રી આણંદસોમ-સૂરિના હસ્તે પ્રતિષ્ઠા થઈ હોવાની નોંધ હતી. ઉપરાંત સં૰ ૨૦૧૩માં મહા વદ ૧ શ્રી વિજય-ધર્મસૂરિની નિશ્રામાં તદ્દન પાયામાંથી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ હતો. વહીવટ શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ મહેતા હસ્તક હતો.

સં૰ ૨૦૫૪માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ જિનાલય ગાંધીબાગની નજીક હોવાથી 'ગાંધીબાગના દેરાસર' તરીકે ઓળખાતું હોવાની નોંધ છે.

આજે વહીવટ શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી વસંતલાલ મગનલાલ ચોકસી, શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહ તથા શ્રી સોભાગચંદ મોતીલાલ શાહ હસ્તક છે.

મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૮૨નો લેખ છે. તે સંદર્ભમાં આ જિનાલય **સં૰ ૧૮૮૨**ના સમયનું હોવાનું માની શકાય.

• • •

નાનપુરા ગેટ

૪૬. મહાવીરસ્વામી (સં૰ ૨૦૩૯)

નાનપુરા ગેટ, પોલીસ ચોકી સામે, રોડ પર આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું નાનું, શિખરબંધી જિનાલય આવેલું છે.

સ્થાનિક માહિતી પ્રમાણે જિનાલય તાપી નદી કિનારે હતું. તે સમયે અહીં આદેશ્વરની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક જ ધાતુપ્રતિમા હતી. જિનાલયનો વહીવટ શ્રી ચંદ્રપ્રભુ જિનાલય ટ્રસ્ટ હસ્તક હતો જે નાનપુરા જૈન સંઘે સંભાળી સં૰ ૨૦૩૬માં જિનાલયનો કામચલાઉ જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્યારબાદ જૈનોની વસ્તી વધતા સં૰ ૨૦૩૯ના દ્વિતીય વૈશાખ વદ પના દિને આ૰ શ્રી અશોકસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી.

આદેશ્વરની ધાતુપ્રતિમા પર 'સં૰ ૧૮૩૦ વર્ષે મહા સુદ ૫ વાતીદાસ' – મુજબનું લખાણ છે.

પ્રવેશદ્વારની કોતરણીયુક્ત કમાનો પર ધર્મચક્ર કંડારેલ છે. પાસે નારીશિલ્પોની કૃતિ છે. આજુબાજુ બારીની નીચે હાથીની અંબાડી પર મહાવત સાથે બિરાજમાન શેઠ-શેઠાણીની કૃતિ કંડારેલી છે.

રંગમંડપમાં પ્રવેશવાના ત્રણ દ્વાર છે. સ્થંભો પર પૂતળીઓનાં શિલ્પો તથા રંગકામયુક્ત કોતરણી છે. છત પર સુંદર રંગકામ થયેલું છે. માણિભદ્રવીર તથા ગૌતમસ્વામીના ગોખ છે. સમેતશિખર, તારંગા, કેસરિયાજી, શંખેશ્વર, ભદ્રેશ્વર, પાવાપુરી, અષ્ટાપદ, ભીલડિયાજી, પાંચ કલ્યાણક, રાણકપુર, જેસલમેર તથા શત્રુંજય જેવા પટ છે.

એક ગર્ભદ્વાર છે. ૨૩'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની અષ્ટપ્રાતિહાર્ય પરિકર-યુક્ત મનોહર પ્રતિમા પર રતનલાલ મગનલાલ ચોકસી દ્વારા આ૰ શ્રી અશોકસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ હોવાનો ઉલ્લેખ છે. ડાબી બાજુ આદેશ્વર તથા જમણી બાજુ મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર પણ તે જ પ્રમાણે લેખ છે. કુલ સાત આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે. આદેશ્વરના આરસનાં પગલાંની એક જોડ છે જેના પર 'સં૰ ૧૭૪૭ વૈશાખ સુદ ૨' – નો લેખ છે.

આદેશ્વરના સંદર્ભમાં અન્ય કોઈ માહિતી સંદર્ભગ્રંથોમાંથી પ્રાપ્ત થતી નથી. પ્રતિમા પર સં૰ ૧૮૩૦નો લેખ છે.

સં૰ ૨૦૫૪માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

આ જિનાલય માટે એવી દંતકથા સંભળાય છે કે પહેલા આ જિનાલય તાપી નદીના કિનારે હતું. મોટા મોટા વેપારીઓ સમુદ્ર સફર પૂર્વે અહીં દર્શન કરી સફરનો આરંભ કરતા. અનેકની શ્રદ્ધાનું કેન્દ્ર હતું.

આજે વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ, નાનપુરા ગેટના ટ્રસ્ટીઓ – શ્રી માણેકચંદ નાનચંદ શાહ, શ્રી સુરેન્દ્રકુમાર નેમચંદ શાહ તથા શ્રી સુમનલાલ અમૃતલાલ સંઘવી હસ્તક છે.

ઉપલબ્ધ પ્રમાણભુત માહિતીને આધારે આ જિનાલયનો સમય **સં૰ ૨૦૩૯**નો છે તેમ છતાં તે અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૈલાસનગર, મજુરાગેટ

૪૭. આદેશ્વર - નાગેશ્વર પાર્શ્વનાથ (સં૰ ૨૦૪૪)

કૈલાસનગર, મજુરાગેટ વિસ્તારમાં સોરઠિયા પંથની વાડી સામે મેઈન રોડ પર આરસ તથા પથ્થરનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. શિખરમાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ મૂળનાયક છે. જિનાલયની બાજુમાં ઉપાશ્રય તથા સંઘની ઑફિસ છે.

શૃંગારચોકી - પ્રવેશચોકીના સ્થંભો પર વાજિંત્રો સહિત પૂતળીઓ તથા મગરમુખી તોરણો છે. ત્રણ પ્રવેશદ્વાર છે. તેની બાજુમાં ઉપરના માળે જવાનાં પગથિયાં છે.

રંગમંડપ મધ્યમ કદનો છે. સ્થંભો પર વાજિંત્ર સહિત નારીશિલ્પો છે. ગૌતમસ્વામી, માણિભદ્રવીર, ચક્રેશ્વરીદેવી, ગૌમુખયક્ષની આરસમૂર્તિઓના ગોખ છે. અષ્ટાપદ, સિદ્ધશીલા, ચંપાપુરી, સમેતશિખર, પાવાપુરી, મહાવીરસ્વામી મોક્ષ કલ્યાણક, ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, સમોવસરણ, જન્માભિષેક, દીક્ષાભિષેક, દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક, સિદ્ધચક્ર તથા ઋષિમંડળ જેવા પટ-પ્રસંગોથી દીવાલો શોભે છે. જિનાલયની પ્રતિષ્ઠા અંગેનો એક લેખ કોતરવામાં આવ્યો છે. તે લેખ તથા ટ્રસ્ટી પાસેથી મળેલી માહિતી અનુસાર અગાઉ કૈલાસનગરના ફ્લેટમાં ગૃહજિનાલયની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ અહીં જૈનોની સંખ્યા વધતા મજૂરાગેટ રોડ પર જમીન લઈ શ્રી અશોકસાગરગણિવર્ય(હાલ આચાર્ય)ની પ્રેરણા તથા ઉપદેશથી સં૰ ૨૦૩૬માં ઉપાશ્રયની પાસે જ નૂતન જિનાલયના નિર્માણનો નિર્ણય લેવામાં આવ્યો. પૂ૰ અશોકસાગર ગણિવર્ય(હાલ આચાર્ય)ની નિશ્રામાં સં૰ ૨૦૪૧ના જેઠ સુદ ૧૦ને બુધવારે શીલા સ્થાપનની વિધિ કરવામાં આવી. અર્બુદગિરિ(આબુથી)થી લાવવામાં આવેલ શ્રી આદેશ્વરની પ્રતિમા અહીં **સં૰ ૨૦૪૪**ના માગશર વદ ૧ને રવિવારે મૂળનાયક તરીકે બિરાજિત કરવામાં આવી. અન્ય જિનબિંબોની પ્રતિષ્ઠા શ્રી દેવેન્દ્રસાગરસૂરિના હસ્તે થઈ. મૂળનાયકની પ્રતિમાની પ્રતિષ્ઠાનો લાભ શ્રી બાબુભાઈ સંઘવી પરિવારે લીધો. ઉપરના માળે શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની કાઉસ્સગ્ગ મુદ્રાવાળી શ્યામ પ્રતિમાની અંજનશલાકા શ્રી અશોકસાગરજીએ કરી અને પ્રતિષ્ઠાનો લાભ શ્રી મફતલાલ કકલચંદ મહેતા પરિવારે (પાલનપુરવાળા) લીધો.

ત્રણ ગર્ભદ્વાર છે. ૨૩" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા નયનરમ્ય છે. પ્રતિમાલેખ નથી. કુલ સાત આરસપ્રતિમા છે તથા છ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે. ડાબે ગભારે શાંતિનાથ તથા જમણે ગભારે શંખેશ્વર પાર્શ્વનાથ છે.

ઉપરના માળે શિખરમાં મૂળનાયક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની ૩૭" ઊંચી કાઉસ્સગ્ગ મુદ્રાવાળી શ્યામ આરસપ્રતિમા છે. પાછળની દીવાલે ઐરાવત તથા ચામર વીંઝતા ઇન્દ્રોના રંગકામયુક્ત આરસના શિલ્પો છે તેથી ગભારો આકર્ષક લાગે છે. અહીં નંદીશ્વર દ્વીપ તથા ગિરનારના પટ છે. ભટેવા પાર્શ્વનાથ તથા શંખેશ્વર પાર્શ્વનાથના મોટા ફોટા છે.

જિનાલયનો વહીવટ શ્રી આદેશ્વર જૈન દેરાસર કૈલાસનગર ટ્રસ્ટ – શ્રી ગેનમલજી વીરચંદજી શાહ તથા શ્રી અમરતલાલ કેશવલાલ શાહ હસ્તક છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનગર કોમ્પ્લેક્ષ, કૈલાસનગર

૪૮. મહાવીરસ્વામી (સં૰ ૨૦૫૪)

પાર્શ્વનગર કોમ્પ્લેક્ષના પાછળના ભાગમાં મોટી ઊંચી ઈમારતો-ફ્લેટ બાંધવાનું કામ ચાલી રહ્યું છે. એક નાની છાપરાબંધ ઓરડીમાં શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પરોણા રાખેલ છે.

એક પ્રવેશદ્વાર છે. ગભારાની રચના નથી. પદ્માવતીદેવી તથા ગૌતમસ્વામીના ગોખ છે. કુલ એક આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

૨૭'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા આછા ગુલાબી રંગના આરસની પ્રતિમા પર આ૰ વિ૰ શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ મિત્રાનંદસૂરિ શિષ્ય ગણિવર્ય હેમરત્નવિજયજીના ઉપદેશથી શ્રેષ્ઠી હરિલાલ કાનજી ભાયાણી પરિવારે સ્વશ્રેયાર્થે આ૰ વિ૰ મેરુપ્રભસૂરિ તથા આ૰ વિ૰ હેમચંદ્રસૂરિની નિશ્રામાં સં૰ ૨૦૪૬માં ભરાવી હોવાનો લેખ છે. ત્યારબાદ પ્રતિમા સં૰ ૨૦૫૪માં આ૰ શ્રી વિજયરાજેન્દ્રસૂરિ મ૰ સા૰(કલિકુંડવાળા)ની નિશ્રામાં અત્રે પરોણાગત બિરાજમાન કરવામાં આવેલ છે.

હાલ જિનાલયનો વહીવટ શ્રી આદિનાથ જૈન દેરાસર કૈલાસનગર ટ્રસ્ટ હસ્તક છે.

સં૰ ૨૦૫૪માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૪માં આ૰ શ્રી વિજયરાજેન્દ્ર સૂરિની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે.

જિનાલયનો સમય **સં૰ ૨૦૫૪**નો છે.

• • •

શંખેશ્વર કોમ્પ્લેક્ષ, કૈલાસનગર

૪૯. શંખેશ્વર પાર્શ્વનાથ (સં૰ ૨૦૫૪)

કૈલાસનગરમાં શંખેશ્વર કોમ્પ્લેક્ષમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે.

૨૫'' ઊંચી મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા અને છ ધાતુપ્રતિમા છે. માણિભદ્રવીર, ગૌતમસ્વામી, પદ્માવતીદેવી તથા ચક્રેશ્વરીદેવીની મૂર્તિઓ છે. મૂળનાયક શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૨૦૫૪નો લેખ છે જે નીચે મુજબ છે :

'સં૰ ૨૦૫૪ માર્ગશીર્ષ શુદી ૬ ..... સૂર્યપુર નગરે કૈલાસનગરે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનબિંબં પ્રતિષ્ઠાપિતઃ ૫૦ પૂ૰ આ૰ રાજેન્દ્રસૂરીશ્વરૈઃ ૫૦ પૂ૰ આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરાં .....તિષ્ઠં દીસા વાસ્તવ્ય ..... પરિકર કીર્તિલાલ ચીમનલાલ ધર્મપત્ની ચંપાબેન પુત્ર સુરેશભાઈ .....'

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૪**માં માગશર સુદ છઠના દિવસે શ્રી રાજેન્દ્રસૂરિ મ૰ સા૰ તથા શ્રી રાજશેખરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં કરવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વહીવટ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી અજિતભાઈ પન્નાલાલ દલાલ, શ્રી શૈલેષભાઈ રસીકલાલ વારૈયા તથા શ્રી કુમારભાઈ રમણલાલ શાહ હસ્તક છે.

• • •

જિનલ એપાર્ટમેન્ટ, ક્ષેત્રપાલ રોડ

૫૦. નમિનાથ - મહાવીરસ્વામી (સં૰ ૨૦૫૪)

ક્ષેત્રપાલ રોડ પર સગરામપુરા વિસ્તારમાં પારસનગર કોમ્પ્લેક્ષના જિનલ એપાર્ટમેન્ટ અને પિનલ એપાર્ટમેન્ટની પાસે વિશાળ કંપાઉંડમાં વચ્ચે આરસ તથા જેસલમેરી પથ્થરનું બનેલું શ્રી નમિનાથ - શ્રી મહાવીરસ્વામીનું શિખરબંધી નૂતન જિનાલય આવેલું છે.

જિનાલયનું ખાતમુહૂર્ત તથા શીલારોપણ સં૰ ૨૦૪૯માં કરવામાં આવ્યું હતું. અને પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૪ના માગશર સુદ સાતમના દિવસે આ૰ શ્રી રાજેન્દ્રસૂરિ મ૰ સા૰ તથા શ્રી રાજશેખરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં કરવામાં આવી છે. શ્રી નમિનાથની પ્રતિષ્ઠાનો લાભ શ્રી બાબુલાલ પૂનમચંદ સંઘવી પરિવારે લીધો હતો તથા શ્રી મહાવીરસ્વામીની પ્રતિષ્ઠાનો લાભ શ્રી પ્રદીપભાઈ તનસુખલાલ શાહ પરિવારે લીધો હતો.

જિનાલયમાં પ્રવેશવા માટે લાંબા મોટા પગથિયાંની રચના છે. પગથિયાંની બે બાજુ ઑફિસ તથા રૂમ છે. ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપ મધ્યમ કદનો છે. મૂળનાયક શ્રી નમિનાથની ૫૧" ઊંચી સપરિકર પ્રતિમા સહિત કુલ સાત આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા છે. મૂળનાયકની પાછળના ભાગમાં પરિકરની નવીન બાંધણી છે.

શિખરમાં દેવકુલિકાની રચના કરવામાં આવી છે. તેમાં ૨૧" ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા છે.

હાલ જિનાલયનો વહીવટ શ્રી આદિનાથ જૈન દેરાસર કૈલાસનગર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી ગેનમલજી વીરચંદજીભાઈ શાહ તથા શ્રી અમરતલાલ કેશવલાલ શાહ હસ્તક છે.

• • •

સગરામપુરા

૫૧. વાસુપૂજ્યસ્વામી (સં૰ ૧૯૬૩ પૂર્વે)

સગરામપુરા વિસ્તારમાં કાળા મહેતાની શેરીના નાકે, મહાવીર હૉસ્પિટલ પાસે શ્રી વાસુપૂજ્યસ્વામીનું આરસ તથા પથ્થરનું બનેલું બે માળનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપરના માળે મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી બિરાજે છે.

શૃંગારચોકીમાં સ્થંભો પર વાજિંત્રો સહિત શિલ્પાકૃતિઓ તથા કોતરણીવાળી કમાનો પર સુંદર રંગકામ નજરે પડે છે. શૃંગારચોકી ભવ્ય છે. ડાબી બાજુ એક દેવકુલિકામાં ત્રીસ ધાત-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિમા છે. તે પૈકી એક ચૌમુખી છે. તથા આદેશ્વરની એક આરસપ્રતિમા છે. પાલનપુરની બાજુમાં આવેલ દાતા ગામથી લાવેલ આદેશ્વરની આ પ્રતિમાની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૭ દ્વિતીય વૈશાખ વદ ૩ના રોજ આ૰ શ્રી વિજયરામચંદ્રસૂરિ મ૰ સા૰ના શિષ્ય શ્રી વિજયકુંજરસૂરિ મ૰ સા૰ તથા આ૰ શ્રી વિજયમુક્તિપ્રભસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. પ્રતિમા પરનો લેખ સુવાચ્ય નથી. રંગમંડપમાં પ્રવેશવાના દ્વાર ત્રણ છે. મુખ્ય દ્વાર પર આજુબાજુ નારીશિલ્પો સહિત લક્ષ્મીદેવી તથા અન્ય બે દ્વાર પર ફૂલો વગેરેની કોતરણી છે. ડાબી બાજુ હાથી પર બિરાજમાન શ્રી માણિભદ્રવીરનો ગોખ છે. તેની બન્ને બાજુ ચામર સાથે હાથીનું ચિત્રકામ છે. આ ગોખની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૭ના દ્વિતીય વૈશાખ વદ ત્રીજના રોજ થયેલ છે.

રંગમંડપની ફરસ પર આરસમાં સુંદર કોતરણી છે. સ્થંભો પર વાજિંત્રો સહિત પૂતળીઓનાં શિલ્પો કાચથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. ઘુમ્મટમાં વાસુપૂજ્યસ્વામીના સાત ભવ, ચોવીસ યક્ષ-યક્ષિણી અને ચોવીસ તીર્થંકરોનું ચિત્રકામ છે. પાવાપુરી, નેમનાથની જાન, ચંપાપુરી, શત્રુંજય, આબુ, નંદીશ્વર દ્વીપ, અષ્ટાપદજી, જગતશેઠનું જિનાલય, ગિરનાર, કેસરિયાજી, મહાવીરસ્વામીના ઉપસર્ગ, તારંગા, સમેતશિખર, પાર્શ્વનાથનો ઉપસર્ગ – જેવા આરસમાં ઉપસાવેલા તેમજ ચિત્રકામ કરેલા પટ-પ્રસંગો છે. જમણી બાજુ મલ્લિનાથનો આરસની છત્રીયુક્ત ગોખ તથા ડાબી બાજુ સંભવનાથનો ગોખ છે. રંગમંડપમાં કુલ બે આરસપ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર લેખ ઘસાયેલ હોવાથી સુવાચ્ય નથી. ડાબે ગભારે શીતલનાથની પ્રતિમા પર 'સં૰ ૧૮૫૬ ..... શ્રી જિનહર્ષસૂરિ .....' મુજબનું લખાણ છે. જમણે ગભારે પાર્શ્વનાથની કાઉસ્સગ્ગ પ્રતિમા પર 'સં૰ ૧૮૫૬ ..... શ્રી જિનહર્ષસૂરિ ..... પ્રતિષ્ઠિતં .....' મુજબનું લખાણ છે. કુલ સોળ આરસપ્રતિમા પૈકી એક કાઉસ્સગ્ગ પ્રતિમા છે. કુલ પાંચ ધાતુપ્રતિમા છે.

જિનાલયના શિખરમાં નાની દેવકુલિકા જેવી રચનામાં ૧૫" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની આરસપ્રતિમા બિરાજમાન છે. તેના પર સં૰ ૨૦૦૨નો લેખ છે. તેની ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ શાંતિનાથ – એમ કુલ ત્રણ આરસપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૨ના જેઠ સુદ ચોથના રોજ આ૰ શ્રી વિજયરામચંદ્રસૂરિના શિષ્ય કનકવિજયજી મહારાજે કરાવી છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સગરામપુરા વિસ્તારમાં વાસુપૂજ્યસ્વામીનું ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ બાર આરસપ્રતિમા, પિસ્તાળીસ ધાતુપ્રતિમા તથા એક રત્નની પ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સિધરામપુરા નામના વિસ્તારમાં એક જિનાલય હોવાની નોંધ છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સગરામપુરામાં આ જિનાલયનો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં તથા **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં આ જિનાલયનો વહીવટ શેઠ ડાહ્યાભાઈ ધનજીભાઈ તથા હીરાચંદ મૂળચંદ હસ્તક હોવાની નોંધ છે. જિનાલયની સ્થિતિ સારી હતી. **સં૰ ૧૯૮૯**માં પ્રતિષ્ઠા લેખની નોંધ કરવામાં આવી છે જે નીચે મુજબ છે :

'પ્રતિષ્ઠાનો લેખ : સંવત ૧૯૬૯ના વૈશાખ શુદ ત્રીજ શુક્ર વીર સંવત ૨૪૩૯ વર્ષે વૈશાખ માસે શુક્લ પક્ષે તૃતીયા તિથૌ શુક્રવાસરે શુભમુહૂર્તે પૂજ્યપાદ શ્રી સૂરિ આનંદવિજયજી (આત્મારામજી) પ્રશિષ્યૈ શ્રી વલ્લભવિજયાભિધાનૈ ઈદં શ્રી વાસુપૂજ્યસ્વામી બિંબં સ્થાપિતં સંવત ૧૯૬૯.

જમણી બાજુનો લેખ : શીતલનાથજી ભગવાન પધરાવનાર શા૰ અમીચંદ વી૰ પરમાર તરફથી બાઈ રતન સંવત ૧૯૬૯ના વૈશાખ સુદી ૩ વાર શુક્ર.

ડાબી બાજુનો લેખ : શ્રી પાર્શ્વનાથ ભગવાન પધરાવનાર શા૰ ખીમચંદ ડાહ્યાભાઈ તથા હરજીભાઈ ડાહ્યાભાઈ તરફથી ઉમેદચંદ ખીમચંદ તથા પુનમચંદ રવજી સંવત ૧૯૬૯.

ગોખલા પરનો લેખ : શ્રી સંભવનાથજી ભગવાન પધરાવનાર શા૰ તેજાજી નેમાજી સંવત ૧૯૬૯ના વૈશાખ શુદી ૩ને વાર શુક્ર.

શ્રી મલ્લીનાથજી ભગવાન પધરાવનાર બાઈ અંબા તે શા૰ મૂલચંદ ધનજીની વિધવા સંવત ૧૯૬૯ના વૈશાખ સુદ ૩ વાર શુક્ર.'

શ્રી જિનહર્ષસૂરિને જેઠ સુદ ૧૫ના દિને સૂરિપદ મળ્યું. સૂરિપદ લીધા પછી સુરતમાં જ ચૈત્યબિંબ પ્રતિષ્ઠા કરાવી. સુરતમાં જ ચાતુર્માસ રહ્યા હતા. આ મુજબનો ઉલ્લેખ **જૈન ગૂર્જર કવિઓ**(ભાગ-૯) ગ્રંથના પૃ૰ ૨૯ પર તથા **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં પૃ૰ ૧૧૫ પર મળે છે.

તે ઉપરાંત **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં પૃ૰ ૨૦૯ પર શ્રી વલ્લભસૂરિ મ૰ સા૰એ રચેલ સુરત સગરામપુરા મંડન શ્રી વાસુપૂજ્યસ્વામિ સ્તવનમાં સુરતના સગરામપુરામાં આવેલ ચૈત્યની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૯માં થઈ હોવાનું જણાવે છે :

સંવત **નિધિ કાયા** રે, **ગ્રહ વિધુ** થાયા રે,
અક્ષય તૃતીયા કવિવારી, રવિ રાજયોગ બલકારી,
પ્રતિષ્ઠા હોઈ સારી, જિનંદા૰ ૬

સુરત શહેર મંડન રે, પ્રભુઅધખંડન રે,
સગરામપુરા ચૈત્ય સોહે, આતમ લક્ષ્મી જિનમોહે,
વલ્લભ હર્ષે નમે તોહે. જિનંદા૰ ૭

ત્યારબાદ **સં૰ ૨૦૧૦**માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં સગરામપરા કાળા મહેતાની શેરીના નાકે આવેલા આ જિનાલયને શિખરબંધી દર્શાવેલું છે. કુલ અઢાર આરસપ્રતિમા, પિસ્તાળીસ ધાતુપ્રતિમા તથા ચાર રજતચોવીસી હોવાની નોંધ છે. જિનાલય સં૰ ૧૯૬૯માં બંધાવ્યું હોવાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નોંધ હતી. વહીવટ શેઠ જીવણલાલ કપુરાજી હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદીમાં પણ આ જિનાલય વિશે ઉપર્યુક્ત નોંધ મળે છે.

આજે જિનાલયમાં કુલ બાવીસ આરસપ્રતિમા પૈકી એક કાઉસ્સગ્ગ તથા પાંત્રીસ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે. વહીવટ શ્રી સગરામપુરા જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી સુરેશચંદ્ર નેમચંદ શાહ, શ્રી જયંતિલાલ વાલચંદ નહાર તથા શ્રી અરવિંદભાઈ મયંકભાઈ શાહ હસ્તક છે.

સં૰ ૧૯૮૯માં સૂરત ચૈત્યપરિપાટીમાં તથા **સં૰ ૧૯૯૬માં સૂર્યપુર રાસમાળા**માં જિનાલય બંધાવ્યા સંવત ૧૯૬૯ દર્શાવેલ છે તથા સં૰ ૧૯૬૯માં આ જિનાલયની પ્રતિષ્ઠા થયાનું સ્તવન પણ દર્શાવેલ છે. જ્યારે **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તે સમયે જિનાલયની સ્થિતિ સાધારણ દર્શાવેલી છે. સંભવ છે કે સં૰ ૧૯૬૯માં પુનઃ પ્રતિષ્ઠા થઈ હોય. મૂળનાયકની આજુબાજુના ગભારે બિરાજમાન શીતલનાથ તથા પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૮૫૬નો લેખ છે.

જિનાલયનો સમય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નો છે. પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૯માં થઈ હોવાનો વિશેષ સંભવ છે.

• • •

શ્રાવકશેરી, સૈયદપુરા

૫૨. ચંદ્રપ્રભુ (સં૰ ૧૭૯૩ પૂર્વે)

સૈયદપુરા વિસ્તારમાં શ્રાવકશેરી મધ્યે શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ભોંયરાયુક્ત છાપરાબંધી જિનાલય છે. ભોંયરામાં શ્રી અરનાથ છે. કાષ્ઠના ભવ્ય નંદીશ્વરદ્વીપની રચના હોવાથી નંદીશ્વર દ્વીપના જિનાલય તરીકે પ્રચલિત છે.

જિનાલયની બાંધણી ઘરદેરાસર જેવી છે. એક પ્રવેશદ્વાર છે. પ્રવેશતાં મોટો ચોક છે. સામે ઓરડીમાં શ્રી જ્ઞાનવિમલસૂરિની પાદુકા છે જેના પર નીચે મુજબનું લખાણ છે :

'સંવત ૧૭૮૨ વર્ષ શાકે ૧૬૪૭ શ્રી ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરીશ્વર પટ્ટપ્રભાકર ભટ્ટારક શ્રી ૫ શ્રી શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વર પાદુકેભ્યો નમઃ પ્રતિષ્ઠિતં ભ૰ શ્રી ૫ શ્રી સૌભાગ્ય-સાગરસૂરિભિઃ શ્રી'

વિશાળ રંગમંડપના બે ભાગ પાડતા ત્રણ દ્વાર છે. ગૂઢમંડપમાં વિશેષ કારીગરી નથી. આગળના ભાગમાં એટલે કે રંગમંડપમાં મોટા દ્વારની ઉપરની દીવાલે વાજિંત્રો સહિત શિલ્પાકૃતિઓ છે. ચાર ચાર સ્થંભો પર ચારેબાજુ વિવિધ વાદ્યાદિ સાથે દેવ-દેવીનાં ચિત્રો છે. સિદ્ધાચલ તથા ચૌદ કલાકૃતિનું કાષ્ઠમાં અદ્‌ભુત ચિત્રકામ છે. દીવાલ પર ચંદ્રપ્રભુના ત્રણ ભવનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિત્રકામ છે. એક ગોખમાં દેવની મૂર્તિ છે. અહીં ઊંચું, ભવ્ય કાષ્ઠનું સમવસરણ છે. છત તથા ઘુમ્મટમાં ચિત્રકામ છે. સંવત્સરીના દિવસે એટલે કે ભાદરવા સુદ ચોથે અહીં મેરુ પર્વત સાથે કાષ્ઠકામયુક્ત જંબુદ્વીપને ફરતે નંદીશ્વરદ્વીપની મનોહર અને ભવ્ય રચના કરવામાં આવે છે જે પંદરેક દિવસ સુધી રાખવામાં આવે છે. અનેક જૈનો તેના દર્શનાર્થે આવે છે. કાષ્ઠની આ રચના નમુનેદાર અને અલૌકિક છે. તેના પરનું રંગકામ આકર્ષક છે.

જિનાલયના પાછળના ભાગમાં મોટા રૂમમાં પંદર ગોખ છે જે કાચના દ્વારથી બંધ કરેલ છે. તેમાં કાષ્ઠના ચિત્રિત ફલક છે જેમાં જૈન આચાર વિચારનો બોધ કરાવનારી ઘટનાઓનું – (૧) ૧૭૦ તીર્થંકર, (૨) તીર્થંકર પ્રાપ્તિ સ્થાનકો ૧ થી ૧૦, (૩) તીર્થંકર પ્રાપ્તિના સ્થાનકો ૧૧ થી ૨૦, (૪) સનતકુમારનું સૌંદર્ય અને વિરકતતા, (૫) સગરચક્રીના ૬૦ હજાર પુત્રો, (૬) દ્વૈપાયનનો દાહ, (૭) પૃથ્વીચંદ્ર અને ગુણસાગર, (૮) મહાવીરસ્વામીના ૨૭ ભવો, (૯) વીરની બાલ્યાવસ્થા, (૧૦) કેવલજ્ઞાન, (૧૧) ઉપસર્ગો, (૧૨) શ્રેણિકનૃપતિ, (૧૩) ચંપા શ્રાવિકા અને અકબર બાદશાહ, (૧૪) ૨૪ તીર્થંકરના પ્રથમ પારણા – વગેરેનું ચિત્રકામ છે.

ગભારમાં ૧૫" ઊંચી મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા છે. પ્રતિમાલેખ નથી. કુલ દસ આરસપ્રતિમા, અઠ્યોતેર ધાતુપ્રતિમા, ચોવીસ ધાતુ ચૌમુખી અને એક નાના ધાતુ ચૌમુખી છે. ધાતુપ્રતિમા પૈકી એક તીર્થંકરના ખોળામાં અન્ય નાના તીર્થંકર બેઠા હોય તે પ્રકારની વિશિષ્ટ નાનકડી પ્રતિમા છે. તેમાંની મોટી પ્રતિમા આદેશ્વરની અને નાની પ્રતિમા મહાવીર-સ્વામીની છે. આજુબાજુના ગભારે શાંતિનાથ તથા પાર્શ્વનાથ છે. આરસનું સિદ્ધચક્ર, ધાતુની સોળ કમળ પાંદડી છે. ધાતુના એક પટ પર સં૰ ૧૮૩૩નો લેખ છે એમાં વચ્ચે વીસ તીર્થંકર, તેની બંને બાજુ એકેક સિદ્ધચક્ર, ડાબી બાજુ સિદ્ધચક્રની ઉપર ૪ તીર્થંકર, છેક ઉપરના ભાગમાં તીર્થંકર અને તેની નીચે ઋષિ અને તેની ઉપર સૂર્યની કૃતિ છે.

ભોંયરામાં ૨૧" ઊંચી મૂળનાયક શ્રી અરનાથની પ્રતિમા પર સં૰ ૧૮૨૨નો લેખ છે જે નીચે મુજબ છે :

'સંવત ૧૮૨૨ વૈશાખ સુદિ ૧૩ ગુરૌ ઓસવાલ જ્ઞાતિય વૃદ્ધશાખાયાં શા ..... સુત શા૰ મોતીચંદકેન ૧૮ શ્રી અરનાથ બિંબં કારાપિતં પ્રતિષ્ઠાપિતં ચ શ્રી સાગરગચ્છે શ્રી પૂન્યસાગર સૂરિભિઃ શ્રેયસ્તુ શુભં'

કુલ ત્રણ આરસપ્રતિમા છે. એક આરસમાં બે પગલાંની જોડ પર લેખ છે :

'સંવત ૧૮૩૩ વર્ષે મહા સુદિ ૫ બુધે શ્રી વિનયવિજયગણિના પાદુકા પ્રતિષ્ઠિતા શ્રી સુરતિ બિંદરે પુનઃ નવીકૃતા મહોપાધ્યાય શ્રી સુમતિવિજયગણિનાં પાદુકા પ્રત૰ પં૰ ઉત્તમવિજય'

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૭૭૪માં જ્ઞાનવિમલસૂરિકૃત **અશોકચંદ્ર રોહિણીરાસ**માં આ વિસ્તારનો ઉલ્લેખ સુરત પાસે સૈદપૂર બંદર તરીકે થયો છે. જ્યાં વિમલનાથ તથા શાંતિનાથના ઉલ્લેખ મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંવત યુગ મુનિમુનિ વિધુ વર્ષ નામથી રે સૂરતિ બિંદર પાસ રે,
સૈદપૂર બંદિર તિલકનેં સારિખૂં રે, તિહાં રહી ચોમાસ રે. ધન ૧૦
વિમલ શાંતિ જિન ચરણ સેવા સુપસાયથી રે, સંપૂરણ એ કીધ રે,
.....

આજે નવાપુરા વિસ્તારમાં શાંતિનાથનું જિનાલય વિદ્યમાન છે. સંભવ છે કે ઉપર્યુક્ત શાંતિનાથ તે આ જ હોય !

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં સુરત શહેરના જિનાલયોના વર્ણન પછી પૂરાની યાત્રા કરતાં કવિ સૈયદપુરમાં એક દેરાસર હોવાની નોંધ કરે છે :

સૈયદપુરાને દેહરે ભ૰ **હિદરપુરા**માહે જેહ; ભ૰
એકાદસ દેરાસરે ભ૰ જિનપ્રતિમા ગુણ ગેહ. ભ૰ ૧૦

ઉપર્યુક્ત પંક્તિમાં તીર્થંકર નામ દર્શાવેલ નથી.

સં૰ ૧૭૯૯માં ઉત્તમવિજયકૃત **જિનવિજય નિર્વાણરાસ**માં સઈદપુરામાં નંદીશ્વર જિનાલયમાં અઠ્ઠાઈ મહાત્સવ થયો હોવાની નોંધ નીચેની પંક્તિઓમાં મળે છે.

સઈદપુર માંહે દિન કેતા, રાખે સંઘ સુજાણજી
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કીધો બહુ મંડાણજી

સં૰ ૧૮૨૮માં પદ્મવિજયકૃત **ઉત્તમવિજય નિર્વાણરાસ**માં નંદીશ્વરદ્વીપના જિનાલયમાં મહોત્સવ થયાની નોંધ છે :

નંદીશ્વર દ્વીપે થયો મહોત્સવ તિણે સમે,
કહે ભટ્ટારક તુમ્હો, આદેશ કીણે ગમે.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સૈયદપુરા વિસ્તારમાં ૧. ચંદ્રપ્રભુ અને ૨. ગોડી પાર્શ્વનાથ – એમ કુલ બે જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ છે. બન્ને જિનાલયોનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. ચંદ્રપ્રભુના જિનાલયમાં કુલ એકવીસ આરસપ્રતિમા, એકસો પચીસ ધાતુપ્રતિમા તથા એક રત્નપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ગોડીપાર્શ્વનાથના જિનાલયમાં કુલ પાંચ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ જીર્ણ હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલયનો ઉલ્લેખ શ્રાવકપોળ વિસ્તારમાં થયો છે. તથા આજે શાહપોર વિસ્તારમાં વિદ્યમાન ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ સૈયદપુરામાં થયો છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં સુરતનાં જિનાલયોની યાદીમાં સૈયદપરામાં ચંદ્રપ્રભુનું જિનાલય હોવાની નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'આ દેરાસરમાં નંદીશ્વરદ્વીપની રચના છે. અઢીસો વર્ષ પૂર્વે ૧૬૬૦માં કોઈ સકળચંદ નામના શ્રાવકે આ દેરાસર બંધાવ્યું છે એમ કહેવાય છે. છેલ્લા જીર્ણોદ્ધાર પછીની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૦ વૈશાખ સુદ ૧૦. પ્રભુજીને ગાદીનશીન કરનાર શેઠ ધરમચંદ ઉદયચંદના પુત્રો. દેરાસરજીના ભોંયરામાં શ્રી અરનાથ ભગવાન છે.... નંદીશ્વરદ્વીપની રચના હોઈ આ દેરાસરજી નંદીશ્વરદ્વીપના દેરાસરના નામે પણ ઓળખાય છે. નંદીશ્વરદ્વીપની રચના સંવત્સરીના દીવસે કરવામાં આવે છે, જે ઘણી મનોહર હોય છે. લાકડાનું સુંદર કોતરકામ બહુ મૂલ્યવાન અને નમુનેદાર છે. તેનું પેઈન્ટીંગ કામ પણ બહુ સુંદર છે. એકંદર રચના ભવ્ય છે, ઉપરાંત લાકડાના પાટીઆ ઉપર બીજા સુંદર ચિત્રકામના નમૂના છે તે જોવાલાયક છે; તેની જાળવણી અને વ્યવસ્થા ઉચ્ચ પ્રકારની છે. દેરાસરજીમાં જે જુનો ઘંટ છે તે પર 'સંવત ૧૯૬૦ વર્ષે કારાવિર્તવાદીરહ વેલમદરે દેહરે ધર્મનાથ નીહ વોહોરા બંગાલાલજી ઘંટ ભરાઊસે શ્રીવૈયહસેનસૂરિભિ' –. એ મુજબનો લેખ છે.'

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુર રાસમાળા**માં આ જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૦માં થઈ હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં સૈયદપુરા શ્રાવકશેરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. તે સમયે સોળ આરસપ્રતિમા તથા એકસો એક ધાતુપ્રતિમા હતી. વહીવટ નાનુભાઈ નેમચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં સૈયદપરા શ્રાવકશેરી વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ થયો છે. ભોંયરામાં બિરાજમાન શ્રી અરનાથની પ્રતિમા પર સં૰ ૧૮૨૨નો લેખ હોવાની નોંધ છે. વહીવટ શેઠ ઠાકોરભાઈ સૂરચંદ હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ તેર આરસપ્રતિમા, ઇઠ્યોતેર ધાતુપ્રતિમા, ચોવીસ ધાતુ ચૌમુખી તથા એક નાની ચૌમુખી ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી વડ઼ાચૌટા જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ– શ્રી બાબુભાઈ અમરચંદ શાહ, શ્રી અનિલભાઈ શ્રોફ, શ્રી મહેશભાઈ એમ૰ મારફતિયા, શ્રી ભૂપેન્દ્રભાઈ એફ૰ લાકડાવાળા તથા શ્રી ભરતભાઈ સી૰ સરૈયા હસ્તક છે. સંઘ દ્વારા પં૰ શ્રી ચંદ્રોદયવિજયજી ગણિ(હાલ આચાર્ય)ની પ્રેરણાથી સં૰ ૨૦૧૭માં તથા સં૰ ૨૦૫૫માં પ્રાચીન કાષ્ઠમય અદ્‌ભુત ઝલક સુરતના સૈયદપુરાનું શ્રી ચંદ્રપ્રભુજી ભગવાન જૈન દહેરાસર નંદીશ્વરદ્વીપ અને તેના ફલકો પરનાં ચિત્રોની સંક્ષિપ્ત રૂપરેખાવાળી નાની નાની બે આવૃત્તિ ધરાવતી પુસ્તિકા પ્રગટ થયેલ છે.

સં૰ ૧૬૬૦માં આ જિનાલય બંધાયું હોવાની નોંધ **સં૰ ૧૯૮૯**માં કરવામાં આવેલ છે. પરંતુ **સં૰ ૧૬૮૯**માં ઉપા૰ વિનયવિજયકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં ચંદ્રપ્રભુના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. ત્યારબાદ સં૰ ૧૭૭૪માં શાંતિનાથ, વિમલનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. સંભવ છે કે હાલ નવાપુરામાં વિદ્યમાન શાંતિનાથના જિનાલયનો આ ઉલ્લેખ હોય. સં૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૯૩માં નંદીશ્વરદ્વીપનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૭૯૩ પૂર્વે**ના સમયનું છે જ, તેથી વધુ પ્રાચીન હોવાનો સંભવ છે.

• • •

નવાપુરા

૫૩. શાંતિનાથ (સં૰ ૧૭૯૩ પૂર્વે)

નવાપુરા વિસ્તારમાં મોરકસ મહોલ્લામાં આરસનું બનેલું શ્રી શાંતિનાથનું ત્રણ માળનું, સામરણયુક્ત જિનાલય આવેલું છે. ઉપરના માળે શ્રી શાંતિનાથ તથા ભોંયરામાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ મૂળનાયક તરીકે બિરાજે છે.

પ્રવેશતાં એક બાજુ ઉપાશ્રય છે. માણિભદ્રવીરની દેરી છે.

ત્રણ પ્રવેશદ્વાર છે. પ્રવેશદ્વારની દીવાલો પર નવગ્રહ, મંગલ કલશ, લક્ષ્મીદેવીનું રંગકામ સુંદર છે. મોટા કદના રંગમંડપમાં સ્થંભો પર સુંદર રંગકામ તથા ચિત્રકામ છે. દીવાલો ચંપાપુરી, પાવાપુરી, અષ્ટાપદ, સમેતશિખર, ગિરનાર, શત્રુંજય, આબુ, નંદીશ્વરદ્વીપ, મહાવીરસ્વામી સમવસરણમાં, મહાવીરસ્વામીને ખીલાનો ઉપસર્ગ, શાંતિનાથ જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, ચ્યવનકલ્યાણક જેવા પટ પ્રસંગોથી ખચિત છે. રંગમંડપમાં બે ગોખમાં ત્રણ ત્રણ આરસપ્રતિમા મળીને કુલ છ આરસપ્રતિમા છે.

ગભારો લાંબો છે. ૧૧" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની આરસપ્રતિમા સહિત કુલ વીસ આરસપ્રતિમા તથા ઓગણચાળીસ ધાતુપ્રતિમા છે. ઉપરાંત એક સ્ફટિકપ્રતિમા છે. એક પેટીમાં આગમરત્નમંજૂષાની મોટી પ્રત છે.

ભોંયરું નાનું છે. અહીં ૯" ઊંચી શ્રી શાંતિનાથની આરસપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. મૂર્તિલેખ નથી. કુલ ત્રણ આરસપ્રતિમા છે.

ઉપરના માળે શંખેશ્વર, ભદ્રેશ્વર, રાણકપુર, મેરુશિખર પર પ્રભુનો અભિષેક, પાર્શ્વકુમાર કમઠનો પ્રસંગ, વરસીદાન, દીક્ષા વરઘોડો, દીક્ષાકલ્યાણક, પંચમુષ્ઠી લોચ, કમઠ ઉપસર્ગ તથા સમવસરણ જેવા પટ-પ્રસંગો છે. ત્રણ ગર્ભદ્વાર છે. ગભારો મોટો છે. ૧૧" ઊંચી શ્રી ભીડભંજન પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. કુલ ચોવીસ આરસપ્રતિમા તથા અઠ્ઠાવીસ ધાતુપ્રતિમા છે. જમણે ચંદ્રપ્રભુ તથા ડાબે આદેશ્વર છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં નવાપુરામાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે. તે સમયે ભોંયરું હોવાની નોંધ છે.

નવાપુરામાંહે દેહરે ભ૰ **સોલસમાં શાંતિનાથ;** ભ૰
ભૂયરામાંહે પ્રભૂ ભેટીયા ભ૰ મૂલનાયક જગનાથ. ભ૰ ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ્ય બિંબ પાષાણામેં ભ૦ ધાતુમેં નવ સાર; ભ૦
દ્વાદસ બિંબ જોહારતાં ભ૦ ઉપનો હરષ અપાર. ભ૦ ૯

તે અગાઉ **સં૦ ૧૭૭૪**માં જ્ઞાનવિમલસૂરિકૃત અશોકચંદ્ર રોહિણી રાસમાં આ વિસ્તારનો ઉલ્લેખ સુરત બંદર પાસે સૈદપૂર બંદર તરીકે થયો છે. જ્યાં વિમલનાથ તથા શાંતિનાથ જિનના ઉલ્લેખ મળે છે :

સંવત યુગ મુનિમુનિ વિધુ વર્ષ નામથી રે સૂરતિ બિંદર પાસ રે,
સૈદપૂર બંદિર તિલકનેં સારિખૂં રે, તિહાં રહી ચોમાસ રે. ધન ૧૦

વિમલ શાંતિ જિન ચરણ સેવા સુપસાયથી રે, સંપૂરણ એ કીધ રે,

.....

આજે નવાપુરા વિસ્તારમાં શાંતિનાથનું જિનાલય વિદ્યમાન છે. સંભવ છે કે ઉપર્યુક્ત શાંતિનાથ તે આ જ હોય ! જો કે આ અંગે વધુ સંશોધનની જરૂર છે.

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ નાનપુરા વિસ્તારમાં થયો છે. આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ તેતાળીસ આરસપ્રતિમા તથા ચુમોતેર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૦ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં નવાપરા કુંભારવાડા વિસ્તારમાં ચંદ્રપ્રભુ તથા ગોડી પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે જે આજે ગોળશેરી વિસ્તારમાં છે. નવાપુરા વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. પરંતુ તલકચંદ માસ્તરની વાડીમાં પાર્શ્વનાથના જિનાલયની સાથે શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ છે. સંભવ છે કે આ તે જ જિનાલય હોય !

સં૦ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં નવાપુરા વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે.

સં૦ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો વહીવટ શેઠ દલીચંદ વીરચંદ તથા શેઠ હીરાલાલ મગનલાલ પારેખ હસ્તક હોવાની તથા સ્થિતિ સારી હોવાની નોંધ છે. ઉપરાંત જિનાલય વિશે અન્ય નોંધ નીચે મુજબ છે :

"આ દેરાસર શ્રી સંઘે બંધાવેલ છે. અતિ પ્રાચીન છે. નીચે ભોંયરામાં મૂળનાયક શ્રી શાંતિનાથજી ભગવાન છે. ભોંયરાનો જીર્ણોદ્ધાર શેઠ લખમાજી જીવણજીના નામથી શેઠ દલીચંદ વીરચંદે ૧૯૬૩માં કરાવ્યો. દેરાસરની સાથે ઉપાશ્રય પણ છે. નીચે ભોંયરામાં લેખ છે :

'સંવત ૧૯૬૩ના પોષ માસમાં શા લખમાજી જીવણજી તરફથી શ્રી શાંતિનાથ મહારાજના ભોંયરાનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.' "

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નવપરા વિસ્તારમાં શાંતિનાથના આ જિનાલયને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ ઓગણપચાસ આરસપ્રતિમા, સિત્તેર ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા, પાંચ રજત ચોવીસીપટ તથા ત્રણ ધાતુચોવીસીપટ હતા. વહીવટ શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલય સં૰ ૧૭૨૫ લગભગમાં શ્રી સંઘે બંધાવ્યાની નોંધ છે.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં નવાપુરા કરવા રોડ વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ છે. જીર્ણોદ્ધાર સં૰ ૨૦૦૫માં થયાની નોંધ છે. વહીવટ શેઠ હીરાલાલ મગનલાલ પારેખ હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ તેપન આરસપ્રતિમા તથા સડસઠ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી અરૂણભાઈ ઈશ્વરલાલ ચોકસી, શ્રી વસંતલાલ ભોગીલાલ શાહ તથા શ્રી કમલેશભાઈ નવનીતભાઈ કાપડિયા હસ્તક છે.

સં૰ ૨૦૧૦માં આ જિનાલય સં૰ ૧૭૨૫ લગભગમાં બંધાયાની નોંધ છે. સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો સ્પષ્ટ ઉલ્લેખ છે. અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં૰ ૧૭૯૩ પૂર્વે**નો છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

શાહપોર

૫૪. ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૬૮૯ પૂર્વે)

શાહપુર વિસ્તારમાં મુગલીસરા મુખ્ય રોડ પર આવેલું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું આ છાપરાબંધી જિનાલય સુરતનાં જિનાલયોમાં મુખ્ય છે. ચિંતામણિદાદાના હુલામણા નામે ઓળખાતાં પ્રશમરસ નીતરતા દિવ્ય પ્રતિમાજી અનેકના અંતરની આસ્થાના આધારરૂપ છે. કાષ્ઠકોતરણીના ઉત્તમ નમૂનારૂપ આ જિનાલય સુરતમાં પ્રથમ ક્રમે આવે છે.

મોટો ચોક છે. અહીં એક ગોખમાં મહાલક્ષ્મીમાતાની નાની મૂર્તિ છે જેની પ્રતિષ્ઠા સં૰ ૧૯૭૮ના મા૰ સુ૰ ૧૦ને દિને વીશા શ્રીમાળી શા૰ કીકાભાઈ ગુલાબચંદ તરફથી થઈ છે. રંગમંડપમાં પ્રવેશવાનો દ્વાર કાષ્ઠ કોતરણીયુક્ત છે. સ્થંભો પર તથા છતમાં ઉત્તમ કાષ્ઠ કોતરણી છે. અહીં એક ગોખમાં રાજા કુમારપાળ તથા શ્રી હેમચંદ્રાચાર્યનો સુંદર ફોટો છે જે મુનિ શ્રી દર્શનવિજયજીના ઉપદેશથી સં૰ ૧૯૭૦માં બનાવવામાં આવ્યો હતો. અન્ય ગોખમાં કલ્પદ્રુમ પાર્શ્વનાથ, સીમંધરસ્વામી તથા શંખેશ્વર પાર્શ્વનાથની આરસપ્રતિમા છે. ગભારાને ફરતે પ્રદક્ષિણાની જગ્યા છે. કાષ્ઠ કોતરણીયુક્ત નાના નાના ગોખમાં ૨૪ તીર્થંકરોના ચિત્રકામયુક્ત ફોટા છે. મેરુ પર્વતની કૃતિ તથા ૪૫ આગમોની પેટી છે. શ્રી વિજયકુમુદચંદ્રસૂરિની આરસની ગુરુમૂર્તિ છે. રંગમંડપના પાછળના ભાગમાં સમેતશિખર, ક્ષત્રિયકુંડ, ગુણીયાજી, રાજગૃહીના પટ છે. અન્ય બે રૂમ પૈકી એકમાં શત્રુંજયનું કાષ્ઠનું મોડેલ તથા બીજા રૂમમાં સમેતશિખરનું કાષ્ઠનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોડેલ જોવાલાયક છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૭'' ઊંચી મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત આરસપ્રતિમા મનોહર છે. પ્રતિમાલેખ નથી. અહીં કુલ ચૌદ આરસપ્રતિમા તથા ઇઠ્યોતેર ધાતુપ્રતિમા છે. ધાતુપ્રતિમા પૈકી બે રજતપ્રતિમા છે. કુલ નવ આરસનાં પગલાંની જોડ છે. તે પૈકી ચાર જોડ પર સં૰ ૧૬૭૮ વાંચી શકાય છે.

ઐતિહાસિક સંદર્ભ

સુરત ચૈત્યપરિપાટીમાં **સં૰ ૧૯૮૯**માં આ જિનાલયનો વહીવટ શેઠ અમરચંદ કરમચંદ હસ્તક હતો. તે ગ્રંથમાં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

''આ દેરાસર વડી પોશાળગચ્છનું છે. હજુ સુધી તે ગચ્છવાળાઓએ જ તેનો વહીવટ કર્યો છે. આ દેરાસર ઘણું પ્રાચીન છે. તેમાં લાકડામાં નકશીકામ ઘણું ઉત્તમ છે. તેના નમૂના સુખડમાં કોતરાવી ઇંગ્લાંડ દેશના મ્યુઝિયમમાં મૂકવામાં આવ્યા છે. પેઇન્ટિંગ કામ પણ તેટલું જ સુંદર છે. જીર્ણોદ્ધાર સમયે બહુ કાળજીથી કામ કરાવવામાં આવ્યું હશે જેથી આજે આવી ઉત્તમ વસ્તુ અસ્તિત્વમાં રહી શકી છે. શ્રી કુમારપાળ અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો ઓઇલ પેઇન્ટિંગ ફોટો પણ અતિ સુંદર છે. મૂળ આ દેરાસરમાં બાવન જિનાલય હતાં. જીર્ણોદ્ધાર થયો ત્યારે તે કઢાવી, મૂળનાયકજીના ગભારાની આસપાસ ચોવીસી ગોઠવવામાં આવી છે. આવી પ્રાચીન કલાના નમૂનાઓ જૈનસમાજ માટે ગૌરવપદ છે. ..... આ ઉપરાંત સુરતની જૈન ડીરેક્ટરીમાં આ દેરાસરના અંગે ૧૭૦મા પાને નીચે મુજબ વર્ણન છે :

'સુરતમાં શાહપુરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર છે. એ પ્રભુની ચમત્કારીક મૂર્તિ વિષે સુરતના વૃદ્ધ જૈનો કહે છે કે અત્યારે જે મેરઝા સામેની મસ્જીદ છે તે પહેલાં જૈનમંદિર હતું, ત્યાં આ ચિંતામણિ પાર્શ્વનાથની મૂર્તિ હતી. એ મૂર્તિ કેવી રીતે લબ્ધ થઈ અને કેવી રીતે શાહપુરનું દેરાસર અસ્તિત્વમાં આવ્યું તે વિષે કહેવાય છે કે – જ્યારે મુસલમાનો દેરાસર તોડવા આવ્યા ત્યારે દેરાસરના દરવાજા બંધ થઈ ગયા. રાત્રે એક ગરીબ શ્રાવકને સ્વપ્ન આવ્યું કે ચિંતામણિ પાર્શ્વનાથની મૂર્તિ કૂવામાં છે ત્યાંથી મૂર્તિને બહાર કાઢી એક દેરાસર બંધાવી તેમાં પધરાવો. આ શ્રાવકે પોતાના સ્વપ્નની વાત તે વખતે સુરતમાં જે યતિજી હતા તેમને કરી અને સાથે જણાવ્યું કે મારી પાસે કાંઈ મૂડી નથી. માત્ર એક રૂપિયો અને એક કોડી છે. યતિજીએ ગમે તે બળે પણ શ્રાવકને કહ્યું કે આ કોથળીમાંથી તને જોઈયે તેટલા રૂપિયા મળશે, તું દેરાસર બંધાવ પણ એક શરત કે આ કોથળી કદી ઠાલવીશ નહિ. પછી કુવામાં તપાસ કરતાં મૂર્તિ મળી આવી અને દેરાસર બંધાવ્યું. આજે એ કુવો આ જ દેરાસરમાં મૌજુદ છે. પેલી કોથળી અને કોડી પણ મૌજુદ છે. એ પ્રાચીન દેરાસર સંબંધી પણ ઉલ્લેખ મળી આવે છે.' ગુજરાત સર્વ સંગ્રહના કર્તા ૧૩૧મા પાને જણાવે છે કે – 'મેરઝા સામેની કબર ૧૫૪૦ના ખુદાવીંદખાને બંધાવી છે. કબર પાસેની લાકડાની મસજીદ છે તે શાહપુર મહેલ્લામાં જૈનનું દેવલ હતું તે તોડીને તેમાંના સામાને બંધાવી.' આ ઉપરથી સમજાય છે કે આ ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર પંદરમા સૈકામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવું જોઈયે. ....''

એક રૂપિયામાં તૈયાર થયેલ શ્રી જિનમંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિષ્ઠા અંગે એવો ઉલ્લેખ મળે છે કે વિ૰ સં૰ ૧૭૦૧ મહા સુદ ૧૦ના વડી પોષાળ ગચ્છના શ્રી વૃદ્ધિસાગર સૂરિજી મહારાજના વરદ હસ્તે થઈ હતી.

પૂર્વે બાવન જિનાલય હતું. પછી કાળના પ્રભાવે ગભારાની ચારેબાજુની બાવન દેરીમાંની ૨૮ દેરી તેમ ચાર છતો ઉપરનું નકશીકામ નષ્ટ પ્રાયઃ થઈ જવાથી ૫૰ પૂ૰ મુનિ મહારાજ શ્રી મોહનલાલજી મહારાજની પ્રેરણાથી સુરતના રાવબહાદુર હીરાચંદ મોતીચંદ ઝવેરીએ શ્રી સંઘની સહાયથી રૂા૰ ૨૦ હજારના ખર્ચે સં૰ ૧૯૬૫-૬૬માં કેટલોક ભાગ દુરસ્ત કરાવ્યો હતો; શુદ્ધાશયથી કરાવવામાં આવેલ જીર્ણોદ્ધારમાં સુંદર કારીગરીયુક્ત કાષ્ઠમય બારીક નકશીકામના રક્ષણની અગ્રિમતા આપવાના લક્ષ્ય કરતાં મંદિરની મજબૂતાઈની પ્રધાનતા રાખી જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો હતો. મૂળ ગર્ભદ્વારની બારશાખ ઉપર નજર ઠેરવતા કારીગરીનું કૌશલ્ય જણાશે. નકશીકામની સુંદર કોતરણી તેમાં પૂરેલ વિવિધ સોનેરી રંગ તેમજ ચિત્રો હૃદ્ય અને આકર્ષક છે. વળી ભોમતીનાં બે દ્વાર ઉપર સામાન્ય કોરણી સહિત ચોવીસ જિનનાં ચિત્રો સુવર્ણ રંગે જાણે હમણા જ ન આલેખાયાં હોય તેવા દેખાય છે. પાછળ ભમતીમાં ચોવીસ ગોખલાની નાનીશી દેરીઓની પણ કોરણી જોતાં આંખને તૃપ્તિ થતી નથી. મૂળ ગર્ભદ્વારની આગળ ત્રણ વિશાળકાય લાકડાની સુંદર જાળી છે. તે જાળી ઉપર સુવર્ણમય ચિત્રકામ એટલું સુંદર છે કે જોનારને એમ જ લાગે છે કે આ કામ ટૂંકાં વર્ષોના ગાળામાં થયું હશે. રંગમંડપના બીજા ગાળાના ચોકઠામાં એક લાકડાનો ઘુમ્મટ છે. તેમાં દેવદેવીઓનું રાસ લેતું ચિત્ર છે અને મધ્યભાગમાં લાકડાનું નકશીકામવાળું લટકતું એક અનેક પુષ્પની પાંદડીઓવાળું સુંદર ઝુમર છે. રંગમંડપમાં ૧૯ કાષ્ઠસ્થંભો ઉપર સંપૂર્ણ નકશીકામ છે અને બીજા ૨૧ સ્થંભોના નકશીકામ તેમજ ચિત્રકામના ચિત્રના વખાણ તદ્‌વિષયના જાણકારોએ યથાસ્થાને સારી રીતે કર્યાં છે. આવી બધી લાકડા ઉપરની નકશીકામની તેમજ ચિત્રકામની સુંદરતાના પ્રતિનિધિરૂપ રૂા૰ ૩૬૦૦૦ની કિંમતનું એક સુંદર સુખડનું પ્રતીક તે વખતના વહીવટદાર સંઘપતિ ગુલાબચંદ નગરશેઠની દેખરેખ નીચે બનાવી લંડનના સંગ્રહસ્થાનમાં આજથી ૭૦ વર્ષ ઉપર મોકલાવાયું હતું.

સં૰ ૧૯૭૦માં બનાવેલ કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય તથા પરમાર્હત કુમારપાળ મહારાજનું બેનમૂન તૈલચિત્ર છે જે ત્રણે બાજુથી આપણી સામે જ હોય તેમ ભાસે છે.

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

વંદુ વંદુ એ **પાસ ચિંતામણિ** એ,
દિનમણી દિનમણી તેજ નિધાન કે;
ધ્યાન ધરૂં સ્વામીતણું એ,
સુખ ઘણું સુખ ઘણું પ્રભુનઈ નામિ કે;
વંદુ એ પાસ ચિંતામણી એ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રુ૦

ચિંતામણી શ્રીપાસ વંદું આણંદું સાહેલડી.
પ્રભુવદન ચંદ અમંદ તેજઈ ફલી મુઝ સુખવેલડી;
અતિ ફૂટરૂં પ્રભુ ફણામંડલ દેખિ મુઝ મન ઉલ્હસઈ.
ઘન ઘટાડંબર દેખિ દહદિસિ મોર જિમ હઈડઈ હસઈ. ૧૧

સં૦ ૧૭૫૫માં જ્ઞાનવિમલસૂરિકૃત **તીર્થમાળા**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

ધુર થકી શહેરમાં વંદિયા, **પાસ ચિંતામણી** વારૂ
ધર્મ જિનેસર નમિ જિન, કુંથુ જિનેસર તારૂ

સં૦ ૧૭૪૬માં શીલવિજયકૃત **તીર્થમાળા**માં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

નવસારી સૂરતિ મંડાણ **ચિંતામણિ** સોહે જિનભાણ,
ઉંબરવાડી જીરાઉલો, આદિનાથ ગાઉં ગુણનિલો. ૧૧૧

સં૦ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

સં૦ ૧૮૭૭માં દીપવિજયકૃત **સુરત કી ગઝલ**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ચિંતામનિ પારસનાથ, મેલેં સિવપુરાં કો સાથ,
દેવલ બડેં બેહેંતાલીસ, વંદે સુરનરાં કા ઈસ. ૬૬

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં શાહપોરમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. કુલ પંદર આરસપ્રતિમા તથા પંચોતેર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૦ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સૈયદપુરા વિસ્તારમાં ચિંતામણિ પાર્શ્વનાથના મોટા જિનાલયનો ઉલ્લેખ થયો છે જે આજે શાહપોરમાં ગણાય છે અને આજે સૈયદપુરાના ચંદ્રપ્રભુસ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ **સં૦ ૧૯૬૮**માં શ્રાવકપોળ વિસ્તારમાં થયો છે.

સં૦ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો છે.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં શાહપુર મીરઝાસ્વામીનો ચકલો – એ વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. કુલ ચૌદ આરસપ્રતિમા, અગણ્યો-સિત્તેર ધાતુપ્રતિમા તથા બે રજત ચોવીસ જિનપટ હતા. જિનાલય બંધાયા સંવત ૧૬૦૦ લગભગ દર્શાવ્યો હતો. વહીવટ બાબુભાઈ અમરચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત લાકડાનું નકશીકામ તથા કોતરકામ સુંદર હોવાનો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૦ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં શાહપોર મીરજાસામીનો ચકલો વિસ્તારમાં દર્શાવેલા આ જિનાલયની પ્રતિષ્ઠા સં૦ ૧૭૫૫માં ચૈત્ર સુદ ૧૫ ગુરુવારે ઔરંગઝેબ બાદશાહના સમયે શ્રી વૃદ્ધિસાગરસૂરિ હસ્તે થયાની નોંધ છે. સં૦ ૧૯૫૮ આસપાસ શેઠ હીરાચંદ મોતીચંદ દ્વારા જીર્ણોદ્ધાર થયો હોવાની તથા વહીવટ શેઠ બાબુભાઈ અમરચંદ હસ્તક હોવાની નોંધ છે.

સં૦ ૨૦૨૫માં સુરતમાં પ્રાયઃ ૩૦૦ વર્ષ બાદ અંજનશલાકા મહોત્સવ પ૦ પૂ૦ આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિ મ૦ સા૦ની નિશ્રામાં ઉપા૦ શ્રી ચંદ્રોદયવિજયજી ગણિ (હાલ આચાર્ય) મ૦ સા૦ની પ્રેરણાથી શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ, સપરિકર શ્રી સીમંધરસ્વામીની પ્રતિષ્ઠા, પૂ૦ શ્રી અશોકચંદ્રવિજયજી (હાલ આચાર્ય) મ૦ સા૦ના શિષ્ય મુનિ શ્રી સોમચંદ્રવિજય (હાલ આચાર્ય) મ૦ સા૦ આદિ ચાર મુમુક્ષુઓની દીક્ષાદિ પ્રસંગો સાથે ઊજવાયો.

જિનાલયમાં કુલ સત્તર આરસપ્રતિમા તથા ઈઠ્યોતેર ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી વડાચૌટા જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી બાબુભાઈ અમરચંદ શાહ, શ્રી અનિલભાઈ શ્રોફ, શ્રી મહેશભાઈ એમ૦ મારફતિયા, શ્રી ભૂપેન્દ્રભાઈ એફ૦ લાકડાવાળા તથા શ્રી ભરતભાઈ સી૦ સરૈયા હસ્તક છે. દર બેસતે મહિને શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. પર્વના દિવસોમાં મેળો ભરાય છે. ચૈત્રી-કાર્તિકી પૂનમે સાકરના પાણી અપાય છે. શ્રી પાર્શ્વનાથના જન્મકલ્યાણકની ઉજવણી કાયમી શાંતિસ્નાત્ર સહિત ઊજવાય છે.

આ જિનાલય સુરતની જૈન પરંપરાના ગૌરવનું શિખર છે. સૌ પ્રથમ પ્રમાણભૂત ઉલ્લેખ **સં૦ ૧૬૮૯**માં તો મળે જ છે. પરંતુ આ જિનાલય સોળમા સૈકા અગાઉનું હોવાનો વધુ સંભવ છે. આ અંગે ખાસ સંશોધન થાય તે ખૂબ જ જરૂરનું છે.

• • •

તાળાવાળાની પોળ, વડાચૌટા

૫૫. સીમંધરસ્વામી (સં૦ ૧૮૧૫)

વડાચૌટામાં આવેલી તાળાવાળાની પોળમાં શ્રી સીમંધરસ્વામીનું ઘર જેવી બાંધણીનું ત્રણ માળનું ધાબાબંધી જિનાલય આવેલું છે. ભોંયરામાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તથા ઉપરના માળે શ્રી પાર્શ્વનાથ ચૌમુખી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. બાજુમાં પૌષધશાળા છે.

જીર્ણોદ્ધાર સં૦ ૧૯૪૮માં શ્રી મોહનલાલજી મહારાજની નિશ્રામાં શ્રી ધરમચંદ ઉમચંદ પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે.

મુખ્ય પ્રવેશદ્વારેથી ખડકીમાં પ્રવેશતાં ડાબી બાજુ જિનાલય આવે. અહીં કુલ ચાર ગોખ છે. તે પૈકી એક ગોખમાં માણિભદ્રવીર, બીજા ગોખમાં શ્રીફળ, ~~ત્રીજા ગોખ~~માં મહાલક્ષ્મીમાતા તથા અન્ય ગોખમાં આરસનાં પગલાંની ચાર જોડ અને એક ખલ છે. પગલાં પૈકી એક પર 'સં૦ ૧૮૨૧ શાકે ૧૭૪૯ ..... લાલચંદ દીપચંદજી ..... વિમળજી શિષ્ય સંઘે.....' મુજબનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લખાણ તથા અન્ય એક પગલાં પર 'વિ૰ સં૰ ૧૯૨૩ શાકે ૧૭૮૯ માઘ સુદ ૫ રવિવારે ખરતરગચ્છ ક્ષેમ ..... પાદુકા લાલચંદજી દીપચંદજી .....' મુજબનું લખાણ છે.

ફૂલવેલની સાદી કોતરણીવાળા બે પ્રવેશદ્વાર છે. ફરસ આરસની છે. છત પર કાષ્ઠ કોતરણી છે. સ્થંભો પર કાષ્ઠના નારીશિલ્પો છે. ઘુમ્મટમાં સાદી કાષ્ઠ કોતરણી છે. શત્રુંજયનો ચિત્રિત પટ છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિનો ગોખ છે. અન્ય એક ગોખમાં પંચમુખી પંચાગુલી-માતાની આરસમૂર્તિ છે. તેની પ્રતિષ્ઠા સં૰ ૧૮૪૩ના વૈશાખ સુદ ૬ને સોમવારે આ૰ શ્રી વિજયલક્ષ્મીસૂરિની નિશ્રામાં થયેલ છે. આ ગોખ પાસે જ નીચે ભોંયરામાં ઊતરવા માટેના અને તેની બાજુમાં ઉપરના માળે જવા માટેનાં પગથિયાં છે. અન્ય એક ગોખમાં છ ધાતુપ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. તેની ઉપર મોટા અરીસા છે. ૨૩" ઊંચી મૂળનાયક સીમંધરસ્વામીની પ્રતિમા પર – 'સં૰ ૧૮૧૫ વર્ષે વૈશાખ સુદી ૬ સૂર્યપુરના સુશ્રુત શ્રી ..... વિજયધર્મસૂરિભિઃ' – મુજબનું લખાણ છે. ડાબા ગભારે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તથા જમણા ગભારે શ્રી દાદા પાર્શ્વનાથ છે. શ્રી દાદા પાર્શ્વનાથની આ પ્રતિમામાં લાંછન વિશિષ્ટ છે. પ્રતિમાની ફરતે નાગની પૂંછડી દેખાય છે જે લાંછનમાં ફણા સ્વરૂપે આવિર્ભાવ પામે છે. કુલ પંદર આરસપ્રતિમા અને અઠાવન ધાતુપ્રતિમા છે.

ભોંયરું

અગાઉ ભોંયરું નાનુ હતું. લગભગ દસ વર્ષ પૂર્વે ભોંયરું મોટું બનાવવા માટે ખોદકામ કરતાં જમીનમાંથી ખંડિત પ્રતિમાઓ નીકળેલ જે કોબા મ્યુઝિયમમાં જમા કરાવવામાં આવી હતી. હાલ ભોંયરું વિશાળ છે. રંગમંડપમાં દીવાલે શત્રુંજય, અષ્ટાપદ અને સમેતશિખરના ચિત્રિત પટ છે. છતમાં હાંડી ઝુમ્મર છે.

ત્રણ ગર્ભદ્વાર છે. મૂળનાયક શ્રી જગવલ્લભ પાર્શ્વનાથની ૫૧" ઊંચી નયનરમ્ય શ્યામ આરસપ્રતિમા પર લેખ નથી. તેની આજુબાજુ બે કાઉસ્સગ્ગિયા છે. સ્થાનિક માહિતી પ્રમાણે અગાઉ આ પ્રતિમા પંચતીર્થી હશે. તેમાંની બે પદ્માસન પ્રતિમા ઉપરના માળે ચૌમુખીમાં બિરાજમાન છે તથા બે કાઉસ્સગ્ગિયા મૂળનાયકની આજુબાજુ છે. અહીં બે કાઉસ્સગ્ગિયા સહિત કુલ દસ આરસપ્રતિમા છે.

પહેલે માળ

અહીં એક બાજુ અગાશી છે. એક રૂમમાં મધ્યે આરસના સિંહાસન પર ૧૧" ઊંચી શ્રી પાર્શ્વનાથ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી ગોડી પાર્શ્વનાથ અને શ્રી શામળા પાર્શ્વનાથની – ચૌમુખી પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમાલેખ સુવાચ્ય નથી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તાળાવાળાની પોળમાં આવેલા આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. તે સમયે કુલ અઠ્ઠાવીસ આરસપ્રતિમા તથા ચાળીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં પણ આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૮૯માં સુરતની ચૈત્યપરિપાટીમાં તથા **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયા પછી પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૧૯૩૭માં શેઠ ધરમચંદ ઉદયચંદ દ્વારા થઈ હોવાનો ઉલ્લેખ છે. વહીવટ શેઠ ફૂલચંદ સીવચંદ તથા શેઠ ચીમનલાલ રતનચંદ હસ્તક હતો. જિનાલય અંગે અન્ય નોંધ કરવામાં આવી છે જે નીચે મુજબ છે :

'ભોંયરામાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથની પ્રતિમા દેરાસર બંધાયું હશે ત્યારની છે. સં૰ ૧૯૭૦માં તેની ઉપર લેપ કરવામાં આવ્યો છે. જિનાલયમાં નાની નાની પૂતળીઓ વાજા સાથે છે તે વાગતી. એક વખત કોઈકે ખાતરી કરવા દેરાસર ઉઘડાવ્યું ત્યારથી તે બંધ છે. ઘણું પ્રાચીન છે. પ્રાચીન ગ્રંથભંડાર છે.'

સં૰ ૧૯૯૬માં પ્રકટ થયેલ **સૂર્યપુરનો સુવર્ણયુગ**માં સીમંધરસ્વામીના આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૯માં થઈ હોવાની નોંધ છે. તે સમયે પુનઃ પ્રતિષ્ઠા થઈ હોવાનો સંભવ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નાણાવટ તાળાવાળાની પોળમાં સીમંધરસ્વામીના આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ ત્રીસ આરસપ્રતિમા, સત્તાવન ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા, એક પ્રાચીન ધાતુમૂર્તિ તથા ચોવીસીના ત્રણ રજતપટ હોવાની નોંધ છે. વહીવટ બાલુભાઈ ઉત્તમચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. મૂળનાયક પર સં૰ ૧૮૧૫નો લેખ હોવાનો તથા જિનાલય સં૰ ૧૮૦૦ લગભગમાં બંધાયાનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૨૩માં પણ જીર્ણોદ્ધાર અંગે ઉપર્યુક્ત વિગત મળે છે. તથા પ્રતિષ્ઠા સં૰ ૧૮૧૫ વૈશાખ સુદ ૬ને બુધે શ્રી વિજયદેવસૂરિ ગચ્છના વિજયધર્મસૂરિ હસ્તે થયાની નોંધ છે. તે સમયે વહીવટ વડાચૌટા ભાજીવાળી પોળમાં રહેતા શ્રી નવલચંદ છગનલાલ હસ્તક હતો.

સં૰ ૨૦૫૪માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ જિનાલય શ્રી જીવણશા જેઠાશા રાધનપુરવાળાએ બંધાવ્યું હોવાની તથા શ્રી જગવલ્લભ પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૯૭૫માં લેપ થયો હોવાની નોંધ છે.

જિનાલયમાં કુલ છવ્વીસ આરસપ્રતિમા પૈકી બે કાઉસ્સગ્ગિયા તથા ચોસઠ ધાતુપ્રતિમા છે. જિનાલયનો વહીવટ શ્રી વડાચૌટા જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ચંદ્રકાન્તભાઈ મોહનલાલ કાપડિયા, શ્રી જ્યોતિન્દ્રભાઈ ધનસુખલાલ શાહ તથા શ્રી મયંકકુમાર પ્રવીણચંદ્ર શાહ હસ્તક છે.

સં૰ ૨૦૧૦માં જિનાલય બંધાયા સંવત ૧૮૦૦ લગભગ દર્શાવલે છે. મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૮૧૫નો લેખ છે. અમારી માન્યતા પ્રમાણે જિનાલયનો સમય **સં૰ ૧૮૧૫** છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તાળાવાળાની પોળ, નાણાવટ

૫૬. અજિતનાથ (સં૰ ૧૮૩૬)

નાણાવટ, તાળાવાળાની પોળમાં મધ્યે શ્રી અજિતનાથનું ઘર જેવી બાંધણીવાળું ધાબાબંધી જિનાલય આવેલું છે.

રંગમંડપ વિશાળ છે. ફરસ આરસની છે. કાષ્ઠની છત તથા સ્થંભો પર જીર્ણ થયેલું રંગકામ છે. મધ્યે છતમાં નાના અરીસા ગોઠવેલા છે. શત્રુંજયનો ચિત્રકામયુક્ત પટ છે. ડાબી બાજુ ત્રણ ગોખ પૈકી ગર્ભદ્વાર પાસેના એક ગોખમાં સરસ્વતીદેવીની ઊભી આરસમૂર્તિ છે જેના પર સં૰ ૧૨૨૩નો લેખ છે. બીજા ગોખમાં ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિ છે. તેના પર સં૰ ૧૮૪૩નો લેખ છે. અન્ય એક ગોખમાં નેમિનાથની આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે અને જિનદત્તસૂરિના આરસનાં પગલાંની એક જોડ છે જેના પર સં૰ ૧૭૬૬નો લેખ છે. જમણી બાજુ બે ગોખ પૈકી એક ગોખમાં ત્રણ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. અને કલાત્મક કોતરણીવાળા અન્ય ગોખમાં કુલ આઠ ધાતુપ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૨૭'' ઊંચી મૂળનાયક શ્રી અજિતનાથની પ્રતિમા પર 'સં૰ ૧૮૩૬ માઘ સુદી ૧૩ ગુરુવાર ..... અજિતનાથ બિંબ કારાપિતં ..... શ્રી વિજયાનંદસૂરિ ....'– મુજબનું લખાણ છે. ડાબે ગભારે શ્રી પદ્મપ્રભુ તથા જમણે ગભારે શ્રી વાસુપૂજ્યસ્વામીની આરસપ્રતિમા છે. અહીં કુલ સાડત્રીસ આરસપ્રતિમા પૈકી એક કાઉસ્સગ્ગ પ્રતિમા છે. ઇઠ્યોતેર ધાતુપ્રતિમા પૈકી ત્રણ ચૌમુખી અને બે રજતપ્રતિમા છે. આરસનાં પગલાંની એક જોડ, ચોવીસીનો એક પટ, ધાતુની ત્રણ દેવીમૂર્તિ તથા ગૌતમસ્વામીની એક આરસમૂર્તિ અને એક ધાતુમૂર્તિ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ બાસઠ આરસપ્રતિમા, એકસો તેવીસ ધાતુપ્રતિમા તથા પગલાંની એક જોડનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયની નોંધ મળે છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો વહીવટ મગનલાલ તુલસીદાસ હસ્તક હોવાની તથા રંગમંડપ મોટો હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. બંધાયા સંવત ૧૮૨૫ લગભગ અને મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૩૬નો લેખ હોવાની નોંધ છે. કુલ અડતાળીસ આરસપ્રતિમા, એકસો પાંત્રીસ ધાતુપ્રતિમા, ધાતુની બે ગુરુમૂર્તિ, આરસની એક ગુરુમૂર્તિ તથા સં૰ ૧૨૨૩ની સાલની સરસ્વતીદેવીની આરસમૂર્તિ હોવાનો ઉલ્લેખ છે. વહીવટ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શેઠ ચીમનલાલ મંછુરામ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદીમાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૮૩૫માં મહા સુદ ૧૩ને ગુરુવારે થયાની નોંધ છે. વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શેઠ ચીમનલાલ મંછુરામ ઝવેરી હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ એકતાળીસ આરસપ્રતિમા તથા ત્રાણુ ધાતુપ્રતિમા છે. વહીવટ વડાચૌટા જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી નરેશભાઈ શ્રોફ, શ્રી ઈશ્વરભાઈ ચોકસી હસ્તક છે.

સં૰ ૨૦૧૦માં મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૩૬નો લેખ હોવાની નોંધ છે. **સં૰** ૨૦૨૩માં જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૮૩૫માં થઈ હોવાનો ઉલ્લેખ છે તથા **સં૰ ૨૦૫૪**માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં પણ સં૰ ૧૮૩૫માં પ્રતિષ્ઠા થયાની નોંધ છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૩૬ મહા સુદ ૧૩ ગુરુવાર એમ સ્પષ્ટ ઉલ્લેખ મળે છે તેથી જિનાલયનો સમય **સં૰ ૧૮૩૬**નો હોવાનું સ્પષ્ટ છે.

• • •

તાળાવાળાની પોળ, નાણાવટ

૫૭. સુમતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૮૯ પૂર્વે)

નાણાવટ, વડાચૌટા વિસ્તારમાં તાળાવાળાની પોળમાં ૧૧/૧૫૬ નંબરના મકાનમાં શ્રી અમરચંદ ફૂલચંદ કાપડિયા પરિવારનું શ્રી સુમતિનાથનું ઘરદેરાસર આવેલું છે.

કાષ્ઠ કોતરણીવાળી છત્રીમાં ૯" ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની એકતીર્થી ધાતુપ્રતિમા સહિત કુલ પાંચ ધાતુપ્રતિમા બિરાજે છે જે પૈકી શ્રી ગોડી પાર્શ્વનાથ અને શ્રી શાંતિનાથ – એમ બે ધાતુપ્રતિમાની પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૫ના માગશર વદ એકમને દિને આ૰ શ્રી વિજયકસ્તુરસૂરિની નિશ્રામાં થયેલ છે.

મૂળનાયક પ્રતિમા સં૰ ૧૭૯૨માં ઉપા૰ રામવિજયગણિના ઉપદેશથી શ્રીમાલી જ્ઞાતિના વૃદ્ધ શાખાના શા૰ ઉદયકરણે ભરાવી છે તે અંગેનો લેખ પણ પ્રતિમા પર છે. આદેશ્વરની ચોવીસી સં૰ ૧૫૨૯માં ગંધારના શ્રાવકે શ્રી લક્ષ્મીસાગરસૂરિ પાસે અને બીજી આદેશ્વર ચોવીસી સં૰ ૧૫૩૭માં ગંધારના શ્રાવકે શ્રી વિજયરત્નસૂરિ પાસે ભરાવેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં ઘરદેરાસરોની યાદીમાં તાળાવાળાની પોળમાં શેઠ મરઘુભાઈ ભાણાભાઈને ત્યાં સુમતિનાથ હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ ઘરદેરાસરમાં કુલ ત્રણ ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. બંધાવનારના નામમાં ફૂલચંદ ઈચ્છ્યંદ અને બંધાયા સંવત ૧૯૦૦ લગભગ દર્શાવેલ છે. ઘરદેરાસરની સ્થિતિ સારી હોવાની તથા વહીવટ અમરચંદ ફૂલચંદ હસ્તક હોવાની નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં આ ઘર-દેરાસરનો ઉલ્લેખ થયો નથી. **સં. ૧૯૮૯**માં તાળાવાળાની પોળમાં શેઠ મરઘુભાઈ ભાણાભાઈને ત્યાં સુમતિનાથનું ઘરદેરાસર હોવાની નોંધ છે અને **સં. ૨૦૧૦**માં આ ઘરદેરાસર અમરચંદ ફૂલચંદ પરિવારનું દર્શાવ્યું છે.

આજે આ ઘરદેરાસર અમરચંદ ફૂલચંદ પરિવારનું છે. આ ઘરદેરાસરનો સમય અમારી માન્યતા પ્રમાણે **સં. ૧૯૮૯ પૂર્વે**નો છે. સં. ૧૯૦૦ દરમ્યાનનો સમય નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

હનુમાનવાળી પોળ, નાણાવટ

૫૮. અજિતનાથ (સં. ૧૮૨૮ પૂર્વે)

નાણાવટમાં હનુમાનવાળી પોળમાં શ્રી અજિતનાથ (અનંતવીર્ય)નું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

શૃંગારચોકીમાં રંગકામયુક્ત સાદી કોતરણી છે. એક પ્રવેશદ્વાર છે. આજુબાજુ બારી છે.

રંગમંડપમાં દીવાલો પર લક્ષ્મીદેવી, સરસ્વતીદેવી, મહાલક્ષ્મીદેવી, ૨૪ તીર્થંકર, પુંડરીકસ્વામી, ગૌતમસ્વામી, માણિભદ્રવીર તથા નાકોડાભૈરવનું કાચકામ છે. તળાજા, આબુ, રાણકપુર, રાજગૃહી, પાવાપુરી, તારંગા, નંદીશ્વરદ્વીપ, શંખેશ્વર તથા અષ્ટાપદ જેવા પટ તેમજ સિદ્ધચક્ર, નમસ્કાર મહામંત્રના કાચકામથી દીવાલો ભરચક છે. ગર્ભદ્વારની ઉપરની દીવાલ પર પણ ચૌદ સ્વપ્ન, મેરુ, જન્માભિષેક, દીક્ષા કલ્યાણક, સમવસરણ તથા નિર્વાણ કલ્યાણકનું કાચકામ મનોહર છે. તદુપરાંત શ્યામરંગી નેમનાથ અને તેમની જાનનું કાચકામ અદ્‌ભુત છે. અષ્ટકોણાકાર ઘુમ્મટ પણ રાસ રમતી કન્યાઓના કાચચિત્રોથી સુશોભિત છે. પટ, પ્રસંગો, તીર્થંકર તથા દેવ-દેવીઓનું આ બહુવિધ કાચકામ જિનાલયની ઇંચ જેટલી જગ્યા પણ કોરી રાખતા નથી. જિનાલય જાણે કે શીશમહેલ લાગે છે ! અહીં બે ગોખમાં કાળભૈરવજી તથા બટુકભૈરવજી બિરાજમાન છે.

ગર્ભદ્વાર ત્રણ છે. ૨૩" ઊંચી શ્રી અજિતનાથ (અનંતવીર્ય)ની પ્રતિમા પર 'સં. ૧૮૯૩ .. માઘ સુદ ૧૦ .....' મુજબનું લખાણ વાંચી શકાય છે. ડાબે ગભારે શ્રી મલ્લિનાથ તથા જમણે ગભારે શ્રી શ્રેયાંસનાથ છે. કુલ તેર આરસપ્રતિમા પૈકી બે શ્યામ છે તથા એકસો આઠ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે. આરસનાં પગલાંની બે જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

મૂળનાયકની પ્રતિમા પર સં. ૧૮૯૩નો લેખ છે. **સં. ૨૦૨૩**માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૮૫૬માં વૈશાખ સુદ છઠને બુધવારે શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનંદકુશલગણિની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે. ઉપરાંત **સં૰ ૨૦૫૪**માં પ્રકટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ** ગ્રંથમાં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

વર્ષો પૂર્વે લાગેલી ભીષણ આગ સમયે મૂળનાયક શ્રી અજિતનાત ભગવાનની પ્રતિમા ખંડિત થઈ હતી ત્યારબાદ શ્રી અનંતવીર્ય સ્વામી, પાલીતાણા મોતીશા શેઠની ટૂંકમાંથી લાવી અત્રે પ્રતિષ્ઠિત કરાયા હતા.

આગ ઈ૰ સ૰ ૧૮૩૭માં લાગી હતી એટલે કે સં૰ ૧૮૯૩ આસપાસ લાગી હતી.

સં૰ ૧૮૨૮માં જિનલાભસૂરિએ રચેલા **શીતલ જિનચૈત્ય વર્ણન**માં પણ અજિતનાથના આ જિનાલયનો ઉલ્લેખ મળે છે જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

સૂરતિ બંદિરમેં ભલા **ખરતરગચ્છ**ના ચૈત્ય,
નાન્હાવટ હનુમંતપોલમેં અજિતનાથ આદિત્ય. ૧

ગોપીપુરાનૈ મધ્ય શુભ શ્રી શીતળ જિનચૈત્ય,
હય ત્રિક અન્ય તીર્થ એક ચૈત્યમેં પૃથક પૃથક નમું નિત્ય. ૨

એટલે કે નાણાવટના હનુમાનવાળી પોળમાં અજિતનાથનું જિનાલય સં૰ ૧૮૨૮માં વિદ્યમાન હતું.

ઉપરાંત **સં૰ ૧૮૨૮**માં પદ્મવિજયકૃત **ઉત્તમવિજય નિર્વાણરાસ**માં સુરતનાં જિનાલયોમાં અજિતનાથના એક જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે.

ગુરુજી વિચરતા જાય સુરતને પરિસરે,
.....
સુરતમંડણ ધર્મ સંભવ શાંતિ જિના,
રૂષભ વીર તિમ **અજીત** નમ્યા થઈ એકમના

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં અજિતનાથના એક જિનાલયનો ઉલ્લેખ છે જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

બીજા એ **બીજા** એ વિજયાકુંઅરૂ એ,
ગજપતિ **ગજપતિ લંછણ** સ્વામિ તો;
નામિ સયલ સુખ સંપજઈ એ,
જિતસત્રુ જિતસત્રુરાય મલ્હાર તો;
બીજા એ વિજયાકુંઅરૂ એ.

ત્રુ૰

બીજા તે **વિજયાકુંઅર જિનવર** નયર સૂરતિ સોહ એ,
પ્રભુતણી મૂરતિ કષ્ટ ચૂરતિ ભવિકનાં મન મોહ એ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનવદન સુંદર સુર પુરંદર દેખિ મનિ આણંદ એ,
જિમ કમલ વિકસઇ દેખિ દિનકર કુમુદ જિમ નવચંદ એ. ૧૦

ઉપરાંત **સં૰ ૧૭૯૩**માં લાધાશાહ કૃત **સુરત ચૈત્યપરિપાટી**માં વડાચૌટામાં વાઘજી ચીલંદાની પોળમાં અજિતનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

તિહાંથી **વડાચૌટા** ભણી જઈ જિનબિંબને વંદો રે;
વાઘજી ચીલંદાની પોલમેં ભેટયા **અજિત** જિણંદો રે. શ્રી૰ ૮

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ હનુમાનની પોળમાં ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ તેર આરસપ્રતિમા તથા એકસો આઠ ધાતુપ્રતિમા હતી. સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો વહીવટ શા૰ જેચંદ કચરા, શા૰ હીરાલાલ વમળચંદ તથા શા૰ ખીમચંદ નગીનદાસ હસ્તક હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ તેર આરસપ્રતિમા, એકસો સાત ધાતુપ્રતિમા તથા ચોવીસી રજતપટ હોવાની નોંધ છે. વહીવટ શેઠ છોટાલાલ લલ્લુભાઈ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૯૩નો લેખ હોવાનો તથા જિનાલય બંધાયા સંવત ૧૮૯૩ લગભગનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૮૫૬ના વૈશાખ સુદ ૬ને બુધવારે શ્રી આનંદકુશલગણિની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે. વહીવટ ઉપર્યુક્ત વ્યક્તિ હસ્તક જ હતો.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૮૨૮ પૂર્વે**ના સમયનું હોવાનું સ્પષ્ટપણે માની શકાય. જિનાલયનો સમય સં૰ ૧૬૮૯ પૂર્વેનો નક્કી કરવા માટે વધુ સંશોધન તથા વધુ પુરાવાઓની જરૂર છે.

• • •

કચરાની પોળ, નાણાવટ

૫૯. મહાવીરસ્વામી (સં૰ ૧૯૩૮)

કચરાની પોળ, નાણાવટમાં શ્રી તલકચંદ મોતીચંદ કચરાવાળાએ બંધાવેલ શ્રી મહાવીર-સ્વામીનું આરસ તથા સાદા પથ્થરનું બનેલું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. સમવસરણની રચના હોવાથી સમવસરણના જિનાલયથી પણ પ્રચલિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૩૬માં ૫૰ પૂ૰ શ્રી રત્નસાગરજીએ ગોપીપુરા, નેમુભાઈની વાડીમાં લાકડાના સમવસરણની રચના કરાવી હતી જે ત્યારબાદ આ જિનાલયમાં પધરાવ્યું હતું. ત્રણ થોયવાળા ૫૰ પૂ૰ શ્રી રાજેન્દ્રસૂરિ મ૰ સા૰ની પ્રેરણાથી સમવસરણ આરસનું બનાવવામાં આવ્યું અને તેની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૧ના શ્રાવણ વદ ત્રીજના દિવસે ૫૰ પૂ૰ મોહનલાલજી મહારાજની નિશ્રામાં થઈ.

રંગમંડપ મોટો છે. ફરસ આરસની છે. છત પર મધ્યે નકશીકામયુક્ત ચક્ર અને ફરતે પરીઓનું સુંદર ચિત્રાંકન છે. અહીં સુંદર કારીગરીયુક્ત ગ્લાસપેઇન્ટિંગ (કાચ પર ચિત્રકામ) થયેલું છે. શ્રી મહાવીરપ્રભુના છવ્વીસભવોનાં ૪૨ ચિત્રોનું આલેખન લાઇટની ઇફેક્ટથી અદ્‌ભુત લાગે છે.

ગભારા જેવી રચનામાં અષ્ટકોણાકારના આરસના બનેલા સમોવસરણની રચના સુંદર છે. તેમાં ૧૫" ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની આરસપ્રતિમા તથા મુનિસુવ્રતસ્વામી, મહાવીરસ્વામી તથા પાર્શ્વનાથ – એમ અન્ય ત્રણ આરસપ્રતિમા (ચૌમુખજી) બિરાજમાન છે. તે પૈકી મૂળનાયકની પ્રતિમા પર સં૰ ૧૭૬૩, શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૭૮૬ તથા શ્રી મહાવીરસ્વામી તથા શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે. કુલ ચૌદ ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા તથા યંત્રો છે. અન્ય બે ગોખમાં શ્રી શ્રેયાંસનાથ અને શ્રી શાંતિનાથ – એમ બે આરસપ્રતિમા તથા ઉપર્યુક્ત ચૌમુખજી મળીને કુલ ત્રણ આરસપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં નાણાવટ વિસ્તારમાં શ્રી મહાવીરસ્વામીના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ છ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. સં૰ ૧૯૩૮માં તલકચંદ મોતીચંદ કચરાએ જિનાલય બંધાવ્યાની નોંધ છે. એટલે કે સં૰ ૧૯૩૮માં કાષ્ઠનું સમવસરણ નેમુભાઈની વાડીથી અત્રે પધરાવ્યું હોવાનો સંભવ છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ વિસ્તારમાં તલકચંદ મોતીચંદે બંધાવેલ શ્રી મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો વહીવટ શેઠ ફકીરચંદ તલકચંદ હસ્તક હોવાની, જિનાલયની સ્થિતિ સારી હોવાની તથા આરસના સમવસરણની નોંધ છે.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુરનો સુવર્ણયુગ** ગ્રંથમાં પ્રકરણ ૧૦ના પૃ૰ ૫૨ તથા પૃ ૫૯-૬૦ પર પણ પ્રતિષ્ઠાની ઉપર્યુક્ત નોંધ મળે છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ છ આરસપ્રતિમા, પંદર ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા તથા એક રજત ચોવીસી હતી. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ ફકીરચંદ તલકચંદ હસ્તક હતો. જિનાલય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૪૦ લગભગમાં બંધાયું હોવાની નોંધ છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૬૩૩નો લેખ હોવાનો ઉલ્લેખ છે.

જિનાલયનો વહીવટ વડાચૌટા જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી કુસુમચંદ ફકીરચંદ કચરા, શ્રી કુંજેશ્વરભાઈ અમરચંદ કચરા તથા શ્રી દિવ્યેશભાઈ સોમચંદ કચરા હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૩૮**નો છે. આરસના સમવસરણની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૧માં થઈ છે.

• • •

નગરશેઠની પોળ, વડાચૌટા

૬૦. ગોડી પાર્શ્વનાથ (સં૰ ૧૮૮૨)

વડાચૌટા નગરશેઠની પોળમાં પ્રવેશતાં ડાબી બાજુ હવેલી જેવું આરસનું શ્રી ગોડી પાર્શ્વનાથનું ધાબાબંધી જિનાલય આવેલું છે.

શેઠ ડાહ્યાભાઈ લાલભાઈ નવલખાએ સં૰ ૧૮૬૨માં સંઘપતિ થઈ સુરતથી મારવાડ ગોડી પાર્શ્વનાથનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો જેનો ઉલ્લેખ શાંતિદાસ શેઠ રાસમાં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

> **ડાયાભાઈ** સુરત તણા, સંઘ સહીત ભેટયા **ગોડી રાય** હો.
> સંવત **અઢાર બાસઠે** રે લાલ ડાયાભાઈ સૂજાણ
> સુરતથી સંઘ લેઈને રે લાલ સુ. ૨૩

સં૰ ૧૯૭૯માં પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ અથવા પાર્શ્વનાથના ચમત્કારો (લે. મણિલાલ ન્યાલચંદ શાહ) ગ્રંથ પ્રકટ થયો હતો. તે ગ્રંથના પૃ૰ ૬૪ ઉપર આ જિનાલય વિશેની એક દંતકથા આપવામાં આવી હતી.

સુરતમાં નગરશેઠનું જે દેરાસર કહેવાય છે તે પ્રતિમા કે જે મોરવાડામાં ગોડી પાર્શ્વનાથની પ્રતિમા સં૰ ૧૮૬૨માં પ્રગટ થયાં હતાં ત્યાં શેઠે યાત્રા કરવા સારુ સંઘ કાઢ્યો. ભાવીની મરજીથી શેઠાણીને તે વખતે સુવાવડ હતી અને શેઠે ચોકસ મુહૂર્તે તો સંઘ કાઢ્યો. જેથી શેઠાણીને હૈયામાં બહુ વલોપાત થયો. "પૂર્વના પાપ કર્મના ઉદયથી મને સુવાવડ આવી અને ભગવંતના દર્શનમાં મને અંતરાય થયો" એમ બહુ જ પશ્ચાત્તાપ કરતાં અધિષ્ઠાયકના પ્રભાવથી ત્યાં પ્રતિમાજી પ્રગટ થયાં અને શેઠાણીને દર્શન થયાં. શેઠાણીએ દર્શન કરી ભક્તિના ઉલ્લાસથી પોતાનો મૂલ્યવંત હાર ભગવંતને કંઠે પહેરાવ્યો. તે હાર સાથે જ પાછાં પ્રતિમાજી પોતાના મૂળ સ્થાનકે મોરવાડામાં પ્રગટ થયાં. ત્યાં સંઘવી ડાહ્યાભાઈ સંઘ લઈને મોરવાડે આવ્યા અને ભગવંતનાં દર્શન કર્યા. તે વખતે તેમણે પોતાનો હાર ઓળખ્યો અને વિચાર્યું કે "આ હાર મારો જણાય છે ને પ્રભુને કોણે પહેરાવ્યો હશે!" પછી અનુક્રમે ઘેર આવી તજવીજ કરી તો તેમને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખબર પડી કે પોતાની સ્ત્રીને પ્રગટ થઈ દર્શન દીધાં જેથી ભક્તિએ કરીને પોતાની સ્ત્રીએ પહેરાવ્યો હતો એમ ખબર પડી એ યાદ સ્મરણમાં રાખવાને શેઠે ત્યાં એક ભવ્ય દેરાસર બંધાવી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિસ્થાપિત કરી.'

જિનાલયનો રંગમંડપ વિશાળ છે. શત્રુંજય તથા ગિરનારના ચિત્રિત કરેલ પટ છે. ડાબી બાજુ ગોખમાં શ્રી આત્મારામજી મહારાજની આરસમૂર્તિ છે જેના પર નીચે મુજબ લેખ છે :

'અર્હં શ્રેષ્ઠી આનંદચંદ્રનંદનેન દીવાન શ્રી મેલાપચંદ્રેણ પન્યાસ શ્રીમદ્ સંપતવિજય મુનિ ચતુરવિજયોપદેશાત્ શ્રીમદ્ વિજયકમલસૂરિ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, મુનિપ્રવર શ્રીમદ્ હંસવિજય આત્મનાવાષિત સેવ્યમાના શ્રી તપગચ્છાચાર્ય ન્યાયાભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ-સૂરીશ્વરાણાં (આત્મારામ) મૂર્તિરિયં કારિતા એ સુરત ગોડી પાર્શ્વનાથ મંદિરે શ્રી પ્રવર્તક શ્રી કાંતિવિજય, મુનિશ્રી હંસવિજયાભ્યામ પ્રતિષ્ઠાપિતા વીર સંવત ૨૪૩૭ વિક્રમસંવત ૧૯૬૮ પોષ કૃષ્ણે ત્રીજ શુક્રવાર. આત્મસંવત ૨૧.'

ગર્ભદ્વાર પાસે સામ સામે પાર્શ્વયક્ષ તથા પદ્માવતીદેવીના ગોખ છે. મધ્યે ધાતુના સમવસરણમાં ધાતુની ચૌમુખી પ્રતિમા છે જે તે સમયના સીરોહી (મારવાડ)ના દીવાન- શેઠ મેળાપચંદ આનંદચંદ સીરોહીના તાબાના ગામ હજારીના શ્રી મહાવીરસ્વામીના જિનાલયમાંથી નકરો આપી લાવેલા. તેની પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૭ના માગશર સુદ ત્રીજના રોજ શ્રી મોહનલાલજી મહારાજે કરી છે. અહીં મૂળનાયકની સન્મુખ એક ગોખમાં શેઠ ડાહ્યાભાઈ લાલભાઈ ભાઈશાની આરસમૂર્તિ છે. તેની નીચે તકતી લેખ છે જે નીચે મુજબ છે :

॥ મહાપ્રભાવક શ્રી ગોડી પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનું આ દહેરાસર સુરત નિવાસી શેઠ ડાહ્યાભાઈ લાલભાઈ ભાઈશાજીએ વિ૰ સં૰ ૧૮૬૨માં બંધાવ્યું હતું. પ્રતિષ્ઠા વિ૰ સં૰ ૧૮૮૨માં થઈ હતી તથા ફરી પ્રતિષ્ઠા વિ૰ સં૰ ૧૯૭૨માં થઈ હતી. તેમના વારસદારોએ વિ૰ સં૰ ૨૦૦૩માં શ્રીસંઘને સુપ્રત કર્યું હતું. દહેરાસરજી જીર્ણ થતાં હાલના ટ્રસ્ટીઓ તથા શેઠ મોહનલાલ મગનલાલ બદામી વગેરે ભાઈઓને જીર્ણોદ્ધાર કરાવવાની ભાવના જાગૃત થઈ અને તે ભાવનામાં ધર્મનિષ્ઠ જૈન સંઘમાં સર્વત્ર પ્રસિદ્ધ સ્વ૰ શ્રીયુત સુરચંદ્રભાઈ પરસોતમદાસ બદામી (સ્મોલ૰ કોઝ૰ કોર્ટ જડ્જ) તરફથી પ્રેરણા મળતાં શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટી મારફતે જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ થયું અને થોડા વર્ષોમાં અતિ ભવ્ય રમણીય જિનમંદિર તૈયાર થઈ ગયું. વિ૰ સં૰ ૨૦૧૨માં અત્રે વડાચૌટા સંવેગીના મોટા ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન પૂ૰ આ૰ દેવ ૧૦૦૮ શ્રીમાન વિજયપ્રતાપ-સૂરીશ્વર મહારાજના સદુપદેશથી પ્રભુપ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય થયો અને તેઓશ્રીના પટ્ટાલંકાર પૂ૰ આ૰ શ્રી વિજયધર્મસૂરિજી મહારાજની શુભનિશ્રામાં વિ૰ સં૰ ૨૦૧૩ વીર સં૰ ૨૪૮૩ મહા સુદ ૨ શુક્રવાસરે પ્રશસ્ત દિવસે શુભલગ્ને ધર્મપ્રેમી શ્રીયુત મોહનલાલ મગનલાલ બદામી તથા તેમના ધર્મપત્નીએ સૌ૰ મોતનબહેનનાં શુભહસ્તે મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુને મહા મહોત્સવપૂર્વક ગાદી ઉપર બિરાજમાન કરવામાં આવ્યા છે શુભં ભવતુ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથની નાની, સુંદર પ્રતિમા બિરાજે છે. તેના પર – 'સં૰ ૧૮૮૨ ..... વૈશાખ સુદી ૭ બુધવાસરે ..... જડાવ વહુ .....' – મુજબનું તુટક તુટક લખાણ વાંચી શકાય છે. કુલ તેર આરસપ્રતિમા તથા સત્તાણું ધાતુપ્રતિમા છે. ડાબે ગભારે શ્રી મુનિસુવ્રતસ્વામી તથા જમણે ગભારે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામપ્રતિમા છે. આરસનાં પગલાંની બે જોડ તથા ધાતુના નાના પગલાંની એક જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. **સં૰ ૧૯૬૮**માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં પણ આ જિનાલયની નોંધ મળે છે.

સં૰ ૧૯૭૨માં માગશર સુદી ત્રીજના રોજ શેઠ માણેકચંદ મેળાપચંદ તથા તેમના ભાઈઓએ શ્રી વિજયમોહનસૂરિની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા કરી હતી અને વહીવટ તેઓને હસ્તક હતો જે પાછળથી સંઘને અર્પણ કર્યો હતો – એ મુજબની નોંધ **સં૰ ૧૯૮૯**માં **સુરત ચૈત્યપરિપાટી**માં તથા **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં મળે છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયને ધાબાબંધી જ દર્શાવ્યું છે. કુલ ચૌદ આરસપ્રતિમા તથા એકસો દસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ સૌભાગચંદ ઉત્તમચંદ દીવાન હસ્તક હતો. તથા સં૰ ૧૮૮૨ની સાલની શેઠ ડાહ્યાભાઈની ઊભી મૂર્તિ, આત્મારામજી મહારાજની આરસમૂર્તિ તથા ચોવીસીનો એક રજતપટ હતો. શેઠ ડાહ્યાભાઈ લાલભાઈ નવલખાએ સં૰ ૧૮૮૨ લગભગમાં જિનાલય બંધાવ્યાની નોંધ છે.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં આ જિનાલયની જીર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠા અંગેની ઉપર્યુક્ત વિગતો પ્રાપ્ત થાય છે. ઉપરાંત તે સમયે વહીવટ શેઠ બાલુભાઈ નગીનદાસ સરૈયા હસ્તક હતો.

ટૂંકમાં આ જિનાલયની સ્થાપના **સં૰ ૧૮૮૨**માં થઈ છે. જિનાલય બંધાવનાર ડાહ્યાભાઈ લાલભાઈ નવલખા હતા ત્યારબાદ સં૰ ૧૯૭૨માં શેઠ માણેકચંદ મેલાપચંદ તથા તેમના ભાઈઓએ પુનઃ પ્રતિષ્ઠા કરાવી. ત્યારબાદ સં૰ ૨૦૧૩માં છેલ્લી પ્રતિષ્ઠા થયેલ છે.

• • •

કબૂતરખાના પાસે, વડાચૌટા

૬૧. કલ્યાણ પાર્શ્વનાથ (સં૰ ૧૯૪૧)

વડાચૌટામાં કબૂતરખાના પાસે શ્રી કલ્યાણ પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

શહેરના હાર્દ સમા આ વિસ્તારમાં શેઠ શ્રી જમનાદાસ લાલભાઈએ સ્વદ્રવ્યથી બે માળનું ભવ્ય જિનાલય બંધાવવાનું શરૂ કર્યું અને સં૰ ૧૯૪૧માં કાંકરિયાથી લાવેલ શ્રી કલ્યાણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથની આરસપ્રતિમાની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરી ટ્રસ્ટ બનાવી વહીવટ ટ્રસ્ટીઓને સોંપ્યો હતો.

સં૰ ૨૦૨૩માં જમનાદાસ લાલભાઈ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની દેખરેખ હેઠળ ગભારાના જીર્ણોદ્ધારનું કાર્ય કરવામાં આવ્યું હતું. જિનાલય જીર્ણ થવાથી મૂળ ગભારા સિવાય જિનાલયનો જીર્ણોદ્ધારનું કાર્ય કરવાની જરૂર પડતાં હાલ પથ્થર તથા આરસનું નવું જિનાલય બાંધવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

૧૩" ઊંચી મૂળનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથની કથ્થાઈ રંગની આરસપ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે. કુલ સોળ આરસપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા, ગૌતમસ્વામીની એક રજતપ્રતિમા છે તથા પંચાવન ધાતુપ્રતિમા પૈકી તેર રજતપ્રતિમા છે. યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં વડાચૌટામાં આવેલ આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા પંદર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. સં૰ ૧૯૩૯માં શેઠ જમનાદાસ લાલભાઈ દ્વારા જિનાલય બંધાવ્યાની નોંધ છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં કબૂતરખાના વિસ્તારમાં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં વડાચૌટામાં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં વડાચૌટા, કબૂતરખાના પાસે આવેલ આ જિનાલયની પુનઃપ્રતિષ્ઠા અમીચંદ ખૂબચંદ દ્વારા સં૰ ૧૯૭૫માં શ્રી રતનવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે. ઉપરાંત કાંકરિયાનું જિનાલય અહીં લાવવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ છે. તથા બોધલશાવાળા બોધલદાસ વીરદાસના વારસ મગનભાઈ કસ્તુરચંદનું ઘરદેરાસર સં૰ ૧૯૭૫ના વૈશાખ સુદ ૬ને સોમવારે અહીં પધરાવ્યાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ બાર આરસપ્રતિમા, ઓગણચાળીસ ધાતુપ્રતિમા અને ત્રણ રજતચોવીસી પટ હતા. વહીવટ શ્રી ડાહ્યાભાઈ મોતીચંદ માડવાવાળા હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત સં૰ ૧૯૪૧માં શેઠ જમનાદાસ લાલભાઈએ જિનાલય બંધાવ્યું હોવાની નોંધ છે.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલયના મૂળનાયક પર 'સં૰ ૧૯૦૩ ફાગણ સુદ ૩ ગુરુવાર' – મુજબનો લેખ હોવાની તથા જીર્ણોદ્ધાર સં૰ ૧૯૪૧માં થયો હોવાની નોંધ છે. જિનાલય બંધાવનારના નામ તરીકે તથા વહીવટદાર તરીકે શેઠ જમનાદાસ લાલભાઈનો ઉલ્લેખ છે.

આજે જિનાલયનો વહીવટ શ્રી નવીનચંદ મોતીચંદ શાહ, શ્રી ચંદ્રકાન્તભાઈ ખૂબચંદ કાપડિયા, શ્રી પ્રવીણભાઈ સુંદરલાલ ઝવેરી તથા શ્રી વિનયભાઈ માણેકચંદ કાપડિયા હસ્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં જિનાલય બંધાયા સંવત ૧૯૩૯ દર્શાવે છે. સંભવ છે કે તે સમયે જિનાલયના બાંધકામનું કાર્ય શરૂ થયું હોય અને પ્રતિષ્ઠા સં. ૧૯૪૧માં કરવામાં આવી હોય.

ટૂંકમાં જિનાલયનો સમય **સં. ૧૯૪૧**નો છે. મૂળનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથની પ્રતિમા પર સં. ૧૯૦૩નો લેખ છે. પુનઃ પ્રતિષ્ઠા સં. ૧૯૭૫માં તથા સં. ૨૦૨૩માં થયેલ છે. હાલ જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે.

• • •

પંડોળની પોળ, નાણાવટ

૬૨. નમિનાથ (સં. ૧૭૫૫ પૂર્વે)

નાણાવટમાં આવેલ પંડોળની પોળમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી નમિનાથનું બે માળનું સામરણયુક્ત જિનાલય છે. ઉપરના માળે મૂળનાયક શ્રી શાંતિનાથ છે.

એક કાષ્ઠનો પ્રવેશદ્વાર છે. તેના સ્થંભો પર દ્વારપાલ, શિરોભાગમાં ફૂલછાબ અને કળશ લઈ ઊભેલી બે નારીઓની શિલ્પાકૃતિ છે. મધ્યે મગરમુખી તોરણો અને ઉપર ધર્મચક્ર છે. પાસેની દીવાલ પર બે મોટા હાથીઓનું ચિત્રકામ છે.

રંગમંડપમાં પ્રવેશવાનાં ત્રણ દ્વાર છે. નાના રંગમંડપના સ્થંભો પર ચામર વીંઝતા ઇન્દ્રો, પુષ્પો લઈ ઊભેલી દેવકન્યા, હાથી વગેરેનું સુંદર ચિત્રકામ છે. દીવાલ પર ગિરનાર, આબુ, અષ્ટાપદ, સિદ્ધગિરિ અને સમેતશિખરના ચિત્રિત પટ છે. છત પર પણ ચિત્રકામ થયેલું છે. ફરસ આરસની છે.

ત્રણ સાદી કાષ્ઠ કોતરણીવાળા દ્વાર છે. નાના કદના ગભારામાં ૧૩" ઊંચી મૂળનાયક શ્રી નમિનાથની સપરિકર નયનરમ્ય પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમા તથા પરિકર અલગ રંગના છે. કુલ ચૌદ આરસપ્રતિમા છે. કુલ બાર આરસપ્રતિમા પૈકી એક ધાતુ ચૌમુખી કમળમાં બિરાજે છે. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની પ્રાચીન ધાતુપ્રતિમા જોવાલાયક છે. મોટી ફણા પર નાની નાની અર્ધગોળાકાર ફણા અને તેને બન્ને બાજુ સિંહાસન સાથે જોડતી પાતળી પટ્ટીમાં એકેક કાઉસ્સગ્ગિયા અને પદ્માસનસ્થ પ્રતિમા છે. ડાબે ગભારે ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પર સં. ૧૯૦૩નો લેખ છે. જમણે ગભારે ધર્મનાથ છે.

ઉપરના માળે શાંતિનાથના જિનાલયનો રંગમંડપ મોટો છે. દીવાલ પર શાંતિનાથનો ૧૦મો ભવ અને મલ્લિકાકુમારી છ રાજકુમારોને પ્રતિબોધ આપતા હોય તેવો લેમીનેટેડ ફોટો છે. અહીં પણ રંગકામ થયેલું છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૯" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર સં. ૧૬૬૪નો લેખ છે. કુલ સાત આરસપ્રતિમા તથા બાવન ધાતુપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારતક વદ ૪ના રોજ શાંતિનાથની તથા માગશર સુદ પના રોજ નમિનાથની વર્ષગાંઠ ઊજવવામાં આવે છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૭૫૫માં જ્ઞાનવિમલસૂરિકૃત **તીર્થમાળા**માં નમિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ધુર થકી સહરિમાં વંદિયા પાસ ચિંતામણિ વારૂ,
ધર્મજિનેસર નમિજિન કુંથુજિનેસર તારૂ. ૪

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં નાણાવટ-સાપુરનાં જિનાલયોની સંખ્યા દર્શાવ્યા બાદ આ જિનાલયનો ઉલ્લેખ મળે છે જે નીચે મુજબની પંક્તિઓમાં છે :

નેમીસર જિન દેહરે પારેખ પ્રેમજીને પાસે રે,
ઉપરેં શાંતિ સોહામણા પ્રણમુ અધીક ઉલાસે રે. શ્રી૰ ૧૪

અધ ઉરધ સર્વે થઇ આરસમેં બિંબ પંચો રે;
ચુમોતેર પ્રભુ ધાતુમેં તેહમાં નહી ષલષંચો રે. શ્રી૰ ૧૫

અહીં નમિનાથને બદલે નેમિનાથનો ઉલ્લેખ છે.

ત્યારબાદ **સં૰ ૧૯૬૩**માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં પણ પંડોલની પોળમાં નેમિનાથના જિનાલય તરીકે આ જિનાલયનો ઉલ્લેખ છે. જિનાલય ધાબાબંધી હતું. કુલ બાર આરસપ્રતિમા તથા બોતેર ધાતુપ્રતિમા હતી અને જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં પાનડોલી પોળમાં નમિનાથના જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં ફરીવાર પંડોળની પોળમાં આ જિનાલયનો નેમિનાથના જિનાલય તરીકે ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં પણ વડાચૌટા, પંડોલની પોળમાં નેમિનાથ તરીકે આ જિનાલયના મૂળનાયકનો ઉલ્લેખ છે. ઉપરના માળ પર મૂળનાયક શ્રી શાંતિનાથ હોવાની, સુંદર ચિત્રકામ અને કાષ્ઠનું પબાસન હોવાની નોંધ ઉપરાંત વહીવટ શેઠ સુરચંદ પરસોત્તમદાસ બદામી તથા શેઠ ફકીરચંદ નાનાભાઈ હસ્તક હોવાની નોંધ છે. તે સમયે જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નમિનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ સોળ આરસપ્રતિમા, સિત્તેર ધાતુપ્રતિમા તથા ચાર રજત ચોવીસીપટ હતા. વહીવટ અમરચંદ રાયચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત સં૰ ૧૮૦૦ લગભગમાં જિનાલય બંધાયાનો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૨૩માં પણ ઉપર્યુક્ત નોંધ છે.

સં૰ ૨૦૨૯માં જીર્ણોદ્ધાર થયો છે. જીર્ણોદ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠા તપસ્વીરત્ન આ૰ શ્રી વિજયકુમુદચંદ્રસૂરિની નિશ્રામાં થઈ છે.

આજે જિનાલયમાં કુલ એકવીસ આરસપ્રતિમા તથા ચોસઠ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી મહેન્દ્રભાઈ હેમચંદ મશરૂવાલા, દિનેશચંદ્ર કાંતિલાલ તોલાટ તથા શ્રી રસિકલાલ ફૂલચંદ શાહ હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૧૭૫૫ પૂર્વે**નો છે. મૂળનાયક શ્રી નમિનાથની આરસપ્રતિમાના પબાસનમાં લાંછન પતરાનું છે જેના પર કમળ અંકિત કરેલું છે.

• • •

ભાઈશાજીની પોળ, વડાચૌટા

૬૩. આદેશ્વર (ઘરદેરાસર) (સં૰ ૧૯૦૦ આસપાસ)

વડાચૌટામાં ભાઈશાજીની પોળમાં ઘર નં૰ ૧૧/૧૦૯૦માં શ્રી અમરચંદ કરમચંદ પરિવારનું શ્રી આદેશ્વરનું કલાત્મક કાષ્ઠકોતરણીવાળું ઘરદેરાસર આવેલું છે.

અહીં કાષ્ઠની અદ્‌ભુત કારીગરીમાં દસ દિક્‌પાલ, અષ્ટમંગલ તથા હાથીઓની કૃતિ કંડારેલી છે. વચ્ચે તોરણ અને શિલ્પાકૃતિઓની કોતરણી દાદ માંગી લે તેવી છે. અહીં ૫'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની ધાતુપ્રતિમા બિરાજે છે. તેના પર લેખ છે જે નીચે મુજબ છે :

સંવત ૧૮૧૭ મહા સુદ ૨ શ્રી અચલગચ્છ શ્રીમાલી જ્ઞાતિય સા ભુષણ શ્રી આદિનાથ બિંબ કારાપિતં પ્રતિષ્ઠિતં શ્રી ઉદયસાગરસૂરિભિઃ

કુલ બાર ધાતુપ્રતિમા તથા આરસનાં પગલાંની એક જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ ઘરદેરાસરનો ઉલ્લેખ **સં૰ ૧૯૮૯**માં **સુરત ચૈત્યપરિપાટી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં સૌ પ્રથમવાર મળે છે. તે સમયે ઓવારીકાંઠે દર્શાવેલું આ ઘરદેરાસર શેઠ અમરચંદ કરમચંદ પરિવારનું હોવાની નોંધ છે અને મૂળનાયક આદેશ્વર હતા.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં વડાચૌટા ઓવારીકાંઠા વિસ્તારમાં દર્શાવેલ આ ઘરદેરાસરમાં કુલ બાર ધાતુપ્રતિમા હોવાની નોંધ છે જે આજે પણ યથાવત્ છે. ઘરદેરાસર બંધાવનાર તરીકે કરમચંદ કપુરચંદ અને બંધાયા સંવત ૧૯૦૦ લગભગ દર્શાવેલ છે. વહીવટ બાબુભાઈ અમરચંદ હસ્તક હોવાની તથા સ્થિતિ સારી હોવાની નોંધ છે.

સં૰ ૨૦૫૪માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ ઘરદેરાસર શ્રી ભુખણદાસ જગજીવનદાસે બંધાવ્યાની નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે વહીવટ શ્રી અમરચંદભાઈના પુત્ર શ્રી બાબુભાઈના પરિવાર દ્વારા થાય છે.

પ્રતિમા પર સં૰ ૧૮૧૭નો લેખ છે. દેરાસરનો સમય **સં૰ ૧૯૦૦ આસપાસ**નો માની શકાય. તેનાથી વધુ પ્રાચીન સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

દરિયામહેલ, ઓવારી કાંઠા

૬૪. આદેશ્વર (સં૰ ૧૮૫૦ લગભગ)

ઓવારી કાંઠાની સામેના ભાગમાં દરિયામહેલ વિસ્તારમાં ખડકીમાં અંદરના ભાગમાં છેક ખૂણામાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે.

દશા ઓસવાલ જ્ઞાતિના કુળદેવી શ્રી ઓશિયામાતાની આરસમૂર્તિ અનુપમ છે. તથા ઘંટાકર્ણવીર તથા માણિભદ્રવીરની દેરી છે. તે પૈકી માણિભદ્રવીરની મોટી ધાતુમૂર્તિની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૭ના ફાગણ સુદ ત્રીજને રવિવારે આ૰ શ્રી કલ્યાણસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવેલ છે. એક ગોખમાં શ્રી નીતિવિજયગણિના આરસનાં પગલાંની એક જોડ છે જેના પર સં૰ ૧૯૬૭ના ભાદરવા સુદ આઠમના રોજ પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

રંગમંડપમાં પ્રવેશવાના ત્રણ કાષ્ઠના પ્રવેશદ્વાર છે. જમણી બાજુ ગોખમાં ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિ છે. અન્ય ગોખમાં આરસપ્રતિમા તથા ધાતુપ્રતિમા છે. શત્રુંજયનો ચિત્રિત પટ છે.

એક ગર્ભદ્વાર છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની મનોહર પ્રતિમા પર લેખ નથી. ડાબી બાજુ સંભવનાથ તથા જમણી બાજુ શાંતિનાથ બિરાજે છે. કુલ નવ આરસપ્રતિમા તથા ઓગણત્રીસ ધાતુપ્રતિમા છે.

એક નાની દેરીમાં રાયણ પગલાં છે. તેની પાછળ ચક્રેશ્વરીદેવીની નાની મૂર્તિ છે જેના મસ્તક પર આદેશ્વર છે. આ દેરીની ઉપર રાયણવૃક્ષની કાષ્ઠની કૃતિ બનાવેલી છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તથા પાવાપુરીનો પટ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં સીમંધરસ્વામીના જિનાલયની સાથે આદેશ્વરના એક જિનાલયનો ઉલ્લેખ નાણાવટ, વડાચૌટાના જિનાલયો પછી થયેલો છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ કરવામાં આવી છે :

'આ દેરાસરની સ્થિતિ સારી છે. મૂળ પ્રતિષ્ઠાની સાલની ખબર નથી. બીજી પ્રતિષ્ઠા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૯૨૨ શેઠ નગીનદાસ જેચંદના વખતમાં તથા ત્રીજી પ્રતિષ્ઠા ૧૯૭૨માં શેઠ અનોપચંદ નગીનદાસના વખતમાં થઈ. ત્રીજી પ્રતિષ્ઠા આચાર્ય શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરે કરી..... એકંદરે આ દેરાસર નાજુક છતાં રળીયામણું છે. ગોખલા પરનો લેખ : શ્રી સુરત જૈન દસા ઓસવાલ મિત્રમંડળ તરફથી આ ગોખલો કરાવી મુનિ મહારાજ શ્રી નીતિવિજયજીના પગલાં પધરાવવામાં આવ્યા છે. આ દેરાસરમાં નકસીવાળું પિત્તલનું નાનું દેરાસર સુંદર છે.'

આ ઉપરાંત કેટલીક દંતકથા તથા ચમત્કાર વિશેની નોંધ કરવામાં આવી છે જે નીચે મુજબ છે :

'૧. કોઈ ચોર ચોરી કરવા આવ્યો. આભૂષણો ચોરી પાછા જતાં સ્થંભિત થઈ ગયો (ચોટી ગયો) સવારે પૂજારીએ જોયો. લોકો ભેગા થયા - આભૂષણો લઈ લીધા અને તેના પગ છૂટા થયા.

૨. અંતરાયવાળા બહેન દેરાસરમાં પ્રવેશ કરતા ભમરાઓ છૂટ્યા, દોડીને પાછાં જવું પડ્યું.

૩. સં૰ ૧૯૮૩ની સાલમાં મોટી આગ વખતે નાસભાગમાં કોઈ દાગીનાનો દાબડો લઈ ગયું પણ ૧૫ દિવસ બાદ પાછો મળી આવ્યો.'

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નાણાવટ, કાણાકોચરાની પોળ વિસ્તારમાં આદેશ્વરના આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયો છે. કુલ નવ આરસપ્રતિમા તથા પાંત્રીસ ધાતુપ્રતિમા હતી. વહીવટ પાનાચંદ અનોપચંદ હસ્તક હતો. સ્થિતિ સારી હતી. સં૰ ૧૮૫૦ લગભગમાં જિનાલય બંધાયું હોવાની નોંધ છે.

સં૰ ૨૦૨૩માં ઓવારી કાંઠા વિસ્તારમાં દર્શાવેલ આ જિનાલયમાં મૂળનાયક પ્રતિમા પર 'સંવત ૧૬....' – લેખ હોવાની નોંધ છે. એટલે કે મૂળનાયક પ્રતિમા ૧૭મા સૈકાની હોવાનું માની શકાય. વહીવટ શેઠ મોતીચંદ અનુપચંદ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ શ્રી ધનસુખભાઈ મોતીચંદ તોલાટ હસ્તક છે.

જૈન તીર્થ સર્વસંગ્રહના આધારે જિનાલયનો સમય **સં૰ ૧૮૫૦ લગભગ**નો માની શકાય. આ અંગે વધુ સંશોધનની જરૂર છે.

• • •

બેગમપુરા, નવાબવાડી

૬૫. શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૨)

નવાબવાડી બેગમપુરા વિસ્તારમાં નિર્વાણબાબા અખાડા પાસે કાપડિયા એપાર્ટમેન્ટમાં ભોંયતળિયે આરસનું બનેલું શ્રી શાંતિનાથનું નૂતન ઘરદેરાસર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘુમ્મટયુક્ત આરસના ગોખમાં ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમા પર લેખ છે.

ખાનગી માલિકીની આ જગ્યામાં ઘરદેરાસરની પ્રતિષ્ઠા આ૦ શ્રી હિમાચલસૂરિના શિષ્યરત્ન પં૦ મેવાડદીપક શ્રી રત્નાકર વિજયજીના શિષ્ય પૂ૦ મુનિ શ્રી રવિશેખરવિજયજી મ૦ સા૦ની નિશ્રામાં **સં૦ ૨૦૫૨** મહા સુદ ૧૫ રવિવારે તા૦ ૪-૨-૧૯૯૬ના દિને થઈ હતી. પ્રતિષ્ઠાનો લાભ રોશનલાલજી તારાચંદજી સાયરાવાલા તથા શ્રી ખ્યાલીલાલ તારાચંદજી સાયરાવાલા પરિવારે લીધો હતો.

• • •

દાદાવાડી, હરિપુરા

૬૬. મુનિસુવ્રતસ્વામી (સં૦ ૨૦૪૫)

હરિપુરા, પીરછડી રોડ પર દાદાવાડીમાં ખરતરગચ્છના જિનાલય તરીકે પ્રચલિત આરસનું બનેલું, શ્રી મુનિસુવ્રતસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયની સાથે દાદાવાડી – ગુરુમંદિર, ઘંટાકર્ણ મહાવીરનું મંદિર અને નાકોડાભૈરવનું મંદિર છે.

સં૦ ૧૯૬૩માં શ્રી મોહનલાલજી મહારાજે દાદાવાડીનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સ્થાનિક માહિતી પ્રમાણે આશરે ૨૦૦ વર્ષ પ્રાચીન આ દાદાવાડીમાં એક નાની રૂમમાં ફક્ત ધાતુપ્રતિમા હતી તથા શ્રી જિનદત્તસૂરિના આરસનાં પગલાંની જોડ હતી. પછીથી મોટા જિનાલયનું નિર્માણ થયું.

આ જિનાલયમાં સં૦ ૨૦૪૫માં મહા સુદ તેરશને શનિવારે સુરતના જ વતની શેઠ નેમચંદભાઈ પાનાભાઈ ઝવેરી પરિવાર દ્વારા ખરતરગચ્છના આ૦ શ્રી કાન્તિસાગરસૂરિની નિશ્રામાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની આરસપ્રતિમાની પ્રતિષ્ઠા થયેલ છે.

સાદી બાંધણીવાળા આ જિનાલયના રંગમંડપમાં કુલ છ ગોખ પૈકી એક ગોખમાં ગૌતમસ્વામીની આરસમૂર્તિ તથા અન્ય ગોખમાં એકેક મળીને કુલ પાંચ આરસપ્રતિમા છે.

એક ગર્ભદ્વાર છે. ૨૫'' ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની શ્યામ વર્ણની સપરિકર પ્રતિમા મનોહર છે. તેના પર 'સં૦ ૨૦૪૦ વૈશાખ સુદ ૫ ..... ખરતરગચ્છ ..... દાદા જિનકુશલસૂરિ જન્મભૂમૌ શિવનાથાં ..... કાંતિસાગરસૂરિભિઃ' – મુજબનું લખાણ વાંચી શકાય છે. જમણી બાજુ સીમંધરસ્વામી તથા ડાબી બાજુ શંખેશ્વર પાર્શ્વનાથ મળીને ગભારામાં કુલ ત્રણ આરસપ્રતિમા છે.

શિખરમાં ગભારામાં શ્રી મુનિસુવ્રતસ્વામીની એક માત્ર પ્રતિમા બિરાજે છે.

દાદાવાડી

દાદાવાડીમાં દેવકુલિકા જેવી રચનામાં સં૦ ૨૦૨૦માં ફાગણ સુદ ૩ના રોજ શ્રી ઘંટાકર્ણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાવીરની મૂર્તિ પધરાવેલ છે. અન્ય એક દેવકુલિકા જેવી રચનામાં સં૰ ૨૦૪૫ના મહા સુદ ૧૩ના રોજ શ્રી નાકોડા ભૈરવની પ્રતિષ્ઠા થયેલ છે.

ગુરુમંદિરમાં રંગમંડપ તથા બે ગભારાની બાંધણી છે. રંગમંડપ વિશાળ છે. શત્રુંજય મહાતીર્થનો પટ છે. જમણી બાજુ શ્રી મોહનલાલજી મહારાજના આરસનાં પગલાંની એક જોડ છે. તેના પર સં૰ ૧૯૫૨નો લેખ છે. ડાબી બાજુ અન્ય બે પગલાંની જોડ છે.

નાના ગભારામાં શ્રી જિનદત્તસૂરિની પ્રાચીન પગલાંની જોડ છે તથા શ્રી જિનકુશલસૂરિ, મણિધારી શ્રી જિનચંદ્રસૂરિ, શ્રી જિનચંદ્રસૂરિ, શ્રી જિનલાભસૂરિ, શ્રી જિનમાણેકસૂરિ તથા શ્રી જિનલાભસૂરિ આદિનાં પગલાં તથા અન્ય ગભારામાં આરસની પાંચ ગુરુમૂર્તિ છે. અહીં પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૬માં ફાગણ સુદ ૭ના રોજ ખરતરગચ્છના શ્રી હેમેન્દ્રસાગરની નિશ્રામાં થયેલ છે.

દર વર્ષે ભાદરવા વદ ૨ના દિવસે અહીં મેળો ભરાય છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં હરિપુરામાં શ્રી દાદાસાહેબનાં જિનાલય ઉલ્લેખ છે. તે સમયે અહીં શ્રી જિનદત્તસૂરિની પાદુકા હોવાની નોંધ છે. વહીવટ શેઠ પાનાચંદ ભગુભાઈ તથા કૃષ્ણાજી મેઘાજી હસ્તક હોવાની નોંધ છે. ઉપરાંત તે સમયે ધજા દંડ પર લેખ હોવાનો તથા જિનાલયના જીર્ણોદ્ધાર અંગેના લેખનો ઉલ્લેખ છે જે નીચે મુજબ છે :

ધજાદંડ પરનો લેખઃ

સં૰ ૧૯૬૫ના ભાદરવા વદ બીજ વાર શુક્રે સ્વર્ગવાસી શેઠ ભગવાનદાસ ભૂખણદાસ નાણાવટીના સ્મરણાર્થે આ ધજાદંડ તેઓના પુત્રો શા૰ લાલભાઈ તથા ચુનીલાલે દાદાસાહેબને બંધાવી અર્પણ કર્યો છે. સુરત-વાડી ફલીયાં.

જિનાલયના જીર્ણોદ્ધારનો લેખ :

શ્રી શ્રી શ્રી શ્રી જૈન શ્વેતાંબર મુનિ મહારાજજી શ્રી શ્રી શ્રી મોહનલાલજી મહારાજના ઉપદેશથી આ દાદાસાહેબનું દેરાસર ખરતરગચ્છના સંઘનું તે સર્વેએ મળીને જીર્ણોદ્ધાર કર્યો છે સંવત ૧૯૬૩ની સાલમાં.

તે અગાઉ **સં૰ ૧૮૨૮**માં પોષ વદ ચોથે (ધર્મસાગર) ધર્મમંદિરગણિકૃત પ્રબોધચિંતામણિ રાસ સુરતમાં શ્રી જિનકુશલસૂરિ પ્રાસાદે લખાયાની નોંધ **જૈન ગૂર્જર કવિઓ** ભાગ-૪ પૃ૰ ૩૨૫માં છે.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં હરીપરા, પીપરડી વિસ્તારમાં જિનદત્તસૂરિ - દાદાસાહેબનું જિનાલય હોવાની નોંધ છે.

જિનાલયનો સમય **સં૰ ૨૦૪૫**નો છે. દાદાવાડીનો સમય **સં૰ ૧૮૨૮ પૂર્વે**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હરિપુરા, મેઈન રોડ

૬૭. શીતલનાથ (સં૰ ૧૯૪૮)

હરિપુરા મેઈન રોડ પર શ્રી શીતલનાથનું બે માળનું શિખરબંધી જિનાલય છે. ઉપરના માળે શિખરમાં મૂળનાયક શ્રી આદેશ્વર છે.

પૂર્વે જિનાલય કાષ્ઠનું હતું. મૂળનાયક નેમનાથ હતા. સં૰ ૧૯૪૫માં શહેરમાં આગ લાગતા જિનાલય નષ્ટ થયું. ત્યારબાદ શ્રી લાડવા શ્રીમાળી ભાઈઓએ નવીન જિનાલય બંધાવ્યું. પ્રતિષ્ઠા શ્રી રત્નસાગરજી મ૰ સા૰ની નિશ્રામાં થઈ – તે મુજબનો ઉલ્લેખ **સં૰ ૨૦૫૪**માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ** ગ્રંથમાં છે.

જિનાલયનો બાહ્ય દેખાવ ધ્યાનાકર્ષક છે. ઉપર અગાશીમાં સામરણયુક્ત ઝરૂખા જેવી રચનામાં સ્થંભો પર કલાત્મક તોરણો તથા પાળી પર ધર્મચક્રની કૃતિ નજરે પડે છે.

શૃંગારચોકીના સ્થંભો પર કોતરણીવાળી કમાનો તથા વાજિંત્રો સહિત શિલ્પાકૃતિ છે. ડાબી બાજુ માણિભદ્રવીરનો ગોખ છે જેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૮ શ્રાવણ સુદ ૬ને સોમવારે કરવામાં આવેલ છે. તથા જમણી બાજુ ચક્રેશ્વરીદેવીનો ગોખ છે. ત્રણ પ્રવેશદ્વાર છે.

રંગમંડપ મોટો છે. ફરસ આરસની છે. દરેક સ્થંભો પર વિવિધ મુદ્રામાં વાજિંત્ર સહિત પૂતળીઓનાં નાનાં-મોટાં શિલ્પો છે. મધ્યે ઘુમ્મટમાં રાસ રમતી પરીઓનું ચિત્રાંકન છે. નવપદજી, અષ્ટાપદ, આબુ, સિદ્ધાચલ, ગિરનાર તથા સમેતશિખર વગેરે પટ છે. ડાબી બાજુ પ્રવેશદ્વાર પાસે બ્રહ્મયક્ષનો ગોખ છે. બાજુમાં શ્રી નેમિનાથની ૨૭'' ઊંચી આરસપ્રતિમા છે. તેની બાજુમાં અખંડ દીવો છે. એક દેવકુલિકામાં ત્રણ નાના શિખરવાળી છત્રીમાં કુલ ત્રણ આરસપ્રતિમા છે. મધ્યે શ્રી આદેશ્વર છે. પાસે ભોમતી છે. ધજાયુક્ત બાવનદેરીમાં કુલ બાવન આરસપ્રતિમા છે. ભોમતીમાંથી બહાર નીકળતા, આદેશ્વરની દેવકુલિકાની સામે, જમણી બાજુ શ્રી પાર્શ્વનાથની દેવકુલિકા છે જેમાં કુલ ત્રણ આરસપ્રતિમા છે. બાજુમાં શ્રી મહાવીરસ્વામીની આરસપ્રતિમાનો ગોખ છે. અશોકાયક્ષિણી તથા વાઘેશ્વરીદેવીના ગોખ છે. રંગમંડપમાં તથા ભોમતીમાં મળીને કુલ સાઠ આરસપ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. મધ્યમ કદના ગભારામાં ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમા પર 'સંવત ૧૬૬૪ ..... જેઠ સુદ ૫ ..... વિજયસેનસૂરિભિઃ' – મુજબનું લખાણ છે. અહીં કુલ તેવીસ આરસપ્રતિમા, એકવીસ ધાતુપ્રતિમા તથા ગૌતમસ્વામીની એક આરસમૂર્તિ છે.

ઉપર શિખરમાં ૭'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વર સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચૌદ ધાતુપ્રતિમા છે. આરસનાં પગલાંની એક જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૮૨૫ના કારતક વદ ૧૦ શનિવારે શ્રી હરિપુરા મધ્યે શ્રી સંભવનાથ પ્રાસાદે શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હેમરાજના પઠનાર્થે પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છના મુનિએ સકલચંદ્રકૃત સતરભેદી પૂજાની પ્રત લખી હોવાની નોંધ **સૂર્યપુરનો સુવર્ણયુગ** ગ્રંથના પૃ૰ ૯૩ પર થયેલ છે. આજે હરિપુરામાં સંભવનાથનું કોઈ જિનાલય વિદ્યમાન નથી.

સં૰ ૧૮૭૭માં દીપવિજયજી કૃત **સુરત કી ગઝલ**માં કવિએ સુરતનાં જિનાલયો પછી સુરતનાં કેટલાંક પરાંઓનાં નામ દર્શાવેલાં છે. તેમાં હરિપુરાનો ઉલ્લેખ છે જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

ગોપીપુરા ફિર સાહપુર હરિપુરા રૂઘનાથ.
મેહેંધર, મેંહેઝર રામપુર, મંછર બેગમ સાથ. ૭૩

ત્યારબાદ **સં૰ ૧૯૬૩**માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં હરિપુરા વિસ્તારમાં શીતલનાથના આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર મળે છે. જિનાલય શિખરબંધી હતું. કુલ એકતાળીસ આરસપ્રતિમા તથા ઈકોતેર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં હરિપુરા રસ્તા પર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ છે. શીતલનાથનું આ જિનાલય છાપરીયા શેરીમાં હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં હરિપુરામાં શીતલનાથના આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયના વહીવટદાર તરીકે ચંદુલાલ નગીનદાસ તથા નગીનદાસ કીકાભાઈના નામનો ઉલ્લેખ છે. ઉપરાંત સં૰ ૧૯૪૫માં મોટી આગમાં જિનાલય બળી જવાથી સં૰ ૧૯૪૮માં બંધાવી પ્રતિષ્ઠા શ્રી રત્નસાગરજી મહારાજે કરાવી હોવાની નોંધ છે.

સં૰ ૧૯૯૬માં **સૂર્યપુર રાસમાળા**માં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૮માં થઈ હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં હરિપુરા મેઈન રોડ પર આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ છન્નુ આરસપ્રતિમા, છત્રીસ ધાતુપ્રતિમા, ત્રણ રજત ચોવીસીપટ તથા રજતની એક ગુરુમૂર્તિ હોવાની નોંધ છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૬૬૪નો લેખ હોવાની નોંધ છે. બંધાવનાર તરીકે લાડવા શ્રીમાળી સંઘ તથા બંધાયા સંવત ૧૯૪૮ની નોંધ છે. તે સમયે જિનાલયનો વહીવટ શેઠ ચંદુલાલ નગીનદાસ જરીવાળા હસ્તક હતો.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૧૯૪૮માં થયાની નોંધ છે. તથા જિનાલયના ભોંયરામાં નેમિનાથ અને ઉપરના માળે આદેશ્વરની નોંધ છે. શ્રી નેમિનાથની પ્રતિમા પર 'સં૰ ૧૬૮૨ જેઠ વદ ૯ ગુરુવારે અમદાવાદવાળા ઓસવાલ શાંતિદાસે પ્રતિમા કરાવી આ૰ વિમલદેવસૂરિ શિ૰ વિવેકહર્ષગણિ શિ૰ મહોપાધ્યાય શ્રી મુક્તિસાગરગણિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવી' – મુજબનું લખાણ હોવાની નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે જિનાલયમાં ભોંયરું નથી. શ્રી નેમિનાથની પ્રતિમા શ્રી શીતલનાથના રંગમંડપમાં એક ગોખમાં બિરાજે છે. જિનાલયમાં કુલ છ્યાસી આરસપ્રતિમા છે. વહીવટ શ્રી લાડશ્રીમાળી જૈન જ્ઞાતિપંચના ટ્રસ્ટીઓ – શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ કાપડિયા, શ્રી દેવેન્દ્રભાઈ ગમનલાલ શાહ તથા શ્રી ભાવેશભાઈ ધનસુખલાલ ટોપીવાલા હસ્તક છે.

ટૂંકમાં જિનાલય **સં૰ ૧૯૪૮**ના સમયનું છે.

• • •

ઘીયાશેરી સામે, મહીધરપુરા

૬૮. સંભવનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૬૩ પૂર્વે)

મહીધરાપુરા, ઘીયાશેરી સામે, ગલેમંદિરના નાકે, ધોળકીયા ફોટોગ્રાફરની બાજુમાં નંબર ૬/૯૭૬ના મકાનમાં શ્રી સોભાગચંદ વેણીલાલ દલાલ પરિવારનું શ્રી સંભવનાથનું ઘરદેરાસર આવેલું છે. ઘરદેરાસર પાંચમે માળ છે.

આરસની છત્રીમાં ૫'' ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની પંચતીર્થી ધાતુપ્રતિમા સહિત કુલ ચાર ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૫૩૭માં આ૰ શ્રી લક્ષ્મીસાગરસૂરિએ પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે.

વહીવટ શ્રી વેણીલાલ સાકરચંદ વજેચંદ રૂવાળા (દલાલ) પરિવાર હસ્તક છે. પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૬-૪૭માં શ્રી વિજયકુમુદચંદ્રસૂરિ તથા શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સુરતનાં ઘરદેરાસરોની યાદીમાં મહીધરપુરા, જુની ચૌકી વિસ્તારમાં શ્રી હીરચંદ ચુનીલાલ પરિવારમાં કુલ ચાર ધાતુપ્રતિમા વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં પણ મહીધરપુરા, ઘીયાશેરી વિસ્તારમાં શ્રી હીરાચંદ ચુનીલાલને ત્યાં શ્રી સંભવનાથનું ઘરદેરાસર હોવાની નોંધ છે. કુલ ચાર ધાતુપ્રતિમા વિદ્યમાન હતી. ઘરદેરાસર ત્રીજે માળ હતું. વહીવટ સાકરચંદ વજેચંદ દલાલ હસ્તક હતો અને સ્થિતિ સારી હતી. બંધાવનાર તરીકે કપુરચંદ જેચંદના નામનો તથા બંધાયા સંવત ૧૯૦૦ લગભગનો ઉલ્લેખ છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૫૩૭નો લેખ હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ઘરદેરાસર બંધાયા સંવત ૧૯૦૦ લગભગ દર્શાવેલ છે. **સં૰ ૧૯૬૩**માં આ ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે તેથી ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નો તો છે જ. ઉપરાંત સં૰ ૧૯૦૦ આસપાસનો સમય નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાપરીયા શેરી, મહીધરપુરા

૬૯. સુપાર્શ્વનાથ (સં૰ ૧૯૨૫ આસપાસ)

મહીધરપુરામાં આવેલ છાપરીયા શેરીમાં પ્રવેશતાં ચાર-પાંચ મકાન પછી આરસનું બનેલું શ્રી સુપાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રવેશદ્વારની ઉપરની દીવાલે સરસ્વતીદેવી તથા આજુબાજુ બારીની ઉપર લક્ષ્મીદેવીના શિલ્પો છે. મુખ્ય પ્રવેશદ્વાર પાસે માણિભદ્રવીરની ચમત્કારિક પ્રતિમા છે.

રંગમંડપમાં પ્રવેશવાના ત્રણ દ્વાર છે. લંબચોરસ કદના રંગમંડપમાં અષ્ટાપદ, સિદ્ધાચલ, તથા સિદ્ધગિરિના કાષ્ઠ પર ચિત્રિત પટ છે. નવપદજીના પટમાં રંગીન નંગ, મોતી તથા મીના કારીગરી છે. એક શિખરયુક્ત ગોખમાં પાંચ આરસપ્રતિમા તથા અન્ય એક ગોખમાં ત્રણ – એમ કુલ આઠ આરસપ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથની પ્રતિમા રજતછત્રીમાં બિરાજે છે. તેના પર નકશીકામયુક્ત ત્રણ ઘુમ્મટ છે. મૂળનાયક ચમત્કારિક છે. પ્રતિમા પર 'સં૰ ૧૬૬૪ વર્ષે ..... સુપાર્શ્વનાથ બિંબં કારિતં'–મુજબનો લેખ છે. ડાબા તથા જમણા ગભારે શાંતિનાથ છે. કુલ અઢાર આરસપ્રતિમા છે તથા ત્રેપન ધાતુપ્રતિમા પૈકી એક રજતપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં છાપરીઆ શેરીમાં સુપાર્શ્વનાથના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ પચીસ આરસપ્રતિમા તથા એકાવન ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. તે સમયે સ્થિતિ સાધારણ દર્શાવેલ છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં સુપાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ગોળશેરી વિસ્તારમાં થયો છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં છાપરીયા શેરીમાં સુપાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો વહીવટ દયાચંદ ચુનીલાલ હસ્તક હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલય સામરણવાળું દર્શાવેલું છે. કુલ છવ્વીસ આરસપ્રતિમા, છાસઠ ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસીપટની નોંધ છે. તે સમયે વહીવટ શેઠ મગનલાલ મોતીચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત સં૰ ૧૯૨૫ લગભગમાં જિનાલય બંધાયાની નોંધ મળે છે.

સં૰ ૨૦૨૩માં **સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદી**માં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૨૫ આસપાસ થઈ હોવાની નોંધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે આ જિનાલયમાં કુલ પચીસ આરસપ્રતિમા છે. વહીવટ શ્રી છાપરીયા શેરી જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી રોહિતકુમાર ફૂલચંદ જરીવાલા, શ્રી જયંતકુમાર ચંપકલાલ ગાંધી તથા શ્રી ભરતકુમાર હીરચંદ ગાંધી હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૧૯૨૫ આસપાસ**નો છે. પ્રતિમા પર સં૰ ૧૬૬૪નો લેખ છે. તે સંદર્ભમાં જિનાલયની પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ પુરાવા તથા સંશોધનની જરૂર છે.

• • •

છાપરીયા શેરી, મહીધરપુરા

૭૦. આદેશ્વર (સં૰ ૧૯૨૧)

મહીધરપુરામાં છાપરીયા શેરીના મુખ્ય રસ્તા પર શ્રી આદેશ્વરનું આરસનું બનેલું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

પૂ૰ પરમ પ્રભાવક આ૰ ભ૰ શ્રી વિજયરામચંદ્રસૂરિ મ૰ સા૰ના શિષ્યરત્ન સ્વ૰ આ૰ શ્રી વિજયજિતમૃગાંકસૂરિ મ૰ સા૰ના શિષ્યરત્ન પૂ૰ પ૰ પ્ર૰ શ્રી ભદ્રાનંદવિજયગણિ મ૰ સા૰ની નિશ્રામાં મહોત્સવપૂર્વક સાળવીની શ્રી આદિશ્વર ભગવાનના આ નૂતન જિનાલયમાં વિ૰ સં૰ ૨૦૪૦ પોષ વદ ૬ તા૰ ૨૩-૧-૮૪ના શુભમુહૂર્તે શ્રી પ્રભુજીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

પગથિયાં પાસેની બન્ને બાજુની દીવાલે હાથી પર બિરાજિત શેઠ-શેઠાણીની કૃતિ છે. શૃંગારચોકીમાં કોતરણીવાળા આરસની બેઠક છે. સ્થંભો પર કલાત્મક કોતરણીયુક્ત તોરણો તથા વિવિધ મુદ્રામાં શિલ્પાકૃતિ નજરે પડે છે. છત પર પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી તથા સરસ્વતીદેવીની રંગીન કૃતિ કંડારેલી છે. સાદી કોતરણીવાળા ત્રણ પ્રવેશદ્વાર છે.

વિશાળ રંગમંડપમાં કોતરણીયુક્ત પાંચ ગોખ છે જે પૈકી બે ગોખમાં ચક્રેશ્વરીદેવી તથા પાર્શ્વ પદ્માવતીદેવીની આરસમૂર્તિ છે. અહીં કુલ આઠ આરસપ્રતિમા છે. ઘુમ્મટ વિશાળ છે. કોતરણીયુક્ત તોરણો તથા વાદ્યાદિ સહિત નારીશિલ્પો છે. અષ્ટાપદ, ગિરનાર, નવપદ, સમેતશિખર, સિદ્ધાચલ, સમવસરણ તથા પાવાપુરી જેવા પટ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પરિકરયુક્ત પ્રતિમા પર 'સં૰ ૧૮૧૫ ..... ગુરૌ ..... સાલવીજાતિય વૃદ્ધશાખાયાં પ્રતિષ્ઠિત શ્રી તપાગચ્છે .....' મુજબનો લેખ છે. કુલ બાવીસ આરસપ્રતિમા, ઓગણત્રીસ ધાતુપ્રતિમા અને એક સ્ફટિકપ્રતિમા છે. જમણા ગભારે શ્રી શીતલનાથ તથા ડાબા ગભારે શ્રી શ્રેયાંસનાથ છે. પ્રતિમાની પાછળની દીવાલ પર રજતમાં ચૌદ સ્વપ્નો, ઈન્દ્રો, છત્ર, અશોકવૃક્ષ વગેરેનું સુંદર નકશીકામ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં છાપરીઆ શેરીમાં આવેલ આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ ચોવીસ આરસપ્રતિમા, એકવીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા તથા ત્રણ રત્નની પ્રતિમા વિદ્યમાન હતી. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં સુરતનાં જિનાલયોની યાદીમાં આ જિનાલયનો ઉલ્લેખ ગોલશેરીમાં થયેલો છે જે આજે છાપરીયા શેરીમાં છે. જ્યારે છાપરીયા શેરીમાં શીતલનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે જે આજે હરિપુરા વિસ્તારમાં છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં છાપરીયા શેરી વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયના મૂળનાયકની બેઠક નીચે લેખ હોવાની નોંધ છે જે નીચે મુજબ છે :

શ્રી શ્રી ૧૦૮ શ્રી રીખવદેવ સ્વામીજીના દેરાસર સં૰ ૧૯૨૧ના વૈ૰ શુદ ૧૩ સોમવાર પ્રતિષ્ઠિતં શાહ ઘેલાભાઈ રાયચંદ ન્યાતે દશા શ્રીમાળી ગભારામાં આરસના પીઠ પબાસણ કરાવી બીજે પાટડે શ્રી મંદીરસ્વામિ સ્થાપિતં સં૰ ૧૯૫૫ ચૈત્ર વદ ૩ શુક્રવાર.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. કુલ અઠ્ઠાવીસ આરસપ્રતિમા, બત્રીસ ધાતુપ્રતિમા, એક સ્ફટિકપ્રતિમા તથા એક ચોવીસી રજતપટની નોંધ કરવામાં આવી છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૧૫નો લેખ હોવાનો તથા વહીવટ ચંપકલાલ છોટાલાલ હસ્તક હોવાનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

ઘેલાભાઈ રાયચંદે સં૰ ૧૯૨૧ના વૈશાખ સુદ ૧૩ને સોમવારે આ જિનાલયની પ્રતિષ્ઠા કરી હોવાની નોંધ **સં૰ ૨૦૨૩**માં **સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદી**માં મળે છે. વહીવટ શેઠ હીરાલાલ ચુનીલાલ હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ ત્રીસ આરસપ્રતિમા, ઓગણત્રીસ ધાતુપ્રતિમા અને એક સ્ફટિકપ્રતિમા છે. વહીવટ શ્રી છાપરીયા શેરી જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી સૂર્યકાન્તભાઈ મોહનલાલ શાહ, શ્રી જતીનભાઈ હેમચંદ લોખંડવાલા, શ્રી અશોકભાઈ મનહરલાલ શાહ તથા શ્રી પ્રદીપભાઈ જયંતિલાલ શાહ હસ્તક છે.

મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર સં૰ ૧૮૧૫નો લેખ છે. ઉપર જણાવ્યા મુજબ જિનાલયનો સમય **સં૰ ૧૯૨૧**નો છે.

• • •

ગોળશેરી, મહીધરપુરા

૭૧. *ચંદ્રપ્રભુસ્વામી (સં૰ ૧૯૪૬)*

મહીધરપુરામાં ગોળશેરીમાં પ્રવેશતાં જ રોડ પર શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું આરસ તથા પથ્થરનું બનેલું શિખરબંધી જિનાલય આવેલું છે.

આ જિનાલય શા૰ રૂપચંદ રાયચંદની પુત્રી બાઈ નેમીકુંવરે બંધાવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવેશતાં ગૂઢમંડપની દીવાલો પર સિદ્ધાચલ, સમેતશિખર, સિદ્ધચક્ર તથા મહાવીરપ્રભુના કલ્યાણક, ઉપસર્ગ જેવા પટ-પ્રસંગો નજરે પડે છે. રંગમંડપમાં પ્રવેશવા ત્રણ દ્વાર છે. રંગમંડપ નાનો છે. ઘુમ્મટમાં રાસ રમતી નારીઓનું ચિત્રકામ થયેલું છે. બન્ને બાજુ ગોખમાં યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ બિરાજે છે.

ગર્ભદ્વાર એક છે. ૧૯" ઊંચી શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. પ્રતિમાલેખ નથી. જમણી બાજુ શ્રી નેમનાથ અને ડાબી બાજુ શ્રી ધર્મનાથની પ્રતિમા છે. કુલ ત્રણ આરસપ્રતિમા અને દસ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ગોળશેરીમાં શ્રી ચંદ્રપ્રભુના જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયેલો છે. બંધાવનાર તરીકે બાઈ નેમકુંવર દર્શાવેલ છે. કુલ ચાર આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમાનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હોવાની નોંધ છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં ગોલશેરી વિસ્તારમાં શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી આદેશ્વર – એમ બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે જે આજે છાપરીયા શેરીમાં છે. આજે ગોળશેરીમાં વિદ્યમાન શ્રી ચંદ્રપ્રભુ તથા શ્રી ગોડી પાર્શ્વનાથ – આ બન્ને જિનાલયોનો ઉલ્લેખ **સં૰ ૧૯૬૮**માં નવાપરા કુંભારવાડા વિસ્તારમાં થયેલો છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં ગોળશેરીમાં આવેલ શ્રી ચંદ્રપ્રભુના આ જિનાલયના બંધાવનારના નામમાં બાઈ નેમીકુંવર દર્શાવેલ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો વહીવટ શેઠ ચુનીલાલ બાલુભાઈ હસ્તક હોવાની તથા સ્થિતિ સારી હોવાની નોંધ છે. ઉપરાંત જિનાલય પરનો લેખ દર્શાવેલ છે જે નીચે મુજબ છે :

'સં૰ ૧૯૪૬ના શ્રા૰ શુદી ૬ને બુધવાર. આ દેરાસર શા૰ રૂપચંદ રાયચંદની છોકરી બાઈ નેમીકુંવરે બંધાવ્યું છે. આ દેરાસર ગોળશેરીના સંઘને સ્વાધીન કર્યું છે.'

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં તથા **સં૰ ૨૦૨૩**માં પણ ઉપર્યુક્ત પ્રતિષ્ઠા સંવત દર્શાવેલ છે. બંધાવનારના નામમાં શેઠ સરૂપચંદ રાયચંદની પુત્રી બાઈ નેમકોરનો ઉલ્લેખ છે. **સં૰ ૨૦૧૦**માં આ શિખરબંધી જિનાલયમાં કુલ ત્રણ આરસપ્રતિમા, ચાર ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસીપટ હોવાનો ઉલ્લેખ છે. વહીવટ ઘેલાભાઈ રાયચંદ હસ્તક હતો અને સ્થિતિ સારી હતી. જ્યારે **સં૰ ૨૦૨૩**માં શેઠ ચીમનલાલ સવાઈચંદ હસ્તક વહીવટ હોવાની નોંધ છે.

આજે આ જિનાલયનો વહીવટ શ્રી ગોળશેરી જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી અમૃતલાલ ઠાકોરદાસ શાહ, શ્રી ચંપકલાલ અમરચંદ શાહ, શ્રી પ્રસન્નચંદ્ર ઈન્દ્રજીત શ્રોફ તથા શ્રી રોહિતકુમાર નરેશચંદ્ર શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૪૬**નો છે.

● ● ●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગોળશેરી, મહીધરપુરા

૭૨. ગોડી પાર્શ્વનાથ (સં૰ ૧૯૪૮)

મહીધરપુરા, ગલેમંદિર રોડ પર આવેલ ગોળ શેરીમાં શ્રી ગોડી પાર્શ્વનાથનું બે માળનું ઘુમ્મટયુક્ત જિનાલય છે. ઉપરના માળે મૂળનાયક શ્રી પાર્શ્વનાથ છે.

જિનાલયના બાહ્ય ભાગમાં ફૂલોની ડિઝાઈનવાળી ટાઈલ્સ તથા કાષ્ઠની બારીક કોતરણી છે. એક પ્રવેશદ્વાર અને આજુબાજુ બારી છે. પ્રવેશતાં સામે ત્રણ દ્વાર છે.

મધ્યમ કદના રંગમંડપમાં પદ્માવતીદેવી, પાર્શ્વયક્ષ તથા મહાલક્ષ્મીદેવીની આરસમૂર્તિઓના ગોખ છે. અન્ય બે ગોખમાં ત્રણ-ત્રણ મળીને કુલ છ આરસપ્રતિમા છે.

ગર્ભદ્વાર ત્રણ છે. ૧૫" ઊંચી મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા રજતછત્રીમાં બિરાજમાન છે. ડાબે ગભારે શાંતિનાથ તથા જમણે ગભારે અજિતનાથ છે. કુલ દસ આરસપ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે.

ઉપરના માળે નાની રૂમમાં ૧૧" ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની પ્રતિમા કાષ્ઠકોતરણીયુક્ત છત્રીમાં બિરાજે છે. ડાબી બાજુ શ્રી ચંદ્રપ્રભુ તથા જમણી બાજુ શ્રી શીતલનાથ છે. કુલ ચાર આરસપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ગોળશેરીમાં દર્શાવેલ ગોડી પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ ઓગણીસ આરસપ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં ગોળશેરી વિસ્તારમાં શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી આદેશ્વર – એમ બે જિનાલયોનો ઉલ્લેખ છે જે આજે છાપરીયા શેરીમાં છે. ગોડી પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ નવાપરા કુંભારવાડા વિસ્તારમાં થયો છે. આ વિસ્તારમાં અન્ય એક જિનાલય – શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય પણ વિદ્યમાન હોવાની નોંધ છે જે આજે ગોળશેરી વિસ્તારમાં છે.

સં૰ ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં ગોળશેરી વિસ્તારમાં શ્રી ચંદ્રપ્રભુ અને શ્રી ગોડી પાર્શ્વનાથ – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયો છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયની પ્રથમ પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૮માં તથા જીર્ણોદ્ધાર પછી સં૰ ૧૯૮૩ના મહા સુદ છઠે પુનઃ પ્રતિષ્ઠા થયાની નોંધ છે. પ્રતિષ્ઠાનો લાભ શેઠ ચુનીલાલ બાબુભાઈ તથા શેઠ મગનલાલ રણછોડદાસે લીધો હોવાનો નિર્દેશ છે. વહીવટ શેઠ ચુનીલાલ બાબુભાઈ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. કુલ વીસ આરસપ્રતિમા, એકવીસ ધાતુપ્રતિમા તથા આરસની એક ગુરુમૂર્તિ હોવાની નોંધ છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૬૭૭નો લેખ હોવાની તથા વહીવટ ઘેલાભાઈ રાયચંદ હસ્તક હોવાનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી હતી.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદીમાં આ જિનાલયનો વહીવટ શેઠ ચીમનલાલ સવાઈચંદ હસ્તક હોવાની નોંધ છે. ઉપરાંત ઉપર શ્રી ચંદ્રપ્રભુ વિદ્યમાન હોવાની નોંધ સાથે પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૮ ફાગણ સુદ ૧૦ના રોજ થઈ હોવાનું જણાવ્યું છે.

આજે જિનાલયમાં કુલ વીસ આરસપ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામીની અલૌકિક મૂર્તિ છે. જિનાલયનો વહીવટ શ્રી ગોળશેરી જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી અમૃતલાલ ઠાકોરદાસ શાહ, શ્રી ચંપકલાલ અમરચંદ શાહ, શ્રી પ્રસન્નચંદ્ર ઈન્દ્રજીત શ્રોફ તથા શ્રી રોહિતકુમાર નરેશચંદ્ર શાહ હસ્તક છે.

ઉપર જણાવ્યા મુજબ આ જિનાલયનો સમય **સં૰ ૧૯૪૮**નો છે. મૂળનાયક પ્રતિમા પ્રાચીન છે જેના પર સં૰ ૧૬૭૭નો લેખ હોવાનો ઉલ્લેખ મળે છે.

• • •

કતારગામ, મેઈન રોડ

૭૩. આદેશ્વર (સં૰ ૧૯૧૯ પૂર્વે)

કતારગામ મેઈન રોડ પર આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. **મોટા દેરાસર** તરીકે ઓળખાય છે. જિનાલયના આગળના ભાગમાં ધર્મશાળા તથા સામે શ્રી પુંડરીકસ્વામીનું શિખરબંધી જિનાલય છે.

શૃંગારચોકીમાં કાષ્ઠના સ્થંભો પર શિલ્પો છે. રંગકામ થયેલું છે. રંગમંડપમાં સ્થંભો પર કોતરણીયુક્ત કમાનો તથા વિવિધ મુદ્રામાં નર્તકીઓનાં શિલ્પો છે. રાણકપુર, ભદ્રેશ્વર, ચંપાપુરી, નંદીશ્વર, શંખેશ્વર, બાબુ બદ્રીદાસ, સિદ્ધચક્ર, ઋષભદેવનું પારણું, મહાવીરપ્રભુનો ચંડકોશીય નાગનો ઉપસર્ગ, બાહુબલિ, આબુ, સમેતશિખર, સિદ્ધાચલ, ગિરનાર વગેરે પટ-પ્રસંગો છે. પ્રવેશદ્વાર પાસે સામ સામે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાના ગોખ છે. યક્ષ, યક્ષિણી તથા ગણપતિની મૂર્તિના ગોખ છે. ગર્ભદ્વાર પાસે શ્રી શાંતિનાથ તથા શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની કાઉસ્સગ્ગ પ્રતિમા છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ગભારો લાંબો છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'સંવત ૧૮૩૬ માઘ સુદિ ૧૩ શુક્ર શ્રીમાલી જ્ઞાતિય ..... સંભૂષણ દોશી ..... અચલગચ્છ શ્રી આદિનાથ બિંબ કારાપિતં'

જમણે ગભારે શ્રી ચંદ્રપ્રભુ તથા ડાબે ગભારે શ્રી આદેશ્વર છે. પ્રતિમા આરસની છત્રીમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજે છે. કુલ પાંત્રીસ આરસપ્રતિમા, બાર ધાતુપ્રતિમા તથા આરસનાં પગલાંની ત્રણ જોડ છે. અહીં મૂળનાયક નીચે શાસનદેવીની મૂર્તિની બાજુમાં જીર્ણોદ્ધારનો એક પ્રશસ્તિ લેખ છે.

જિનાલયની પાછળના ભાગમાં રાયણવૃક્ષ છે. તેની નીચે દેરીમાં આદેશ્વરની કાઉસ્સગ્ગ પ્રતિમા તથા આરસનાં પગલાંની એક જોડ છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૦ના પોષ વદ પાંચમ-છઠને દિવસે મુનિશ્રી યતીન્દ્રવિજયજીના હસ્તે થયેલ છે. ડાબી બાજુ માણિભદ્રવીરનું સ્થાનક છે.

ધર્મશાળામાં ઉપરના માળે શત્રુંજય તીર્થનો લાંબો, પ્રાચીન પટ છે. કાર્તિકી પૂનમ તથા ચૈત્રી પૂનમે સુરતનો સંઘ અહીં દર્શનાર્થે આવે છે. તે દિવસે ભાથું તથા નવકારશી થાય છે.

પુંડરીકસ્વામી

આ મોટા જિનાલયની સામે જ કંપાઉંડમાં શ્રી પુંડરીકસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

રંગમંડપ તથા ગભારો નાનો છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી પુંડરીકસ્વામીની પ્રતિમા પર કોઈ લેખ નથી. કુલ એકવીસ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમાની નીચેની દીવાલે 'સં૰ ૨૦૨૫ ચૈત્ર વદ ૭ સ્વ૰ ડૉ૰ કસ્તુરચંદ ગીરધરલાલ ગાંધી' – મુજબનું લખાણ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૮૪૩માં ઋષભસાગરરચિત **પ્રેમચંદસંઘ વર્ણનરાસ**માં સંઘ કતારગામે ગયો હોવાની નોંધ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

કસબેં **ગામ કતાર**માં, બાગ વાડી હે સોહે આરામ કે,
શેઠની વાડી વિરાજીયા, સંઘ સાથેં હે સૂરતનો જામ કે વા૰ ૨

વોહરાવણ વિધ તિહાં કરી, ભલે ભાવેં હે પોષ્યા ગુરુ પાત્ર કે,
લખમીનો લાહો લીયો, શ્રીજી રહ્યા એ વાસો તિરાત્ર કે. વા૰ ૩

સં૰ ૧૯૧૯માં નિત્યવિજયએ સુરત કતારગામમાં રચેલ **વીસ વિહરમાન જિનપૂજા**માં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

તત્ત્વ ઇંદુ નિધિ ચંદ્ર સંવછર, સુરત રહિ ચોમાસ,
કતારગામ આદિનાથ પ્રસાદે, ઉદ્યમ ભાવ ઉલ્લાસે રે. મેં૰ ૫

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં કટારગામ વચ્ચે આદેશ્વરના બે જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે મળે છે. કુલ ઓગણીસ ધાતુપ્રતિમા હતી તથા જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત તે સમયે કતારગામ વચ્ચે અજિતનાથનું શિખરબંધી જિનાલય પણ વિદ્યમાન હતું. કુલ છેતાળીસ આરસપ્રતિમા, ઓગણીસ ધાતુપ્રતિમા તથા આરસનાં પગલાંની એક જોડ હતી. હાલ અહીં અજિતનાથનું જિનાલય વિદ્યમાન નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૧૯૬૮માં **તીર્થગાઇડ**(ભાગ-૧)માં આ ગામ વિશે તથા જિનાલય વિશે પૃ. ૭૩ પર નીચે મુજબની નોંધ છે :

'વળી શહેરથી બે માઈલ દૂર કતારગામ છે, ત્હાં શ્રી આદીશ્વરજીનું મ્હોટું દેરાસર છે. આ સ્થળ પણ ઘણું રળીયામણું છે. ધર્મશાળા વિગેરે છે. .....'

સં. ૧૯૮૪માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં કટારગામમાં આદેશ્વરના એક જિનાલયનો ઉલ્લેખ છે. ઉપરાંત દર કાર્તિકી તથા ચૈત્રી પૂર્ણિમાએ અહીં યાત્રા થાય છે તેવી વિશેષ નોંધ છે.

સં. ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં તથા **સં. ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં આ જિનાલયનો વહીવટ શેઠ દલીચંદ વીરચંદ હસ્તક હોવાની નોંધ છે. તથા **સૂર્યપુર રાસમાળા** ગ્રંથમાં પૃ. ૨૦૫ ઉપર કતારગામ મંડન શ્રી આદિનાથ સ્તવન છે. જિનાલયના જીર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠા વિશે નીચે મુજબની નોંધ છે :

'સં. ૧૯૫૫માં શ્રીમદ્ મોહનલાલજી મ.ના સદુપદેશથી સંઘના ખર્ચે શેઠ લખમાજી જીવણજીએ જીર્ણોદ્ધાર કરાવ્યો. પુનઃ પ્રતિષ્ઠા સં. ૧૯૫૫ વૈ.સુ. ૧૩ને દિને શ્રીમદ્ મોહનલાલજી મહારાજની નિશ્રામાં શેઠ નગીનચંદ કપુરચંદે કરાવ્યો. દેરાસરની પાછળના ભાગમાં શ્રી આદીશ્વરનાં પગલાં અને રાયણવૃક્ષ છે. દેરાસરની સામે બીજું દેરાસર છે જેમાં મૂળનાયક શ્રી પુંડરીકસ્વામી છે. આ સ્થળ જાત્રાના ધામ સમાન હોવાથી વર્ષે બેવાર કાર્તિકી અને ચૈત્રી પૂનમે ત્યાં યાત્રા મેળો ભરાય છે.'

જીર્ણોદ્ધાર અંગેનો મૂળ લેખ નીચે મુજબ છે :

શ્રી પાર્શ્વનાથાય નમઃ
જીર્ણોદ્ધાર પ્રશસ્તિ

સુરત વતનવાસી શ્રેષ્ઠીવરો ભુષણ ભિધઃ પૂર્વ
કાતારગામેઽસ્મિન્ નિર્માય પદાદય જિનચૈત્યં ૧

તારાચંદ શ્રેષ્ઠી થૈ વત્સં ખં રુચીર કાન્તિ
શ્રી પુંડરીક ચૈત્યં વ્યસરચસ્વાત્મ સુદ્ધર્થ ૨

ચૈત્ય યુગંતત્સમ ભુગ્દંતેનફાલેન ભૂયસાજીર્ણમ
શ્રીમદ્ મોહન મુનિયો વિહરંત સ્તચચાગ્મુ ૩

તત્વા જીર્ણેદ્રંબિંબ નિરિક્ષં ચૈત્યંચ જીર્ણમિતિ શીસ્મેન
સ્મૃત્યોદ્ધારફલં તે મનસીછમાવયા માસુજ્યો જીનત્વં ૪

નિર્માપયેની વં સ્તોત્ર માનવો ધન્યઃ
જીર્ણોદ્ધાર વિધાતા ધન્ય તમશ્ચે ત્યાગમે સ્પષ્ટમ્ ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધ્યાત્વેતિ સુરતે તે ભ્યા જગ્મું સત્કૃતાકવસંઘેન
જીર્ણોદ્ધાર વિધાતા ધન્ય તમશ્ચે ત્યાગમે સ્પષ્ટમ્ ૬

તદ્‌બોધી તશ્ચસંઘઃ સદાસ્ત કાર્ય માદતશ્ચેક
સદ્‌ગુણં ભવ્ય નામ યોગે ધર્મ વિડંબક ૭

ભુતેષુનંદ ભૂમિત ૧૯૫૫ વર્ષે શ્રી વિક્રમાર્ક સમયેગતે
વૈશાકે શીત પક્ષે ત્રયોદશી ભોમ વાસતા ૮

તંસ્યા સંડુ વકેસ્મિન્ પ્રતિમા શ્રી નાભિનંદાનાદિનાં શ્રી શ્રી
શ્રી મનમોહન મુનિભિજયન્તું સંસ્થાપિતા સતતમ્ ૯

રમ્યમિદંચૈત્યંયુગં પાર્શ્વશાખાચ મજ્જુણ હે શાજીયા
શ્ચિરંચ ભાવ્યાઃ શર્મવી ભજામનેનાશુ ૧૦

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયેલો છે. કુલ પિસ્તાળીસ આરસપ્રતિમા, સત્તર ધાતુપ્રતિમા, એક રજત ચોવીસી પટ તથા ગૃહસ્થની આરસમૂર્તિ હોવાની નોંધ છે. વહીવટ દલીચંદ વીરચંદ શ્રોફ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૩૬નો લેખ હોવાનો તથા સં૰ ૧૭૦૦ લગભગમાં જિનાલય બંધાયું હોવાની નોંધ છે.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદીમાં સુરતથી બે માઈલ દૂર કતારગામમાં આદેશ્વરનાં બે જિનાલયો હોવાની નોંધ છે. તે પૈકી આદેશ્વરના આ જિનાલયની સામે શ્રી પુંડરીકસ્વામીનું જિનાલય હોવાની નોંધ છે. જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૫૫માં વૈશાખ સુદ ૧૩ના રોજ થઈ હોવાનો ઉલ્લેખ છે. વહીવટ શેઠ દલીચંદ વીરચંદ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ શ્રી આદિનાથ ભગવાન મોટા દેરાસરજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી કીર્તિભાઈ શ્રોફ, શ્રી મહેશભાઈ શ્રોફ તથા શ્રી જયંતિભાઈ માસ્તર હસ્તક છે.

સં૰ ૧૯૧૯માં કતારગામમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ મળે છે. તે સંદર્ભમાં જિનાલય **સં૰ ૧૯૧૯ પૂર્વે**ના સમયનું સ્પષ્ટપણે માની શકાય છે. સં૰ ૧૯૫૫માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો છે અને પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૧૯૫૫માં વૈશાખ સુદ ૧૩ને દિવસે થયેલી છે. સં૰ ૨૦૧૦માં જણાવ્યા મુજબ મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૩૬નો લેખ છે.

• • •

કતારગામ

૭૪. આદેશ્વર (લાડવા શ્રીમાળીનું) (સં૰ ૧૯૬૦)

કતારગામ બસ સ્ટેન્ડ પાસે મેઈન રોડ પર આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય લાડવા શ્રીમાળીના જિનાલય તરીકે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઓળખાય છે.

સં૰ ૨૦૪૨માં મહા વદ છઠને દિને આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં જિનાલયનો જીર્ણોદ્ધાર થયો છે.

જિનાલયમાં નીચેના ભાગમાં દીવાલો પાવાપુરી, ગિરનાર, સમેતશિખર, શત્રુંજય, ભદ્રેશ્વર, નાગેશ્વર પાર્શ્વનાથ, આદેશ્વર ભગવાનના પાંચે કલ્યાણક, બાર ભવ, મરુદેવામાતાને કેવળજ્ઞાન, ભરત બાહુબલી યુદ્ધ, બ્રાહ્મીસુંદરી, ભરત રાજાનું અરીસા ભુવનમાં કેવળજ્ઞાન – વિવિધ પટ-પ્રસંગોથી ખચિત છે.

શૃંગારચોકીમાં પ્રવેશવા બન્ને બાજુ પગથિયાં છે. અહીં શ્રી કુમુદચંદ્રસૂરિ મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિ તથા નાકોડા ભૈરવના ગોખ છે.

રંગમંડપમાં પદ્માવતીદેવી તથા ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિના ગોખ છે. રંગકામ થયેલું છે. ત્રણ ગર્ભદ્વાર છે. ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ એકવીસ આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા છે. ડાબી-જમણી બાજુ શ્રી મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. સીમંધરસ્વામી તથા ચંદ્રાનનસ્વામીની પ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં કટારગામમાં ગામ વચ્ચે શ્રી આદેશ્વરના આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયેલો છે. સં૰ ૧૯૬૨માં શા૰ મગનલાલ રાયચંદે જિનાલય બંધાવ્યું હોવાની નોંધ છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને કુલ પાંચ આરસપ્રતિમા તથા ત્રીસ ધાતુપ્રતિમા હતી.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૦માં શ્રી સિદ્ધિવિજયજી મહારાજની (પૂ૰ બાપજી મહારાજની) નિશ્રામાં મગનભાઈ રાયચંદના હસ્તે થઈ હોવાની નોંધ છે. ઉપરાંત વહીવટ શેઠ નાનચંદ કીકાભાઈ હસ્તક હોવાની તથા જિનાલય લાડવા શ્રીમાળીના દેરાસર તરીકે ઓળખાતું હોવાની નોંધ છે.

સં૰ ૧૯૯૬માં સૂર્યપુર રાસમાળામાં પણ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૦માં શ્રી સિદ્ધિસૂરિ(પૂ૰ બાપજી મહારાજ)ની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કતારગામ બજારમાં આવેલા આ જિનાલયને શિખરબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૦માં મગનલાલ રાયચંદે કરાવી હોવાની તથા વહીવટ ચંદુલાલ નગીનદાસ હસ્તક હોવાની નોંધ છે.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તર યાદીમાં પણ આ જિનાલયની પ્રતિષ્ઠા વિશે ઉપર્યુક્ત નોંધ મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાલ જિનાલયનો વહીવટ શ્રી લાડશ્રીમાળી જૈન જ્ઞાતિ પંચ, હરિપુરા મેઇન રોડના ટ્રસ્ટીઓ – શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ કાપડિયા, શ્રી દેવેન્દ્રભાઈ ગમનલાલ શાહ તથા શ્રી ભાવેશભાઈ ધનસુખલાલ ટોપીવાલા હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયની પ્રતિષ્ઠા **સં. ૧૯૬૦**માં થઈ છે. જિનાલયનું બાંધકામ સં. ૧૯૬૨માં પૂર્ણ થયું હોવાનો સંભવ છે.

• • •

પારસ સોસાયટી, કતારગામ

૭૫. મહાવીરસ્વામી (ઘરદેરાસર) (સં. ૨૦૫૨)

કતારગામમાં પારસ સોસાયટીમાં બી/૯ નંબરના ફ્લેટમાં ત્રીજે માળ શ્રી મહાવીર-સ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

આરસના બનેલા આ ઘરદેરાસરમાં ૨૧" ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામીની એક ધાતુમૂર્તિ છે. મૂળનાયક સપરિવાર પાલીતાણા-કદંબગિરિથી અહીં લાવેલ છે. પ્રતિષ્ઠા **સં. ૨૦૫૨**ને ચૈત્ર સુદ ૩ તા. ૧-૪-૯૬ને દિને આ. શ્રી ૐકારસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં શ્રી ચીમનલાલ ખૂબચંદ પરિવાર દ્વારા કરવામાં આવી છે.

હાલ વહીવટ શ્રી વર્ધમાન શ્વે. મૂ. પૂ. સંઘના ટ્રસ્ટીઓ – શ્રી મુક્તિલાલ શાંતિલાલ મહેતા, શ્રી શશીકાન્તભાઈ પ્રભુલાલ મોરવડીયા તથા શ્રી વાડીલાલ હેમજી દોશી હસ્તક છે.

• • •

ખોડિયાર કૃપા સોસાયટી, કતારગામ

૭૬. શીતલનાથ (ઘરદેરાસર) (સં. ૨૦૫૫)

કતારગામમાં આસોપાલવ એપાર્ટમેન્ટ સામે ખોડિયાર કૃપા સોસાયટીમાં ૧૦૮, પુંડરીક બંગલામાં શ્રી શીતલનાથનું ઘરદેરાસર આવેલું છે. આ ઘરદેરાસર શ્રી ધરણેન્દ્રભાઈ શીવલાલ શાહ પરિવારનું છે.

કોતરણીયુક્ત તોરણવાળા ગોખમાં ૯" ઊંચી શ્રી શીતલનાથની ધાતુપ્રતિમા બિરાજે છે. તેની પાછળની દીવાલે શત્રુંજય, ગિરિરાજનું આરસનું વિશિષ્ટ પરિકર છે. **સં. ૨૦૫૫**ના મહા સુદ ૧૧ તા. ૨૭-૧-૯૯ને બુધવારના દિને આ. શ્રી ચંદ્રોદયસૂરિ મ. સા., આ. શ્રી અશોકચંદ્રસૂરિ મ. સા. તથા આ. શ્રી સોમચંદ્રસૂરિની નિશ્રામાં શ્રી ધરણેન્દ્રભાઈ શીવલાલ શાહ પરિવારવાળા (ચાણસ્માવાળા) દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદનબાળા એપાર્ટમેન્ટ, કતારગામ

૭૭. વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં. ૨૦૫૫)

કતારગામમાં લુહાર ફળિયામાં ચંદનબાળા એપાર્ટમેન્ટમાં ૩૦૪નં.ના મકાનમાં શ્રી મુકેશભાઈ નગીનદાસ મણિયાર પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

૯'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ધાતુપ્રતિમાની અંજનશલાકા આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સા.ની નિશ્રામાં થયેલ છે. પ્રતિષ્ઠા **સં. ૨૦૫૫**માં વૈશાખ સુદ ૧૪ના દિને આ. શ્રી યશોવર્મસૂરિજી મ. સા.ની નિશ્રામાં થયેલી છે. મૂળનાયકની માત્ર એક ધાતુપ્રતિમા છે.

• • •

અઠવાગેટ

૭૮. શાંતિનાથ (સં. ૨૦૨૮)

અઠવાગેટ રોડ ઉપર શ્રી દલીચંદ વીરચંદ શ્રોફનું શ્રી શાંતિનાથનું સામરણયુક્ત ઘરદેરાસર આવેલું છે. ઘરદેરાસરની બાંધણી જિનાલય જેવી જ છે. અષ્ટકોણ આકારે આ ઘરદેરાસર બંધાયેલું છે.

પ્રતિષ્ઠા **સં. ૨૦૨૮**ના વૈશાખ વદ પાંચમે શ્રી દેવેન્દ્રસાગરજીની નિશ્રામાં કરવામાં આવી છે અને પ્રતિષ્ઠાનો લાભ રૂક્ષ્મણીબહેન દલીચંદ વીરચંદ શ્રોફે લીધો છે. વહીવટદાર શ્રી મહેશભાઈ અમીચંદ શ્રોફના જણાવ્યા અનુસાર આ ઘરદેરાસર છે. ટ્રસ્ટ બનાવેલ છે.

જિનાલયની ફરતે ગોખમાં મંગલમૂર્તિઓ છે. પ્રવેશચોકીના બહારના ભાગને પતરાથી ઢાંકી ગૂઢમંડપ જેવી રચના કરવામાં આવી છે. જિનાલયના રંગમંડપમાં પ્રવેશવા માટે ત્રણ દિશામાં કાષ્ઠના ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપ મધ્યમ કદનો છે. શત્રુંજય, રાણકપુર, પાવાપુરી, અષ્ટાપદ, આબુ તથા ગિરનાર – વિવિધ પટો છે. અહીં બે આરસપ્રતિમા છે.

એક ગર્ભદ્વાર છે. ૨૧'' ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા નયનરમ્ય છે. તેના પર સં. ૨૦૨૮નો લેખ છે. રંગમંડપની બે આરસપ્રતિમા ઉપરાંત ગભારામાં ત્રણ આરસપ્રતિમા – એમ કુલ પાંચ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે.

• • •

ગજજરવાડી, અઠવાગેટ

૭૯. શંખેશ્વર પાર્શ્વનાથ - મહાવીરસ્વામી (સં. ૨૦૫૫)

અઠવાગેટ ગજજરવાડીના એક ઉપાશ્રયમાં એક નાની રૂમમાં શ્રી મહાવીરસ્વામીની પીળા રંગની આરસપ્રતિમા પરોણાગત બિરાજે છે. મુલાકાત સમયે જિનાલય નિર્માણનું કાર્ય ચાલુ હતું.

૨૭'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની રાતા-પીળા આરસની પ્રતિમા વિશિષ્ટ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુલ દસ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. સં૰ ૨૦૪૩ના માઘ સુદ ૩ના દિને હંસાબહેને શ્રેષ્ઠી હરકીશનદાસના પુત્ર ચંપકલાલના આત્મશ્રેયાર્થે શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરિ દ્વારા અંજનશલાકા માટે ક્ષત્રિયકુંડ તીર્થમાં બિરાજમાન કરાવ્યાનો લેખ મૂળનાયક પ્રતિમા પર છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૫**ના વૈશાખ સુદ ૭ના રોજ આ૰ શ્રી યશોવર્મસૂરિજીની નિશ્રામાં થઈ છે. શિખરબંધી જિનાલયમાં ભોંયતળિયે શંખેશ્વર પાર્શ્વનાથ તથા પહેલે માળ મહાવીરસ્વામી બિરાજે છે.

• • •

દિવાળીબાગ સોસાયટી, અઠવાગેટ

૮૦. આદેશ્વર

અઠવાગેટ, દિવાળીબાગ સોસાયટીના ઉપાશ્રયમાં શ્રી આદેશ્વરની પ્રતિમા પરોણાગત છે. ઉપરના માળે ઉપાશ્રય છે અને નીચે આયંબિલ શાળા છે. નાની રૂમમાં આરસની નાની પાળી પર મૂળનાયક શ્રી આદેશ્વરની ૯" ઊંચી આરસપ્રતિમા બિરાજે છે. તેના પર વીર સં૰ ૨૪૮૦નો લેખ છે. કુલ એક આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. બાજુમાં એક રૂમમાં માણિભદ્રવીર છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ, નાનપુરાના ટ્રસ્ટીઓ – શ્રી માણેકચંદ નાનાચંદ શાહ, શ્રી સુરેન્દ્રભાઈ નેમચંદ શાહ તથા શ્રી કીર્તિલાલ છગનલાલ શેઠ હસ્તક છે.

સ્થાનિક માહિતી પ્રમાણે આશરે ૭-૮ વર્ષ પહેલાં નવાપુરાના જિનાલયમાંથી આ પ્રતિમા અત્રે લાવી પરોણાગત રાખવામાં આવ્યા છે જેની વિધિસર પ્રતિષ્ઠા કરવામાં આવી નથી.

• • •

લાલબંગલા, અઠવાલાઈન્સ

૮૧. આદેશ્વર (સં૰ ૧૯૬૦)

અઠવાલાઈન્સ વિસ્તારમાં લાલબંગલાના વિશાળ સંકુલમાં આરસનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે.

જિનાલયને ફરતે મોટો કોટ છે. બગીચા વચ્ચે શેઠ શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરીનું સ્ટેચ્યુ છત્રીમાં મૂકવામાં આવ્યું છે. પાસે ઉપાશ્રય અને આયંબિલશાળા છે.

જિનાલયના પ્રવેશદ્વારની આજુબાજુ વાઘનાં શિલ્પો છે. શૃંગારચોકીમાં સ્થંભો પર કોતરણીયુક્ત કમાનો તથા વાજિંત્રો વગાડતાં નારીશિલ્પો છે. પગથિયાં પાસે દીવાલે જિનાલયની પ્રતિષ્ઠા અંગેનો એક લેખ છે. પ્રવેશદ્વાર પાસેના સ્થંભો પર દ્વારપાલનાં બે શિલ્પો છે તેમના પર પણ 'પ્રતિષ્ઠા ૧૯૬૦ વઈસાક સુદ ૧૦' – એ મુજબનું લખાણ છે. દ્વારની ઉપરની દીવાલે લક્ષ્મીદેવી અને આજુબાજુ હાથીનાં શિલ્પો કંડારેલા છે.

રંગમંડપ મોટો છે. સ્થંભો પર આરસનું રંગીન છીપકામ તથા કપચીકામ (અકીકનું કામ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અદ્‌ભુત છે. સ્થંભો તથા ઘુમ્મટમાં વાજિંત્ર સહિત પૂતળીઓનાં શિલ્પો છે. પ્રવેશદ્વાર પાસે આજુબાજુના ગોખમાં શેઠ શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી તથા શેઠાણી મોતીકુંવરબાની આરસમૂર્તિઓ છે. જમણી બાજુ ગોખમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની આરસપ્રતિમા પરોણા છે. ફરસ પર આરસમાં કપચીકામ, છીપકામવાળી કોતરણી સુંદર છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૩૭" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા મનોહર છે. ડાબા ગભારે શ્રી અજિતનાથ તથા જમણા ગભારે શ્રી આદેશ્વર છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા બાર ધાતુપ્રતિમા છે. પ્રતિમા કલાત્મક કોતરણીવાળી છત્રીમાં બિરાજે છે. મૂળનાયકની પાછળની દીવાલે આરસમાં સોનેરી રંગની પૂરવણી કરેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં લાઇન્સ વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયો છે. ઝવેરી ફૂલચંદ કલ્યાણચંદે જિનાલય બંધાવ્યું હોવાની નોંધ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા બાર ધાતુપ્રતિમા હતી. આજે પણ પ્રતિમાસંખ્યા યથાવત્ છે. **સં૰ ૧૯૬૩**માં જિનાલયની સ્થિતિ સારી હતી તથા **દેરાસર જોવાલાયક છે** તેવી વિશેષ નોંધ છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં તથા **સં૰ ૧૯૮૪**માં **સુરતની જૈન ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં તથા **સં૰ ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં પણ આ જિનાલય શેઠ ફૂલચંદ કલ્યાણચંદે બંધાવ્યું હોવાની નોંધ છે. અહીં અદ્‌ભુત અકીકકામ હોવાની તથા જિનાલય ૨૦મી સદીના કળાના ઉત્તમ નમૂનારૂપ હોવાની વિશેષ નોંધ છે. ઉપરાંત જિનાલયમાં સં૰ ૧૬૮૨ના લેખવાળી બે આરસપ્રતિમા હોવાનો ઉલ્લેખ છે. આ પ્રતિમા અમદાવાદના સુપ્રસિદ્ધ શ્રી શાંતિદાસની માતા અને પત્નીએ ક્રમથી તૈયાર કરાવી હતી અને આ૰ શ્રી વિજયદેવસૂરિના સમયે મહો૰ વિવેકહર્ષગણિના શિષ્ય મુક્તિસાગરગણિની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ હતી. આ પ્રતિમા પરના લેખ નીચે મુજબ છે :

(૧) સંવત ૧૬૮૨ વર્ષે જેઠ વદિ ૯ ગુરુવાસરે અહિમદાવાદ નગર વાસ્તવ્ય શ્રી ઓશવાલજ્ઞાતીય સા૰ અસહરૂકરણ ભાર્યા રાબાઈ કુંઅરી નામન્યા શ્રેયાર્થે શ્રી મુનિસુવ્રતસ્વામી બિંબં કરિતં શા૰ શાંતિદાસ કારિતં પ્રતિષ્ઠાવિતં પ્રતિષ્ઠિતં શ્રી તપાગચ્છે ભટ્ટારક શ્રી વિજયસેન-સૂરીશ્વર પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિ પાટકે મહોપાધ્યાય શ્રી મુક્તિસાગરગણિભિઃ

(૨) સંવત ૧૬૮૨ વર્ષે જ્યેષ્ઠ વદિ ૯ ગુરૌ અહિમદાવાદ નગરે ઓશવાલજ્ઞાતીય સા૰ અસહરૂકરણ ભાર્યા શ્રી આદીનાથ બિંબં પ્રતિષ્ઠાપિતં ચ તપાગચ્છે મહોપાધ્યાય શ્રી મુક્તિસાગર.

ઉપરાંત જિનાલયનો લેખ હોવાની નોંધ છે જે નીચે મુજબ છે :

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

The Jain Shwetamber Temple

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Fulchand Kalyanchand. A.D. 1904

વિક્રમસંવત ૧૯૬૦ના વૈશાક સુદ ૧૦ સોમવાર. જૈન શ્વેતામ્બર મંદિર શા. ફૂલચંદ કલ્યાણચંદ વીર સંવત ૨૪૩૦.

બંદરમાં અઠવા ગામમાં લાઈન મધે ૭મા એડવર્ડના રાજ્યમાં શ્રી યુગાદિદેવની પ્રતિમા ઓસવાલ વંશમાં શા. લાલભાઈ પુત્ર કલ્યાણચંદ પુત્ર ફૂલચંદના કહેવાથી તેમની મોતીકુંવર ભાર્યાએ અને કંપનીવાળા શા. નગીનચંદ ઝવેરચંદે પોતાના કંપનીવાળા સાથે પં. ચતુરવિજયજી તથા પં. સિદ્ધિવિજયજીના હાથે પ્રતિષ્ઠા કરાવી.

જિનાલય પર સં. ૧૯૯૪માં મુનિ શ્રી દક્ષવિજયજીએ સ્તવન રચ્યું છે જે **સં. ૧૯૯૬**માં **સૂર્યપુર રાસમાળા**માં પૃ. ૨૮ પર આપવામાં આવેલ છે. તે સ્તવન નીચે મુજબ છે :

અઠવા (લાઈન્સ)મંડન શ્રી આદિજિન સ્તવનમ્

(મેરે મૌલા બુલાલો મદીને મુઝે ..... એ રાગ)

નાભિ-નંદન વંદન ભાવે કરો;
પૂજી આદિ જિણંદ આણંદ કરો. (અંચલી)

શેર – ગુજરાતના ગૌરવભર્યા, મશહૂર **સૂરત શહેર**ના;
શુભ પાદરે તાપી તીરે, શણગાર **અઠવા ગામ**ના;
આદિનાથ પ્રભુજીનું ધ્યાન ધરો. નાભિ. ૧

શેર – **નગીનચંદ** કેરી કંપની, આવી વસી શરૂઆતમાં;
જે લાઈન્સ પણ કહેવાય છે, તે ધામ અઠવા ગામમાં-
આદિ દેવાધિદેવની સેવ કરો. નાભિ. ૨

શેર – તે મોતિના રાજા તરીકે, કંપની જન વિસ્તરી;
ફુલચંદ જેવા ભાગ્યશાલી, ભાગીયાથી જય વરી-
વહે ચૈત્ય-સંસ્થાપન-ભાવ ઝરો. નાભિ. ૩

શેર – **ફુલચંદ કલ્યાણચંદ**ની, ઈચ્છાને આધીન પત્નીએ;
નૂતન જિનાલય થાપીયું, ઉલ્લાસથી નિજ લક્ષ્મીએ.
આદિ-મંદિર દર્શન નેહે કરો. નાભિ. ૪

શેર – શુભ વત્સરે વિક્રમ તણા, **ઓગણીસસોને સાઠમાં**
વૈશાખ શુદ દશમી દિને, કીધી પ્રતિષ્ઠા ઠાઠમાં-
કરી સુકૃત પુણ્ય ભંડાર ભરો. નાભિ. ૫

શેર – **શ્રી સિદ્ધિસૂરિજી** અને, **પન્યાસ ચતુરવિજય** ગણી;
શુભ હસ્તકે થઈ થાપના, ઋષભાદિ જિન બિંબો તણી-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી દર્શન વરી સુખ દુઃખ હરો. નાભિ૰ ૬

શેર – નગરશેઠ નામે **શાંતિદાસે**, જે ભરાવેલ તિગડુ;
શ્રી **આદિ-અર-સુવ્રત** તણું, મોહી રહ્યું જગ ચિતડું-
ભાવે ભક્તિ સુધારસ પાન કરો. નાભિ૰ ૭

શેર – વળી સંપ્રતિરાજા તણું, જિનબિંબ યુગલ શોભતું;
શુભકાંતિથી દર્શન થકી, આનંદ મંગલ અર્પતુ-
સેવી આનંદ મંગલ રંગે વરો. નાભિ૰ ૮

શેર – ખુબ ઠાઠથી પ્રભુ ભક્તિ પૂજા, સ્વામિવત્સલ થાય છે;
પ્રતિ વર્ષમાં ઉમંગથી, વાર્ષિક દિન ઉજવાય છે-
ગાઈ જિનગુણ નિજગુણ- લક્ષ્મી વરો; નાભિ૰ ૯

શેર – સ્થાનિક સંઘે ઊજવ્યો, **ઓગણીસસો ચોરાણુંમાં**,
વાર્ષિક ઉત્સવ રંગથી, પ્રભુ ભક્તિ કેરા તાનામાં;
પ્રભુ ભક્તિ કરી ભવિ મુક્ત વરો. નાભિ૰ ૧૦

શેર – વાદિ-કરિ-કુલ-કેસરિ, લાવણ્યસૂરીશ્વરજીએ;
મહોત્સવ પ્રસંગે ભાગ લીધો, જયન્ત-દક્ષ-સુશીલ એ.
ભવ? જિન ઉત્સવશું રંગ ધરો. નાભિ૰ ૧૧

શેર – શ્રી આદિ જિન મૂર્તિ તરી, સંસાર સાગર તારતી;
વીતરાગ ભાવ બતાવતી, શાંતિ સુધા પીવરાવતી.
એવી મૂર્તિ સેવી શિવશર્મ વરો. નાભિ૰ ૧૨

શેર – જસ મૂર્તિ ઇચ્છિત વસ્તુને, ચિંતામણી પરે પૂરતી;
અજ્ઞાન ઘન તમ પડલને, રવિ કાંતિ સમ જે ચૂરતી-
એવા સુરેંદ્ર સેવિત સ્વામી કરો. નાભિ૰ ૧૩

શેર – આદિ નરેશ્વર તે પ્રભુ, આદિ મુનીશ્વર છે સહી;
આદિ જિનેશ્વર જે વિભુ, છે આદિ તીર્થપતિ મંહી-
યુગા-દીશ શરણ પુણ્યવંત ધરો. નાભિ૰ ૧૪

શેર – તપગચ્છનાયક નેમિસૂરિ-રાય પટ્ટપ્રભાકરો;
શ્રીમદ્વિજય લાવણ્યસૂરિ-પાદ પંકજ મધુકરો.
કહે **દક્ષવિજય** ભજો આદીશ્વરો. નાભિ૰ ૧૫

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયો છે. તે સમયે કુલ પાંચ આરસપ્રતિમા, બાર ધાતુપ્રતિમા તથા શેઠ-શેઠાણીની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આરસમૂર્તિઓ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ છોટુભાઈ હીરાચંદ હસ્તક હતો. તથા સં૰ ૧૯૬૦માં ફૂલચંદ કલ્યાણચંદે જિનાલય બંધાવ્યું હોવાની નોંધ છે.

સં૰ ૨૦૨૩માં સુરતનાં જિનાલયોની સવિસ્તાર યાદીમાં આ જિનાલય શહેર બહાર લગભગ દોઢ માઈલે આવેલું હોવાની નોંધ છે. પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૦ વૈશાખ સુદ ૧૦ શેઠ ફૂલચંદ કલ્યાણચંદના ધર્મપત્ની બાઈ મોતીકોર તથા મંછુભાઈ તલકચંદે શ્રી સિદ્ધિસૂરિ મ૰ સા૰ની (બાપજી મહારાજની) નિશ્રામાં કરાવી હોવાની નોંધ છે. **સં૰ ૨૦૨૩**માં વહીવટ શેઠ ગુલાબચંદ બાબુભાઈ ઝવેરી હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટના ટ્રસ્ટી – શ્રી હેમેન્દ્રભાઈ રમણીકલાલ શાહ હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૧૯૬૦**નો છે.

• • •

લાલબંગલા, અઠવાલાઈન્સ

૮૨. વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૬)

અઠવાલાઈન્સ વિસ્તારમાં લાલબંગલા મોટા દેરાસર સામે, અંજનશલાકા ફ્લેટમાં ભોંયતળિયે જગદીશભાઈ મણિભાઈ શાહ પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

૨૧'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૬** માગશર સુદ ૫ સોમવારે તા૰ ૧૩-૧૨-૯૯ના દિને આ૰ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજીની નિશ્રામાં થયેલ છે. કુલ એક આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. માણિભદ્રવીર તથા ગૌતમસ્વામીની મૂર્તિ છે.

• • •

લાલબંગલા, અઠવાલાઈન્સ

૮૩. નમિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૫)

લાલબંગલા અઠવાલાઈન્સ વિસ્તારમાં નવકૃતિ સામે કંચનગીરી એપાર્ટમેન્ટમાં ૫મે માળ શ્રી મનુભાઈ બબલદાસ શાહ પરિવારનું શ્રી નમિનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૫** ફાગણ વદ ૯ને તા૰ ૧૧-૩-૯૯ના રોજ શ્રી જગવલ્લભવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૧૧'' ઊંચી મૂળનાયક શ્રી નમિનાથની એક આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષ, અઠવાલાઈન્સ

૮૪. વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૬)

અઠવાલાઈન્સ વિસ્તારમાં સીટી લાઈટ પ્લાઝા શોપીંગ સેન્ટર સામે, ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષમાં સી/૩૦૩ નં૰ના ફ્લેટમાં શ્રી રાજેશભાઈ વિજયકાંતભાઈ શ્રોફ પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

૩૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની આરસપ્રતિમા માંડવગઢથી લાવેલ છે. ચલપ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૬**માં શ્રી રત્નસુંદરવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. એક આરસ-પ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામી, પદ્માવતીદેવી તથા માણિભદ્રવીરની આરસ-મૂર્તિઓ છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૭ ચૈત્ર વદ ૧૧ ગુરુવારે તા૰ ૧૯-૪-૨૦૦૧ના રોજ થવાની છે.

• • •

આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ

૮૫. આદેશ્વર (સં૰ ૨૦૪૬)

અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલ આદર્શ સોસાયટીના આદેશ્વર એપાર્ટમેન્ટના ઉપાશ્રયમાં શ્રી આદેશ્વરની ૯" ઊંચી પ્રાચીન પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. બાજુમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૨૦૫૧ના ચૈત્ર વદ પાંચમના દિને માંડવગઢ તીર્થે શ્રી અશોકસાગરસૂરિની નિશ્રામાં કુસુમબહેન દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. અહીં બે આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

સં૰ ૨૦૫૪માં **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ જિનાલય શ્રી રતિલાલ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટે હ૰ ભરતભાઈ તરફથી બંધાવેલ હોવાની નોંધ છે. પ્રતિષ્ઠા પૂ૰ પં૰ શ્રી જગવલ્લભ-વિજયજીની(હાલ આચાર્ય) નિશ્રામાં થઈ છે. ચલ પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૬**ના આસો સુદ ૫ની છે. – તે મુજબની નોંધ છે.

વહીવટદાર તરીકે શ્રી રતિલાલ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી ભરતભાઈ રતિલાલ શાહ, શ્રી વસંતલાલ મગનલાલ ચોકસી, શ્રી જિતેન્દ્રભાઈ બાબુભાઈ શાહ તથા શ્રી જયવદન બાબુભાઈ જરીવાલા સેવાઓ આપે છે.

• • •

અમીઝરા એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ

૮૬. વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૫૧)

અઠવાલાઈન્સ રોડ પર અમીઝરા એપાર્ટમેન્ટના પાછળના ભાગમાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલય નાનું અને સુંદર છે. રંગમંડપ નાનો છે. દીવાલે ટાઈલ્સ છે. ગભારાનેં ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. માણિભદ્રવીર તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિના ગોખ છે.

એક ગર્ભદ્વાર છે. ૨૭" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૫૧ના ફાગણ સુદ ૨ના રોજ અશોકસાગરસૂરિ દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. મૂળનાયકની પાછળની દીવાલે ભામંડલ(પરિકર)ની સુંદર રચના છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. મૂળનાયકની ડાબી બાજુ પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૨૦૫૧નો લેખ છે. જમણી બાજુ ૩૧" શાંતિનાથની પ્રતિમા છે જે વિઠોડા ગામના સંઘે અત્રે બિરાજમાન કરાવેલ છે. પ્રતિમા સંપ્રતિ મહારાજના સમયની હોવાની જાણવા મળ્યું છે જો કે પ્રતિમા પર કોઈ લેખ નથી.

જિનાલયનો વહીવટ શ્રી અમીઝરા જૈન રીલીજીયસ ટ્રસ્ટ – શ્રી નવીનભાઈ મફતલાલ માસ્તર તથા શ્રી હરગોવિંદભાઈ રાયજીભાઈ મહેતા હસ્તક છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૧**ના ફાગણ સુદ ૨ તા૰ ૩-૩-૧૯૯૫ના દિને શ્રી અશોકસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી છે. પ્રતિષ્ઠાનો લાભ શ્રી નવીનભાઈ એમ૰ માસ્તરે પરિવારે લીધો હતો.

• • •

અમીઝરા એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ

૮૭. સંભવનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૬)

અઠવાલાઈન્સ રોડ પર ટેનીસ ક્લબની બાજુમાં અમીઝરા એપાર્ટમેન્ટમાં બીજે માળ ૨૦૪ નં૰ના ફ્લેટમાં શ્રી વિનોદભાઈ શાહ પરિવારનું શ્રી સંભવનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૬**માં માગશર સુદ ૩ને દિને આ૰ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૯" ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

સમકિત બંગલોઝ, અઠવાલાઈન્સ

૮૮. શીતલનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૪)

અઠવાલાઈન્સ વિસ્તારમાં અશ્વિન મહેતા પાર્ક સામે આવેલ સમકિત બંગલોઝમાં શ્રી ધનસુખભાઈ બી૰ શાહ પરિવારનું શ્રી શીતલનાથનું ઘરદેરાસર આવેલું છે. તે ઉપરના માળે એક રૂમમાં છે.

મૂળનાયક શ્રી શીતલનાથની ૯" ઊંચી પંચધાતુપ્રતિમાની અંજનશલાકા **સં૰ ૨૦૪૪**માં શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ના હસ્તે કરવામાં આવેલી છે. ઉપરાંત અઢાર અભિષેક કરેલ શ્રી જીરાવલા પાર્શ્વનાથની શ્યામ આરસપ્રતિમા મૂળનાયકની જમણી બાજુ બિરાજે છે. મૂળનાયક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સપરિવાર આરસની ઘુમ્મટયુક્ત છત્રીમાં બિરાજમાન છે. વૈશાખ સુદ ૧૦ને દિને છત્રી પર ધજા ચડે છે.

• • •

દીપમંગલ સોસાયટી, અઠવાલાઈન્સ

૮૯. વિમલનાથ (સં૰ ૨૦૪૯)

અઠવાલાઈન્સ, ઉમરા પોલીસ સ્ટેશનની સામે દીપમંગલ સોસાયટીમાં પ્રવેશતાં સન્મુખ આરસનું બનેલું શ્રી વિમલનાથનું જિનાલય આવેલું છે. નીચે ઉપાશ્રય તથા ઉપર જિનાલયની રચના છે.

જિનાલયના દાદર પાસે એક લેખ છે જે નીચે મુજબ છે :

શ્રી જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ।

દીપમંગલ સોસાયટી શ્રી વિમલ જિનપ્રાસાદ

શ્રી દીપમંગલ સોસાયટી ચેરીટેબલ ટ્રસ્ટ નિર્મિત આ જિનાલયમાં મૂળનાયક શ્રી વિમલનાથ આદિ પાંચ જિનબિંબોની પ્રતિષ્ઠા વિ૰ સં૰ ૨૦૪૯ માગશર સુદ ૧૦ શુક્રવાર તા૰ ૪-૧૨-૧૯૯૨ના શુભ દિવસે મંગલ મુહૂર્તે પરમ ભાવોલ્લાસ સાથે થયેલ છે.

પાવન નિશ્રા

સુવિશુદ્ધ સંયમી પૂ૰ આ૰ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ૰ સા૰ના પ્રશિષ્યરત્ન અધ્યાત્મયોગી પૂ૰ આ૰ શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ૰ સાહેબ આદિ વિશાળ સ૰ પરિવાર

પ્રતિષ્ઠાનો લાભ શ્રીમતી ધાપુબહેન મફતલાલ માસ્તર પરિવારે લીધો હતો.

કાષ્ઠનું એક પ્રવેશદ્વાર છે. આજુબાજુ બારીઓ છે. રંગમંડપ સાદો, સુંદર અને મધ્યમ કદનો છે. સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવી છે. સિદ્ધચક્ર, ગિરનાર, શત્રુંજય, વીસ સ્થાનક યંત્ર વગેરે રંગકામયુક્ત નાના પટ છે.

ગભારો નાનો છે. ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. ૧૭'' ઊંચી મૂળનાયક શ્રી વિમલનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા પર નીચે મુજબ લેખ છે :

'નેમિ સં૰ ૪૩ વર્ષે માઘ ધવલ પંચમ્યા સ્વસ્તિ શ્રી વિમલનાથ જિનબિંબ સૂર્યપૂરે આઠવા લાઈન્સ વિભાગે શ્રી દીપમંગલ સોસા૰ ટ્રસ્ટ નવરંગપુરામંડલ શ્રી મુનિસુવ્રત રીલીજીયસ ટ્રસ્ટે તિ નામના જૈન શ્રી સંઘેન શ્રી સંઘ શ્રેયસે કા૰ પ્ર૰ ચ મુનિ અજીતચંદ્ર .....'

મૂળનાયક સપરિવાર શિખરયુક્ત આરસની છત્રીમાં બિરાજે છે. આ છત્રીના શિખર પર ધજા ચડાવાય છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. જમણે ગભારે શ્રી શીતલનાથ તથા ડાબે ગભારે શ્રી આદેશ્વર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી દીપમંગલ જૈન રીલીજીયસ ટ્રસ્ટે આ જિનાલય બંધાવેલ છે. વહીવટદાર તરીકે શ્રી જયંતિભાઈ મફતલાલ શાહ, શ્રી નવીનભાઈ મફતલાલ શાહ તથા શ્રી સુમતિલાલ મણિલાલ શાહ હસ્તક છે. શ્રી જયંતિભાઈના જણાવ્યા અનુસાર મૂળનાયક પ્રતિમા શત્રુંજય ડેમ પરથી અત્રે પધરાવી હતી તથા અંજનશલાકા નવરંગપુરાના શ્રી મુનિસુવ્રતસ્વામીના જિનાલયમાં આ૦ શ્રી ચંદ્રોદયસૂરિ મ૦ સા૦ની નિશ્રામાં થઈ હતી.

• • •

સિદ્ધચક્ર એપાર્ટમેન્ટ, પાર્લે પોઈન્ટ

૯૦. કુંથુનાથ (સં૦ ૨૦૫૪)

ઉમરા જકાતનાકા, ઇચ્છાનાથ રોડ પર પાર્લે પોઈન્ટ નજીક આવેલા સરગમ શોપિંગ સેન્ટર કોમ્પ્લેક્ષ, સિદ્ધચક્ર એપાર્ટમેન્ટમાં રોડ ઉપર શ્રી કુંથુનાથ ચૌમુખજીનું પીળા આરસનું, ભોંયરાયુક્ત શિખરબંધી નૂતન જિનાલય આવેલું છે. મુલાકાત સમયે જિનાલયમાં કામ ચાલુ હતું. ભોંયરામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા બિરાજે છે.

પગથિયાં પાસે બે દ્વારપાલનાં શિલ્પો છે. પાસે જ બન્ને બાજુ નીચે ભોંયરામાં જવા માટેનાં પગથિયાં તથા દ્વાર છે. શ્રી કુંથુનાથના જિનાલયમાં ત્રણ સાદી કાષ્ઠકોતરણીવાળા પ્રવેશદ્વાર છે.

રંગમંડપ વિશાળ છે. પ્રવેશદ્વાર પાસે ડાબી બાજુ ગોખમાં શ્રી વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ ગોખમાં ધર્મનાથ છે. અન્ય બે ગોખ પૈકી ડાબી બાજુ ગોખમાં મુનિસુવ્રતસ્વામી તથા જમણી બાજુ ગોખમાં આદેશ્વર છે. ગર્ભદ્વાર પાસે સામસામે ગોખમાં જીરાવલા પાર્શ્વનાથ તથા શત્રુંજય પાર્શ્વનાથ છે. રંગમંડપની જમણી બાજુ દેવકુલિકામાં માણિભદ્રવીર તથા ડાબી બાજુ દેવકુલિકામાં મહાલક્ષ્મીમાતા બિરાજમાન છે.

ગભારામાં શ્રી કુંથુનાથ, શ્રી સુમતિનાથ, શ્રી મહાવીરસ્વામી અને શ્રી શાંતિનાથ – ચૌમુખજી પ્રતિમા બિરાજે છે જે પૈકી શ્રી કુંથુનાથની પ્રતિમા ૩૧" ઊંચી છે. આ ચારેય પ્રતિમા પાછળ રંગકામયુક્ત ભામંડલની (પરિકરની) રચના છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. ચૌમુખજીની ચારેય પ્રતિમા પર સં૦ ૨૦૫૪ના માગશર સુદ પને દિને આ૦ શ્રી અરવિંદસૂરિ, શ્રી યશોવિજયસૂરિ તથા શ્રી અભયશેખરસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા થયાનો લેખ છે. મૂળનાયક શ્રી કુંથુનાથની પ્રતિમા શ્રી ચંદુલાલ કકલચંદ પરીખ પરિવાર દ્વારા પ્રતિષ્ઠિત થયેલ છે. તેના પર નીચે મુજબ લેખ છે :

શ્રી સિદ્ધિ-વિનયપ્રભ-જનક-વિલાસ-ૐકાર સૂરિભ્યો નમઃ ।

વિ૦ સં૦ ૨૦૫૪ માર્ગ૦ શુ૦ ૫ ગુરુવાસરે શુભલગ્ને શ્રી ઉમરા શ્વે૦ મૂ૦ સંઘ મધ્યે (સૂરત) શ્રી કુંથુનાથ ચૈત્યે ઇદં શ્રી કુંથુનાથ જિનબિંબે કારાપિતં શ્રી વડાવલી નિવાસી ચંદુલાલ ધ..પ.. કાંતાબેન સુપુત્ર જિતેન્દ્રભાઈ, ધીરુભાઈ, ભૂપેન્દ્ર, જસુભાઈ પૂ૦ વ૦ ભારતી, વર્ષાબેન, અરૂણા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીતા શાહ તથા સરગમ પરિવાર .... દિનેશચંદ્ર, ચંદુલાલ, મેનાબેન, લવજીભાઈ, રેખાબેન, કરસનભાઈ, હીરાબેન, મજિભાઈ વડગામ વાસ્તવ્ય શ્રી પ્રેમચંદભાઈ મોહનલાલ ..... આદિ પ્રતિષ્ઠિતમ્ ।

ભોંયરામાં રંગમંડપ વિશાળ છે. જમણી તથા ડાબી બાજુ ગોખમાં પુંડરીકસ્વામી તથા ગૌતમસ્વામીની કમળ પર બિરાજમાન આરસમૂર્તિ છે. અહીં હવાની અવરજવર માટેની બારીઓની રચના છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી ભોમતીની રચના છે. ભોમતીમાં પ્રવેશતાં સામે જ ધરણેન્દ્રયક્ષનો ગોખ તથા ડાબી બાજુ પદ્માવતીદેવીનો ગોખ છે.

એક ગર્ભદ્વાર છે. મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ૪૧" ઊંચી પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

શ્રી સિદ્ધિ-વિનયપ્રભ-જનક-વિલાસ-ૐકાર સૂરિભ્યો નમઃ ।

વિ॰ સં॰ ૨૦૫૪ માર્ગ સુદ ૫ ગુરુવાસરે શુભલગ્ને શ્રી ઉમરા શ્વે॰ મૂ॰ પૂ॰ સંઘ (સૂરત) મધ્યે શ્રી કુંથુનાથ ચૈત્યે ઇદં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનબિંબ કારાપિતં ..... પિતા રતનચંદ ... માતુશ્રી બિમલાબેન આત્મશ્રેયાર્થે સુપુત્ર રમેશભાઈ પુ॰ વ॰ સાધનાબેન રીદ્ધિ, રાકેશ, સમીર પૌત્ર દીપ્તિ, સમીષા પ્રપૌત્ર ઋચિલ પ્રપૌત્રી નિકીતા જવેરી પરિવાર પ્રતિષ્ઠિત ચ તપાગચ્છીય આ॰ પૂ॰ શ્રી ૐકારસૂરીશ્વર પટ્ટધર પૂ॰ આ॰ શ્રી વિ॰ અરવિંદસૂરિ, આ॰ શ્રી યશોવિ॰ સૂ॰ આ॰ શ્રી મુક્તિચંદ્રસૂરિ પ્ર॰ શ્રી જયાનંદ વિ॰ મુ॰ જિનચંદ્ર વિ॰ મુ॰ .....

જિનાલયમાં રંગમંડપમાં છ આરસપ્રતિમા તથા ગભારામાં મૂળનાયક શ્રી કુંથુનાથ, શ્રી સુમતિનાથ, શ્રી મહાવીરસ્વામી અને શ્રી શાંતિનાથની એક ચૌમુખી પ્રતિમા મળી કુલ સાત આરસપ્રતિમા અને નીચે ભોંયરામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની માત્ર એક આરસપ્રતિમા મળીને કુલ આઠ આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી ઉમરા શ્વે॰ મૂ॰ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી બાબુલાલ કાળીદાસ મહેતા, શ્રી ચંપાલાલજી મંછાલાલજી, શ્રી ભરતભાઈ શાહ તથા ડૉ॰ દિનેશભાઈ શાહ સેવાઓ આપે છે.

સં॰ ૨૦૫૪માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ જિનાલયની ખનન શિલા સ્થાપન પ॰ પૂ॰ આ॰ શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ॰ સા॰ની નિશ્રામાં તથા પ્રતિષ્ઠા પ॰ પૂ॰ આ॰ શ્રી યશોવિજયસૂરિજી મ॰ સા॰ની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે.

• • •

કેશવજ્યોત, અઠવાલાઈન્સ

૯૧. પદ્મપ્રભુસ્વામી (ઘરદેરાસર) (સં॰ ૨૦૫૬)

અઠવાલાઈન્સ વિસ્તારમાં કેશવજ્યોત એપાર્ટમેન્ટમાં ૬ઠે માળ ૪૦૩ નં॰ના ફ્લેટમાં શ્રી ચીનુભાઈ દોશી પરિવારનું શ્રી પદ્મપ્રભુસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની એક માત્ર ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૬ માગશર સુદ ૭ના દિને શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ૰ સા૰ના ઉપદેશથી થયેલ છે.

• • •

કેશવજ્યોત, અઠવાલાઈન્સ

૯૨. મુનિસુવ્રતસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૬)

અઠવાલાઈન્સ વિસ્તારમાં કેશવજ્યોત એપાર્ટમેન્ટમાં ૮મે માળ ૬૦૧ નં૰ના ફ્લેટમાં શ્રી દીપકભાઈ શાહ પરિવારનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

૯" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની એક માત્ર ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૬માં માગશર સુદ ૭ના દિને શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ૰ સા૰ના ઉપદેશથી થયેલ છે.

• • •

પ્રતિષ્ઠા કોમ્પ્લેક્ષ, ઘોડદોડ રોડ

૯૩. સીમંધરસ્વામી (સં૰ ૨૦૫૦)

અઠવાલાઈન્સ, અંબિકા નિકેતન રોડ પર આવેલ એક્સપરીમેન્ટલ સ્કૂલની બાજુમાં પ્રતિષ્ઠા કોમ્પ્લેક્ષમાં શ્રી સીમંધરસ્વામીનું જિનાલય આવેલું છે.

બાંધણી ઘરદેરાસર જેવી છે. શ્રી મણિલાલ ડાહ્યાભાઈ પરિવાર તથા શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ પરિવારે સાધ્વીજી શ્રી નયપૂર્ણાશ્રીજી તથા સાધ્વીજી શ્રી પૂર્ણપ્રભાશ્રીજીની પ્રેરણાથી સં૰ ૨૦૫૦ ચૈત્ર વદ ૭ને તા૰ ૨-૫-૧૯૯૪ના દિને આ જિનાલય બંધાવી આ૰ શ્રી યશોવર્મસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવેલ છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની પ્રતિમા સપરિવાર ધજાયુક્ત આરસની છત્રીમાં બિરાજમાન છે. કુલ ચાર આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે.

વહીવટ શ્રી ચીમનલાલ મણિલાલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી જગદીશભાઈ મણિલાલ શાહ, શ્રી સંજયભાઈ બિપીનચંદ્ર શાહ, શ્રી મીતુલભાઈ જગદીશભાઈ શાહ તથા શ્રી સુનીલભાઈ બિપીનચંદ્ર શાહ હસ્તક છે.

• • •

રોયલ પેલેસ, ઘોડદોડ રોડ

૯૪. શીતલનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૨)

ઘોડદોડ રોડ પર અગ્રવાલ સમાજની સામે આવેલ રોયલ પેલેસમાં ૭મે માળ ૭૦૧ નં૰ના ફ્લેટમાં શ્રી પપ્પુભાઈ (પ્રવીણભાઈ) મહાસુખભાઈ વડેચા પરિવારનું શ્રી શીતલનાથનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘરદેરાસર આવેલું છે.

ગૃહમંદિર નાનું, સુંદર છે. મકરાણાથી લાવેલ શ્રી સિદ્ધચક્ર મહાયંત્રનો આરસનો પટ છે. આજુબાજુ ઘુમ્મટ અને મધ્યે શિખરની રચનાવાળી આરસની છત્રીમાં સિંહાસન પર મૂળનાયક શ્રી શીતલનાથની ૭'' ઊંચી સપરિકર ધાતુપ્રતિમા બિરાજે છે. અન્ય એક ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામીની નાની આરસમૂર્તિ છે. મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમા રાધનપુરની કડવામતીની શેરીના જિનાલયમાંથી લાવીને અત્રે પ્રતિષ્ઠિત કરેલ છે. તેના પર 'સં૰ ૧૭૬૯ ..... રાધનપુર નગરે ..... જ્ઞાનવિમલસૂરિ .....' મુજબનું લખાણ વાંચી શકાય છે.

આ ઘરદેરાસરની પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૨માં જેઠ સુદ ૧૨ ગુરુવારના દિને શ્રી અશોકસાગર મહારાજની (હાલ આચાર્ય) નિશ્રામાં શ્રી પપ્પુભાઈ (પ્રવીણભાઈ) મહાસુખલાલ વડેચા તથા તેમના ધર્મપત્ની શ્રીમતી દીપ્તીબહેન પ્રવીણભાઈ વડેચા દ્વારા કરવામાં આવી છે.

• • •

ગેલેક્ષી એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ

૯૫. મહાવીરસ્વામી (સં૰ ૨૦૫૩)

ઘોડદોડ રોડ પર આવેલ ઈન્દોર સ્ટેડિયમની સામે ગેલેક્ષી એપાર્ટમેન્ટની ગગનચુંબી ઈમારતોની વચ્ચે આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું ધાબાબંધી નૂતન જિનાલય આવેલું છે.

સં૰ ૨૦૫૪માં પ્રકટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'૨૦૦૦ વર્ષ પ્રાચીન સંપ્રતિકાલીન શ્રી મહાવીરસ્વામીજી આદિ ત્રણ જિનબિંબો તથા સિદ્ધાયિકામાતાની મૂર્તિ શ્રી શંખેશ્વર તીર્થથી ૨૫ કિ૰ મી૰ દૂર આવેલા કુંવર ગામમાંથી શ્રી સંઘના સૌભાગ્યથી મળ્યા છે.'

એક પ્રવેશદ્વાર છે. તેની બારસાખની ઉપરની દીવાલે દેવી, હાથીનાં શિલ્પો તથા કોતરણીયુક્ત કમાનો છે. બન્ને બાજુ ઘુમ્મટયુક્ત ઝરૂખાવાળી બારીઓ છે. તેની નીચેની દીવાલે હાથીનાં નાનાં શિલ્પો ઉપસાવેલાં છે.

મધ્યમ કદનો, સાદો રંગમંડપ છે. સિદ્ધાયિકાદેવીનો ગોખ છે. જિનાલયમાં એક લેખ છે જે નીચે મુજબ છે :

અખંડ ભારત વર્ષે પ્રજાસત્તાક ગણતંત્રે ગુજરાત દેશે સુરત નગરે શ્રી વીરશાસન મધ્યે ૭૩મી શ્રી સુધર્માસ્વામીજીની અવિચ્છન પાટપરંપરામાં સૂર્યસમાન તેજસ્વી કેસરી વિજયાનંદસૂરીશ્વરના શિષ્ય વાદીવિજેતા શ્રી કમલપ્રભસૂરીશ્વરજી મ૰ સા૰ના પટ્ટધર લબ્ધિસૂરીશ્વર મ૰ સા૰ના શિષ્યરત્ન ગીતાર્થશિરોમણિ વિક્રમસૂરીશ્વરજીના શિષ્યરત્ન આગમજ્ઞાતા જિનભદ્રસૂરીશ્વર મ૰ના તથા અમારા ઉપકારી આ૰ ભ૰ શ્રી યશોવર્મસૂરીશ્વરજી પુનિત પ્રભાવક નિશ્રામાં કુંવર ગામથી પ્રાપ્ત અતિવ સુંદર સમ્રાટ સંપ્રતિકાલીન ૨૦૦૦ વર્ષ પ્રાચીન મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવંત તથા ચંદ્રપ્રભુ, ધર્મનાથ પ્રભુ જિનબિંબોની તથા પ્રાચીન સિદ્ધાયિકામાતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આદિની મહાન પ્રતિષ્ઠા શ્રી ધર્મવર્ધક ગેલેક્ષી જૈન શ્વે૦ મૂ૦ સંઘે અભુતપૂર્વ ઉલ્લાસને ઉમંગ સાથે સપ્તાન્હિકા મહોત્સવપૂર્વક સં૦ ૨૦૫૩ મહા સુદી ૧૩ ગુરુ પુષ્યામૃત સિદ્ધિયોગે તા૦ ૨૦-૨-૧૯૯૭ના કરાવી છે.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં હારીજથી ૧૫ ગાઉ દૂર આવેલ કુવર ગામમાં શ્રી મહાવીરસ્વામીના એક શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે ગામમાં ૨૦ જૈન કુટુંબો રહેતા હતા તથા એક ઉપાશ્રય હતો. જિનાલયમાં કુલ ત્રણ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા હતી. શ્રી સંઘે સં૦ ૧૯૪૦માં જિનાલય બંધાવ્યું હોવાની નોંધ હતી. વહીવટ ઝવેરી કિશોરદાસ મંછાચંદ હસ્તક હતો તથા જિનાલયની સ્થિતિ સારી હતી.

કુંવર ગામમાં જૈનોની વસ્તી ઓછી થવાથી જિનાલય અત્રે પધરાવેલ છે. આ૦ શ્રી રાજતિલકસૂરિજીના ઉપદેશથી શ્રી ધર્મવર્ધક ગેલેક્ષી જૈન શ્વે૦ મૂ૦ સંઘે આ જિનાલય બંધાવેલ છે.

એક ગર્ભદ્વાર છે. ૨૧" ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા સપરિવાર ઘુમ્મટયુક્ત આરસની છત્રીમાં બિરાજે છે. છત્રી પર ધજા ચડે છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમા પર કોઈ લેખ નથી. ડાબી બાજુ બિરાજમાન શ્રી ધર્મનાથની પ્રતિમા પર શાકે ૧૭૮૬ તથા જમણી બાજુ બિરાજમાન શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પર સં૦ ૧૮૨૧નો લેખ છે.

હાલ આ જિનાલયનો વહીવટ શ્રી ધર્મવર્ધક જૈન શ્વે૦ મૂ૦ પૂ૦ ગેલેક્ષી ટાવર સંઘના ટ્રસ્ટીઓ – શ્રી અનિલભાઈ ડાહ્યાભાઈ શાહ, શ્રી રાજુભાઈ પૂનમચંદ શાહ તથા શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ હસ્તક છે.

• • •

અરિહંત બંગલો, ઘોડદોડ રોડ

૯૬. સુમતિનાથ (સં૦ ૨૦૩૪)

ઘોડદોડ રોડ પર કાકડીયા કોમ્પ્લેક્ષની સામે આવેલ અરિહંત બંગલોમાં અગાશીમાં એક નાની રૂમમાં શ્રી સુમતિનાથનું ઘરદેરાસર આવેલું છે. આ ઘરદેરાસર શ્રી રમેશભાઈ વીરચંદ શાહ પરિવારનું છે.

૩" ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની સપરિકર ધાતુપ્રતિમા પર નીચે મુજબનો લેખ છે:

'વીર સંવત ૨૫૦૪ વિક્રમ સંવત ૨૦૩૪ માઘ કૃ ૯ શુક્રવાસરે મહારાષ્ટ્રન્તર્ગત માલેગામ નગરે શ્રી સુમતિનાથ જિનપ્રક્ષાબિંબમિદં માલેગામ વાસ્તવ્ય શ્રેષ્ઠિ શ્રી રતીલાલ વીરચંદ શાહ કારિતં પ્રતિષ્ઠિતં ચ સિદ્ધાંત મહોદધિ સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વર પૂ૦ પટ્ટપ્રભાવક શિષ્ય આ૦ શ્રી વિજયહીરસૂરિ, આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિભ્યા-મિતિ'

અન્ય બે ધાતુપ્રતિમા છે. મૂળનાયક સપરિવાર આરસના ઘુમ્મટયુક્ત કમળદળ સંપુટમાં બિરાજમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૪ના આસો સુદ દશમના દિને ડૉ૰ રમેશભાઈ વીરચંદ શાહ પરિવાર દ્વારા આ૰ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વર મ૰ સા૰ની નિશ્રામાં કરવામાં આવી હતી.

• • •

રવિછાયા એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ

૯૭. સંભવનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૬)

અઠવાલાઈન્સ, ઘોડદોડ રોડ પર લુડ્ઝ કોન્વેન્ટ સ્કૂલની સામે રવિછાયા એપાર્ટમેન્ટમાં ૮/એ નં૰ના ફ્લેટમાં શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ શાહ પરિવારનું શ્રી સંભવનાથનું ઘરદેરાસર આવેલું છે.

૧૧" ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની માત્ર એક આરસપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૬ ફાગણ સુદ ૭ તા૰ ૧૨-૩-૨૦૦૦ના રોજ આ૰ શ્રી જગવલ્લભસૂરિજીની નિશ્રામાં થયેલ છે.

• • •

રવિજ્યોત એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ

૯૮. સુમતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૫)

અઠવાલાઈન્સ, ઘોડદોડ રોડ પર લુડ્ઝ કોન્વેન્ટ સ્કૂલની સામે, મેઘમયૂરની બાજુમાં રવિજ્યોત એપાર્ટમેન્ટમાં ત્રીજે માળ ૨/બી નં૰ના ફ્લેટમાં શ્રી રજનીકાન્તભાઈ મનહરલાલ શાહ પરિવારનું શ્રી સુમતિનાથનું ઘરદેરાસર આવેલું છે.

૧૧" ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની માત્ર એક આરસપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૫ ફાગણ વદ ૮ના રોજ શ્રી જગવલ્લભવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

• • •

રવિજ્યોત એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ

૯૯. શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૧)

ઘોડદોડ રોડ, અઠવાલાઈન્સ પર આવેલ લુડ્ઝ કોન્વન્ટ સ્કૂલની સામે રવિછાયાની ગલીમાં, મેઘમયૂરની બાજુમાં રવિજ્યોત બિલ્ડિંગમાં ભોંયતળિયે શ્રી અમિતભાઈ વસંતભાઈ શાહ (બારડોલીવાળા) પરિવારનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

શ્રી અમિતભાઈના માતુશ્રી હંસાબહેન વસંતલાલના ૫૦૦ આયંબિલના પારણા નિમિત્તે સં૰ ૨૦૪૭માં ફાગણ સુદ ૩ના રોજ પૂ૰ ચંદ્રશેખરવિજયજી મ૰ સા૰ના શિષ્ય પૂ૰ મેઘદર્શન-વિજયજીની પ્રેરણાથી નવસારીના શ્રી મહાવીરસ્વામીના (કમળ આકારનું) જિનાલયમાંથી શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંખેશ્વર પાર્શ્વનાથની ૫'' ઊંચી ધાતુપ્રતિમા અત્રે લાવવામાં આવેલ. ત્યારબાદ સં૰ ૨૦૫૧માં આ૰ શ્રી સુબોધસાગરસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

મૂળનાયક ધાતુપ્રતિમા ઉપરાંત અઢાર અભિષેક કરેલ ગૌતમસ્વામી તથા સરસ્વતીદેવીની ધાતુમૂર્તિ છે. આશરે ૪૦ વ્યક્તિઓ દરરોજ સેવા-પૂજાનો લાભ લે છે તથા દરરોજ સ્નાત્ર ભણાવવામાં આવે છે.

• • •

સરેલાવાડી, ઘોડદોડ રોડ

૧૦૦. આદેશ્વર (સં૰ ૨૦૪૬)

ઘોડદોડ રોડ પર સૂર્યકિરણ ફ્લેટની ગલીમાં ગ્રે તથા સફેદ રંગથી શોભિત, આરસનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય શ્રી હિંમતભાઈ બૅકર પરિવારે બંધાવેલ છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૬ના વૈશાખ સુદ ૬ને સોમવારે શ્રી અશોકસાગરજી મ૰ સા૰ની નિશ્રામાં શ્રી મહેન્દ્રભાઈ હિંમતલાલ બૅકર પરિવાર દ્વારા કરવામાં આવી છે.

પ્રવેશતાં છાપરાબંધ ચોક છે. પ્રવેશદ્વાર અને તેની આજુબાજુ બારીઓ પર અષ્ટમંગલ ચિત્રિત કરેલા છે. રંગમંડપમાં જમણી બાજુ ગોખમાં માણિભદ્રવીર તથા ડાબી બાજુ ગોખમાં શ્રી આનંદસાગરસૂરિની આરસમૂર્તિ છે. તેના પર સં૰ ૨૦૪૬ વૈ૰ સુ૰ ૬ને દિને શ્રી અશોકસાગર મ૰ સા૰ની ઉપદેશથી મહેન્દ્રભાઈ બૅકર દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. ગૌમુખયક્ષ તથા ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિઓના ગોખ છે. શત્રુંજય તથા સમેતશિખરનો ચિત્રિત પટ છે. અહીં એક દીવાલે આરસની તકતી પર એક લેખ છે જે નીચે મુજબ છે :

શ્રી અશોકસાગર મ૰ સા૰ની પ્રેરણાથી શ્રી મહેન્દ્રભાઈ બૅકર પરિવારે સ્વદ્રવ્યેથી સં૰ ૨૦૪૬ વૈ૰ સુ૰ ૬ને સોમવારે પ્રતિષ્ઠા કરાવી.

એક કાષ્ઠનો ગર્ભદ્વાર છે. આજુબાજુ બારીઓ છે. ૧૯'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પર સં૰ ૨૦૪૦માં શ્રી વિજયચંદ્રોદયસૂરિ દ્વારા અંજનશલાકા કરાવ્યાનો લેખ છે. ડાબી જમણી બાજુ બારી સન્મુખ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા બિરાજે છે. કુલ સાત આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે.

• • •

સિદ્ધચક્ર એપાર્ટમેન્ટ પાસે

૧૦૧. સીમંધરસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૫)

ઈચ્છાનાથ રોડ, ઉમરા જકાતનાકા, લોકભારતી સ્કૂલની સામે, વૃંદાવન સોસાયટી પાસે, સિદ્ધચક્ર એપાર્ટમેન્ટની પાછળ શ્રી સૂર્યકાન્તભાઈ ખીમચંદ કાપડિયાના ઘરમાં ચોથા માળે નાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂમમાં શ્રી સીમંધરસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

આ૦ શ્રી રાજયશસૂરિ મ૦ સા૦ની નિશ્રામાં ભરૂચમાં અંજનશલાકા કરાવેલ શ્રી સીમંધરસ્વામીની ૯'' ઊંચી પંચધાતુ પ્રતિમા **સં૦ ૨૦૪૫**ના મહા સુદ ચૌદશના દિને પોતાના માતા-પિતાના શ્રેયાર્થે શ્રી સૂર્યકાન્તભાઈ કાપડિયાએ અત્રે પધરાવેલ છે. કુલ છ ધાતુપ્રતિમા છે તથા ગૌતમસ્વામીની એક ધાતુમૂર્તિ છે.

• • •

ત્રિભુવન કોમ્પ્લેક્ષ, ઘોડદોડ રોડ

૧૦૨. શાંતિનાથ (સં૦ ૨૦૫૦)

ઘોડદોડ રોડ, અઠવાલાઈન્સ વિસ્તારમાં ત્રિભુવન કોમ્પ્લેક્ષમાં પ્રવેશતાં સામે શ્રી શાંતિનાથનું નાનું, આરસનું સામરણયુક્ત જિનાલય છે.

શ્રી મણિલાલ ડાહ્યાભાઈ પરિવાર તથા શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ પરિવારે સાધ્વીજી શ્રી નયપૂર્ણાશ્રીજી તથા સાધ્વીજી શ્રી પૂર્ણપ્રભાશ્રીજીની પ્રેરણાથી આ જિનાલય બંધાવી **સં૦ ૨૦૫૦** ચૈત્ર વદ ૬ને તા૦ ૧-૫-૧૯૯૪ના દિને આ૦ શ્રી યશોવર્મસૂરિજીની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવેલ છે.

પ્રવેશદ્વાર એક છે. રંગમંડપ નાનો છે. અહીં શત્રુંજયનો નાનો પટ છે. પુંડરીકસ્વામી તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓના ગોખ છે. એક ગર્ભદ્વાર છે. ૨૧'' ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની નયનરમ્ય પ્રતિમા છે. રંગકામયુક્ત ભામંડલ છે. પ્રતિમા પર સં૦ ૨૦૫૦માં ચૈત્ર વદ ૫ના રોજ અંજનશલાકા કરાવ્યાનો લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. મૂળનાયકની જમણી બાજુ આદેશ્વર તથા ડાબી બાજુ મહાવીરસ્વામી બિરાજે છે.

વહીવટ શ્રી ચીમનલાલ મણિલાલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી જગદીશભાઈ મણિલાલ શાહ, શ્રી સંજયભાઈ બિપીનચંદ્ર શાહ, શ્રી મીતુલભાઈ જગદીશભાઈ શાહ તથા શ્રી સુનિલભાઈ બિપીનચંદ્ર શાહ દ્વારા થાય છે.

• • •

૩, સીમા રો હાઉસ, ઘોડદોડ રોડ

૧૦૩. અજિતનાથ (ઘરદેરાસર)

ઘોડદોડ રોડ પર ખેતીવાડી ફાર્મ પાસે, સીમા રો હાઉસમાં શ્રી સેવંતીલાલ ટી૦ મહેતા પરિવારનું શ્રી અજિતનાથનું ઘરદેરાસર આવેલું છે.

મૂળનાયક શ્રી અજિતનાથની માત્ર એક ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા આજથી લગભગ બે વર્ષ પહેલાં ફાગણ વદ ૧૧ના રોજ આ૦ શ્રી જગવલ્લભસૂરીશ્વરજીની નિશ્રામાં થયેલ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાલા ઠાકોરની પોળ, રાંદેર

૧૦૪. નેમનાથ (સં૰ ૧૬૮૯ પૂર્વે)

લાલા ઠાકોરની પોળમાં, નાની ગલીમાં, છેક ખૂણામાં આરસનું બનેલું શ્રી નેમનાથનું શિખરબંધી પ્રાચીન જિનાલય આવેલું છે.

સ્થાનિક માહિતી પ્રમાણે આશરે ૧૦૫ વર્ષ પૂર્વે જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલ છે. ત્યારબાદ સં૰ ૨૦૫૩માં કારતક વદ અગિયારશના દિને આ૰ શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં શ્રી પ્રવીણભાઈ છોટાલાલ શાહ પરિવાર દ્વારા પુનઃ પ્રતિષ્ઠા થયેલ છે. જૂની વર્ષગાંઠ માગશર સુદ ત્રીજ છે.

તે સમય દરમ્યાન શ્રી આદિ-નેમનાથ જૈન દેરાસર પેઢી - રાંદેર દ્વારા પ્રગટ થયેલ 'રાંદેરની જૈન અસ્મિતા' નામની પુસ્તિકામાં આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ મળે છે :

'આ દહેરાસરનું બાંધકામ લાકડા ઉપર કરેલું હતું. નકશી પણ ભાતભાતની હતી. પણ પાણી ગળતાં ઘણાં સમયથી શ્રી રાંદેર જૈન સંઘની ભાવના આ દહેરાસરનો જીર્ણોદ્ધાર કરવાની હતી. આ જીર્ણોદ્ધારનું કાર્ય તપસ્વીરત્ન આ૰ શ્રી વિજયકુમુદચંદ્રસૂરીશ્વર મ૰ સા૰ના શાસન-પ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયચંદ્રોદયસૂરિ, પ૰ પૂ૰ આ૰ શ્રી અશોકચંદ્રસૂરિ, આ૰ શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિની પ્રેરણા અને આશીર્વાદથી નિર્વિઘ્ને પૂર્ણ થયું છે.

શ્રી નેમનાથની ૨૭''ની ભવ્યમૂર્તિની બાજુમાં શ્રી સંભવનાથ અને શ્રી શીતલનાથની મૂર્તિઓ અનોખી આભા ઊભી કરે છે. બાજુમાં શ્રી મહાવીરસ્વામીની ૨૭''ની ભવ્યમૂર્તિ આજુબાજુનાં શ્રી ચંદ્રપ્રભુ અને શ્રી ઋષભદેવની સાથે અનોખી ભાત પાડે છે. મૂળનાયકની ડાબી બાજુ શ્રી શીતલનાથની ૨૧''ની ફણાવાળી શ્રી પાર્શ્વનાથની ભવ્યમૂર્તિના દર્શન કરવાથી મન ભાવવિભોર બની જાય છે. શ્રી મલ્લિનાથના ગભારામાં શ્રી વિમલનાથ અને શ્રી શીતલનાથ સાથે દર્શન આપે છે. શ્રી ચંદ્રપ્રભુના ગભારામાં અજિતનાથ અને સુપાર્શ્વનાથ સાથે દર્શન આપે છે. જ્યારે શ્રી આદેશ્વર, શ્રી વિમલનાથ અને શ્રી મુનિસુવ્રતસ્વામી સાથે શોભાયમાન છે. ઉપરની તમામ મૂર્તિઓ પ્રાચીન છે. જ્યારે હાલમાં ૧૫ વર્ષ ઉપર પ્રતિષ્ઠિત થયેલી શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા શ્રી શાંતિનાથ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સાથે દર્શન આપે છે...'

અંબિકાયક્ષિણી, ગોમેધયક્ષ, ગૌતમસ્વામી તથા સુધર્માસ્વામીની આરસ-મૂર્તિઓના ગોખ છે. કુલ તેવીસ આરસપ્રતિમા છે તથા અઠ્ઠાવીસ ધાતુપ્રતિમા પૈકી ચાર રજતપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં રાનેરમાં શ્રી નેમિનાથના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

આવો એ આવો એ **રાનેર** જાઈએ,
પૂજીઈ પૂજીઈ **રાજુલકંત** કે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમરથ સામી સામલો એ,
ભેટીએ ભેટીએ **ઋષભ જિણંદ** કે,
આવો એ રાનેર જાઈએ.

સં૰ ૧૭૨૮માં ઉપાધ્યાય વિનયવિજયે રાનેરમાં ચોમાસું કર્યું હતું. તે સમયે નેમિનાથ બારમાસ સ્તવનની રચના કરી હતી.

સંવત **સતર અઠાવીસઈ**, રહી રાંનેર ચોમાસ
રાજુલનેમિ સંદેસડો, ગાયો હરખ ઉલ્લાસ. ૨૭

આ ઉપરાંત તેમણે અહીં જ **સં૰ ૧૭૨૯**માં પુણ્યપ્રકાશનું સ્તવન, **સં૰ ૧૭૩૮**માં ભગવતીસૂત્ર સજ્ઝાય અને શ્રી શ્રીપાલરાસની રચના કરી હતી.

સં૰ ૧૭૯૩માં કવિ લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં રાનેરમાં ચૌદ જિનાલય હોવાની નોંધ છે જે પૈકી આ જિનાલય વિદ્યમાન હોવાનો પૂરો સંભવ છે.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં લાલા ઠાકોરની પોળ, રાંદેરમાં નેમિનાથના આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ વીસ આરસપ્રતિમા તથા છવ્વીસ ધાતુપ્રતિમા હતી અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં રાંદેર ઉત્તમરામની પોળમાં નેમનાથના આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં રાંદેરમાં નાની ગલી, લાલા ઠાકોરની પોળ વિસ્તારમાં આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. તે સમયે કુલ ઓગણીસ આરસપ્રતિમા તથા પચીસ ધાતુપ્રતિમા હતી. વહીવટ શ્રી ઋષભદેવ નાભિરાજાની પેઢીના ટ્રસ્ટી હીરાલાલ ગુલાબચંદ હસ્તક હતો અને સ્થિતિ સારી હતી. ત્રણ અલગ ગભારા હોવાની નોંધ છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૮૯ પૂર્વે**નો છે.

• • •

લાલા ઠાકોરની પોળ, રાંદેર

૧૦૫. આદેશ્વર (સં૰ ૧૯૬૩ આસપાસ)

લાલા ઠાકોરની પોળમાં, નાની ગલીમાં, ચક્રેશ્વરી એપાર્ટમેન્ટ સામે આરસનું બનેલું શ્રી આદેશ્વરનું ધાબાબંધી જિનાલય આવેલું છે.

રંગમંડપમાં ચક્રેશ્વરીદેવીની મૂર્તિ છે. દીવાલે સિદ્ધાચલ, સમેતશિખર, ગિરનાર તથા સિદ્ધચક્ર યંત્રના ચિત્રિત પટ છે. ફરસ આરસની છે. છતમાં મધ્યે સુંદર ઝુમ્મર છે. તેને ફરતે સાદી કોતરણી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ કાષ્ઠના પ્રવેશદ્વાર છે. ૧૭" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રાચીન પ્રતિમા છે જેના પર સં૰ ૧૪૩૯ના લેખનો ઉલ્લેખ **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં કરવામાં આવ્યો હતો. ડાબી બાજુ શ્રી ધર્મનાથની પ્રતિમા પર સં૰ ૧૮૫૬નો લેખ તથા જમણી બાજુ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૬૪નો લેખ છે. ડાબા ગભારે શ્રી વાસુપૂજ્યસ્વામી તથા જમણા ગભારે શ્રી નેમિનાથ છે. કુલ અગિયાર આરસપ્રતિમા તથા બાવીસ ધાતુપ્રતિમા છે. પગલાંની બે જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં લાલા ઠાકોરના મહોલ્લામાં દર્શાવેલ ઋષભદેવના આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. કુલ અગિયાર આરસપ્રતિમા, તેવીસ ધાતુપ્રતિમા તથા પગલાંની બે જોડ વિદ્યમાન હતી. જિનાલયની સ્થિતિ અપૂર્ણ દર્શાવી હતી. ઉપરાંત વિશેષ નોંધમાં **બંધાય છે** તેવી નોંધ છે.

સં૰ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં રાંદેર ગામમાં પાંચ જિનાલયો તથા એક ઘરદેરાસર મળીને કુલ છ જિનાલયો હોવાની નોંધ છે. આજે વિદ્યમાન આદેશ્વરના બન્ને જિનાલયોનો તે સમયે પણ ઉલ્લેખ મળે છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નાની ગલીમાં આવેલા આદેશ્વરના આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ અગિયાર આરસપ્રતિમા, પચીસ ધાતુપ્રતિમા, એક રજત ચોવીસીપટ તથા નવખંડા પાર્શ્વનાથની પ્રાચીન મૂર્તિ હોવાની નોંધ છે. લેખ સંવતમાં ૧૪૩૯ દર્શાવેલ છે. વહીવટ શ્રી ઋષભદેવ નાભિરાજાની પેઢી હસ્તક હોવાનો તથા સ્થિતિ સારી હોવાની નોંધ છે.

આજે પણ આ જિનાલયમાં કુલ અગિયાર આરસપ્રતિમા છે અને વહીવટ રાંદેર જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી સુરેન્દ્રભાઈ શાંતિલાલ શાહ, શ્રી હર્ષદભાઈ ધનસુખલાલ શાહ હસ્તક છે.

ઉપર્યુક્ત માહિતીના આધારે આ જિનાલયનો સમય **સં૰ ૧૯૬૩ આસપાસ**નો કહી શકાય. પ્રતિમાઓ પ્રાચીન છે. તે સંદર્ભમાં વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ આધારભૂત પુરાવાઓ તથા સંશોધન જરૂરી છે.

• • •

નિશાળફળી, રાંદેર

૧૦૬. આદેશ્વર (મોટું જિનાલય) (સં૰ ૧૬૮૩ આસપાસ)

રાંદેરમાં નિશાળફળીમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલયથી આગળ જતાં ડાબા હાથે ગલીમાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી આદેશ્વરનું બે માળનું પ્રાચીન, ધાબાબંધી જિનાલય આવેલું છે. જિનાલય **મોટા દેરાસર** તરીકે ઓળખાય છે.

અહીં કાષ્ઠકોતરણી, નકશીકામ, પ્રાચીન ચિત્રકામ અતિસુંદર છે. સ્થાનિક માહિતી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રમાણે પૂર્વે જિનાલય ત્રણ માળનું હતું, જર્જરિત થવાથી ત્રીજા માળ પરની પ્રતિમા નીચેના ગભારામાં પધરાવી છે.

કાષ્ઠનો એક પ્રવેશદ્વાર છે. રંગમંડપ વિશાળ છે. સ્થંભો પર સોનેરી રંગમાં તીર્થંકર, યક્ષ, યક્ષિણી તથા દેવો વગેરેનું ચિત્રાંકન કાચથી મઢી આકર્ષક બનાવેલું છે. સ્થંભોના શિરોભાગે વિવિધ નૃત્યમુદ્રામાં કાષ્ઠપૂતળીઓ નજરે પડે છે. શત્રુંજય તીર્થનો પટ છે.

કાષ્ઠના ત્રણ ગર્ભદ્વાર છે. ગભારાની છતમાં રંગકામયુક્ત નંદીશ્વરદ્વીપનો જીર્ણ પટ છે. ૩૧" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની મનોહારી પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'સંવત ૧૬૮૩ વર્ષે ફાગણ વદી ૧૪ ..... શ્રી હીરવિજયસૂરિ ..... વિજયતિલકસૂરિ ..... ભટ્ટારક વિજયાનંદસૂરિભિઃ'

જમણા ગભારે શ્રી વિઘ્નહર પાર્શ્વનાથ તથા ડાબા ગભારે શ્રી જગવલ્લભપાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા છે. કુલ પચીસ આરસપ્રતિમા તથા અઠ્ઠાવન ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે.

ઉપરના માળે ત્રણ અલગ ગભારા પૈકી મધ્યેના ગભારામાં ૧૭" ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા છે. તેની જમણી બાજુ ગભારામાં ચૌમુખજી- શ્રી વાસુપૂજ્યસ્વામી, શ્રી ગોડી પાર્શ્વનાથ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને ચિંતામણિ પાર્શ્વનાથ બિરાજે છે. દરેક પ્રતિમા ૧૯" ઊંચાઈની છે. ચારેય પ્રતિમા પર સં૰ ૧૮૫૭નો લેખ છે. ડાબી બાજુ ગભારામાં ૨૧" ઊંચી શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા છે. એક દીવાલ પર ખૂબ ઝાંખા રંગોમાં દોરેલા શત્રુંજય, આબુ, ગિરનાર તથા સમેતશિખરના પટ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં ઉપા૰ વિનયવિજયકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં રાનેરમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

આવો એ આવો એ **રાનેર** જાઈએ,
પૂજીઈ પૂજીઈ **રાજુલકંત** કે,
સમરથ સામી સામલો એ,
ભેટીએ ભેટીએ **ઋષભ જિણંદ** કે,
આવો એ રાને જાઈએ.

સં૰ ૧૭૯૩માં લાધાશાહકૃત **સુરત ચૈત્યપરિપાટી**માં રાનેરનાં કુલ ચૌદ જિનાલયો હોવાની નોંધ છે જે નીચે મુજબની પંક્તિઓમાં છે :

નગરથી બાહિર પુરાતણા ભ૰ ભેટીયા ત્રીભોવન ઈસ. ભ૰ ૧૧
સુરતથી મનમોદસુ ભ જઈ **રાનેર** મુઝાર; ભ૰
શ્રીજિનબિંબ જોહારીયે ભ૰ તે સુણજો નરનાર, ભ૰ ૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભૂયરૂ એક અછે તિહાં ભ૦ **ચૌદ દેરાસર** સાર; ભ૦
એકસો ત્રહતાલીસ બિંબનઈ ભ૦ પ્રણમીજે બહુ વાર. ભ૦ ૧૩

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મોટા દેરાસરની પોળમાં ઋષભદેવના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. તે સમયે કુલ ચોત્રીસ આરસપ્રતિમા તથા તેતાળીસ ધાતુપ્રતિમા હતી અને જિનાલયની સ્થિતિ સારી દર્શાવી હતી.

સુરતથી તાપી નદીનો પુલ ઓળંગી જમણી તરફ અઢી માઈલ દૂર 'રાંદેર' ગામ છે. અહિં આવી અહિંના દેરાસરોનાં દર્શન કરવાં. ૧. શ્રી શાંતિનાથનું લાલા ઠાકોરની પોળમાં, ૨. શ્રી આદેશ્વરનું, ૩. શ્રી નેમનાથનું ઉત્તમરામની પોળમાં છે. ૪. શ્રી આદીશ્વરનું, ૫. શ્રી મનમોહન પાર્શ્વનાથનું અને ૬. શ્રી શાંતિનાથનું ઘરદેરાસર. આ છએ દેરાસરો ઘણાં સુંદર અને ખાસ દર્શનીય છે. – એ મુજબની નોંધ **સં૦ ૧૯૬૮**માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં પૃ૦ ૭૨ ઉપર છે.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં આ જિનાલયમાં કુલ પાંત્રીસ આરસપ્રતિમા તથા બેતાળીસ ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. લેખ સંવત ૧૬૮૩ હોવાની તથા જિનાલય બંધાયા સંવત ૧૮૦૦ લગભગ દર્શાવેલ છે. વહીવટ શ્રી ઋષભદેવ નાભિરાજાની પેઢીના ટ્રસ્ટી – હીરાલાલ ગુલાબચંદ હસ્તક હોવાનો તથા જિનાલયની સ્થિતિ સારી હોવાનો ઉલ્લેખ છે. ઉપરાંત વિશાળ જિનાલયમાં ત્રણ અલગ ગભારા હોવાની વિશેષ નોંધ પણ છે.

આજે જિનાલયનો વહીવટ શ્રી આદિ-નેમનાથ જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી ભૂપેન્દ્રભાઈ છોટાલાલ શાહ તથા હિતેશભાઈ નવનીતલાલ શાહ હસ્તક છે.

સં૦ ૧૭૯૩માં રાનેરમાં ચૌદ જિનાલયો વિદ્યમાન હતાં. **સં૦ ૧૯૬૩**માં ચાર જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. **સં૦ ૧૯૬૮**માં છ જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ મળે છે. **સં૦ ૨૦૧૦**માં ચાર જિનાલયો હોવાની નોંધ છે. આજે અહીં કુલ પાંચ જિનાલયો વિદ્યમાન છે. તે પૈકી આ જિનાલયનો સમય **સં૦ ૧૬૮૩ આસપાસ**નો છે.

• • •

નિશાળફળી, રાંદેર

૧૦૭. મનમોહન પાર્શ્વનાથ (સં૦ ૧૯૬૮ પૂર્વે)

રાંદેર, નિશાળફળી, બોટાવાળા માર્ગ પર ભગુભાઈની પોળ આવેલી છે. અહીં આરસનું બનેલું શ્રી મનમોહન પાર્શ્વનાથનું બે માળનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપરના માળે શિખરમાં મૂળનાયક શ્રી અનંતનાથ છે.

આમૂલચૂલ જીર્ણોદ્ધાર પછી સં૦ ૨૦૪૮માં માગશર સુદ ૧૦ના રોજ આ૦ શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિશાળ ચોકમાં ડાબી બાજુ એક રૂમમાં આરસનાં પગલાંની દસ જોડ તથા દેવીની મૂર્તિ છે. પગલાં પૈકી એક પગલાં પર શ્રી વિજયદેવેન્દ્રસૂરિનું નામ વાંચી શકાય છે.

શૃંગારચોકીમાં સ્થંભો પર શિલ્પો તથા તોરણોની કોતરણી છે. ત્રણ પ્રવેશદ્વાર છે. મધ્યમ કદના રંગમંડપમાં છત પર સાદી કોતરણી થયેલી છે. આ૦ શ્રી કુમુદચંદ્રસૂરિ, પદ્માવતીદેવી, યક્ષ તથા યક્ષિણીની આરસમૂર્તિના ગોખ છે.

ત્રણ કાષ્ઠના ગર્ભદ્વાર છે. ૨૭" ઊંચી મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથની ધાતુની મનોહર પ્રતિમાને આરસનું પરિકર છે. મૂળનાયકની પાછળની દીવાલે આરસમાં સુંદર ચિત્રકામ છે. જમણી બાજુ શ્રી અજિતનાથ તથા ડાબી બાજુ શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ પંદર આરસપ્રતિમા છે તથા એકવીસ ધાતુપ્રતિમા પૈકી એક રજતપ્રતિમા છે. શ્રી મહાવીરસ્વામીની ચોવીસી પ્રતિમા તથા વારિષેણસ્વામીની આરસપ્રતિમા છે.

ઉપરના માળે શિખરમાં મૂળનાયક શ્રી અનંતનાથની પ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા છે. અન્ય એક દેરીમાં ચૌમુખીની આરસપ્રતિમા છે. પ્રતિમાલેખ નથી.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં પૃ૦ ૭૨ પર રાંદેર ગામમાં છ દેરાસરો વિદ્યમાન હોવાની નોંધ છે જેમાં શ્રી મનમોહન પાર્શ્વનાથના જિનાલયનો પણ ઉલ્લેખ થયેલો છે.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નિશાળફળિયાના મોટા દેરાસર વિસ્તારમાં પાર્શ્વનાથના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. કુલ ચોવીસ આરસપ્રતિમા તથા ઓગણીસ ધાતુપ્રતિમાની નોંધ છે. બંધાયા સંવત ૧૭૦૦ લગભગ દર્શાવેલ છે. વહીવટ શ્રી ઋષભદેવ નાભિરાજાની પેઢીના ટ્રસ્ટી - હીરાલાલ ગુલાબચંદ હસ્તક હોવાની તથા સ્થિતિ સારી હોવાની નોંધ છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૦ ૧૯૬૮ પૂર્વે**નો છે. પુનઃ પ્રતિષ્ઠા સં૦ ૨૦૪૮માં થઈ હતી. જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

નિશાળફળી, રાંદેર

૧૦૮. અજિતનાથ (ઘરદેરાસર) (સં૦ ૧૯૬૩ પૂર્વે)

નિશાળફળીમાં ગલીમાં છેક છેવાડે એક મકાનમાં પહેલે માળ મધ્યમ કદના રૂમમાં આરસનું શ્રી અજિતનાથનું ઘરદેરાસર આવેલું છે.

એક કબાટમાં ૩" ઊંચી મૂળનાયક શ્રી અજિતનાથની પંચતીર્થી ધાતુપ્રતિમા બિરાજમાન છે. સં૦ ૧૮૫૩ના વૈશાખ સુદ છઠને સોમવારે બિંબ ભરાવ્યાનો તેના પર લેખ છે. અહીં માત્ર આ એક જ ધાતુપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘરદેરાસરમાં રંગબેરંગી હાંડીઓ છે. રૂમમાં ત્રણ બારી અને જાળિયું છે. નાનો કાષ્ઠભંડાર તથા કાષ્ઠનું ત્રિગડું છે. હાલ આ ઘરદેરાસરનો વહીવટ શ્રી આદિ-નેમનાથ જૈન દેરાસર પેઢી હસ્તક છે.

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં લાલા ઠાકોરની પોળમાં શ્રી શાંતિનાથના શિખર વિનાના એક જિનાલયનો ઉલ્લેખ છે. બંધાવનારના નામમાં 'વમલ-કપુર' દર્શાવેલ છે. તે સમયે કુલ બે ધાતુપ્રતિમા હતી અને સ્થિતિ સારી હતી.

સં. ૧૯૬૮માં **તીર્થગાઈડ**(ભાગ-૧)માં રાનેર ગામમાં પાંચ જિનાલયો સાથે શાંતિનાથના એક ઘરદેરાસરનો ઉલ્લેખ છે.

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નિશાળફળી, રાંદેરમાં શ્રી અજિતનાથના આ ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે. બંધાવનારના નામમાં શેઠ હીરાચંદ વમળચંદ તથા બંધાવ્યા સંવત ૧૯૫૦ આસપાસ દર્શાવેલ છે. **સં. ૨૦૧૦**માં માત્ર એક જ ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. વહીવટ શ્રી ઋષભદેવ નાભિરાજાની પેઢીના ટ્રસ્ટી – શ્રી હીરાલાલ ગુલાબચંદ હસ્તક હતો અને ઘરદેરાસરની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૨૩માં શ્રી આદિ નેમનાથ જૈન દહેરાસરની પેઢી - રાંદેર દ્વારા પ્રકાશિત રાંદેરની જૈન અસ્મિતા નામની પુસ્તિકામાં – આ ઘરદેરાસર કોઈ ગૃહસ્થે પોતાના ઘરના એક ભાગમાં બંધાવ્યું હોવાની નોંધ કરવામાં આવી છે.

સં. ૧૯૬૩માં ઘરદેરાસર બંધાવનારના નામમાં વમલકપુરના નામનો ઉલ્લેખ છે. મૂળનાયક શાંતિનાથ દર્શાવ્યા છે. **સં. ૨૦૧૦**માં હીરાચંદ વમળચંદે બંધાવેલા ઘરદેરાસરમાં મૂળનાયક અજિતનાથ દર્શાવ્યા છે. આજે પણ મૂળનાયક તરીકે અજિતનાથ છે. **સં. ૧૯૬૩**માં શાંતિનાથના ઘરદેરાસરમાં બે ધાતુપ્રતિમા વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે જે પૈકીની એક પ્રતિમા અજિતનાથની હોવાનો સંભવ છે. આજે શાંતિનાથની પ્રતિમા આ ઘરદેરાસરમાં નથી.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં. ૧૯૬૩ પૂર્વે**નો છે.

● ● ●

સૈફી સોસાયટી, લંબે હનુમાન રોડ

૧૦૯. આદેશ્વર (સં. ૨૦૪૧)

વરાછા રોડ, લંબે હનુમાન રોડ પર આવેલી સૈફી સોસાયટીમાં અંદરના ભાગમાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી, ભવ્ય જિનાલય આવેલું છે.

ત્રણ પ્રવેશદ્વાર છે. તેના પર અષ્ટમંગલ ઉપસાવવામાં આવ્યા છે. મધ્યમ કદના રંગમંડપમાં કુલ છ ગોખ છે. તે પૈકી ત્રણ ખાલી છે. અન્ય ગોખમાં પદ્માવતીદેવી, શાંતિનાથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા મુનિસુવ્રતસ્વામી બિરાજે છે.

એક ગર્ભદ્વાર છે. ૨૩" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા છે. જમણે ગભારે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તથા ડાબે ગભારે શ્રી અમીઝરા પાર્શ્વનાથ બિરાજમાન છે. મૂળનાયક પર સં૰ ૨૦૪૧નો લેખ છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૧** વૈશાખ વદ છઠને શુક્રવારે તા૰ ૧૦-૫-૧૯૮૫ના દિને આ૰ શ્રી સુબોધસાગરસૂરિ તથા આ૰ શ્રી મનોહરકીર્તિસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાનો લાભ ચિત્રોડાનિવાસી શ્રી પરસોત્તમભાઈ શાહ પરિવારે લીધો હતો.

જિનાલયમાં કુલ પાંચ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે. જિનાલયનો વહીવટ શ્રી આદેશ્વર જૈન જિનાલય સૈફી સોસાયટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ– શ્રી વાલચંદભાઈ મૂળચંદ મહેતા, શ્રી નાનજીભાઈ લાલજીભાઈ શેઠ તથા શ્રી ભંવરલાલ શેરમલજી રાઠોડ હસ્તક છે.

• • •

રામકૃષ્ણ સોસાયટી, લંબે હનુમાન રોડ

૧૧૦. સંભવનાથ (સં૰ ૨૦૫૨)

લંબે હનુમાન રોડ, રામકૃષ્ણ સોસાયટીમાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી સંભવનાથનું ઊંચું, શિખરબંધી, ભવ્ય નૂતન જિનાલય આવેલું છે. દૂરથી જ ૭૨ ફૂટ ઊંચા શિખર પર લહેરાતી ધજા ભાવિકોને લોહચુંબકની પેઠે આકર્ષે છે !

જિનાલયની રચના સુરતનાં અન્ય જિનાલયો કરતાં જુદી તરી આવે છે. જિનાલયના નીચેના ભાગમાં આરાધના ભવન અને તેની નીચે અન્ડર ગ્રાઉન્ડ હોલ છે.

એક પ્રવેશદ્વાર છે. આજુબાજુ બારીઓ છે. રંગમંડપ વિશાળ છે. સામરણયુક્ત ઘુમ્મટમાં સાદી કોતરણી છે. ફરસ આરસની છે. પ્રવેશદ્વારની બન્ને બાજુની દીવાલોએ ગોખમાં યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે. ગર્ભદ્વાર પાસે જમણી બાજુ ગોખમાં મુનિસુવ્રતસ્વામી તથા ડાબી બાજુ ગોખમાં વર્ધમાનસ્વામી છે. રંગમંડપની બન્ને બાજુ સામરણયુક્ત દેવકુલિકા છે. જમણી બાજુ દેવકુલિકામાં નાકોડાભૈરવ તથા ડાબી બાજુ દેવકુલિકામાં પદ્માવતીદેવીની આરસમૂર્તિ બિરાજે છે.

એક ગર્ભદ્વાર છે. મોટા ગભારામાં ૨૩" ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની પરિકરયુક્ત નયનરમ્ય પ્રતિમા છે. જમણે ગભારે શ્રી આદેશ્વર તથા ડાબે ગભારે શ્રી સુમતિનાથ છે. કુલ આઠ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે.

જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૨**માં આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાનો લાભ શ્રી ખાન્તિલાલ હરિલાલ વોરા પરિવારે લીધો હતો. હાલ જિનાલયની વર્ષગાંઠ મહા સુદ છઠ છે. વહીવટ શ્રી વરાછા રોડ જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

– શ્રી પ્રકાશભાઈ ભીલચંદ સંઘવી, શ્રી શાંતિલાલ લક્ષ્મીચંદ શાહ તથા શ્રી ચીમનલાલ રતિલાલ શાહ હસ્તક છે.

• • •

ત્રિકમનગર, વરાછા રોડ

૧૧૧. શંખેશ્વર પાર્શ્વનાથ (સં૰ ૨૦૪૭)

વરાછા રોડ પર ઋષભ એપાર્ટમેન્ટની પાછળ ત્રિકમનગર વિભાગ-૨માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. હાલ અહીં ભોમતીની રચનાનું કાર્ય ચાલુ છે.

એક ચોકીવાળી સામરણયુક્ત શૃંગારચોકી છે. એક પ્રવેશદ્વાર અને આજુબાજુ બારી છે. પાસે દાદર છે. શિખરમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની ૧૭" ઊંચી પ્રતિમા છે. કુલ છ આરસપ્રતિમા છે.

નીચે મધ્યમકદના રંગમંડપમાં માણિભદ્રવીર, નાકોડાભૈરવ, પદ્માવતીદેવી તથા ચાર આરસપ્રતિમાના ગોખ છે. ગર્ભદ્વાર પાસે સામસામે ગોખમાં પદ્માવતીદેવી તથા પાર્શ્વયક્ષ બિરાજમાન છે.

ગર્ભદ્વાર એક છે. ફણા સાથે ૫૧" અને ફણા વગર ૪૭" ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા આગવી લાક્ષણિકતા ધરાવે છે અને અલૌકિક લાગે છે. ગભારામાં કુલ પાંચ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'ૐ નમઃ સિદ્ધમ્ । **વિ૰ સં૰ ૨૦૪૭** વર્ષે દ્વિ૰ વૈ૰ શુ૰ ૬ દિને રવિવાસરે સુરત ત્રિકમનગર મધ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનબિંબમિદં પ્રતિષ્ઠિતં સિદ્ધાંત મહોદધિ સ્વ૰ પૂ૰ આ૰ શ્રી પ્રેમસૂરિ પટ્ટા૰ ગચ્છાધિપતિ પૂ૰ આ૰ શ્રી વિ૰ ભુવનભાનુસૂરિ શિષ્ય સમત્વસાગર પૂ૰ પં૰ શ્રી પદ્મવિજય શિષ્ય વૈરાગ્ય દૃષ્ટાંતદક્ષ પૂ૰ આચાર્યદેવ શ્રી વિ૰ હેમચંદ્રસૂરિભિઃ ધર્મ... પ્રભાવક પૂ૰ પં૰ શ્રી જગવલ્લભવિજયાદિ મુનિ સહિતૈઃ કારિતં ચ ..... નિવાસી શ્રેષ્ઠિ ..... ભાર્યા પૂજા શ્રાવિકયા પુત્ર જિતેન્દ્ર-દિનેશ પૂત્રવધૂ ભારતી-શિલ્પા પુત્રી ..... સુશીલા-નયના । પૌત્ર મનીષ-પ્રીતેશ-કૌશલ-સૌમિલ પૌત્રી શિલ્પા-સ્મૃતિ સહિતયા । શુભંભવતુ શ્રી સંઘસ્ય ।'

હાલ જિનાલયમાં કુલ અગિયાર આરસપ્રતિમા છે. વહીવટદાર તરીકે શ્રી વ્રજલાલ ભગવાનભાઈ પારેખ, શ્રી વ્રજલાલ પરસોત્તમભાઈ શાહ તથા શ્રી મણિલાલ હરીચંદ શાહ સેવાઓ આપે છે.

સં૰ ૨૦૫૪માં પ્રકટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં મૂળનાયક શ્રી કદંબગિરિ તીર્થના શાસનસમ્રાટ્ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજના મૂર્તિના ભંડારમાંથી પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયમેરુ-પ્રભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી મળ્યા હોવાની નોંધ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અરિહંત પાર્ક, સુમુલ ડેરી રોડ

૧૧૨. વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૫૦)

સુમુલ ડેરી રોડ, સુરત રેલ્વે સ્ટેશનની નજીક, સરદારનગરની સામે, બસ સ્ટેન્ડની પાછળના ભાગમાં આવેલ અરિહંત પાર્કમાં મધ્યે વિશાળ જગ્યામાં આરસનું બનેલું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ભોંયરાયુક્ત, શિખરબંધી ભવ્ય નૂતન જિનાલય આવેલું છે. ભોંયરામાં શ્રી કેસરિયાજી આદેશ્વર બિરાજમાન છે.

કુલ ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપ વિશાળ છે. સામરણયુક્ત ઘુમ્મટમાં ગુલાબીરંગમાં કોતરકામ થયેલું છે. અહીં ૭૧" ઊંચી શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તથા શ્રી કલિકુંડ પાર્શ્વનાથની કાઉસ્સગ્ગ આરસપ્રતિમા બિરાજે છે. આ બન્ને પ્રતિમાઓ પર સં૰ ૨૦૫૦ મહા સુદ ૧૦ના રોજ આ૰ શ્રી સુબોધસાગરસૂરિ તથા આ૰ શ્રી મનોહરકીર્તિસાગરસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા થયાનો લેખ છે. અન્ય બે ગોખ પૈકી જમણી બાજુના ગોખમાં આ૰ શ્રી બુદ્ધિસાગરસૂરિની આરસની ગુરુમૂર્તિ તથા બીજા ગોખમાં ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે. રંગમંડપમાં અન્ય બે દ્વાર છે. અહીં સામરણયુક્ત દેવકુલિકા છે. ડાબી બાજુ દેવકુલિકામાં શ્રી ઘંટાકર્ણવીર તથા જમણી બાજુ દેવકુલિકામાં શ્રી પદ્માવતીદેવીની આરસમૂર્તિ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ગભારો મોટો છે. ૫૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા છે. ડાબા તથા જમણે ગભારે શ્રી અમીઝરા પાર્શ્વનાથ તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની શ્યામ આરસપ્રતિમા છે. કુલ સાત આરસપ્રતિમા છે. બધી જ પ્રતિમા પર સં૰ ૨૦૫૦માં મહા સુદ ૧૦ના રોજ શ્રીમદ્ સુબોધસાગરસૂરિ તથા શ્રીમદ્ મનોહરકીર્તિસાગરસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા થયાના લેખ છે. કુલ આઠ ધાતુપ્રતિમા છે.

અગાઉ જણાવ્યા મુજબ જિનાલયમાં ભોંયરું છે. ઉપર્યુક્ત જિનાલયની પેઠે અહીં પણ વિશાળ રંગમંડપ, મોટો ગભારો તથા આજુબાજુ દેવકુલિકાની રચના છે.

રંગમંડપ સાદો છે. આજુબાજુની દેવકુલિકાઓ પૈકી જમણી બાજુ માણિભદ્રવીર તથા ડાબી બાજુ અંબિકાદેવી બિરાજમાન છે. ત્રણ ગર્ભદ્વાર છે. ૪૫" ઊંચી મૂળનાયક શ્રી કેસરિયાજી આદેશ્વરની પ્રતિમા પર સં૰ ૨૦૫૦નો લેખ છે. જમણે ગભારે શાંતિનાથ તથા ડાબે ગભારે સીમંધરસ્વામી છે. કુલ સાત આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે.

જિનાલયમાં કુલ સોળ આરસપ્રતિમા તથા તેર ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૦**માં મહા સુદ ૧૦ને તા૰ ૨૧-૨-૧૯૯૪ના દિને આ૰ શ્રી સુબોધસાગરસૂરિ તથા આ૰ શ્રી મનોહર-કીર્તિસાગરસૂરિની નિશ્રામાં શ્રી પૂનમચંદ મીયાચંદ શાહ (અંબાસણવાલા) પરિવાર દ્વારા કરવામાં આવી છે. જિનાલયની સામે ઉપાશ્રયના બાંધકામનું કાર્ય ચાલી રહ્યું છે.

હાલ જિનાલયના વહીવટદાર તરીકે શ્રી કાંતિલાલ પૂનમચંદ શહ તથા શ્રી અરવિંદભાઈ રમણલાલ શાહ સેવાઓ આપે છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાંતિનિકેતન સોસાયટી, સુમુલ ડેરી રોડ

૧૧૩. વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૫૧)

સુમુલ ડેરી રોડ પર શાંતિનિકેતન સોસાયટીમાં છેલ્લી ગલીમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું ધાબાબંધી જિનાલય આવેલું છે.

મધ્યમ કદનો રંગમંડપ સાદો છે. માણિભદ્રવીર, સુકુમાર યક્ષ, ચંડાદેવી યક્ષિણી તથા પદ્માવતીદેવીના ગોખ છે. શત્રુંજયનો પટ છે. ડિઝાઈનવાળી આરસની ફરસ ધ્યાનાકર્ષક છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ગભારામાં નાના શિખરની રચના છે. તેના પર મહા સુદ છઠની વર્ષગાંઠ નિમિત્તે ધજા ચડે છે. ૧૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા નયનરમ્ય છે. ડાબે ગભારે શ્રી નેમિનાથ તથા જમણે ગભારે શ્રી પાર્શ્વનાથ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૧**ના મહા સુદ છઠને તા૰ ૫-૨-૧૯૯૫ના દિને આ૰ શ્રી કુમુદચંદ્રસૂરિ તથા આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં શ્રી પ્રાણલાલ દેવચંદ દોશી પરિવારે કરેલ છે.

સં૰ ૨૦૫૪માં પ્રગટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં જણાવ્યા મુજબ – 'શાંતિનિકેતન સોસાયટીમાં બીજે માળ શ્રી પુણ્યામૃત ગૃહજિનાલય હતું. વાલોડિયા અમૃતલાલ તથા કુમુદચંદ્ર પરિવારે શ્રી સંઘને અર્પણ કર્યું. શ્રી સંઘે (શ્રી શાંતિનિકેતન સરદાર જૈન સંઘ ટ્રસ્ટ) પૂ૰ આ૰ શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિ મ૰ના ઉપદેશથી આમૂલચૂલ જીર્ણોદ્ધાર કરાવી આ જિનાલય બંધાવ્યું છે. મૂળનાયક બહુ પ્રાચીન છે. શ્રી સંપ્રતિ મહારાજના ભરાવેલા છે.'

પ્રતિમાની પ્રતિષ્ઠા સં૰ ૧૮૧૭ મહા સુદ ૨ની દર્શાવેલી છે. આ પ્રાચીન પ્રતિમાનો કડીબદ્ધ ઇતિહાસ નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

જોગાણીનગર, રાંદેર રોડ

૧૧૪. પાર્શ્વનાથ (સં૰ ૨૦૪૭)

રાંદેર રોડ પર આવેલ જોગાણીનગર સોસાયટીના કોમન પ્લોટમાં એક નાની રૂમમાં શ્રી શ્યામ સમેતશિખર પાર્શ્વનાથની ૧૧" ઊંચી આરસપ્રતિમા બિરાજે છે. તથા બે ધાતુપ્રતિમા પૈકી ૧૭" ઊંચી શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની શ્યામ ધાતુપ્રતિમા અને ૭" ઊંચી શ્રી શાંતિનાથની ધાતુપ્રતિમા છે. **સં૰ ૨૦૪૭**માં શ્રાવણ વદ ૭ને દિને આ પ્રતિમાઓ અહીં પધરાવેલ છે.

હાલ સોસાયટીના ખુલ્લા પ્લોટમાં જિનાલયના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે.

પાર્શ્વનાથની આ પ્રતિમા શ્યામ છે તથા સમેતશિખરના સંઘમાં સાથે લઈ જવામાં આવી હોવાથી શ્યામ સમેતશિખર પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિઠ્ઠલનગર સોસાયટી, રાંદેર રોડ

૧૧૫. વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૩ આસપાસ)

રાંદેર રોડ પર કડવા પાટીદારની વાડીની સામે વિઠ્ઠલનગર સોસાયટીમાં બં૰ નં૰ ૨૩માં શ્રી અરવિંદભાઈ વી૰ શાહ પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

નાની છત્રીવાળા આરસના ગોખમાં ૩" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની અંજનશલાકા કરાવેલ માત્ર એક ધાતુપ્રતિમા બિરાજે છે. ઘરદેરાસર **સં૰ ૨૦૫૩ આસપાસ**ના સમયનું છે.

• • •

પન્ના ટાવર, ન્યુ રાંદેર રોડ

૧૧૬. શીતલનાથ (સં૰ ૨૦૫૦)

રાંદેર રોડ ઉપર પાટીદાર વાડીની બાજુમાં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી શીતલનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

સં૰ ૨૦૫૪માં પ્રકટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૦**ના કારતક વદ ૧૦ના દિને આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ તથા શ્રી અશોકચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં સાંતાક્રુઝ, મુંબઈવાળા શ્રી પ્રવીણભાઈ પરમાનંદદાસ દડિયા પરિવાર દ્વારા કરવામાં આવી હોવાની નોંધ છે.

૨૭" ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની આરસપ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. અશોકાદેવી તથા બ્રહ્મયક્ષની આરસમૂર્તિઓના ગોખ છે.

જિનાલયનો વહીવટ શ્રી શીતલનાથ સ્વામી જૈન શ્વે૰ મૂ૰ પૂ જૈન સંઘ - પન્ના ટાવરના ટ્રસ્ટીઓ – શ્રી રતિલાલ બબલદાસ શાહ, શ્રી નરોત્તમભાઈ અમૃતલાલ શાહ તથા શ્રી પ્રવીણભાઈ બાબુલાલ શાહ હસ્તક છે.

• • •

શત્રુંજય ટાવર, રાંદેર રોડ

૧૧૭. આદેશ્વર (સં૰ ૨૦૫૦)

રાંદેર રોડ પર નવયુગ કૉલેજ પાસે શત્રુંજય ટાવરના કોમન પ્લોટમાં આરસનું બનેલું શ્રી આદેશ્વરનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

સાદા, મધ્યમ કદના રંગમંડપમાં શ્રી પ્રસન્નચંદ્ર વિજયજી મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિ, ગૌતમસ્વામી, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિઓ તથા શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુનિસુવ્રતસ્વામીની આરસપ્રતિમાના ગોખ છે.

એક ગર્ભદ્વાર છે. નાના ગભારામાં ૨૭" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની ભામંડલયુક્ત (પરિકરયુક્ત) મનોહર પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે.

મૂળનાયક પ્રતિમા પર **સં૰ ૨૦૫૦**ના કારતક વદ ૧૦ના રોજ મુનિશ્રી પ્રસન્નચંદ્રવિજય મ૰ સા૰ના શ્રેયાર્થે આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ તથા આ૰ શ્રી અશોકચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી જયંતિભાઈ છોટાલાલ શાહ (પાર્લા-મુંબઈ) પરિવાર દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે.

જિનાલયમાં કુલ પાંચ આરસપ્રતિમા છે. વહીવટ શ્રી સંઘ હસ્તક છે. ચૈત્રી પૂનમની જાત્રા નિમિત્તે ભાથા ખાતાની સગવડ છે.

સં૰ ૨૦૫૪માં પ્રકટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડ**માં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ તથા આ૰ શ્રી અશોકચંદ્રસૂરિ મ૰ સા૰ના સંસારી પિતા મુનિ શ્રી પ્રસન્નચંદ્રવિજય મહારાજની જન્મશતાબ્દીની સ્મૃતિમાં ગુરુગુણાનુરાગી ભક્તો તરફથી સારો સહયોગ મળતાં જિનાલયને શ્રી આદિજિન પ્રસન્ન – નામ આપવામાં આવ્યું છે.'

• • •

ગંગાનગર હા૰ સોસાયટી, પાલનપુર પાટિયા.

૧૧૮. મહાવીરસ્વામી (સં૰ ૨૦૫૦)

પાલનપુર પાટિયા, રાંદેર રોડ પર ગંગાનગર હા૰ સોસાયટીમાં અંદરના ભાગમાં બી-૭૮માં આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું સામરણયુક્ત નવીન જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૦**ના કારતક વદ ૧૦ને સોમવારે આ૰ શ્રી રાજતિલકસૂરિ મ૰ સા૰, આ૰ શ્રી મહોદયસૂરિ મ૰ સા૰ તથા આ૰ શ્રી પૂર્ણચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થઈ હતી. પ્રતિષ્ઠાનો લાભ ડૉ૰ ધુડાલાલ હાથીભાઈ ભણશાળી તથા ચંદ્રાબહેન ધુડાલાલ ભણશાળી પરિવારે લીધો હતો. તેઓએ પોતાના પુત્રો – શ્રેણિકકુમાર તથા હસમુખભાઈના આત્મશ્રેયાર્થે સ્વદ્રવ્યથી આ જિનાલય બંધાવ્યું છે.

૧૪x૪૫ ફૂટના પ્લોટમાં નીચે ઉપાશ્રય તથા ઉપરના માળે જિનાલય આવેલું છે. લંબચોરસ, નાનો રંગમંડપ છે. બે ગોખમાં માતંગયક્ષ અને સિદ્ધાયિકાદેવીની આરસમૂર્તિઓ છે.

મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા ૨૧" ઊંચી છે. પ્રતિમાલેખ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

જિનાલયના વહીવટદાર તરીકે શ્રી ધુડાભાઈ હાથીભાઈ ભણશાળી, શ્રી ચંદ્રકાન્તભાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રવચંદ સંઘવી તથા શ્રી ચંદ્રસેન ફકીરચંદ લાકડાવાળા સેવાઓ આપે છે.

સં૰ ૨૦૫૪માં સુરત તીર્થ વંદુ કર જોડમાં આ જિનાલયની બધી પ્રતિમા મલાડ (ઈસ્ટ) દેના બૅંક પાસેના જિનાલયમાંથી લાવવામાં આવી હોવાની નોંધ છે.

• • •

શૈલેષ સોસાયટી, પાલનપુર પાટિયા

૧૧૯. વિમલનાથ (સં૰ ૨૦૪૬)

પાલનપુર પાટિયા, રાંદેર રોડ પર શૈલેષ સોસાયટીમાં શ્રી વિમલનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે. જિનાલય ઉપરના માળે છે.

દાદર ચડતાં સામે જ શ્રી માણિભદ્રવીરનો ગોખ છે. બે પ્રવેશદ્વાર છે. રંગમંડપ મોટો છે. શ્રી વિમલનાથ તથા શ્રી સીમંધરસ્વામીના અધિષ્ઠાયક દેવ-દેવીઓના ગોખ છે.

ગભારાનું બાંધકામ નથી. પરંતુ તેટલો ભાગ જુદો તરી આવે તેવી રચના છે. ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. અહીં કુલ છ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે તથા શ્રી સીમંધરસ્વામીની એક આરસપ્રતિમા છે.

૧૭" ઊંચી મૂળનાયક શ્રી વિમલનાથની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'**વિ૰ સં૰ ૨૦૪૫** વૈશાખ શુક્લ ૧૦ ચંદ્રવાસરે શ્રી વિમલનાથ જિનબિંબં (હાલ-સુરત) ખુબચંદ લલ્લુભાઈ વીરવાડિયા શ્રેયાર્થે ભાર્યા તારાબેન સુપુત્ર બચુભાઈ, રમેશભાઈ પુત્રવધૂ અ૰ સૌ૰ ઈન્દિરાબેન - પૌત્રી અલ્પા, રૂપસ, મોના વીરવાડિયા પરિવારેણ નિર્માણ .. પ્રતિષ્ઠિતં ચ તપા૰ ..... શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરી, પટ્ટ આ૰ શ્રી સુબોધસાગરસૂરીશ્વરૈ આ૰ શ્રી મનોહર-કીર્તિસાગર સૂરિભિઃ આદિ સૂરીશ્વરૈઃ સહિતૈઃ .....'

૧૩" ઊંચી શ્રી સીમંધરસ્વામીની પ્રતિમા પરના લેખમાં આ૰ શ્રી પ્રેમસૂરિના શિષ્ય આ૰ શ્રી જયઘોષસૂરિના શિષ્ય શ્રી અક્ષયબોધિવિજય મ૰ સા૰નું નામ વાંચી શકાય છે.

શ્રી બચુભાઈ ખૂબચંદ વીરવાડિયા પરિવાર દ્વારા સ્વદ્રવ્યથી આ જિનાલય બંધાવવામાં આવ્યું છે. વહીવટ વીરવાડિયા પરિવાર હસ્તક હતો. આ૰ શ્રી જયઘોષસૂરિ મ૰ સા૰ની પ્રેરણાથી સં૰ ૨૦૫૪માં જિનાલય શ્રી પાલનપુર પાટિયા જૈન શ્વે૰ મૂ૰ સંઘને અર્પણ કર્યું છે. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ મ૰ સા૰ની પ્રેરણાથી **સં૰ ૨૦૫૫**માં માગશર વદ ૧ને તા૰ ૪-૧૨-૧૯૯૮ને શુક્રવારના રોજ આ૰ શ્રી જયઘોષસૂરિની નિશ્રામાં સામરણયુક્ત જિનાલયમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. હાલ જિનાલયની વર્ષગાંઠ માગશર વદ એકમના દિને ઊજવવામાં આવે છે. વહીવટદાર તરીકે શ્રી ચંપકલાલ મણિલાલ શાહ, શ્રી ગુણવંતભાઈ દુર્લભભાઈ શાહ તથા શ્રી ભદ્રેશભાઈ જે૰ શાહ સેવાઓ આપે છે.

સં૰ ૨૦૫૪માં પ્રકટ થયેલ **સુરત તીર્થ વંદુ કર જોડમાં** આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૦૪૬ મહા સુદ ૬ના રોજ આ૦ શ્રી વિજયકુમુદચંદ્રસૂરિ મ૦ સા૦, આ૦ શ્રી વિજયપ્રબોધચંદ્ર-સૂરિની નિશ્રામાં થઈ હોવાની નોંધ છે. તે સંદર્ભમાં જિનાલયનો સમય સં૦ ૨૦૪૬ છે.

• • •

અડાજણ પાટિયા, રાંદેર રોડ

૧૨૦. શંખેશ્વર પાર્શ્વનાથ (સં૦ ૨૦૩૯)

અડાજણ પાટિયા, રાંદેર રોડ મેઈન રોડ પર આરસનું બનેલું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ત્રણ માળનું, શિખરબંધી, ભવ્ય જિનાલય આવેલું છે.

જિનાલયના કંપાઉંડમાં શ્રી માણિભદ્રવીરની દેવકુલિકા, જિનાલયની પેઢીની ઑફિસ અને પરબ છે. જિનાલયનો રંગમંડપ વિશાળ છે. સ્થંભો વચ્ચે રંગીન કોતરણીયુક્ત તોરણો છે. બન્ને બાજુ ગોખમાં પદ્માવતીદેવી તથા પાર્શ્વયક્ષની આરસમૂર્તિઓ છે. છત પર પાર્શ્વનાથ ભગવાનના નવ ભવ અને પાંચ કલ્યાણકનું સુંદર ચિત્રકામ છે. અન્ય એક ગોખમાં આ૦ શ્રી નેમિસૂરીશ્વરજી મ૦ સા૦ની આરસની ગુરુમૂર્તિ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા ૫૧" ઊંચી છે. કુલ અગિયાર આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. ડાબે ગભારે શ્રી જીરાવલા પાર્શ્વનાથ તથા જમણે ગભારે શ્રી નાકોડા પાર્શ્વનાથ છે. મૂળનાયકની પ્રતિમા પર સં૦ ૨૦૩૯ના વૈશાખ સુદ ૧૧ના રોજ શ્રીમદ્ વિજયચંદ્રોદયસૂરીશ્વર મ૦ સા૦ તથા શ્રીમદ્ અશોકચંદ્રસૂરીશ્વર મ૦ સા૦ની નિશ્રામાં શ્રી કનૈયાલાલ સોભાગચંદ પરીખ પરિવાર દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે.

ઉપરના માળે રંગકામયુક્ત શિખરમાં ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન – શાશ્વતા જિનેશ્વરની આરસની ચૌમુખી પ્રતિમા છે.

ભોંયરામાં મધ્યે પથ્થરમાંથી બનાવેલ શ્રી શત્રુંજય તીર્થની આબેહુબ રચના છે જેમાં આકર્ષક રંગકામ થયેલું છે. ડાબી બાજુ શ્રી પુંડરીકસ્વામી તથા જમણી બાજુ શ્રી આદેશ્વરની આરસપ્રતિમા કમલાસન પર બિરાજે છે. તે પૈકી શ્રી પુંડરીકસ્વામીની પ્રતિમા પર સં૦ ૨૦૫૦માં શ્રીમદ્ વિજયઅશોકચંદ્રસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવ્યાનો તથા આદેશ્વરની પ્રતિમા પર સં૦ ૨૦૫૦માં શ્રીમદ્ વિજયચંદ્રોદયસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા થયાનો લેખ છે. અહીં ચારેબાજુ દીવાલે લેમીનેશન કરેલાં ૧૦૮ પાર્શ્વનાથના ફોટા મૂકવામાં આવ્યા છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ગભારામાં અગિયાર આરસપ્રતિમા, ભોંયરામાં બે અને ઉપરના માળે ચૌમુખજીની એક પ્રતિમા – એમ કુલ ચૌદ આરસપ્રતિમા છે. વહીવટદાર તરીકે શ્રી કાલિદાસ કાંતિલાલ શાહ, શ્રી નગીનલાલ કસ્તુરચંદ શાહ તથા શ્રી જયકુમાર લલ્લુભાઈ શાહ સેવાઓ આપે છે. દર કાર્તિકી પૂનમે ભાથું આપવામાં આવે છે. જિનાલયની પાછળ આરાધના ભવન તથા કાયમી વર્ધમાન તપ આયંબિલ શાળા છે અને તેની બાજુમાં શ્રાવિકાનો ઉપાશ્રય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટૂંકમાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૯માં થયેલી છે. ભોંયરામાં બિરાજમાન શ્રી આદેશ્વર તથા શ્રી પુંડરીકસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૫૦નો લેખ છે.

• • •

મકનજી પાર્ક, અડાજણ પાટિયા

૧૨૧. સીમંધરસ્વામી (સં૰ ૨૦૫૪)

અડાજણ પાટિયા, વિવેકાનંદ પુલના નાકે મકનજી પાર્કમાં શ્રી મકનજી પાર્ક શ્વે૰ મૂ૰ જૈન સંઘે બંધાવેલું શ્રી સીમંધરસ્વામીનું ધાબાબંધી નૂતન જિનાલય આવેલું છે.

૧૫'' ઊંચી મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૪માં વૈશાખ સુદ ૧૨ના દિને આ૰ શ્રી જયઘોષસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી ગુણવંતભાઈ શાહ પરિવાર દ્વારા કરવામાં આવી છે.

• • •

અંકુર સોસાયટી, અડાજણ પાટિયા

૧૨૨. નમિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૭)

અડાજણ પાટિયા, રવીન્દ્ર પાર્કની પાછળ અંકુર સોસાયટીમાં ૨૧ નં૰માં કાલીદાસભાઈ શાહ પરિવારનું શ્રી નમિનાથનું ઘરદેરાસર આવેલું છે.

મૂળનાયક શ્રી નમિનાથની પંચતીર્થી ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૭માં માગશર સુદ ૬ને દિને થયેલ છે.

• • •

દીપા કોમ્પ્લેક્ષ, અડાજણ રોડ

૧૨૩. વિમલનાથ

અડાજણ રોડ પર દીપા કોમ્પ્લેક્ષમાં શ્રી વિમલનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે. હાલ જિનાલયના બાંધકામનું કાર્ય ચાલુ છે. શ્રી વરધીલાલ મનસુખભાઈ ગાંધી પરિવાર દ્વારા સ્વદ્રવ્યથી આ જિનાલય બાંધવામાં આવ્યું છે. પ્રતિષ્ઠા બાકી છે.

૨૭'' ઊંચી મૂળનાયક શ્રી વિમલનાથની પ્રતિમા મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવશે. ડાબી બાજુ શ્રી વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ શ્રી શાંતિનાથની આરસપ્રતિમા બિરાજમાન થશે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંઘવી ટાવર-૨, અડાજણ રોડ

૧૨૪. કુંથુનાથ

અડાજણ રોજ ઉપર સરદાર બ્રીજની બાજુમાં સંઘવી ટાવર-૨માં શ્રી કુંથુનાથના શિખરબંધી જિનાલયના બાંધકામની કામગીરી ચાલી રહી છે. સેવંતીભાઈ રવચંદભાઈ કકલચંદ સંઘવી પરિવાર તરફથી ફાળવવામાં આવેલી જમીનમાં સં૰ ૨૦૫૩ના વૈશાખ સુદ ૧૦ના રોજ જિનાલયનું ખાતમુહૂર્ત થયું છે. સં૰ ૨૦૫૩ના આસો વદ ૮ના દિને ઝાલોરથી લાવેલ ૧૭" ઊંચી શ્રી કુંથુનાથની આરસપ્રતિમા હાલ મધ્યમ કદની એક રૂમમાં પરોણાગત છે. આજુબાજુમાં એક પંચતીર્થી અને એક ચોવીસી – એમ કુલ બે ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા બાકી છે.

• • •

ઈશિતા પાર્ક, અડાજણ રોડ

૧૨૫. આદેશ્વર

અડાજણ રોડ પર સંઘવી ટાવર પાછળ, સરદાર બ્રીજની બાજુમાં આવેલ ઈશિતા પાર્કમાં બે માળનું મકાન છે. નીચે સ્વાધ્યાયખંડ અને ઉપરના માળે હાલમાં શ્રી આદેશ્વરની ૧૧" ઊંચી આરસપ્રતિમા પરોણા બિરાજે છે તથા એક ધાતુપ્રતિમા છે. હાલ વહીવટ પુણ્યપાવન જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી જયેશભાઈ યુ૰ શાહ, શ્રી બાબુભાઈ એમ૰ પરીખ તથા શ્રી સુરેશભાઈ સી૰ શાહ દ્વારા થાય છે.

નોંધ : ભવિષ્યમાં મૂળનાયક તરીકે શ્રી શીતલનાથની પ્રતિમા બિરાજમાન થશે.

• • •

રીવેરા ટાવર, અડાજણ રોડ

૧૨૬. વિઘ્નહર પાર્શ્વનાથ (સં૰ ૨૦૫૦)

અડાજણ રોડ ઉપર સરદાર પુલના નાકે, લાલજીનગર પાસે રીવેરા ટાવરમાં ખૂણામાં લાલ-સફેદ રંગનું, સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી વિઘ્નહર પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

રંગમંડપ મધ્યમ કદનો છે. ચક્રેશ્વરીદેવી, ગૌતમસ્વામી, પદ્માવતીદેવી તથા આ૰ શ્રી વિજયકસ્તુરસૂરિજીની ગુરુમૂર્તિના ગોખ છે. બહાર માણિભદ્રવીરની દેરી છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૭" ઊંચી (ફણા સાથે ૨૧") મૂળનાયક શ્રી વિઘ્નહર પાર્શ્વનાથની સપરિકર પ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે. જમણે ગભારે શ્રી આદેશ્વર તથા ડાબે ગભારે શ્રી શાંતિનાથ છે. મૂળનાયકની જમણી બાજુ શ્રી કુંથુનાથ તથા જમણી બાજુ શ્રી સુપાર્શ્વનાથ છે. સ્થાનિક માહિતી પ્રમાણે મૂળનાયક પ્રતિમા અમદાવાદથી તથા અન્ય પ્રતિમા પાલીતાણાથી લાવી અત્રે પ્રતિષ્ઠિત કરેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૦ના કારતક વદ ૭ના દિને આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ, આ૰ શ્રી અશોકચંદ્રસૂરિની નિશ્રામાં શ્રી ધરમભાઈ પદમશીભાઈ શાહ (નાવડાવાળા) પરિવાર દ્વારા કરવામાં આવી છે.

• • •

અક્ષરજ્યોત એપાર્ટમેન્ટ, અડાજણ રોડ

૧૨૭. વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૫૩)

અડાજણ રોડ પર ભુલકા ભુવનની બાજુમાં આવેલ અક્ષરજ્યોત એપાર્ટમેન્ટમાં એક નાની રૂમમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું નૂતન જિનાલય આવેલું છે.

સં૰ ૨૦૫૩ના અષાઢ સુદ ૯ના દિને આ૰ શ્રી અશોકસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી બાબુભાઈ વિનોદભાઈ શાહ પરિવાર દ્વારા ૧૫" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની આરસપ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. હાલ અહીં મૂળનાયકની આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે.

વહીવટ શ્રી અક્ષરજ્યોત શ્વે૰ મૂ૰ જૈન સંઘ હસ્તક છે. શિખરબંધી જિનાલય બનાવવાની યોજના છે. સંઘમાં આશરે ૪૦ ઘર છે.

• • •

ખટોદરા કૉલોની, ઉધના, શાસ્ત્રીનગર

૧૨૮. અજિતનાથ (સં૰ ૨૦૫૩)

શાસ્ત્રીનગર, ખટોદરા કૉલોનીમાં આરસનું બનેલું શ્રી અજિતનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈના જણાવ્યા અનુસાર – કલિકુંડ તીર્થોદ્ધારક શ્રી રાજેન્દ્રસૂરિના આશીર્વાદથી શ્રી શાસ્ત્રીનગર શ્વે૰ મૂ૰ જૈન સંઘની સ્થાપના કરવામાં આવી અને ત્યારબાદ તેમની પ્રેરણાથી શ્રી નંદલાલ ગભરૂભાઈના ફ્લેટમાં ઘરદેરાસર કરવાનો નિર્ણય કર્યો અને અણસ્તુ મુકામે પ્રતિષ્ઠાના દિવસે શ્રી શ્રેયાંસનાથની ધાતુપ્રતિમાની અંજનવિધિ કરી વાજતે ગાજતે સુરત મુકામે ઘરદેરાસરમાં પધરાવવામાં આવી. ત્યારપછી પૂજ્યશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી નૂતન જિનાલય બનાવવાનો નિર્ણય થયો અને ચાર વર્ષના ટૂંકા ગાળામાં નૂતન જિનાલય તૈયાર કરવામાં આવ્યું. તે માટે વિવિધ સંઘો તથા આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી ઘણો જ સહકાર મળ્યો અને સં૰ ૨૦૫૩ના આસો વદ ૮ને તા૰ ૨૩-૧૦-૯૭ના ગુરુવારના રોજ જિનાલયની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઊજવવામાં આવ્યો.

૨૫" ઊંચી શ્રી અજિતનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા આ૰ શ્રી વિજયરાજેન્દ્રસૂરિની નિશ્રામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલાવતીબેન ભોગીલાલ શ્રોફ તથા રમીલાબહેન જયંતિલાલ કાપડિયા પરિવાર દ્વારા કરવામાં આવી છે. જિનાલય સાદું છે. એક પ્રવેશદ્વાર તથા ત્રણ ગર્ભદ્વાર છે. રંગમંડપમાં માણિભદ્રવીર તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓના ગોખ છે. ગભારામાં કુલ ત્રણ આરસ-પ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

આજે જિનાલયનો વહીવટ શ્રી શાસ્ત્રીનગર શ્વે૦ મૂ૦ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી નંદલાલ ગભરૂભાઈ શાહ, શ્રી નવીનચંદ્ર શીવલાલ પારેખ તથા શ્રી અરવિંદભાઈ હિંમતલાલ શાહ હસ્તક છે.

• • •

અંબર કૉલોની, હરિનગર, ઉધના

૧૨૯. આદેશ્વર (સં૦ ૨૦૫૨)

ઉધના હરિનગરમાં આવેલ અંબરકૉલોનીમાં ઉપાશ્રયના ઉપરના માળે શ્રી આદેશ્વરનું જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૦ ૨૦૫૨**ના માગશર વદ ૧ના દિને શ્રી ચંદ્રશેખરવિજયજી મ૦ સા૦ની નિશ્રામાં કરવામાં આવી છે. ઉપાશ્રયના ઉપરના માળે મોટો ચોરસ રૂમ છે. તેમાં નાના ઘુમ્મટયુક્ત ગભારાની રચના છે. ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની આરસપ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. આ ત્રણેય પ્રતિમા ભરૂચ તીર્થથી લાવવામાં આવેલ છે. નાકોડા ભૈરવ તથા ગૌતમસ્વામીના ગોખ છે.

મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા પરનો લેખ ઘસાઈ ગયો છે. ફાગણ સુદી ૫ મુજબનું ત્રુટક લખાણ વાંચી શકાય છે. તેની જમણી બાજુ બિરાજમાન શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર 'સં૦ ૧૮૫૬ વૈ૦ સુ૦ ૬....' – મુજબનો લેખ છે તથા ડાબી બાજુ બિરાજમાન શ્રી પાર્શ્વનાથની પ્રતિમાનો લેખ ઘસાઈ ગયો હોવાથી વાંચી શકાતો નથી.

• • •

ઉધના, ઉદ્યોગનગર

૧૩૦. વાસુપૂજ્યસ્વામી (સં૦ ૨૦૫૪)

ઉધના, ઉદ્યોગનગર એમ૦ જી૦ રોડ નં૦ ૧૨ પર ગાયત્રી સિનેમા પાસે આરસનું બનેલું શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પૂર્વે સં૦ ૨૦૩૭ ફાગણ સુદ ૩ થી સં૦ ૨૦૫૩ જેઠ વદ ૧૨ સુધી શ્રી છોટાલાલ મોહનલાલની ફૅક્ટરીના ઘરદેરાસરમાં પ્રતિમા બિરાજમાન હતી. ત્યારબાદ નૂતન શિખરબંધી જિનાલય બનાવી તેમાં **સં૦ ૨૦૫૪**માં માગશર સુદ ૬ના દિને શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિષ્ઠા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ૦ શ્રી કુમુદચંદ્રસૂરિ તથા આ૦ શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં શર્મિષ્ઠાબહેન વિનોદભાઈ ઝવેરી પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

નાના ગભારામાં ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની સપરિકર પ્રાચીન પ્રતિમા છે. મૂર્તિલેખ નથી. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. ડાબી બાજુ શ્રી કુંથુનાથ તથા જમણી બાજુ શ્રી મુનિસુવ્રતસ્વામીની આરસપ્રતિમા પર સં૦ ૨૦૫૩નો લેખ છે.

• • •

ઉધના, ઉદ્યોગનગર

૧૩૧. પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૦ ૨૦૩૮)

ઉધના, ઉદ્યોગનગર જવાહર રોડ નં૦ ૩ ઉપર જી૦ ઈ૦ બી૦ની બાજુમાં શ્રી કાંતિભાઈ ચુનીલાલ દોશી પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

૧૧'' ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની ધાતુપ્રતિમા સહિત કુલ બે ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૦ ૨૦૩૮માં આ૦ શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં થયેલ છે. વહીવટ શ્રી નવીનચંદ્ર જશવંતલાલ દોશી પરિવાર દ્વારા થાય છે.

• • •

ભટાર રોડ

૧૩૨. વાસુપૂજ્યસ્વામી

ભટાર રોડ ઉપર એલ૦ બી૦ ટોકીઝ સામે, આકાશ દર્શન ફ્લેટની બાજુમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું નાનું છાપરાબંધી જિનાલય આવેલું છે.

નાકોડા ભૈરવજી તથા માણિભદ્રવીરની મૂર્તિઓ છે. તેના પર સં૦ ૨૦૪૩માં મહા સુદ ૧૩ને દિને પાંચડા(બનાસકાંઠા)ના બેચરદાસ મેઘજીની પુત્રી કાંતાબેન, તારાબેન દ્વારા પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

૨૫'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી ઉપર '.... પ્રબોધચંદ્રસૂરિભિઃ .... મહા સુદ ૧૩ .....' વંચાય છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા છે. મૂળનાયકની આજુબાજુની બન્ને આરસપ્રતિમા પરના લેખમાં પાંચડા(બનાસકાંઠા)નો ઉલ્લેખ છે. આ પ્રતિમાઓ પાંચડા(બનાસકાંઠા)થી અંજનશલાકા કરી અત્રે પધરાવ્યા હોઈ શકે. પ્રતિષ્ઠા બાકી હોવાથી પ્રતિમા પરોણા રાખેલ છે. બે વર્ષ બાદ શિખરબંધી જિનાલય બનાવવાની યોજના છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ધમાન કોમ્પ્લેક્ષ, ભટાર રોડ

૧૩૩. શંખેશ્વર પાર્શ્વનાથ

ભટાર રોડ પર વર્ધમાન કોમ્પ્લેક્ષમાં શિખરબંધી જિનાલય આવેલું છે. શ્રી મંછાભાઈ તારાચંદ શાહ (સોનીગરા) પરિવારે આ જિનાલય બંધાવેલ છે. ૧૩" ઊંચી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરસપ્રતિમા પરોણાગત છે. બે ધાતુપ્રતિમા છે.

નોંધ : તા૰ ૨૯-૪-૨૦૦૧ વૈશાખ સુદ ૬ રવિવારે આ૰ શ્રી રાજયશસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠા થશે. તથા શ્રી સંભવનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા થશે.

• • •

મોડેલ ટાઉન, ડુંભાલ

૧૩૪. શાંતિનાથ (સં૰ ૨૦૫૧)

સુરતથી કડોદરા જવાના રસ્તે સુરત રેલવે સ્ટેશનથી ૩-૪ કિ૰ મી૰ના અંતરે પુણા કુંભારિયા રોડ પર ડુંભાલ મોડેલ ટાઉનમાં સફેદ આરસ તથા પથ્થરનું બનેલું રથાકારનું શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૧માં ફાગણ સુદ ચોથને તા૰ ૫-૩-૧૯૯૫ના રોજ શ્રી અશોકસાગર મ૰ સા૰(હાલ આચાર્ય)ની નિશ્રામાં ઓસવાલ જ્ઞાતિના શ્રી શાંતિચંદ છગનચંદ ઝવેરી દ્વારા કરવામાં આવી છે.

શ્રી આનંદસાગરસૂરિની ગુરુમૂર્તિની તથા નાકોડાભૈરવની દેરી છે. માણિભદ્રવીર તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિઓ છે. ૧૭" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર સં૰ ૨૦૫૧નો લેખ છે. ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી અને પાર્શ્વનાથ તથા જમણી બાજુ આદેશ્વર અને મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે.

વહીવટ શ્રી શાંતિનાથ જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી શાંતિચંદ છગનભાઈ ઝવેરી, શ્રી રવીન્દ્રકુમાર ધામચંદ સીંગી તથા શ્રી નરેન્દ્રભાઈ માનમલજી હસ્તક છે.

• • •

ગામ - વેસુ, તાલુકો - ચોર્યાસી

૧૩૫. શ્રી સોમેશ્વરા પાર્શ્વનાથ (સં૰ ૨૦૫૫)

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં ઉધના મગદલ્લા રોડ પર વેસુ ગામ આવેલું છે. અહીં કુલ સાત જૈન કુટુંબો વસે છે. અહીં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પાસે સોમેશ્વરા એન્ક્લેવમાં આરસ તથા સાદા પથ્થરનું શ્રી સૂરજમંડન પાર્શ્વનાથનું શિખરબંધી નૂતન જિનાલય આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૫**માં માગશર સુદ બીજના રોજ થયેલ છે. ૪૧'' ઊંચી શ્રી સૂરજમંડન પાર્શ્વનાથની આરસપ્રતિમા પર સં૰ ૨૦૫૨નો લેખ છે. પ્રતિમાની અંજનશલાકા મુંબઈ ગોરેગાંવમાં થયેલ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. ડાબા ગભારે શાંતિનાથ તથા જમણા ગભારે આદેશ્વર છે. ઉપરાંત શ્રી પુંડરીકસ્વામી તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે. પદ્માવતીદેવી તથા ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિ છે. તેના પર વાસક્ષેપ પૂજા થાય છે.

જિનાલયનો વહીવટ શ્રી સોમેશ્વરા પાર્શ્વનાથ જિનાલય ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી હસમુખભાઈ શંકરચંદ શાહ તથા શ્રી રમેશભાઈ શંકરચંદ શાહ હસ્તક છે.

• • •

ડુમસ, તાલુકો - ચોર્યાસી

૧૩૬. શ્રી આદેશ્વર (સં૰ ૧૯૫૪ આસપાસ)

ડુમસ નાની ચોપાટી રોડ, પોલીસ ચોકી પાસે વિજયબાગમાં કાષ્ઠ તથા આરસનું બનેલું શ્રી આદેશ્વરનું છાપરાબંધી ઘરદેરાસર આવેલું છે. પાસે મુક્તેશ્વર મહાદેવનું મંદિર છે.

૩'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પંચતીર્થી પ્રતિમા સહિત કુલ ત્રણ ધાતુપ્રતિમા છે. મહાવીરસ્વામી તથા પાર્શ્વનાથની બે આરસપ્રતિમાની અંજનશલાકા થયેલ નથી. વહીવટ કુમુદબહેન શાહ હસ્તક છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સચીન તાલુકામાં ડુમસમાં શ્રી આદેશ્વરના શિખર વિનાના જિનાલયનો ઉલ્લેખ છે. બંધાવનારના નામમાં સંઘવી શેઠ ધર્મચંદ ઉદેચંદના નામનો ઉલ્લેખ છે. તે સમયે કુલ ત્રણ ધાતુપ્રતિમા હતી. સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં સુરતથી ૧૨ માઈલ દૂર ડુમસ, વિજયબાગ ધરમચંદની વાડીમાં શ્રી આદેશ્વરના ઘરદેરાસરનો ઉલ્લેખ થયો છે. તે સમયે કુલ ત્રણ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૫૪માં શેઠ ધરમચંદ ઉદયચંદે આ ઘરદેરાસર બંધાવ્યું હોવાનો ઉલ્લેખ છે. વહીવટ છોટુભાઈ ગુલાબચંદ હસ્તક હતો અને ઘરદેરાસરની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જણાવ્યા મુજબ આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૫૪ આસપાસ**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરત જિલ્લાનાં જિનાલયો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - ઓલપાડ, તાલુકો - ઓલપાડ

૧. શ્રી શાંતિનાથ (સં૰ ૧૮૪૪ આસપાસ)

સુરત શહેરથી ૧૮ કિ૰ મી૰ના અંતરે અને સાયણ રેલવે સ્ટેશનથી ૧૩ કિ૰ મી૰ના અંતરે ઓલપાડ ગામ આવેલ છે. ગામમાં કરસનપરામાં શ્રી શાંતિનાથનું આશરે ૧૧૫ વર્ષ પ્રાચીન શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયની સ્થિતિ જીર્ણ થઈ ગયેલ હોવાથી હાલ જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે.

ગામમાં આશરે ૨૦ જૈન કુટુંબો રહે છે. શ્રાવક-શ્રાવિકાનો કોમન ઉપાશ્રય છે અને તેમાં જ પાઠશાળા ચાલે છે. જ્ઞાનભંડારમાં આશરે પચાસેક પુસ્તકો છે તથા એક ધર્મશાળા છે.

મૂળનાયક શ્રી શાંતિનાથની ૩૧" ઊંચી નયનરમ્ય આરસપ્રતિમા પર સં૰ ૧૮૪૪નો લેખ છે. કુલ નવ આરસપ્રતિમા પૈકી એક શ્યામ આરસપ્રતિમા છે. તથા ત્રણ ધાતુપ્રતિમા છે. પદ્માવતીદેવી તથા ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિઓ છે. જમણા ગભારે શીતલનાથ તથા ડાબા ગભારે આદેશ્વર છે. ગૌતમસ્વામીની ધાતુમૂર્તિ છે. મૂળનાયક શાંતિનાથની આજુબાજુ બિરાજમાન શ્રી અજિતનાથ તથા શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર પણ સં૰ ૧૮૪૪નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સાયણ સ્ટેશનથી ૯ માઈલ દૂર તાલુકા ઓરપાડના ગામ ઓરપાડના કરસનપરામાં શિખર વિનાનું શાંતિનાથનું એક જિનાલય વિદ્યમાન હતું. તે સમયે આઠ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા હતી. જિનાલયના મકાનની સ્થિતિ જીર્ણ દર્શાવી હતી. તથા બંધાયા સંવતમાં સં૰ ૧૮૪૪નો ઉલ્લેખ હતો.

શ્રી સુરત ધરમચંદ ઉદયચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડ દ્વારા ઓરપાડના જિનાલયમાં રકમ આપ્યાની નોંધ સં૰ ૧૯૮૯માં **સુરત ચૈત્યપરિપાટી**માં પૃ૰ ૪૯ ઉપર છે. એટલે કે તે સમયે આ જિનાલય વિદ્યમાન હતું.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં નંદનબારથી ૯ માઈલ દૂર ઓલપાડ ગામના કરસનપરામાં આવેલ શાંતિનાથના આ શિખરબંધી જિનાલયમાં નવ આરસપ્રતિમા, બે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા તથા એક ચોવીસી રજતપટનો ઉલ્લેખ મળે છે. તે સમયે જિનાલય બંધાયા સંવત ૧૯૭૧ તથા વહીવટદાર તરીકે શેઠ રમણલાલ દેવચંદનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સાધારણ દર્શાવી હતી. ગામમાં ૧૦૦ જૈનો તથા એક ઉપાશ્રય હતા.

હાલ જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ તેરશના દિને ઊજવવામાં આવે છે. વહીવટ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-ઓલપાડના ટ્રસ્ટીઓ – શ્રી બાબુલાલ છમનાજી રોવાડાવાલા, શ્રી પ્રફુલચંદ્ર નગીનચંદ્ર શાહ, શ્રી ભીખુભાઈ રાયચંદ શાહ, શ્રી પ્રકાશકુમાર હિંમતમલ શાહ અને શ્રીમતી સુશીલાબહેન રમણલાલ શાહ હસ્તક છે.

સં૰ ૧૮૪૪માં જિનાલય બંધાયું હોવાનો ઉલ્લેખ **સં૰ ૧૯૬૩**માં થયેલ છે. ઉપરાંત **સં૰ ૧૯૬૩**માં આ જિનાલયની સ્થિતિ જીર્ણ હતી. મૂળનાયકની પ્રતિમા પર સં૰ ૧૮૪૪નો લેખ છે. અમારી માન્યતા પ્રમાણે જિનાલય **સં૰ ૧૮૪૪ની આસપાસ**નું છે.

• • •

ગામ - કીમ, તાલુકો - ઓલપાડ

૨. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૨૦૨૫)

ઓલપાડ તાલુકા મથકથી આશરે ૨૪ કિ૰ મી૰ના અંતરે કીમ ગામ આવેલું છે. અહીં રેલવે સ્ટેશન છે. હાલ ગામમાં જ રહેતાં હોય તેવાં જૈન કુટુંબોની સંખ્યા ૨૮ છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ગામની ત્રણ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે.

અહીં મેઇન રોડ પર આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી મુનિસુવ્રતસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. પશ્ચિમાભિમુખ જિનાલય નાનું અને સુંદર છે. જાળીવાળા પ્રવેશદ્વારની બંને બાજુ હાથી તથા કમાન પર શ્રી સરસ્વતીદેવીનું શિલ્પ છે. તેના પરનું રંગકામ જીર્ણ છે. હાલ આ પ્રવેશદ્વાર બંધ છે. બીજો જાળીવાળો પ્રવેશદ્વાર જિનાલયની સામે છે. અહીંથી પ્રવેશતાં આપણી ડાબી બાજુ શ્રાવક-શ્રાવિકાના – એમ બે ઉપાશ્રય છે. એક ઉપાશ્રયના બીજા માળે વાડી છે. જ્ઞાનભંડારમાં આશરે ૨૦૦ પ્રિન્ટેડ પુસ્તકો છે.

જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૫માં તા૰ ૨૨-૫-૬૯ના જેઠ સુદ છઠના દિને આ૰ શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

ત્રણ ચોકીવાળી શૃંગારચોકીમાં ડાબી બાજુની દીવાલે શિલાલેખ છે. રંગમંડપમાં આજુબાજુ અન્ય બે દ્વાર છે. સ્થંભો પર વાજિંત્ર સહિતની નારી શિલ્પાકૃતિઓ છે. દીવાલે શત્રુંજય, ગિરનાર, સમેતશિખર અને નવપદજીના આરસમાં કોતરેલ તથા ચિત્રિત કરેલ પટ છે. સામ-સામે બે ગોખ પૈકી એક ગોખમાં વરુણયક્ષ અને બીજા ગોખમાં નરુદત્તાયક્ષિણીની આરસમૂર્તિ છે.

એક ગર્ભદ્વાર છે. મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા ૧૭" ઊંચી છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયની વર્ષગાંઠ જેઠ સુદ છઠના દિવસે ઊજવાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. સ્થિતિ મધ્યમ છે. વહીવટ શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી નાનચંદ ઝવેરચંદ શાહ, શ્રી રમેશચંદ્ર દેવચંદ શાહ તથા શ્રી બાબુલાલ હીરાચંદ શાહ હસ્તક છે.

જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૨૫**માં થયેલ છે.

• • •

ગામ - સાયણ, તાલુકો - ઓલપાડ

૩. શ્રી કુંથુનાથ (સં૰ ૨૦૪૧) – શ્રી નમિનાથ (સં૰ ૧૯૫૭)

ઓલપાડ તાલુકા મથકથી ૧૭ કિ૰ મી૰ના અંતરે સાયણ ગામ આવેલું છે. અહીં રેલવે સ્ટેશન છે. અહીં હાલ ૨૦ જૈન કુટુંબો છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ત્રણ વ્યક્તિઓએ દીક્ષા લીધી છે.

ગામમાં બ્રાહ્મણ ફળિયામાં, પંચાયતઘરની બાજુમાં શ્રી કુંથુનાથ - શ્રી નમિનાથનું બે માળનું, ભોંયરાયુક્ત, શિખરબંધી સંયુક્ત જિનાલય આવેલું છે. જિનાલય પૂર્વાભિમુખ છે. ફળિયામાં જ ઉપર-નીચે બે માળનો શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય આવેલો છે.

જિનાલય ધાંગધ્રાના પથ્થરનું બનેલું છે. ડાબી બાજુ પદ્માવતીદેવીની દેવકુલિકા તથા જમણી બાજુ માણિભદ્રવીરની દેવકુલિકા છે. ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં સ્થંભો પર વિવિધ મુદ્રામાં નારીશિલ્પો છે. આ૰ શ્રી નેમિસૂરિ મ૰ સા૰, યક્ષિણી, ગૌતમસ્વામી અને ગંધર્વયક્ષની આરસમૂર્તિઓના ગોખ છે. ગૌતમસ્વામીની મૂર્તિ પર સં૰ ૧૯૪૩નો લેખ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. મૂળનાયક શ્રી કુંથુનાથની ૨૫" ઊંચી પ્રતિમા પર સં૰ ૨૦૪૨નો લેખ છે. કુલ સાત આરસપ્રતિમા તથા ચૌદ ધાતુપ્રતિમા છે. જમણે ગભારે શ્રી સુમતિનાથ તથા ડાબે ગભારે શ્રી અમીઝરા પાર્શ્વનાથ છે. મૂર્તિલેખ છે.

ભોંયરામાં દીવાલો પર પાવાપુરી, નવપદજી, શત્રુંજય, સમેતશિખર તથા ગિરનાર જેવા પટ છે. અહીં પ્રતિમા નથી.

ઉપર શિખરમાં શ્રી નમિનાથની ૧૫" ઊંચી પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા છે. નમિનાથની પ્રતિમા પર લેખ નથી.

સ્થાનિક માહિતી પ્રમાણે અહીં ૮૦ વર્ષ પૂર્વે ઘરદેરાસર હતું. સં૰ ૨૦૪૨માં ફાગણ સુદ બીજના દિને આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ તથા આ૰ શ્રી અશોકચંદ્રસૂરિની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં સાયણ ગામના બ્રાહ્મણફળિયામાં નમિનાથના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ છે. તે સમયે કુલ ત્રણ આરસપ્રતિમા, અગિયાર ધાતુપ્રતિમા તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શત્રુંજયનો એક પટ હતો. વહીવટ શેઠ નગીનદાસ પાનાચંદ શાહ હસ્તક હતો. જિનાલય બીજે માળ હતું. સ્થિતિ સાધારણ હતી. તે સમયે ગામમાં કુલ ૪૦ જૈનો તથા એક ઉપાશ્રય હતા. સં૰ ૧૯૫૭માં શ્રી સંઘ દ્વારા જિનાલય બંધાયું હતું. પરંતુ **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

હાલ ફાગણ સુદ બીજની વર્ષગાંઠના દિવસે અમૃતલાલ નગીનદાસ શાહ પરિવાર દ્વારા ધજા ચડાવવામાં આવે છે. વહીવટ શ્રી સાયણ જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી અમરકુમાર ચંપકલાલ શાહ, શ્રી મુકેશભાઈ બાલુભાઈ શાહ તથા શ્રી નીલેશકુમાર સુરેશચંદ્ર શાહ હસ્તક છે. હાલ જિનાલયની સ્થિતિ મધ્યમ છે.

જૈન તીર્થ સર્વસંગ્રહના આધારે આ જિનાલયનો સમય **સં૰ ૧૯૫૭**નો માની શકાય તેમ છતાં આ અંગે વિશેષ સંશોધન કરવાની જરૂર છે.

• • •

ગામ - કામરેજ, તાલુકો - કામરેજ

૪. શ્રી નમિનાથ (સં૰ ૨૦૪૨)

કામરેજ ચાર રસ્તાથી ૨ કિ૰ મી૰ના અંતરે ગામમાં શ્રી નમિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. ગામમાં હાલ નવ જૈન કુટુંબો છે. એક પાઠશાળા તથા જિનાલયની નીચે શ્રાવિકાનો ઉપાશ્રય છે. શ્રાવકો પ્રતિક્રમણ માટે કઠોર ગામે જાય છે.

સં૰ ૨૦૦૮માં અહીં ઘરદેરાસર તરીકે પ્રતિષ્ઠા થઈ હતી પરંતુ આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહ**માં થયો નથી. ત્યારબાદ **સં૰ ૨૦૪૨**માં શ્રી નરદેવસાગરજી મ૰ સા૰ની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. જિનાલય ઉપરના માળે છે.

જિનાલયમાં શત્રુંજયનો ચિત્રિત પટ છે. અહીં પૂર્વે શ્રી નમિનાથ, શ્રી શાંતિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી કુંથુનાથ – એમ કુલ ચાર ધાતુપ્રતિમા હતી તે પૈકી શ્રી પાર્શ્વનાથ અને શ્રી કુંથુનાથની પ્રતિમા ચોરાઈ ગયેલ હોવાથી હાલ માત્ર બે ધાતુપ્રતિમા છે. ૧૧" ઊંચી મૂળનાયક શ્રી નમિનાથની ધાતુપ્રતિમા છે.

જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ ત્રીજના દિને આવે છે. તે દિવસે જમણવાર થાય છે તથા ધજા ચડે છે. વહીવટ શ્રી કામરેજ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી શીરીષચંદ્ર તારાચંદ સોલંકી, શ્રી વસંતલાલ નેમચંદ શાહ તથા શ્રી જયંતિભાઈ ગુલાબચંદ શાહ હસ્તક છે.

જિનાલય **સં૰ ૨૦૪૨**ના સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - કઠોર, તાલુકો - કામરેજ

૫. શ્રી આદેશ્વર (સં૰ ૧૮૬૮ આસપાસ)

કામરેજ તાલુકાથી આશરે ૭ કિ૰ મી૰ના અંતરે આવેલ કઠોર ગામમાં કુલ બે જિનાલયો વિદ્યમાન છે. ગામમાં શ્રાવકોના બે ઉપાશ્રય તથા શ્રાવિકાનો એક ઉપાશ્રય છે. જૈન વાડી છે. ૩૦ થી ૩૫ જૈન કુટુંબો હાલ વસે છે.

ગામ મધ્યે ટાવર પાસે સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી આદેશ્વરનું ત્રણ શિખરવાળું જિનાલય આવેલું છે. ઉપર શિખરમાં શ્રી આદેશ્વરની ધાતુપ્રતિમા મધ્યે બિરાજે છે. જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૦૬માં તથા સં૰ ૨૦૧૬માં થયેલો છે.

જિનાલયના વિશાળ ચોગાનમાં વૃક્ષો તથા બેઠકની રચના છે. બાજુમાં ઉપાશ્રય તથા નવી ધર્મશાળા અને તેની પાછળના ભાગમાં વાડી છે.

જાળીવાળા દ્વારની આસપાસ દ્વારપાલનાં શિલ્પો તથા કમાન પર શ્રી લક્ષ્મીદેવીનું શિલ્પ છે. પ્રવેશતાં સામે ખાલી રૂમ છે. તેની બાજુમાં શ્રી મોહનલાલજી મહારાજની પાદુકા તથા ફોટો છે. પાદુકા પર સં૰ ૧૮૬૨નો લેખ છે. બાજુમાં પદ્માવતીદેવીની નયનરમ્ય આરસમૂર્તિ છે. તેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૭ને વૈશાખ સુદ છઠના રોજ શ્રી જગવલ્લભવિજયજીની નિશ્રામાં થયેલ છે.

ત્રણ પ્રવેશદ્વારવાળા જિનાલયના રંગમંડપના ઘુમ્મટમાં દેવી, ગ્રહો તથા આદેશ્વરના ભવોનું ચિત્રાંકન છે. સમેતશિખર, નવપદજી, ઋષભદેવના વરસીદાન-દીક્ષા વગેરે પ્રસંગો, આબુ, પાવાપુરી તથા ગિરનારના કાચકામયુક્ત પટ-પ્રસંગો અને રાણકપુર, શંખેશ્વર, ભદ્રેશ્વર, નાકોડા તથા ક્ષત્રિયકુંડ જેવા ચિત્રકામયુક્ત પટથી દીવાલો શોભે છે. સ્થંભો પર નારીશિલ્પો છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૨૫" ઊંચી શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ તેર આરસપ્રતિમા તથા તેર ધાતુપ્રતિમા છે.

ઉપરના માળે શિખરમાં ૭" ઊંચાઈ ધરાવતી શ્રી આદેશ્વરની ધાતુપ્રતિમા મધ્યે બિરાજે છે. કુલ આઠ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં નવસારી જિલ્લામાં દર્શાવેલ કામરેજ તાલુકામાં સાયન સ્ટેશનથી ચાર ગાઉ અંતરે આવેલ કઠોર ગામના નાકે શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય વિદ્યમાન હતું. કુલ સોળ આરસપ્રતિમા, અઢાર ધાતુપ્રતિમા અને પગલાંની એક જોડ હતી. સ્થિતિ સાધારણ હતી. જિનાલય સં૰ ૧૮૬૮માં બંધાયું હતું. તે મુજબની નોંધ મળે છે.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં શ્રી સુરત ધરમચંદ ઉદયચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડ દ્વારા કઠોર ગામના જિનાલયમાં રકમ આપ્યાની નોંધ છે. એટલે કે તે સમયે આ જિનાલય વિદ્યમાન હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં કઠોર ગામમાં કણબીવાડમાં શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય તથા મેઈન રોડ પર શ્રી આદેશ્વરનું મોટું ઘુમ્મટબંધી જિનાલય – એમ બે જિનાલયો, બે ઉપાશ્રય, બે ધર્મશાળા તથા એક લાઈબ્રેરી હોવાની નોંધ છે. તે સમયે ગામમાં જૈનોની વસ્તી ૨૦૦ની હતી. આદેશ્વરના મોટા જિનાલયમાં કુલ ઓગણીસ આરસપ્રતિમા તથા ત્રેવીસ ધાતુપ્રતિમા હતી. જિનાલય સં૰ ૧૮૫૦ લગભગમાં બંધાયું હતું. વહીવટ શેઠ ઝવેરચંદ નગીનદાસ હસ્તક હતો. સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૩માં **જૈન ધર્મનાં યાત્રા સ્થળો** ગ્રંથમાં કઠોર ગામ તથા જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'ગુજરાતના કામરેજ તાલુકામાં કઠોર ગામ તાપી નદીના કાંઠે આવેલું છે. સાયણ સ્ટેશનથી બસ સર્વિસ છે. બે દેરાસરમાં (૧) શ્રી આદિનાથ પ્રભુનું મોટું મંદિર (૨) શ્રી શાંતિનાથજી. ઉપાશ્રય પણ છે.'

આજે જિનાલયની વર્ષગાંઠ - ફાગણ સુદ ત્રીજના દિને જમણવાર થાય છે. તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી આદેશ્વર જૈન સંઘ - કઠોરના ટ્રસ્ટી – શ્રી કાંતિલાલ દલીચંદ સંઘવી, શ્રી ધરણેન્દ્રભાઈ અમૃતલાલ શાહ અને મનહરલાલ અમૃતલાલ બુહારીવાલા હસ્તક છે.

સં૰ ૧૯૬૩માં જિનાલય બંધાયા સંવત ૧૮૬૮ તથા જિનાલયની સ્થિતિ સાધારણ દર્શાવેલ છે તથા **સં૰ ૨૦૧૦**માં જિનાલયનો સમય સં૰ ૧૮૫૦ લગભગનો દર્શાવેલ છે. અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં૰ ૧૮૬૮ આસપાસ**નો છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

ગામ - કઠોર, તાલુકો - કામરેજ

૬. શ્રી શાંતિનાથ (સં૰ ૧૯૬૪)

કઠોર ગામમાં કણબીવાડમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શાંતિનાથનું શિખરબંધી જિનાલય વિદ્યમાન છે. સ્થિતિ મધ્યમ છે. છેલ્લો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૧૫માં થયેલ છે. હાલ જિનાલયમાં રંગકામ તથા સમારકામ ચાલે છે.

જાળીવાળા ઝાંપેથી પગથિયાં ચડી પ્રવેશતાં નાનો ચોક છે. શૃંગારચોકીમાં જમણી બાજુ શ્રી માણિભદ્રવીરનો ગોખ છે. તેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૧૭માં વૈશાખ સુદ ત્રીજના દિવસે થયેલ છે.

રંગમંડપમાં દીવાલ પર સિદ્ધગિરિ, નવપદજી તથા શ્રી શાંતિનાથના ભવોનું આલેખન કરતાં વિવિધ પટ પ્રસંગોનું ચિત્રાંકન છે.

ગભારામાં ૨૭" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચૌદ ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૪ના માગશર સુદ ત્રીજના રોજ શ્રી મોહનલાલજી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહારાજના હસ્તે થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં સાયણથી ચાર માઈલ દૂર આવેલ કઠોર ગામના કણબીવાડમાં શાંતિનાથના શિખરબંધી જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા ઉપરાંત એક રજત ચોવીસીપટનો ઉલ્લેખ છે. સં૰ ૧૯૬૪માં શ્રી સંઘ દ્વારા આ જિનાલય બંધાયું હતું. વહીવટ શેઠ ભીમાજી ભગવાનજી હસ્તક હતો અને સ્થિતિ સાધારણ હતી. તે સમયે જૈનોની વસ્તી ૨૦૦ અને એક ઉપાશ્રય હતા.

વર્ષગાંઠ - માગશર સુદ ત્રીજના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શાંતિનાથ ભગવાન જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી ગુલાબચંદ દેવચંદ શાહ (ગામ - ખોલવડ), શ્રી શાંતિલાલ લાલચંદ શાહ તથા શ્રી કાંતિલાલ વલ્લભજી શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૬૪**નો છે.

• • •

ગામ - કરજણ, તાલુકો - કામરેજ

૭. શ્રી શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૧૧)

સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલા કરજણ ગામમાં હાલમાં પાંચ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં દીક્ષા લીધી હોય તેવા બે દીક્ષાર્થીઓ છે. એક જૈન ઉપાશ્રય છે જે ૩૦ વર્ષ જૂનો છે. અન્ય એક નવો ઉપાશ્રય હાલ તૈયાર થઈ રહેલ છે જેનું ઉદ્‌ઘાટન બાકી છે. ગામમાં શ્રી શાંતિનાથનું ઘરદેરાસર આવેલું છે. તેનો વહીવટ શ્રી વસંતલાલ લક્ષ્મીચંદ શાહ હસ્તક છે.

વિ૰ સં૰ ૨૦૧૧માં અષાઢ સુદ દશમના દિને શાહ તલકચંદ જેસાજીએ પોતાને ત્યાં ઘરદેરાસર બનાવ્યું હતું. હાલ તેમના પુત્રો પોતાના મા-બાપની સ્મૃતિમાં સ્વદ્રવ્યથી નવું શિખરબંધી જિનાલય બંધાવી રહ્યા છે. પ્રતિષ્ઠા દિવાળી પછી થશે.

૧૧" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની ધાતુપ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'ધૂળિયા નગરે સં૰ ૨૦૧૧ જેઠ સુદ ૫ ગુરુવાર તપાગચ્છીય પૂ૰ આ૰ શ્રી વિજયપ્રેમ-સૂરીશ્વર મહારાજ સાહેબના પટ્ટધર પૂ૰ આ૰ શ્રી વિજયયશોદેવસૂરીશ્વર મહારાજ સાહેબ'

અન્ય બે ધાતુપ્રતિમા પૈકી શ્રી સંભવનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૨ના વૈશાખ વદ સાતમને દિને તા૰ ૯-૫-૯૬ના દિવસે રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના ચિતામ્બા નિવાસી શ્રી વસંતલાલ લક્ષ્મીચંદે કાંદીવલીમાં કરાવી હતી. તથા શ્રી શાંતિનાથની પ્રતિમા પર વીર સં૰ ૨૪૮૮નો લેખ છે જે નૂતન જિનાલયની પ્રતિષ્ઠા સમયે પધરાવવામાં આવશે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - ખોલવડ, તાલુકો - કામરેજ

૮. શ્રી શીતલનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૨૭ આસપાસ)

કામરેજ તાલુકાથી ૩ કિ૰ મી૰ના અંતરે આવેલ ખોલવડ ગામમાં હાલ ત્રણ જૈન કુટુંબો વસે છે. અહીં શ્રી ગુલાબચંદ દેવચંદ શાહ પરિવારનું ઘરદેરાસર આવેલું છે. મૂળનાયક શ્રી શીતલનાથ છે. આશરે ૩૦ વર્ષ પૂર્વે - **સં૰ ૨૦૨૭ આસપાસ** પ્રતિષ્ઠા થયેલ છે.

૫'' ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની ધાતુચોવીસી સહિત કુલ પાંચ ધાતુપ્રતિમા છે જે અમદાવાદથી અત્રે લાવેલ છે. વર્ષગાંઠ – જેઠ વદ પાંચમના દિવસે જમણવાર થાય છે. વહીવટ શ્રી ગુલાબચંદ દેવચંદ શાહ, શ્રી પ્રદીપકુમાર ગુલાબચંદ શાહ તથા શ્રી સુરેશચંદ્ર મોતીચંદ શાહ હસ્તક છે.

• • •

ગામ - નવાગામ, તાલુકો - કામરેજ

૯. શ્રી સીમંધરસ્વામી (મહાવિદેહ તીર્થધામ) (સં૰ ૨૦૪૯)

કામરેજ તાલુકા મથકથી – કામરેજ ચાર રસ્તાથી ૧ કિ૰ મી૰ના અંતરે નવાગામ નામે ગામ છે. હાલ અહીં કોઈ જૈન કુટુંબ વસતું નથી. ગામની હદમાં આવતાં નેશનલ હાઈવે નં૰ ૮ પર શ્રી મહાવિદેહ તીર્થધામ તરીકે પ્રચલિત શ્રી સીમંધરસ્વામીનું ભવ્ય, વિશાળ, નયનરમ્ય શિખરબંધી જિનાલય આવેલું છે. તેની જમણી બાજુ શ્રી કૃષ્ણનું મંદિર અને ડાબી બાજુ શિવમંદિર છે. જુદા જુદા ધર્મના પ્રાસાદો એક જ સંકુલમાં છે. અહીં ઑફિસ, ધર્મશાળા, પરબ, ભોજનશાળા, અતિથિગૃહ તથા આંબાવાડિયું છે.

શૃંગારચોકીમાં ઊંચા મોટા સ્થંભો અને કાષ્ઠના ઊંચા પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં છ આરસપ્રતિમા તથા પદ્માવતીદેવી, ચક્રેશ્વરદેવી, પંચાગુલી યક્ષિણી તથા ચંદાયણદેવની આરસ-મૂર્તિઓના ગોખ છે.

એક ગર્ભદ્વાર છે. ૧૪૫'' ઊંચી મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની ભવ્ય પ્રતિમા છે જે મહેસાણા હાઈવે પર આવેલા જિનાલયમાં બિરાજમાન શ્રી સીમંધરસ્વામીની પ્રતિમાનું સ્મરણ કરાવે છે. મૂર્તિલેખ નથી. કુલ પાંચ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૯**ના માગશર સુદ છઠને તા૰ ૩૦-૧૧-૯૩ના રોજ થયેલ છે. વર્ષગાંઠ નિમિત્તે જમણવાર થાય છે તથા ધજા ચડે છે. વહીવટ જયસચ્ચિદાનંદ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી દેવચંદભાઈ પરભુભાઈ પટેલ, શ્રી રમેશભાઈ કે૰ પટેલ, શ્રી પ્રકાશભાઈ આર૰ જૈન તથા શ્રી ગોવિંદભાઈ કે૰ શાહ હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૨૦૪૯**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - વાવ, તાલુકો - કામરેજ

૧૦. શ્રી વિમલનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૮)

કામરેજ તાલુકામાં આવેલ વાવ ગામમાં હાલ ચાર જૈન ઘર છે. ગામમાં એક ઉપાશ્રય છે. ગોચરી-પાણીની વ્યવસ્થા છે. અહીં શ્રી જિતુભાઈ અમૃતલાલ શાહ પરિવારનું ઘરદેરાસર આવેલું છે. મૂળનાયક શ્રી વિમલનાથ છે.

સં૰ ૨૦૪૮માં જેઠ સુદ બીજના રોજ પ૰ પૂ૰ પં૰ શ્રી ચંદ્રશેખરવિજયજી મ૰ સા૰ના ઉપદેશથી ઘરદેરાસરની પ્રતિષ્ઠા થયેલ છે. ૧૧" ઊંચી મૂળનાયક શ્રી વિમલનાથની આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે. વર્ષગાંઠ જેઠ સુદ બીજના દિવસે છે.

• • •

ગામ - અમરોલી, તાલુકો - ચોર્યાસી

૧૧. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૩૮)

છાપરાભાઠા ગામ અને ઉત્તરાણ રેલવે સ્ટેશનની વચ્ચે (ઉત્તરાણ રેલવે સ્ટેશનથી ૧ કિ૰ મી૰ના અંતરે) તથા સુરત શહેરથી ૫ કિ૰ મી૰ના અંતરે આવેલું અમરોલી ગામ તાપી નદી કિનારે છે. ગાંધીજી દાંડીકૂચ વખતે આ ગામ પાસેથી પસાર થયા હતા. ઈ૰ સ૰ ૧૯૭૪માં તાપી નદી પર પુલ બન્યા પછી ગામનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો છે. હાલ કુલ ૩૫૦ જૈન કુટુંબો વસે છે જેમાં બનાસકાંઠા જિલ્લાનાં ગામોમાંથી નોકરી-ધંધાર્થે આવેલા મધ્યમ વર્ગનાં જૈન કુટુંબોની સંખ્યા વધુ છે. અહીં હાલ એક ઘરદેરાસર તથા એક જિનાલય છે.

આરસ તથા પથ્થરના બનેલા શ્રી વાસુપૂજ્યસ્વામીના શિખરબંધી જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૩૮**માં આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

જિનાલયને ફરતે કંપાઉંડમાં ઑફિસ, ધર્મશાળા, બે માળનું પાઠશાળાનું મકાન, શ્રાવકનો બે માળનો ઉપાશ્રય, શ્રાવિકાનો ઉપાશ્રય, ભોજનશાળા તથા બગીચો છે. અહીં ધર્મશાળા પાસે દક્ષિણાભિમુખ માણિભદ્રવીરનું સૂચિત સ્થાનક છે.

શૃંગારચોકી તથા રંગમંડપમાં રંગકામ ચાલે છે. ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં આજુબાજુ અન્ય બે દ્વાર છે. કુલ ચાર ગોખ પૈકી જમણી બાજુ ચક્રેશ્વરીદેવી તથા ગૌતમસ્વામીના ગોખ તથા ડાબી બાજુ પદ્માવતીદેવી તથા આ૰ શ્રી કસ્તુરસૂરીશ્વર મ૰ સા૰ની આરસમૂર્તિવાળો ગોખ છે. કૌલીમંડપમાં બંને બાજુ ૧૦૮" ઊંચી શ્રી આદેશ્વર તથા શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની શ્યામ આરસની મનોહર કાઉસ્સગ્ગ પ્રતિમા છે. ચાર તીર્થ પટ બનાવવાનું કામ ચાલે છે. લાલ પથ્થરમાં કોતરણીયુક્ત તોરણોવાળા સફેદ સ્થંભો પર દીવા મૂકવા માટેના ટોડલાઓની રચના છે.

ગભારામાં ૩૧" ઊંચાઈ ધરાવતી શ્રી વાસુપૂજ્યસ્વામીની ભાવવાહી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. પ્રતિમાલેખ છે. કુલ આઠ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈશાખ સુદ છઠની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શ્વે૦ મૂ૦ પૂ૦ જૈન સંઘ – અમરોલીના ટ્રસ્ટીગણ – શ્રી કાંતિભાઈ જીવણલાલ શાહ, શ્રી હસમુખભાઈ નેમચંદ શાહ, શ્રી જયંતિલાલ મફતલાલ માસ્તર (માલણવાળા) તથા ડૉ૦ મહેન્દ્રભાઈ એન૦ સોલંકી હસ્તક છે.

શત્રુંજય તીર્થનો કાપડનો પટ છે. દર કાર્તિકી પૂનમ તથા ચૈત્રી પૂનમે સુરત શહેરના હજારો લોકો અહીં પટદર્શને આવે છે. ત્યારે મોટા મેળો ભરાય છે. તે દિવસે મગ-સાકર-એલચીનું પાણી, સેવ, બુંદી તથા ગાંઠિયાથી સાધર્મિકોની ભક્તિ થાય છે.

• • •

ગામ - પાલ, તાલુકો - ચોર્યાસી

૧૨. શ્રી અજિતનાથ (સં૦ ૧૯૨૨)

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાથી ૪ માઈલના અંતરે આવેલ પાલ ગામમાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી અજિતનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. સ્થિતિ સારી છે. આશરે પાંચ વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર થયેલો છે.

હાલ જિનાલયમાં કાચકામ કરવામાં આવેલું છે. રાણકપુર, ગિરનાર, શંખેશ્વર, નવકારમંત્ર, નાકોડાભૈરવ, માણિભદ્ર, સિદ્ધચક્ર, પદ્માવતી, સિદ્ધિદાયક યંત્ર, શત્રુંજય વગેરેમાં કાચનું સુંદરકામ થયેલું છે. અહીં પદ્માવતીદેવી, મહાયક્ષ તથા યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

એક ગર્ભદ્વાર છે. ૧૭'' ઊંચી મૂળનાયક શ્રી અજિતનાથની પ્રતિમા સહિત છ આરસ-પ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ચોરાસી તાલુકામાં સુરત સ્ટેશનથી ૧ ગાઉ દૂર આવેલ પાલ ગામમાં શ્રી આદેશ્વરના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા હતી. સ્થિતિ સારી હતી. જિનાલય સં૦ ૧૯૨૨માં બંધાયું હતું.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં સુરતથી ૪ માઈલ દૂર આવેલ પાલ ગામમાં વિદ્યમાન શ્રી અજિતનાથના શિખરબંધી જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા ઉપરાંત રજતના બે ચોવીસીપટ હોવાની નોંધ છે. સં૦ ૧૯૨૫માં સંઘ દ્વારા બંધાયેલ આ જિનાલયનો વહીવટ શેઠ મોતીચંદ નાથાભાઈ હસ્તક હતો. મૂળનાયક પર સં૦ ૧૯૨૧નો લેખ હતો. સ્થિતિ સારી હતી. **સં૦ ૨૦૧૦**માં ગામમાં એક પણ જૈન કુટુંબ રહેતું ન હોવાથી તથા એક ઉપાશ્રય હોવાની નોંધ છે.

મહા સુદ આઠમની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી હસમુખભાઈ નેમચંદ શાહ, શ્રી સૌભાગચંદ ચુનીલાલ શાહ, શ્રી રજનીકાંત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરાચંદ શાહ, શ્રી મહેશભાઈ નગીનદાસ શાહ તથા શ્રી માણેકચંદ નાનચંદ શાહ હસ્તક છે. દર રવિવારે ભાતું અપાય છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીના આધારે જિનાલયનો સમય **સં૰ ૧૯૨૨**નો છે.

• • •

ગામ - વરિયાવ, તાલુકો - ચોર્યાસી

૧૩. શ્રી ધર્મનાથ (સં૰ ૧૯૬૩ પૂર્વે)

સુરતથી વાયા અમરોલી થઈને જતાં લગભગ ૧૦ કિ૰ મી૰ના અંતરે, વાપી નદીના કિનારે વરિયાવ ગામ આવેલું છે. ગામમાં હાલ ચાર જૈન કુટુંબો વસે છે. શ્રી ધર્મનાથનું સાદા પથ્થરનું બનેલું, શિખરબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૨૦૨૨માં અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટિ દ્વારા જીર્ણોદ્ધાર થયેલ છે. ત્યારબાદ સં૰ ૨૦૩૯માં આ૰ શ્રી ચંદ્રોદયસૂરીશ્વર મ૰ સા૰ની નિશ્રામાં બાબુભાઈ છગનલાલ પરિવાર દ્વારા પુનઃ પ્રતિષ્ઠા થયેલ છે.

નદીના પૂરના ભયને નિવારવાના હેતુથી જમીનથી આશરે ૧૨ ફૂટ ઊંચું જિનાલય બાંધવામાં આવ્યું છે. જિનાલય પૂર્વાભિમુખ છે. જાળીવાળા દ્વારેથી પ્રવેશતાં જિનાલયની ડાબી બાજુ ૧૫ x ૪૦ ફૂટની ખુલ્લી, ખાલી જગ્યા છે. જમણી બાજુ ત્રણ-ચાર રૂમ છે. તેની ઉપર મોટો હોલ છે. ફરતે કંપાઉંડ વોલ છે.

દસેક પગથિયાં ચડતાં ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં પ્રવેશતાં દ્વાર પાસે ડાબી-જમણી બાજુ ગોખમાં ચક્રેશ્વરીદેવી તથા પદ્માવતીદેવી બિરાજે છે. કૌલીમંડપમાં યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિના ગોખ છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે.

મૂળનાયક શ્રી ધર્મનાથ ૧૫'' ઊંચી છે. કુલ પાંચ આરસપ્રતિમા અને ત્રણ ધાતુપ્રતિમા છે. પૂર્વે શિખરમાં પણ જિનાલય હતું. હાલ શિખરમાં કશું નથી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં નવસારી જિલ્લામાં દર્શાવેલ કામરેજ તાલુકામાં સુરત સ્ટેશનથી ૫ ગાઉ દૂર આવેલ વરીઆ (વરીયાવ) ગામમાં સરકારી થાણાની પાસે શ્રી ધર્મનાથના શિખર વિનાના જિનાલયનો ઉલ્લેખ છે. તે સમયે કુલ ચાર આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હતી. મકાનની સ્થિતિ જીર્ણ હતી.

સં૰ ૧૯૮૯માં સુરત ચૈત્યપરિપાટીમાં શ્રી સુરત ધરમચંદ ઉદયચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડ દ્વારા વરીયાવ ગામના જિનાલયમાં રકમ આપ્યાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ઉતરાણથી ૩ માઈલ દૂર વરીઆવ ગામે, સરકારી થાણા પાસે શ્રી ધર્મનાથના શિખરબંધી પ્રાચીન જિનાલયમાં ચાર આરસપ્રતિમા તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. વહીવટ શ્રી નાથુભાઈ કસ્તુરચંદ હસ્તક હતો. સ્થિતિ સારી હતી. એક ઉપાશ્રય અને એક ધર્મશાળા હતી. કુલ ૧૦ જૈન કુટુંબો હતા.

જેઠ સુદ ત્રીજ – વર્ષગાંઠના દિને જમણવાર થાય છે ત્યારે સુરતથી તથા અમરોલીથી સંઘના લોકો આવે છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી વરિયાવ જૈન સંઘના ટ્રસ્ટીઓ– શ્રી જયંતિલાલ હજારીમલ શાહ તથા શ્રી કાંતિલાલ દલપતભાઈ શાહ હસ્તક છે જેઓ બંને સુરત શહેરમાં રહે છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં. ૧૯૬૩ પૂર્વે**નો છે.

• • •

ગામ - વાંઝ, તાલુકો - ચોર્યાસી

૧૪. શ્રી અજિતનાથ (સં. ૧૯૪૫)

સુરતથી નવસારી જવાના માર્ગે ૧૭ કિ. મી. દૂર તથા સચીન રેલવે સ્ટેશનથી ૩ કિ. મી. દૂર વાંઝ ગામ આવેલું છે.

દાંડીકૂચ વખતે ગાંધીજીએ ગામના દેરાસરની પાછળના ભાગમાં ચોગાનમાં એક વડલા નીચે ભાષણ આપ્યું હતું. આજે પણ તે ઐતિહાસિક સ્મૃતિ સચવાયેલી છે. ગામનો મુખ્ય ઉદ્યોગ ખેતીવાડી તથા પશુપાલનનો છે. બાજુમાં સચીન GIDC વિસ્તાર છે જ્યાં લોકો રોજીરોટી મેળવે છે. આશરે ૧૫ થી ૨૦ વર્ષ પૂર્વે અહીં જૈનોનાં કુલ ૧૬ ઘર હતાં. હાલ અહીં ફક્ત એક જ જૈન ઘર છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ચાર વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે.

ગામમાં ટાંકી ફળિયામાં આરસનું બનેલું શ્રી અજિતનાથનું ત્રણ શિખરવાળું જિનાલય આવેલું છે. જિનાલયના બહારના ભાગમાં એક ચકલો બનાવેલો છે જેમાં પારેવા ચણી શકે તથા માળો બાંધી રહી શકે તેવા ખાના બનાવેલા છે. પ્રવેશદ્વાર પાસે જમણી બાજુ બે માળનો ઉપાશ્રય છે જે આશરે ૭૪ વર્ષ જૂનો (સં. ૧૯૮૨) છે. જિનાલયને ફરતે ફૂલવાડી છે.

કાષ્ઠકોતરણીવાળા ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં દીવાલો પર અષ્ટાપદ, ગિરનાર, તારંગા, આબુ, અચલગઢ, શત્રુંજય, સમેતશિખર વિવિધ તીર્થોના ચિત્રકામયુક્ત પટ છે. ઘુમ્મટમાં ચૌદ સ્વપ્નો, અષ્ટમંગલ, નેમ-રાજુલની જાનનું દૃશ્ય, પાર્શ્વનાથનો ઉપસર્ગ, સુદર્શન શેઠનું સૂળીનું સિંહાસન, મધુબિંદુ, અજિતનાથ ભગવાનનો ત્રીજો ભવ, મહાવીરસ્વામીને ઉપસર્ગ, જગડુશા શેઠ, મેઘરથ રાજા તથા ઈલાચીકુમાર આદિ વિવિધ પ્રસંગોનું ચિત્રાંકન થયેલું છે. ડાબી બાજુ ગોખમાં ચૌમુખીદેવીની આરસમૂર્તિ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. મૂળનાયક શ્રી અજિતનાથની ૧૭" ઊંચી આરસપ્રતિમા છે. જમણે ગભારે ચંદ્રપ્રભુસ્વામી તથા ડાબે ગભારે મહાવીરસ્વામી છે. કુલ પાંચ આરસપ્રતિમા છે તથા સાત ધાતુપ્રતિમા પૈકી ઋષભાનન, ચંદ્રાનન, વર્ધમાન, વારિષેણની નાની ચાર ધાતુમૂર્તિ એક જ પાટલીમાં છે. આરસનાં પગલાંની બે જોડ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયનો જીર્ણોદ્ધાર આશરે ૧૦ વર્ષ પૂર્વે થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં સચીનથી અઢી માઈલ દૂર આવેલ વાંઝ ગામના દેરાસરવાળા ફળિયામાં શ્રી અજિતનાથના શિખરબંધી જિનાલયમાં પાંચ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. મૂળનાયક પર સં૰ ૧૮૧૨નો લેખ છે. વહીવટ શેઠ જીવણલાલ કપુરાજી હસ્તક હતો અને સ્થિતિ સારી હતી. તે સમયે ગામમાં ૨૫ જૈન કુટુંબો હતાં. એક ઉપાશ્રય અને એક જૈન પુસ્તકાલય હતાં. જિનાલય સં૰ ૧૯૪૫માં બંધાયું હતું. પરંતુ **સં૰ ૧૯૬૩**માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

મહા સુદ છઠ – વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને શ્રી નગીનચંદ હેમચંદ શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી અજિતનાથ જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીગણ – શ્રી ગુણવંતલાલ મગનલાલ શાહ (સુરત) તથા શ્રી ઈશ્વરલાલ ગુલાબચંદ શાહ હસ્તક છે. હાલ નવા ટ્રસ્ટી નીમવા અંગે ચેરીટી કમિશનરની કચેરીમાં અરજી કરેલ છે.

જૈન તીર્થ સર્વસંગ્રહના આધારે આ જિનાલયનો સમય **સં૰ ૧૯૪૫** માની શકાય.

• • •

ગામ - સચીન, તાલુકો - ચોર્યાસી

૧૫. શ્રી કુંથુનાથ (સં૰ ૨૦૦૬)

સુરતથી ૧૫ કિ૰ મી૰ દૂર સચીન ગામ આવેલું છે. સચીન પશ્ચિમ રેલવેનું સ્ટેશન છે. હાલ GIDCને કારણે જાણીતું બન્યું છે. છેલ્લા ૫૦ વર્ષમાં એક વ્યક્તિએ દીક્ષા લીધી છે. હાલ ૧૦ થી ૧૨ જૈન ઘર છે. એક છાપરાબંધી જિનાલય તથા શ્રાવકનો એક ઉપાશ્રય છે.

વાંઝના શેઠ જીવણલાલ કપૂરાજીએ દેરાસર તથા ઉપાશ્રય માટેની જગ્યા (મકાન) સં૰ ૨૦૦૬માં સચીન જૈન સંઘને અર્પણ કરેલ. જ્યાં **સં૰ ૨૦૦૬**માં જ પૂ૰ આ૰ શ્રી રામચંદ્રસૂરિજી મ૰ સા૰ની નિશ્રામાં શ્રી કુંથુનાથનું છાપરાબંધી જિનાલય બાંધવામાં આવ્યું.

હાલ પહેલે માળ (ઉપરના માળે) જિનાલય તથા નીચે ઉપાશ્રય છે. સુરતથી નવસારી જવાના માર્ગ પરનું સચીન વિહારનું કેન્દ્ર છે.

૩" ઊંચી શ્રી કુંથુનાથની પંચતીર્થી ધાતુપ્રતિમા પરિકર સાથે ૧૧" ઊંચી છે. પ્રતિમા પર સં૰ ૧૫૫૮નો લેખ છે. કુલ ચાર ધાતુપ્રતિમા છે. ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે. શત્રુંજય તીર્થનો ચિત્રિત કરેલો પટ છે.

શ્રી કુંથુનાથના આ જિનાલયની વર્ષગાંઠ જેઠ સુદ પૂનમે આવે છે. જમણવાર થાય છે. ધજા ચડતી નથી. વહીવટ શ્રી કુંથુનાથ જૈન દેરાસર શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીગણ – શ્રી કિરીટભાઈ નટવરલાલ શાહ, શ્રી નવીનચંદ્ર મોતીચંદ શાહ તથા શ્રી ભીખુભાઈ છોટાલાલ શાહ હસ્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયનો સમય સં૰ ૨૦૦૬નો છે.

નોંધ : ભવિષ્યમાં શિખરબંધી જિનાલય બનાવવાની યોજના છે.

• • •

ગામ - ચલથાણ, તાલુકો - પલસાણા

૧૬. શ્રી કુંથુનાથ (સં૰ ૨૦૫૦)

સુરત જિલ્લાના પલસાણા તાલુકાથી ૧૦ કિ૰ મી૰ના અંતરે, સુરતથી ૧૮ કિ૰ મી૰ અને કડોદરા ચોકડીથી ૨ કિ૰ મી૰ના અંતરે ચલથાણ ગામ આવેલું છે જે તાપ્તી લાઈનનું રેલવે સ્ટેશન છે. હાલ સુગર ફૅક્ટરીના કારણે પણ તેનું મહત્ત્વ છે. ગામમાં સ્થાનકવાસી, દેરાવાસી, તેરાપંથી મળીને લગભગ ૬૦૦ માણસોની વસ્તી છે. વર્ષમાં પાંચ થી છવાર સંઘજમણ થાય છે. હાલ ગામમાં આઠ દેરાવાસી કુટુંબો વસે છે.

સં૰ ૨૦૫૦માં મુંબઈ-બોરીવલી નિવાસી શ્રી મુક્તિભાઈ મણિલાલ મોરખીયા પરિવારે આ શિખરબંધી જિનાલય બંધાવ્યું. અને તેઓ દ્વારા જ સં૰ ૨૦૫૦માં મહા સુદ તેરશના દિને પં૰ શ્રી ચંદ્રશેખરવિજય મ૰ સા૰ના શિષ્ય શ્રી ધર્મરક્ષિતવિજયજી તથા શ્રી વિશ્વરક્ષિતવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી અને મૂળનાયક તરીકે શ્રી કુંથુનાથની ૧૯" ઊંચી આરસપ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. જિનાલય પશ્ચિમાભિમુખ છે.

ગંધર્વયક્ષ તથા અચ્યુતાદેવી યક્ષિણીની આરસમૂર્તિઓ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. મૂળનાયક પર સં૰ ૨૦૪૯નો લેખ છે.

વર્ષગાંઠ મહા સુદ તેરશના દિવસે જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી વર્ધમાન જૈન સંઘ દ્વારા થાય છે. જિનાલયની બાજુમાં જ શ્રાવક-શ્રાવિકાનો – એમ બે ઉપાશ્રય છે. જિનાલયની જમણી બાજુ ફૂલવાડી તથા પાછળના ભાગમાં પૂજારીનું ઘર છે.

• • •

ગામ - બારડોલી, તાલુકો - બારડોલી

લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલને 'સરદાર' બિરુદ અપાવનારું ગૌરવવંતું શહેર બારડોલી સુરતથી ૩૪ કિ૰ મી૰ના અંતરે આવેલું તાપ્તી લાઈન પરનું જંકશન છે. વર્તમાનમાં બારડોલી સુગર ફૅક્ટરી એશિયા ખંડમાં બીજો ક્રમ ધરાવે છે. અહીં સરદાર મ્યુઝિયમ છે. કુલ ૧૨૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ૫ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે.

૧. શા૰ રસિકલાલ મગનલાલ આરાધના ભવન, ૨. શાંતાબહેન દેવચંદ ગુલાબચંદ સીઓદરાવાળા જૈન આરાધના ભવન (બારૂના સ્ટોર્સની પાછળ, નગીન દેસાઈની ચાલ), ૩. તારાબહેન મગનલાલ શાહ – હંસાબહેન વસંતલાલ શાહ આરાધના ભવન (ઉપર) શા૰ હરખચંદ છમનાજી છાજેડ (નીચે) – એમ બે શ્રાવક ઉપાશ્રય તથા એક શ્રાવિકાનો ઉપાશ્રય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વસંતલાલ રુપચંદ શાહ જૈન પાઠશાળા સીયોદરાવાળા જૈન આરાધના ભવનમાં ચાલે છે. શ્રી શ્રુતસાગર જ્ઞાનભંડાર છે જેમાં ૨૩૦૦ પુસ્તકો પૈકી ૩૦૦ હસ્તપ્રતો છે.

અહીં શ્રી શાંતિનાથ-આદેશ્વરનું જિનાલય (સરદાર ચોક), શ્રી કુંથુનાથ (હીરાચંદનગર)- એમ બે જિનાલયો તથા ધીરુભાઈ મોતીચંદ શાહ પરિવારનું શ્રી શીતલનાથનું ઘરદેરાસર (જનતાનગર સોસાયટી), મહેન્દ્રભાઈ દેવચંદ શાહ પરિવારનું પાર્શ્વનાથનું ઘરદેરાસર (તેન રોડ, સ્ટેશન સામે), નીતિનકુમાર વાડીલાલ શાહ પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર (હીરચંદનગર) તથા માણેકચંદ લલ્લુભાઈ શાહ પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર — એમ ચાર ઘરદેરાસર છે.

• • •

ગામ - બારડોલી, તાલુકો - બારડોલી

૧૭. શ્રી શાંતિનાથ (સં૰ ૧૯૪૮)

શ્રી આદેશ્વર (સં૰ ૧૯૪૮)

સરદારચોક મધ્યે એક જ પ્રીમાઇસીસમાં શ્રી શાંતિનાથ તથા શ્રી આદેશ્વર — એમ બે જિનાલયો આવેલા છે. આરસનું બનેલું શ્રી શાંતિનાથનું ભોંયરાયુક્ત શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય બહારથી ઘર જેવી બાંધણી ધરાવે છે. ભોંયરામાં શ્રી મહાવીરસ્વામી મૂળનાયક છે.

જિનાલયના કંપાઉંડમાં જમણી બાજુ યતિની ગાદી છે. તેની બાજુમાં માણિભદ્રવીરનું સ્થાનક છે. પાસે પૂજારીની રૂમ છે. ડાબી બાજુ મહિન્દ્રાબહેન જયંતિલાલ શાહ — શ્રાવકનો ઉપાશ્રય અને સ્વ૰ માણેકબહેન કાલીદાસ - બચુબહેન છગનલાલ શ્રાવિકા આરાધના ભવન — એમ ઉપર-નીચે બે માળનો ઉપાશ્રય છે. ઉપાશ્રયમાં નીચે પાઠશાળા ચાલે છે.

ડાબી બાજુ ગુરુમંદિરમાં આ૰ શ્રી વિજયકમલસૂરિ મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિ સં૰ ૨૦૦૨ માગશર સુદ દશમના રોજ પ્રતિષ્ઠિત કરેલ છે. તેઓની સામેની બાજુ શ્રી જિનદત્તસૂરિ મ૰ સા૰ના આરસનાં પગલાંની બે જોડ છે.

શ્રી શાંતિનાથ

જિનાલયના પગથિયાં પાસે હાથીનાં શિલ્પો છે. રંગમંડપમાં ઘુમ્મટમાં વાજિંત્ર સહિત વિવિધ મુદ્રામાં શિલ્પાકૃતિઓ છે. શત્રુંજય, ગિરનારના આરસમાં કોતરી રંગકામ કરેલ પટ છે. ગર્ભદ્વાર પાસે સામ-સામે ગોખમાં યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે જેના પર સં૰ ૧૯૯૬ના કારતક વદ પાંચમને શુક્રવારે પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

મૂળનાયક શ્રી શાંતિનાથની ૧૭" ઊંચી પ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા તથા સત્તર ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોંયરામાં બિરાજમાન શ્રી મહાવીરસ્વામીની ૨૫" ઊંચી પ્રતિમાને લેપ કરેલ છે. કુલ પાંચ આરસપ્રતિમા છે. પાછળની દીવાલે સુંદર ચિત્રાંકન છે. આરસનાં પગલાંની એક જોડ છે.

ઉપરના શિખરમાં નાના ગભારાની રચનામાં ધાતુની ચૌમુખી પ્રતિમા પધરાવેલ છે.

શ્રી આદેશ્વર

કંપાઉંડમાં જ શ્રી આદેશ્વરનું શિખરબંધી દક્ષિણાભિમુખ જિનાલય આવેલું છે.

ગર્ભદ્વાર પર મયણાસુંદર-શ્રીપાલરાજાના પ્રસંગનું ચિત્રકામ છે. સામ-સામે ગોખમાં યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે. આદેશ્વર પ્રભુના આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૮માં મહા સુદ પાંચમે શુક્રવારે શ્રી વિજયમહેન્દ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. આગરાવાલા રાધાકૃષ્ણના પુત્ર ઠીકારામે આરસથી આ જિનાલય બંધાવ્યું અને ગામ કોજરાના શા૰ રૂપા મોતીજીની પત્ની મણિએ જિનાલય બંધાવ્યું તેવી નોંધ શિલાલેખમાં છે.

મૂળનાયક શ્રી આદેશ્વર ૧૯" ઊંચી છે. ડાબી બાજુ શ્રી મહાવીરસ્વામી તથા જમણી બાજુ શ્રી અજિતનાથ છે. કુલ પાંચ આરસપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં બારડોલી તાલુકાના બારડોલી ગામમાં બજાર વચ્ચે શ્રી શાંતિનાથ તથા શ્રી આદેશ્વરના બે શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. શાંતિનાથના જિનાલયમાં કુલ સાત આરસપ્રતિમા, સાત ધાતુપ્રતિમા તથા પગલાંની જોડ હતી. સં૰ ૧૯૪૮માં જિનાલય બંધાયું હતું સ્થિતિ સારી હતી. શ્રી આદેશ્વરનું જિનાલય સં૰ ૧૯૪૮માં જ શા૰ રૂપાજી મોતીજીએ બંધાવેલ હતું. કુલ આઠ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં બારડોલી બજારમાં શાંતિનાથના માત્ર એક જ જિનાલયનો ઉલ્લેખ છે. જિનાલય શિખરબંધી હતું. કુલ વીસ આરસપ્રતિમા, દસ ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસી હતી. ભોંયરામાં પણ પ્રતિમા હતી. સં૰ ૧૯૦૦ લગભગમાં જિનાલય બંધાયાનો ઉલ્લેખ હતો. વહીવટ શેઠ લલ્લુભાઈ છમનાજી હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. તે સમયે ગામમાં ત્રણ ઉપાશ્રય તથા એક ધર્મશાળા હતી. ૩૦૦ જૈનો હતા.

મહા સુદ પાંચમની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી બારડોલી જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ઉન્મેશભાઈ ઇન્દુભાઈ શાહ, શ્રી ભરતભાઈ મગનલાલ શાહ, શ્રી રાજુભાઈ કાંતિલાલ શાહ તથા શ્રી દીપકભાઈ મગનલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ બન્ને જિનાલયોની પ્રતિષ્ઠા **સં૰ ૧૯૪૮**માં થયેલ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - બારડોલી, તાલુકો - બારડોલી

૧૮. શ્રી કુંથુનાથ (સં૰ ૨૦૨૫)

બારડોલી શહેરમાં સ્ટેશન રોડ પર આવેલ હીરાચંદનગરમાં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી કુંથુનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

જિનાલયની પ્રથમ પ્રતિષ્ઠા તથા પુનઃ પ્રતિષ્ઠા અંગેના શિલાલેખ પરથી પ્રતિમાની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. આ લેખ નીચે મુજબ છે :

શ્રી કુંથુનાથાય નમઃ

શ્રી ગૌતમસ્વામિને નમઃ

પ્રથમ પ્રતિષ્ઠા પ્રશસ્તિ

વિ૰ સં૰ ૧૪૬૪માં રાજસ્થાન ગાંગાણી તીર્થે પૂ૰ આ૰ ભ૰ સોમસુંદરસૂરીશ્વરજી મ૰ સા૰ના હસ્તે અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠિત, પ્રગટપ્રભાવી મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની આબુ-દેલવાડાથી પ્રાપ્તિ થઈ. શ્રી ચંદ્રપ્રભસ્વામિ વિ૰ સં૰ ૧૪૬૪ તથા શ્રી ઋષભદેવ વિ૰ સં૰ ૧૬૫૬ પિંડવાડા પાસે અજારી તીર્થથી પ્રાપ્ત થયેલ છે. જેમને બારડોલી સ્ટેશન સામે સ્વતંત્ર મકાનનમાં પહેલે માળે પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ કસ્તુરસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં, પૂ૰ ઉપાધ્યાય શ્રી ચંદ્રોદયવિજયજી ગણિ મ૰ સા૰ની પ્રેરણાથી મહામહોત્સવપૂર્વક સંવત ૨૭૨૫ વીરસંવત ૨૪૯૫ વૈશાખ વદ છઠ બુધવાર તા૰ ૭-૫-૧૯૬૮ પ્રતિષ્ઠિત કર્યા હતા.

વિ૰ સં૰ ૨૦૨૬માં શીવ-મુંબઈ મધ્યે, યોગનિષ્ઠ પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ કૈલાસસાગર સૂરીશ્વરજી મ૰ સા૰ના હસ્તે અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠિત મહાપ્રભાવક શ્રી ધરણેન્દ્રપદ્માવતી પૂજિત શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ તથા વિ૰ સં૰ ૨૦૧૧માં પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ સિદ્ધિસૂરીશ્વરજી મ૰ સા૰ (પૂ૰ બાપજી મ૰ સા૰) હસ્તે અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠિત, શ્રી સુમતિનાથ, શ્રી મલ્લિનાથ ભૂજપૂર કચ્છથી પ્રાપ્ત થયા. જેમને વિ૰ સં૰ ૨૦૨૭ જેઠ સુદ બીજનાં બીજે મજલે પૂ૰ મુનિ શ્રી ક્ષમાસાગરજી મ૰ સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠિત કર્યા હતા.

પ્રશસ્તિ ૨

શ્રી કુંથુનાથાય નમઃ

સ્વસ્તિ શ્રી સરદારબાગ શ્વે૰ મૂ૰ જૈન સંઘ, સરદારબાગ બારડોલી મધ્યે વિ૰ સં૰ ૨૦૨૫થી પ્રતિષ્ઠિત પ્રગટ પ્રભાવી મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાન, શ્રી ચંદ્રપ્રભસ્વામિ તથા શ્રી ઋષભદેવનાં પ્રાચીન જિનબિંબો મહાપ્રભાવક ધરણેન્દ્ર-પદ્માવતી પૂજિત શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ, શ્રી સુમતિનાથ, શ્રી મલ્લિનાથ તથા શ્રી મહાવીરસ્વામીને શિખરબંધી જિનાલયે ગાદીનશીન કરવા આ ભવ્ય જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો છે.

સુવિશુદ્ધ સંયમમૂર્તિ પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ વિજયપ્રેમસૂરીશ્વરજી મ૰ સા૰ના પટ્ટધર ન્યાયવિશારદ પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં પૂ૰ પં૰ શ્રી ચંદ્રશેખરવિજયજી મ૰ સા૰ની પ્રેરણાથી મહામહોત્સવપૂર્વક વિ૰ સં૰ ૨૦૪૩ વીરસંવત ૨૫૧૩ પોષ વદ ૩ રવિવાર તા. ૧૮-૧-૧૯૮૭ સવારે ૯:૪૧ સમયે ઉપરોક્ત જિનબિંબોને પ્રતિષ્ઠિત કર્યા છે. નૂતન જિનબિંબો, શ્રી સીમંધરસ્વામિ, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ તથા શ્રી ગૌતમસ્વામિની અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠા પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૰ સા૰ તથા પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ૰ સા૰ના હસ્તે ભાયખાલા-મુંબઈ મધ્યે વિ૰ સં૰ ૨૦૪૩ માગશર સુદ ત્રીજ ગુરુવાર ૪-૧૨-૧૯૮૬નાં રોજ થયેલ છે.

જિનાલયમાં પ્રવેશતાં જમણી બાજુ એક દેરી છે. તેમાં સં૰ ૨૦૪૭ને જેઠ સુદ બીજના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રોજ માણિભદ્રવીરની મૂર્તિ પ્રસ્થાપિત કરેલ છે. તેની બાજુમાં નાની ફૂલવાડી છે. જિનાલયની પાછળના ભાગમાં આરાધના ભવન-ઉપાશ્રય છે.

મુખ્ય ત્રણ પ્રવેશદ્વાર તથા રંગમંડપમાં આજુબાજુ અન્ય બે દ્વાર મળીને કુલ પાંચ દ્વાર છે. દીવાલે પાર્શ્વનાથ કલ્યાણક, ગૌતમસ્વામી વિલાપ, સળગતા લાકડામાંથી નાગનો બચાવ, ચૌદ સ્વપ્નો, જન્મકલ્યાણક, નેમનાથ પ્રભુની જાન, શથ્થંભવ બ્રાહ્મણને દીક્ષા, ભદ્રબાહુ દ્વારા ઉવસ્સગ્હર સ્તોત્રની રચના જેવા ચિત્રકામયુક્ત પ્રસંગો છે. ઘુમ્મટમાં તથા ઉપરની દીવાલો પણ શીતલનાથ જિનાલય-કલકત્તા, શત્રુંજય, ભદ્રેશ્વર, આબુ, અષ્ટાપદ, નેમનાથ સહસામ્રવનમાં, ગિરનાર, રાણકપુર, સમેતશિખર, શત્રુંજય, પાવાપુરી, શૂલપાણી ઉપસર્ગ, સંગમનો ઉપસર્ગ જેવા કાચકામયુક્ત પટ-પ્રસંગો તથા સમેતશિખર, શત્રુંજય જેવા પથ્થરમાં ઉપસાવી રંગકામ કરેલ પટોથી ખચિત છે. ગૌતમસ્વામીની મૂર્તિ છે.

ભોંયતળિયે ગભારામાં બિરાજમાન શ્રી કુંથુનાથની પ્રતિમા ૧૩" ઊંચી છે. કુલ અગિયાર આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા છે. જમણે ગભારે સીમંધરસ્વામી તથા ડાબે ગભારે સહસ્રફણા પાર્શ્વનાથ છે.

ઉપરના માળે શિખરમાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની ૫૧" ઊંચી શ્યામ આરસની કાઉસ્સગ્ગ પ્રતિમા બિરાજે છે. જમણી બાજુ દીવાલે શત્રુંજયનો પટ તથા ડાબી બાજુ કમઠ-ધરણેન્દ્રનો પ્રસંગ કાચકામયુક્ત છે.

પોષ વદ ત્રીજની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને શ્રી મગનલાલ વીરચંદ શાહ (વડોલીવાલા) પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી સરદારબાગ જૈન શ્વે૦ મૂ૦ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી રસિકલાલ મગનલાલ શાહ, શ્રી હર્ષદભાઈ નગીનદાસ શાહ, શ્રી પ્રવીણભાઈ ભાયચંદ શાહ, શ્રી જયંતિલાલ ગેબીરામ શાહ તથા શ્રી મહેન્દ્રકુમાર દેવચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં જિનાલયનો સમય **સં૦ ૨૦૨૫**નો છે. પ્રતિમા પ્રાચીન છે.

• • •

ગામ - બારડોલી, તાલુકો - બારડોલી

૧૯. શ્રી શીતલનાથ (ઘરદેરાસર) (સં૦ ૨૦૪૧)

બારડોલીમાં જનતા સોસાયટીમાં નં૦ ૭૦ના બંગલામાં શ્રી ધીરુભાઈ મોતીચંદ શાહ પરિવારનું શ્રી શીતલનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૦ ૨૦૪૧**ના વૈશાખ સુદ ૩ને દિને પં૦ શ્રી ચંદ્રજીતવિજય મ૦ સા૦ની નિશ્રામાં થયેલ છે. ૧૧" ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - બારડોલી, તાલુકો - બારડોલી

૨૦. શ્રી પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૩)

બારડોલી, તેન રોડ સ્ટેશન સામે શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ શાહ પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૩માં વૈશાખ સુદ પને દિને પૂ૰ આ૰ શ્રી ભુવનભાનુસૂરિજીની નિશ્રામાં થયેલ છે. ૧૧" ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - બારડોલી, તાલુકો - બારડોલી

૨૧. શ્રી પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૦)

બારડોલી ગામમાં હીરાચંદનગરમાં સાંઈદર્શન નામના બંગલામાં શ્રી નીતિનકુમાર વાડીલાલ શાહ પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

મૂળનાયક શ્રી પાર્શ્વનાથની ધાતુપ્રતિમાની ચલપ્રતિષ્ઠા સં૰ ૨૦૫૦ની ફાગણ સુદ ૧૧ને દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ના શિષ્ય પૂ૰ મુક્તિચંદ્રસૂરિના શિષ્ય પૂ૰ આ૰ શ્રી અમરગુપ્તવિજયજીના શિષ્ય પૂ૰ શ્રી ચંદ્રગુપ્તવિજયજીની નિશ્રામાં થઈ હતી. ત્યારબાદ થોડા સમયમાં જ શ્રી નીતિનભાઈ વાપીથી બારડોલી રહેવા આવી જતાં ઘરદેરાસર બારડોલીમાં સં૰ ૨૦૫૦માં જેઠ સુદ છઠને દિને સ્થળાંતર કર્યું. અહીં કુલ ત્રણ ધાતુપ્રતિમા છે.

જૂની વર્ષગાંઠ ફાગણ સુદ અગિયારશ અને નવી વર્ષગાંઠ જેઠ વદ છઠની છે.

• • •

ગામ - બારડોલી, તાલુકો - બારડોલી

૨૨. શ્રી વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૩)

બારડોલીમાં ઉપલી બજારે શ્રી માણેકચંદ લલ્લુભાઈ શાહ પરિવારનું શ્રી વાસુપૂજ્ય-સ્વામીનું ઘરદેરાસર છે. પહેલા માળે ત્રીજા ઓરડામાં છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૩માં વૈશાખ સુદ ત્રીજના રોજ આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ તથા પં૰ ચંદ્રજિતવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં કરવામાં આવેલ છે.

૯" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. અઢાર અભિષેક કરેલા આરસના સિદ્ધચક્રજી દીવાલે સ્થાપિત કરેલ છે. તેની આજુબાજુ અઢાર અભિષેકવાળી – જમણી બાજુ સીમંધરસ્વામી, પાર્શ્વનાથ તથા ડાબી બાજુ ગૌતમસ્વામી, મહાવીરસ્વામીની આરસપ્રતિમા દીવાલે ફીટ કરેલ છે જેની વાસક્ષેપ પૂજા થાય છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - સરભોણ, તાલુકો - બારડોલી

૨૩. શ્રી આદેશ્વર (સં૰ ૧૯૪૦ આસપાસ)

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મુખ્ય મથકથી ૮ કિ૰ મી૰ના અંતરે સરભોણ ગામ આવેલું છે. અહીં હાલ પાંચ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં અહીં ૧૨ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. અહીં જ શ્રી કુમુદચંદ્રસૂરિ મ૰ સા૰એ દીક્ષા લીધી હતી. તેઓની આ જન્મભૂમિ છે. હાલ ગામમાં ઉપર-નીચે એમ બે માળનું ઉપાશ્રયનું બાંધકામ ચાલે છે. બ્રાહ્મણફળિયામાં આરસનું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપર શિખરમાં મૂળનાયક શ્રી નેમનાથ છે.

અહીં પૂર્વે આ કાષ્ઠનું ઘરદેરાસર હતું. સં૰ ૨૦૫૪ મહા સુદ ૧૩ સોમવારે તા૰ ૯-૨-૯૮ના રોજ આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં શ્રી જયંતિલાલ કેસરીચંદ શાહ તથા શ્રી રમણલાલ કેસરીચંદ શાહ પરિવાર દ્વારા પુનઃ પ્રતિષ્ઠા થઈ છે. તે અંગેનો શિલાલેખ છે.

માણિભદ્રવીરની દેરી તથા શ્રી કુમુદચંદ્રસૂરિ મ૰ સા૰નું ગુરુમંદિર છે. મહાલક્ષ્મીદેવી, ચક્રેશ્વરીદેવી, યક્ષની આરસમૂર્તિઓ છે. શત્રુંજય તથા સમેતશિખરના પટ છે.

૨૭" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા છે. તેની ડાબી બાજુ અજિતનાથ તથા જમણી બાજુ સુવિધિનાથ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે.

ઉપર – શિખરમાં ૭" ઊંચી શ્રી નેમનાથની શ્યામ રંગી આરસની એક પ્રતિમા છે. તથા બે ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી (ભાગ-૨)માં સરભોણ ગામમાં એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. તે સમયે ગામમાં સોળ જૈન કુટુંબો વસતાં હોવાનો ઉલ્લેખ છે.

ત્યારબાદ **સં૰ ૨૦૧૦**માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં બારડોલીથી ૬ માઈલ દૂર સરભોણ ગામમાં બ્રાહ્મણ મહોલ્લામાં આદેશ્વરના આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. તે સમયે કુલ ચાર આરસપ્રતિમા, નવ ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસ જિનપટ હતો. વહીવટ શેઠ જીવા માધાજી હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. જિનાલય બીજે માળ હતું. **સં૰ ૨૦૧૦**માં ગામમાં એક ઉપાશ્રય તથા ધર્મશાળા હતી અને ૪૦ જૈન કુટુંબો વસતાં હતાં. સં૰ ૧૯૪૦ શ્રી સંઘ દ્વારા જિનાલય બંધાયું હતું.

મહા સુદ ૧૩ને વર્ષગાંઠના દિને જમણવાર થાય છે. તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી આદિનાથ ભગવાનની જૈન પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી જંયતિલાલ કેસરીચંદ શાહ, શ્રી વિનોદચંદ્ર રાયચંદ શાહ તથા શ્રી હસમુખલાલ હરખચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૪૦ની આસપાસ**ના સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - કડોદ, તાલુકો - બારડોલી

૨૪. શ્રી શાંતિનાથ (સં૰ ૧૯૫૪)

બારડોલી તાલુકાથી ૧૮ કિ૰ મી૰ના અંતરે બારડોલીથી માંડવી જવાના માર્ગ પર કડોદ ગામ આવેલું છે. ગામમાં હાલ ૩૦ જૈન કુટુંબો વસે છે જે મુખ્યત્વે ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગામમાં બજારમાં શ્રાવક-શ્રાવિકાનો કોમન ઉપાશ્રય છે. બજારમાં શ્રી શાંતિનાથનું ભોંયરાયુક્ત શિખરબંધી જિનાલય આવેલું છે. આરસ તથા સાદા પથ્થરનું બનેલું આ જિનાલય પશ્ચિમાભિમુખ છે.

પ્રવેશતાં આપણી જમણી બાજુ, કંપાઉંડમાં ત્રણ દેવકુલિકા જેવી રચના છે જેમાં પદ્માવતીદેવી, માણિભદ્રવીર તથા ઘંટાકર્ણવીરની મૂર્તિઓ છે. તેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૬ના મહા સુદ તેરશના રોજ થયેલ છે.

રંગમંડપમાં ચાર ગોખમાં ચાર આરસપ્રતિમા તથા કૌલીમંડપમાં સામ-સામે ગોખમાં ગરુડયક્ષ અને નિર્વાણીયક્ષિણી બિરાજે છે. દીવાલે શત્રુંજય, સમેતશિખર, નવપદજી અને અષ્ટાપદના ચિત્રિત કરેલા પટ છે. રંગમંડપમાં આજુબાજુ અન્ય બે દ્વાર પૈકી ડાબી બાજુના દ્વારેથી બહાર નીકળતાં એક દેરી છે જેમાં આરસનાં પગલાંની એક જોડ છે. લેખ સુવાચ્ય નથી. તેની બાજુની દીવાલે નંદીશ્વરદ્વીપ, નેમનાથ પ્રભુની જાનનું દૃશ્ય તથા પાવાપુરી વગેરેનું ચિત્રકામ છે. જમણી બાજુના દ્વારેથી નીચે ભોંયરામાં જવાનો રસ્તો છે.

૨૩" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથ સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા દસ ધાતુ પ્રતિમા છે. મૂળનાયકની પાછળ દીવાલે શાંતિનાથના ભવોનું ચિત્રાંકન છે. મૂળનાયક પર સં૰ ૧૯૫૧નો લેખ છે.

ભોંયરામાં ૧૭" ઊંચી (ફણા સાથે ૨૩") શ્રી વિઘ્નહર પાર્શ્વનાથની મનોહર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. કુલ ત્રણ આરસપ્રતિમા છે. અહીં પણ મૂળનાયક પર સં૰ ૧૯૫૧નો લેખ છે. પાછળની દીવાલે ચિત્રાંકન છે. ભોંયરાની રચના તથા બારડોલીના શાંતિનાથના જિનાલયના ભોંયરાની રચના સમાન જણાય છે.

ઉપર શિખરમાં પણ જિનાલયની રચના છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રત-સ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૦૫નો લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા છે. ડાબી બાજુ બિરાજમાન નમિનાથની પ્રતિમા પર સં૰ ૨૦૦૫નો લેખ છે તથા જમણી બાજુ શ્રી આદેશ્વરની પ્રતિમા પર સં૰ ૨૦૨૬નો લેખ છે. આ ત્રણેય પ્રતિમાની પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૭માં થયેલ છે.

જિનાલયમાં કુલ તેર આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા છે. સં૰ ૨૦૨૭માં શ્રી ક્ષમા-સાગરજી મ૰ સા૰ની નિશ્રામાં તથા સં૰ ૨૦૪૬માં શ્રી સુબોધસાગરજી તથા શ્રી મનોહરકીર્તિ-સાગરજીની નિશ્રામાં જીર્ણોદ્ધાર થયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મઢી સ્ટેશનથી ૫ ગાઉના અંતરે આવેલા કડોદ ગામ વચ્ચે શ્રી શાંતિનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ દસ આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા હતી. સં. ૧૯૫૪માં શ્રી સંઘ દ્વારા જિનાલય બાંધવામાં આવેલું હતું. **સં. ૧૯૬૩**માં કામ ચાલુ હોવાની અને અપૂર્ણ હોવાની નોંધ છે.

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મઢીથી ૬ માઈલ દૂર આવેલ કડોદ ગામમાં બજાર વચ્ચે શ્રી શાંતિનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ આઠ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હતી. સં. ૧૯૫૪માં શ્રી સંઘે જિનાલય બંધાવ્યું હતું. મૂળનાયક પર સં. ૧૯૫૧નો મૂર્તિલેખ હોવાની નોંધ મળે છે. વહીવટ શેઠ છોટાલાલ મોતીચંદ હસ્તક હતો. સ્થિતિ સાધારણ હતી. ભોંયરામાં પ્રતિમાજી હોવાની વિશેષ નોંધ હતી. તે સમયે ગામમાં એક લાઇબ્રેરી, એક ઉપાશ્રય અને એક ધર્મશાળા હોવાની નોંધ હતી. ૧૨૫ જૈન કુટુંબ હતાં.

સં. ૨૦૧૩માં **જૈન ધર્મનાં યાત્રાસ્થળો** ગ્રંથમાં કડોદ ગામ તથા જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'મઢી ટીવી રેલવેનું સ્ટેશન છે. મઢીથી બસ જાય છે. શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર છે. ઉપાશ્રય પણ છે.'

મહા વદ બીજને વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. શ્રી જયંતિભાઈ અમીચંદ શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી શ્વે. મૂ. જૈન સંઘ-કડોદના ટ્રસ્ટીગણ – શ્રી પિનાકીનભાઈ રાયચંદ શાહ, શ્રી પારસભાઈ કુમુદચંદ્ર શાહ, શ્રી કૌશિકભાઈ રાયચંદ શાહ તથા શ્રી સાકરચંદ ચુનીલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં જિનાલયનો સમય **સં. ૧૯૫૪**નો છે.

• • •

ગામ - મઢી, તાલુકો - બારડોલી

૨૫. શ્રી અભિનંદનસ્વામી (સં. ૧૯૮૨)

સુરત શહેરથી ૫૬ કિ. મી.ના અંતરે તાપ્તી લાઈન પર આવેલાં મઢી ગામનો બારડોલી તાલુકામાં સમાવેશ થાય છે. તાલુકા મથકથી ૨૩ કિ. મી.ના અંતરે છે. રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન સાથે સંકળાયેલું મહત્ત્વનું સ્ટેશન છે. લોકોનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. ઉપરાંત હીરાઉદ્યોગ, સુગર ફૅક્ટરી, તુવેરદાળ તથા ખમણી માટે પણ જાણીતું છે. અહીં ૬૦ થી ૭૦ જૈન કુટુંબો વસે છે. શ્રાવક-શ્રાવિકાનો એકેક ઉપાશ્રય છે. ઉપાશ્રયમાં પાઠશાળા ચાલે છે. જ્ઞાનભંડારમાં ૪૦૦ પ્રિન્ટેડ પુસ્તકો છે.

બજારમાં બૅંક ઓફ બરોડા સામે આરસનું બનેલું શ્રી અભિનંદનસ્વામીનું ત્રણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિખરવાળું જિનાલય આવેલું છે જે પૂર્વે ઘરદેરાસર હતું.

આ શિખરબંધી જિનાલયનું નિર્માણ કરી સં૰ ૨૦૪૫ના મહા સુદ પાંચમના રોજ પૂ૰ શ્રી મનોહરકીર્તિસાગરજીની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

ઉત્તરાભિમુખ જિનાલયના કંપાઉંડમાં જમણી બાજુ શ્રી માણિભદ્રવીરની દેરી છે. આગળ જતાં પગથિયાં પાસે હાથીનાં શિલ્પો છે. શૃંગારચોકીમાં કોતરણીયુક્ત રંગકામ કરેલા કમાનોવાળા સ્થંભો છે. ત્રણ પ્રવેશદ્વાર તથા આજુબાજુ અન્ય બે દ્વાર મળીને કુલ પાંચ દ્વાર છે. પ્રદક્ષિણા થઈ શકે તેવી ભોમતીની રચના છે. પાછળના ભાગમાં ફૂલવાડી છે.

રંગમંડપમાં દીવાલો શત્રુંજય, સમેતશિખર, પાવાપુરી, અષ્ટાપદ, નવપદજી તથા ઋષિમંડળ જેવા ચિત્રકામયુક્ત પટ-યંત્રોથી શોભે છે. ઈશ્વરયક્ષ તથા કાલિકાયક્ષિણીના ગોખ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી અભિનંદનસ્વામીની આરસપ્રતિમા સહિત કુલ બાર આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. જમણે ગભારે શ્રી શાંતિનાથ તથા ડાબે ગભારે શ્રી વાસુપૂજ્યસ્વામી છે. અહીં ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે. મૂળનાયક પ્રતિમા પર લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મઢી બજારમાં શ્રી અભિનંદનસ્વામીનું ઘરદેરાસર વિદ્યમાન હોવાની નોંધ છે. તે સમયે કુલ ત્રણ આરસપ્રતિમા, ત્રણ ધાતુપ્રતિમા તથા રજતચોવીસીનો એક પટ હતો. સં૰ ૧૯૮૨માં આ જિનાલય બંધાયું હતું. વહીવટ શેઠ છગનલાલ ચમનાજી હસ્તક હતો. ઘરદેરાસરની સ્થિતિ સારી હતી. ગામમાં તે સમયે ૧૦૦ જૈનો હતા.

સં૰ ૨૦૧૩માં પ્રકટ થયેલ **જૈન ધર્મનાં યાત્રાસ્થળો** ગ્રંથમાં આ ગામમાં રેલવે સ્ટેશન તથા અભિનંદનસ્વામીનું જિનાલય હોવાની નોંધ છે.

મહા સુદ પાંચમની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ જૈન સંઘ-મઢીના ટ્રસ્ટીઓ – શ્રી પપ્પુભાઈ નાથુભાઈ છગનલાલ શાહ, શ્રી અશોકકુમાર કાંતિલાલ શાહ, શ્રી સંદીપભાઈ મહેન્દ્રભાઈ શાહ, શ્રી જગદીશભાઈ લલ્લુભાઈ શાહ તથા શ્રી ભરતભાઈ મુકુંદભાઈ શાહ હસ્તક છે.

જૈન તીર્થ સર્વસંગ્રહના આધારે આ જિનાલયનો સમય **સં૰ ૧૯૮૨**નો છે.

• • •

ગામ - વાંકાનેર, તાલુકો - બારડોલી

૨૬. શ્રી કુંથુનાથ (સં૰ ૧૯૯૧)

બારડોલીથી વાલોડ જવાના રસ્તે, બારડોલી તાલુકાથી ૧૦ કિ૰ મી૰ના અંતરે આવેલ વાંકાનેર ગામમાં હાલ જૈનોના દસ ઘર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાલ ગામમાં તળાવફળિયામાં શ્રી ઈશ્વરભાઈ નાથુભાઈ શાહ પરિવારનું શ્રી કુંથુનાથનું ઘરદેરાસર આવેલું છે. ઉપરના માળે ઘરદેરાસર અને નીચે ઉપાશ્રય છે.

મૂળનાયક શ્રી કુંથુનાથની ધાતુપ્રતિમા ૯" ઊંચાઈ ધરાવે છે. કુલ છ ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે પ્રતિષ્ઠા સં૰ ૧૯૯૧માં શ્રી વિનયચંદ્રવિજય તથા શ્રી પાર્શ્વચંદ્રવિજયની નિશ્રામાં થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં બારડોલીથી ૬ માઈલ દૂર આવેલ વાંકાનેર ગામમાં જૈન મહોલ્લામાં શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. તે સમયે ઘરદેરાસર બીજે માળ હતું. કુલ પાંચ ધાતુપ્રતિમા હતી. વહીવટ શેઠ ગાંડાભાઈ તલકચંદ હસ્તક હતો. સ્થિતિ સાધારણ હતી. ગામમાં ૧૦૦ જૈન કુટુંબોની વસ્તી હતી અને ઉપાશ્રય હતો.

આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૯૧**નો છે.

• • •

ગામ - કરચેલીયા, તાલુકો - મહુવા

૨૭. શ્રી સંભવનાથ (સં૰ ૧૯૬૩ પૂર્વે)

મહુવા તાલુકાથી ૭ કિ૰ મી૰ના અંતરે આવેલા કરચેલીયા ગામમાં હાલ ૫૦ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષ દરમ્યાન ચાર શ્રાવક તથા બે શ્રાવિકાઓએ દીક્ષા લીધેલ. શ્રાવક-શ્રાવિકાના એકેક ઉપાશ્રય છે જે પૈકી શ્રાવિકાના ઉપાશ્રયમાંનું કામ ચાલે છે. ઉપાશ્રયમાં જ પાઠશાળા ચાલે છે. એક મંગલભવન (આયંબિલશાળા) તથા જ્ઞાનભંડાર છે.

વાણિયાવાડમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી સંભવનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. સં૰ ૧૯૮૫માં મહા સુદ ૧૩ના રોજ શ્રી વલ્લભવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા થયેલ છે.

કંપાઉંડમાં જમણી બાજુ માણિભદ્રવીરની દેરી છે. બાજુમાં ગુરુમંદિર છે. તેમાં શ્રી આત્માનંદવિજયજીના શિષ્ય શ્રી વલ્લભવિજયજી મ૰ સા૰ની ગુરુમૂર્તિ બિરાજિત છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૩માં જેઠ સુદ ત્રીજ તા૰ ૧૧-૬-૧૯૬૭ના રોજ થયેલ છે. પાસે પૂજારીનું ઘર, કૂવો તથા વાડી છે.

રંગમંડપમાં ઘુમ્મટમાં ૨૪ તીર્થંકર, શાસનદેવી, યક્ષ-યક્ષિણી, નવગ્રહ તથા ચૌદ સ્વપ્નોનું ચિત્રકામ તથા મીનાકારીગરીનું કામ સુંદર છે. દીવાલો નંદીશ્વરદ્વીપ, આબુ, પાવાપુરી, અષ્ટાપદ, ગિરનાર, સમેતશિખર, કેસરિયાજી, શત્રુંજય, નવપદજી તથા તારંગાજી જેવા પટથી શોભે છે. સ્થંભો પર અષ્ટમંગલ તથા શિલ્પો છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ તથા શ્રી આત્માનંદસૂરીશ્વર મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિના ગોખ ઉપરાંત ત્રિમુખયક્ષ તથા દુરિતાદેવી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યક્ષિણીની આરસમૂર્તિના ગોખ છે. તે સૌની પ્રતિષ્ઠા સં૰ ૧૯૮૫માં મહા સુદ તેરશ થયેલ છે.

ગર્ભદ્વાર એક છે. ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની પ્રતિમા પર સં૰ ૧૮૪૫નો લેખ છે. પ્રતિમા ચમત્કારીક છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે. ફરતે પ્રદક્ષિણા માટેની ભોમતી છે જેમાં ત્રણ મંગલમૂર્તિ છે.

ઉપર શિખરમાં નાનો ગભારો છે જે ખાલી છે. ધજાદંડ વખતે તેમાં પ્રતિમા પધરાવી ધજા ચડાવાય છે. કુલ પાંચ ધજા ચડે છે. જિનાલયની સ્થિતિ મધ્યમ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મહુવા તાલુકામાં કરચલીઆ ગામની અંદર શ્રી સંભવનાથનું શિખર વિનાનું જિનાલય વિદ્યમાન હોવાની નોંધ છે. તે સમયે એક આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં નવસારીથી ૧૮ માઈલ દૂર મહુવા પોસ્ટઑફિસ ધરાવતા કરચલીઆ ગામમાં શ્રી સંભવનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ પાંચ આરસપ્રતિમા, સાત ધાતુપ્રતિમા તથા એક ગુરુમૂર્તિ હતી. મૂળનાયક પર સં૰ ૧૮૪૫નો લેખ હોવાનો તથા બંધાયા સં૰ ૧૯૭૭નો ઉલ્લેખ હતો. વહીવટ ઉમાભાઈ કપુરાજી હસ્તક હતો. સ્થિતિ સારી હતી. ૨૭૫ જૈન કુટુંબો વસતાં હતાં. એક ઉપાશ્રય તથા શ્રી વલ્લભવિજયજી જૈન પુસ્તકાલય હોવાની નોંધ હતી.

મહા સુદ તેરશની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ-કરચેલીયાના ટ્રસ્ટીઓ – શ્રી અમૃતભાઈ શાહ તથા શ્રી બિપીનભાઈ શાહ હસ્તક છે.

ટૂંકમાં જિનાલયનો સમય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નો માની શકાય. પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૧૯૭૭ તથા સં૰ ૧૯૮૫માં થયેલ છે.

• • •

ગામ - અનાવલ, તાલુકો - મહુવા

૨૮. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૫૨)

મહુવા તાલુકાથી ૩૨ કિ૰ મી૰ના અંતરે આવેલ અનાવલ ગામ બીલીમોરા-વધઈ નેરોગેજ રેલવે પર આવેલું સ્ટેશન છે. વેપારનું ધમધમતું મથક છે. ગુજરાતના પાટનગર તથા ઉદ્યોગ શહેરો સાથે માત્ર રેલવે માર્ગ જ નહીં પણ બસ માર્ગે પણ જોડાયેલું છે. ગુજરાતનાં શહેરો સિવાય મહારાષ્ટ્રના નાસિક, શિરડી જેવાં શહેરો સાથે નિયમિત બસ વ્યવહારથી જોડાયેલું છે. હાલ ત્રણ જૈન કુટુંબો વસે છે. નવા ઉપાશ્રયનું કામ ચાલે છે. દર રવિવારે પાઠશાળા ચાલે છે.

આશરે ૧૨ વર્ષ પૂર્વે આ૰ શ્રી ભુવનભાનુસૂરીશ્વર મહારાષ્ટ્રના કોલ્હાપુર નગરના વિહાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમયે વિશાળ સમુદાય સાથે અત્રે પધારેલ, તેઓશ્રીની નિશ્રામાં શ્રી શાંતિનાથના ગૃહજિનાલયની ચલ પ્રતિષ્ઠા કરેલ. તે સમયે ત્રણ ધાતુપ્રતિમા પધરાવેલ તથા નૂતન જિનાલયની ખનનવિધિ, શિલાન્યાસ વિધિ પણ કરવામાં આવેલ.

આરસના બનેલા શિખરબંધી જિનાલયના નિર્માણનું કાર્ય પૂર્ણ થતાં **સં૰ ૨૦૫૨**ના જેઠ સુદ બારશના રોજ આ૰ શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ૰સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ છે. શ્રી શાંતિનાથના ઘરદેરાસરની ત્રણેય ધાતુપ્રતિમા અત્રે નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠિત કરેલ છે.

પ્રવેશદ્વારે દ્વારપાલ તથા કમાનો પર નારીશિલ્પો છે. રંગમંડપમાં પ્રવેશતાં જમણી બાજુ ગૌતમસ્વામી તથા ડાબી બાજુ પદ્માવતીદેવીનો ગોખ છે. સમેતશિખર, શત્રુંજયના આરસમાં ઉપસાવી રંગકામ કરેલા પટ છે. માણિભદ્રવીરનો ગોખ છે. ગર્ભદ્વાર પાસે સામ-સામે ગોખમાં કુમારયક્ષ તથા ચંદ્રાયક્ષિણીનો ગોખ છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે.

મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૨૧" ઊંચી પ્રતિમા પર સં૰ ૨૦૫૨નો લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

આજે જેઠ સુદ બારશની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. શાહ કાંતિલાલ ભીખાભાઈ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ-અનાવલના ટ્રસ્ટીઓ – શ્રી કેસરીચંદ લલ્લુભાઈ શાહ, શ્રી દીલીપભાઈ કાંતિલાલ શાહ તથા શ્રી રસિકલાલ કાંતિલાલ શાહ હસ્તક છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં બિલીમોરા સ્ટેશનથી ૭ માઈલના અંતરે આવેલ અનાવડ ગામમાં શ્રી પાર્શ્વનાથના શિખર વિનાના જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા હોવાની નોંધ છે. તે સમયે જિનાલયની સ્થિતિ જીર્ણ હતી.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં અનાવલ ગામમાં કોઈ જિનાલયનો ઉલ્લેખ નથી.

અનાવલ નગરનો સંક્ષિપ્ત પરિચય નામની પત્રિકા અનાવલ ગામના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના ટ્રસ્ટ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી છે. તેમાં પ્રમુખ તરીકે કાંતિલાલ ભીખાભાઈ શાહનો ઉલ્લેખ છે. આ પત્રિકામાં નીચે મુજબની નોંધ છે :

'આજથી આશરે ૨૦૦ વર્ષ પૂર્વે અનાવલ ગામે શિખરબંધી જિનાલય હતું. જે વખતે આજુબાજુના ગામો કોસ, ધોલીકુવા, ખરોલી, કુકેરી વિ.માં જૈનોની વસ્તીનું પ્રમાણ વધુ હતું. પરંતુ સંજોગોના વહેણથી તેમાં કાળક્રમે ઘટાડો થતો રહ્યો જેને લીધે જિનાલયની અપૂરતી દેખભાળ થઈ હોવાને કારણે ભગવાનની પ્રતિમા અત્રેથી સ્થળાંતર થયેલ હોય એનાં પ્રમાણો આજે પણ અસ્તિત્ત્વ ધરાવે છે. જિનાલયની મૂળ જગ્યા આજે સરકારી દફતરે 'વાણિયા લોકોનું મંદિર' એવી નોંધ સાથે થયેલ છે. જિનાલયનું ક્ષેત્રફળ પણ તેમાં વિદિત છે. જીર્ણ જિનલાય આજે પણ કાળની કરામત સામે ટકી રહ્યું છે. જેમાં જૈન દેરાસરની પ્રાચીન સ્થાપત્યના નમૂનારૂપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીવાલો, ભગવાનની ગાદી અને ખંડેર ઉપાશ્રય અસ્તિત્ત્વમાં છે.'

સં૰ ૧૯૬૩માં અનાવડ (અનાવલ) ગામમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. પાર્શ્વનાથના એ જિનાલયના કેટલાક અવશેષો, ઉપરની પત્રિકાની નોંધમાં જણાવ્યા મુજબ આજે પણ નજરે પડે છે. આજે વાસુપૂજ્યસ્વામીનું નૂતન જિનાલય છે. તેની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૨**માં થયેલ છે.

• • •

ગામ - માંડવી, તાલુકો - માંડવી

૨૯. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૧૯૬૩ પૂર્વે)

સુરત જિલ્લામાં સુરત શહેરથી ૬૫ કિ૰ મી૰, મઢી રેલ્વસ્ટેશનથી ૧૬ કિ૰ મી૰ તથા કીમ રેલવેસ્ટેશનથી ૪૫ કિ૰ મી૰ના અંતરે આવેલ માંડવી ગામમાં હાલ ૮૫% આદિવાસીઓ છે. જૈનોના કુલ ૮૦ ઘર છે.

પૂર્વે આ ગામ ઈમારતી તથા દેશી લાકડા માટે તેમજ ખત્રી વણકરોના સાડીકામ માટે જાણીતું હતું. હાલ તુવેરદાળ માટે જાણીતું છે. હાલ માંડવી તાલુકા મથક છે. આઝાદી પછી પણ અન્ય ધંધા-ઉદ્યોગનો લાભ મળ્યો ન હોવાથી અહીં મુખ્ય વ્યવસાય ખેતી છે.

હાલ ગામમાં ૧૦૯ વર્ષ જૂની હાઈસ્કૂલ છે. બજારમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું આરસનું બનેલું શિખરબંધી પ્રાચીન જિનાલય આવેલું છે.

સં૰ ૧૯૭૧, સં૰ ૨૦૨૧, સં૰ ૨૦૨૭, સં૰ ૨૦૪૬માં ક્રમશઃ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો છે. છેલ્લા જીર્ણોદ્ધાર વખતે સં૰ ૨૦૪૬માં વૈશાખ સુદ છઠને દિને શ્રી આનંદસાગરજી મ૰ સા૰ની નિશ્રામાં નવી પ્રતિમા પણ ભરાવેલ છે.

જમીનથી ૧૫ ફૂટ ઊંચું લેવલ લઈને જિનાલયનું બાંધકામ કરેલું છે. તેની નીચેની દીવાલે હાથી, ફૂલછોડ વગેરેનું ચિત્રાંકન છે. બન્ને બાજુ પગથિયાંની રચના છે. શૃંગારચોકીમાં રંગકામયુક્ત કમાનવાળા પ્રવેશદ્વારની આજુબાજુ બારી છે.

રંગમંડપમાં પ્રવેશતાં ડાબી બાજુ પદ્માવતીદેવીની આરસમૂર્તિ એક ગોખમાં બિરાજે છે અને જમણી બાજુ ગોખમાં પણ દેવીની આરસમૂર્તિ છે. સ્થંભો પર વાજિંત્ર સહિત વિવિધ મુદ્રામાં નારીશિલ્પો કંડારેલા છે. રંગમંડપમાં આજુબાજુ અન્ય બે દ્વાર છે. ગર્ભદ્વાર પાસે ડાબી બાજુ શ્રી શામળા પાર્શ્વનાથ અને સંભવનાથની આરસમૂર્તિઓના બે ગોખ છે. તેની સામે, જમણી બાજુ બે ગોખમાં શ્રી મહાવીરસ્વામી અને શ્રી અભિનંદનસ્વામી બિરાજે છે.

ગર્ભદ્વાર ત્રણ છે. ૩૩'' ઊંચી શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૮૪૫નો લેખ છે. મૂળનાયકની પાછળની દીવાલે ચિત્રકામ થયેલું છે. ડાબા ગભારે શ્રી સંભવનાથ તથા જમણી બાજુ શ્રી ફેણીયા પાર્શ્વનાથ છે. તે પૈકી શ્રી ફેણીયા પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૮૫૬નો લેખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. તેમની જમણી બાજુ પદ્મપ્રભુની પ્રતિમા પર પણ સં૰ ૧૮૫૬નો લેખ છે. મૂળનાયકની ડાબી બાજુ શ્રી નમિનાથની પ્રતિમા પર સં૰ ૧૮૫૫નો તથા જમણી બાજુ શ્રી કુંથુનાથની પ્રતિમા પર સં૰ ૧૮૫૬નો લેખ છે. કુલ નવ આરસપ્રતિમા તથા પચીસ ધાતુપ્રતિમા છે.

રંગમંડપમાંથી ડાબી બાજુના દ્વારે નીકળતાં સામે 'મહાતીર્થ દર્શન' નામે એક મોટો રૂમ છે. તેમાં દીવાલો પર ગિરનાર, આબુ, શંખેશ્વર, સમેતશિખર, પાવાપુરી, નવપદજી, અષ્ટાપદ, પાવાપુરી, ચંપાપુરી જેવા પથ્થરમાં કોતરી રંગકામ કરેલા પટ છે. આ બધા પટ સં૰ ૨૦૩૫માં તૈયાર થયા છે. શત્રુંજયનો કાપડનો એક પટ છે.

ઉપર શિખરમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની શ્યામ આરસની ૭'' ઊંચી પ્રતિમા બિરાજે છે. તેના પર સં૰ ૨૦૨૭નો લેખ છે. જમણી તથા ડાબી બાજુ શ્રી મુનિસુવ્રતસ્વામી તથા શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પર પણ સં૰ ૨૦૨૭નો લેખ છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા છે.

ગામમાં બજારમાં જ શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. શ્રાવિકાના ઉપાશ્રયને જૈન વાડી તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. ઉપાશ્રયમાં છેલ્લાં ૧૫ વર્ષથી પાઠશાળા ચાલે છે. ૫૦ પ્રિન્ટેડ પુસ્તકોવાળો જ્ઞાનભંડાર છે. ઉપાશ્રયમાં એક ઓરડીમાં માણિભદ્રવીરનું સ્થાનક છે.

ઐતિહાસિક સંદર્ભ

સ્થાનિક માહિતી પ્રમાણે સં૰ ૧૯૭૧માં વૈશાખ સુદ છઠને દિને પ્રતિષ્ઠા થયેલ છે.

પરંતુ તે અગાઉ **સં૰ ૧૯૬૩**માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મઢી સ્ટેશનથી ૧૦ માઈલ દૂર માંડવી તાલુકાના માંડવી ગામ વચ્ચે શ્રી વાસુપૂજ્યસ્વામીના આ ધાબાબંધી જિનાલયની નોંધ છે. તે સમયે દસ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મઢીથી ૮ માઈલ દૂર માંડવી ગામમાં બજારમાં શ્રી વાસુપૂજ્યસ્વામીના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ બાર આરસપ્રતિમા, સત્તર ધાતુપ્રતિમા ઉપરાંત ત્રણ રજત ચોવીસીપટ હતા. મૂર્તિલેખ સં૰ ૧૮૪૫ દર્શાવી હતી. જિનાલય સં૰ ૧૯૦૦ લગભગમાં બંધાયાની નોંધ હતી. વહીવટ શેઠ મગનલાલ નથુચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. ૧૫૦ જૈન કુટુંબો વસતાં હતાં તથા એક ઉપાશ્રય હતો.

હાલ જિનાલયની સ્થિતિ સારી છે. વૈશાખ સુદ છઠની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને શ્રી નગીનદાસ પાનાચંદ શાહ પરિવાર દ્વારા પરંપરાગત રીતે ધજા ચડે છે. વહીવટ શ્રી માંડવી જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી પ્રવીણભાઈ અમીચંદ શાહ, શ્રી અરવિંદભાઈ કસ્તુરચંદ શાહ, શ્રી અરવિંદભાઈ રતીલાલ શાહ, શ્રી કેતનકુમાર ધનસુખલાલ શાહ તથા શ્રી હિતેન્દ્રકુમાર પ્રેમચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નો છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - અરેઠ, તાલુકો - માંડવી

૩૦. શ્રી વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૩૪)

માંડવી તાલુકાના અરેઠ ગામમાં શ્રી મોહનલાલ ભાઈચંદ શાહ પરિવારનું ઘરદેરાસર આવેલું છે. મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી છે.

સ્થાનિક માહિતી પ્રમાણે પ્રતિમાજી બારડોલી ગામના જિનાલયમાંથી લાવીને અત્રે સં૰ ૨૦૩૪માં મહા સુદ દશમના રોજ બિરાજમાન કરેલ છે. પ્રતિષ્ઠા વિધિકારક શ્રી બિપીનભાઈ ખીમચંદ ઝવેરી, સુરત હસ્તે થયેલ છે. કુલ બે ધાતુપ્રતિમા છે. બન્ને પ્રતિમા ૫'' ઊંચાઈની છે.

• • •

ગામ - તડકેશ્વર, તાલુકો - માંડવી

૩૧. શ્રી શાંતિનાથ (સં૰ ૧૯૯૧ આસપાસ)

માંડવી તાલુકાથી ૩૦ કિ૰ મી૰ના અંતરે તથા કીમ સ્ટેશનથી ૧૫ કિ૰ મી૰ના અંતરે સુરતથી આશરે ૫૫ કિ૰ મી૰ના અંતરે) આવેલ તડકેશ્વર ગામમાં હાલ ૧૧ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ગામમાંથી એક વ્યક્તિએ દીક્ષા લીધેલ છે. સાધુ-સાધ્વી મ૰ સા૰નું વિહારનું ક્ષેત્ર છે.

ટેકરા પર તળાવથી નજીક આરસનું શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રવેશદ્વાર પાસે આપણી જમણી બાજુ શ્રી લાભસૂરીશ્વર મ૰ સા૰ના પગલાં તથા ડાબી બાજુ શ્રી કમલસૂરીશ્વર મ૰ સા૰ના આરસનાં પગલાંની જોડ છે. તેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૨માં જેઠ સુદ અગિયારશ થયેલ છે. જમણી બાજુમાં શ્રી ઘંટાકર્ણવીરની દેરીની પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૪માં આસો સુદ સાતમ થયેલ છે તથા ડાબી બાજુમાં શ્રી માણિભદ્રવીરની દેરીની પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૪માં વૈશાખ વદ સાતમ થયેલ છે. ઉપરોક્ત સ્થાનકો પશ્ચિમાભિમુખ છે.

જિનાલય પૂર્વાભિમુખ છે. બાજુમાં જ ઉપાશ્રય છે. ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં ગૌતમસ્વામી સૂરિયંત્ર પટ, નવપદજી, શત્રુંજય અને ગિરનારના પટ છે. કૌલીમંડપમાં સામ-સામે ગોખમાં ગરુડયક્ષ અને નિર્વાણીયક્ષિણીની આરસમૂર્તિઓ છે.

૧૭'' ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે.

ઉપર શિખરમાં શ્રી પાર્શ્વનાથની ૧૩'' ઊંચી પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા છે.

સં૰ ૨૦૦૨માં જેઠ સુદ અગિયારશના રોજ આ૰ શ્રી લાભસૂરીશ્વર મ૰ સા૰ની નિશ્રામાં શા૰ હીરાચંદ ચેલાજી પરિવાર દ્વારા અને ત્યારબાદ સં૰ ૨૦૩૪માં વૈશાખ વદ ૭ના રોજ શ્રી પદ્મસાગરજી મ૰ સા૰ની નિશ્રામાં શા૰ ગુલાબચંદ કસ્તુરચંદ પરિવાર દ્વારા પુનઃ પ્રતિષ્ઠા થયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં કીમથી ૯ માઈલના અંતરે આવેલ તડકેશ્વર ગામમાં સુથારફળિયામાં શ્રી શાંતિનાથના ઘુમ્મટબંધી જિનાલયમાં કુલ છ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા ઉપરાંત એક રજત ચોવીસી પટનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. વહીવટ શેઠ હીરાચંદ ચેલાજી હસ્તક હતો. લેખનો સંવત ૧૯૯૧ દર્શાવ્યો હતો. એક ઉપાશ્રય તથા ૭૦ જૈન કુટુંબો હતા. **સં૰ ૧૯૬૩**માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

હાલ વૈશાખ વદ સાતમના રોજ શા૰ હીરાચંદ ચેલાજી પરિવાર દ્વારા ધજા ચડે છે. વહીવટ શ્રી શાંતિનાથ જૈન દેરાસર-તડકેશ્વર હસ્તક છે જેનું રજીસ્ટર સં૰ ૨૦૦૮માં થયેલું છે. ટ્રસ્ટીગણમાં – શ્રી અશોકકુમાર ઝવેરચંદ શાહ, શ્રી મનહરલાલ મગનલાલ શાહ તથા શ્રી કમલેશકુમાર વસંતલાલ શાહનો સમાવેશ થાય છે.

સં૰ ૨૦૧૦માં લેખનો સંવત ૧૯૯૧ દર્શાવવામાં આવ્યો છે. તે આધારે આ જિનાલય **સં૰ ૧૯૯૧ આસપાસ**નો સમયનું માની શકાય.

• • •

ગામ - બૌધાન, તાલુકો - માંડવી

૩૨. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૧૮૮૩)

માંડવી તાલુકામાં, તાલુકા મથકથી ૨૫ કિ૰ મી૰ના અંતરે બૌધાન ગામ આવેલું છે.

અહીંની ભૂમિમાં જે વાવણી પહેલાં કરો તે ઘણું જ ઝડપથી અને વિપુલ પ્રમાણમાં પાકતું હતું તેથી આ ગામ અને તેનો વિસ્તાર બહુધાન તરીકે ઓળખાતો હતો. અહીં હાલ ૨૦ જૈન કુટુંબો વસે છે. સં૰ ૨૦૦૨માં અહીં ૬૫ ઘર હતા. ૫૦ વર્ષમાં બે શ્રાવકો તથા પાંચ શ્રાવિકાએ દીક્ષા લીધેલ. હાલ પણ મારવાડી બજારમાં શ્રી મુનિસુવ્રતસ્વામીનું જિનાલય અને તેની બાજુમાં શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે.

જિનાલયની મુલાકાત દરમ્યાન જિનાલય જીર્ણ થયેલ હોવાથી જિનાલયના નવીન નિર્માણની કામગીરી ચાલી રહી હતી. તેથી નૂતન જિનાલય જીર્ણ અવસ્થામાં હતું તે સમયે કેવી પરિસ્થિતિ હતી તેની વિગતવાર નોંધ આ પ્રમાણે છે :

જિનાલય પશ્ચિમાભિમુખ છે. કંપાઉંડને ફરતે લાંબી ઊંચી દીવાલ છે. જમણી બાજુ માણિભદ્રવીરનું સ્થાનક તથા સિદ્ધાચલ અને ગિરનારના પટ છે. ફૂલવાડી છે.

રંગમંડપમાં જીર્ણ થયેલું રંગકામ છે. કૌલીમંડપમાં બે ખાલી ગોખ છે. ગભારામાં ૩૧" ઊંચાઈવાળી શ્રી મુનિસુવ્રતસ્વામીની નયનરમ્ય આરસપ્રતિમા સહિત કુલ ચાર આરસપ્રતિમા તથા તેર ધાતુપ્રતિમા છે. એક ગર્ભદ્વાર છે. ભોમતીમાં પાછળ એક દેરીમાં આરસનાં પગલાંની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ જોડ છે. તે પૈકી એક પગલાંની જોડ પર 'સં૰ ૧૯૦૭.. મહા સુદ ૧૦.....' તથા અન્ય એક પગલાં પર 'સં૰ ૧૯૦૫.... પોષ સુદ ૫ .... શ્રી .....સાગરજી..... શ્રી દત્તવિજય.... હીરબાઈ રૂપજી નિર્મિત.....' મુજબનું ત્રુટક લખાણ વાંચી શકાય છે. દેરીની બાજુમાં કૂવો છે.

નીચે ભોંયરામાં ૨૧'' ઊંચી શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા તથા ૧૫'' ઊંચી શ્રી અરનાથની પ્રતિમા મળીને કુલ બે આરસપ્રતિમા છે.

જિનાલયની પાછળ કેસરસુખડની રૂમ છે. તેની બાજુમાં એક દેરીમાં શ્રી પાર્શ્વનાથની ૯'' ઊંચાઈવાળી પ્રતિમા બિરાજે છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં માંડવી તાલુકામાં સાયણ સ્ટેશનથી ૧૫ માઈલના અંતરે આવેલ બહુધાન ગામમાં મારવાડી બજારમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. સં૰ ૧૮૮૩માં જિનાલય બંધાયું હતું. કુલ છ આરસપ્રતિમા, દસ ધાતુપ્રતિમા તથા આરસનાં પગલાંની એક જોડ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કીમથી ૨૨ માઈલ દૂર આવેલ બહુધાન ગામમાં મારવાડી બજારમાં મુનિસુવ્રતસ્વામીના શિખરબંધી જિનાલયમાં કુલ છ આરસપ્રતિમા, બાર ધાતુપ્રતિમા તથા સાત ચોવીસી રજતપટ હતા. જિનાલય સં૰ ૧૯૦૦ લગભગમાં બંધાયાની નોંધ હતી. વહીવટ શેઠ વીરચંદ ગુલાબચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. ભોંયરામાં પણ પ્રતિમા હતી. તે સમયે ગામમાં ૩૦૦ જૈન તથા એક ઉપાશ્રય હતા.

સં૰ ૨૦૧૩માં જૈન ધર્મનાં યાત્રાસ્થળોમાં આ ગામ તથા જિનાલય વિશે નીચે મુજબ નોંધ છે :

'વેસ્ટર્ન રેલવેના કીમ સ્ટેશનથી અહીં આવવા સારું બસ સર્વિસ છે. શ્રી મુનિસુવ્રત-સ્વામીનું મનોહર દેવાલય છે. સામે ઉપાશ્રય છે. પુસ્તકાલયને પાઠશાળા ચાલુ છે. નજીકમાં તાપી નદીનું સુંદર વહેણ છે.'

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૮૮૩**નો છે.

• • •

ગામ - વ્યારા, તાલુકો - વ્યારા

૩૩. શ્રી અજિતનાથ (સં૰ ૧૯૬૩ પૂર્વે)

સુરત શહેરથી ૬૫ કિ૰ મી૰ના અંતરે આવેલા આ ગામમાં હાલ ૧૫૦ જૈન કુટુંબો વસે છે. અહીં શ્રી અજિતનાથનું જિનાલય, શ્રી મુનિસુવ્રતસ્વામી ગૃહજિનાલય તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહજિનાલય – એમ એક જિનાલય અને બે ઘરદેરાસર મળીને કુલ ત્રણ જિનાલયો છે. કાનપુરા વિસ્તારમાં બે ઉપાશ્રયો તથા જૈનવાડી અને સુરતીબજાર વિસ્તારમાં એક ઉપાશ્રય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવેલો છે. પાઠશાળા છે.

કાનપુરા મેઈન બજારમાં, સ્ટેશનથી નજીક આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી અજિતનાથનું ભોંયરાયુક્ત, ઊંચા શિખરવાળું જિનાલય આવેલું છે. ભોંયરામાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી બિરાજે છે.

સં૰ ૨૦૨૫માં વૈશાખ સુદ છઠના તા૰ ૨૩-૪-૬૯ના રોજ આ૰ શ્રી વિજયકસ્તુરસૂરિની નિશ્રામાં જિનાલયનો પ્રથમ જીર્ણોદ્ધાર તથા સં૰ ૨૦૪૯માં માગશર સુદ છઠના રોજ શ્રી વીરરત્નવિજયજી તથા શ્રી અશ્વસેનવિજયજીની નિશ્રામાં બીજો જીર્ણોદ્ધાર થયેલ છે તે અંગેનો શિલાલેખ રંગમંડપમાં છે જે નીચે મુજબ છે.

શિલાલેખ નંબર ૧

॥ શ્રી અજિતનાથ સ્વામિને નમઃ ॥

શ્રી વિજયનેમિ-વિજ્ઞાનસૂરીશ્વર ગુરુભ્યો નમઃ ॥

સ્વસ્તિ શ્રી વ્યારા નગરે શ્રી અજિતનાથ આદિ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા વિ૰ સં૰ ૨૦૨૫ વીર સં૰ ૨૪૯૫ નેમિ સં૰ ૨૦ વર્ષે વૈશાખ સુદ છઠ તા૰ ૨૩-૪-૧૯૬૯ને બુધવારે તપાગચ્છીય આચાર્ય શ્રી વિજયકસ્તુર સૂરીશ્વરજી મહારાજ, ઉપાધ્યાય શ્રી કુમુદચન્દ્રવિજયજી ગણિ, ઉપાધ્યાય શ્રી ચંદ્રોદયવિજયજીગણિ તથા ગણિ અશોકચંદ્રવિજયજી આદિ વિશાળ મુનિમંડળની નિશ્રામાં વ્યારા શ્રી સંઘે મહામહોત્સવપૂર્વક કરાવી છે.

શ્રી રસ્તુ શુભં ભવતુ

શિલાલેખ - ૨

॥ પૂ૰ આ૰ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જિતેન્દ્ર-ગુણરત્ન સૂરિભ્યો નમઃ ॥

સુપ્રસિદ્ધ પ્રવચનકાર માલવરત્ન પન્યાસપ્રવર શ્રી વીરરત્નવિજયજી મ૰ સા૰ની પ્રેરણાથી ૫૦૦ વર્ષ પ્રાચીન શ્રી અજિતનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર શ્રી જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘ વ્યારા દ્વારા કરવામાં આવ્યો છે.

શુભ નિશ્રા :- પૂ૰ મુ૰ શ્રી અશ્વસેનવિજયજી મ૰ સા૰
પૂ૰ પન્યાસ શ્રી વીરરત્નવિજયજી ગણિ

વિ૰ સં૰ ૨૦૪૮ શ્રાવણ સુદ ૧૦ ને શુક્રવાર તા. ૭-૮-૯૨

શિલાલેખ - ૩

॥ પૂ૰ આ૰ ભ૰ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જિતેન્દ્ર-ગુણરત્ન સૂરિભ્યો નમઃ ॥

સુપ્રસિદ્ધ પ્રવચનકાર માલવરત્ન પન્યાસપ્રવર શ્રી વીરરત્નવિજયજી મ૰ સા૰ની પ્રેરણાથી આયોજિત શ્રી અજિતનાથ સ્વામી જિનાલય વ્યારામાં ધ્વજા-દંડ-કળશ-દેવ-દેવી પ્રતિષ્ઠા સમારોહ

શુભાશીર્વાદ - સુવિશાળ ગચ્છાધિપતિ પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

શુભ નિશ્રા - શાંતમૂર્તિ પૂ૰ મૂ૰ શ્રી અશ્વસેનવિજયજી મ૰ સા૰
માલવરત્ન પૂ૰ પં૰ શ્રી વીરરત્નવિજયજી ગણિવર

શુભ દિન - વિ૰ સં૰ ૨૦૪૯ માગશર સુદ ૬ સોમવાર તા૰ ૩૦-૧૧-૯૨

॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયની જમણી બાજુ પૂર્ણેશ્વર મહાદેવનું મંદિર તથા ડાબી બાજુ પૂજારી-પંડિતનું નિવાસસ્થાન છે. કંપાઉંડમાં ડાબી બાજુ ગુરુમંદિર છે જેમાં શ્રી પ્રેમસૂરીશ્વર મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિ સં૰ ૨૦૪૯ને માગશર સુદ છઠને તા૰ ૩૦-૧૧-૯૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલ છે.

કુલ ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં સ્થંભો પર નારીશિલ્પો છે. જમણી બાજુ બે ગોખ પૈકી એક ગોખમાં ક્ષેત્રપાલ અને અન્યમાં માણિભદ્રવીર છે. માણિભદ્રવીરની રચના ઊંચી વધતી જાય છે. આબુ, અષ્ટાપદ, ચૌદ સ્વપ્નો, મેરુશિખર, સમવસરણ, પાવાપુરી, ગિરનાર, શત્રુંજય અને સમેતશિખરના કાચકામયુક્ત પટ-પ્રસંગોથી દીવાલો શોભે છે. સામ-સામે બે ગોખમાં યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે.

સમચોરસ ગભારામાં મૂળનાયક શ્રી અજિતનાથની ૧૯" ઊંચી પ્રતિમા સહિત કુલ એકવીસ આરસપ્રતિમા તથા ચૌદ ધાતુપ્રતિમા છે. એક રજત ચોવીસી પટ છે. ડાબે ગભારે શ્રી સંભવનાથ તથા જમણે ગભારે શ્રી ચંદ્રપ્રભુસ્વામી છે.

ભોંયરામાં ૨૫" ઊંચી શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા સહિત કુલ સાત આરસપ્રતિમા છે. બે હાથી વચ્ચે કમલાકારમાં આરસની ચોવીસી ધ્યાનાકર્ષક છે. ગણેશાકારયક્ષની ત્રણ મૂર્તિઓ છે.

શિખરમાં મધ્યે આરસના ચૌમુખી છે. એક ગોખમાં આરસનાં પગલાંની એક જોડ છે. તેના પરનું લખાણ સુવાચ્ય નથી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મહુવા તાલુકાના વ્યારા ગામમાં કોટમાં બ્રાહ્મણવાડામાં શ્રી સંભવનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. તે સમયે કુલ છવ્વીસ આરસપ્રતિમા, પચાસ ધાતુપ્રતિમા તથા એક રત્નપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ જીર્ણ હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં વ્યારા ગામમાં કોટમાં શ્રી અજિતનાથના શિખરબંધી પ્રાચીન જિનાલયનો ઉલ્લેખ છે. કુલ બત્રીસ આરસપ્રતિમા, તેર ધાતુપ્રતિમા, એક રત્નપ્રતિમા, એક રજત ચોવીસજિન પટ તથા આરસનો એક ચોવીસજિન પટ હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. બે ઉપાશ્રય હતા અને ૪૦૦ જૈન કુટુંબો વસતાં હતાં.

સં૰ ૨૦૧૩માં જૈન ધર્મનાં તીર્થસ્થળો ગ્રંથમાં વ્યારા ગામ વિશે નીચે મુજબ નોંધ છે :

'ટાપ્ટીવેલી રેલવેસ્ટેશન છે. સ્ટેશન નજીક જૂના કિલ્લાના ઊંચા ભાગ ઉપર શ્રી અજિતનાથ પ્રભુનો શિખરબંધી પ્રાસાદ આવેલ છે. ઉપરના માળે ચૌમુખજી તેમજ ભૂમિગૃહમાં શ્રી વાસુપૂજ્યસ્વામી તથા સાત મોટાં બિંબો છે. બિલોરીકાચનું કામ દર્શનીય છે. દેવાલયના પાછળના ભાગમાં મોટું તળાવ છે. જૈનોની વસ્તી કાનપુરા નામા બજાર નજીકના લતામાં છે. ત્યાં ઉપાશ્રય છે.'

જિનાલયની સ્થિતિ સારી છે. વૈશાખ સુદ ૬ના રોજ જમણવાર થાય છે. શ્રી ભભૂતમલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂલચંદ શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી વ્યારા જૈન શ્વે૦ મૂ૰ પૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી રમેશચંદ્ર નાથુભાઈ શાહ, શ્રી ગમનલાલ નાનચંદ શાહ તથા શ્રી પ્રફુલભાઈ માણેકચંદ શાહ હસ્તક છે. શત્રુંજયનો કાપડનો પટ છે.

સં૰ ૧૯૬૩માં સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે અને તે સમયે જિનાલય જીર્ણ અવસ્થામાં હોવાનો ઉલ્લેખ છે. ત્યારબાદ **સં૰ ૨૦૧૦**માં શ્રી અજિતનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. **સં૰ ૧૯૬૩**માં સંભવનાથના જિનાલયમાં એક રત્નપ્રતિમાનો ઉલ્લેખ છે અને **સં૰ ૨૦૧૦**માં પણ અજિતનાથના જિનાલયમાં એક રત્નપ્રતિમાનો ઉલ્લેખ મળે છે. **સં૰ ૧૯૬૩ થી સં૰ ૨૦૧૦** દરમ્યાન આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હશે અને તે સમયે પુનઃ પ્રતિષ્ઠા થઈ હશે અને મૂળનાયક તરીકે શ્રી અજિતનાથની પ્રતિમા પધરાવવામાં આવી હશે. અમારી માન્યતા પ્રમાણે જિનાલયનો સમય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નો છે.

• • •

ગામ - વ્યારા, તાલુકો - વ્યારા

૩૪. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૨૦૫૫)

વ્યારા ગામ મધ્યે કાનપુરા વિસ્તારમાં ઉપાશ્રયની બાજુમાં શ્રી મુનિસુવ્રતસ્વામીનું નૂતન જિનાલય આવેલું છે.

પુષ્કળ વરસાદને લીધે સાધુ મ૰ સા૰ દેવદર્શને જઈ શક્યા નહિ. તેમને ઉપવાસ કરવા પડ્યા હતા. આ મુશ્કેલી દૂર કરવા આજથી ૩૦ વર્ષ પૂર્વે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ધાતુપ્રતિમા અત્રે પધરાવવામાં આવી હતી. જીર્ણોદ્ધાર કરી નવું વિશાળ ગૃહમંદિર બનાવી સં૰ ૨૦૫૫માં વૈશાખ વદ ૮ના રોજ આ૰ શ્રી રત્નસુંદરવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે જેમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની ૨૧" ઊંચી આરસપ્રતિમાની પ્રતિષ્ઠા શ્રીમતી સવિતાબહેન બાબુભાઈ મોતીચંદ શાહ પરિવાર દ્વારા થયેલ છે.

ઉત્તરાભિમુખ આ ગૃહજિનાલય ધાબાબંધી છે. પ્રવેશદ્વાર પાસે હાથી શિલ્પો છે. રંગમંડપ જેવી રચના છે. અહીં જમણી બાજુ માણિભદ્રવીરનો ગોખ છે. ડાબી બાજુ ઉપર પાઠશાળામાં જવાનો રસ્તો છે. શત્રુંજય, ગિરનાર અને સમેતશિખરના પથ્થરમાં ઉપસાવી રંગકામ કરેલ પટ છે. એક કબાટમાં દસ ધાતુપ્રતિમા છે. પાસે સામ-સામે બે ગોખમાં વરુણયક્ષ અને વરદત્તા યક્ષિણીની આરસમૂર્તિઓ છે. સિદ્ધચક્ર મહાયંત્ર છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે.

આરસની છત્રીમાં મૂળનાયક સપરિવાર બિરાજે છે. કુલ પાંચ આરસપ્રતિમા છે. છત્રીને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે. વૈશાખ વદ આઠમના રોજ છત્રી પર જ ધજા ચડે છે. શ્રી વ્યારા જૈન શ્વે૦ મૂ૰ પૂ૰ સંઘ દ્વારા વહીવટ ચાલે છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૨૦૫૫**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - વ્યારા, તાલુકો - વ્યારા

૩૫. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૩)

વ્યારા નવા બસ સ્ટેન્ડની સામે, સ્ટેશન રોડ ઉપર અરિહંત બંગલામાં કંપાઉંડમાં શ્રેષ્ઠીવર્ય શ્રી ભીખુભાઈ કેસરીચંદ શાહ પરિવારનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સામરણવાળું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૩માં જેઠ સુદ દશમ તા૰ ૧૫-૬-૯૭ના રોજ શ્રી ઇન્દ્રદિન્નસૂરીશ્વર મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ૧૧" ઊંચી આરસપ્રતિમા જૂનાગઢ પાસે માંગરોલ ગામેથી લાવી અત્રે પ્રતિષ્ઠિત કરેલ છે.

આરસ તથા પથ્થરનું બનેલું આ ઘરદેરાસર નાના જિનાલય જેવી રચનાવાળું છે. આશરે ૩૫-૪૦ વ્યક્તિઓ સેવા-પૂજાનો લાભ લે છે.

મૂળનાયકશ્રીની આરસપ્રતિમા ઉપરાંત બે ધાતુપ્રતિમા છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુ રીલીજીયસ ટ્રસ્ટના નામે રજિસ્ટ્રેશન થયેલું છે. વહીવટ શ્રી અનિલભાઈ તથા શ્રી અશોકભાઈ હસ્તક છે.

• • •

ગામ - બાજીપુરા, તાલુકો - વાલોડ

૩૬. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૧૯૩૪)

વાલોડ તાલુકાથી ૫ કિ૰ મી૰ના અંતરે, બારડોલીથી ૨૦ કિ૰ મી૰ દૂર વ્યારા જતા વચ્ચે જ બાજીપુરા ગામ આવેલું છે. ખેતીવાડી તથા સુગર ફૅક્ટરીને કારણે થોડો વિકાસ થયેલો છે. હાલ અહીં માત્ર આઠ જૈન કુટુંબો વસે છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ગામમાં એક જિનાલય તથા શ્રાવકોનો એક ઉપાશ્રય છે. છેલ્લાં ૫૦ વર્ષમાં એક વ્યક્તિએ દીક્ષા લીધી હતી.

આરસ તથા સાદા પથ્થરના બનેલા શ્રી વાસુપૂજ્યસ્વામીના શિખરબંધી જિનલાયની પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૨માં વૈશાખ વદ એકમના રોજ આ૰ શ્રી આનંદસાગરસૂરિની નિશ્રામાં થઈ છે.

કંપાઉંડમાં પ્રવેશતાં જ ઉપાશ્રય છે. બાજુમાં પગથિયાં છે. તેની આજુબાજુ હાથીશિલ્પો છે. શૃંગારચોકીમાં જમણી બાજુ માણિભદ્રવીરનું સ્થાનક છે. એક પ્રવેશદ્વાર છે.

રંગમંડપમાં દીવાલો પર વાસુપૂજ્યસ્વામીના ચ્યવન કલ્યાણક, દીક્ષા કલ્યાણક, જન્મ કલ્યાણક, નિર્વાણ કલ્યાણક, કેવલજ્ઞાન કલ્યાણક તથા તીર્થ સ્થાપના આદિનું ચિત્રકામ છે. શત્રુંજય તથા નવપદજીના પટ છે. કુમારયક્ષ તથા પ્રચંડાદેવી યક્ષિણીની આરસમૂર્તિના ગોખ છે.

૧૭" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ડાબી બાજુ શ્રી અભિનંદનસ્વામી તથા જમણી બાજુ શ્રી સંભવનાથ – મળીને કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

શિખરમાં મૂળનાયક શ્રી શાંતિનાથની ૯" ઊંચી પ્રતિમાની ડાબી બાજુ શ્રી મલ્લિનાથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા જમણી બાજુ શ્રી નેમનાથ બિરાજે છે. કુલ ત્રણ આરસપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મઢી સ્ટેશનથી ૪ માઈલ દૂર આવેલ બાજીપુરા ગામમાં શ્રી વાસુપૂજ્યસ્વામીના શિખર વિનાના જિનાલયનો ઉલ્લેખ છે. તે સમયે કુલ છ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હતી. જિનાલય સં૰ ૧૯૩૪માં બંધાયું હતું. જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મઢીથી ૭ માઈલ દૂર આવેલ બાજીપરા ગામમાં બજારમાં શ્રી વાસુપૂજ્યસ્વામીના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ છ આરસપ્રતિમા, છ ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસીપટ હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલય સં૰ ૧૮૦૦ લગભગમાં બંધાયુ હોવાનો તથા લેખ સં૰ ૧૯૨૧નો હોવાનો ઉલ્લેખ છે. વહીવટ શેઠ નેમચંદ જીવણજી હસ્તક હતો. ગામમાં એક ઉપાશ્રય તથા જૈનોની ૭૫ની વસ્તી હતી.

સં૰ ૨૦૧૩માં જૈન ધર્મનાં યાત્રાસ્થળો ગ્રંથમાં બાજીપરા વિશે નીચે મુજબ નોંધ છે :

'ટીવી રેલવેના વ્યારા સ્ટેશનથી મહુવા જતી બસ સર્વિસમાં આ ગામ આવે છે. શ્રી વાસુપૂજ્યસ્વામીનું રમણિય દેરાસર છે.'

વૈશાખ વદ એકમની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. શ્રી છગનલાલ લાલચંદ શાહ પરિવાર દ્વારા પરંપરાગત રીતે ધજા ચડે છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ-બાજીપુરાના ટ્રસ્ટીઓ – શ્રી અનિલકુમાર ચુનીલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ છગનલાલ શાહ તથા શ્રી રાજેશકુમાર નાથાલાલ શાહ હસ્તક છે. શત્રુંજયનો કાપડનો પટ છે જે દેવદિવાળીએ દર્શનાર્થે મુકાય છે. જિનાલયની સ્થિતિ સારી છે.

જૈન શ્વેતાંબર ડિરેક્ટરીના આધારે આ જિનાલયનો સમય **સં૰ ૧૯૩૪**નો છે.

• • •

ગામ - વાલોડ, તાલુકો - વાલોડ

૩૭. શ્રી પાર્શ્વનાથ (સં૰ ૧૯૧૨)

સુરત શહેરથી ૫૫ કિ૰ મી૰ તથા બારડોલીથી ૧૭ કિ૰ મી૰ દૂર વાલોડ ગામમાં હાલ ૨૫ જૈનકુટુંબો વસે છે. શ્રાવક-શ્રાવિકાનો એક ઉપાશ્રય છે. તેમાં પાઠશાળા ચાલે છે. હાલ મેઈન રોડ, બજારમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય છે.

આજે દક્ષિણાભિમુખ જિનાલય છે. જમણી બાજુ માણિભદ્રવીરનું સ્થાનક છે. પાંચેક પગથિયાં ચડતાં શૃંગારચોકી આવે જેમાં આજુબાજુ બેઠક છે. મુખ્ય પ્રવેશદ્વારની બારસાખ મધ્યે સૂરજ અને આજુબાજુ સિંહનાં શિલ્પો છે. શિલાલેખ છે.

રંગમંડપમાં જમણી બાજુ ગોખમાં સરસ્વતીદેવીની આરસમૂર્તિ છે તથા ડાબી બાજુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગોખમાં પદ્માવતીદેવીની છે તેના પર અન્ય ત્રણ મૂર્તિ છે. ગામના વયોવૃદ્ધ આગેવાન શ્રી નગીનભાઈ ડાહ્યાભાઈ ઉર્ફે ભૂરાકાકાના કહેવા મુજબ આ ત્રણેય પ્રતિમામાં વચ્ચે શ્રી પાર્શ્વનાથ, જમણી બાજુ શ્રી મહાવીરસ્વામી અને ડાબી બાજુ ગૌતમસ્વામીની મૂર્તિ છે.

૧૫'' ઊંચી શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૮૪૫ શાકે ૧૭૧૦માં શ્રી જિનેન્દ્રસૂરિ મ૰ સા૰ દ્વારા પ્રતિષ્ઠા થયાનો લેખ છે. કુલ સાત આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે.

જિનાલયમાં ભોંયરું છે પણ હાલ બંધ છે. ભૂરાકાકાના જણાવ્યા અનુસાર બે મૂર્તિઓ ખંડિત થઈ હોવાથી તે તાપી નદીમાં પધરાવેલ છે.

શિખરમાં મૂળનાયક શ્રી સંભવનાથની ૨૧'' ઊંચી માત્ર એક ધાતુપ્રતિમા છે. તેના પર સં૰ ૧૯૨૨ શાકે ૧૭૮૧ વાંચી શકાય છે.

જિનાલયની બાજુમાં ઉપાશ્રયના જીર્ણોદ્ધારનું કાર્ય હાલ ચાલે છે. સ્થાનિક માહિતી પ્રમાણે ફકીરચંદ ભીખાભાઈની વિધવા બાઈ જીવકોરે જિનાલય બંધાવી સંઘને અર્પણ કરેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં બારડોલી તાલુકમાં મઢી સ્ટેશનથી ૫ ગાઉના અંતરે વાલોદ ગામમાં બજાર વચ્ચે શ્રી પાર્શ્વનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ ચૌદ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૧૫માં જિનાલય બંધાયું હતું. સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મઢીથી ૯ માઈલ દૂર વાલોડ ગામમાં બજારમાં શ્રી પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય સં૰ ૧૯૧૨માં બંધાયાની નોંધ છે. કુલ બાર આરસ-પ્રતિમા, તેર ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસી જિનપટ હતો. સ્થિતિ સારી હતી. વહીવટ શેઠ ઘેલાભાઈ માણેકચંદ હસ્તક હતો. ગામમાં એક લાઈબ્રેરી, બે ઉપાશ્રય તથા ૫૦ જૈનો હતા.

સં૰ ૨૦૧૩માં **જૈન ધર્મનાં યાત્રાસ્થળો** ગ્રંથમાં વાલોડ ગામ તથા જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'ટીવી રેલવેમાં આ ગામ આવેલ છે. જ્યાં બારડોલી વ્યારા આદિથી બસ સર્વિસ છે. શ્રી પાર્શ્વનાથનું મનોહર દેરાસર છે.'

મહા સુદ તેરશની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે. ધજા ચડે છે. વહીવટ શ્રી વાલોડ શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી નગીનચંદ ડાહ્યાભાઈ શાહ, શ્રી ચંદ્રકાન્તભાઈ વજેચંદ શાહ, શ્રી જ્યોતિષચંદ્ર ઘેલાભાઈ શાહ, શ્રી ભરતભાઈ પ્રેમચંદ શાહ તથા શ્રી અવનેશભાઈ કાંતિલાલ શાહ હસ્તક છે.

સં૰ ૨૦૧૦માં જણાવ્યા અનુસાર જિનાલયનો સમય **સં૰ ૧૯૧૨**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - બુહારી, તાલુકો - વાલોડ

✓ ૩૮. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૧૯૬૨)

સુરત શહેરથી ૬૦-૬૫ કિ૰ મી૰ના અંતરે તથા વાલોડ તાલુકાથી ૧૦ કિ૰ મી૰ના અંતરે આવેલ બુહારી ગામમાં ત્રણ શિખરવાળું શ્રી વાસુપૂજ્યસ્વામીનું દક્ષિણાભિમુખ પ્રાચીન જિનાલય આવેલું છે. ઉપરાંત શ્રી દીપકભાઈ બાલુભાઈ શાહ પરિવારનું શ્રી શાંતિનાથનું ઘરદેરાસર (વાણિયાવાડ) તથા શ્રી જગુભાઈ મનુભાઈ શાહ પરિવારનું શ્રી ધર્મનાથનું ઘરદેરાસર (ગુજરાતી સ્કૂલની સામે) – એમ બે ઘરદેરાસર આવેલા છે. ઉપાશ્રયમાં જ પાઠશાળા ચાલે છે. જ્ઞાનભંડાર છે. ૫૬ જૈન કુટુંબો હાલ ગામમાં વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ૧૧ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે.

જમીનથી ૧૧ ફૂટ ઊંચું જિનાલયનું નિર્માણ કરેલું છે. ત્રણ પગથિયાં ચડતાં સુંદર નકશીવાળું પ્રવેશદ્વાર નજરે ચડે છે. તેની ઉપર સરસ્વતીદેવી તથા આજુબાજુ પરીઓનાં શિલ્પોનું રંગકામ કરેલા છે. પ્રવેશદ્વારના સ્થંભો પર બે બાજુ ચોકીદારનાં શિલ્પો છે. કંપાઉંડમાં પેઢીની ઑફિસ છે. પ્રતિષ્ઠાની આમંત્રણ પત્રિકામાં જિનાલયની પ્રતિષ્ઠા અંગે નીચે મુજબ નોંધ છે :

'..... શ્રીમન મુની માહારાજજી શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી મોહનલાલજી મહારાજજી સાહેબજીની આજ્ઞાનુશારે અત્રે અગાઉ પધારેલ મરહુમ શ્રી મનમુની મહારાજજી શ્રી ૧૦૦૮ શ્રી પ્રતાપ મુનીજી મહારાજજી શાહેબનાં શદુપદેશથ્રતથી અત્રે શ્રી બારમા જીનરાજશ્રી વાશુપુજય સ્વામીજી ભગવાનનુ નવીન વીશાલ શીખરબંધ ચઈત્ય કરાવવામાં આવેલ છે તે શ્રી જીનભુવનની પ્રતીસ્ટાનું શુભ મુહુરત વિક્રમાર્ક **સંવત ૧૯૬૨**નાં માગશર શુદ ૧૧ ગુરુવાર તારીખ ૭ માહે ડીશેમબર શને ૧૯૦૫ દીને નીરધારેલ છે તે દીવશે શ્રી ભગવાનને ગાદીએ બીરાજમાન કરવામાં આવશે.'

શૃંગારચોકીમાં ડાબી બાજુ માણિભદ્રવીરનું સ્થાનક છે જેની પ્રતિષ્ઠા સં૰ ૧૯૯૨માં તથા પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૨માં થયેલ છે. પુનઃ પ્રતિષ્ઠા સમયે નવી મૂર્તિ પધરાવેલ છે.

કુલ ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં દીવાલો પર સમેતશિખર, સમવસરણ, અષ્ટાપદ, શત્રુંજય, આબુ, ચંપાપુરી, ગિરનાર, પાવાપુરી, રાજગૃહી જેવા તીર્થપટ તથા શ્રી શાંતિનાથનો ભવ, શ્રી નેમનાથની જાન, શ્રી પાર્શ્વનાથના ઉપસર્ગો, શ્રીપાલ રાજા અને મયણાસુંદરીના પ્રસંગો, શ્રેણિકરાજા, ગૌતમસ્વામી વગેરેના જીવનપ્રસંગોનું સુંદર ચિત્રાંકન તથા કાચકામ છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૫" ઊંચી શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૮૫૭નો લેખ છે. કુલ ઓગણીસ આરસપ્રતિમા તથા તેર ધાતુપ્રતિમા છે.

ભોંયરામાં ૨૧" ઊંચી શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમાનું પરિકર નવું ભરાવેલું છે. જીર્ણોદ્ધારની જરૂર છે.

શિખરમાં નાના ગભારામાં ચાર આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. આજુબાજુ બે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેરીમાં આરસનાં પગલાંની કુલ બે જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મઢી સ્ટેશનથી ૧૨ માઈલ દૂર બારડોલી તાલુકાના બુહારી ગામમાં બજાર વચ્ચે શ્રી વાસુપૂજ્યસ્વામીના શિખરબંધી જિનાલયની નોંધ છે. કુલ સોળ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૫૭માં જિનાલય બંધાયું હતું. **સં૰ ૧૯૬૩**માં દેરાસર અપૂર્ણ સ્થિતિમાં હતું એટલે કે બાંધકામ ચાલુ હતું.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મઢીથી ૧૬ માઈલ દૂર બુહારી ગામમાં બજારમાં શ્રી વાસુપૂજ્યસ્વામીના શિખરબંધી જિનાલયની નોંધ છે. કુલ વીસ આરસપ્રતિમા, બે ધાતુપ્રતિમા તથા ચાર રજત ચોવીસીજિનપટ હતા. જિનાલય સં૰ ૧૯૬૨માં બંધાયું હોવાની તથા લેખ સં૰ ૧૮૫૭ હોવાની નોંધ હતી. વહીવટ શેઠ છગનલાલ મૂળચંદ હસ્તક હતો. ગામમાં ૪૦૦ જૈનો, બે ઉપાશ્રય તથા એક પુસ્તકાલય હતું.

સં૰ ૨૦૧૩માં **જૈન ધર્મનાં યાત્રાસ્થળો** બુહારી ગામ તથા જિનાલય વિશે નીચે મુજબ નોંધ મળે છે :

'સુરતથી અગર વ્યારા સ્ટેશનથી મહુવા જતી બસ સર્વિસ દ્વારા આ ગામ આવી શકાય છે. શ્રી વાસુપૂજ્યસ્વામીનું રમણિય દેવાલય છે. ઉપર તેમજ ભોંયરામાં જિનબિંબ છે. સામે ઉપાશ્રય છે.'

જિનાલયમાં કુલ અઠ્ઠાવીસ આરસપ્રતિમા, પંદર ધાતુપ્રતિમા તથા આરસનાં પગલાંની બે જોડ છે. માગશર સુદ ૧૧ની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. સ્થાનિક માહિતી પ્રમાણે શિખર ઘણું ઊંચું હોવાથી ધજા માટે ચડાવો બોલાતો નથી. જે શિખર પર ચઢી શકે તેમ હોય તે જ ધજા ચડાવે છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ-બુહારીના ટ્રસ્ટીઓ – શ્રી સુબોધકુમાર રજનીકાન્ત શાહ, શ્રી નિરંજનભાઈ રતીલાલ શાહ તથા શ્રી વિજયભાઈ મૂળચંદ શાહ હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૧૯૬૨**નો છે.

• • •

ગામ - બુહારી, તાલુકો - વાલોડ

૩૯. શ્રી ધર્મનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૦)

બુહારી ગામે ગુજરાતી સ્કૂલની સામે શ્રી જગુભાઈ મનુભાઈ શાહ પરિવારનું શ્રી ધર્મનાથનું ઘરદેરાસર આવેલું છે.

૧૯" ઊંચી મૂળનાયક શ્રી ધર્મનાથની પરિકરયુક્ત પ્રતિમાની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૦**માં વૈશાખ સુદ ચોથના દિવસે આ૰ શ્રી ભુવનભાનુસૂરિની પરંપરાના શ્રી જયચંદ્રવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. મૂળનાયક પર તે મુજબનો લેખ છે. અન્ય એક ધાતુપ્રતિમા છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - બુહારી, તાલુકો - વાલોડ

૪૦. શ્રી શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૦)

ગામ બુહારીમાં વાણિયાવાડમાં શ્રી દીપકભાઈ બાલુભાઈ શાહ પરિવારનું ઘરદેરાસર આવેલું છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની ધાતુપ્રતિમા છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૦માં કારતક વદ ૧૧ના રોજ શ્રી નિરંજનાશ્રીજી મ૰ સા૰, શ્રી દિવ્યદયાશ્રીજી મ૰ સા૰ તથા શ્રી અમિતજ્ઞાશ્રીજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ધાતુપ્રતિમા એક છે.

• • •

ગામ - ઝંખવાવ, તાલુકો - માંગરોલ

૪૧. શ્રી મહાવીરસ્વામી (સં૰ ૨૦૫૦)

માંગરોલ તાલુકાથી ૨૦ કિ૰ મી૰ના અંતરે આવેલ ઝંખવાવ ગામ સુરત જિલ્લાની હદનું છેલ્લું ગામ છે. મુખ્યત્વે આદિવાસી વસ્તી ધરાવતાં આ નાના ગામમાં શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી બધાં હળીમળીને રહે છે. કુલ બાર જૈન કુટુંબો છે.

મુખ્ય બજારમાં આરસ તથા પથ્થરનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. પૂર્વે ઘરદેરાસર હતું. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૦માં વૈશાખ સુદ પના રોજ શ્રી ફૂલચંદ્ર-વિજયજીની નિશ્રામાં થયેલ છે.

કંપાઉંડમાં ડાબી બાજુ બે માળનો શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. ત્યાં પાઠશાળા ચાલે છે.

રંગમંડપમાં જમણી બાજુ ગૌતમસ્વામી તથા ડાબી બાજુ માણિભદ્રવીરનો ગોખ છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૫૦ વૈશાખ સુદ પને તા૰ ૧૬-૫-૯૬ સોમવારના રોજ પ્રતિષ્ઠા થયાનો લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. પરસનબહેન છતુલાલ શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ જૈન સંઘ-ઝંખવાવના ટ્રસ્ટીઓ – શ્રી પ્રવીણચંદ્ર છતુલાલ શાહ, શ્રી પૂનમચંદ શાહ તથા શ્રી પારસમલ અમરચંદ શાહ હસ્તક છે.

• • •

ગામ - વાંકલ, તાલુકો - માંગરોલ

૪૨. શ્રી ચંદ્રપ્રભુસ્વામી (સં૰ ૨૦૨૮)

સુરત જિલ્લાનું વાંકલ ગામ સુરત શહેરથી ૬૫ કિ૰ મી૰ના અંતરે તથા માંગરોલથી ૧૧ કિ૰ મી૰ના અંતરે આવેલું છે. સયાજીરાવ ગાયકવાડના વખતનું આ રજવાડી સ્ટેટનું ગામ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેઓએ જ કોસંબાથી ઉમરપાડા જતી મીની ટ્રેન શરૂ કરી હતી જે માંગરોલ-વાંકલ સ્ટેશનથી પસાર થતી. હાલ ટ્રેન બંધ છે જે ભવિષ્યમાં ચાલુ થશે. ૧૦ વર્ષ પૂર્વે વાંકલ વેપારનું કેન્દ્ર હતું. જાહોજલાલી ઘણી હતી. કાળક્રમે તૂટતું ગયું. ૯૫% આદિવાસી તથા ૫% અન્ય વસતી ધરાવતા ગામમાં દર ગુરુવારે હાટ ભરાય છે. ગામમાં હાલ એક જિનાલય, શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય તથા જ્ઞાનભંડાર છે. કુલ ૧૦ જૈન કુટુંબો છે.

મેઈન બજારમાં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી ચંદ્રપ્રભુસ્વામી નાનું પણ સુંદર, શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય પૂર્વાભિમુખ છે. હાલ જિનાલયની સ્થિતિ સારી છે.

પ્રવેશતાં બે બાજુ રૂમ છે. મુખ્ય એક પ્રવેશદ્વારની ઉપર લક્ષ્મી અને આજુબાજુ હાથીનાં શિલ્પો છે. રંગમંડપમાં અન્ય બે દ્વાર છે. રંગમંડપમાં શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, શંખેશ્વર પાર્શ્વનાથ તથા અષ્ટાપદ જેવા તીર્થપટ છે. કૌલીમંડપમાં સામ-સામે બે ગોખમાં પાર્શ્વનાથની બે આરસપ્રતિમા છે. તેની ઉપરની દીવાલે કમઠનો ઉપસર્ગ તથા પાવાપુરી જલમંદિરનું ચિત્રાંકન છે.

ગર્ભદ્વાર એક છે. ૨૧" ઊંચી શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૨૮નો લેખ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે. પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૨માં થયેલ છે.

વર્ષગાંઠ તિથિ - ફાગણ સુદ બીજ, ભાદરવા સુદ પાંચમ તથા મહાવીર જયંતિના દિવસે જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-વાંકલના ટ્રસ્ટીઓ — શ્રી બિપીનભાઈ ત્રિભોવનદાસ શાહ, શ્રી પ્રવીણભાઈ લીલાચંદ શાહ, શ્રી અમૃતલાલ ભાદરમલ શાહ હસ્તક છે.

• • •

ગામ - મોટામિયા માંગરોલ, તાલુકો - માંગરોલ

૪૩. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૪૫)

કોસંબા રેલવે સ્ટેશનથી ૨૫ કિ૰ મી૰ના અંતરે આવેલ મોટામિયા માંગરોલ ગામ માંગરોલ તાલુકામાં છે જે સયાજીરાવ ગાયકવાડાના સમયમાં ઉમરપાડા રેલ્વલાઈનનું સ્ટેશન હતું. હાલ તે બંધ છે. થોડા સમયમાં રેલવેલાઈન ફરી શરૂ થવાની છે. ગામમાં મુખ્યત્વે મુસ્લિમ, હિન્દુ કોળી પટેલ તથા આદિવાસીની વસ્તી છે. હાલ સ્ટેશન રોડ પર ૧૫ તથા ગામમાં ૧૫ મળીને કુલ ૩૦ જૈન કુટુંબો વસે છે. સ્ટેશન રોડ પર ૧. શ્રી વાસુપૂજ્યસ્વામી તથા ૨. શ્રી શાંતિનાથ (રાજા પરિવારનું ઘરદેરાસર) અને ગામમાં ૩. શ્રી શાંતિનાથ — એમ ત્રણ જિનાલયો છે. શ્રાવકોના બે તથા શ્રાવિકાના બે ઉપાશ્રયો છે. ગામમાં ઉપાશ્રયમાં પાઠશાળા ચાલે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં છ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે.

આ૰ શ્રી ધર્મસૂરીશ્વરજી મ૰ સા૰ના ઉપદેશથી ચેમ્બુરથી પ્રતિમા લાવી સ્ટેશન રોડ પર ઘરદેરાસર જેવી રચના કરી પધરાવેલ તે પછી ટૂંક સમયમાં જ સં૰ ૨૦૪૫માં મહા સુદ દશમ તા૰ ૧૫-૨-૮૯ના રોજ આ૰ શ્રી કુમુદચંદ્રસૂરીશ્વર મ૰ સા૰ની નિશ્રામાં વીતરાગ સમકિત ટ્રસ્ટ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાહ ભગુભાઈ ગોવિંદજી પરિવાર દ્વારા નવા શિખરબંધી જિનાલયમાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

કંપાઉંડની બહાર પાણીની પરબ છે. પ્રવેશતાં ઉપાશ્રય અને તેની ઉપર જિનાલય છે. અહીં એક રૂમમાં ઘંટાકર્ણવીર, માણિભદ્રવીર તથા નાકોડાભૈરવના ગોખ છે. તેની સામે અગાશી છે. આગળ જતાં પશ્ચિમાભિમુખ જિનાલયમાં પ્રવેશવાનો દ્વાર છે.

રંગમંડપમાં ઓશિયાદેવી, લક્ષ્મીદેવી તથા અંબિકાદેવીની આરસમૂર્તિઓના ગોખ છે. નાગેશ્વર પાર્શ્વનાથ, ભોપાવર તીર્થાધિનાયક શાંતિનાથ, આબુ, ગિરનાર, સમેતશિખર, શત્રુંજય, સૂરિમંત્ર, ૧૬ મહાસતીઓ, હ્રીંકાર આદિ ચિત્રિત કરેલ તથા પથ્થરમાં ઉપસાવી રંગકામ કરેલ પટ છે. જમણી-ડાબી બાજુ ગોખમાં ગૌતમસ્વામી તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિ છે. ઘુમ્મટમાં વાસુપૂજ્યસ્વામીના ત્રણ ભવનું ચિત્રાંકન છે. ગર્ભગૃહની દીવાલે પાર્શ્વનાથ ચરિત્રનું ચિત્રાંકન છે. ગર્ભદ્વાર પાસે જમણી બાજુ આદેશ્વર અને ડાબી બાજુ શીતલનાથની આરસપ્રતિમાના ગોખ છે.

ગભારામાં ૧૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાની પાછળની દીવાલે અશોકવૃક્ષની રચના છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. મૂળનાયકની ડાબી-બાજુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તથા જમણી બાજુ શ્રી જીરાવલા પાર્શ્વનાથ છે.

મહા સુદ તેરશના દિને જમણવાર થાય છે. ધજા ચડતી નથી. વહીવટ શ્રી આદેશ્વર જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી નરેન્દ્રકુમાર સાકળચંદ શાહ, શ્રી ભરતભાઈ સાકળચંદ શાહ, શ્રી બિપીનભાઈ હીરાચંદ શાહ તથા શ્રી અરવિંદભાઈ ભગુભાઈ શાહ હસ્તક છે.

• • •

મોટામિયાં માંગરોળ

૪૪. શ્રી શાંતિનાથ (ઘરદેરાસર) (સં. ૧૯૯૫ આસપાસ)

માંગરોલ સ્ટેશન રોડ પર રાજાવાલા ફેમીલીનું શ્રી વજેચંદ રાજાજી પરિવારનું શ્રી શાંતિનાથનું ઘરદેરાસર આવેલું છે. સ્ટેશન રોડ પર હાલ ૧૫ જૈન કુટુંબો છે. અહીં શ્રાવક-શ્રાવિકાનો એક ઉપાશ્રય છે.

૩" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની માત્ર એક જ પંચતીર્થી ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મોટામીયાં માંગરોળમાં સ્ટેશન રોડ પર શેઠ હરજીભાઈ રાજાજીનું શ્રી શાંતિનાથનું ઘરદેરાસર ત્રીજે માળ હોવાની નોંધ છે. સં. ૧૯૯૫માં આ ઘરદેરાસર બંધાયું હતું. તે સમયે માત્ર એક ધાતુપ્રતિમા હતી. વહીવટ શેઠ હરજીભાઈ રાજાજીની પેઢી હસ્તક હતો. મકાનની સ્થિતિ સારી હતી. મૂળનાયક પ્રતિમા પર સં. ૧૫૫૨નો લેખ હતો.

જેઠ સુદ ત્રીજના રોજ વર્ષગાંઠ છે. વહીવટ શ્રી વજેચંદના સુપુત્રો – શ્રી વિનોદભાઈ, શ્રી અશોકભાઈ તથા શ્રી જયંતિભાઈ હસ્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૯૫ આસપાસ**નો છે.

• • •

ગામ - મોટામિયા માંગરોલ, તાલુકો - માંગરોલ

૪૫. શ્રી શાંતિનાથ (સં૰ ૧૯૭૮ આસપાસ)

મોટામિયા માંગરોલ ગામમાં મેઈન રોડ પાસે આરસનું બનેલું શ્રી શાંતિનાથનું ધાબાબંધી જિનાલય આવેલું છે. નીચે ઉપાશ્રય અને ઉપરના માળે આ જિનાલય છે.

ઉપાશ્રયમાં જ પાઠશાળા ચાલે છે. ગામનાં લોકો રોજીરોટી માટે સુરત શહેર તરફ સ્થળાંતર કરે છે માટે પૂજા કરનારની સંખ્યા ઓછી છે. સ્થિતિ જીર્ણ છે.

જિનાલયમાં શત્રુંજય, આબુ, સમેતશિખર, ગિરનાર તથા નવપદજીના ચિત્રિત કરેલા પટ છે. ભોમતીમાં ૨૪ તીર્થંકરોની મંગલમૂર્તિઓ છે.

એક ગર્ભદ્વાર છે. આજુબાજુ બારી છે. ૧૩" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર લેપ કરેલ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. મૂળનાયક સપરિવાર રજતછત્રીમાં બિરાજે છે. તેમની પાછળની દીવાલે મીના જડતર કારીગરી સુંદર છે. અહીં મુનિ શ્રી નરેન્દ્રવિજયજી મ૰ સા૰ની પાદુકા છે.

સ્થાનિક માહિતી પ્રમાણે સં૰ ૧૯૮૧માં પં૰ હિંમતવિજયગણિની નિશ્રામાં જિનાલયની પ્રતિષ્ઠા થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મોટામીયા માંગરોળ ગામમાં શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયો છે. તે સમયે કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૭૮માં સંઘ દ્વારા જિનાલય બંધાયું હતું. વહીવટ શેઠ ખુશાલચંદ ઓપાજી હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. ગામમાં એક ઉપાશ્રય તથા એક ધર્મશાળા હતી.

જેઠ સુદ ત્રીજની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. શા૰ મોહનલાલ લાલચંદ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ-માંગરોલના ટ્રસ્ટીઓ – શ્રી મોહનલાલ ચુનીલાલ શાહ, શ્રી મોહનલાલ લાલચંદ શાહ તથા શ્રી પ્રવીણચંદ્ર અમરચંદ શાહ વહીવટ કરે છે. શત્રુંજયનો કાપડનો પટ દેવ-દિવાળીએ દર્શનાર્થે મુકાય છે.

આ જિનાલયનો સમય **સં૰ ૧૯૭૮ આસપાસ**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - કોસંબા, તાલુકો - માંગરોલ

૪૬. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૨૦૪૨)

માંગરોલ તાલુકાથી ૨૧ કિ૰ મી૰ના અંતરે આવેલ કોસંબા ગામમાં હાલ ૨૮ થી ૩૦ જૈન કુટુંબો વસે છે. કોઠી ગ્રાઉન્ડ શૈલેષ સેલ્સની પાછળ એક ધર્મશાળા છે. રેલવે સ્ટેશન નજીક મેઈન બજારમાં આરસનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપરના માળે જિનાલય અને નીચે ઉપાશ્રય છે.

કંપાઉંડમાં બે રૂમ છે. દાદર ચડી આગળ જતાં આજુબાજુ અન્ય બે દાદર છે. અહીં આગળના ભાગમાં બીજો – બે રૂમ વાળો ઉપાશ્રય છે. બીજા દાદરની એક બાજુ જિનાલય છે.

જિનાલય નાનું છે. કોસંબાના વતની શા૰ અંબાલાલ હરજીવનદાસે આ જગ્યામાં દેરાસર-ઉપાશ્રય બનાવી સંઘને અર્પણ કરેલ. સં૰ ૨૦૪૨માં ફાગણ વદ ૩ના રોજ આ૰ શ્રી અશોકચંદ્રસૂરિજીની નિશ્રામાં સોહનલાલ થાનમલ શાહ પરિવાર દ્વારા પ્રતિષ્ઠા કરેલ છે.

યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે. દીવાલો પર શંખેશ્વર પાર્શ્વનાથ જિનપટ, શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, અષ્ટાપદ અને સિદ્ધચક્રના ચિત્રકામયુક્ત પટ છે.

ગર્ભદ્વાર એક છે. ૧૭" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

ફાગણ વદ ત્રીજની વર્ષગાંઠના દિવસે શ્રી અસીરભાઈ ચુનીલાલ શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી કોસંબા જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી દીપચંદ પૂનમચંદ શાહ, શ્રી સોહનલાલ થાનમલજી અને શ્રી વિપુલભાઈ મોતીચંદ શાહ હસ્તક છે.

• • •

ગામ - કોસંબા, તાલુકો - માંગરોલ

૪૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૨)

કોસંબામાં જયસોમનાથ સોસાયટીમાં બંગલા નં૰ બી/૨૬માં શ્રી વિપુલભાઈ મોતીચંદ શાહ પરિવારનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

૯" ઊંચી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ધાતુપ્રતિમાની અંજનશલાકા શ્રી યશોવર્મસૂરિની નિશ્રામાં અંકલેશ્વરમાં થયેલ છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૨ ફાગણ વદ ૪ને શનિવારે તા૰ ૯-૩-૯૬ના રોજ સવારે ૯:૪૫ મિનિટે થયેલ છે.

• • •

ગામ- ઉકાઈ, તાલુકો - સોનગઢ

૪૮. વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર)

ઉકાઈ ગામમાં વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવસારી જિલ્લાનાં જિનાલયો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - અષ્ટગામ, તાલુકો - નવસારી

૧. શ્રી આદેશ્વર (સં. ૧૯૭૧)

નવસારીથી ૧૦ કિ. મી.ના અંતરે આવેલ અષ્ટગામમાં હાલ ૫ જૈન કુટુંબો વસે છે. અહીં ઉતારા ફળિયામાં આરસનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે. બાજુમાં ભક્તિભુવન તથા ઉપાશ્રય છે.

જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા સં. ૨૦૪૯માં માગશર વદ ચોથને તા. ૧૩-૧૩-૯૨ના દિને આ. શ્રી ચંદ્રોદયસૂરિ તથા આ. શ્રી અશોકચંદ્રસૂરિની નિશ્રામાં થયેલ છે.

૨'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પંચતીર્થી ધાતુપ્રતિમા સહિત કુલ ચાર ધાતુપ્રતિમા છે. શત્રુંજયનો પટ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નવસારીથી ૮ માઈલના અંતરે આવેલા અષ્ટગામમાં ૭૫ જૈન કુટુંબો રહેતા હોવાની તથા ગામમાં આદેશ્વરનું ઘરદેરાસર હોવાની નોંધ છે. સં. ૧૯૭૧માં શ્રી સંઘે ઘરદેરાસર બંધાવ્યું હતું. વહીવટ ભગવાનજી હીરાજી હસ્તક હતો તથા સ્થિતિ સારી હતી.

હાલ માગશર વદ ચોથની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. અંદર તથા ઉપર એમ બે ધજા ચડે છે. વહીવટ શ્રી અષ્ટગામ જૈન શ્વે. મૂ. પૂ. સંઘના ટ્રસ્ટીઓ – શ્રી અશોકભાઈ મગનલાલ શાહ, શ્રી રમણભાઈ શાહ, શ્રી કાંતિલાલ રાયચંદ શાહ તથા શ્રી રમેશચંદ્ર મગનલાલ શાહ હસ્તક છે.

સં. ૧૯૭૧માં ઘરદેરાસર બંધાયું હોવાની નોંધ **સં. ૨૦૧૦**માં થયેલ છે. હાલ શિખરબંધી જિનાલય છે. એટલે કે જીર્ણોદ્ધાર સં. ૨૦૪૯માં થયો છે તે સમયે શિખરબંધી જિનાલયમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

ટૂંકમાં જિનાલયનો સમય **સં. ૧૯૭૧**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - મરોલી, તાલુકો - નવસારી

૨. શ્રી સુમતિનાથ (સં૰ ૧૯૮૯)

નવસારીથી ૧૦ કિ૰ મી૰ દૂર, નવસારી સુરત જવાના રસ્તે વાયા સચીન થઈને જતાં મરોલી ગામ આવે છે. અહીં રેલવે સ્ટેશન છે. હાલ ગામમાં ૪૫ જૈન કુટુંબો છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ગામમાં છ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. પાઠશાળામાં ૩૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે. મેઈન રોડ બજારમાં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી સુમતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

સ્થાનિક માહિતી પ્રમાણે પૂર્વે અહીં ઘરદેરાસર હતું. સં૰ ૨૦૨૦માં શિખરબંધી જિનાલય બન્યું. તે સમયે શ્રી આનંદસાગરસૂરિની નિશ્રામાં શાહ ચીમનલાલ નાનચંદ પરિવાર દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જિનાલયમાં આ અંગેનો એક લેખ છે જે નીચે મુજબ છે :

શ્રી સુમતિનાથાય નમો નમઃ

સંવત ૨૦૨૦ વૈશાખ શુક્લા ત્રયોદશી રવિવાર તા૰ ૨૪-૫-૬૪ પ્રાતકાલે ક૰ ૮.૫૬ શુભ લગ્ને મૂળનાયક શ્રી સુમતિનાથ તથા શ્રી વાસુપૂજ્યસ્વામી તથા શ્રી પાર્શ્વનાથ ભગવંતનાં બિંબોની પ્રતિષ્ઠા આગમોદ્ધારક આચાર્યમહારાજ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૰ સા૰ના શિષ્ય આ૰ મ૰ શ્રી હેમસાગરસૂરીશ્વરજી તથા મુની શ્રી સમરેન્દ્રસાગરજી તથા શ્રી મનોજ્ઞસાગરજી આદિના શુભ હસ્તે કરાવી છે.

પ૰ પૂ૰ પં૰ શ્રી લબ્ધિસાગરજી મ૰ સા૰ની પ્રેરણાથી આ જિનાલયની શરૂઆત થઈ હતી.

ખાતમુહૂર્ત : સં૰ ૨૦૦૯ ફા૰ સુદ ૧૦ તા૰ ૨૩-૫-૫૩

શીલારોપણ : સં૰ ૨૦૦૯ શ્રા૰ સુદ ૧૦ તા૰ ૨૦-૮-૫૩

પ્રવેશમુહૂર્ત : સં૰ ૨૦૧૩ના મહા સુદ ૬ તા૰ ૬-૨-૫૭

ત્યારબાદ સં૰ ૨૦૪૧માં માગશર સુદ ૧૫ને શનિવારે તા૰ ૮-૧૨-૮૪ને સવારે ૮.૧૫ કલાકે આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં શાહ ભીખાભાઈ મોભજીના પુત્રો મગનલાલ, છોટાલાલ, મોહનલાલ, કાંતિલાલ આદિ પરિવારે પુનઃ પ્રતિષ્ઠા કરેલ છે. આ અંગેનો લેખ પણ જિનાલયમાં છે.

રંગમંડપમાં અષ્ટાપદ, આબુ, રાણકપુર, તારંગા, પાવાપુરી, સમેતશિખર, ચંપાપુરી, નવપદજી, શત્રુંજય, નંદીશ્વર દ્વીપ, ગિરનાર, રાજગીરી પંચ પહાડ તથા પંચમકાલ કે ભવિષ્ય કા દર્શન – જેવા પટ પ્રસંગો છે. ઘુમ્મટમાં ચૌદ સ્વપ્નો તથા અભિષેકનું ચિત્રકામ છે.

ગભારામાં ૧૫" ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની આરસપ્રતિમા મધ્યે બિરાજે છે. ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ પાર્શ્વનાથ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે મૂળનાયક પ્રતિમા કઠોર ગામથી લાવેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર શિખરમાં ૧૧" ઊંચી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. ડાબી બાજુ શાંતિનાથ તથા જમણી બાજુ આદેશ્વર છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા અજિતનાથની એક ધાતુપ્રતિમા છે.

નડોદ ગામનું શ્રી અજિતનાથનું ઘરદેરાસર અહીં પધરાવેલું છે. તે અંગનો એક લેખ છે જે નીચે મુજબ છે :

'સંવત ૨૦૦૮ ચૈત્ર સુદ ૧ના થયેલા ઠરાવ મુજબ નડોદ જૈન સંઘની તમામ મૂડી સંપત્તિ શ્રી મરોલી બજાર જૈન સંઘને અર્પણ કરેલ છે. તા૰ ૨૬-૩-૫૨.'

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં મરોલી બજાર સ્ટેશન પર શ્રી સુમતિનાથનું ઘરદેરાસર હોવાની નોંધ છે. ગામમાં તે સમયે ૧૫૦ જૈન કુટુંબો વસતાં હતાં તથા સાગરાનંદ લાઇબ્રેરી હતી. ઘરદેરાસરમાં કુલ એક આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૮૯માં શ્રી સંઘે ઘરદેરાસર બંધાવ્યું હતું. વહીવટ શેઠ મોતીભાઈ કસ્તુરચંદ નહાર હસ્તક હતો. સ્થિતિ સાધારણ હતી. ઉપરાંત **સં૰ ૨૦૧૦**માં મરોલીથી ૨ માઈલ દૂર નડોદ ગામમાં અજિતનાથનું ઘરદેરાસર હોવાની નોંધ મળે છે. તે સમયે નડોદ ગામમાં ૩૦ જૈન કુટુંબો વસતાં હતાં. ઘરદેરાસરમાં કુલ બે ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૭૨માં શ્રી સંઘે બંધાવ્યું હતું અને વહીવટ શેઠ ચુનીલાલ પાનાચંદ મરોલીવાળા હસ્તક હતો. ઘરદેરાસરની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૦માં નડોદ ગામમાં અજિતનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ થયો છે. એટલે કે સં૰ ૨૦૧૦ પછી ઉપર્યુક્ત ઘરદેરાસર સુમતિનાથના આ જિનાલયમાં પધરાવવામાં આવ્યું છે.

સં૰ ૧૯૮૯માં સુમતિનાથનું ઘરદેરાસર બંધાયું હોવાની નોંધ **સં૰ ૨૦૧૦**માં થયેલ છે. ત્યારબાદ સં૰ ૨૦૨૦માં શિખરબંધી જિનાલય બન્યું. હાલ જિનાલયની વર્ષગાંઠ – વૈશાખ સુદ પૂનમના દિને જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. સ્થિતિ સારી છે. જિનાલયમાં કુલ ૭ આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી મરોલી બજાર જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી રણજીતભાઈ મગનલાલ શાહ, શ્રી ભીખુભાઈ ચુનીલાલ શાહ તથા શ્રી તુલસીદાસ કપૂરચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં સુમતિનાથના આ જિનાલયનો સમય **સં૰ ૧૯૮૯**નો છે.

• • •

ગામ - સાતેમ, તાલુકો - નવસારી

૩. શ્રી શીતલનાથ (સં૰ ૨૦૩૨)

નવસારીથી ૨૨ કિ૰ મી૰ના અંતરે સાતેમ ગામ આવેલું છે. ગામમાં હાલ ૧૬ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ગામમાં બે વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. અહીં દેરાસર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફળિયામાં શ્રી શીતલનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. અહીં જ શ્રાવક-શ્રાવિકાનો બે માળનો ઉપાશ્રય છે.

સ્થાનિક માહિતી પ્રમાણે પૂર્વે અહીં શ્રી શાંતિનાથનું ઘરદેરાસર હતું. શિખરબંધી જિનાલયનું નિર્માણ થતાં સં૰ ૨૦૩૨માં આ૰ શ્રી કુમુદચંદ્રસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હાલ મૂળનાયક શ્રી શીતલનાથ છે.

૧૭'' ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમાની ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા મહાવીરસ્વામી અને જમણી બાજુ આદેશ્વર તથા શંખેશ્વર પાર્શ્વનાથ – એમ કુલ પાંચ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. શત્રુંજયનો પટ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં નવસારીથી ૧૧ માઈલ દૂર સાતમ ગામમાં ૧૦૦ જૈન કુટુંબો હોવાની તથા શાંતિનાથનું ઘરદેરાસર હોવાની નોંધ છે. ઘરદેરાસરમાં માત્ર એક ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૮૦માં શ્રી સંઘે ઘરદેરાસર બંધાવ્યું હતું. શાંતિનાથની પ્રતિમા પર સં૰ ૧૮૩૩નો લેખ હતો. વહીવટ શ્રી ખીમચંદ ભીલાજી હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. હાલ અહીં શીતલનાથની આરસપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે.

આ જિનાલયની વર્ષગાંઠ – મહા વદ એકમના દિને જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી મનસુખલાલ પાનાચંદ શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ છગનલાલ રામાજી શાહ હસ્તક છે.

ટૂંકમાં શીતલનાથના જિનાલયનો સમય **સં૰ ૨૦૩૨**નો છે.

• • •

તપોવન સંસ્કાર ધામ

૪. શ્રી શાંતિનાથ (સં૰ ૨૦૪૩)

નવસારી જિલ્લામાં કબીલપોર પાસે ધારાગીરી ગામ છે. અહીં તપોવન સંસ્કારધામમાં શ્રી શાંતિનાથનું ત્રણ શિખરવાળું ભોંયરાયુક્ત જિનાલય આવેલું છે.

આશરે ૫૫ એકર જમીનમાં તપોવનની નિશાળ છે. ૨૫૦ બાળકો માટેની બોર્ડિંગ છે. અહીં રહીને બાળકો અભ્યાસ કરે છે. ધર્મશાળા, પાઠશાળા, ઉપાશ્રય, ફૂલવાડી, યોગસાધના સ્વાધ્યાય કુટિર, ભોજનશાળા, વ્યાખ્યાન હોલ, લાઈબ્રેરી તથા ગૌશાળા છે. જ્ઞાનભંડારમાં ૫૦,૦૦૦ પ્રિન્ટેડ પુસ્તકો છે.

તપોવનની સ્થાપના સં૰ ૨૦૩૯માં જેઠ વદ ૫ને ગુરુવારે થયેલ છે. જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૩માં મહા સુદ ચોથને દિને આ૰ શ્રી ભુવનભાનુસૂરિની નિશ્રામાં થયેલ છે. જિનાલય પાસે માણિભદ્રવીરની દેરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૧" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર સં૰ ૨૦૪૩નો લેખ છે. કુલ દસ આરસપ્રતિમા તથા ચોર્યાસી ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે. ચક્રેશ્વરીદેવી તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિઓના ગોખ છે.

ભોંયરામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. કુલ છ આરસપ્રતિમા છે. ઉપરાંત પદ્મનાભસ્વામી તથા સીમંધરસ્વામીની આરસપ્રતિમા છે.

જિનાલયમાં કુલ સોળ આરસપ્રતિમા છે. મહા સુદ ચોથના દિને મણીબહેન ત્રિકમલાલ મહમા પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ વર્ધમાન જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ — શ્રી હિંમતભાઈ રૂગનાથજી બેડાવાળા, શ્રી મનુભાઈ ત્રિકમલાલ મહેતા, શ્રી અતુલભાઈ હસમુખલાલ શાહ, શ્રી અશોકભાઈ હસમુખલાલ શાહ, શ્રી રસિકભાઈ મગનલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ શાહ તથા શ્રી ચંદ્રકાન્તભાઈ જીવતલાલ દલાલ હસ્તક છે.

ટૂંકમાં જિનાલય સં૰ ૨૦૪૩ના સમયનું છે.

• • •

ગામ - ગણેશ સીસોદરા, તાલુકો - નવસારી

નવસારી રેલવે સ્ટેશનથી ૮ કિ૰ મી૰ દૂર, નવસારી ગ્રીડ હાઈવે નં૰ ૮, મુંબઈ-અમદાવાદ અડીને ગણેશ સીસોદરા ગામ આવેલું છે. નવસારીથી અહીં આવવા સીટી બસની સગવડ છે. ગામમાં ૩૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં પાંચ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. અહીં શ્રી કુંથુનાથનું શિખરબંધી જિનાલય તથા શ્રી ખૂમચંદ ગુલાબચંદ શાહ પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર — એમ બે જિનાલયો આવેલાં છે. શ્રી કુંથુનાથના જિનાલયની પાછળ બે માળનો વ્હાલાજી દલાજી શાહ ઉપાશ્રય તથા નયન તારા આરાધના ભવન — એમ બે ઉપાશ્રય છે. પૂર્વે અહીં જ્ઞાનભંડાર હતો જે તપોવન સંસ્કાર ધામ, ધારાગીરીમાં આપી દીધો છે. અહીં પાઠશાળા ચાલે છે જેમાં ૪૫ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.

ગામ - ગણેશ સીસોદરા, તાલુકો - નવસારી

૫. શ્રી કુંથુનાથ (સં૰ ૧૯૯૩)

ગણેશ સીસોદરા ગામ મધ્યે બસ સ્ટેન્ડ સામે, ગણેશવડમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી કુંથુનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૮માં મહા સુદ છઠના દિને શ્રી લાવણ્યસૂરિની નિશ્રામાં થયેલ છે.

રંગમંડપમાં દીવાલો કચ્છ, ભદ્રેશ્વર, રાણકપુર, ગિરનાર, પાવાપુરી, આબુ, અચલગઢ, કલીકુંડ પાર્શ્વનાથ, અષ્ટાપદ, નવપદજી, ચંપાનગરીમાં શ્રીપાલરાજાનો પ્રવેશ, અજિતસેનની ધર્મદેશના, સમેતશિખર, કેસરિયાજી, નંદીશ્વર દ્વીપ, સમવસરણ, શત્રુંજય, શંખેશ્વર, નેમનાથની જાન વગેરે કાચકામયુક્ત પટ-પ્રસંગોથી ખચિત છે. ઘુમ્મટમાં આદેશ્વરના ૧૩ ભવ તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાવીરસ્વામીના ૨૭ ભવનું ચિત્રકામ છે. ગૌતમસ્વામી, ગંધર્વયક્ષ તથા બલાદેવીની આરસમૂર્તિઓ છે. શ્રી હેતવિજયજી મ૦ સા૦ની આરસની ગુરુમૂર્તિ છે.

૨૧'' ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ નમિનાથની આરસપ્રતિમા મળીને કુલ ત્રણ આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે. મૂળનાયક પ્રતિમાના પરિકર પર સં૦ ૨૦૦૮નો લેખ છે.

ઉપર શિખરમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથની ૨૫'' ઊંચી આરસપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. ડાબી બાજુ આદેશ્વર તથા જમણી બાજુ શાંતિનાથ તથા આગળના ભાગમાં મહાવીરસ્વામીની આરસપ્રતિમા મળીને – કુલ ચાર આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં નવસારીથી ૫ માઈલ દૂર સીસોદરા ગામમાં દમણ ફળિયામાં શ્રી કુંથુનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ છ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા હતી. સં૦ ૧૯૯૩માં શ્રી સંઘે જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શ્રી ગોવિંદજી અમરાજી હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. ગામમાં ૧૫૦ જૈન કુટુંબો વસતાં હતાં. એક ઉપાશ્રય તથા એક પુસ્તક ભંડાર હતો.

આજે જિનાલયમાં કુલ સાત આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. મહા સુદ છઠની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. શત્રુંજયનો કાપડનો પટ દેવ દિવાળીને દિને દર્શનાર્થે મુકાય છે અને ભાથું અપાય છે. હાલ વહીવટ શ્રી કુંથુનાથ ભગવાન જૈન દેરાસર તથા ઉપાશ્રય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી નવીનભાઈ નાથુભાઈ શાહ, શ્રી નરેશભાઈ રામચંદભાઈ શાહ તથા શ્રી શશીકાન્તભાઈ છોટાલાલ શાહ હસ્તક છે.

સં૦ ૨૦૧૦માં જણાવ્યા મુજબ આ જિનાલયનો સમય **સં૦ ૧૯૯૩નો** છે.

• • •

ગામ - ગણેશ સીસોદરા, તાલુકો - નવસારી

૬. શ્રી પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૦ ૧૯૭૪)

ગણેશ સીસોદરા ગામમાં દરજી ફળિયામાં શ્રી ખૂમચંદ ગુલાબચંદ શાહ પરિવારનું ઘરદેરાસર આવેલું છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ છે.

૫'' ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની એક માત્ર ધાતુપ્રતિમા પર સં૦ ૧૭૦૫નો લેખ છે. પ્રતિમા આરસના ગોખમાં બિરાજે છે. ગોખની રચના સં૦ ૨૦૫૦માં થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં નવસારીથી ૫ માઈલ દૂર સીસોદરા ગામમાં શેઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાલજી દલાજીના મકાનમાં શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું હોવાની નોંધ છે. એક ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૭૪માં શેઠ વાલજી દલાજીએ ઘરદેરાસર બંધાવ્યું હતું અને વહીવટ પણ તેઓ હસ્તક હતો. સ્થિતિ સારી હતી. ઘરદેરાસર મેડા પર હોવાની નોંધ હતી.

હાલ વહીવટ શાંતિલાલ - ખૂમચંદ - ગુલાબચંદ - વાલાજી - દલાજીની પેઢીના શ્રી દિવ્યેશભાઈ શાંતિલાલ હસ્તક છે.

ટૂંકમાં આ ઘરદેરાસરનો સમય **સં૰ ૧૯૭૪**નો છે.

• • •

ગામ - કાલીયાવાડી, તાલુકો - નવસારી

૭. શ્રી શાંતિનાથ (સં૰ ૧૯૫૬)

કાલીયાવાડીમાં આરસનું બનેલું શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૫માં માગશર સુદ અગિયારશના દિને આ૰ શ્રી કુમુદચંદ્રસૂરિની નિશ્રામાં થયેલ છે. ૨૧" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની ડાબી બાજુ મલ્લિનાથ તથા જમણી બાજુ આદેશ્વરની આરસપ્રતિમા મળીને કુલ ત્રણ આરસપ્રતિમા તથા બાર ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નવસારીથી ૨ માઈલ દૂર કાલિયાવાડીમાં સમળી મહોલ્લામાં શાંતિનાથના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ મળે છે. કુલ ત્રણ આરસપ્રતિમા, પાંચ ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસીપટ હતો. સં૰ ૧૯૫૬માં ફકીરચંદ મોટાજી તથા કેસુર મોટાજીએ જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શેઠ છગનલાલ લલ્લુભાઈ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. ગામમાં ૭૫ જૈન કુટુંબો વસતાં હતાં અને બે ઉપાશ્રય હતા. જો કે **સં૰ ૧૯૬૩**માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

આજે માગશર સુદ અગિયારશને વર્ષગાંઠને દિને સ્વામિવાત્સલ્ય થાય છે. શ્રી ઠાકોરલાલ કેસરીચંદ શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી, મધુમતી જૈન દેરાસર, મોટા બજાર, નવસારીના ટ્રસ્ટીઓ – શ્રી મનુભાઈ ત્રિકમલાલ મહેતા, શ્રી ગમનલાલ ચુનીલાલ ઝવેરી તથા શ્રી રણજીતભાઈ ઠાકોરલાલ શાહ હસ્તક છે. અહીં શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય તથા પાઠશાળા છે. પાઠશાળામાં ૮૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.

સં૰ ૨૦૧૦માં જિનાલય બંધાયા સંવત ૧૯૫૬ દર્શાવેલ છે. તે સંદર્ભમાં જિનાલયનો સમય **સં૰ ૧૯૫૬**નો છે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૮. શ્રી મુનિસુવ્રતસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૩૦)

નવસારીમાં કબીલપોર રોડ પર કલ્પના સોસાયટીમાં ૧૩ નંબરના મકાનમાં શ્રી બાલુભાઈ પાનાચંદ શાહ પરિવારનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૦ વૈશાખ સુદ બારશના દિને શ્રી પુણ્યરક્ષિતવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. જીર્ણોદ્ધાર થયેલો છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની એક આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે પૂર્વે મૂળનાયક તરીકે પાર્શ્વનાથની ધાતુપ્રતિમા હતી. પછીથી હસ્તગિરિથી મુનિસુવ્રતસ્વામીની આરસપ્રતિમા લાવી અત્રે બિરાજમાન કરવામાં આવી છે.

વહીવટ શ્રી બાલુભાઈ પાનાચંદ શાહ તથા શ્રી પ્રવીણભાઈ નાથુભાઈ શાહ હસ્તક છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૯. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૩૨)

નવસારીમાં ઝવેરી સડક પર મહાવીરનગર સોસાયટીમાં આરસનું કમલાકારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૨માં મહા સુદ છઠને દિને આ૰ શ્રી સુબોધસાગરસૂરિની નિશ્રામાં શ્રી મહાવીરનગર જૈન શ્વે૰ મૂ૰ સંઘ દ્વારા થયેલ છે.

શત્રુંજય, ગિરનાર, આબુ, અચલગઢ, સમેતશિખર, અષ્ટાપદ, ચંપાપુરી, પાવાપુરી, તળાજા, તારંગા, કેસરિયાજી, નાકોડા, રાજગૃહી, ક્ષત્રિયકુંડ, કુલપાકજી, જેસલમેર, અંતરીક્ષ, શંખેશ્વર, હસ્તિનાપુર, ભદ્રેશ્વર, રાણકપુર તથા બાબુનું દેરાસરના ચિત્રકામયુક્ત પટ છે. ઉપરાંત ૧૦૮ પાર્શ્વનાથ તથા સોળ વિદ્યાદેવીનું ચિત્રકામ છે. નાકોડા ભૈરવ, માણિભદ્રવીર, પદ્માવતીદેવી તથા ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિઓ છે. જિનાલયની બહાર ઘંટાકર્ણવીરની દેરી છે.

ઉપરના માળે ૩૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૩૨નો લેખ છે. જમણી બાજુ મુનિસુવ્રતસ્વામી તથા ડાબી બાજુ મહાવીરસ્વામી અને શંખેશ્વર પાર્શ્વનાથની આરસપ્રતિમા સહિત કુલ ચાર આરસપ્રતિમા તથા બાર ધાતુપ્રતિમા છે.

ભોંયતળિયે ૩૧" ઊંચી મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની એક આરસપ્રતિમા છે.

જિનાલયમાં કુલ પાંચ આરસપ્રતિમા છે. મહા સુદ છઠની વર્ષગાંઠને દિને જમણવાર થાય છે તથા હેમચંદ કરસનદાસ જોગાણી પરિવાર દ્વારા ધજા ચડે છે. વહીવટ શ્રી મહાવીરનગર જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી કાંતિલાલ વીરચંદ શાહ, શ્રી અશોકભાઈ રાજમલ મહેતા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી જયંતિભાઈ હેમચંદ જોગાણી તથા શ્રી ધીરુભાઈ હઠીચંદ શાહ હસ્તક છે.

જિનાલયની સામે હીરાભાઈ કચરાભાઈ શ્રાવક ઉપાશ્રય તથા ભુદરમલ નાગરદાસ દોશી શ્રાવિકા ઉપાશ્રય છે. સ્વ૰ કુસુમ પુષ્પા જૈન પાઠશાળા છે જેમાં ૧૦૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૦. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ (પ્રાચીન)

નવસારીમાં મધુમતી વિસ્તારમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયના કંપાઉંડમાં બે માળનો શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે તથા શેઠ નગીનદાસ જીવણચંદ જૈન પાઠશાળા છે જ્યાં ૨૫૦ બાળકો ધાર્મિક શિક્ષણ લે છે. અહીં જ્ઞાનભંડારમાં ૩૦૦૦ પ્રિન્ટેડ પુસ્તકો તથા ૭૫૦ હસ્તપ્રતો છે. આયંબિલશાળા તથા ભોજનશાળા છે.

સં૰ ૧૯૮૮ના મહા સુદ છઠને શુક્રવાર તા૰ ૧૨-૨-૩૨ના ૧૨ : ૩૯ મિનિટે શ્રી સંઘ તરફથી શ્રી મોહનલાલજી મહારાજની નિશ્રામાં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

જિનાલયમાં પાવાપુરી, ચંપાપુરી, સમેતશિખર, મહાવીરસ્વામીનો ઉપસર્ગ, સિદ્ધગિરિ, ચંદનબાળાનો પ્રસંગ, તારંગા, કેસરિયાજી, મહાવીરસ્વામી જન્મોત્સવ, દીક્ષા મહોત્સવ, આબુ, ગિરનાર, અચલગઢ, અષ્ટાપદ, કેસરિયાજી, ચૌદ સ્વપ્નો, નંદીશ્વર દ્વીપ, નવપદજી, તારંગા, સમવસરણ આદિ પટ-પ્રસંગોનું ચિત્રકામ તથા કાચકામ છે. ઘુમ્મટમાં પાર્શ્વનાથ ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, મોક્ષ કલ્યાણક તથા દીક્ષા કલ્યાણક તથા પાર્શ્વનાથના દસ ભવોનું કાચકામ છે. રંગમંડપ હાંડી ઝુમ્મરોથી શોભે છે. યક્ષ-યક્ષિણી, નાકોડા ભૈરવ, ચક્રેશ્વરીદેવી તથા પદ્માવતી-દેવીની મૂર્તિઓ છે. શ્રી કુમુદચંદ્રસૂરિ મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિ છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની નયનરમ્ય પ્રતિમા છે. અહીં કુલ સોળ આરસપ્રતિમા છે તથા પચીસ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખી છે.

ઉપરના માળે ૨૧" ઊંચી મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથની આરસપ્રતિમા છે. કુલ સોળ આરસપ્રતિમા છે. મૂળનાયકની જમણી બાજુ શ્રી નેમિનાથની પ્રતિમા પર ફણા છે. સુધર્માસ્વામી તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓ છે. આરસનાં પગલાંની એક જોડ છે. ડાબી બાજુ એક દેવકુલિકામાં મધ્યે આદેશ્વર, શીતલનાથ, શાંતિનાથ તથા સુપાર્શ્વનાથની આરસની ચૌમુખજી પ્રતિમા બિરાજે છે. દરેક પ્રતિમા ૧૧" ઊંચી છે. જમણી બાજુ અન્ય એક દેવકુલિકામાં ૨૧" ઊંચી શ્રી આદેશ્વરની પ્રતિમા મધ્યે બિરાજે છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૪૩માં પ્રગટ થયેલ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ દર્શન ગ્રંથમાં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

વિક્રમના ૧૩મા સૈકામાં થયેલા શ્રી જિનપતિસૂરિ રચિત તીર્થમાલામાં નવસારીનો ઉલ્લેખ નોંધપાત્ર છે. ૭૦૦ વર્ષ પૂર્વે નવસારી જૈનોનું મહત્ત્વનું યાત્રાસ્થાન હોવાના ગણનાપાત્ર સંકેતો આ ઉલ્લેખ પરથી પ્રાપ્ત થાય છે.

મહામંત્રી વસ્તુપાલના લઘુબંધુ તેજપાલ દક્ષિણ દેશમાં સોપારક તીર્થની યાત્રાએ સંચર્યા હતા. પૂર્વના પુરુષો તીર્થયાત્રાએ વિહરતા ત્યારે માર્ગસ્થિત અનેક ગામોને મનોહર જિન પ્રાસાદોથી ભૂષિત કરતા, જીર્ણ જિનાલયનો ઉદ્ધાર કરતા, અનેક સંઘોને સધ્ધર કરતા. પૂર્વના પુરુષોની એ ગૌરવવંતી પ્રણાલિકાએ અનેક ભવ્ય જિનપ્રાસાદોનો આપણને અણમોલ વારસો પ્રદાન કર્યો છે. સોપારકના આદેશ્વર પ્રભુને ભેટી પાછા ફરતા આ તેજપાલ શ્રેષ્ઠી નવસારી પહોંચ્યા. અહીં ભવ્ય બાવન દેવકુલિકાઓથી વિભૂષિત એક મનોહર જિનાલયનું નિર્માણ કરાવ્યું. જિનાલયમાં ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીને બિરાજમાન કરવામાં આવ્યા.

શ્રી જિનહર્ષગણિરચિત વસ્તુપાલ ચરિત્ર પ્રસ્તાવ ૭, શ્લોક ૨૧૭માં નવસારીના પાર્શ્વનાથ વિશે નીચે મુજબની નોંધ મળે છે :

नवसारी पूरे पुण्यं, पार्श्वधाम नवं व्यधात् ।
स द्विपञ्चाशता जैन कुलीकाभिर्विराजितम् ॥ २१७ ॥

આ તેજપાલ નિર્મિત પ્રાસાદ તો કાળક્રમે મુસ્લિમોનાં આક્રમણોથી મસ્જિદમાં રૂપાંતરિત થઈ ગયાનું કહેવાય છે. પણ તેમના હાથે પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વનાથની પ્રતિમા તો તે જ હોવાનું અનુમાન છે. આ જિનાલયના પણ અનેક વાર જીર્ણોદ્ધાર થતાં રહ્યાં છે.

નવસારીમંડન પાર્શ્વનાથ તરીકે પણ ઓળખાતા આ પાર્શ્વનાથ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના નામથી વધુ પ્રસિદ્ધ છે. પ્રતિમા સંપ્રતિ કાળ કે એથી પણ વધુ પ્રાચીન છે.

આ નવસારી પાર્શ્વનાથની ઉત્પત્તિને સૂચવતી એક કિંવદન્તી પ્રબન્ધ પઞ્ચશતી નામના ગ્રંથમાં શ્રી શુભશીલગણિએ ટાંકી છે.

નવસારીના એક શ્રાવકને સ્વપ્નમાં આવીને અધિષ્ઠાયક દેવે કહ્યું, 'પુણ્યવાન જાગ, તારા ભાગ્યનો સૂર્ય ઉદિત થઈ રહ્યો છે. ભૂમિમાં ગુપ્ત પ્રતિમા પ્રગટ થવા ઝંખી રહી છે. તું જમીન ખોદીને પરમાત્માને પ્રગટ કર.'

શુભ સ્વપ્નનાં દર્શને આનંદવિભોર બનેલો શ્રાવક પ્રભાત થતાં જ સ્વપ્નસૂચિત સ્થળે પહોંચ્યો. તે ભૂમિનું ખનન કરતાં જ ભૂખરા વર્ણના નયનરમ્ય મનોહર જિનબિંબને નિહાળી તે હર્ષાન્વિત બન્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવસારી નગરે વર્તમાનમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ તે આ જ હોઈ શકે. શ્રી શુભશીલગુણિ જમીનમાંથી પ્રગટ થયેલા તે પાર્શ્વનાથ શ્યામ વર્ણના હોવાનું નોંધે છે. વર્તમાનમાં બિરાજમાન પાર્શ્વનાથનો વર્ણ ભૂખરો છે. પણ લેપના કારણે ફેરફાર થયો હોય તે સંભવિત છે.

૧૫મા સૈકામાં શ્રી કીર્તિમેરુએ **શાશ્વતા તીર્થમાલા**માં નવસારી તીર્થની પણ નોંધ કરી છે.

સં. ૧૫૨૧માં શ્રી શુભશીલગુણિકૃત **પ્રબન્ધ પંચશતિ** નામના ગ્રંથમાં નવસારીના શ્યામલ પાર્શ્વનાથનો પ્રબન્ધ પણ આલેખાયો છે.

સં. ૧૬૦૯માં મુનિ શ્રી ગુણવિજયના શિષ્યે રચેલા **૧૦૮ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન**માં પણ આ પાર્શ્વનાથનો નામનિર્દેશ થયો છે.

સં. ૧૬૫૬ના આસો વદ ૮ને સોમવારે રચાયેલા શ્રી નયસુંદરકૃત **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ**માં નવસારીના પાર્શ્વનાથની પણ સ્તવના કરવામાં આવી છે.

સં. ૧૬૮૯માં વિનયવિજય ઉપા. કૃત **સૂર્યપૂર ચૈત્યપરિપાટી**માં સુરતના ચૈત્યોની સાથે નવસારીના આ જિનાલયનો ઉલ્લેખ છે.

ઘણદીવિ ચિંતામણિ જુહારિ **નવસારી શ્રીપાસ** એ.
હાંસોટ ભગવઈ દેવ પૂજી ફલી મનની આસ એ. ૧૩

સં. ૧૭૨૧માં મેઘવિજયકૃત **શ્રી પાર્શ્વનાથ નામમાલા**માં શ્રી નવસારી પાર્શ્વનાથના નામની પણ નોંધ છે.

સં. ૧૭૪૬માં શીલવિજયકૃત **તીર્થમાલા**માં પણ આ પાર્શ્વનાથની નોંધ છે.

સં. ૧૮૮૧માં કવિશ્રી ઉત્તમવિજયે ગાયેલા **શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ નામના છંદમાં** નવસારીના નાથને નમન કરાયાં છે.

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં નવસારી શ્રાવક મહોલ્લામાં પાર્શ્વનાથના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ બાવીસ આરસપ્રતિમા તથા બાર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નવસારીમાં પટવાશેરીમાં ચિંતામણિ પાર્શ્વનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ ત્રીસ આરસપ્રતિમા તથા અઢાર ધાતુપ્રતિમા હતી. વહીવટ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢીના ટ્રસ્ટી છગનલાલ લલ્લુભાઈ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. ગામમાં ૪૫૦ જૈન કુટુંબો વસતાં હતાં. બે ઉપાશ્રય, એક ધર્મશાળા, એક લાઇબ્રેરી તથા શ્રી ક્ષમાસાગર જ્ઞાનભંડાર હતો.

જિનાલયમાં કુલ છત્રીસ આરસપ્રતિમા છે જે પૈકી એક ચૌમુખજી છે. વૈશાખ સુદ સાતમને વર્ષગાંઠને દિને જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ગમનભાઈ ચુનીલાલ ઝવેરી, શ્રી મનુભાઈ ટી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાહ તથા શ્રી રણજીતભાઈ ટી૰ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય ઘણું પ્રાચીન છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૧. શ્રી શ્રેયાંસનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૨)

નવસારીમાં વૈધ મહોલ્લામાં, કન્યાશાળા નં૰ ૧ની પાછળ, અંકિતા એપાર્ટમેન્ટમાં ૩૦૧ નંબરમાં શ્રી લલિતભાઈ સ્વરૂપચંદ શાહ પરિવારનું શ્રી શ્રેયાંસનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૨માં કારતક વદ બીજને તા૰ ૯-૧૧-૯૫ને ગુરુવારના રોજ સવારે ૮-૪૫ કલાકે પં૰ શ્રી ચંદ્રશેખરવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં શ્રી લલિતભાઈ સ્વરૂપચંદ શાહ દ્વારા થયેલ છે. ૯" ઊંચી મૂળનાયક શ્રી શ્રેયાંસનાથની પ્રતિમા સહિત કુલ બે ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૩૯)

નવસારીમાં છાપરા રોડ પર આવેલ અલકા સોસાયટીમાં સંગમ એપાર્ટમેન્ટમાં સ્વ૰ લીલાવતીબહેન પોપટલાલ કોઠારી પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૯માં વૈશાખ વદ અગિયારશને દિને આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થઈ છે. જિનાલયનું નિર્માણ લીલાવતીબહેન પોપટલાલ કોઠારીએ કર્યું છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજયસ્વામીની આરસપ્રતિમાની ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ પાર્શ્વનાથની પ્રતિમા બિરાજે છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. શત્રુંજય તથા નવપદજીનો પટ છે.

વૈશાખ વદ અગિયારશની વર્ષગાંઠને દિને સ્વ૰ લીલાવતીબહેન પોપટલાલ કોઠારી પરિવાર દ્વારા ધજા ચડે છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૩. શ્રી સીમંધરસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૩)

નવસારી, સયાજી રોડ પર ગોલવાડ ગેટ પાસે, રણછોડજી મહોલ્લા સામે 'કાંતિકુંજ'માં શ્રી કાંતિલાલ લલ્લુભાઈ શાહ પરિવારનું શ્રી સીમંધરસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૩માં મહા વદ છઠના રોજ પં૰ શ્રી ચંદ્રશેખરવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં શ્રી કાંતિલાલ લલ્લુભાઈ શાહ દ્વારા થયેલ છે. ૭'' ઊંચી મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની એક માત્ર ધાતુપ્રતિમા આરસના ગોખમાં બિરાજમાન છે. ગોખમાં જ ધજા ચડે છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (સં૰ ૨૦૪૬)

નવસારી, ટાટા હોલ સામે, એન્ડીઝ એપાર્ટમેન્ટમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૬માં મહા સુદ છઠના રોજ આ૰ શ્રી સુબોધસાગરસૂરિની નિશ્રામાં થયેલ છે. જિનાલય એપાર્ટમેન્ટના રહીશોએ બંધાવ્યું છે.

મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ૨૧'' ઊંચી એક આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી કનુભાઈ એફ૰ દોશી તથા શ્રી નલીનભાઈ કે૰ કોઠારી હસ્તક છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૫. શ્રી મહાવીરસ્વામી (ચૌમુખજી) (સં૰ ૨૦૫૦)

નવસારી, આશાનગરમાં અજિત સોસાયટીમાં આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૦માં કારતક વદ દશમને દિને શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં થઈ છે. મધુમતી મોટા બજારમાં ખોદકામ કરતાં મળી આવેલ પ્રતિમા અહીં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

ગભારામાં ૩૧'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામી, શ્રી આદેશ્વર, શ્રી નેમનાથ તથા શ્રી શાંતિનાથની – ચૌમુખજી પ્રતિમા છે તથા છ આરસપ્રતિમા અને અગિયાર ધાતુપ્રતિમા છે. શત્રુંજય, ગિરનાર તથા પાવાપુરીના પટ છે. આ૰ શ્રી કુમુદચંદ્રસૂરિની ગુરુમૂર્તિ છે. ઉપરાંત પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી, સરસ્વતીદેવી, નાકોડા ભૈરવ, ઘંટાકર્ણવીર તથા માણિભદ્રવીર છે.

જિનાલયમાં કુલ સાત આરસપ્રતિમા છે. કારતક વદ દશમને દિને શાહ મોહનલાલ રાયચંદ સીસોદરાવાલા પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી મનુભાઈ ટી૰ મહેતા, શ્રી ગમનલાલ ચુનીલાલ ઝવેરી તથા શ્રી રણજીતભાઈ ટી૰ શાહ હસ્તક છે.

અહીં મુક્તિબંગલોમાં પાઠશાળા ચાલે છે જ્યાં ૧૩૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૬. શ્રી સુમતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૫)

નવસારીમાં માણેકલાલ રોડ પર રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટમાં આરસનું શ્રી સુમતિનાથનું ઘુમ્મટબંધી ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૫**માં જેઠ સુદ અગિયારશને દિને આ૰ શ્રી હેમપ્રભસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. જિનાલયમાં એક શિલાલેખ છે જે નીચે મુજબ છે :

'શ્રી સંપ્રતિ મહારાજાના કાળનું શ્રી સુમતિનાથજીનું પ્રાચીન બિંબ શ્રી કડવા ગચ્છ જૈન સંઘ રાધનપુર (બનાસકાંઠા) તરફથી પ્રાપ્ત થયેલ છે. પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ નીતિસૂરિ મ૰ સા૰ના સમુદાયના પૂ૰ આ૰ ભ૰ શ્રીમદ્ હેમપ્રભસૂરીશ્વરજી મ૰ સા૰ આદિ પરિવાર

પ્રતિષ્ઠા દિન : સં૰ ૨૦૫૫ જેઠ સુદ ૧૧ તા૰ ૨૪-૬-૯૯ ગુરુવાર'

૯'' ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની એક પ્રાચીન આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

વહીવટ શ્રી સુમતિનાથ જૈન મિત્રમંડળના ટ્રસ્ટીઓ – શ્રી હસમુખભાઈ શાહ, શ્રી નીતિનભાઈ શાહ, શ્રી મિલનભાઈ શાહ તથા શ્રી અનિલભાઈ જયંતિલાલ શાહ દ્વારા થાય છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૭. શ્રી આદેશ્વર (સં૰ ૨૦૨૩)

નવસારીમાં શાંતાદેવી રોડ પર કે૰ જી૰ હૉસ્પિટલ સામે જૈન વિદ્યાલય છે. અહીં શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે.

સ્થાનિક માહિતી પ્રમાણે શ્રી છોટાલાલ જગજીવનદાસ, શ્રી ચુનીલાલ જગજીવનદાસ તથા શ્રી બાબુલાલ જગજીવનદાસે સં૰ ૨૦૦૫માં મહા વદ દશમને તા૰ ૨૨-૨-૪૯માં આ ભૂમિ અર્પણ કરેલ. અહીં શા૰ દેવચંદ મોતીચંદ તથા શા૰ નટવરલાલ ફૂલચંદ જૈન વિદ્યાર્થીગૃહ બંધાવવામાં આવ્યું. હાલ આ બોર્ડિંગ બંધ છે.

પૂર્વે બોર્ડિંગમાં ઘરદેરાસર સ્વરૂપે ત્રણ પ્રતિમા હતી. સં૰ ૨૦૨૩માં શિખરબંધી જિનાલય બાંધવામાં આવ્યું. આ વિસ્તારમાં જૈનોની સંખ્યા વધતાં સં૰ ૨૦૪૪માં વિશાળ રંગમંડપવાળું ભવ્ય શિખરબંધી જિનાલય શ્રી જૈન સહાયક મંડળ તથા શ્રી સંઘના સહયોગથી નિર્માણ થયું. મધુમતી, મોટા બજારમાં ખોદકામ કરતાં મળી આવેલ પ્રતિમાઓ પૈકીની કેટલીક પ્રતિમા અહીં પ્રતિષ્ઠિત કરેલ છે. પ્રતિષ્ઠા આ૰ શ્રી સુબોધસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં મહા વદ એકમને દિને થયેલ છે.

રંગમંડપમાં ગિરનાર, નવપદજી, સમેતશિખર તથા અષ્ટાપદના પટ છે. ગૌતમસ્વામી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા સુધર્માસ્વામીની આરસમૂર્તિઓના ગોખ છે.

૨૧'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ અગિયાર આરસપ્રતિમા છે. ડાબા ગભારે મહાવીરસ્વામી તથા જમણા ગભારે શંખેશ્વર પાર્શ્વનાથ બિરાજે છે.

મૂળનાયક શ્રી આદેશ્વરની સન્મુખ, જિનાલયની બહાર શ્રી પુંડરીકસ્વામીની દેવકુલિકા છે. જેમાં મધ્યે પુંડરીકસ્વામી, તેમની ડાબી બાજુ શ્રેયાંસનાથ તથા જમણી બાજુ મુનિસુવ્રતસ્વામી છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૭ના મહા વદ એકમને શુક્રવાર તા૰ ૯-૨-૨૦૦૧ના દિને થયેલ છે.

જિનાલયની જમણી બાજુ માણિભદ્રવીરની દેરી છે. ડાબી બાજુ પરબ, બોર્ડિંગ તથા રમણલાલ છગનલાલ શાહ આરાધના ભવન છે. જિનાલયની પાછળ રાયણ પગલાં તથા શત્રુંજય પટ છે. સ્થાનિક માહિતી પ્રમાણે અહીં આંટ ગામનું ઘરદેરાસર પધરાવેલું છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં નવસારીથી ૬ માઈલ દૂર આંટ ગામમાં બજારમાં શ્રી આદેશ્વરનું ઘરદેરાસર હોવાની નોંધ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૫૦ લગભગમાં શ્રી સંઘે ઘરદેરાસર બંધાવ્યું હતું. વહીવટ ભીખાભાઈ ડાહ્યાભાઈ હસ્તક હતો. સ્થિતિ સારી હતી. ગામમાં ૨૫ જૈન કુટુંબો વસતાં હતાં અને એક ઉપાશ્રય પણ હતો.

મહા વદ એકમની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને શાહ પાનાચંદ સવાઈચંદ દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી આદેશ્વર ભગવાન જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી અતુલભાઈ હસમુખલાલ શાહ, શ્રી રણજીતરાય ઠાકોરલાલ શાહ તથા શ્રી કાંતિભાઈ લલ્લુભાઈ શાહ હસ્તક છે.

શ્રી આદેશ્વર શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘના ઉપક્રમે ધુડાલાલ મગનલાલ આકારણી જૈન ઉપાશ્રય, ઉર્મીલાબહેન પ્રવીણચંદ્ર મહેતા શ્રાવિકા આરાધના ભવન તથા અરિહંત એપાર્ટમેન્ટ આરાધના ભુવન, સુશીલાબહેન વિનોદભાઈ મહેતા આયંબિલ ભવન, જિતેન્દ્રસૂરિ મ૰ સા૰ પ્રેરિત જ્ઞાનભંડાર તથા શાહ માલાણી ઝવેરી જૈન પાઠશાળા - કાનજીવાડી, શાંતાદેવી રોડ આદિનો વહીવટ થાય છે.

• • •

ગામ - નવસારી, તાલુકો - નવસારી

૧૮. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૯૯૮)

નવસારી રેલવે સ્ટેશન પાસે, રાયચંદ રોડ પર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. જિનાલયની બાજુમાં શ્રી હસમુખલાલ રાયચંદ શાહ જૈન ઉપાશ્રય તથા નાથાભાઈ નેમચંદ શાહ જૈન ઉપાશ્રય એમ શ્રાવક-શ્રાવિકાના ઉપાશ્રય છે. ઉપાશ્રયમાં પાઠશાળા ચાલે છે જેમાં ૪૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા સં૰ ૧૯૯૮માં ફાગણ સુદ ત્રીજને દિને આ૰ શ્રી કસ્તુરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી રાયચંદ નેમચંદ શાહે કરેલ છે.

રંગમંડપમાં સિદ્ધગિરિ, ગિરનાર, સમેતશિખર, અષ્ટાપદ, નંદીશ્વર દ્વીપ, તારંગા, આબુ, ચંપાપુરી, પાવાપુરી, કેસરિયાજી, રાજગૃહી, વૈભારગીરી, મેરુશિખર, સમવસરણ, કલીકુંડ પાર્શ્વનાથ, નવપદજી તથા ચોવીસ તીર્થંકરોનું ચિત્રકામ છે. પાર્શ્વયક્ષ તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિઓ છે.

ભોંયતળિયે ૭" ઊંચી મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ધાતુપ્રતિમા છે. કુલ સોળ આરસપ્રતિમા છે.

ઉપરના માળે ૫" ઊંચી શ્રી પાર્શ્વનાથની ધાતુપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચૌદ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં નવસારી સ્ટેશન, રાયચંદ રોડ પર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા હતી. શ્રી સંઘે સં૰ ૧૯૯૭માં જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શેઠ વીરચંદ નાગજીભાઈ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. **સં૰ ૨૦૧૦**માં આ વિસ્તારમાં ૧૫૦ જૈન કુટુંબો વસતાં હતાં અને એક સહાયક મંડળ હતું.

આજે જિનાલયમાં કુલ ઓગણીસ આરસપ્રતિમા છે. ફાગણ સુદ ત્રીજની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી જૈન શ્વે૰ મૂ૰ સંઘ જૈન દેરાસર પેઢી, રાયચંદ રોડના ટ્રસ્ટીઓ – શ્રી અતુલભાઈ હસમુખભાઈ શાહ, શ્રી મનહરભાઈ કોઠારી તથા શ્રી તેજસભાઈ શાહ હસ્તક છે.

ટૂંકમાં જિનાલયનો સમય **સં૰ ૧૯૯૮**નો છે.

• • •

ગામ - વિજલપોર, તાલુકો - જલાલપોર

૧૯. શ્રી સંભવનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૩૫)

વિજલપોર, દાંડી રોડ પર સંભવનાથ કોમ્પ્લેક્ષ, તેલીયા મિલ કંપાઉંડમાં શ્રી વસંતલાલ મગનલાલ દાવડા પરિવારનું શ્રી સંભવનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૫માં મહા સુદ તેરશને દિને આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી વસંતભાઈ મગનલાલ દાવડા પરિવાર દ્વારા થયેલ છે.

૨૩" ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની આરસપ્રતિમા પર સં૰ ૨૦૩૫નો લેખ છે. ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ આદેશ્વર સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા છ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા છે.

વહીવટ શ્રી રશ્મીકાન્તભાઈ વસંતલાલ દાવડા, શ્રી અરવિંદભાઈ દાવડા તથા શ્રી કમલેશભાઈ દાવડા હસ્તક છે.

• • •

ગામ - જલાલપોર, તાલુકો - નવસારી

૨૦. શ્રી શાંતિનાથ (સં. ૧૯૫૨)

નવસારી રેલવે સ્ટેશનથી દોઢ કિ. મી.ના અંતરે આવેલ જલાલપોરમાં ૧૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ત્રણ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. અહીં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

હાલ જીર્ણોદ્ધારનું કામ ચાલે છે. જિનાલયની પાસે શ્રી કમલસૂરિ મ. સા.નું ગુરુમંદિર છે. તેમાં આ. શ્રી કમલસૂરિ, આ. શ્રી લબ્ધિસૂરિ તથા આ. શ્રી દાનસૂરિની આરસની ગુરુમૂર્તિ છે. પ્રતિષ્ઠા સં. ૧૯૫૮માં થયેલ છે. શ્રી કમલસૂરિ મ. સા. અત્રે કાળધર્મ પામ્યા હતા. તેમનો અગ્નિસંસ્કાર જલાલપોર રોડ ઉપર કરવામાં આવ્યો હતો જ્યાં તેઓશ્રીનું સમાધિમંદિર છે.

જિનાલયમાં શિલાલેખ છે જે નીચે મુજબ છે :

'સં. ૧૯૪૮ મા. સુદ ૧૧નું દેરાસરજીનું ખાતમૂહુર્ત કરી સંઘે દેરાસર બાંધવાનું શરૂ કરી તેમાં નીચેની જમીન શા. લુંબાજી ભગવાનના નામથી શા. ભીખા ભગવાનજીએ અર્પણ કરી છે તેના ઉપર દેરાસર બાંધ્યું છે આ દેરાસરમાં સંવત ૧૯૫૨ ફાગણ સુદ ૯ને રવિવારે ભગવાનને ગાદી નશીન કીધા છે.'

જિનાલયમાં શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, અષ્ટાપદ, આબુ, ચંપાપુરી, રાજગૃહી તથા પાવાપુરી તીર્થ પટ છે.

ભોંયતળિયે ૨૧" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની આરસપ્રતિમા છે. ડાબા ગભારે મહાવીરસ્વામી તથા જમણા ગભારે અજિતનાથ બિરાજમાન છે. કુલ નવ આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા છે. આરસનાં પગલાંની બે જોડ છે.

ઉપર શિખરમાં શ્રી આદેશ્વરની ૨૭" ઊંચી આરસપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. તેની બંને બાજુ નેમરાજા તથા રાજુલની મૂર્તિ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં નવસારી સ્ટેશનથી ૧ માઈલ દૂર જલાલપુરમાં વાણિયાવાસમાં શાંતિનાથના એક શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. શ્રી સંઘે સં. ૧૯૫૨માં જિનાલય બંધાવ્યું હતું. કુલ અગિયાર આરસપ્રતિમા, સાત ધાતુપ્રતિમા તથા પગલાંની બે જોડ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં જલાલપોરમાં વાણિયાવાડમાં શાંતિનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ દસ આરસપ્રતિમા, આઠ ધાતુપ્રતિમા તથા ત્રણ રજત ચોવીસી પટ હતા. સં. ૧૯૫૨માં શ્રી સંઘે જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શેઠ વીરચંદ મોતીચંદ હસ્તક હતો. સ્થિતિ સાધારણ હતી. ગામમાં ૧૦૦ જૈન કુટુંબો વસતાં હતાં. એક ઉપાશ્રય, એક ધર્મશાળા તથા એક પુસ્તક ભંડાર હતો. શ્રી દાનસૂરિ તથા શ્રી કમલસૂરિની આરસમૂર્તિઓ હતી.

આજે આ જિનાલયમાં કુલ દસ આરસપ્રતિમા છે. ફાગણ સુદ નોમને વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શાંતિનાથ ભગવાન જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી કાંતિલાલ વીરચંદ શાહ, શ્રી નાથુભાઈ મગનલાલ શાહ તથા શ્રી જયકુમાર વીરચંદ શાહ હસ્તક છે. દર પૂનમે તથા બેસતા મહિને ભાથું અપાય છે. અખંડ દીવો છે. જિનાલયના કંપાઉંડમાં શ્રાવકનો ઉપાશ્રય છે. શ્રી સિદ્ધિવિજય જૈન લાઇબ્રેરીમાં ૭૦૦ પ્રિન્ટેડ પુસ્તકો છે. પાઠશાળામાં ૧૩ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે. જૈન વાડી છે.

ટૂંકમાં જિનાલયનો સમય **સં. ૧૯૫૨**નો છે.

• • •

ગામ - અમલસાડ, તાલુકો - ગણદેવી

૨૧. શ્રી શાંતિનાથ (સં. ૧૯૬૩)

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાથી ૫ કિ. મી.ના અંતરે અમલસાડ ગામ છે. રેલવે સ્ટેશન છે. નવસારીથી અબ્રામા થઈ અમલસાડ થઈ બીલીમોરા જવાય છે. ઉપરાંત નવસારીથી નવાગામ, કોલવા, કછોલી, ધમડાછા થઈ અમલસાડ થઈ બીલીમોરા જવાય છે. હાલ અમલસાડ ગામમાં ૬૦ જૈન કુટુંબો વસે છે. રેલવે ફાટક પાસે સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય પાસે શાંતાબહેન હીરાચંદ ધૂળચંદ શાહ જૈન ઉપાશ્રય તથા દિવાળીબહેન ઓખાજી શાહ જૈન મહિલા ઉપાશ્રય – શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે.

સ્થાનિક માહિતી પ્રમાણે અહીં કાષ્ઠનું જિનાલય હતું. કાળક્રમે જીર્ણ થતાં સં. ૨૦૪૫માં વૈશાખ સુદ બીજને તા. ૭-૫-૮૯ના દિને આ. શ્રી પ્રબોધચંદ્રસૂરિની નિશ્રામાં જીર્ણોદ્ધાર થયો છે.

કંપાઉંડમાં જમણી બાજુ ગુરુમંદિર છે જેમાં આ. શ્રી કુમુદચંદ્રસૂરિની આરસની ગુરુમૂર્તિ છે. રંગમંડપમાં માણિભદ્રવીરની મૂર્તિ તથા ગૌતમસ્વામીની ધાતુમૂર્તિના ગોખ છે. સમેતશિખર, શત્રુંજય, નંદીશ્વર દ્વીપ, નવપદજી, આબુ, અચલગઢ, ગિરનાર, અષ્ટાપદ તથા શાંતિનાથના ભવ – જેવા પટ-પ્રસંગો છે.

૧૯" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર લેખ છે. ડાબી બાજુ સંભવનાથ તથા જમણી બાજુ ચંદ્રપ્રભુસ્વામી સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર શિખરમાં વાસુપૂજ્યસ્વામીની ૧૩'' ઊંચી એક આરસપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં સામે એક ગભારાની રચના છે. તેમાં વાસુપૂજ્યસ્વામી, સુવિધિનાથ, ચંદ્રપ્રભુ તથા મલ્લિનાથ – એમ ચાર આરસપ્રતિમા ચૌમુખજીમાં છે. ચારેય પ્રતિમા ૧૩'' ઊંચી છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં અમલસાડ સ્ટેશન નજીક શાંતિનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા, પાંચ ધાતુપ્રતિમા તથા એક રજત ચોવીસી પટ હતો. **સં૰ ૧૯૬૩**માં શેઠ લાલચંદ મોતીચંદે જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શેઠ ફકીરચંદ લાલચંદ હસ્તક હતો. સ્થિતિ સાધારણ હતી. ગામમાં ૧૫૦ જૈન કુટુંબો વસતાં હતાં. બે ઉપાશ્રય તથા એક લાઈબ્રેરી હતી.

આજે જિનાલયમાં ભોંયતળિયે શાંતિનાથના ગભારામાં ત્રણ આરસપ્રતિમા, ઉપર શિખરમાં વાસુપૂજ્ય-સ્વામીના ગભારામાં એક આરસપ્રતિમા તથા તેની સામેના ગભારામાં ચૌમુખજીની એક આરસપ્રતિમા મળીને કુલ પાંચ આરસપ્રતિમા છે. વૈશાખ સુદ દશમની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી જૈન સંઘ - અમલસાડના ટ્રસ્ટીઓ – શ્રી નલીનભાઈ મોતીલાલ શાહ, શ્રી ભરતભાઈ છોટુભાઈ શાહ તથા શ્રી વિનોદભાઈ રતીલાલ શાહ હસ્તક છે.

સં૰ ૨૦૧૦માં જણાવ્યા અનુસાર આ જિનાલયનો સમય **સં૰ ૧૯૬૩**નો છે.

• • •

ગામ - ગણદેવી, તાલુકો - ગણદેવી

૨૨. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૬૮૯ પૂર્વે)

નવસારી જિલ્લામાં હાલ ગણદેવી ગામ તાલુકો છે. શેરડીનો પાક સારો થાય છે. નજીકમાં બીલીમોરા રેલવે સ્ટેશન છે. હાલ અહીં ૪૦ જૈન કુટુંબો વસે છે. ગામમાં ઉપાશ્રય મહોલ્લામાં સાદા પથ્થર તથા આરસનું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયની પાસે શ્રાવક-શ્રાવિકાનો બે માળનો ઉપાશ્રય છે. જ્ઞાનભંડારમાં ૩૦૦ પ્રિન્ટેડ પુસ્તકો છે. ઉપાશ્રયમાં શ્રી વિનોદચંદ્ર લક્ષ્મીચંદ રાયચંદ શાહ જૈન પાઠશાળા ચાલે છે જેમાં ૫૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે. નવી વાડી બંધાય છે.

સ્થાનિક માહિતી પ્રમાણે પૂર્વે કાષ્ઠનું જિનાલય હતું. પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૯માં ફાગણ સુદ ત્રીજને દિને આ૰ શ્રી દક્ષસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થઈ હતી.

જિનાલયના કંપાઉંડમાં ઑફિસ, વાડી, પાઠશાળા-ઉપાશ્રય તથા પ્રવચન હોલ છે. માણિભદ્રવીરની દેરી છે. અન્ય એક દેરીમાં શ્રી નેમિસૂરિ મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિ છે. રંગમંડપમાં પંચપહાડ, રાણકપુર, તારંગા, સમેતશિખર, ગિરનાર, પાવાપુરી, કપરડાજી, આબુ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નેમનાથ ભગવાનની જાન, ચંપાપુરી, અષ્ટાપદ, શત્રુંજય, સમવસરણ, તળાજા તથા કેસરિયાજી જેવા પટ-પ્રસંગોનું ચિત્રકામ છે. ઘુમ્મટમાં શત્રુંજય, પાર્શ્વનાથના ભવ તથા પ્રભુને અભિષેકનું ચિત્રકામ છે. ગર્ભદ્વાર પાસે બે બાજુ પાર્શ્વનાથની કાઉસ્સગ્ગ પ્રતિમા છે. ચક્રેશ્વરીદેવી તથા યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

૨૩" ઊંચી મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની મનોહર આરસપ્રતિમા છે. પ્રતિમા કસોટીના પથ્થરની છે. ડાબા ગભારે શાંતિનાથ તથા જમણા ગભારે સુવિધિનાથ છે. કુલ નવ આરસપ્રતિમા તથા અઢાર ધાતુપ્રતિમા છે. આરસનાં પગલાંની ત્રણ જોડ છે. તે પૈકી શ્રી રત્નસાગરજી મ૰ સા૰ની પાદુકા પર સં૰ ૧૯૫૩નો લેખ છે.

ઉપર શિખરમાં ૧૩" ઊંચી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. કુલ ત્રણ આરસપ્રતિમા છે. ડાબી બાજુ આદેશ્વર તથા જમણી બાજુ મહાવીરસ્વામી છે. અહીં આરસનાં પગલાંની કુલ ત્રણ જોડ છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૮૯માં વિનયવિજય ઉપા૰ કૃત **સૂર્યપૂર ચૈત્યપરિપાટી**માં સુરતનાં ચૈત્યોની સાથે નવસારીના આ જિનાલયનો ઉલ્લેખ છે.

ઘણદીવિ ચિંતામણિ જુહારિ **નવસારી શ્રીપાસ** એ.
હાંસોટ ભગવઈ દેવ પૂજી ફલી મનની આસ એ. ૧૩

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી** (ભાગ-૨)માં ગણદેવીમાં એક જિનાલય વિદ્યમાન હોવાની નોંધ છે. તથા બે ઉપાશ્રયો પણ વિદ્યમાન હતા.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ગણદેવી ગામમાં ઉપાશ્રય મહોલ્લામાં ચિંતામણિ પાર્શ્વનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ તેર આરસપ્રતિમા, પંદર ધાતુપ્રતિમા તથા બે રજત ચોવીસી પટ હતા. જિનાલય પ્રાચીન હોવાની નોંધ છે. વહીવટ શેઠ બાબુભાઈ નાનચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. ગામમાં ૧૦૦ જૈન કુટુંબો વસતાં હતાં. એક ઉપાશ્રય હતો.

આજે જિનાલયમાં બાર આરસપ્રતિમા, અઢાર ધાતુપ્રતિમા તથા આરસનાં પગલાંની છ જોડ છે. ફાગણ સુદ ત્રીજની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ - ગણદેવીના ટ્રસ્ટીઓ – શ્રી સુબોધચંદ્ર મનુભાઈ શાહ, શ્રી ચેતનકુમાર વિનોદચંદ્ર શાહ તથા શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૮૯ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - ગણદેવી, તાલુકો - ગણદેવી

૨૩. શ્રી સુપાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૦)

ગણદેવીમાં ધનોરી નાકા પાસે, શાંતિનિકેતન સોસાયટીમાં બંગલા નં૰ ૨માં શ્રી લક્ષ્મીચંદ પાનાચંદ શાહ પરિવારનું શ્રી સુપાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૦**માં આ૰ શ્રી લલિતશેખરસૂરિની નિશ્રામાં લક્ષ્મીચંદ પાનાચંદ શાહ પરિવાર દ્વારા થયેલ છે. ૭" ઊંચી મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - બીલીમોરા, તાલુકો - ગણદેવી

૨૪. શ્રી શાંતિનાથ (સં૰ ૧૮૯૯)

નવસારીના ગણદેવી તાલુકાથી ૬ કિ૰ મી૰ના અંતરે બીલીમોરા ગામ આવેલું છે. રેલવે સ્ટેશન છે. પૂર્વે બબ્બરકોટથી પ્રચલિત આ ગામમાં હાલ ૭૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ૫ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે.

બીલીમોરામાં નવાપુરી સ્ટ્રીટમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. આ વિસ્તારમાં જ મણીબહેન નાનચંદ ચેલાજી જૈન ઉપાશ્રય તથા સોબાચંદ હીરાચંદ - પુષ્પાબહેન વસંતલાલ આરાધનાભવન – શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. અહીં જ શેઠ મોતીચંદ અમરચંદ જૈન પાઠશાળા છે જેમાં ૫૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે. આયંબિલશાળા છે.

પુનઃ પ્રતિષ્ઠા **સં૰ ૨૦૧૦**માં ફાગણ સુદ ૭ને દિને શ્રી દક્ષવિજયજી મ૰સા૰ની નિશ્રામાં શાહ કેસરીચંદ ભાણાભાઈ એન્ડ સન્સ દ્વારા થયેલ છે. પુનઃ પ્રતિષ્ઠા સમયે શ્રી દક્ષવિજયજી મ૰ સા૰ને પંન્યાસ પદવી મળી હતી. જિનાલયમાં એક શિલાલેખ છે જે નીચે મુજબ છે :

'શ્રી શાંતિનાથ ભગવાનના જિનાલયની પ્રતિષ્ઠા વીર સંવત ૨૩૬૯ વિક્રમ સંવત ૧૮૯૯ના ફાગણ સુદ ૭ બુધવાર તા૰ ૮-૩-૧૮૪૩ના દિવસે થઈ હતી. આ જિનાલયનો જીર્ણોદ્ધાર બીલીમોરા શાંતિનાથ ભગવાન જૈન દેરાસર પેઢી તરફથી (શાંતપ્રાસાદ) કરાવી મૂળનાયકજી શ્રી શાંતિનાથ પ્રભુજી આદિ તમામ જિનબિંબો વગેરેની પ્રતિષ્ઠા વીર સંવત ૨૪૮૦ વિક્રમ સંવત ૨૦૧૦ના ફાગણ સુદ ૭ ગુરુવાર તા૰ ૧૧-૩-૧૯૫૪ના દિવસે ૧૧ કલાક ૧૫ મિનિટે કરવામાં આવી હતી.'

માણિભદ્રવીરની દેરી છે. અન્ય એક દેરીમાં શ્રી સાગરાનંદસૂરિ મ૰ સા૰ના શિષ્ય પં૰ શ્રી વિજયસાગરજીગણિની પાદુકા છે. તેના પર નીચે મુજબ લેખ છે :

'તપગચ્છાધિરાજ આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ૰ સા૰ના શિષ્યરત્ન પં૰ શ્રી વિજયસાગરજી ગણિઃ પાદુકા સંવત ૧૯૯૮ વૈશાખ સુદ ૬ ગુરુવારે શ્રીમદ્

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાગરાનંદસૂરીશ્વરજી મ૰ સા૰ના શિષ્ય અનુયોગાચાર્ય શ્રી ક્ષમાસાગરગણિના પ્રતિષ્ઠિતા'

જિનાલયના રંગમંડપમાં ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિ છે. પાવાપુરી, સમેતશિખર, આબુ, તારંગા, શત્રુંજય, અષ્ટાપદ, સિદ્ધચક્ર તથા ગિરનાર જેવા પટ તથા મહાવીરસ્વામીને ગોશાળાનો ઉપસર્ગ, શાંતિનાથનો ભવ તથા ધરણેન્દ્ર પદ્માવતીદેવી બચાવ જેવા પ્રસંગોનું ચિત્રકામ છે. અહીં કુલ ચાર આરસપ્રતિમા છે તે પૈકી બે કાઉસ્સગ્ગ છે.

ગભારામાં ૨૫" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની મનોહર આરસપ્રતિમા છે. કુલ તેર આરસપ્રતિમા છે તથા તેવીસ ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખજી છે. ડાબા ગભારે ચિંતામણિ પાર્શ્વનાથ તથા જમણા ગભારે સુમતિનાથ છે. આરસનાં પગલાંની બે જોડ છે.

ઉપરના માળે શિખરમાં ૨૭" ઊંચી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરસપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. ડાબા ગભારે ગૌતમસ્વામી તથા જમણા ગભારે પુંડરીકસ્વામી છે. મૂળનાયકની ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ સીમંધરસ્વામી બિરાજે છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૩માં માગશર સુદ દશમને બુધવારે તા૰ ૧-૧૨-૭૬ના દિને થઈ હતી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં બીલીમોરામાં એક જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ઉપરાંત એક ઉપાશ્રય તથા એક ધર્મશાળા પણ વિદ્યમાન હતી.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં બીલીમોરા નવાપરામાં શાંતિનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ સોળ આરસપ્રતિમા, તેત્રીસ ધાતુપ્રતિમા તથા પાંચ રજત ચોવીસી પટ હતા. ગામમાં ૩૫૦ જૈન કુટુંબો વસતાં હતાં. બે ઉપાશ્રય, એક ધર્મશાળા, એક લાઇબ્રેરી તથા ક્ષમાસાગર જ્ઞાનભંડાર હતો. સં૰ ૧૮૯૫ લગભગમાં શ્રી સંઘે જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શ્રી શાંતિનાથજી ભગવાનની પેઢીના ટ્રસ્ટી – શેઠ છગનલાલ ભાણાભાઈ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

આજે જિનાલયમાં કુલ ચોવીસ આરસપ્રતિમા, અઠ્યાવીસ ધાતુપ્રતિમા તથા આરસનાં પગલાંની ત્રણ જોડ છે. ફાગણ સુદ સાતમને વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે તથા કેસરીચંદ ભાણાભાઈ શ્રોફ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી શાંતિનાથ ભગવાન જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી પ્રકાશભાઈ હેમચંદ શ્રોફ, શ્રી કિશોરલાલ મગનલાલ શાહ, શ્રી નરેન્દ્રભાઈ ભાઈલાલ શાહ તથા શ્રી જશવંતલાલ મૂલચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૮૯૯**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - બીલીમોરા, તાલુકો - ગણદેવી

૨૫. શ્રી નેમિનાથ (સં૰ ૨૦૫૭)

બીલીમોરા (ઈસ્ટ), સોમનાથ રોડ પર નેમનગરમાં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી નેમિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. પાઠશાળા ચાલે છે. ૬૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે. અહીં ૪૦ જૈન કુટુંબો વસે છે. આયંબિલશાળા છે.

પૂર્વે બીલીમોરા ગૌહરબાગમાં સ્વ૰ સુમનભાઈને ત્યાં ઘરદેરાસર હતું. શાંતિનાથની ધાતુપ્રતિમા હતી. જૈનોની સંખ્યા વધતા નેમનગર ગૌહરબાગમાં શા૰ નેમચંદ કેસરીચંદ શ્રોફ પરિવારે ફ્લેટમાં નાનું જિનાલય બનાવી સંઘને અર્પણ કર્યું જેમાં આઠ વર્ષ પૂર્વે પં૰ શ્રી ચંદ્રશેખરવિજયજી મ૰ સા૰ના શિષ્ય મુનિ શ્રી કીર્તિદર્શનવિજયજીની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારબાદ શા૰ નેમચંદ કેસરીચંદ શ્રોફના પુત્રો શ્રી જિતેન્દ્રભાઈ, શ્રી પરેશભાઈ, શ્રી મહેશભાઈએ નૂતન શિખરબંધી જિનાલય બંધાવ્યું. સં૰ ૨૦૫૩ વૈશાખ વદ ૭ને બુધવારે તા૰ ૨૮-૫-૯૭ના રોજ પૂ૰ પં૰ શ્રી ચંદ્રશેખરવિજયના શિષ્ય પૂ૰ પદ્મદર્શનવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં શિલાસ્થાપન વિધિ થઈ. ત્યારબાદ **સં૰ ૨૦૫૭**માં માગશર સુદ પાંચમને તા૰ ૧-૧૨-૨૦૦૦ના રોજ આ૰ શ્રી ફૂલચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી નેમચંદ કેસરીચંદ શ્રોફ પરિવાર દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

૧૭'' ઊંચી મૂળનાયક શ્રી નેમનાથની પ્રતિમા પર સં૰ ૨૦૪૩નો લેખ છે. ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ ચિંતામણિ પાર્શ્વનાથ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે. માણિભદ્રવીર તથા પદ્માવતીદેવીની દેરી છે. શત્રુંજય, ગિરનાર, સમેતશિખર તથા નવપદજી પટ છે. પુંડરીકસ્વામી તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓ છે.

વર્ષગાંઠને દિને નેમચંદ કેસરીચંદ શ્રોફ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી ગૌહરબાગ જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી અરવિંદભાઈ છોટાલાલ ચોકસી, શ્રી શાંતિભાઈ પરીખ, શ્રી ધનસુખભાઈ ફૂલચંદ શાહ તથા શ્રી સતીષભાઈ સી૰ શાહ હસ્તક છે.

• • •

ગામ - બીલીમોરા, તાલુકો - ગણદેવી

૨૬. શ્રી ચંદ્રપ્રભુસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૨૫)

બીલીમોરા (વેસ્ટ) બજારમાં શ્રી શાંતિલાલ ભાઈલાલ શાહ પરિવારનું શ્રી ચંદ્રપ્રભુ-સ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૨૫**માં મહા સુદ પાંચમને દિને શ્રી ચંદ્રોદયવિજયજી(ડહેલાવાળા)ના ઉપદેશથી થયેલ છે. ૫'' ઊંચી મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની એક માત્ર ધાતુપ્રતિમા છે જે સુરતનાં ગોપીપુરામાંથી લાવેલ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - ખાપરીયા, તાલુકો - ગણદેવી

૨૭. શ્રી શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૨૨)

નવસારી જિલ્લામાં ગણદેવી તાલુકાથી ૮ કિ૰ મી૰ના અંતરે ખાપરીયા ગામ આવેલું છે. નજીકમાં બીલીમોરા રેલવે સ્ટેશન છે. હાઈવેથી ૧ કિ૰ મી૰ અંદર આવેલ આ ગામમાં હાલ ત્રણ જૈન કુટુંબો છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ત્રણ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે.

અહીં શ્રી મોતીચંદ મગનલાલ શાહ પરિવારનું શ્રી શાંતિનાથનું ઘરદેરાસર આવેલું છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૨માં વૈશાખ સુદ દશમને દિને ડહેલાવાળા શ્રી ચંદ્રોદયવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં શ્રી મોતીચંદ મગનલાલ શાહ દ્વારા થયેલ છે. ૩'' ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - ગણદેવા, તાલુકો - ગણદેવી

૨૮. શ્રી જીરાવલા પાર્શ્વનાથ (સં૰ ૨૦૨૧)

ગણદેવી તાલુકાથી ૧૦ કિ૰ મી૰ના અંતરે આવેલા ગણદેવા ગામે હાલ ૭ જૈન કુટુંબો વસે છે. અહીં સુભાષ મહોલ્લામાં શ્રી જીરાવલા પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. ઉપર જિનાલય તથા નીચે ઉપાશ્રય છે.

પૂર્વે ઘરદેરાસર હતું. પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૧માં માગશર સુદ બીજને દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

૯'' ઊંચી મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથની એક ધાતુપ્રતિમા છે. વહીવટ શ્રી જૈન શ્વે૰ મૂ૰ સંઘ - ગણદેવાના ટ્રસ્ટીઓ – શ્રી અમૃતભાઈ ડાહ્યાભાઈ શાહ તથા શ્રી રમેશભાઈ ઈશ્વરલાલ શાહ હસ્તક છે.

નોંધ : આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિના ઉપદેશથી હાલ ઉપર શિખરબંધી જિનાલય અને નીચે ઉપાશ્રયનું બાંધકામનું કામ ચાલી રહ્યું છે.

• • •

ગામ - ટાંકલ, તાલુકો - ચીખલી

૨૯. શ્રી નમિનાથ (સં૰ ૧૯૮૩)

ચીખલીથી ૧૮ કિ૰ મી૰ નેશનલ હાઈવે નં૰ ૮થી પૂર્વમાં તથા આલીપોરથી ૧૦ કિ૰ મી૰ના અંતરે ટાંકલ ગામ આવેલું છે. ગામમાં ૧૨ જૈન કુટુંબો વસે છે. વાણિયાવાડમાં આરસનું બનેલું શ્રી નમિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયની બાજુમાં ઉપાશ્રય છે. પાઠશાળા ચાલે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં એક લેખ છે જે નીચે મુજબ છે :

'શા૦ દોલાજી રામચંદજીના તરફથી બાઈ લાડુએ દેરાસર ત્થા ઉપાશ્રય ત્થા કંપાઉંડ તૈયાર કરાવી સંઘને સોંપ્યું છે. સ૦ શા૦ કાનજી રામજી સંવત ૧૯૮૩ આસો સુદ ત્રીજ ગુરુવાર.'

રંગમંડપમાં પાવાપુરી, પદ્માવતીદેવી, સમેતશિખર, સિદ્ધચક્ર, નાગેશ્વર પાર્શ્વનાથ, શંખેશ્વર પાર્શ્વનાથ, નાકોડા ભૈરવ, સિદ્ધચક્ર મહાયંત્ર, માણિભદ્રવીર, આદેશ્વર, ગિરનાર, ચક્રેશ્વરીદેવી, શત્રુંજય, ગૌતમસ્વામી, ભોપાવર તીર્થમંડન શાંતિનાથ, મહાવીરસ્વામી – વગેરેનું સુંદર ચિત્રકામ છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

૧૭" ઊંચી મૂળનાયક શ્રી નમિનાથની ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ અરનાથ, આદેશ્વર તથા આગળના ભાગમાં અનંતનાથની આરસપ્રતિમા મળીને કુલ પાંચ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં રાનકુવરથી ૪ માઈલ દૂર ટાંકલ ગામમાં અનંતનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા હતી. વહીવટ દલીચંદ જેચંદ હસ્તક હતો. સ્થિતિ સારી હતી. સં૦ ૧૯૮૦ લગભગમાં શ્રી સંઘે જિનાલય બંધાવ્યું હતું. **સં૦ ૨૦૧૦માં** ગામમાં ૧૦૪ જૈન કુટુંબો વસતાં હતાં અને એક ઉપાશ્રય હતો.

હાલ અહીં મૂળનાયક શ્રી નમિનાથ છે. પાસે શ્રી અનંતનાથની ૧૩" ઊંચી આરસ-પ્રતિમા છે. મહા સુદ છઠની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને શાહ મોહનલાલ ભીખાજી પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી ટાંકલ શ્વે૦ મૂ૦ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી મોહનલાલ ભીખાજી, શ્રી રમેશચંદ્ર મગનલાલ શાહ તથા શ્રી રમેશચંદ્ર ઝવેરચંદ શાહ હસ્તક છે.

જિનાલયમાંથી પ્રાપ્ત થતાં લેખ ઉપરથી આ જિનાલયનો સમય **સં૦ ૧૯૮૩**નો સ્પષ્ટપણે માની શકાય.

• • •

ગામ - નૌગામા, તાલુકો - ચીખલી

૩૦. શ્રી સુમતિનાથ (સં૦ ૨૦૨૨)

ગણદેવીથી ૨૦ કિ૦ મી૦ના અંતરે તથા ચીખલીથી ૧૬ કિ૦ મી૦ના અંતરે ગણદેવા-નૌગામા-રાનકુવા વગેરે ગામો એક જ હરોળમાં આવે છે. નૌગામાની નજીક બીલીમોરા રેલવે સ્ટેશન છે. હાલ અહીં ૮ જૈન કુટુંબો છે. અહીં વાણિયાવાડમાં શ્રી સુમતિનાથનું ધાબાબંધી જિનાલય આવેલું છે. નીચે ઉપાશ્રય છે.

પ્રતિષ્ઠા **સં૦ ૨૦૨૨**માં વૈશાખ સુદ આઠમને ગુરુવારે તા૦ ૨૮-૪-૬૬ના રોજ આ૦ શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યશોભદ્રસૂરિ મ૰ સા૰ તથા શુભંકરવિજયજીગણિની નિશ્રામાં શા૰ ખૂમચંદ રૂપાજી નૌગામાવાળા પરિવાર દ્વારા થયેલ છે.

આરસની શિખરયુક્ત છત્રીમાં મધ્યે ૧૯" ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની પ્રતિમા બિરાજે છે. સં૰ ૧૯૫૫નો લેખ છે. ડાબી બાજુ શાંતિનાથ તથા જમણી બાજુ પદ્મપ્રભુ છે. કુલ ત્રણ આરસપ્રતિમા છે તથા ચાર ધાતુપ્રતિમા પૈકી એક ચૌમુખજી છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

વૈશાખ સુદ આઠમને વર્ષગાંઠને દિને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી નૌગામા જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી મોહનલાલ છગનલાલ શાહ, શ્રી ઠાકોરભાઈ ડાહ્યાભાઈ શાહ તથા શ્રી ચંપકભાઈ શાહ હસ્તક છે.

• • •

ગામ - આલીપોર, તાલુકો - ચીખલી

૩૧. શ્રી ગોડી પાર્શ્વનાથ (સં૰ ૧૮૯૧)

નેશનલ હાઈવે નં૰ ૮ ઉપર ચીખલીથી ૫ કિ૰ મી૰ના અંતરે આલીપોરમાં શ્રી ગોડી પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. અહીં ધર્મશાળા, ભોજનશાળા તથા ઉપાશ્રય છે.

પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૯માં વૈશાખ સુદ દશમને દિને આ૰ શ્રી પ્રબોધચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી જયકુમાર દુર્લભભાઈ દેગામવાળા દ્વારા થયેલ છે.

૨૩" ઊંચી મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમા છે. કુલ પાંચ આરસ-પ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા છે. ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ આદેશ્વર છે. માણિભદ્રવીર તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિઓ છે. ગિરનાર, સમેતશિખર, શત્રુંજય તથા પાવાપુરીના પટ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં બીલીમોરા સ્ટેશનથી ૫ માઈલના અંતરે આલીપોરમાં વાણિયાવાસમાં પાર્શ્વનાથના શિખર વિનાના જિનાલયનો ઉલ્લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા હતી. સ્થિતિ સારી હતી. જિનાલય બંધાવ્યા સંવત ૧૮૯૧ દર્શાવેલ છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ચીખલીથી ૧ માઈલ દૂર આલીપોર ગામમાં શ્રી પાર્શ્વનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. શ્રી સંઘે સં૰ ૧૯૯૯માં જિનાલય બંધાવ્યું હોવાની નોંધ છે. વહીવટ ભગવાનદાસ રાયચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

જૂની વર્ષગાંઠ મહા સુદ અગિયારશ અને નવી વર્ષગાંઠ વૈશાખ સુદ દશમને દિને આવે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. શ્રી જયકુમાર દુર્લભજીભાઈ શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી જયકુમાર દુર્લભજીભાઈ શાહ તથા શ્રી લક્ષ્મીચંદ પાનાચંદ શાહ હસ્તક છે. માગશર વદ દશમને જન્મકલ્યાણકના દિને અહીં મેળો ભરાય છે.

સં. ૧૯૬૩માં જણાવ્યા મુજબ જિનાલયનો સમય સં. ૧૮૯૧નો છે.

• • •

ગામ - ચીખલી, તાલુકો - ચીખલી

૩૨. શ્રી આદેશ્વર - શ્રી ચંદ્રપ્રભુસ્વામી

ચીખલી ગામમાં હાલ ૪૦ જૈન કુટુંબો વસે છે. અહીં શ્રી આદેશ્વરનું ઘરદેરાસર આવેલું છે. નીચે ઉપાશ્રય છે. અહીં નૂતન જિનાલયના બાંધકામનું કામ ચાલું છે. ગામમાં શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે.

૭'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની ધાતુપ્રતિમા સહિત કુલ ત્રણ ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે આ પ્રતિમા સુરતથી લાવી સં. ૨૦૨૫ આસપાસ અત્રે પધરાવેલ છે. નૂતન જિનાલયનું બાંધકામ પૂર્ણ થતાં ૨૧'' ઊંચી શ્રી ચંદ્રપ્રભુસ્વામીની આરસપ્રતિમા મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત થશે. કુલ પાંચ આરસપ્રતિમા પધરાવશે.

હાલ શ્રી આદેશ્વરના ઘરદેરાસરની વર્ષગાંઠ વૈશાખ સુદ ત્રીજ છે. જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી ચીખલી જૈન શ્વે. મૂ. સંઘના ટ્રસ્ટીઓ – શ્રી હસમુખભાઈ ફકીરચંદ શાહ, શ્રી બંસીભાઈ ખીમચંદ શાહ તથા શ્રી ભંવરમલ સમરથમલ શાહ હસ્તક છે.

• • •

ગામ - રાનકુવા, તાલુકો - ચીખલી

૩૩. શ્રી સુમતિનાથ (ઘરદેરાસર) (સં. ૨૦૧૦ પછી)

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાથી ૧૦ કિ. મી.ના અંતરે રાનકુવા ગામ છે. હાલ અહીં ૧૯ જૈન કુટુંબો વસે છે.

ગામમાં શ્રી સુમતિનાથનું ઘરદેરાસર છે. ઉપરના માળે જિનાલય અને નીચે ઉપાશ્રય છે.

સ્થાનિક માહિતી પ્રમાણે આશરે ૪૦ વર્ષ પૂર્વે શ્રી સુમતિનાથની પંચતીર્થી પ્રતિમા બીલીમોરાના જિનાલયમાંથી લાવી અત્રે બિરાજમાન કરી હતી. ત્યારબાદ મુંબઈથી શ્રી સુમતિનાથની ૧૧'' ઊંચી ધાતુપ્રતિમા લાવી, મૂળનાયક તરીકે બિરાજમાન કરી, સં. ૨૦૫૨માં જેઠ સુદ ૩ના રોજ છગનલાલ રામાજી શાહ પરિવાર દ્વારા આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ. સા.ની નિશ્રામાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. હાલ કુલ ત્રણ ધાતુપ્રતિમા છે. મધ્યે શિખર અને આજુબાજુ ઘુમ્મટયુક્ત કમલાકાર આરસની છત્રીમાં ત્રણે પ્રતિમા બિરાજમાન છે. શત્રુંજય તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગિરનારનો પટ છે. અહીં માણિભદ્રવીર તથા પદ્માવતીદેવીની દેરી છે.

જેઠ સુદ ત્રીજને વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. સ્થિતિ સારી છે. વહીવટ શ્રી જૈન શ્વે૦ મૂ૦ સંઘ - રાનકુવાના ટ્રસ્ટીઓ – શ્રી છગનલાલ નેમચંદ શાહ, શ્રી ચંપકલાલ ડાહ્યાજી શાહ, શ્રી ચંદ્રકાન્તભાઈ વીરચંદ શાહ, શ્રી કિરીટભાઈ ભગવાનદાસ શાહ તથા શ્રી રમણલાલ છગનલાલ શાહ હસ્તક છે.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસરનો ઉલ્લેખ થયો નથી. ત્યારબાદ કોઈ પણ સમયે આ ઘરદેરાસર બંધાયું હશે.

• • •

ગામ - હોન્ડ, તાલુકો - ચીખલી

૩૪. શ્રી શીતલનાથ (ઘરદેરાસર) (સં૦ ૨૦૨૮)

ચીખલી તાલુકાથી ૧૦ કિ૦ મી૦ના અંતરે આવેલ હોન્ડ ગામે હાલ બે જૈન કુટુંબો વસે છે. અહીં ઘોડા ફળિયામાં શ્રી રમણીકલાલ ખૂમચંદ જરીવાલાના ફાર્મમાં શ્રી શીતલનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૦ ૨૦૨૮**માં શ્રી લલિતમુનિ મ૦ સા૦ની નિશ્રામાં વિધિકાર શ્રી બિપીનભાઈ (ગોપીપુરા, સુરત) હસ્તે થયેલ છે. ૭'' ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાંસદા, તાલુકો - વાંસદા

૩૫. શ્રી સંભવનાથ (સં૦ ૨૦૩૬)

નવસારીથી ૬૫ કિ૦ મી૦, સુરતથી ૧૦૦ કિ૦ મી૦ અને નવસારીથી ૬૫ કિ૦ મી૦ના અંતરે વાંસદા ગામ આવેલું છે. અહીં ૫૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં બે વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. રાજા રજવાડાના ગામ તરીકે ઓળખાતા આ ગામમાં ચોખા સારા પ્રમાણમાં થાય છે. ગામમાં શ્રાવકનો ઉપાશ્રય તથા આયંબિલશાળા છે. શ્રી સિદ્ધિ રામ રત્નત્રયી આરાધના ભવન નામે શ્રાવિકાનો નવો ઉપાશ્રય છે. બજારમાં આરસ તથા સાદા પથ્થરનું બનેલું શ્રી સંભવનાથ - શાંતિનાથનું સંયુક્ત શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયની પાછળ શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી જૈન પાઠશાળા છે.

જિનાલયનું શિલાસ્થાપન સં૦ ૨૦૨૧ પોષ વદ ૧૦ તા૦ ૨૬-૧-૧૯૬૫ના રોજ થયેલ છે. શ્રી રત્નપ્રભાશ્રીજી મ૦ સા૦ની પ્રેરણાથી અને શ્રી મુક્તિચંદ્રસૂરિજીની નિશ્રામાં સં૦ ૨૦૩૬માં પોષ વદ છઠના રોજ પ્રતિષ્ઠા થયેલ છે.

જિનાલયના કંપાઉંડમાં શ્રી માણિભદ્રવીરની દેરી છે. તેની પ્રતિષ્ઠા સં૦ ૨૦૩૭ પોષ વદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છઠ તા૰ ૨૬-૧-૮૧ના રોજ જીવરાજ ઘેવરચંદ છાજેડ દ્વારા થયેલ છે.

રંગમંડપમાં આ૰ શ્રી રામચંદ્રસૂરિ તથા આ૰ શ્રી સિદ્ધિસૂરિ મ૰ સા૰ની આરસની ગુરુમૂર્તિઓના ગોખ છે. ગિરનાર, નવપદજી તથા શત્રુંજય વગેરે પટ છે. ગૌતમસ્વામી તથા યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

૨૩'' ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની પ્રતિમા મધ્યે બિરાજે છે. ડાબી બાજુ વિમલનાથ અને જમણી બાજુ ચંદ્રપ્રભુસ્વામી છે. ત્રણે પ્રતિમા પર સં૰ ૨૦૧૮નો લેખ છે. કુલ સાત આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે.

૩૫૨ ૨૫'' ઊંચી શ્રી શાંતિનાથની આરસપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

જિનાલયમાં કુલ દસ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે. પોષ વદ છઠને વર્ષગાંઠના દિને જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. જિનાલયની સ્થિતિ સારી છે. વહીવટ શ્રી વાંસદા જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી માણેકલાલ જીવરાજજી ભટેવરા, શ્રી કાંતિલાલ પૂજાલાલ દેસાઈ તથા શ્રી મીનેષકુમાર શાંતિલાલ શાહ હસ્તક છે.

સ્થાનિક માહિતી પ્રમાણે વાંસદાના નગરશેઠ શ્રી જીવરાજજી વચ્છરાજજી ભટેવરાએ ઘરદેરાસરનું મકાન સંઘને અર્પણ કરેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ઉનાઈથી ૭ માઈલ દૂર વાંસદા ગામમાં બજારમાં પાર્શ્વનાથની એક ધાતુપ્રતિમાવાળા ઘરદેરાસરનો ઉલ્લેખ છે. સં૰ ૧૯૭૫ લગભગમાં શ્રી સંઘે ઘરદેરાસર બંધાવ્યું હતું. વહીવટ પ્રેમચંદ ઝવેરચંદ હસ્તક હતો. સ્થિતિ સારી હતી. **સં૰ ૨૦૧૦**માં ગામમાં ૧૦૦ જૈન કુટુંબો વસતાં હતાં તથા એક ઉપાશ્રય હતો.

અગાઉ પાર્શ્વનાથનું ઘરદેરાસર વિદ્યમાન હતું. તેનો સમય સં૰ ૧૯૭૫ આસપાસનો છે. હાલમાં વિદ્યમાન સંભવનાથના શિખરબંધી જિનાલયનો સમય **સં૰ ૨૦૩૬**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વલસાડ જિલ્લાનાં જિનાલયો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - અચ્છારી, તાલુકો - ઉમરગામ

૧. શ્રી સુવિધિનાથ (ઘરદેરાસર) (સં. ૧૯૮૦)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા મથકથી ૨૦ કિ. મી.ના અંતરે, વાપીથી ૬ કિ. મી. તથા કરમબેલે સ્ટેશનથી ૨ કિ. મી.ના અંતરે અચ્છારી ગામ આવેલું છે. હાલ ૧૫ જૈન કુટુંબો અહીં વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ૬ વ્યક્તિઓએ દીક્ષા લીધી છે. અહીં ધર્મશાળા છે જેનો ઉપયોગ ઉપાશ્રય તથા વાડી તરીકે પણ થાય છે. પાઠશાળા ત્યાં જ ચાલે છે. આશરે ૩૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ગામમાં ૧. શ્રી રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાલા પરિવારનું શ્રી સુવિધિનાથનું ઘરદેરાસર, ૨. શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી જિનાલય તથા ૩. શ્રી રસીકલાલ ઝવેરચંદ શાહ પરિવારનું શ્રી આદેશ્વરનું ઘરદેરાસર – એમ બે જિનાલય તથા એક ઘરદેરાસર આવેલું છે.

શ્રી રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાલાના ઘરદેરાસરમાં ૩" ઊંચી મૂળનાયક શ્રી સુવિધિનાથની ધાતુપ્રતિમા સહિત કુલ બે ધાતુપ્રતિમા છે. કેસરિયાજી તથા શત્રુંજય તીર્થના પટ છે. સ્થાનિક માહિતી પ્રમાણે પ્રતિષ્ઠા શ્રી કેસરસૂરિ મ. સા.ના શિષ્ય પૂ. દેવવિજયજી મ. સા. દ્વારા થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં કરમબેલેથી ૧ માઈલના અંતરે આવેલા અંછારી ગામમાં ૭૫ જૈન કુટુંબો રહેતા હોવાની તથા શેઠ રાયચંદ ગુલાબચંદને ત્યાં સુવિધિનાથની એક ધાતુપ્રતિમા હોવાની નોંધ છે. સં. ૧૯૮૦માં શેઠ રાયચંદ ગુલાબચંદે ઘરદેરાસર બંધાવ્યું હતું. વહીવટ પણ તેઓને હસ્તક હતો તથા જિનાલયની સ્થિતિ સારી હતી.

ઘરદેરાસરની જૂની વર્ષગાંઠ વૈશાખ વદ છઠ છે અને હાલ મહા સુદ પાંચમ છે. વહીવટ શ્રી અશોકભાઈ શાંતિલાલ અચ્છારીવાલા હસ્તક છે.

સં. ૧૯૮૦માં ઘરદેરાસર બંધાયું હોવાની નોંધ **સં. ૨૦૧૦**માં થયેલ છે. તે સંદર્ભમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘરદેરાસરનો સમય સં૰ ૧૯૮૦નો છે.

• • •

ગામ - અચ્છારી, તાલુકો - ઉમરગામ

૨. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૩૭)

અચ્છારી ગામમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. થોડા સમય પૂર્વે જીર્ણોદ્ધાર થયેલો છે.

૨૧'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૩૭નો લેખ છે. ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ શાંતિનાથની આરસપ્રતિમા મળીને કુલ ત્રણ આરસ-પ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. શત્રુંજય તીર્થનો પટ છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૭માં વૈશાખ વદ બીજના દિને આ૰ શ્રી કલ્યાણસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી અચ્છારી જૈન સંઘ દ્વારા થયેલ છે.

વૈશાખ વદ બીજના દિને વર્ષગાંઠ નિમિત્તે જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. સ્થિતિ સારી છે. વહીવટ શ્રી અચ્છારી જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી વસંતલાલ લક્ષ્મીચંદ શાહ, શ્રી અશોકભાઈ શાંતિલાલ શાહ, શ્રી શાંતિલાલ જોરમલ શાહ તથા શ્રી રસીકલાલ ઝવેરચંદ શાહ હસ્તક છે.

જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૭માં થયેલ છે.

• • •

ગામ - અચ્છારી, તાલુકો - ઉમરગામ

૩. શ્રી આદેશ્વર (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૪)

અચ્છારી ગામમાં શ્રી રસિકલાલ ઝવેરચંદ શાહ પરિવારનું શ્રી આદેશ્વરનું ઘરદેરાસર આવેલું છે.

૫'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની એક ધાતુપ્રતિમા આરસની છત્રીમાં બિરાજમાન છે. અહીં ગૌતમસ્વામીની મૂર્તિ તથા શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની ગુરુમૂર્તિ છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૪માં જેઠ વદ ૯ના દિને પૂ૰ નયવર્ધનવિજયજી ગણિવર્ય મ૰ સા૰ની નિશ્રામાં થયેલી છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - ઉમરગામ, તાલુકો - ઉમરગામ

૪. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૩૩)

ઉમરગામ રેલવે સ્ટેશનથી ૭ કિ૰ મી૰ દૂર ગામમાં પોસ્ટ ઑફિસની સામે મેઈન રોડ પર આરસનું બનેલું શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપર શિખરમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી છે. ગામમાં હાલ કુલ ૨૫ જૈન કુટુંબો વસે છે. જિનાલયની પાછળ બે માળનો શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. તેમાં પાઠશાળા ચાલે છે. અહીં જ્ઞાનભંડાર છે જેમાં ૨૦૦થી વધુ છાપેલા ગ્રંથો છે.

સ્થાનિક માહિતી પ્રમાણે સં૰ ૨૦૩૩માં અહીં જિનાલય હતું જેની પ્રતિષ્ઠા શ્રી વિક્રમસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં ભગવતીબહેન તારાચંદ પૂનમીયાએ કરાવેલ. ત્યારબાદ જિનાલય શિખરબંધી બનાવી સં૰ ૨૦૪૫માં વૈશાખ સુદ છઠને દિને આ૰ શ્રી નવીનસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં ભગવતીબહેન તારાચંદ પૂનમીયા દ્વારા જ પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી.

ગુલાબી આરસના રંગમંડપમાં દીવાલો પર શત્રુંજય, પાવાપુરી, સમેતશિખર, શંખેશ્વર, ગિરનાર, આબુ, અષ્ટાપદ, વાસુપૂજ્યસ્વામીના ત્રણ ભવ, પાંચ કલ્યાણક, મધુબિંદુનું દૃષ્ટાંત જેવા પટ પ્રસંગોનું ચિત્રકામ થયેલું છે. કુમારયક્ષ તથા ચંડિકાયક્ષિણીની આરસમૂર્તિઓ છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાની આજુબાજુ પાર્શ્વનાથની આરસપ્રતિમા – એમ કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

ઉપર શિખરમાં ૧૯" ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાની ડાબી બાજુ આદેશ્વર તથા જમણી બાજુ શાંતિનાથની પ્રતિમા – એમ કુલ ત્રણ આરસપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૫માં થયેલ છે.

વૈશાખ સુદ છઠના દિને વર્ષગાંઠ નિમિત્તે જમણવાર થાય છે તથા ધજા ભગવતીબહેન તારાચંદ પૂનમીયા પરિવાર (બોરડી) દ્વારા ચડે છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ - ઉમરગામ ટાઉનના ટ્રસ્ટીઓ – શ્રી ચંપકભાઈ તારાચંદ પૂનમીયા તથા શ્રી કમલેશભાઈ ચીમનલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં જિનાલય સં૰ ૨૦૩૩ના સમયનું છે.

• • •

GIDC, ઉમરગામ

૫. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૪૫)

ઉમરગામ રેલવે સ્ટેશનથી ૧ કિ૰ મી૰ના અંતરે GIDC વિસ્તારમાં આશરે ૭૦ થી ૮૦ જૈન કુટુંબો વસે છે. અહીં શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે. આગળના ભાગમાં બે માળનો શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય શેઠ શ્રી બાબુ અમીચંદ પન્નાલાલ રીલીજીયસ ટ્રસ્ટ દ્વારા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંધાવેલ છે. અહીં પાઠશાળામાં ૪૦ થી ૫૦ બાળકો ભણે છે. બાજુમાં શિખરબંધી જિનાલયના નિર્માણનું કાર્ય ચાલે છે. શેઠ શ્રી ચુનીલાલ ગમંડીરામજી ચંદન દ્વારા આ જિનાલય બંધાવવામાં આવી રહ્યું છે.

હાલ ૯" ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ધાતુપ્રતિમા સહિત કુલ ચાર ધાતુપ્રતિમા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૫માં જેઠ સુદ ૧૧ના રોજ આ૰ શ્રી યશોવર્મસૂરિની નિશ્રામાં થયેલ છે.

વહીવટ શ્રી જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ચુનીલાલ ગમંડીરામજી ચંદન, શ્રી હસ્તીમલજી ગમંડીરામજી ચંદન, શ્રી શાંતિલાલ સોહનલાલ મરડીયા, શ્રી અશોકભાઈ સૂરજમલજી શાહ તથા શ્રી બાબુભાઈ મગરાજ ધનેશા હસ્તક છે.

• • •

ગામ - ખતલવાડા, તાલુકો - ઉમરગામ

૬. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૨૦૨૫)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા મથકથી ૧૪ કિ૰ મી૰ તથા સંજાણ સ્ટેશનથી ૫ કિ૰ મી૰ના અંતરે નારગોલ બંદર રોડ ઉપર ખતલવાડા ગામ છે. કુલ ૧૮ જૈન કુટુંબો વસે છે.

વાણિયાશેરીમાં આરસનું બનેલું શ્રી મુનિસુવ્રતસ્વામીનું સામરણયુક્ત જિનાલય આવેલું છે. નીચે શ્રાવકનો ઉપાશ્રય અને ઉપર જિનાલય છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૫માં ફાગણ સુદ સાતમને તા૰ ૧૦-૩-૧૯૬૯ના દિને આ૰ શ્રી ધર્મસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ત્યારબાદ સં૰ ૨૦૫૧માં આ૰ શ્રી યશોવર્મસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા થયેલ છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૨૩નો લેખ છે. ડાબી બાજુ શાંતિનાથ તથા જમણી બાજુ ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. શત્રુંજય તીર્થનો પટ છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે.

વહીવટ શ્રી ખતલવાડા જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી મોહનલાલ નાનચંદ શાહ, શ્રી કેસરીમલ જીવાજી શાહ, શ્રી મોહનલાલ જીવાજી શાહ, શ્રી માંગીલાલ સૂરજમલ શાહ તથા શ્રી પ્રકાશભાઈ તારાચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૨૦૨૫**નો છે.

• • •

ગામ - દેવીયર, તાલુકો - ઉમરગામ

૭. શ્રી વિમલનાથ (સં૰ ૧૯૮૯)

વલસાડ જિલ્લાના ઉમરગામ ટાઉનથી ૪ કિ૰ મી૰ દરિયાકિનારાને સમાંતર આગળ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વધતાં દેવીયર ગામ આવેલું છે. દેહરી/ગોવાડા નામે પણ ઓળખાય છે. અહીં કુલ ચાર જૈન કુટુંબો વસે છે. ગામમાં આરસનું બનેલું શ્રી વિમલનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયની સામે કોમન ઉપાશ્રય છે.

પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૮માં આ૰ શ્રી યશોવર્મસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં સ્વ૰ વિમળાબહેન મણિલાલ શાહ પરિવાર દ્વારા થયેલ છે.

જિનાલય ઉત્તરાભિમુખ છે. શત્રુંજય તથા સમેતશિખરના પટ છે. ૧૭'' ઊંચી મૂળનાયક શ્રી વિમલનાથની પ્રતિમાની ડાબી બાજુ શંખેશ્વર પાર્શ્વનાથ તથા જમણી બાજુ વાસુપૂજ્યસ્વામી બિરાજમાન છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ઉમરગામ રોડથી ૪ માઇલ દૂર દવીઅર (દીવીયર) ગામમાં વિમલનાથના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ બે આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. મૂળનાયક પર સં૰ ૧૯૦૩નો લેખ હતો. સં૰ ૧૯૮૯માં શ્રી સંઘે જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શ્રી છગનલાલ હજારીમલજી હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી દર્શાવી હતી. કુલ ૩૦ જૈન કુટુંબો ગામમાં વસતા હતા તથા એક ઉપાશ્રય હતો.

આજે મહા વદ પાંચમને વર્ષગાંઠને દિને ધજા ચડે છે. વહીવટ શ્રી દેહરી જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ધનવંતલાલ મણિલાલ શાહ, શ્રી જયંતિલાલ પન્નાલાલ શાહ, શ્રી ભંવરલાલ મીસરીમલ શાહ, શ્રી માણેકલાલ પન્નાલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ મીસરીમલ શાહ, શ્રી વિનયકુમાર મોહનલાલ શાહ તથા શ્રી કાંતિલાલ પન્નાલાલ શાહ હસ્તક છે.

સં૰ ૨૦૧૦માં જિનલાય બંધાયા સંવત ૧૯૮૯ દર્શાવેલ છે. તે સંદર્ભમાં જિનાલયનો સમય **સં૰ ૧૯૮૯**નો છે. પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૮માં થયેલ છે.

• • •

ગામ - ફણસા, તાલુકો - ઉમરગામ

૮. શ્રી શીતલનાથ (સં૰ ૨૦૧૫)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાથી ૩૦ કિ૰ મી૰ના અંતરે તથા ભીલાડ રેલવે સ્ટેશનથી ૧૩ કિ૰ મી૰ના અંતરે ફણસા ગામ આવેલું છે. અહીં ૪૨ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં બે વ્યક્તિએ દીક્ષા લીધેલ છે. ગામમાં ઉપાશ્રય, આયંબિલશાળા તથા આરસનું બનેલું શ્રી શીતલનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. ઉપર શિખરમાં ૧૩'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની એક માત્ર આરસપ્રતિમા છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૧૫ મહા સુદ દશમને તા૰ ૧૮-૨-૧૯૫૯ના રોજ આ૰ શ્રી ધર્મસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દક્ષિણાભિમુખ જિનાલયના રંગમંડપની દીવાલો પાવાપુરી, તારંગા, સમવસરણ, નેમનાથની જાન, ચૌદ સ્વપ્નો, મેરુ પર્વત, શંખેશ્વર પાર્શ્વનાથ, ધરણેન્દ્ર-પદ્માવતી, રાજગીરી, પાલીતાણા, શત્રુંજય, ઇક્ષુ રસના પારણાં, આબુ, દેલવાડા, શત્રુંજય, સમેતશિખર, ગિરનાર, કેસરિયાજી જેવા પટ-પ્રસંગોથી ખચિત છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમા પર સં૰ ૧૯૯૪નો લેખ છે. ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ શાંતિનાથની આરસપ્રતિમા મળીને કુલ ત્રણ આરસ-પ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

જિનાલય પાસે રાયણવૃક્ષ અને તેની નીચે આદેશ્વરના આરસનાં પગલાંની એક જોડ છે. તેના પર સં૰ ૨૦૧૫નો લેખ છે. તેની બાજુમાં ત્રણ દેરીમાં અનુક્રમે શ્રી જિનચંદ્રસૂરિ મ૰ સા૰ના આરસનાં પગલાંની જોડ, શ્રી જિનદત્તસૂરિની ગુરુમૂર્તિ તથા શ્રી જિનકુશલસૂરિની પાદુકા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ભીલાડ સ્ટેશનથી ૮ માઇલ દૂર આવેલ ફણસા ગામમાં શ્રી ચંદ્રપ્રભુનું ઘરદેરાસર હોવાની નોંધ છે. સં૰ ૧૯૯૧માં શેઠ અમરચંદજી ખૂબચંદજીએ ઘરદેરાસર બંધાવ્યું હતું અને વહીવટ શ્રી દલીચંદ મૂળચંદ હસ્તક હતો. મકાનની સ્થિતિ સાધારણ હતી. એક ધાતુપ્રતિમા હતી. ગામમાં ૧૨૫ જૈન કુટુંબો વસતાં હતાં અને એક ઉપાશ્રય હતો.

ઉપર્યુક્ત ઘરદેરાસર વિશે કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. હાલ અહીં શ્રી શીતલનાથનું શિખરબંધી જિનાલય વિદ્યમાન છે. જિનાલયની વર્ષગાંઠ - મહા સુદ દશમને દિને જમણવાર થાય છે અને શ્રી ઉદેચંદજી પૂનમચંદજી છાજેડ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ જૈન સંઘ - ફણસાના ટ્રસ્ટીઓ – શ્રી ઈશ્વરલાલ પ્રેમચંદ શાહ, શ્રી પ્રદીપકુમાર રમણલાલ શાહ, શ્રી હર્ષદકુમાર કાંતિલાલ શાહ, શ્રી માંગીલાલ સરદારમલ છાજેડ તથા શ્રી પ્રવીણભાઈ શાંતિલાલ છાજેડ હસ્તક છે.

• • •

ગામ - ભીલાડ, તાલુકો - ઉમરગામ

૯. શ્રી પાર્શ્વનાથ (સં૰ ૨૦૨૫)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા મથકથી ૨૦ કિ૰ મી૰ના અંતરે ભીલાડ નેશનલ હાઇવે નં૰ ૮ અને ભીલાડ રેલવે સ્ટેશન છે. હાલ ૬૦ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં બે વ્યક્તિએ દીક્ષા લીધેલ છે. અહીં નેમિદાસ અભેચંદભાઈ માંગરોલવાળા શ્રાવક ઉપાશ્રય તથા ભગાજી જસાજી નહાર જૈન ભવન નામે શ્રાવિકાનો ઉપાશ્રય છે. ઉપાશ્રયમાં જ્ઞાનભંડાર છે. તેમાં આશરે ૨૦૦થી વધુ છાપેલા ગ્રંથો છે. આયંબિલશાળા છે. શ્રી પાર્શ્વનાથનું જિનાલય છે. તેની પાછળ પૂજાજી હેમાજી જૈન વાડી છે જેમાં શ્રી અભયદેવસૂરીશ્વરજી જૈન પાઠશાળા ચાલે છે. ૭૬ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૨૫ના ફાગણ વદ ૭ના શુભ મુહૂર્તે આ૰ શ્રી કૈલાસસાગરસૂરિની નિશ્રામાં શ્રી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ હતી. ત્યારબાદ ગામમાં જૈન કુટુંબોની સંખ્યા વધતાં સંઘે શિખરબંધી જિનાલયનું નિર્માણ કરવાનું નક્કી કર્યું. હાલ શિખરબંધી જિનાલયના નિર્માણનું કાર્ય ચાલુ છે. શિલાસ્થાપન વિધિ તા૰ ૨૫-૫-૧૯૯૬ને રવિવારના રોજ આ૰ શ્રી સુબોધસાગરસૂરિની નિશ્રામાં થઈ છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૨૦૨૫નો લેખ છે. જમણી બાજુ સુવિધિનાથ તથા ડાબી બાજુ સુમતિનાથની આરસપ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. પદ્માવતીદેવી તથા યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે. શત્રુંજય તીર્થનો પટ છે.

ફાગણ વદ ૭ની વર્ષગાંઠને દિને ગણેશમલ હંસાજી ગુગળિયા પરિવાર દ્વારા ધજા ચડે છે. વહીવટ શ્રી ભીલાડ પાર્શ્વનાથ ભગવાનની જૈન પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી રાયચંદ ગેનમલજી મહેતા, શ્રી નરેન્દ્રકુમાર જીવરાજ શાહ, શ્રી ફૂલચંદજી દેવીચંદજી રાણાવત તથા શ્રી પ્રવીણકુમાર નેમસુખજી બોરા હસ્તક છે.

જિનાલયનો સમય **સં૰ ૨૦૨૫**નો છે.

• • •

ગામ - વલવાડા, તાલુકો - ઉમરગામ

૧૦. શ્રી શામળા પાર્શ્વનાથ (સં૰ ૨૦૪૮)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા મથકથી ૨૨ કિ૰ મી૰ના અંતરે, વાપીથી ૬ કિ૰ મી૰ના અંતરે કરમબેલ રેલવે સ્ટેશન સામે, નેશનલ હાઈવે નં૰ ૮ ઉપર વલવાડા ગામે શ્રી નેમિ લાવણ્ય વિવેક વિહાર નામની સંસ્થા છે. સાધુ-સાધ્વી મ૰ સા૰નું વિહારધામ છે.

સંસ્થામાં પ્રવેશતાં જ સામે આરસનું બનેલું શ્રી શામળા પાર્શ્વનાથનું સામરણયુક્ત જિનાલય નજરે પડે છે. તેની આજુબાજુમાં સાધુ-સાધ્વીજીના ઉપાશ્રય છે.

જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૮**માં મહા સુદ ૧૩ને દિને આ૰ શ્રી વિજયમહિમાપ્રભ-સૂરિ મ૰ સા૰ની નિશ્રામાં બોરસદવાળા શ્રીમતી મુદ્રાબહેન શૈલેષભાઈ શાહ પરિવાર (હાલ-મુંબઈ) દ્વારા થયેલ છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથની સપરિકર પ્રતિમાની જમણી બાજુ શાંતિનાથ તથા ડાબી બાજુ આદેશ્વરની આરસપ્રતિમા મળીને કુલ ત્રણ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે. શત્રુંજય તીર્થ પટ છે.

મહા સુદ ૧૩ને વર્ષગાંઠને દિને બોરસદવાળા શ્રી ભાઈલાલ તલકચંદ શાહ પરિવાર (હાલ-મુંબઈ) દ્વારા ધજા ચડે છે. વહીવટ શ્રી નેમિ લાવણ્ય વિવેક વિહાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગીરીશભાઈ કાંતિલાલ શાહ, શ્રી ધનસુખભાઈ શાહ, શ્રી હસમુખભાઈ શાહ તથા શ્રી રજનીભાઈ શાહ હસ્તક છે.

• • •

ગામ - સોળસુંબા, તાલુકો - ઉમરગામ

૧૧. શ્રી આદેશ્વર (સં૰ ૨૦૧૬ આસપાસ)

ઉમરગામ રેલવે સ્ટેશનથી વેસ્ટમાં ઉમરગામ સોળસુંબા મેઈન રોડ પર શ્રી આદેશ્વરનું ઘરદેરાસર આવેલું છે. અહીં ૭૦ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષ દરમ્યાન ૫ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. જિનાલયના પાછળના ભાગમાં બે માળનો ઉપાશ્રય છે.

સ્થાનિક માહિતી પ્રમાણે સં૰ ૨૦૧૬ આસપાસ આ૰ શ્રી ધર્મસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ હતી. આ૰ શ્રી યશોવર્મસૂરિના ઉપદેશથી હાલ શિખરબંધી નૂતન જિનાલયનું કાર્ય ચાલી રહ્યું છે. વહીવટ શ્રી સોળસુંબા જૈન શ્વે૰ મૂ૰ સંઘ હસ્તક છે.

૧૭" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની આરસપ્રતિમાની ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ શાંતિનાથની પ્રતિમા મળીને કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે.

આ જિનાલયનો સમય **સં૰ ૨૦૧૬ આસપાસ**નો છે. હાલ શિખરબંધી જિનાલયના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે.

• • •

ગામ - સંજાણ, તાલુકો - ઉમરગામ

૧૨. શ્રી કુંથુનાથ (ચૌમુખી) (સં૰ ૨૦૫૬)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાથી ૯ કિ૰ મી૰ના અંતરે આવેલ સંજાણ ગામમાં રેલવે સ્ટેશન છે. અહીં ૪૦ જૈન કુટુંબો વસે છે. શ્રી અભેચંદ ગુલાબચંદ ઝવેરી શ્રાવક ઉપાશ્રય તથા શ્રીમતી લીલાદેવી માણેકરાજ પગારીયા શ્રાવિકા ઉપાશ્રય — એમ ઉપર-નીચે ઉપાશ્રય છે.

ગામમાં શ્રી સંજાણ જૈન શ્વે૰ મૂ૰ સંઘે બંધાવેલું શ્રી આદેશ્વરનું ઘરદેરાસર હતું. શ્રી આદેશ્વરની ૨૧" ઊંચી એક આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા હતી. હાલ આ ઘરદેરાસર નારગોલ રોડ પર આવેલ શ્રી કુંથુનાથ ચૌમુખજીના શિખરબંધી જિનાલયના રંગમંડપમાં એક ગોખમાં પધરાવવામાં આવેલું છે.

કુંથુનાથના જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૬માં ફાગણ સુદ ૩ને તા૰ ૯-૩-૨૦૦૦ના રોજ આ૰ શ્રી ચંદ્રોદયસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

જિનાલયમાં માણિભદ્રવીર, નાકોડા ભૈરવ, ઘંટાકર્ણ મહાવીર, ચક્રેશ્વરીદેવી તથા પદ્માવતીદેવીની મૂર્તિઓ છે. શત્રુંજય તીર્થનો પટ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૧'' ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથ, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી વાસુપૂજ્યસ્વામી તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની – ચૌમુખી આરસપ્રતિમા બિરાજે છે.

ફાગણ સુદ ત્રીજની વર્ષગાંઠને દિને જમણવાર થાય છે. વહીવટ શ્રી સંજાણ જૈન શ્વે૦ મૂ૦ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ભભૂતમલજી ભીખમચંદજી નાહર, શ્રી મદનરાજ વક્તાવરમલાજી નાહર તથા શ્રી ધીરજમલ વાલચંદજી પરમાર હસ્તક છે.

● ● ●

ગામ - સરીગામ, તાલુકો - ઉમરગામ

૧૩. શ્રી કુંથુનાથ (સં૦ ૨૦૪૫)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા મથકથી ૨૦ કિ૦ મી૦ના અંતરે તથા ભીલાડ સ્ટેશનથી (વેસ્ટમાં) ૨ કિ૦ મી૦ના અંતરે સરીગામ આવેલું છે. ગામમાં ૪૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં બે વ્યક્તિઓએ દીક્ષા લીધી છે. મેઈન રોડ પર ઉપાશ્રય છે.

પૂર્વે અહીં શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ઘરદેરાસર હતું. આરસનું શ્રી કુંથુનાથનું શિખરબંધી જિનાલય બનતાં આ ઘરદેરાસરની પ્રતિમા સં૦ ૨૦૪૫ પોષ વદ એકમને દિને શ્રી રવિચંદ્ર મ૦ સા૦ની પ્રેરણાથી પૂ૦ નયવર્ધનવિજયજી મ૦ સા૦ની નિશ્રામાં જિનાલયમાં પધરાવવામાં આવી છે.

હાલ ગામમાં શ્રી કુંથુનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. પ્રતિષ્ઠા સં૦ ૨૦૪૫માં પોષ વદ એકમને દિને પૂ૦ નયવર્ધનવિજયજી મ૦ સા૦ની નિશ્રામાં મુંબઈનિવાસી શ્રી જયંતિભાઈ તલકચંદ શાહ (રૂમાલવાળા) પરિવાર દ્વારા થયેલ છે.

૩૩'' ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની પ્રતિમા પર સં૦ ૨૦૨૫નો લેખ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. ડાબી બાજુ સુમતિનાથ તથા જમણી બાજુ સીમંધરસ્વામી બિરાજમાન છે.

ઉપર શિખરમાં ૧૭'' ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની ડાબી બાજુ પાર્શ્વનાથ તથા જમણી બાજુ સંભવનાથ છે. કુલ ત્રણ આરસપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ભીલાડથી દોઢ માઈલ દૂર આવેલ સરીગામમાં સરદારમલજી નવલાજીને ત્યાં શ્રી ચંદ્રપ્રભુનું ઘરદેરાસર હોવાની નોંધ છે. કુલ એક ધાતુપ્રતિમા હતી. સં૦ ૧૯૬૫માં શ્રી સંઘે ઘરદેરાસર બંધાવ્યું હતું. વહીવટ શેઠ સરદારમલજી નવલાજી હસ્તક હતો. મૂળનાયક પર સં૦ ૧૬૧૮નો લેખ હતો અને સ્થિતિ સાધારણ હતી. ગામમાં ૫૦ જૈન કુટુંબો હતાં.

ઉપર્યુક્ત ઘરદેરાસર કુંથુનાથના જિનાલયમાં પધરાવી દેવામાં આવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં કુલ આઠ ધાતુપ્રતિમા છે. પોષ વદ એકમ – વર્ષગાંઠના દિને જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શ્વે૦ મૂ૦ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી હીરાચંદ ગુલાબચંદ શાહ, શ્રી મનહરલાલ તલકચંદ શાહ, શ્રી જયંતિલાલ દેવીચંદ શાહ તથા શ્રી દિલીપભાઈ ચુનીલાલ શાહ હસ્તક છે.

શ્રી કુંથુનાથના જિનાલયનો સમય **સં૦ ૨૦૪૫**નો છે.

• • •

ગામ - કિલ્લા પારડી, તાલુકો - કિલ્લા પારડી

૧૪. શ્રી ચંદ્રપ્રભુસ્વામી (સં૦ ૧૯૬૩ પૂર્વે)

વલસાડ જિલ્લામાં કિલ્લા પારડી ગામ એ તાલુકાનું મુખ્ય મથક છે. પારડી રેલવે સ્ટેશનથી ૨ કિ૦ મી૦ દૂર પૂર્વેમાં નેશનલ હાઈવે ક્રોસ કરી ગામમાં અવાય છે. અહીં ૩૦ જૈન કુટુંબો વસે છે. સ્ટેટ બૅંકની સામે સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ધાબાબંધી જિનાલય આવેલું છે. જિનાલયની પાછળ બે માળનો શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. ઉપાશ્રયમાં પાઠશાળા ચાલે છે જેમાં ૩૫ બાળકો ધાર્મિક શિક્ષણ લે છે.

જિનાલયમાં માણિભદ્રવીર તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓ છે. શત્રુંજય, પાવાપુરી, સમેતશિખર, ગિરનાર, છપ્પન દિક્કુમારીઓ, દીક્ષા કલ્યાણક, જન્મકલ્યાણક, ચૌદ સ્વપ્નો, સંસારવૃક્ષ, બાહુબલી વગેરે પટ-પ્રસંગોનું ચિત્રકામ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની ૧૭" ઊંચી આરસપ્રતિમા છે. જમણી બાજુ ધર્મનાથ તથા ડાબી બાજુ પાર્શ્વનાથ છે. કુલ સાત આરસપ્રતિમા છે તથા છ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં પારડી ગામમાં વાણિયાવાડમાં ચંદ્રપ્રભુનું શિખર વિનાનું જિનાલય હોવાનો ઉલ્લેખ છે. કુલ સાત આરસપ્રતિમા, નવ ધાતુપ્રતિમા તથા પગલાંની બે જોડ હતી. દમણવાળા હીરારાયે જિનાલય બંધાવ્યું હતું. સ્થિતિ સાધારણ હતી.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં પારડીથી દોઢ માઈલ દૂર પારડી (કિલ્લા) ગામમાં બૅંક સ્ટ્રીટમાં ચંદ્રપ્રભુસ્વામીના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ સાત આરસપ્રતિમા તથા બાર ધાતુપ્રતિમા હતી. સં૦ ૧૮૦૦ લગભગમાં હીરાચંદ રાયકરણ દમણવાળાએ જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શેઠ નવલચંદ નેમચંદ હસ્તક હતો. સ્થિતિ સારી હતી. સં૦ ૧૬૬૧નો લેખ હતો. ગામમાં ૭૧ જૈન કુટુંબો હતાં. બે ઉપાશ્રય હતા.

આજે પણ જિનાલયમાં સાત આરસપ્રતિમા છે. જેઠ સુદ છઠ – વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી પારડી જૈન સંઘના ટ્રસ્ટીઓ –

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી વિવેકચંદ નવલચંદ શ્રોફ તથા શ્રી નવીનચંદ્ર પ્રેમચંદ શાહ હસ્તક છે.

જિનાલય હીરાચંદ રાયકરણ દમણવાળાએ બંધાવ્યું હતું. **સં૰ ૨૦૧૦**માં જિનાલય બંધાયા સંવત ૧૮૦૦ લગભગ દર્શાવેલ છે. **સં૰ ૧૯૬૩**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો છે. અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નો છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા વધુ પુરાવા તથા સંશોધનની જરૂર છે.

• • •

ગામ - ધરમપુર, તાલુકો - ધરમપુર

૧૫. શ્રી શીતલનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૨)

વલસાડ જિલ્લામાં ઉદવાડાથી ૪૦-૫૦ કિ૰ મી૰ના અંતરે અંતરિયાળ જંગલ વિસ્તારમાં સ્ટેટ હાઈવે પર ધરમપુર ગામ આવેલું છે. હાલ તે વલસાડ જિલ્લાનું તાલુકા મથક છે. ગામમાં ૧૧ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ગામમાં એક વ્યક્તિએ દીક્ષા લીધેલ છે.

અહીં જેલ રોડ, સ્ટેટ બૅંક સામે શ્રી શીતલનાથનું ઘરદેરાસર આવેલું છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૨માં માગશર સુદ બીજને દિને પૂ૰ મોક્ષરતિવિજયજી તથા તત્ત્વદર્શનવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં ભરતભાઈ કે૰ શાહ પરિવાર દ્વારા થયેલ છે.

૩'' ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની પંચધાતુપ્રતિમા સહિત કુલ ત્રણ ધાતુપ્રતિમા છે.

વહીવટ ધરમપુર જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ — શ્રી પરમાણંદ બાબુલાલ શાહ, શ્રી ભરતભાઈ કે૰ શાહ, શ્રી ઝવેરચંદ મોતીચંદ શાહ તથા શ્રી ધીરજલાલ કુંવરજી ગાંધી હસ્તક છે.

• • •

ગામ - ઉદવાડા, તાલુકો - પારડી

૧૬. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (સં૰ ૨૦૩૫)

વલસાડ જિલ્લાના પારડી તાલુકા મથકથી ૬ કિ૰ મી૰ના અંતરે ઉદવાડા ગામ છે. અહીં ૫૦ જૈન કુટુંબો વસે છે. શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય, પાઠશાળા તથા ધર્મશાળા છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય તથા શ્રી કુંથુનાથનું ઘરદેરાસર — એમ બે જિનાલય છે.

ઉદવાડા રેલવે સ્ટેશન પાસે નેશનલ હાઈવે નં૰ ૮ ઉપર આરસનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય વિશિષ્ટ બાંધણીવાળું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૩૫**માં મહા સુદ છઠને દિને આ૰ શ્રી મુક્તિચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી અશોકભાઈ કેસરીચંદ મોતીજી ઓસવાલ પરિવાર દ્વારા થયેલ છે.

૧૯'' ઊંચી મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૨૦૩૫નો લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુલ પાંચ આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

મહા સુદ છઠની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. શ્રી કેસરીચંદ મોતીજી ઓસવાલ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી કેસરીચંદ મોતીજી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી અશોકભાઈ કેસરીચંદ શાહ તથા શ્રી સુરેશભાઈ કેસરીચંદ શાહ દ્વારા થાય છે.

• • •

ગામ - ઉદવાડા, તાલુકો - પારડી

૧૭. શ્રી કુંથુનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૨૫)

ઉદવાડા રેલવે સ્ટેશનથી નજીક (વેસ્ટમાં) રેલવે કૉલોની પાસે ભગવતી કૉલોની છે. અહીં શ્રી કુંથુનાથનું ઘરદેરાસર આવેલું છે.

સં૰ ૨૦૨૫માં માગશર સુદ દશમને દિને આ૰ શ્રી અશોકચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ છે. ત્યારબાદ સં૰ ૨૦૫૨માં આ સ્થળે ઘરદેરાસરનું સ્થળાંતર થયેલ છે.

૭'' ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની ધાતુપ્રતિમા સહિત કુલ બે ધાતુપ્રતિમા છે.

માગશર સુદ પાંચમની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી ઉદવાડા જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી જયંતિલાલ જગજીવનદાસ દોશી, શ્રી રસીકલાલ મગનલાલ ધામી તથા શ્રી નવનીતલાલ પોપટલાલ શાહ હસ્તક છે.

• • •

ગામ - ટુંકવાડા, તાલુકો - પારડી

૧૮. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૨૦૫૨)

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મુખ્ય મથકથી ૧૦ કિ૰ મી૰ના અંતરે અને બગવાડાથી એક કિ૰ મી૰ દૂર નેશનલ હાઈવે નં૰ ૮ ઉપર, મુંબઈ તરફ જતાં ડાબી બાજુ કોલક નદીના કિનારે શ્રી ઓસવાલ ચેરીટેબલ ફાઉન્ડેશન સંચાલિત હાલારી વીસા ઓસવાલ શાંતિધામ આવેલું છે. સં૰ ૨૦૪૫માં હીરજી પેથરાજ શાહે જમીન દાન આપી હતી. આજે આ સાડા ચાર એકર જમીનમાં દવાખાનું, સ્ટાફ ક્વાર્ટર્સ, ધર્મશાળા, ભોજનશાળા તથા સાધુ-સાધ્વી ઉપાશ્રય છે. અહીં શ્રી મુનિસુવ્રતસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૨માં ચૈત્ર વદ છઠને દિને પૂ૰ શ્રી જિનેન્દ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં મુલુન્ડનિવાસી શ્રી નેમચંદ રાયસી શાહ (ડબાસંગવાલા) પરિવાર દ્વારા થયેલ છે.

૨૧'' ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૪૮નો લેખ છે. ડાબી બાજુ શ્રેયાંસનાથ તથા જમણી બાજુ પાર્શ્વનાથ બિરાજે છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિ છે.

ચૈત્ર વદ છઠની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને શ્રી નેમચંદ રાયસી શાહ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ હાલારી વીસા ઓસવાલ શાંતિધામના ટ્રસ્ટીઓ — શ્રી કપૂરચંદ રાયસી શાહ, શ્રી કેશવજી ભારમલ સુમરીયા તથા શ્રી મૂળચંદ સોજવાલ કરણીયા હસ્તક છે.

• • •

ગામ - બગવાડા, તાલુકો - પારડી

૧૯. શ્રી અજિતનાથ (સં૰ ૧૯૨૭)

નવ ગામો — બગવાડા, કોપરલી, ગોઈમા, દેગામ, ખેરલાવ, અંબાચ, રાતા, પરીઆ તથા વાપીનું એકમ બગવાડા પરગણા જૈન સંઘ તરીકે ઓળખાય છે. પારડીથી ૮ કિ૰ મી૰ના અંતરે તથા બગવાડા રેલવે સ્ટેશનથી ૧ કિ૰ મી૰ (વેસ્ટમાં) આવેલ ગામમાં અર્જુન ટેકરી પાસે શ્રી અજિતનાથનું શિખરબંધી પ્રાચીન જિનાલય આવેલું છે. ગામમાં ૧૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ચાર વ્યક્તિઓએ દીક્ષા લીધી છે. જિનાલય પાસે બે માળનો શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય તથા ધર્મશાળા છે.

જિનાલયના રંગમંડપમાં અજિતનાથના ભવો, મહાવીરસ્વામીને ઉપસર્ગ, ઈલાચીકુમાર, અનાથી મુનિ, શ્રેણિક-ચેલણારાણી, તારંગા, આબુ, ભોંયણી, ગિરનાર, સમેતશિખર, શત્રુંજય, પાવાપુરી, કેસરિયાજી, શંખેશ્વર, અષ્ટાપદ, ચંપાપુરી, પાનસર, રાણકપુર, ભદ્રેશ્વર, કાપરડાજી, ચક્રેશ્વરીદેવી, પદ્માવતીદેવી, લક્ષ્મીદેવી તથા સોળ મહાસતી વગેરે પટ-પ્રસંગોનું ચિત્રકામ, કાચકામ સુંદર છે. ગૌતમસ્વામીની આરસમૂર્તિ છે.

૨૧'' ઊંચી મૂળનાયક શ્રી અજિતનાથની પ્રતિમા સહિત કુલ પાંચ આરસપ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે. ડાબી બાજુ આદિનાથ તથા જમણી બાજુ ધર્મનાથ છે.

ઉપર ૨૫'' ઊંચી શ્રી વિમલનાથની પ્રતિમા છે. અહીં અષ્ટમંગલ, મેરુ જન્માભિષેક, ચૌદ સ્વપ્ન, કેવલજ્ઞાન, દીક્ષાવિધિ, મહાવીરસ્વામી તથા નાગેશ્વર પાર્શ્વનાથ જેવા પ્રસંગો તથા તીર્થંકરોનું ચિત્રકામ છે.

જિનાલયની પાસે એક દેરી છે. તેમાં શ્રી હીરવિજયસૂરિ મ૰ સા૰ની બે પાદુકા છે જેના પર સં૰ ૧૯૭૧નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તાલુકા પારડીમાં ઉદવાડા સ્ટેશનથી ૨ માઈલના અંતરે બગવાડા ગામમાં વચ્ચે શ્રી અજિતનાથના શિખર વિનાના જિનાલયનો ઉલ્લેખ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૨૭માં શ્રી સંઘે જિનાલય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંધાવ્યું હતું. જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં ઉદવાડાથી અઢી માઇલ દૂર બગવાડા ગામમાં અજિતનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ છે. કુલ છ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૬૮માં શ્રી સંઘે જિનાલય બંધાવ્યું હતું. વહીવટ અમરચંદ રાજાજી હસ્તક હતો અને સ્થિતિ સારી હતી. ગામમાં કુલ ૭૫ જૈન કુટુંબો વસતાં હતાં. એક ઉપાશ્રય, એક ધર્મશાળા તથા એક લાઇબ્રેરી હતી.

જેઠ સુદ ત્રીજની વર્ષગાંઠને દિને જમણવાર થાય છે તથા ધજા ચડે છે. વહીવટ શ્રી બગવાડા પરગણા જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી પ્રવીણભાઈ વી૰ શાહ, શ્રી શાંતિલાલ ગુલાબચંદ શાહ, શ્રી પ્રવીણભાઈ રાયચંદ શાહ, શ્રી જવાહરલાલ છગનલાલ શાહ તથા શ્રી ભરતકુમાર શાંતિલાલ શાહ હસ્તક છે.

સં૰ ૧૯૬૩માં જિનાલય શિખર વિનાનું દર્શાવ્યું છે તથા **સં૰ ૨૦૧૦**માં શિખરબંધી તરીકે જિનાલયનો ઉલ્લેખ થયો છે. એટલે કે **સં૰ ૧૯૬૩ થી સં૰ ૨૦૧૦** દરમ્યાન જિનાલયનો જીર્ણોદ્ધાર થયો છે. સં૰ ૧૯૬૮માં જિનાલય બંધાયું હોવાની નોંધ **સં૰ ૨૦૧૦**માં મળે છે. તે પૂર્વે **સં૰ ૧૯૬૩**માં આ જિનાલયનો ઉલ્લેખ થયો છે. તેથી સં૰ ૧૯૬૮માં જિનાલયનો જીર્ણોદ્ધાર તથા પુનઃ પ્રતિષ્ઠા થયો હોવાનો સંભવ છે. **સં૰ ૧૯૬૩**માં જિનાલય બંધાયાનો સમય સં૰ ૧૯૨૭ દર્શાવેલ છે. તે સંદર્ભમાં જિનાલયનો સમય **સં૰ ૧૯૨૭**નો છે.

• • •

ગામ - ડુંગરા, તાલુકો - પારડી

૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૨)

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં વાપીથી ૬ કિ૰ મી૰ના અંતરે ડુંગરા ગામ આવેલું છે. અહીં સેલવાસ રોડ પર હરીયાપાર્કમાં 'હર્ષદીપ' બંગલામાં શ્રી ચંપકલાલ રામસુખજી દાદરાવાલા પરિવારનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

સં૰ ૨૦૪૨માં બીજા ચૈત્ર વદ પાંચમને દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિની નિશ્રામાં અંજનશલાકા થયેલ છે. ૯'' ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની ધાતુપ્રતિમા તથા ધાતુની એક ચૌમુખી પ્રતિમા મળીને કુલ બે ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - બલીઠા, તાલુકો - પારડી

૨૧. શ્રી વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૩ આસપાસ)

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં વાયા વાપી જતાં બલીઠા ગામ છે. અહીં નેશનલ હાઇવે નં૰ ૮ પર દમણગંગા કૉલોનીની બાજુમાં પ્રભુજી રાઇસ એન્ડ પલ્સ મિલ્સમાં શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પારસમલ પ્રભુજી શાહ પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

સં૰ ૨૦૪૩ આસપાસ આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં ૫'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ધાતુપ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં વાપી ગામમાં કુલ છવ્વીસ જિનાલયો આવેલાં છે જે પૈકી ગામમાં ત્રણ શિખરબંધી જિનાલયો તથા સોળ ઘરદેરાસરો અને જી૰ આઈ૰ ડી૰ સી૰ તથા ચણોદ કૉલોનીમાં ચાર જિનાલયો તથા ત્રણ ઘરદેરાસરોનો સમાવેશ થાય છે.

આદર્શવિહાર, મહાવીરનગર ચાર રસ્તા, ચણોદ કૉલોની, નહેરુ સ્ટ્રીટ, અજિતનગર તથા શાંતિનગરમાં ઉપાશ્રય છે. નહેરુ સ્ટ્રીટમાં શ્રી લબ્ધિસૂરિ જ્ઞાનભંડાર તથા આયંબિલશાળા છે. અજિતનગર તથા શાંતિનગરમાં પાઠશાળા ચાલે છે.

ગામ - વાપી, જી૰ આઈ૰ ડી૰ સી૰, તાલુકો - પારડી

૨૨. શ્રી મહાવીરસ્વામી (સં૰ ૨૦૫૦)

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં વાપી ગામે જી૰ આઈ૰ ડી૰ સી૰માં આદર્શવિહારમાં આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું ધાબાબંધી જિનાલય આવેલું છે. સામે ઉપાશ્રય છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૦**માં મહા વદ નોમને દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં ભણશાળી ગીરીશભાઈ હરકીશનદાસ દ્વારા કરવામાં આવેલ છે. ૨૫'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની એક આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. વર્ષગાંઠના દિને જમણવાર થાય છે. વહીવટ શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર સંઘના ટ્રસ્ટી શ્રી દીપકભાઈ આર૰ શાહ હસ્તક છે.

નોંધ : નવા જિનાલયનું બાંધકામ ચાલી રહ્યું છે.

• • •

ગામ - વાપી, જી૰ આઈ૰ ડી૰ સી૰, તાલુકો - પારડી

૨૩. શ્રી ભીડભંજન પાર્શ્વનાથ (સં૰ ૨૦૫૦)

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના વાપી ગામે જી૰ આઈ૰ ડી૰ સી૰ વિસ્તારમાં ગુંજન સિનેમા પાછળ, અડીયા હૉસ્પિટલ રોડ પર શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૦માં મહા સુદ ૧૩ને દિને શ્રી સોમસુંદરસૂરિ, શ્રી મહોદયસૂરિ, શ્રી રાજતિલકસૂરિ, શ્રી જયકુંજરસૂરિ, શ્રી પૂર્ણચંદ્રસૂરિ, શ્રી મુક્તિપ્રભસૂરિ, શ્રી અમરગુપ્ત તથા શ્રી ચંદ્રગુપ્તસૂરિ આદિ મ૰ સા૰ની ઉપસ્થિતિમાં થયેલ છે. ૫૧'' ઊંચી મૂળનાયક શ્રી ભીડભંજન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથની પ્રતિમા સહિત કુલ નવ આરસ-પ્રતિમા તથા છ ધાતુપ્રતિમા છે.

મહા સુદ ૧૩ને વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રીપાલનગર જૈન શ્વે૦ મૂ૦ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી – શ્રી જંયતિલાલ શાહ હસ્તક છે.

• • •

ગામ - વાપી, મહાવીરનગર, તાલુકો - પારડી

૨૪. શ્રી વિમલનાથ (ચૌમુખી) (સં૦ ૨૦૫૦)

વાપી નેશનલ હાઈવે નં૦ ૮ ઉપર ચાર રસ્તા પાસે, મહાવીરનગરમાં આશરે ૧૦ થી ૧૫ જૈન કુટુંબો વસે છે. અહીં શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. અહીં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી વિમલનાથ ચૌમુખજીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૦ ૨૦૫૦**માં જેઠ સુદ ત્રીજને દિને શ્રી કલાપ્રભસાગરજી મ૦ સા૦ની નિશ્રામાં કચ્છના કોટડી તાલુકાના મહાદેવપુરી ગામના મેઘજી વેલજી સાવલાના પુત્રો દ્વારા થયેલ છે.

ચૌમુખી આરસપ્રતિમામાં મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી વિમલનાથ, શ્રી સુમતિનાથ, શ્રી વિમલનાથ તથા શ્રી ચંદ્રપ્રભુસ્વામી – ચારેય પ્રતિમા ૧૭" ઊંચી છે. પ્રતિમા પર સં૦ ૨૦૫૦નો લેખ છે. ચાર ધાતુપ્રતિમા છે. મહાકાળીમાતા તથા ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિ છે. શત્રુંજયનો પટ છે.

જેઠ સુદ ત્રીજને વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી અંચલગચ્છ શ્વે૦ મૂ૦ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી હરીશભાઈ મેઘજી ગાલા, શ્રી મહેન્દ્રભાઈ સાવલા, શ્રી અમૃતભાઈ સાવલા તથા શ્રી વસંતભાઈ કાનજી ગાલા હસ્તક છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૨૫. શ્રી નમિનાથ (ઘરદેરાસર) (સં૦ ૨૦૫૦ આસપાસ)

વાપી ગામે છરવા રોડ પર 'આસોપાલવ'માં શ્રી મોહનલાલ ગુલાબચંદ શાહ પરિવારનું શ્રી નમિનાથનું ઘરદેરાસર આવેલું છે.

સ્થાનિક માહિતી પ્રમાણે પ્રતિષ્ઠા **સં૦ ૨૦૫૦ આસપાસ**માં ફાગણ સુદ દશમને દિને થયેલ છે. ૩૧" ઊંચી મૂળનાયક શ્રી નમિનાથની આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - વાપી, ચણોદ કૉલોની તાલુકો - પારડી

૨૬. શ્રી શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૧)

વાપી, જી૰ આઈ૰ ડી૰ સી૰ ચણોદ કૉલોનીમાં પ્લોટ નં૰ ૩૦૧, 'મુક્તિનિલય'માં શ્રી પ્રવીણભાઈ વીરચંદ શાહ પરિવારનું શ્રી શાંતિનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૧**માં જેઠ સુદ દશમને દિને પૂ૰ જયદર્શનવિજયજીની નિશ્રામાં થયેલ છે. ૭'' ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની ધાતુપ્રતિમા કમલાકાર આરસના આસન પર બિરાજે છે. પ્રતિમા પાલીતાણાથી લાવેલ છે.

• • •

ગામ - વાપી, ચણોદ કૉલોની, તાલુકો - પારડી

૨૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (સં૰ ૨૦૫૨)

વાપી, જી૰ આઈ૰ ડી૰ સી૰ ચણોદ કૉલોનીમાં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૨**માં જેઠ સુદ છઠને દિને આ૰ શ્રી યશોવર્મસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી કાંતિલાલ રામસુખદાસ શાહ દાદરાવાળા પરિવાર દ્વારા થયેલ છે.

૨૫'' ઊંચી મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ડાબી બાજુ વિમલનાથ તથા જમણી બાજુ મુનિસુવ્રતસ્વામી બિરાજે છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે. જિનાલયની ડાબી બાજુ પદ્માવતીદેવી તથા જમણી બાજુ માણિભદ્રવીરની દેરી છે.

જેઠ સુદ છઠની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે તથા કાંતિલાલ રામસુખદાસ દાદરાવાળા પરિવાર દ્વારા કાયમી ધજા છે. વહીવટ શ્રી દાદરાવાળા રીલીજીયસ ટ્રસ્ટ – શ્રી કાંતિલાલ રામસુખદાસ દાદરાવાળા હસ્તક છે.

• • •

ગામ - વાપી, ચણોદ કૉલોની, તાલુકો - પારડી

૨૮. શ્રી મહાવીરસ્વામી (સં૰ ૨૦૫૩)

વાપી, જી૰ આઈ૰ ડી૰ સી૰, ચણોદ કૉલોનીમાં આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. નીચે ઉપાશ્રય તથા ઉપર જિનાલય છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૩** મહા સુદ તેરશને દિને પૂ૰ રત્નભૂષણવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં શ્રી હીરજી તેજસી શાહ પરિવાર દ્વારા પ્રતિષ્ઠા થયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૩'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પર સં૰ ૨૦૫૩નો લેખ છે. ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ શાંતિનાથ બિરાજે છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે. શત્રુંજયનો પટ છે.

મહા સુદ તેરશની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘ-ચણોદ કૉલોનીના ટ્રસ્ટી – શ્રી હીરજી તેજસી શાહ હસ્તક છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૨૯. શ્રી અજિતનાથ (સં૰ ૧૯૯૧)

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના વાપી શહેર મધ્યે નહેરુ સ્ટ્રીટમાં આંરસનું બનેલું શ્રી અજિતનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. શિખરમાં શ્રી સુપાર્શ્વનાથની આરસપ્રતિમા છે. નહેરુ સ્ટ્રીટમાં શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય, આયંબિલશાળા તથા શ્રી લબ્ધિસૂરિ જ્ઞાનભંડાર છે.

જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૧૯૯૧**માં ફાગણ સુદ બીજને દિને આ૰ શ્રી નીતિસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. જીર્ણોદ્ધાર થયેલ છે.

કંપાઉંડમાં ઑફિસની બાજુમાં એક દેવકુલિકામાં પાર્શ્વનાથ, પાર્શ્વનાથ, શાંતિનાથ તથા પાર્શ્વનાથ – એમ ચૌમુખજીની આરસપ્રતિમા છે. દરેક પ્રતિમા ૧૫'' ઊંચી છે. અન્ય ત્રણ દેવકુલિકામાં પદ્માવતીદેવી, માણિભદ્રવીર તથા શ્રી રત્નવિજયજી મ૰ સા૰ના આરસની પાદુકા છે.

જિનાલયના રંગમંડપમાં આબુ, શત્રુંજય, અષ્ટાપદ, ગિરનાર, સમેતશિખર, ભરતરાજાને અરીસાભવનમાં કેવળજ્ઞાન, મહાવીરપ્રભુની દેશના, નેમનાથ પ્રભુની જાન, ગોશાળા, ચંડકૌશીક નાગનો પ્રસંગ, અજિતનાથના ભવ, પાર્શ્વનાથના ૨૭ ભવ જેવા પટ-પ્રસંગોનું ચિત્રકામ છે.

૧૭'' ઊંચી મૂળનાયક શ્રી અજિતનાથની પ્રતિમાની ડાબી બાજુ અનંતનાથ તથા જમણી બાજુ કુંથુનાથ મળીને કુલ ત્રણ આરસપ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા છે.

ઉપર શિખરમાં ૨૫'' ઊંચી મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથની એક આરસપ્રતિમા છે જેના પર સં૰ ૧૮૭૭નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં વાપી દમણ રોડ બજારમાં અજિતનાથના શિખરબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ ચાર આરસપ્રતિમા, બાર ધાતુપ્રતિમા, એક ચોવીસ જિનપટ, ગૌતમસ્વામીની ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૯૯૧માં શેઠ નાથાલાલ ખૂબચંદની વિધવા બાઈ ગંગાએ જિનાલય બંધાવ્યું હતું. વહીવટ શેઠ ધનરાજજી ખીમચંદજી હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી. **સં૰ ૨૦૧૦**માં અહીં કુલ ૪૦૦ જૈન કુટુંબો વસતા હતા. બે ઉપાશ્રય તથા એક ધર્મશાળા હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફાગણ સુદ બીજની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે અને ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી વાપી સકલ જૈન સમસ્ત સંઘના ટ્રસ્ટીઓ – શ્રી રજનીકાન્ત હીરાચંદ શાહ, શ્રી જયંતિલાલ ગુલાબચંદ શાહ, શ્રી મુકુંદકુમાર મોહનલાલ શાહ, શ્રી બળવંતરાય છગનલાલ શાહ તથા શ્રી હસ્તીમલ કૃષ્ણાજી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય **સં૰ ૧૯૯૧**નો છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૦. શ્રી મહાવીરસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૩૮)

વાપી, નહેરુ સ્ટ્રીટમાં અજિતનાથના જિનાલયની સામે શ્રી જયંતિલાલ કેસરીચંદ શાહ પરિવારનું શ્રી મહાવીરસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૩૮**માં ચૈત્ર સુદ તેરશના દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૫'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા સહિત કુલ બે ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૧. શ્રી મુનિસુવ્રતસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૩)

વાપી, નહેરુ સ્ટ્રીટમાં શ્રી ઓજસકુમાર છોટાલાલ શાહ પરિવારનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૩**માં જેઠ વદ નોમને દિને પૂ૰ શ્રી નયવર્ધનવિજય મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૫'' ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની એક ધાતુપ્રતિમા છે તથા આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓ છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૨. શ્રી મહાવીરસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૩૫)

વાપી, નહેરુ સ્ટ્રીટમાં બંગલા નં૰ ૧૦, કોટેશ્વર સદનમાં શ્રી હિંમતભાઈ પરમાણંદદાસ શાહ પરિવારનું શ્રી મહાવીરસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૩૫**માં ચૈત્ર સુદ એકમના દિને થયેલ છે. ૩'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની એક ધાતુપ્રતિમા છે. પ્રતિમા પ્રાચીન છે. સ્થાનિક માહિતી પ્રમાણે મુંબઈમાં ખાડીમાં કામ કરતા આ પ્રતિમા પ્રાપ્ત થયા હતા.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - વાપી તાલુકો - પારડી

૩૩. શ્રી વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૩૭)

વાપી, નહેરુ સ્ટ્રીટમાં ચંપાપુરીમાં શ્રી પ્રકાશભાઈ અમૃતલાલ શાહ પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

૫'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની એક ધાતુપ્રતિમા છે. અંજનશલાકા તથા સ્થાપના **સં૰ ૨૦૩૭**માં વૈશાખ સુદ છઠને દિને આ૰ શ્રી રવિચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થઈ હતી. ત્યારબાદ મકાન બદલતાં સં૰ ૨૦૫૧માં માગશર સુદ ૧૦ને દિને શ્રી જયદર્શન મ૰ સા૰ની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા થયેલ છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૪. શ્રી પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૩)

વાપી, નાહર બજારમાં શ્રી જયંતિલાલ ગુલાબચંદ શાહ પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૩**માં ફાગણ વદ છઠના દિને શ્રી નયવર્ધનવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૯'' ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૫. શ્રી પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૦ આસપાસ)

વાપી, સ્ટેશન રોડ પર નાહર બજારમાં શ્રી ચંદ્રકાન્ત કેવળચંદ શાહ પરિવારનું શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

અંજનશલાકા **સં૰ ૨૦૪૦ આસપાસ** અષાડ સુદ બીજના દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૭'' ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની ધાતુપ્રતિમા તથા ૯'' ઊંચી શ્રી નમિનાથની ધાતુપ્રતિમા મળીને કુલ બે ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૬. શ્રી કુંથુનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૧૦)

વાપી, બજાર રોડ, નાહર બિલ્ડિંગમાં શ્રી મોહનલાલ કેસરીચંદ નહાર પરિવારનું શ્રી કુંથુનાથનું ઘરદેરાસર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૧૦**માં વૈશાખ વદ છઠના દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૫'' ઊંચી મૂળનાયક શ્રી કુંથુનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૭. શ્રી શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૧૦ આસપાસ)

વાપી, બજાર રોડ પર મંજુલાબહેન જયંતિલાલ લક્ષ્મીચંદ ભગાજી પરિવારનું શ્રી શાંતિનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૧૦ આસપાસ**માં શ્રાવણ સુદ છઠના દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૫'' ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૮. શ્રી આદેશ્વર (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૮ આસપાસ)

વાપી, બજાર રોડ પર શ્રી અરવિંદકુમાર રાજમલ શાહ પરિવારનું શ્રી આદેશ્વરનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૮ આસપાસ** અષાડ સુદ પાંચમના દિને શ્રી શ્રેયાંસપ્રભવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૭'' ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની ધાતુપ્રતિમા તથા ૩'' ઊંચી શ્રી સંભવનાથની ધાતુપ્રતિમા મળીને કુલ બે ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૩૯. શ્રી આદેશ્વર (ઘરદેરાસર) (સં૰ ૨૦૩૮)

વાપી, ઝંડાચોકમાં શ્રી શાંતિલાલ રામસુખજી દાદરાવાલા પરિવારનું શ્રી આદેશ્વરનું ઘરદેરાસર આવેલું છે.

ઘરદેરાસરમાં દીવાલો પર પદ્માવતી, માણિભદ્રવીર, સિદ્ધચક્ર, ચક્રેશ્વરીદેવી, શત્રુંજય, પાવાપુરી, અષ્ટાપદ, ગિરનાર, આબુ તથા સમેતશિખરના પટનું ચિત્રકામ છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૩૮**માં વૈશાખ સુદ છઠના રોજ આ૰ શ્રી કનકસૂરિની નિશ્રામાં થયેલ છે. કુલ ત્રણ ધાતુપ્રતિમા છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૦. શ્રી મહાવીરસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૨ આસપાસ)

વાપી શહેરમાં મહાત્મા ગાંધી રોડ પર બજારમાં, વાપી ગેસ્ટ હાઉસની બાજુમાં શ્રી મોહનલાલ સાહેબચંદ સૂરજમલ શાહ પરિવારનું શ્રી મહાવીરસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૨ આસપાસ** મહા સુદ તેરશના રોજ આ૰ શ્રી યશોવર્મસૂરિની નિશ્રામાં થયેલ છે. ૯'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૧. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૧)

વાપી, નાઝાભાઈ રોડ પર શ્રી રમણભાઈ પૂનમચંદ શાહ પરિવારનું ઘરદેરાસર આવેલું છે. મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૧**માં ચૈત્ર વદ પાંચમના રોજ શ્રી હેમભૂષણસૂરિની નિશ્રામાં થયેલ છે. ૭'' ઊંચી મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની એક ધાતુપ્રતિમા તથા એક રજતપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૨. શ્રી મુનિસુવ્રતસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૫)

વાપી, આઝાદનગરમાં ડૉ૰ મહેતાની ચાલમાં શ્રી કિરીટભાઈ નગીનચંદ શાહ પરિવારનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૫**માં આસો સુદ દશમના રોજ મુનિ શ્રી આત્મરતિવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

૯'' ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની એક ધાતુપ્રતિમા શ્રી નયવર્ધન-વિજય મ૰ સા૰ના ઉપદેશથી પાલીતાણાથી લાવેલ છે. અંજનશલાકા રાધનપુરમાં થયેલ છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૩. શ્રી શીતલનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૫ આસપાસ)

વાપી, નવી પોસ્ટ ઑફિસની બાજુમાં, જોશી હૉસ્પિટલની બાજુમાં પૃથ્વી બંગલામાં શ્રી પૃથ્વીરાજ અમરચંદજી શાહ પરિવારનું શ્રી શીતલનાથનું ઘરદેરાસર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૫ આસપાસ** વૈશાખ સુદ ત્રીજના રોજ થયેલ છે. ૭'' ઊંચી મૂળનાયક શ્રી શીતલનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૪. શ્રી સંભવનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૧)

વાપી દમણ રોડ પર ચંદ્રનગરીમાં શ્રી વસંતલાલ સરદારમલજી શાહ પરિવારનું શ્રી સંભવનાથનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૧**માં વૈશાખ સુદ તેરશના રોજ શ્રી નંદીભૂષણવિજયજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૧૫'' ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની એક ધાતુપ્રતિમા આરસના આસન પર બિરાજમાન છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૫. શ્રી વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) (સં૰ ૨૦૫૩)

ચલા દમણ રોડ પર રોયલ ટવીન્સ કો૰ ઓ૰ સોસાયટીમાં શ્રી દિલીપભાઈ ડી૰ શાહ તથા શ્રી ઉજ્જવલભાઈ કાકરિયા પરિવારનું શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રતિષ્ઠા **સં૰ ૨૦૫૩**માં જેઠ સુદ બારશના રોજ થયેલ છે. ૧૭'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની આરસપ્રતિમા છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે પ્રતિમા મારવાડથી લાવેલ છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૬. શ્રી પાર્શ્વનાથ (સં૰ ૨૦૨૭)

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં ચલા દમણ રોડ પર અજિતનગરમાં સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. ગુલાબચંદ મૂળચંદ પરિવાર અતિથિગૃહ છે જેનો આયંબિલશાળા તરીકે ઉપયોગ થાય છે. પાઠશાળામાં ૭૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.

જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૨૭**માં જેઠ સુદ ત્રીજને દિને આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી ગુલાબચંદ મૂળચંદ પરિવાર દ્વારા થયેલ છે.

૨૫'' ઊંચી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની પ્રતિમાની ડાબી બાજુ નેમિનાથ તથા જમણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાજુ મહાવીરસ્વામી બિરાજે છે. કુલ છ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે.

ઉપર શિખરમાં ૨૧" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની એક આરસપ્રતિમા છે.

જેઠ સુદ ત્રીજની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે અને ગુલાબચંદ મૂળચંદ પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. જિનાલયમાં કુલ સાત આરસપ્રતિમા છે. વહીવટ શ્રી અજિતનગર જૈન શ્વે૦ મૂ૦ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી ઇન્દ્રવદનભાઈ ગુલાબચંદ શાહ, શ્રી પ્રવીણભાઈ ગુલાબચંદ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ ગુલાબચંદ શાહ તથા શ્રી ધનસુખભાઈ ઇન્દ્રવદનભાઈ શાહ હસ્તક છે.

• • •

ગામ - વાપી, તાલુકો - પારડી

૪૭. શ્રી શાંતિનાથ (સં૦ ૨૦૫૧)

વાપી, શાંતિનગરમાં શાંતિનાથ સોસાયટી મધ્યે આરસનું બનેલું શ્રી શાંતિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. આ વિસ્તારમાં કુસુમ અમૃત આરાધના ભવન – શ્રાવકનો ઉપાશ્રય તથા અક્ષયનિધિ રત્નત્રયી ધામ – શ્રાવિકાનો ઉપાશ્રય છે. આયંબિલશાળા છે.

શ્રી શાંતિનાથના જિનાલયની પ્રતિષ્ઠા **સં૦ ૨૦૫૧**માં ફાગણ સુદ દશમના રોજ આ૦ શ્રી જિનેન્દ્રસૂરિ મ૦ સા૦ તથા શ્રી નયવર્ધનવિજયજી મ૦ સા૦ની નિશ્રામાં શ્રી અમૃતલાલ કસ્તુરચંદ નહાર પરિવાર દ્વારા થયેલ છે.

અહીં ગુરુમંદિર છે જેમાં આ૦ શ્રી રામચંદ્રસૂરિ મ૦ સા૦ની આરસની ગુરુમૂર્તિ છે.

૪૧" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર સં૦ ૨૦૫૧નો લેખ છે. કુલ પાંચ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. ડાબી બાજુ મુનિસુવ્રતસ્વામી તથા જમણી બાજુ વિમલનાથ બિરાજમાન છે. શત્રુંજયનો પટ છે.

ફાગણ સુદ દશમની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી કુસુમ અમૃત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી અમૃતભાઈ કસ્તુરચંદ શાહ, શ્રી રોહિતકુમાર અમૃતલાલ શાહ, શ્રી હરીશભાઈ અમૃતલાલ શાહ, શ્રી જયંતિલાલ ગુલાબચંદ શાહ તથા શ્રી ચીમનલાલ કસ્તુરચંદ શાહ હસ્તક છે.

• • •


ગામ - વલસાડ, તાલુકો - વલસાડ

વલસાડમાં હાલ કુલ ત્રણ જિનાલય તથા બે ઘરદેરાસર છે. આશરે ૬૦૦ જૈન કુટુંબો વસે છે. રામવાડી, શ્વેતાંબર સોસાયટી, મોટા બજાર તથા નૂતન સોસાયટીમાં ઉપાશ્રય છે. શ્રી ઘોઘારી જૈન સંઘ દ્વારા મહાવીર સોસાયટી, નૂતન સોસાયટી તથા એમ૦ જી૦ રોડ પર પાઠશાળા ચાલે છે. આયંબિલશાળા, ભોજનશાળા તથા ધર્મશાળા છે. શ્રી યશોભદ્રસૂરિ જ્ઞાનભંડાર છે. મોટા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



આગમમંદિર, બાહ્ય દેખાવ. આગમમંદિર રોડ, ગોપીપુરા.




અનંતનાથ સ્વામી જિનાલય, બાહ્ય દેખાવ. જૂની અદાલત, ગોપીપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



હીરાચંદ લલ્લુભાઈ ઝવેરીના ઘર દેરાસર શ્રી વિમલનાથના દેરાસરની જીર્ણ કાષ્ઠ કોતરણી. ભણશાળી પોળ, ગોપીપુરા.




શ્રી કુંથુનાથ જિનાલય, બાહ્ય દેખાવ. ગોપીપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




કુંથુનાથ જિનાલય, રંગમંડપનો ભાગ. ગોપીપુરા.



ધર્મનાથ (હાથીવાળા) જિનાલય, બાહ્ય દેખાવ, ગોપીપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




ધર્મનાથ (હાથીવાળા) જિનાલય, ગુરુમૂર્તિ. સુભાષચોક, ગોપીપુરા.




ધર્મનાથ (હાથીવાળા) જિનાલય, યતિમહારાજની ગાદી, નાકોડા ભૈરવ, માણિભદ્રવીર. ગોપીપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




મહાવીર સ્વામી જિનાલય, બારસાખ. દેસાઈપોળ, પેઢીની ગલીમાં, ગોપીપુરા.



મહાવીર સ્વામી જિનાલય, દેવી પ્રતિમા. દેસાઈપોળ, પેઢીની ગલી, ગોપીપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



મહાવીર સ્વામી જિનાલય, દ્વારપાળ, ટેસાઈ પોળ, પેઢીની ગલી, ગોપીપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



આદિશ્વર જિનાલય, બાહ્ય દેખાવ. માળી ફળિયા.



ઉમરવાડી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. ઓશવાળ મહોલ્લો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




સંભવનાથ જિનાલય, (મંછુરામ તલકચંદ ઝવેરીનું) બાહ્ય દેખાવ. મોતી પોળના નાકે.



માણેકચંદ ઝવેરચંદ જરીવાળા, ઘર દેરાસર સ્થિત કાષ્ઠકોતરણી યુક્ત શ્રીસિદ્ધચકયંત્ર.
ભણશાળી પોળ, કાયસ્થ મહોલ્લો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



મા. ઝ. જરીવાળા, ઘર દેરાસરના મૂળ નાયકની કાષ્ઠની છત્રી.
ભણશાળી પોળ, કાયસ્થ મહોલ્લો.



મહાવીર સ્વામી જિનાલય, આરસનું કલાત્મક સમવસરણ. કચરાની પોળ, ઘી કાંટા, નાણાવટ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



અજીતનાથ ભગવાનનું દેરાસર, સરસ્વતી માતાની મૂર્તિ, ચૂંદડી સહિત. નાણાવટ.



અજીતનાથ જિનાલય, સરસ્વતી માતાની મૂર્તિ લેખ સહિત.
તાળાવાળાની પોળ, નાણાવટ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



અજિતનાથ ઘર દેરાસર (મોતીચંદ તલકચંદ) કાષ્ઠ કોતરણી. ઓસવાળ મહોલ્લો.




સીમંધર સ્વામી જિનાલય, પંચાંગુલી માતા. તાળાવાળાની પોળ, વડા ચૌટા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, મહાલક્ષ્મી માતા. શાહપોર.




ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, કાષ્ઠ કોતરણી. શાહપોર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, સ્તંભ ની કાષ્ઠ કોતરણી, શાહપોર.



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, ગભારાની બહાર રંગમંડપમાં ઘુંમટની કાષ્ઠકોતરણી, શાહપોર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, બાવન જિનાલયની ભમતીમાં કાષ્ઠસ્તંભની કોતરણી, શાહપોર.



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, કાષ્ઠકોતરણીયુક્ત સ્તંભ, શાહપોર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય,
અષ્ટાપદજીનો પટ પ્રિન્ટેડ લાકડા ઉપર, શાહપોર.



આદિશ્વર જિનાલય, ઓશિયામાતાની આરસ પ્રતિમા.
દરિયામહેલ, ઓવારીકાંઠા, વડા ચૌટા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ભગવાન મહાવીરની બાલ્યાવસ્થા- ચ્યવન, જન્મ, ક્રીડા અને નિશાળગળણું ના પ્રસંગ. શ્રાવક શેરી, સૈયદપુરા.



ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, મહાવીર સ્વામી ને કેવળ જ્ઞાન, તીર્થ સ્થાપના, ઈન્દ્રભૂતિ...નું સમવસરણમાં આગમન, પ્રવજ્યાદાન,ગણધર પદની પ્રાપ્તિ.
(શ્રાવક શેરી, સૈયદપુરા.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, રંગ મંડપનો ભાગ,
તીર્થંકરત્વની પ્રાપ્તિના સ્થાનકો ૧ થી ૧૦. શ્રાવક શેરી, સૈયદપુરા.



ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, રંગમંડપનો ભાગ,
તીર્થંકરત્વની પ્રાપ્તિના સ્થાનાકો ૧૧થી૨૦ શ્રાવક શેરી, સૈયદપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રોનાં-
તીર્થરક્ષણ માટે અવસાન તેમજ બ્રાહ્મણ દ્વારા પ્રતિબોધિત ચક્રીની દિક્ષા.
શ્રાવક શેરી, સૈયદ પુરા.



ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ૧૭૦ તીર્થંકર પટ.
શ્રાવક શેરી, સૈયદ પુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



દ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, અષ્ટાપદની રચના, શ્રાવક શેરી, સૈયદપુરા.



ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ચંપા શ્રાવિકાની તપશ્ચર્યા અને અકબર બાદશાહ.
શ્રાવક શેરી, સૈયદપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, ૨૪ તીર્થંકરના પારણાં. શ્રાવક શેરી, સૈયદપુરા.




ચંદ્રપ્રભ સ્વામી 'નંદીશ્વર દ્વીપ' જિનાલય, રંગમંડપનો સ્તંભ. શ્રાવક શેરી, સૈયદપુરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




વાસુપૂજ્ય જિનાલય, બાહ્ય દેખાવ. કાળા મહેતાની શેરી, સગરામપુરા.



આદેશ્વર જિનાલય, ચક્રેશ્વરી માતાનો ગોખ. અઠવાલાઇન્સ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



આદેશ્વર જિનાલય, ગભારાની બહારના દરવાજાની કોતરણી. અઠવાલાઇન્સ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



વાસુપૂજ્ય સ્વામી જિનાલય, બાહ્ય દેખાવ. વાણિયાવાડ, બુહારી, તા. વાલોડ.




પાર્શ્વનાથ જિનાલય, રંગમંડપમાં પદ્માવતીની મૂર્તિ.
મેઈન રોડ, બજાર ફળિયું, વાલોડ, તા. વાલોડ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



સંભવનાથ જિનાલય, બાહ્ય દેખાવ. વાણિયાવાડ, કરચેલીયા, તા. મહુવા.



અભિનંદન સ્વામી જિનાલયનો ઝાંપા પાસેથી, ઘુમ્મટ-શિખરનો ભાગ. બજારમાં, બેંક ઓફ બરોડા સામે, મઢી, તા. બારડોલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



અજિતનાથ જિનાલય, બાહ્ય દેખાવ. નહેરુસ્ટ્રીટ, વાપી, તા. પારડી.



અજિતનાથ જિનાલય, બાહ્ય દેખાવ. બગવાડા, પારડી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




વિમલનાથ જિનાલય, બાહ્ય દેખાવ. દેવીપર, પો. ગોવાડા, તા. ઉમરગામ.



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. રાયચંદ રોડ, નવસારી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. મધુમતી નવસારી.



શાંતિનાથ જિનાલય, બાહ્ય દેખાવ. જલાલ પોર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ગોડી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. આલીપોર.



સંભવનાથ જિનાલય, બાહ્ય દેખાવ. વાંસદા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




આદેશ્વર જિનાલય, બાહ્ય દેખાવ. અષ્ટગામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




આદેશ્વર જિનાલય, બાહ્ય દેખાવ. કાલીયાવાડી.



શાંતિનાથ જિનાલય, બાહ્ય દેખાવ. બીલીમોરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, બાહ્ય દેખાવ. ગણદેવી.



આદેશ્વર જિનાલય, બાહ્ય દેખાવ, દરાવાજા સહિત. સરભાણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



શીતલનાથ જિનાલય, બાહ્ય દેખાવ. ફણસા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બજારમાં સાધ્વી મ૦ સા૦ના ઉપાશ્રયમાં શ્રી બુદ્ધિસાગરજી જૈન પાઠશાળા તથા વલસાડ જૈન લાઇબ્રેરી – પાઠશાળા છે. વલસાડ તાલુકામાં તીથલ રોડ પર શાંતિનિકેતન સાધના કેન્દ્ર તથા અતુલમાં જિનાલય છે.

ગામ - વલસાડ, તાલુકો - વલસાડ

૪૮. શ્રી મહાવીરસ્વામી (સં૦ ૧૯૬૩ પૂર્વે)

વલસાડ મોટા બજારમાં આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

અહીં માણિભદ્રવીર તથા ઘંટાકર્ણવીરની દેવકુલિકાઓ છે. રંગમંડપમાં ગિરનાર, આબુ, પાવાપુરી, અષ્ટાપદ, શત્રુંજય, સમેતશિખર, તારંગા, કદમ્બગીરી, રાજગીરી, શંખેશ્વર, સિદ્ધચક્ર સમવસરણ, ચંડકૌશીય નાગનો ઉપસર્ગ તથા ગૌશાળા વગેરેનું સુંદર કાચકામ છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

૨૫'' ઊંચી મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા છે. કુલ તેર આરસપ્રતિમા તથા તેવીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયકની ડાબી-જમણી બાજુ ચંદ્રપ્રભુસ્વામી છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં વલસાડમાં બજાર વચ્ચે મહાવીરસ્વામીનું શિખરબંધી જિનાલય હોવાની નોંધ છે. કુલ દસ આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં વલસાડ રેલવે સ્ટેશનથી ૧ માઈલ દૂર શેઠ ફળિયામાં મહાવીરસ્વામીનું શિખરબંધી જિનાલય હોવાની નોંધ છે. કુલ ચૌદ આરસપ્રતિમા, સોળ ધાતુપ્રતિમા તથા સાત રજત ચોવીસજિનપટ હતા. પ્રતિમા પર સં૦ ૧૮૫૭નો લેખ હતો તથા સં૦ ૧૮૧૭ લગભગમાં હીરાચંદ રાયકરણ દમણવાળાએ જિનાલય બંધાવ્યું હતું. જિનાલયની સ્થિતિ સારી હતી. ૬૦૦ જૈન કુટુંબો વસતાં હતાં. બે ઉપાશ્રય તથા એક લાઇબ્રેરી હતી. જિનાલયનો વહીવટ ટ્રસ્ટી રાયચંદ હરખચંદ હસ્તક હતો.

હાલ ફાગણ સુદ તેરશની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી વલસાડ મહાવીરસ્વામી જૈન દેરાસર સંઘના ટ્રસ્ટીઓ – શ્રી યશવંતભાઈ રાયચંદ કાપડીયા, શ્રી રમેશચંદ્ર છગનલાલ કોઠારી તથા શ્રી બળવંતરાય રતનજી શાહ હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલયનો સમય **સં૦ ૧૯૬૩ પૂર્વે**નો છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - વલસાડ, તાલુકો - વલસાડ

૪૯. શ્રી સુમતિનાથ (સં૰ ૨૦૨૮)

વલસાડમાં મહાવીર સોસાયટીમાં આરસનું બનેલું શ્રી સુમતિનાથનું ધાબાબંધી જિનાલય આવેલું છે. જિનાલય ત્રીજા માળે ધાબા પર છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૮માં જેઠ સુદ પાંચમના દિને આ૰ શ્રી સુબોધસાગરસૂરિ મ૰ સા૰ની પ્રેરણાથી શ્રી મોહનભાઈ ચતુરલાલ ઘડિયાળી પરિવાર દ્વારા થયેલ છે.

૨૫" ઊંચી મૂળનાયક શ્રી સુમતિનાથની પ્રતિમાની ડાબી બાજુ શંખેશ્વર પાર્શ્વનાથ તથા જમણી બાજુ શાંતિનાથ સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. પ્રતિમા આરસની છત્રીમાં બિરાજે છે. પ્રતિમા પ્રાચીન છે. છત્રી પર ધજા ચડે છે. શત્રુંજયનો પટ છે. સ્થાનિક માહિતી પ્રમાણે પાલનપુર ગામમાં ગટર લાઈન માટે ખોદકામ કરતાં આ પ્રતિમા નીકળી હતી.

જેઠ સુદ પાંચમની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે. ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી ઘોઘારી જૈન સંઘ/સુમતિનાથ જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટીઓ – શ્રી જયંતિલાલ મોહનલાલ ઘડિયાળી, શ્રી રમેશચંદ્ર કેશવલાલ શાહ, શ્રી ખીમચંદ હઠીચંદ શાહ તથા શ્રી જયંતિલાલ હરીલાલ શાહ હસ્તક છે.

• • •

ગામ - વલસાડ, તાલુકો - વલસાડ

૫૦. શ્રી આદેશ્વર (સં૰ ૨૦૫૧)

વલસાડ, રામવાડી, શ્વેતાંબર સોસાયટીમાં બે માળના બિલ્ડિંગમાં નીચે સૂરજબા આરાધના ભવન નામે શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. બીજા માળે આરસનું શ્રી આદેશ્વરનું જિનાલય છે. ઉપર અગાશી છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૧માં માગશર સુદ બીજ તા૰ ૪-૧૨-૯૪ના દિને શ્રી પ્રબોધચંદ્રસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી રમેશભાઈ કેશવલાલ શાહ (મોણપરવાલા) પરિવાર દ્વારા થયેલ છે.

૨૧" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા સહિત કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. પ્રતિમા શિખરયુક્ત આરસની છત્રીમાં બિરાજે છે. છત્રી પર ધજા ચડે છે.

માગશર સુદ બીજને વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી આદિનાથ જૈન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી અનંતરાય ચુનીલાલ શાહ, શ્રી પંકજકુમાર બાબુલાલ શાહ, શ્રી હર્ષદરાય કાંતિલાલ શાહ તથા શ્રી મનહરલાલ બી૰ શાહ હસ્તક છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગામ - વલસાડ, તાલુકો - વલસાડ

૫૧. શ્રી ધર્મનાથ (ઘરદેરાસર) (સં૰ ૨૦૪૭)

વલસાડ, ગંજખાનામાં શ્રી જેચંદભાઈ ઉર્ફે બાબુભાઈ સી૰ શાહ પરિવારનું શ્રી ધર્મનાથનું ઘરદેરાસર આવેલું છે. ઘરદેરાસર ઉપરના માળે છે.

આ૰ શ્રી રામચંદ્રસૂરિ મ૰ સા૰ની પ્રેરણાથી પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૭માં અષાડ સુદ છઠને દિને પ્રતિષ્ઠા થયેલ છે. આ૰ શ્રી હેમભૂષણસૂરિ તથા આ૰ શ્રી દિવ્યભૂષણસૂરિ મ૰ સા૰ની પ્રેરણાથી અહીં ઘરદેરાસર નિર્માણ પામ્યું છે. જિનમંદિર આકારના કાષ્ઠના કબાટમાં ૭" ઊંચી મૂળનાયક શ્રી ધર્મનાથની એક ધાતુપ્રતિમા છે.

• • •

ગામ - વલસાડ, તાલુકો - વલસાડ

૫૨. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં૰ ૨૦૨૫ આસપાસ)

વલસાડ તીથલ રોડ પર આવેલ નૂતન સોસાયટીમાં આરસનું બનેલું શ્રી મુનિસુવ્રત-સ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલય ઉપરના માળે એક બાજુમાં છે. બીજી બાજુ શ્રાવકનો ઉપાશ્રય છે. નીચે ઉપાશ્રય છે જ્યાં પાઠશાળા ચાલે છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૫ આસપાસ માગશર સુદ ત્રીજના રોજ શ્રી ક્ષમાસાગરજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે. ૨૧" ઊંચી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પ્રાચીન છે. સ્થાનિક માહિતી પ્રમાણે પ્રતિમા કરીમગંજ થી પાલીતાણા અને ત્યાંથી અત્રે બિરાજમાન કરેલ છે. ડાબી બાજુ પાર્શ્વનાથ તથા જમણી બાજુ શાંતિનાથ છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે.

શત્રુંજયનો કાપડનો પટ છે. કાર્તિકી તથા ચૈત્રી પૂનમે ભાથુ અપાય છે. માગશર સુદ ત્રીજની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. વહીવટ શ્રી નૂતન સોસાયટી જૈન શ્વે૰ મૂ૰ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી પ્રવીણચંદ્ર કાંતિલાલ શાહ, શ્રી અશ્વિનભાઈ હિંમતલાલ શાહ તથા શ્રી કિશોરચંદ્ર નરોત્તમદાસ શાહ હસ્તક છે.

• • •

ગામ - તીથલ, તાલુકો - વલસાડ

૫૩. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૨૦૫૨)

વલસાડથી ૫ કિ૰ મી૰ દૂર દરિયા કિનારાથી નજીકનું રળિયામણું સ્થળ તીથલ. અહીં પૂ૰ બંધુ ત્રિપુટી મહારાજ દ્વારા સ્થાપિત શાંતિનિકેતન સાધના કેન્દ્ર આવેલું છે. વૅકેશનમાં વસતી ઘણી હોય છે. શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળા ધ્યાન સાધના કેન્દ્ર તથા યોગ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધના કેન્દ્ર છે. દર માસે ધ્યાન શિબિર તથા સ્વાધ્યાય શિબિર યોજાય છે. જૈનો, જૈનતર તથા વિદેશીઓ પણ આ શિબિરમાં જોડાય છે. જ્ઞાનભંડારમાં ૧૦,૦૦૦થી પણ વધુ પુસ્તકો છે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ભોંયરાયુક્ત, શિખરબંધી જિનાલય આવેલું છે.

પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૨માં મહા સુદ સાતમને દિને પૂ૰ બંધુ ત્રિપુટી મ૰ સા૰ની નિશ્રામાં સુરતનિવાસી ડૉ૰ જિતુભાઈ શાહ પરિવારે કરેલ છે.

જિનાલયની પાછળના ભાગમાં ગુરુમંદિર છે. અહીં આ૰ શ્રી પ્રેમસૂરિ મ૰ સા૰, શ્રી સુશીલકુમારજી, શ્રી અમરેન્દ્રવિજયજી, શ્રી ગુણભદ્રવિજયજી તથા શ્રી મોક્ષલતાશ્રીજી (બા મહારાજ)ની આરસની પાદુકા છે.

ધ્યાનમંદિરનો મોટો હોલ છે. અહીં પાર્શ્વનાથની નાની પ્રતિમા તથા ૧૮ ફૂટ ઊંચી ધ્યાનમૂર્તિ છે. પદ્માવતીદેવી તથા સરસ્વતીદેવીની નયનરમ્ય મૂર્તિઓ છે.

૨૭" ઊંચી મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામપ્રતિમા સહિત કુલ ત્રણ આરસ-પ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

ભોંયરામાં પદ્માવતીદેવી, સરસ્વતીદેવી તથા મહાલક્ષ્મીદેવીની ભવ્ય આરસમૂર્તિઓ છે. ભોંયરામાં જવા માટેના પ્રવેશદ્વાર પાસે શ્રી માણિભદ્રવીરની દેવકુલિકા તથા ભોંયરામાંથી બહાર નીકળવાના દ્વાર પાસે શ્રી ઘંટાકર્ણવીરની દેવકુલિકા છે. અહીં કોતરણીયુક્ત સ્થંભો છે. આબુ, દેલવાડા, શત્રુંજય તથા નવપદજીના પટ છે. ભક્તામર સ્તોત્રનું ૪૪ ગાથાનું યંત્ર છે.

મહા સુદ સાતમની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે. ગુણભદ્રવિજય સ્મારક ટ્રસ્ટ દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ શ્રી શાંતિનિકેતન સાધના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી જિતુભાઈ શાહ (સુરત), શ્રી હરીલાલ એમ૰ શાહ (વલસાડ), શ્રી હરીશભાઈ એસ૰ દોશી (મુંબઈ) તથા પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી અશોકભાઈ ટી૰ જૈન (મુંબઈ), શ્રી કિશોરભાઈ પી૰ મહેતા (વાંકાનેર) તથા શ્રી વસંતભાઈ આર૰ છેડા (વલસાડ) હસ્તક છે.

• • •

ગામ - અતુલ, તાલુકો - વલસાડ

૫૪. શ્રી વાસુપૂજ્યસ્વામી (સં૰ ૨૦૩૪)

વલસાડથી ૧૦ કિ૰ મી૰ દૂર અતુલ સ્ટેશન પાસે, નેશનલ હાઈવે નં૰ ૮ પર સાદા પથ્થર તથા આરસનું બનેલું શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. સાધુ-સાધ્વી મહારાજ સાહેબનું વિહાર ધામ ગણાય છે. જૈન કુટુંબોની વસ્તી ગામમાં તથા સોસાયટીમાં હોવાથી જિનાલય પાસે વસતી નથી. ગામમાં હાલ ૩૦ જૈન કુટુંબો વસે છે. જિનાલયના કંપાઉંડમાં શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે.

શ્રી સિદ્ધાર્થભાઈ કસ્તુરભાઈ લાલભાઈ ટ્રસ્ટ દ્વારા જિનાલય બંધાવેલ છે. પ્રતિષ્ઠા સં૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૦૩૪માં જેઠ સુદ અગિયારશને દિને આ૦ શ્રી પદ્મસાગરસૂરિ મ૦ સા૦ની નિશ્રામાં શ્રી ચંદ્રકાન્તભાઈ બાબુભાઈ શાહ પરિવાર દ્વારા થયેલ છે.

૧૫'' ઊંચી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા રાણકપુર ભંડારમાંથી લાવેલ છે. ડાબી બાજુ પાર્શ્વનાથ તથા જમણી બાજુ આદેશ્વર બિરાજમાન છે. કુલ ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે. પ્રચંડાદેવી તથા કુમારયક્ષની આરસમૂર્તિઓ છે.

જેઠ સુદ અગિયારશને વર્ષગાંઠને દિને જમણવાર થાય છે તથા શ્રી સિદ્ધાર્થભાઈ કસ્તુરભાઈ લાલભાઈ ટ્રસ્ટ દ્વારા કાયમી ધજા ચડે છે. વહીવટ આજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ – શ્રી વિમળાબહેન સિદ્ધાર્થભાઈ શાહ, શ્રી નરોત્તમદાસ મયાભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સુરેશચંદ્ર શાહ, શ્રી હિતેન્દ્રભાઈ નરોત્તમદાસ શાહ તથા શ્રી વિઘ્નેશભાઈ સેવંતીલાલ શાહ હસ્તક છે.

• • •

ગામ - વાઘલધરા, તાલુકો - વલસાડ

૫૫. શ્રી સંભવનાથ (સં૦ ૨૦૩૭)

વલસાડ તાલુકામાં ડુંગરી રેલવે સ્ટેશનથી ૬ કિ૦ મી૦ના અંતરે નેશનલ હાઈવે નં૦ ૮ ઉપર વાઘલધરા ગામ આવેલું છે. અહીં ૭ જૈન કુટુંબો વસે છે. ગામમાં જ શ્રી સંભવનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયની પાછળ ઉપાશ્રય છે. સાધુ-સાધ્વીજી વિહારમાં લાભ લે છે.

સ્થાનિક માહિતી પ્રમાણે પૂર્વે અહીં ઘરદેરાસર હતું. ત્યારબાદ શિખરબંધી જિનાલયનું નિર્માણ થયું. પ્રતિષ્ઠા સં૦ ૨૦૩૭ મહા સુદ તેરશને તા૦ ૧૬-૨-૮૧ને સોમવારના રોજ આ૦ શ્રી મુક્તિચંદ્રસૂરિ મ૦ સા૦ની નિશ્રામાં કરવામાં આવી. પ્રતિષ્ઠાનો લાભ મુંબઈનિવાસી શ્રી ઠાકોરલાલ ઝવેરચંદ શાહ પરિવારે લીધો.

૨૧'' ઊંચી મૂળનાયક શ્રી સંભવનાથની ડાબી બાજુ મુનિસુવ્રતસ્વામી તથા જમણી બાજુ આદેશ્વરની આરસપ્રતિમા મળીને કુલ ત્રણ આરસપ્રતિમા છે. દરેક પ્રતિમા પર સં૦ ૨૦૩૭નો લેખ છે. વાસુપૂજ્યસ્વામી અને શાંતિનાથ– એમ બે ધાતુપ્રતિમા છે. શત્રુંજયનો પટ છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ડુંગરીથી ૫ માઈલ દૂર વાઘલધરા ગામમાં શેઠ ગાંડાભાઈ ગોવિંદજીના મકાનમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર હોવાની નોંધ છે. એક ધાતુપ્રતિમા હતી. સં૦ ૧૯૯૮માં શ્રી સંઘે ઘરદેરાસર બંધાવ્યું હતું. વહીવટ શેઠ ગાંડાભાઈ ગોવિંદભાઈ હસ્તક હતો તથા સ્થિતિ સારી હતી. ગામમાં ૩૦ જૈન કુટુંબો વસતાં હતાં.

મહા વદ તેરશના દિને ગામના જૈન કુટુંબો દ્વારા વારાફરતી ધજા ચડે છે. વહીવટ શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈન શ્વે૦ મૂ૦ સંઘના ટ્રસ્ટીઓ – શ્રી રતીલાલ ભીમાજી શાહ, શ્રી દલીચંદ ફકીરચંદ શાહ તથા શ્રી પ્રકાશભાઈ મગનલાલ શાહ હસ્તક છે.

હાલ આ શિખરબંધી જિનાલયમાં મૂળનાયક સંભવનાથ છે. અહીં વાસુપૂજ્યસ્વામીની ધાતુપ્રતિમા છે. સં૦ ૧૯૯૮માં ઘરદેરાસર હતું. તે સમયે પણ વાસુપૂજ્યસ્વામીની ધાતુપ્રતિમાનો ઉલ્લેખ મળે છે. સંભવ છે કે એ ઘરદેરાસરની વાસુપૂજ્યસ્વામીની ધાતુપ્રતિમા નવા શિખરબંધી જિનાલયમાં પધરાવવામાં આવી હશે. સં૦ ૨૦૩૭માં શિખરબંધી જિનાલય બંધાવવામાં આવ્યું છે.

• • •

ગામ - ડુંગરી, તાલુકો - વલસાડ

૫૬. શ્રી શાંતિનાથ (ઘરદેરાસર) (સં૦ ૨૦૨૭ આસપાસ)

વલસાડ તાલુકાથી ૧૦ કિ૦ મી૦ના અંતરે, બીલીમોરાથી વલસાડ જતા વચ્ચે ડુંગરી ગામ આવેલું છે. અહીં રેલવે સ્ટેશન છે. ગામમાં બજારમાં શ્રી શાંતિનાથનું છાપરાબંધી ઘરદેરાસર આવેલું છે. અહીં ૬ જૈન કુટંબો વસે છે. નેશનલ હાઈવે નં૦ ૮ પર ડુંગરી પાસે અચલગચ્છ જૈન ઉપાશ્રય - મણિકલ્યાણ જૈન આરાધના ભવન છે.

ઉપર ઘરદેરાસર, બાજુમાં સ્વાધ્યાય હોલ તથા નીચે ઉપાશ્રય છે. ૩" ઊંચી મૂળનાયક શ્રી શાંતિનાથ તથા શ્રી પાર્શ્વનાથ સહિત કુલ બે ધાતુપ્રતિમા છે. સં૦ ૨૦૫૧માં મહા સુદ પાંચમના રોજ આ૦ શ્રી મહાબલસૂરિ મ૦ સા૦ની પ્રેરણાથી ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર થયો છે.

સ્થાનિક માહિતી પ્રમાણે સં૦ ૨૦૨૭ આસપાસ ઘરદેરાસરની સ્થાપના થયેલ છે.

વહીવટ શ્રી મનુભાઈ નાથુભાઈ શાહ તથા શ્રી જયકુમાર રતિલાલ શાહ હસ્તક છે.

આ ઘરદેરાસરનો સમય **સં૦ ૨૦૨૭ આસપાસ**નો છે.

• • •

નાની દમણ

૫૭. શ્રી આદેશ્વર (સં૦ ૧૮૬૦)

વાપીથી ૧૦ કિ૦ મી૦ના અંતરે દમણ ગામ છે. જૈનોની વસ્તી ઓછી છે. ૨૦ જૈન કુટુંબો હાલ અહીં વસે છે. મોટા ભાગના જૈન કુટુંબો ધંધાર્થે વાપી, વલસાડ, મુંબઈ સ્થિત થયા છે. જૈન સ્ટ્રીટમાં શ્રાવક-શ્રાવિકાનો ઉપાશ્રય છે. જ્ઞાનભંડાર છે. ધર્મશાળાના બાંધકામનું કાર્ય ચાલે છે. ગામમાં આરસનું બનેલું શ્રી આદેશ્વરનું શિખરબંધી જિનાલય આવેલું છે.

જિનાલય પાસે માણિભદ્રવીરની દેરી છે. તે મૂર્તિ પર સં૦ ૧૮૬૭નો લેખ છે. રાયણવૃક્ષ પાસે ઋષભદેવનાં પગલાં છે જેના પર સં૦ ૧૯૦૧નો લેખ છે. તેની બાજુમાં ધર્મચંદ્રવિજયજીના પગલાં છે જેના પર સં૦ ૧૯૦૬નો લેખ છે. તે દાદાસાહેબના પગલાં તરીકે ઓળખાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાલ જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે. પ્રવેશદ્વાર કાષ્ઠની કોતરણીયુક્ત છે જેમાં ચૌદ સ્વપ્નોનું સુંદર કોતરકામ છે. રંગમંડપમાં સ્થંભો પર વિવિધ મુદ્રામાં વાજિંત્ર સહિત નારીશિલ્પો છે. શત્રુંજયનો પટ છે. પદ્માવતીદેવી તથા ચક્રેશ્વરીદેવીની આરસમૂર્તિઓના ગોખ છે. તે પૈકી ચક્રેશ્વરીદેવીની મૂર્તિ પર સં૰ ૧૮૬૭નો લેખ છે. તે લેખ નીચે મુજબ છે :

'સંવત ૧૮૬૭ વર્ષ વૈસાખ સુદિ ૧૩ સોમવાર શ્રી દમણબંદિરે સંઘ સકલ સુખકારિ શ્રી ચક્રેશ્વરી દેવી સ્થાપિતં શ્રી વિજય જિનેન્દ્રસૂરિ રાજયે, શ્રી તપાગચ્છે :'

ત્રણ ગર્ભદ્વાર છે. ૧૭" ઊંચી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા છે. ડાબા ગભારે આદેશ્વર તથા જમણા ગભારે વાસુપૂજ્યસ્વામી છે. કુલ ઓગણીસ આરસપ્રતિમા તથા છવ્વીસ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

શ્રી પુષ્પમ્ મિત્ર મંડળ-દમણ દ્વારા શ્રી પુષ્પમ્ કચ્છ ભદ્રેશ્વર યાત્રા સંઘ સ્મૃતિ નામની પુસ્તિકા પ્રકાશિત થયેલ છે. તેમાં આ જિનાલય વિશે નોંધ મળે છે.

'દમણમાં આજે બિરાજમાન આદેશ્વરની પ્રતિમા પર અંજનશલાકા સં૰ ૧૮૬૦ના વૈશાખ વદ પાંચમના રોજ દમણમાં થયેલી છે – એ મુજબનો લેખ છે. દમણ ઘણાં પ્રાચીન સમયથી જૈનોની વસતીથી ધબકતું શહેર હતું. ... આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હતો અને પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૧૯૬૪ના વૈશાખ સુદ દશમના રોજ કરવામાં આવી હતી.'

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં દમણરોડ પર શ્રાવકના મહોલ્લામાં શ્રી આદેશ્વરના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ સત્તર આરસપ્રતિમા, સાડત્રીસ ધાતુપ્રતિમા તથા પગલાંની એક જોડ હતી. સં૰ ૧૮૫૫માં શેઠ હીરાચંદ રાયકરણે જિનાલય બંધાવ્યું હતું. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં દમણમાં વાણિયાવાડમાં આદેશ્વરના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. કુલ સત્તર આરસપ્રતિમા તથા ત્રીસ ધાતુપ્રતિમા હતી. સં૰ ૧૮૬૦માં જિનાલય બંધાયું હતું. વહીવટ શેઠ કેસરીચંદ મોતીચંદ હસ્તક હતો. પ્રતિમા પર સં૰ ૧૮૬૦નો લેખ હતો. જિનાલયની સ્થિતિ સારી હતી. ગામમાં ૧૫૦ જૈન કુટુંબો રહેતાં હતાં. એક ઉપાશ્રય, એક ધર્મશાળા તથા એક લાઇબ્રેરી હતી.

વૈશાખ સુદ ત્રીજની વર્ષગાંઠના દિવસે જમણવાર થાય છે તથા ધજાનો ચડાવો બોલાય છે. શ્રી દમણ શ્વે૰ મૂ૰ પૂ૰ જૈન સંઘના ટ્રસ્ટીઓ – શ્રી કેસરીચંદ મોતીચંદ શાહ તથા શ્રી કેસરીચંદ ચુનીલાલ શાહ વહીવટ કરે છે.

ટૂંકમાં જિનાલયનો સમય **સં૰ ૧૮૬૦**નો છે. વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નંદીગામ, તાલુકો - ઉમરગામ

૫૮. શ્રી સીમંધરસ્વામી (સં૰ ૨૦૪૨)

શ્રી ભીડભંજન લીંબુ પાર્શ્વનાથ (સં૰ ૨૦૪૫)

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાથી ૨૦ કિ૰ મી૰ના અંતરે, ભિલાડ સ્ટેશનથી ૪ કિ૰ મી૰ નેશનલ હાઈવે નં૰ ૮, મુંબઈ અમદાવાદ જવાના રસ્તે નંદીગામ આવેલું છે. જૈનોની વસ્તી નથી. ગામમાં ઓશિયાજી નગરમાં એક જ કંપાઉંડમાં બે શિખરબંધી, ભવ્ય જિનાલયો આવેલાં છે. પાસે જ શ્રાવક-શ્રાવિકાના ઉપાશ્રય, સ્વાધ્યાય મંદિર હોલ, યાત્રિક ભુવન, ભોજનશાળા, ઑફિસ તથા ધર્મશાળા છે.

સીમંધરસ્વામી

શ્રી સીમંધરસ્વામીના જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૨માં વૈશાખ સુદ છઠને દિને આ૰ શ્રી કૈલાસસાગરસૂરિ મ૰ સા૰ના શિષ્ય શ્રી કલ્યાણસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં થયેલ છે.

સીમંધરસ્વામીના જિનાલયની પાસે માણિભદ્રવીર, ઓશિયાજી માતા, પંચાગુલી માતા તથા ચંડાયણયક્ષની દેરી છે.

૮૧" ઊંચી મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની ભવ્ય પ્રતિમા મહેસાણાના શ્રી સીમંધર-સ્વામીના જિનાલયનું સ્મરણ કરાવે છે. કુલ નવ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે. ગૌતમસ્વામીની આરસની પાદુકા છે. યક્ષ-યક્ષિણીની આરસમૂર્તિઓ છે.

ભીડભંજન લીંબુ પાર્શ્વનાથ

આ જિનાલય વિશે નીચે મુજબની માહિતી મળે છે :

૨૧૬ વર્ષ સુધી મારવાડના ફાલનાથી ૬૩ કિ૰ મી૰ દૂર વાગોલ કોટનગરમાં બાવન જિનાલય પ્રતિષ્ઠિત થયેલા પરંતુ સં૰ ૧૮૨૭માં ભુકંપ થવાથી આ જિનાલય ભુગ્રસ્ત થયું અને આ પ્રતિમા અદૃશ્ય થઈ ગયા. ત્યારબાદ ૮૦૦ કિ૰ મી૰ દૂર સુરતમાં નાણાવટના શેઠ શ્રી નહાનચંદ પાનાચંદને સ્વપ્ન આપીને લીંબુના ટોપલામાં પ્રગટ થયા. આ પ્રતિમા ૧૧"ની શ્યામ આરસની છે. હાલ તે જગ્યા સુરતમાં (ઘર નંબર ૧૧/૧૩૫૭) હાલ પણ છે ત્યાં થાંભલાવાળા દેરાસરમાં કાષ્ઠના ગૃહચૈત્યમાં બીજા ૨૧૬ વર્ષ સુધી પૂજાતા રહ્યા ત્યારબાદ સં૰ ૨૦૪૩ના ચૈત્ર સુદ ૧૩ને રવિવારે તા૰ ૧૨-૪-૮૭ના રોજ આ પ્રતિમાજી નંદીગ્રામમાં અર્પણ કરેલા છે. પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૫ વૈશાખ સુદ છઠને દિને આ૰ શ્રી કલ્યાણસાગરસૂરિ મ૰ સા૰ની નિશ્રામાં શ્રી ધનરાજભાઈ ગણેશમલજી ગુગળિયા પરિવાર દ્વારા થયેલ છે.

રાજપૂતાના કોટનગરે વિ૰ સં૰ ૧૬૧૧ વર્ષ વૈ૰ સુ૰ ૬ને ગુરુવારે ગુરુપુષ્ય અમૃત સિદ્ધિયોગે શુભમુહૂર્તે અંજનશલાકાવિધિથી પ્રતિષ્ઠિત થયેલ આ ભીડભંજન પાર્શ્વનાથજી વિ૰ સં૰ ૨૦૪૫ વૈ૰ શુદ ૬ ગુરુવારે પૂ૰ આ૰ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ૰ સા૰ આદિની ઉપસ્થિતિમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીશા ઓશવાલ જ્ઞાતિના ગુગળિયા ગોત્રીય ધનરાજજી ગુગળિયા પરિવારે પોતાના પરિવારના આત્મકલ્યાણ અર્થે સ્વદ્રવ્યથી આ જિનપ્રાસાદ નિર્માણ કરાવી સીમંધરસ્વામી જિનાલય કાર્યાલયને પરમ બહુમાનપૂર્વક અર્પણ કરેલ છે.

લીંબુના ટોપલામાંથી પ્રકટ થયા હોવાથી લીંબુ પાર્શ્વનાથ અથવા ભીડભંજન પાર્શ્વનાથ તરીકે પણ આ પ્રતિમા ઓળખાય છે. ૧૧" ઊંચી મૂળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથની શ્યામ પ્રતિમા સહિત કુલ ૭ આરસપ્રતિમા તથા ચૌદ ધાતુપ્રતિમા છે. ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ આદેશ્વર બિરાજમાન છે. પુંડરીકસ્વામી તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓ છે.

આ બન્ને જિનાલયો પાસે એક વાંડી છે જેમાં ઘરદેરાસરની રચના છે. વાસુપૂજ્યસ્વામી, મલ્લિનાથ તથા કુંથુનાથ – એમ કુલ ત્રણ પ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે સુરત શહેરનાં નાંણાવટ, વડાચૌટા વિસ્તારના ઘરદેરાસરની આ પ્રતિમા છે.

વૈશાખ સુદ છઠની વર્ષગાંઠના દિને જમણવાર થાય છે તથા શ્રી સીમંધરસ્વામીના જિનાલયમાં અણગામવાળા રમીલાબહેન ઝવેરચંદ ગુગળિયા પરિવાર દ્વારા અને શ્રી ભીડભંજન પાર્શ્વનાથના જિનાલયમાં શ્રી ધનરાજભાઈ ગણેશમલજી ગુગળિયા પરિવાર દ્વારા કાયમી ધજા ચડે છે. બન્ને જિનાલયોનો વહીવટ શ્રી સીમંધરસ્વામી જિનમંદિર કાર્યાલયના ટ્રસ્ટીઓ – શ્રી હિતેન્દ્રભાઈ ઝવેરચંદ ગુગળિયા, શ્રી ધનરાજભાઈ ગણેશમલજી ગુગળિયા, શ્રી જયંતિલાલ અમરચંદજી ગુગળિયા, શ્રી મયંકભાઈ અરવિંદભાઈ શાહ તથા શ્રી રાયચંદ ગેનમલજી મહેતા હસ્તક છે.

• • •

સુરત જિલ્લાનાં, નવસારી જિલ્લાનાં તથા વલસાડ જિલ્લાનાં ગામોનાં જિનાલયોની નોંધ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી વિસ્તારમાં પણ કેટલાંક જિનાલયો વિદ્યમાન છે જેની માહિતી નીચે મુજબ છે.

નરોલી, તાલુકો - સેલવાસ, જિલ્લો - દાદરા નગર હવેલી

૫૯. શ્રી મુનિસુવ્રતસ્વામી (સં. ૨૦૪૪-૪૫)

દાદરા નગર હવેલીથી ૮ કિ. મી.ના અંતરે આવેલ નરોલી ગામમાં હાલ ૧૩ જૈન કુટુંબો વસે છે. અહીં છેલ્લાં ૫૦ વર્ષમાં ૧૩ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ છે. ગામમાં જ આરસનું બનેલું શ્રી મુનિસુવ્રતસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. એક ઉપાશ્રય તથા જ્ઞાનભંડાર છે.

૩. દોસી ભીમે જેઠ સુદ ચોથને ગુરુવારે હીરવિહારમાં બે મૂર્તિ અને એક ગુરુપાદુકાની (નેમિસાગરની) પ્રતિષ્ઠા કરાવી.

૧૬૭૮ — ૧. મહો૰ રત્નચંદ્રગણિએ કા૰ વ૰ પને ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં 'સૂરજમંડન પાર્શ્વનાથ'ની પ્રતિષ્ઠા કરી.

૨. મહો૰ રત્નચંદ્રગણિવરે પોષ સુદ ૨ના રોજ સમ્યકત્ત્વ ઉપર ગુજરાતી પદ્યમાં 'સંગ્રામ સૂરકથા' રચી અને પં૰ દેવચંદ્રગણિના પઠનાર્થે પોતાને હાથે લખી.

૧૬૮૫ — નાયલગચ્છના જ્ઞાનસાગરકૃત શ્રીપાલ રાસ અથવા (સિદ્ધચક્ર રાસ)ની (૨૰ સં૰ ૧૬૩૧) ૧૬ પત્રની પ્રત સુરતમાં લખાઈ.

૧૬૮૭ આસપાસ — આ૰ વિજયદેવસૂરિ કન્નડદેશના વિજાપુરમાં જિનપ્રાસાદની પ્રતિષ્ઠામાં પધારવાના હતા ત્યારે ખંભાતથી વિહાર કરી સુરત પધાર્યા. સુરતના જૈન સંઘે ઘણાં વિહારસ્થળો સુધી સામે જઈ સત્કાર-સ્વાગત કરી સુરતમાં પધરાવ્યા.

૧૬૮૯ (૯૮?) — તપા૰ કીર્તિવિજય શિ૰ ઉપા૰ વિનયવિજયે સૂર્યપુર ચૈત્યપરિપાટીની રચના કરી.

૧૭૦૫ — શ્રી વિજયગણિ શિષ્ય મેરુવિજયે માગશર વદ ૨ દિને શ્રાવિકા પ્રેમલદે પઠનાર્થે નવતત્વ પર સ્તબક લખ્યો.

૧૭૦૬ — મહો૰ દેવવિજયગણિ શિષ્ય દયાવિજયગણિએ મુનિ જયવિજયના પઠનાર્થે જેઠ ૧૩ના દિને ચંપકશ્રેષ્ઠિ કથા લખી.

૧૭૦૭ — ૧. પં૰ વીરસાગરગણિ શિ૰ પં૰ સૌભાગ્યસાગરગણિ શિ૰ કમલસાગરગણિએ પોષ સુદિ ૨ને દિને આરાધનાના બાલાવબોધની ૧૦ પત્રની પ્રત લખી.

૨. ઉપા૰ જયસુંદર શિ૰ પં૰ રત્નવિજયે સ્વયંમેવ વાચનાર્થે આષાઢ સુદિ ૧૦ને દિને ૧૮ પત્રની જિનરાજસૂરિકૃત ગુજરાતી ભાષાકાવ્ય નામે શાલિભદ્ર-રાસની પ્રતિ લખી.

૧૭૧૦ — ૧. તપાગચ્છના વિજયદેવસૂરિએ ગંધારમાં વિજયપ્રભને સૂરિપદે સ્થાપ્યા. તે જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષે સુરતમાં તેઓ ચાતુર્માસ રહ્યા.

૨. શ્રી વિજયપદ્મસૂરિએ ચોમાસું કર્યું.

૧૭૧૨ — તપાગચ્છના કનકવિજય શિષ્ય રામવિજયે વિજયદેવસૂરિ નિર્વાણ સ૦ (૨૮ કડી)ની આસો ૨ના દિને રાંદેરમાં રચના કરી.

૧૭૧૩ પછી — તપા૦ વિજયપ્રભસૂરિ સુરતમાં બિરાજમાન હતા ત્યારે ઉપા૦ વિનયવિજયે જોધપુરથી ત્યાં પધારવા માટે વિજ્ઞપ્તિપત્રરૂપે સંસ્કૃત મેઘદૂતના અનુકરણરૂપે 'ઇંદુદ્રત' નામનું ૧૩૧ સંસ્કૃત પદ્યોનું ખંડકાવ્ય લખી મોકલ્યું. તેમાં સુરત સંબંધી પદ્ય ૩૧,૩૨,૮૭ થી ૧૦૭ છે. વર્ણન સુંદર આલંકારિક ભાષામાં છે.

૧૭૧૫ — સા૦ મેઘજી ભાર્યા શ્રાવિકા ગોરબાઈની પુત્રી શ્રાવિકા વીરબાઈએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (નિર્યુક્તિ સહિત) 'જ્ઞાનહેતિ' વહોરાવ્યું.

૧૭૧૫ લગભગ — ખરતરગચ્છના બેગડશાખાના આ૦ જિનસમુદ્રસૂરિ સુરત પધાર્યા ત્યારે શાહ છતરાજે પ્રવેશમહોત્સવ કરાવ્યો.

૧૭૧૬ — શ્રી વિનયવિજયજીએ સુરતમાં ચાતુર્માસ રહ્યા અને ધર્મનાથ સ્ત૦ લઘુ ઉપમિતિ ભવપ્રપંચ સ્તવનની રચના કરી.

૧૭૧૯ — ૧. શ્રી નિત્યવિજયે વીસ વિહરમાન જિનપૂજાની રચના કરી.

૨. ખ૦ જિનભદ્રસૂરિ પરંપરાના જિનચંદ્રસૂરિએ ચોમાસું કર્યું.

૧૭૨૧ — મુનિ વિનયસુંદરે મા૦ શુદિ ૧૫ના દિને શ્રાવિકા વીરબાઈના પઠનાર્થે સેવકકૃત ૨૪૫ ગાથાના ઋષભદેવ તેર ભવ સ્તવનની ૧૪ પત્રની પ્રતિ લખી.

૧૭૨૨ — ૧. ઉપા૦ શ્રી યશોવિજયજીએ ચાતુર્માસ દરમ્યાન પ્રતિક્રમણ હેતુ સ્વાધ્યાય(૧૯ ઢાલ તથા ૧૧ અંગ)ની ગુજરાતી ભાષામાં રચના કરી.

૨. ઉપા૦ શ્રી યશોવિજયજીએ સુરજમંડન શ્રી પાર્શ્વનાથ સ્તવન રચ્યું.

૨. ઉપા૦ વિનયવિજયજીએ સુરતમાં ચોમાસું કર્યું.

૩. શ્રી શીલવિજયમુનિ યાત્રા કરતા જતા સં૦ ૧૭૨૧-૨૨માં સુરત આવે છે ત્યારે ત્યાંના જૈન દેરાસરો અને શ્રાવકોનું ટૂંકું વર્ણન પોતાની તીર્થમાલામાં આપે છે.

૧૭૨૩ — ૧. સત્યવિજય વાચકના મુખ્ય શિષ્ય વૃદ્ધિવિજયે શ્રીમદ્ યશોવિજય વાચકના પ્રસાદથી ઉપદેશમાલા પ્રકરણ ઉપર બાલાવબોધ રચ્યો.

૨. વૃદ્ધિવિજયે ૨૪ જિન સ્તવન-ચોવીસી રચેલ તેની પ્રત છ પત્રની પોતે જ શ્રાવિકા સહજબાઈની પુત્રી શ્રાવિકા કુલબાઈના પઠનાર્થે લખી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૨૫ — પં૰ દાનવિજયે મહો૰ વિનયવિજયકૃત પંચકારણ સ્તવનની બે પત્રની પ્રત લખી.

૧૭૨૮ — ઉપા૰ વિનયવિજયજીએ નેમિનાથ બારમાસ સ્ત૰ કડી ૨૭ની રચના રાનેરમાં કરી.

૧૭૨૯ — ઉપા૰ વિનયવિજયજીએ પુણ્યપ્રકાશ સ્તવનની રચના વિજયાદશમી દિને રાનેરમાં ચાતુર્માસ દરમ્યાન કરી.

૧૭૩૦ — ૧. શ્રી કનકવિજય ચાતુર્માસ રહ્યા.

૨. પં૰ જ્ઞાનસુંદરગણિ કીર્તિસુંદર શિષ્ય વિનયસુંદરે આંચલિક જ્ઞાનસાગરકૃત આદ્રકુમાર ચોપાઈ (૨૰ સં૰ ૧૭૨૭)ની ૧૪ પત્રની પ્રત લખી.

૧૭૩૨ — દિ૰ મહીચંદ્ર શિષ્ય જયસાગરે માગશર સુદ ૧૩ મંગળવારે 'અનિરુદ્ધ હરણ' (ખંડ ૪)ની રચના કરી.

૧૭૩૩ — શ્રી રામવિજયે વીરજિન પંચકલ્યાણકની રચના કરી.

૧૭૩૬ — પં૰ મતિમાણિક્ય મુનિએ પોષ વદિ ૩ને દિને સુશ્રાવક માંણિકજી વાચનાર્થે કવિ ઉદયરાજકૃત (૨૰ સં૰ ૧૬૭૬) ગુણ-બાવની એક ચોપડામાં પત્ર ૧ થી ૧૭માં લખી.

૧૭૩૮ — ૧. ઉપા૰ વિનયવિજયે રાનેરમાં ચાતુર્માસ દરમ્યાન ભગવતી સૂત્ર સજ્ઝાય રચનાની શરૂઆત કરી.

૨. ઉપા૰ વિનયવિજયે રાંદેરમાં શ્રીપાલ રાસ(ખંડ-૪ કડી-૧૯૦૦)ની રચના કરી.

૧૭૩૯ — શ્રી રત્નસુંદરગણિ શિ૰ મહો૰ રત્નરાજકૃત બાવીસ અભક્ષ નિવારણ સઝાય કડી ૨૭ તે કર્તાના શિષ્ય લખમીચંદ્રે સુશ્રાવક હાંસજીના પુત્ર માંણિકજીના પુત્ર વીરચંદ ભ્રાતા મોતીચંદ ભત્રીજા ચિ૰ જીવણદાસ પ્રમુખ પરિવારના વાચનાર્થે લખી.

૧૭૪૩ — ૧. શ્રી સોમનંદનમુનિએ ચાતુર્માસ દરમ્યાન જયતિહુઅણ સ્તોત્રની પ્રત લખી.

૨. પં૰ પુણ્યસુંદરગણિ શિ૰ પં૰ માણિક્યસુંદર શિ૰ પ્રતાપસુંદરે ફા૰ શુ૰ ૧૫ ગુરુવારે મહાકવિ કાલીદાસના કુમારસંભવ કાવ્યની પ્રતિ લખી.

૩. કવિ જિનહર્ષે સં૰ ૧૭૪૦માં રચેલા શ્રીપાલ રાસની હસ્તપ્રત શ્રી સોમનંદને વૈ૰ શુ૰ ૭ને ગુરુવારે ૨૮ પત્રમાં લખી.

૧૭૪૪ — શ્રી જ્ઞાનમેરુએ કવિ સહજસુંદરકૃત ગુણરત્નાકરછંદની ૧૭ પત્રની પ્રતિ લખી.

૧૭૪૫ — પં૰ શ્રી લાવણ્યવિજયગણિ શિ૰ પં૰ નિત્યવિજયગણિએ 'સમસ્તશ્રાવિકા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુખ્યશ્રાવિકા માણિકબાઈ પઠનાર્થે સાધ્વી માણિક્યશ્રી શિષ્યણી સાધ્વી પ્રેમશ્રી વચનાત્' આંચલિક જ્ઞાનસાગરના સં૰ ૧૭૧૯(૨૧)માં ભાવવિષયે રચેલા ઈલાચીકુમાર રાસની ૧૫ પત્રની પ્રત લખી.

૧૭૪૬ — શ્રી રામસાગર પઠનાર્થે શ્રી પક્ખિસૂત્રની પ્રત માગ૰ સુદિ ૧૩ દિને લખાઈ.

૧૭૪૭ — શ્રી રતિચંદ્રજી ચાતુર્માસ રહ્યા.

૧૭૫૧ — ૧. ત૰ જયવિજય શિ૰ જિનવિજયે આસો સુદ ૧૦ને દિને ગુણાવલી રાસ-(ઢાળ-૨૭ કડી-૪૮૭)ની રચના કરી.

૨. તપા૰ શ્રી ભાવરત્નસૂરિ શિ૰ માનરત્ને અર્હન્નક રાસની પાંચ પત્રની પ્રત ચૈત્ર માસે લખી.

૩. શ્રી શાંતિરત્ને જેઠ સુદ ૭ને દિને કવિ જિનહર્ષકૃત હરિશ્ચંદ્રરાસની ૧૬ પત્રની પ્રત લખી.

૧૭૫૨ — મેઘાવીમુખ્ય સુયશોવિજયના શિષ્ય જિનવિજયે પોતાના માટે (પોતે રચેલો) વિચાર ષટ્ત્રિંશિકા સ્તવન (દંડક) સાર ટબાર્થ રચ્યો.

૧૭૫૩ — દીપ્તીવિજયગણિ શિ૰ પં૰ ધીરવિજયે આસો સુદ ૯ શુક્રે ઋષભદાસકૃત અભયકુમાર રાસ (૨૰ સં૰ ૧૬૮૨)ની હસ્તપ્રત ૫૦ પત્રની લખી.

૧૭૫૫ — જ્ઞાનવિમલસૂરિ સુરતથી શ્રાવક સપરિવાર ચૈત્યયાત્રાએ નીકળ્યા તેનું વર્ણન તીર્થમાળામાં આપેલું છે. પ્રથમ સુરત શહેરના ચૈત્યો જુહારે છે.

૧૭૫૬ — લોંકાગચ્છના તેજસિંઘે શિષ્ય કાન્હજી સાથે ચાતુર્માસ કર્યું. ત્યાં કાન્હજીએ શાંતિનાથ સ્ત૰ ૭ કડીનું અને સુદર્શન શેઠની ૧૮ કડીની સ્વાધ્યાય રચી.

૧૭૫૮ — ૧. જ્ઞાનવિમલસૂરિએ પ્રાકૃત ચેઇયવંદન ભાષ્યનું ગુજરાતી ભાષામાં વિવરણ લખ્યું.

૨. શ્રી કહાનજીએ સામાયિક દોષ સજ્ઝાયની રચના કરી.

૩. જ્ઞાનવિમલસૂરિ શિ૰ નયવિમલે ચૈત્યવંદન, દેવવંદન, પ્રત્યાખ્યાન, ભાષ્યત્રય બાલા૰ની રચના કરી.

૧૭૫૯ — પં૰ શુભવિજયગણિ શિ૰ પં૰ રામવિજયે મહા વદ ૧૩ બુધવારે ઋષભદાસકૃત શ્રેણિકરાસની પ્રત ૬૬ પત્રની લખી.

૧૭૬૧ — શ્રી રાજસુંદરજી ચાતુર્માસ રહ્યા.

૧૭૬૨ — શ્રી જિનચંદ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસમાંથી જણાય છે કે શ્રી જિનસુખસૂરિ સુરતમાં ચાતુર્માસ રહ્યા.

૧૭૬૩ — ૧. ખ૰ જિનચન્દ્રસૂરિ (૭મા)નો સુરતમાં જેઠ સુદિ ૩ને દિને સ્વર્ગવાસ થયો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. જિનચંદ્રસૂરિના પટ્ટધર તરીકે અષાઢ સુદ ૧૧ને દિને જિનસૌખ્યસૂરિને સૂરિપદ મળ્યું. આ સૂરિપદનો ઉત્સવ ચોપડા ગોત્રના પારિખ સામીદાસે ૧૧હજાર રૂા. ખર્ચી કર્યો.

૩. ચંદ્રદાસના કર્તા મોહનવિજયે 'પર્વતિથિ નિર્ણય' ગ્રંથ લખ્યો.

૧૭૬૪ — આસો વદ ૧૧ બુધે તર્કસંગ્રહની હસ્તપ્રત લખાઈ.

૧૭૬૬ — ૧. ખીમચંદગણિ શિ૰ કેશરચંદ્રે ભાદરવા સુદ ૩ બુધે શ્રી લાડુઆ શ્રીમાલી જ્ઞાતિ વૃદ્ધ શાખાના સા૰ ભવાનીના વાચનાર્થે તથા સા૰ મેઘરાજના આગ્રહથી કવિ ઋષભદાસકૃત શ્રેણિકરાસની પ્રતિ લખી.

૨. જ્ઞાનવિમલસૂરિએ પોષ વદ ૮ બુધવારે વીશ સ્થાનક તપનું સ્તવન રચ્યું.

૩. સુંદર શ્રાવકની સ્ત્રી અમૃતબાઈએ શાંતિનાથનું બિંબ ભરાવી જ્ઞાનવિમલસૂરિ હસ્તે પ્રતિષ્ઠા કરાવી.

૧૭૬૯ — સુરતમાંથી પ્રથમ સંઘ કાઢનાર પરીખ પ્રેમજી સવજી હતા.

૧૭૭૦ — ૧. આ૰ હાંસજીએ કા૰ વ૰ ૧૩ ગુરુવારે ગુણસ્થાનક્રમારોહ ચૂર્ણિની પ્રત લખી.

૨. રંગસાગરના શિષ્ય રામસાગરે પ્રથમ અષાઢ સુદ ૧૨ રવિવારે ખ૰ ભુવનકીર્તિકૃત 'અંજનાસુંદરી રાસ'(૨૰ સં૰ ૧૭૦૬)ની પ્રત ૨૩ પત્રની લખી.

૧૭૭૦ (૭૭?) — સુરતના શ્રીમંત શ્રાવક પ્રેમજી પારેખે રાજનગરના શ્રીમંત શ્રાવક ઓસવાલ ભણશાલી કપુરચંદ સાથે મળીને ચૈત્ર સુદ ૧૦મે શત્રુંજયનો સંઘ કાઢ્યો જેમાં ખંભાત, પાટણ, અમદાવાદ, સુરત ચારે સંઘોના પાંત્રીસ હજાર માણસો હતા.

૧૭૭૧ — ૧. શ્રી રાજસુંદરજી, ત્રૈલોક્યસુંદરજી, દયાવિજયજી સુરતમાં ચાતુર્માસ રહ્યા.

૨. અંચલગચ્છના વાચક સહજસુંદરગણિ શિષ્ય મુનિ શ્રી નિત્યલાભે ભા૰ સુ૰ ૧૦ દિને આત્મબોધકુલકનો ટબો લખ્યો.

૧૭૭૨ (૭૪?) — સુરતમાં સૈદપુર બંદરમાં ચાતુર્માસ દરમ્યાન શ્રી જ્ઞાનવિમલસૂરિએ નાની કૃતિઓ ઉપરાંત એક મોટી કૃતિ નામે અશોકચંદ્ર તથા રોહિણીદાસ જ્ઞાનપંચમીએ રચી પૂર્ણ કરી.

૧૭૭૩ — ૧. શ્રી જ્ઞાનવિમલસૂરિએ માહ શુદ ૧૧ શનિએ સકલાર્હત્ ૫૨ ટબો રચ્યો.

૨. તપા૰ વિમલવિજય શિ૰ રામવિજયે ચાતુર્માસ ચાતુર્માસ દરમ્યાન વીરજિન પંચકલ્યાણક સ્તવન અને ૨૪ જિનના આંતરાનું સ્તવન રચ્યું.

૩. ત૰ શ્રી રામવિજયે 'વિજયરત્નસૂરિ રાસ'ની રચના ભાદરવા વદ બીજ પછી કરી.

૧૭૭૪ — ૧. ખ૰ જિનહર્ષ શિ૰ જસરાજે ફા૰ શુ૰ ૯ શુક્રવારે રાંદેર બંદરે અજિતસેન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કનકવતી રાસની રચના કરી.

૨. ત૰ના ઉપા૰ હંસવિજય શિ૰ ધીરવિજયગણિએ વિજયઋદ્ધિસૂરિના આદેશથી મૌન એકાદશી કથા સંસ્કૃત શ્લોકમાં રચી.

૧૭૭૬ — શ્રી જ્ઞાનવિમલસૂરિએ માઘ સુ૰ ૧૧ બુધવારે શાંતિનાથ બિંબ તથા વૈ૰ શુ૰ ૧૧ બુધને દિને વેજબાઈએ કરાવેલ શીતલનાથ બિંબ અને વા૰ લા૰ કેશવ સુત કપુર ભાર્યા ફલકુએ કરાવેલ વાસુપૂજ્ય બિંબની અને એક શ્રીમાળીના ભરાવેલ પદ્મપ્રભુ બિંબની પ્રતિષ્ઠા કરી.

૧૭૭૭ — શ્રી જ્ઞાનવિમલસૂરિના ઉપદેશથી શેઠ પ્રેમજી પારેખે શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો. (જુઓ સુખસાગરકૃત 'પ્રેમવિલાસ રાસ')

૧૭૮૦ — ૧. ક્ષમાવિજયજી અને જિનવિજયજી ચાતુર્માસ રહ્યા.

૨. સુરતના શ્રાવક પ્રેમજી પારેખની ભાર્યા નવીબાઈએ આદિનાથ બિંબ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા તેમજ સુરદાસ ગંગદાસની પુત્રી નંદુબાઈએ ભરાવેલી ચંદ્રપ્રભુની મૂર્તિની પ્રતિષ્ઠા વૈ૰ સુ૰ ૯ સોમને દિને જ્ઞાનવિમલસૂરિએ કરાવી.

૧૭૮૧ — ૧. મહો૰ ઋદ્ધિવિજયગણિના શિ૰ ધર્મવિજયગણિએ ચૈત્ર સુદ ૧ શનિવારે પં૰ ગુણવિજયના વાંચનાર્થે મહો૰ યશોવિજયજીના શિ૰ તત્વવિજયે સં૰ ૧૭૨૪માં રચેલા અમરદત્ત મિત્રાનંદ રાસની પ્રત ૧૯ પત્રની લખી.

૨. અં૰ શ્રી સહજસુંદર શિ૰ નિત્યલાભે ચાતુર્માસ દરમ્યાન ૨૪ જિનસ્તવનો, શ્રી મહાવીરપ્રભુના પંચકલ્યાણક ગર્ભિત ચોઢાળીઉં અને આર્યા ચંદનબાલા પર સ્વાધ્યાય રચેલ છે.

૧૭૮૨ — ૧. શ્રી નિત્યલાભે મહા સુદ ૭ બુધે સદેવંત સાવલિંગા રાસ સુરત સંઘના આગ્રહથી રચ્યો.

૨. શ્રી જ્ઞાનવિમલસૂરિના શિષ્ય સૌભાગ્યસાગરસૂરિએ તેમના ગુરુની પાદુકાની પ્રતિષ્ઠા કરી.

૧૭૮૪ — ૧. પ્રસિદ્ધ અધ્યાત્મયોગી શ્રી દેવચંદ્રજી ચાતુર્માસ રહ્યા.

૨. શ્રી જિનવિજયજીએ 'ધન્ના શાલિભદ્ર રાસ'ની રચના કરી.

૩. શ્રી ન્યાયસાગરે 'મહાવીર રાગમાલા'ની રચના કરી.

૪. શેઠ નેમચંદ્ર મેલાપચંદ્રની વાડી ઉપાશ્રયમાં સ્વ૰ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય-વીરસૂરિના શિષ્યે 'શ્રી ઉત્સૂત્રપદોદ્ઘટ્ટ કુલક'ની પ્રતિ લખી.

૫. વૃદ્ધ તપા૰ ભટ્ટારક શ્રી વૃદ્ધિસાગરસૂરિના રાજ્યમાં જિનચંદ્રમુનિએ શ્રીમાલી જ્ઞાતિની બાઈ ઇન્દ્રાણીએ કરાવેલો ચતુર્વિંશતિ જિનપટ્ટ પ્રતિષ્ઠિત કર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૮૫ — જે૦ વ૦ ૬ને રવિવારે શ્રી યશોવિજયકૃત ૩૫૦ ગાથાના સીમંધર સ્તવનની ૨૮ પત્રની હસ્તપ્રત લખાઈ.

૧૭૮૫-૮૬-૮૭ — શ્રી દેવચંદ્રજી ચાતુર્માસ રહ્યા. તેઓની પાસેથી શત્રુંજય મહિમા શ્રવણ કરી ભાગ્યવાનોએ ત્યાં ઘણાં નવા ચૈત્યો કરાવ્યા તથા જીર્ણોદ્ધાર કરાવ્યા.

૧૭૮૬ — ફાગણ વદ ૧ને રવિવારે ત૦ ન્યાયસાગરે સં૦ ૧૭૮૪ ધનતેરસે રાનેરમાં ગુજરાતીમાં રચેલી 'મહાવીર રાગમાલા'ની પ્રત ૪ પત્રની લખાઈ.

૧૭૮૭ — ૧. શ્રી લક્ષ્મીસાગરસૂરિ ચાતુર્માસ રહ્યા.

૨. તપા૦ શ્રી વિજયદયાસૂરિએ ફાગણ સુદ ૩ દિને સુરતમાં પ્રવેશ કર્યો. શેઠ માણિકચંદ, શા૦ પ્રેમજી વગેરે સંઘના આગેવાનોએ પ્રવેશોત્સવ કર્યો અને સૂરિએ તે વર્ષે સુરતમાં જ ચોમાસું કર્યું.

૧૭૮૮ (૯૪?) — સંઘવી કચરા કીકા પટણીએ અધ્યાત્મયોગી શ્રી દેવચંદ્રજી મહારાજના ઉપદેશથી 'સમેતશિખર મહાતીર્થનો યાત્રાસંઘ' કાઢ્યો હતો. ધર્મક્રિયા કરાવવા પુંજાકુમારને સાથે લીધા હતા.

૧૭૮૮ — ૧. શ્રી લક્ષ્મીસાગરસૂરિએ ચોમાસું કર્યું.

૨. ઉપા૦ પ્રમોદસાગરને વિજયાદશમીને ગુરુવારે આચાર્યપદવી મળી અને શ્રી કલ્યાણસાગરસૂરિ નામ ધારણ કર્યું.

૩. શ્રી લક્ષ્મીસાગર આસો વદ ૭ને દિને કાળધર્મ પામ્યા.

૪. શ્રી કલ્યાણસાગરસૂરિએ હીરવિહારમાં શ્રી લક્ષ્મીસાગરસૂરિની પાદુકા સ્થપાવી ત્યાં થૂભ કરાવ્યો. સભાચંદ કચરાએ ઘણું દ્રવ્ય ખર્ચ્યું.

૧૭૮૯ — શ્રી વિજયદયાસૂરિ રાજ્યે સુરતમંડણ પાર્શ્વ પ્રાસાદે ત૦ ઉત્તમસાગરકૃત 'ત્રિભુવનકુમાર રાસ' (૨૦ સં૦ ૧૭૧૨) શ્રી ન્યાયકુશલગણિ શિ૦ વિદ્યાકુશલ શિ૦ અખયકુશલગણિએ ચૈ૦ વ૦ ૯ને દિને લખ્યો.

૧૭૯૦ — સુશ્રાવક ખુશાલચંદના વાચનાર્થે શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયકૃત 'દ્રવ્યગુણ પર્યાય રાસ'ની પ્રત ૭૫ પત્રની મહા સુદ ૮ને ગુરુવારે લખાઈ. તેની બીજી હસ્તપ્રત ૩૦ પત્રની મહા વદ ૧૦ રવિવારે લખાઈ.

૧૭૯૨ — મુનિ મોહનહંસ અને મુનિ મુક્તિહંસે ચાતુર્માસ રહી ફા૦ વ૦ ૧૩ શનિવારે કવિ રામવિજયકૃત શાંતિનાથ રાસની ૧૮૪ પત્રની પ્રત લખી.

૧૭૯૩ — કડવાગચ્છના શ્રી થોભણ શિ૦ લાધાશાહે માગશર વદ ૧૦ ગુરુવારે 'સુરત ચૈત્યપરિપાટી' ૮૧ કડીની રચના કરી.

૧૭૯૪ — મુનિ ગણેશરુચિએ આસો સુદ ૨ને દિને 'વિચારામૃત સંગ્રહ'ની પ્રતિ લખી.

૧૭૯૬ — પં૦ શ્રી ભોજવિમલગણિ શિ૦ મેઘવિમલે વૈ૦ શુ૦ ૧૫ને બુધવારે દંડક પર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્તબક (ગુજરાતી બાલાવબોધ) પશાગરીજી લક્ષ્મીશ્રીજી પઠનાર્થે લખ્યો.

૧૭૯૭ — ૧. અં૦ના જ્ઞાનસાગરગણિએ ચાતુર્માસ દરમ્યાન અષાઢ સુદ ૨ને દિને ગોડી પાર્શ્વનાથની સાનિધ્યે 'ગુણવર્મા રાસ' ગુજરાતી પદ્યમાં રચ્યો.

૨. કા૦ સુ૦ ૩ રવિવારે શ્રી જ્ઞાનસાગરગણિને આચાર્યપદ મળ્યું, નામ ઉદયસાગરસૂરિ રાખ્યું.

૩. માગશર સુદ ૧૩ને દિને શ્રી ઉદયસાગરસૂરિને ગચ્છનાયક પદે બિરાજમાન કર્યા. તેઓ પ્રથમ હાલારી પટ્ટધર થયા.

૪. શ્રી વિદ્યાસાગરસૂરિ કા૦ સુ૦ ૫ના રોજ કાળધર્મ પામ્યા. સુરતના હરિપુરામાં ભવાનીવડ પાસેના અચલગચ્છીય ઉપાશ્રયમાં સૂરિજીની ચરણ પાદુકાઓ સ્થાપવામાં આવી.

૧૭૯૮ — ૧. શ્રી ઉદયસાગરસૂરિની નિશ્રામાં ખુશાલ શાહે શત્રુંજયનો સંઘ કાઢ્યો. મંત્રી ગોડીદાસ, બંધુ જીવણદાસ, ધર્મચંદ શાહ, નર-નારીઓ સંઘમાં જોડાયા.

૨. તપા૦ શ્રી જિનવિજયે સઈદપુરમાં ચોમાસું કર્યું.

૧૭૯૯ — ૧. ફા૦ સુ૦ ૧ દિને શ્રી દેવેન્દ્રસૂરિકૃત કર્મગ્રંથ યંત્ર સહિતની પ્રતિ લખાઈ.

૨. તપા૦ વિજયદયાસૂરિના ગચ્છમાં વિનીતસાગરના શિષ્ય ભોજસાગરે જેઠ વદ ૧૪ ભોમવારે તપા૦ રત્નશેખરસૂરિકૃત આચારપ્રદીપ નામના સંસ્કૃત ગ્રંથ પર ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો.

૩. તપા૦ વિજયદયાસૂરિએ ચોમાસું કર્યું. સુરતમાં ૧૪ ચોમાસાં કર્યાં હતા.

૪. શ્રી પદ્મસુંદરે ચાતુર્માસ દરમ્યાન આસો સુદ ૧૫ રવિવારે નવવાડી પર સજ્ઝાય રચી.

૫. શ્રી વિજયદયાસૂરિ રાજ્યે સૂરજમંડણ પ્રસાદે ત૦ ઉત્તમવિજયે સંયમશ્રેણી-ગર્ભિત મહાવીર સ્તવન ટબા સહિત ૪ ઢાળની રચના વૈ૦ સુ૦ ૩ને દિને કરી.

૬. ભાણવિજય શિ૦ જિનવિજયે શ્રા૦ વ૦ ૧૦ ગુરુવારે ધનાશાલિભદ્ર રાસ (ખંડ-૪, ઢાળ-૮૫ કડી-૨૨૫૦) રચ્યો.

૭. સત્યસાગરે વચ્છરાજ રાસ રચ્યો.

૧૮૦૨ — શ્રી જ્ઞાનવિમલસૂરિ શિ૦ નયવિમલકૃત 'અશોકચંદ્ર રોહિણી રાસ'ની પ્રતિ આસો સુદ ૧૫ રવિવારે લખાઈ.

૧૮૦૩ — ઋષિ રાઘવજી શિ૦ ઋષિ મનજીએ સુમતિહંસની સં૦ ૧૭૧૩માં રચેલી 'વૈદર્ભી ચોપઈ'ની પ્રત બાઈ પાંખડી પઠનાર્થે ચાર પત્રની લખી.

૧૮૦૪ — સંઘપતિ કચરા તથા રૂપચંદ શેઠનો શ્રી સિદ્ધાચલનો છ'રી પાળતો સંઘ સુરત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ડુમસ)થી નીકળી ભાવનગર દરિયાઈ માર્ગે આવે છે. કા૦ સુ૦ ૧૩ને દિને સંઘ નીકળ્યો, માગશર સુદ ૧૩ દિને શત્રુંજયની જાત્રા કરી.

૧૮૦૫ થી ૧૮૧૦ — શ્રી ઉત્તમવિજયજી સાથે પદ્મવિજયજી સુરત આવ્યા હતા. સુવિધિવિજય પાસે શબ્દશાસ્ત્ર, પંચકાવ્ય, મદાલસા આદિ નાટક, છંદશાસ્ત્ર, અલંકારનો અભ્યાસ કર્યો. તારાચંદ સંઘવીએ તેમના માટે પંડિત રાખી ન્યાયશાસ્ત્ર ભણાવ્યું. ઉત્તમવિજયજીએ ગુરુ પાસે જૈનન્યાય, મહાત્માત્ય, અંગઉપાંગ, મૂલસૂત્ર, પાંચ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ આદિનો અભ્યાસ કર્યો.

૧૮૦૬ — શ્રી વિજયઋદ્ધિ સ્વર્ગવાસી થયા.

૧૮૦૭ — શ્રીમદ્ યશોવિજયકૃત ૧૨૫ ગાથાના સીમંધરસ્તવનની ૧૦ પત્રની પ્રતિ પં૦ વિનીતવિજયે શ્રાવિકા લહેરીબાઈ પઠનાર્થે વૈ૦ શુ૦ ૩ બુધવારે લખી.

૧૮૦૯ — ખ૦ શ્રી જિનહર્ષ શિ૦ જસરાજકૃત અજિતસેન કનકાવતી રાસ (૨૦ સં૦ ૧૭૫૧) જેઠ વદ ૪ને ગુરુવારે રાંનેર ગામે પં૦ ભીમવિજયગણિના શિ૦ હંસવિજય વાચનાર્થે લખ્યો.

૧૮૧૦ — પં૦ અમરવિજયગણિ શિ૦ પં૦ સૌભાગ્યવિજયગણિ શિ૦ મુનિ હિતવિજયે શ્રી જિનવિજયકૃત ધના શાલિભદ્રરાસની પ્રત ૧૪૨ પત્રમાં લખી.

૧૮૧૧ — શ્રી કલ્યાણસાગરસૂરિ જેઠ વદ ૨ને દિને ૬૭ વર્ષની વયે કાળધર્મ પામ્યા.

૧૮૧૩ — ૧. ભ રાજવિમલસોમસૂરિ ચેલા વણારસીના પઠનાર્થે સુરત બંદરે શાંતિનાથ પ્રસાદે અજ્ઞાત કવિકૃત કલ્પસૂત્ર બાલા (ગદ્યકૃતિ) જેઠ વદ સાતમને બુધવારે લખાઈ.

૨. ગોપીપુરા મધ્યે શ્રી પાર્શ્વનાથ પ્રાસાદે કનકકુશલે સં૦ ૧૬૫૫માં સંસ્કૃતમાં રચેલી 'સૌભાગ્યપંચમી કથા'ની પ્રતિ ૯૭ પત્રની મા૦ વ૦ ૨ને દિને લખાઈ.

૩. શ્રી પદ્મવિજયજીએ ચોમાસુ કર્યું.

૪. પૂજ્યાચાર્ય શિવજી શિ૦ ઋ૦ સૂર્યમલ્લ શિ૦ ઋ૦ રાજધર શિ૦ ઋ૦ વાઘજીએ તરણીપુર બંદરે (સુરતમાં) શ્રી દેવચંદ્રગણિકૃત આગમસાર (૨૦ સં૦ ૧૭૭૬) પોષ સુદ ૪ સોમવારે લખ્યો.

૧૮૧૪ — ૧. શ્રી પદ્મવિજયે 'સિદ્ધદંડિકા સ્તવન'ની રચના કરી.

૨. શ્રી પદ્મવિજયે ચોમાસુ કર્યું.

૩. પં૦ ભક્તિલાભગણિ શિ૦ મુ૦ ભવાનસુંદર તત્ભાતર સુમતસુંદર મુનિ રૂપવર્ધનજી જયલાભજી પુન્યવર્ધનજી ચિરં જાદવજીએ ચરં પ્રાગજીના પઠનાર્થે દામોદર મુનિ શિ૦ દયાસાગરકૃત 'સુરપતિકુમાર ચોપાઈ'ની માગશર વદ ૧૪ રવિવારે નાની ચોપડી લખી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮૧૪ — ઉત્તમવિજયના શિષ્ય રત્નવિજયે ચોવીશી(૨૪ જિન સ્તવન)ની રચના કરી.

આસપાસ

૧૮૧૫ — ૧. વૈશાખ સુદ ૭ રવિવારે સૂર્યમંડણ પાર્શ્વ પ્રસાદે ભ૰ વિજયપ્રભસૂરિની પરંપરામાં શિ૰ માનવિજયે સ્વ શિષ્ય કસ્તુરવિજયગણિ વાચનાર્થે કાંતિવિજયકૃત 'મહાબલ મહાસુંદરી રાસ'ની ૮૮ પત્રની પ્રત વૈ૰ સુ૰ ૭ રવિવારે લખી.

૨. ઋષિ વાઘજીએ 'નવતત્ત્વાનિ'ની હસ્તપ્રત લખી.

૧૮૧૬ — ખ૰ જિનવિજયસૂરિ શિ૰ ગુલાબચંદ શિ૰ ભીમરાજે 'શત્રુંજય ઉદ્ધાર રાસ'ની રચના કરી.

૧૮૧૭ — શ્રી સૌભાગ્યવિજયકૃત 'તીર્થમાલા સ્તવન'(૨૰ સં૰ ૧૭૫૦)ની ૧૧ પત્રની પ્રત વૈ૰ વ૰ ૧ બુધવારે શ્રી અમૃતવિજયે સૂર્યમંડન પાર્શ્વ પ્રસાદે લખી.

૧૮૧૮ — ઉપા૰ વિનયવિજય અને યશોવિજયે મળીને પૂર્ણ કરેલા 'શ્રીપાલરાસ'ની ૫૬ પત્રની પ્રત આસો વદ ૫ને દિને ભીમજીએ લખી.

૧૮૧૯ — વાચક જયચંદગણિએ અષાઢ વદ ૧૩ રવિવારે જયરંગ-જેતસીકૃત 'કયવન્ના રાસ'ની ૨૩ પત્રની પ્રત લખી.

૧૮૨૧ — ૧. સંઘવી કચરા કીકાના પુત્ર સં૰ તારાચંદનો સંઘ માગશર વદ ૨ના દિવસે સુરતથી નીકળી વિવિધ જૈન તીર્થો અને મોટાં નગરોની યાત્રા કરી હતી.

૨. શા૰ પ્રેમચંદ સખી પઠનાર્થે દેવચંદજીકૃત ચોવીશીની ૧૫ પત્રની હસ્તપ્રત માગશર સુદ ૩ સોમવારે લખાઈ.

૧૮૨૩ — ૧. શ્રી વિજયપ્રભસૂરિ પરંપરાના શિ૰ તત્ત્વવિજયગણિજીએ શ્રી વિનયવિજયજીકૃત શ્રીપાલરાસ (૨૰ સં૰ ૧૭૩૮) જેઠ સુદ ૮ને શુક્રવારે રાંનેર બંદરે લખ્યો.

૨. અં૰ શ્રી ઉદયસાગરસૂરિએ તેમના શિષ્યને આચાર્યપદ આપી કીર્તિસાગરસૂરિ નામ સ્થાપ્યું. આ વખતે શા૰ ખુશાલચંદ તથા ભુખણદાસે છ હજાર ખર્ચી મહોત્સવ કર્યો.

૧૮૨૪ — શ્રી ઉદયસાગરસૂરિ શિષ્ય દર્શનસાગરે વડાચૌટાના ભાઈશાજીના ઉપાશ્રયમાં રહીને 'આદિનાથ રાસ' રચ્યો.

૧૮૨૫ — પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છના મુનિએ કા૰ વ૰ ૧૦ શનિવારે હરિપુરા મધ્યે સંભવનાથના જિનાલયમાં શ્રી હેમરાજ પઠનાર્થે સકલચંદ્રકૃત સત્તરભેદી પૂજાની પ્રત લખી.

૧૮૨૬ — ૧. તારાચંદ શેઠે સુરતનો સંઘ લઈ રાજનગર થઈ શત્રુંજયની યાત્રા કરી — આ વાત ક્ષેમવર્ધનના સં૰ ૧૮૭૦માં રચાયેલા શાંતિદાસ વખતચંદ શેઠના રાસની ઢાલ ૩૮માં મળે છે.

૨. શ્રી ઉદયસાગરસૂરિ આસો સુદ ૨ દિને ૬૩ વર્ષની વયે સમાધિપૂર્વક સ્વર્ગસ્થ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થયા.

૧૮૨૭ — ૧. શ્રી જિનલાભસૂરિ ચાતુર્માસ રહ્યા.

૨. પં૰ દેવે શ્રા૰ સુ૰ ૮ ચંદ્રવારે સા૰ વિમલચંદ્રના પઠનાર્થે સકલચંદ્રકૃત સત્તરભેદી પૂજાની પ્રત એક ચોપડામાં લખી.

૩. વૈશાખ સુદ ૧૨ દિને આદિ ગોત્રીય સાહ નેમિદાસના પુત્ર ભાઈદાસે કરાવેલા ત્રણ ભૂમિના પ્રાસાદમાં શીતલનાથ, સહસ્રફણા પાર્શ્વનાથ, ગોડી પાર્શ્વનાથ આદિ ૧૮૧ બિંબોની પ્રતિષ્ઠા શ્રી જિનલાભસૂરિએ કરી.

૧૮૨૮ — ૧. શ્રી જિનલાભસૂરિએ વૈશાખ સુદ ૧૨ને દિને શીતલનાથના જિનાલયમાં શ્રી મહાવીર આદિ ૮૨ બિંબોની પ્રતિષ્ઠા કરી. (ક્ષમાકલ્યાણકૃત ખરતરગચ્છ પટ્ટાવલી)

૨. સુરતના સંઘ સાથે જિનવિજયજી પાલીતાણા ગયા.

૩. પંડિત ધર્મસાગર (? ધર્મમંદિર)ગણિએ 'પ્રબોધચિંતામણિ રાસ' શ્રી ૧૦૮ શ્રી જિનકુશલસૂરિ સદ્‌ગુરુ પ્રસાદે પોષ વદ ચોથે લખ્યો.

૧૮૩૦ — મુનિ અમૃતવિજયે શ્રાવણ સુદ ૧૪ને દિને ઉદયરત્નકૃત થૂલિભદ્રરાસ-નવરસોની પાંચ પત્રની પ્રત લખી.

૧૮૩૨ — ૧. લોંકા ગચ્છના મહાનંદ મુનિએ ચોમાસું રહી દશાર્ણભદ્ર સજ્ઝાય ઢાલબંધ રચી.

૨. લોં૰ ભીમ શિ૰ સુજાણે ચાતુર્માસ દરમ્યાન 'શિયલ સઝાય'ની ૩૨ કડી રચી.

૧૮૩૩ — પં૰ ઉત્તમવિજયગણિએ મહા સુદ ૫ને બુધવારે તપા૰ પં૰ દેવવિજયગણિની, વિનય(વિનીત)વિજયની તથા મહો૰ સુમતિવિજયગણિની પાદુકા પ્રતિષ્ઠિત કરી.

૧૮૩૪ — ૧. ત૰ સુમતિવિજય શિ૰ ઉત્તમવિજયે કાર્તિક સુદ ૫ બુધવારે '૪૫ આગમની સ્તવનના રૂપે પૂજા' રચી પૂર્ણ કરી.

૨. વા૰ મુનીરંગજીગણિ શિ૰ વા૰ ક્ષમાનંદનગણિ પં૰ ચંદ્રભાણે ઉત્તમચંદ, વિજયચંદ, સરૂપચંદ, જગરૂપ સહિત વૈશાખ વદ ૧૧ દિને ત૰ જ્ઞાનવિમલ-સૂરિકૃત 'અશોકચંદ્ર રોહિણી રાસ' અજિતનાથ પ્રસાદે લખ્યો.

૧૮૩૭ — ૧. શ્રી વિજયઉદયસૂરિ પોષ સુદ ૧૦ દિને સ્વર્ગવાસ થયા.

૨. પ્રેમચંદ સિદ્ધાચલજીનો સંઘ કાઢી સંઘપતિ થયા.

૧૮૪૦ — ત૰ અમૃતવિજયે ફાગણ સુદ ૧૩ને દિને રચેલ વિમલાચલ તીર્થમાલામાં સુરતના શેઠ પ્રેમચંદ લવજીના શત્રુંજય પર કરેલ મંદિરનું વર્ણન છે.

૧૮૪૧ — ૧. શ્રી નાયકવિજયગણિએ પ્રથમ ચૈત્ર સુદ ૧૫ દિને શુક્રવારે નયવિમલકૃત 'અશોકચંદ્રરાસ' સુરતમાં ગોડીમંડણ પાર્શ્વજિન પ્રાસાદે લખ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. ઉપા૰ સમયસુંદરકૃત 'સીતારામ ચોપાઈ' (૨૦ સં૰ ૧૬૮૭) ત૰ ભ૰ કીર્તિરત્નસૂરિ શિ૰ મુ૰ બુદ્ધિરત્નેએ પ્રથમ ચૈત્ર વદ ૪ને બુધવારે શાંતિનાથના ચરણે લખી.

૧૮૪૩ — ૧. શ્રી કીર્તિસાગરસૂરિના પટ્ટધર પુણ્યસાગરસૂરિને આચાર્ય તથા ગચ્છેશપદ અપાયું. તેનો મહોત્સવ શા૰ લાલચંદે કર્યો.

૨. શ્રી વિજયલક્ષ્મીસૂરિએ વૈશાખ સુદ ૨ને દિને વાસુપૂજ્ય જિનની પ્રતિષ્ઠા રતનચંદ શાહ પાસે કરાવી. તે માટેનું વાસુપૂજ્ય જિનમહિમા વર્ણન સ્તવન વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય પ્રેમવિજયે કર્યું છે.

૩. મોદી લવજી સુત પ્રેમચંદે સિદ્ધાચલ ઉપર શિખરબંધ દેવાલય કરાવ્યું. શત્રુંજયમાં નવ ટૂંકોમાંની એક ટૂંક તે પ્રેમચંદ મોદીની પ્રેમાવસી. તેમાં છ મોટા મંદિર અને ૫૧ દેરીઓ બંધાવેલ છે.

૪. શ્રી ઋષભસાગરે જેઠ વદ ૩ને સોમવારે 'પ્રેમચંદ સંઘવર્ણન રાસ' ૨૧ ઢાળની રચના કરી.

૧૮૪૪ — અં૰ શ્રી ક્ષમાસાગરગણિના શિષ્ય તેજસાગરે અષાઢ સુદ ૫ બુધવારે બર્લિન સંગ્રહની ૨૦૧૩ નંબરની પ્રત લખી.

૧૮૪૭ — ત૰ પં૰ શ્રી સૌભાગ્યવિજયગણિના શિ૰ પં૰ વિદ્યાવિજયે હિન્દીમાં સુમતિકવિ રચિત 'ષટરાગગણી ગુણવર્ણન સ્વરૂપ' નામની રાગમાલાની ૧૪ પત્રની પ્રત લખી.

૧૮૪૮ — ભ૰ કીર્તિરત્નસૂરિ શિ૰ મુનિ બુદ્ધિરત્ને ઉદયરત્નકૃત 'અષ્ટપ્રકારી પૂજા રાસ'ની (૨૦ સં૰ ૧૭૫૫) ૬૪ પત્રની પ્રત પોષ વદ ૧૩ શનિવારે શ્રી શાંતિજિન ચરણે લખી.

૧૮૪૯ — ૧. શ્રી પદ્મવિજયજી સિદ્ધાચલ જાત્રા કરી લીંબડી જઈ સુરત આવ્યા તે વખતે સંઘવજી પ્રેમચંદ લવજીએ સામૈયું કરી નગરપ્રવેશ કરાવ્યો. ઉપાશ્રયમાં પન્નવણા સૂત્રનું વ્યાખ્યાન કર્યું.

૨. લોં૰ શ્રી મહાનંદે સોમચંદજી સાથે ચાતુર્માસ કરી આસો સુદ ૧૫ને રવિવારે 'કલ્યાણક ચોવીશી' રચી.

૩. શ્રી મહાનંદે 'જ્ઞાનપંચમી સ્વાધ્યાય'ની ૪ ઢાલ રચી.

૪. શ્રી મહાનંદે 'પર્યુષણા પર્વ સ્વાધ્યાય'ની ૧૦ કડીની રચના કરી.

૧૮૫૨ — ૧. જતિ માણિકવિજે ભ૰ શ્રી હિરવિજયસૂરીશ્વરજી પ્રાસાદે એનમ સાહજી દેવીચંદ વાચનાર્થે શ્રાવક શાંતિદાસકૃત 'ગૌતમસ્વામી રાસ' (૨૦ સં૰ ૧૭૩૨) ભાદરવા સુદ ૮ને દિને ૬૫ કડીનો રાસ લખ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. પ્રેમચંદ લવજી, (રાધનપુરના) મસાલીયા ગોવિંદજી અને (લીંબડીના) હૃદયરામ દિવાન એ ત્રણે જણાએ મળી સંઘ કાઢી મોરવાડના ગોડી પાર્શ્વનાથની-મોટી જાત્રા કરી.

૩. પં૰ અમરવિલાસ મુનિએ નિર્વાણ-કલિકાની પ્રતિ લખી.

૧૮૫૩ — શ્રી સમયપ્રમોદકૃત 'જિનચંદ્રસૂરિ નિર્વાણ રાસ' (૨૰ સં૰ ૧૬૭૦ પછી રચાયેલ)ની ચાર પત્રની પ્રતિ રાજભદ્ર માટે લખાઈ.

૧૮૫૫ — ૧. શ્રી જિનચંદ્રસૂરિ ચાતુર્માસ રહ્યા.

૨. કવિ જસવિજયકૃત '૧૪ બોલની ચોવીસી' જેઠ વદ ૩ને દિને શ્રી આગમસાગર શિષ્ય પ્રધાનસાગર શિષ્ય દિણયરસાગરે ઋષભદેવ પ્રસાદે લખી.

૧૮૫૬ — ૧. બૃહત્ ખરતરગચ્છના જિનચંદ્રસૂરિ દક્ષિણમાં અંતરિક્ષ પાર્શ્વનાથની યાત્રા કરી સુરત આવી જેઠ સુદ ૩ને દિને કાળધર્મ પામ્યા.

૨. શ્રી હિતરંગમુનિને ઉત્સવપૂર્વક જેઠ સુદ ૧૫ને દિને સૂરિપદ મળ્યું. તેમનું નામ શ્રી જિનહર્ષસૂરિ રાખ્યું. તે વખતે નગરમાં શ્રી સંઘે તેમની પાસે ચૈત્યબિંબ પ્રતિષ્ઠા કરાવી.

૩. શ્રી જિનહર્ષસૂરિ ચાતુર્માસ રહ્યા.

૧૮૫૮ — શ્રી વિજયલક્ષ્મીસૂરિ ૬૪ વર્ષની વયે કાળધર્મ પામ્યા.

૧૮૬૦ — સુરતના પ્રેમચંદ ઝવેરચંદ અને જોઈતીના પુત્ર સવાઈચંદે અજારા પાર્શ્વનાથના નવા દેવાલયમાં વૈશાખ સુદ ૫ સોમવારે ત૰ વિજયજિનેન્દ્રસૂરિ પાસે એક નવી પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી.

૧૮૬૧ — ભ૰ કીર્તિરત્નસૂરિ શિ૰ પં૰ બુદ્ધિરત્ન શિ૰ કાંતિરત્નએ ઉપા૰ વિનયવિજયકૃત શ્રીપાલ રાસ(૨૰ સં૰ ૧૭૩૮) જેઠ સુદ ૧ બુધવારે મકવાણા રાજ્યે શાંતિનાથ પ્રાસાદે લખ્યો.

૧૮૬૨ — શેઠ ડાહ્યાભાઈ નવલખાએ મારવાડનો સંઘ કાઢ્યો હતો ત્યારે સંઘ સહિત મારવાડમાં ગોડી પાર્શ્વનાથને ભેટ્યા હતા. સંઘમાંથી પાછા આવી સુરતના વડાચૌટામાં નગરશેઠની પોળમાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનનું મોટું જિનાલય બંધાવ્યું.

૧૮૭૧ — શ્રી વીરવિજયજીએ ચોમાસું રહીને શ્રાવણ માસમાં પાંચ ઢાળનું 'અક્ષય નિધિ તપ' સ્તવન રચ્યું.

૧૮૭૨ — ૧. સાગરગચ્છના પં૰ ન્યાયસૌભાગ્યગણિએ શ્રાવણ સુદ ૭ને શુક્રે ઉદયરત્નકૃત 'લીલાવતી સુમતિવિલાસ રાસ'ની ૧૬ પત્રની પ્રત લખી.

૨. પં૰ નિત્યવિજયગણિ પં૰ જિનસ્તકેને ગોપીપુરા મધ્યે કાર્તિકી ૧૩ ભોમે શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંખેશ્વર પાર્શ્વનાથ પ્રસાદે શ્રી વીરવિજયકૃત 'ચાતુર્માસ દેવવંદન વિધિ અથવા ચોમાસી દેવવંદન વિધિ સહિત' લખી.

૩. મુનિ રૂપરત્ને ફાગણ સુદ ૮ વાગ્પતિવાસરે શાંતિનાથ પ્રાસાદે અજ્ઞાત કવિકૃત 'કલ્પસૂત્ર બાલા૦' મુનિ જૈનેન્દ્ર વાંચનાર્થે લખ્યો.

૧૮૭૭ — ૧. કવિ દીપવિજયે 'સોહમકુલ પટ્ટાવલી રાસ' રચ્યો..

૨. કવિ દીપવિજયે માગશર વદ ૨ના રોજ 'સૂરત કી ગઝલ'ની ૮૩ કડીની રચના કરી.

૩. શ્રી વિસા નેમા જ્ઞાતીય સા૦ અંબાઈદાસ સુત દેવચંદે કરાવેલ ધર્મનાથનું બિંબ અને બીજા સુત માણેકચંદે કરાવેલ અજીતનાથ અને વિમલનાથના બિંબ આણંદસોમસૂરિ અને વિજયસૂરેન્દ્રસૂરિએ મહા વદ ૨ને દિને પ્રતિષ્ઠિત કર્યા.

૪. સાહુકાર ગોપીદાસે સૂરજમંડન પાર્શ્વનાથની સ્થાપના કરી.

૫. સુસ્તના સંઘે પોરબંદરમાં રહેલા તપા૦ના ભ૦ વિજયજિનેન્દ્રસૂરિને સુરત પધારવા નિમિત્તે ચિત્રબદ્ધ એક વિજ્ઞપ્તિપત્ર મોકલેલ જેમાં સુરત નગરનું વર્ણન તૂટીફૂટી બારોટશાહી હિંદી-રાજસ્થાની ભાષામાં મૂકેલું છે.

૧૮૮૦ — શ્રી ધર્મજિણંદ ચાતુર્માસ રહ્યા.

૧૮૮૧ — ૧. વીસા નેમા જ્ઞાતિના દોસી વૃજલાલ કૃષ્ણદાસની ભાર્યા રળીયાતબાઈએ કરાવેલ ધર્મનાથ બિંબ તથા દોસી મોતાની ભાર્યા શ્યામકુંવરે કરાવેલ આદિનાથ બિંબ આણંદસોમસૂરિએ વૈશાખ સુદ ૬ રવિવારે પ્રતિષ્ઠિત કર્યા.

૨. રાજેન્દ્રસાગરજીએ સંભવનાથના જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી.

૧૮૮૬ — લૂંકાગચ્છે ખીમચંદ ઋષિએ ૮મા ચાતુર્માસ દરમ્યાન ગોપીપુરા મધ્યે કા૦ શુ૦ ૧૧ શનિવારે ઉદયરત્નકૃત લીલાવતી સુમતિવિલાસ રાસની પ્રતિ ૧૮ પત્રની લખી.

૧૮૮૯ — ૧. સુરત સંઘે નંદીશ્વર મહોત્સવ કર્યો તે સમયે સુરતમાં વસતા મૂળ ખંભાતના વતની રૂપચંદ જેઠાના પુત્ર ગુલાબચંદે પૂજા ભણાવી અને કવિ દીપવિજયે 'નંદીસર મહોત્સવ પૂજા' મુનિ ભક્તિસાગરના કહેવાથી રચી.

૨. શ્રી દીપવિજયે 'વીસ સ્થાનક પૂજા'ની રચના કરી.

૧૮૯૦ — ૧. શ્રી ઉદયરત્નકૃત 'અષ્ટપ્રકારી પૂજા રાસ' (૭૮ ઢાળ) (૨૦ સં૦ ૧૭૫૫) ચૈત્ર સુદ ૧ ગુરુવારે મુનિ તેજરત્ને શ્રી શાંતિનાથ પ્રાસાદે લખ્યો.

૨. શ્રી ઉદયરત્નકૃત 'યશોધર રાસ' (૮૧ ઢાળ) (૨૦ સં૦ ૧૭૬૭) જેઠ સુદ ૧૧ ભોમે મુનિ તેજરત્ને શ્રી શાંતિનાથ પ્રાસાદે લખ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮૯૨ — શ્રી ક્ષેમવિજયે આસો વદ ૩ને મંગળવારે 'પ્રતિમા પૂજા વિચાર રાસ'ની રચના કરી.

૧૮૯૩ — ૧. મુનિ તેજરત્ને દ્વિ૰ અષાઢની અમાસને શુક્રવારે વચ્છરાજકૃત 'સમ્યકત્વ કૌમુદી રાસ' (૨૰ સં૰ ૧૬૪૨) શાંતિનાથ પ્રાસાદે લખ્યો.

૨. મુનિ તેજરત્ને પોષ સુદ ૧ને રવિવારે ત૰ જિનવિજયકૃત 'જયવિજય કુંવર પ્રબંધ' (૨૰ સં૰ ૧૭૩૪) શાંતિનાથના ચરણે લખ્યો.

૧૮૯૪ — ૧. મુનિ જીવણવિજયે શ્રી વિનયવિજયકૃત 'લોકપ્રકાશની પ્રત' લખી.

૨. ભોજક પ્રરમચંદ જેઠાએ શ્રાવણ સુદ ૨ને દિને શ્રી મોહનવિજયકૃત 'રત્નપાલનો રાસ' (૨૰ સં૰ ૧૭૬૦) લખ્યો.

૧૮૯૬ — શ્રી જયચંદજી ચાતુર્માસ રહ્યા.

૧૯૧૨ — મુનિ તેજરત્ને ફાગણ વદ ૨ રવિવારે શ્રી મોહનવિજયકૃત 'ચંદ્રરાજનો રાસ' (૨૰ સં૰ ૧૭૮૩) મુનિ જયરત્ન વાચનાર્થે શાંતિજિન પ્રાસાદે લખ્યો.

૧૯૧૬ — સાધુ સુખરામે જેઠ વદ ચોથ ગુરુવારે ગોપીપુરા સીંદાસાવાડ જગુમલની પોલ મધ્યે અજ્ઞાત કવિકૃત 'આયતત્ત્વાધિકાર ટબાર્થ' લખ્યો.

૧૯૧૯ — બુદ્ધિવિજય શિ૰ નિત્યવિજયે ચાતુર્માસ દરમ્યાન 'વીસવિહરમાન જિનની પૂજા' રચી.

૧૯૩૬ — ૧. શ્રી રત્નસાગરજી ચાતુર્માસ રહ્યા.

૨. શ્રી રત્નસાગરજીના નેતૃત્વ નીચે નેમુભાઈની વાડીમાં સમવસરણની રચના થઈ. પાછળથી નાણાવટમાં આરસનું સમવસણ થયું.

૧૯૪૫ — શ્રી મોહનલાલજી સાથે શેઠ ધરમચંદ ઉદયચંદ તરફથી શ્રી સિદ્ધાચલજીનો છ'રી પાળતો સંઘ તથા શ્રી કેસરીયાજીનો પગ રસ્તે સંઘ નીકળ્યો.

૧૯૪૬ — શ્રી આત્મારામજી મહારાજ(શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી)નું આગમન.

૧૯૫૦ — જૈન ભોજનશાળાની સ્થાપના.

૧૯૫૧ — જશકોરની ધર્મશાલા તથા દેરાસરજી, મોતી સુખીઆની ધર્મશાલા તથા દેરાસરજી, ગોડીજીના દેરાસરજી તથા ભણશાલીની ધર્મશાલા.

૧૯૫૬ — ૧. શ્રી સૂર્યમંડન પાર્શ્વનાથ પ્રભુની ફરી પ્રતિષ્ઠા મોહનલાલજી મહારાજે કરાવી. જીવણચંદ ધરમચંદ તથા બાલુભાઈ મૂલચંદે ભગવાન પધરાવ્યા.

૨. કતારગામના દેરાસરનો ફરી જીર્ણોદ્ધાર થયો. શ્રી મોહનલાલજી મહારાજના નેતૃત્ત્વ નીચે રૂપચંદ લલ્લુભાઈએ મૂલનાયકને બેસાડ્યા.

૧૯૫૭ — શ્રી વિજયસિદ્ધિસૂરિને પંન્યાસ પદાર્પણ. તે પ્રસંગે શેઠ નગીનચંદ ઝવેરચંદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તરફથી એક લાખ રૂ.ના ખર્ચે અપૂર્વ મહોત્સવ થયો.

૧૯૫૮ — હર્ષમુનિને ગણિપદ.

૧૯૬૧ — શ્રી વિજયનીતિસૂરિને પન્યાસ પદાર્પણ. ઝવેરચંદની આગેવાની. અપૂર્વ મહોત્સવ. પંચતીર્થની રચના.

૧૯૬૨ — ૧. શ્રી મોહનલાલજી જ્ઞાનભંડાર શા૦ નગીનચંદ કપુરચંદે બંધાવ્યો.

૨. મોહનલાલજી પાઠશાલાની સ્થાપના.

૧૯૬૩ — ૧. આ૦ શ્રી આનંદસાગરસૂરિના નેતૃત્વ નીચે શહેરયાત્રા. (પ્રથમ આગમન)

૨. શ્રી મોહનલાલજી મહારાજનો સ્વર્ગવાસ.

૧૯૬૪ — આ૦ શ્રી આનંદસાગરસૂરિના નેતૃત્વ નીચે શ્રી અંતરીક્ષજીનો સંઘ શેઠ અભેચંદ સરૂપચંદે કાઢ્યો.

૧૯૭૪ — ૧. આ૦ શ્રી વિજયકમલસૂરિ (મુલચંદ મહારાજના સમુદાયના) હસ્તે વૈશાખ સુદ ૧૦ દિને શ્રી આનંદસાગરને મહોત્સવપૂર્વક આચાર્યપદ મળ્યું.

૨. લાલન, શિવજી વગેરેના ધર્મદ્રોહના ઝઘડાની પતાવટ.

૧૯૭૫ — ૧. શ્રી જૈન આનંદ પુસ્તકાલયની સ્થાપના.

૨. શ્રી જિનકૃપાચંદસૂરિએ ચોમાસું કર્યું.

૧૯૭૬ — ૧. આ૦ શ્રીમદ્ સાગરાનંદસૂરિના નેતૃત્વ નીચે શેઠ જીવણચંદ નવલચંદનો છ'રી પાળતો શ્રી સિદ્ધાચલજીનો સંઘ નીકળ્યો.

૨. શ્રી જિનકૃપાચંદસૂરિએ ચોમાસું કર્યું.

૧૯૮૧ — ૧. આ૦ શ્રી વિજયકમલસૂરિ ચાતુર્માસ રહ્યા.

૨. શ્રીમદ્ વિજયદાનસૂરિ ચાતુર્માસ રહ્યા.

૩. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિ ચાતુર્માસ રહ્યા.

૪. શ્રી વિજયકમલસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ, જૈન સહાયક ફંડ — એ બે ફંડની સ્થાપના.

૧૯૮૬ — આ૦ શ્રી સાગરાનંદસૂરિની પધરામણી. દેશવિરતિ ધર્મારાધક સમાજ તથા યંગમેન્સ જૈન સોસાયટીનાં સંમેલનો, નવપદ આરાધના, શહેરયાત્રા વગેરે થયા હતા.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ–૨

શ્રી વિનયવિજયોપાધ્યાયવિરચિત

સૂર્યપૂર ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૮૯)

પૂજીએ પૂજીએ **પ્રથમ તિથંકરૂ** એ,
ત્રિભુવન ત્રિભુવન દીપક દેવ તો;
સેવ કરૂં મન રંગસ્યું એ,
સૂરતિ સૂરતિપુર સિણગાર કે;
પૂજીએ પ્રથમ તીથંકરૂ એ.

ત્રુ૰

પૂજીએ પહિલું **પ્રથમ જિનવર** ભુવન દિનકર જગિ જયો,
જિન રૂપ સુંદર સુગુણ મંદિર ગાયવા ઉલટ થયો;
સવિ નીતિ દાષી મુગતિ ભાષી આપ જગ સાષી થયો,
રસરંગ ચાષી દુરતિ નાષી અષયસુષ સંગમ લયો. ૧

સોલમા એ સોલમા એ **સાંતિજિણેસરૂ** એ,
સૂરતિ સૂરતિપુર સિંણગાર કે;
અચિરાકુંઅર ગુણનિલો એ,
વિશ્વસેન વિશ્વસેન રાય મલ્હાર તો;
સોલમા સાંતિ જિણેસરૂ એ.

ત્રુ૰

સોલમા **શાંતીજિણંદ** પામી કુમતિ વામી મઈ સહી.
હવિં ભજું સ્વામી સીસ નાંમી અંતરજામી રહું ગ્રહી;
મલપરિં કમલા સબલ છાંડી પ્રીતિ માંડી મુગતિસ્યું,
જિનરાજ કમલા વરી વિમલા પુણ્ય પ્રભુનું ઉલ્હસ્યું. ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મ એ **ધર્મ** એ જિણેસર વંદિઈ એ,
આપઈ એ આપઈ ધર્મ ઉદાર કે,
પન્નરમો પરમેશ્વરૂ એ,
વિશ્વ એ વિશ્વતણો આધાર કે,
ધર્મ જિણેસર વંદિઈ એ.

ત્રુ૦

વંદિઈ **ધર્મજિણંદ** જગગુરૂ નયર **સૂરતિમંડણો**,
ભવ કષ્ટવારણ સુગતિ કારણ પાપ તાપ વિહંડણો
અનુભવી પદવી જેણઈ અનુપમ ધર્મ – ચક્કીસરતણી,
મુઝ પુણ્ય તરૂઅર ફલ્યો પામી સ્વામી સેવાસારણી. ૩

વામા એ **વામા** એ **સુત** સોહામણો એ,
સિવપુર સિવપુર કરો સાથ કે;
નાથ જ્યો ત્રિભુવનતણો એ,
સૂરતિ **સૂરતિમંડણ** નામ કે;
વામાસુત સોહામણો એ.

ત્રુ૦

વામાતણો સુત સદા સમરથ સેવકાં સાધાર એ,
જગસૂઘ મંદિર થંભ થોભણ નોધારાં આધાર એ;
સસિ સૂર નૂર સમાન કુંડલ મુકુટ મોટો મનહરઈ.
વલિ હાર હીરાતણો હિઅડઈ તેજ તિહુઅણિ વિસ્તરઈ ૪

સેના એ સેના એ નંદન જિનવરૂ એ,
સંભવ સંભવ સુખદાતાર કે;
સાર કરંઈ સેવકતણી એ,
હયવર હયવર લંછણ પાય તો,
સેના એ નંદન જિનવરૂ એ.

ત્રુ૦

સેના એ નંદનતણી સેના મોહના મદ અપહરઈ,
પ્રભુતણઈ ચરણઈ રહ્યા સરણઈ અમર અલિ કલિરવ કરઈ;
પ્રભુતણી વાણી સુધાદાણી રસ સમાણી જાણીઈ.
ભવ તાપ ભાજી દૂરિ જાઈ જિન દવાનલ પાણીઈ. ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સેવું એ સેવું એ **ધર્મ જિણેસરૂ** એ,
પન્નર પન્નરમો જિનરાજ કે;
આજ સફલ મુઝ ભવ થયો એ,
લાધો એ લાધો એ કરૂણાવંત કે;
સેવો એ ધર્મ જિણેસરૂ એ.

ત્રુ૦

સેવીએ **ધર્મજિણંદ** જેહનઇ નમઈ સુરપતિ સુંદરી,
ગુણ ગીત ગાતી કરઈ નાટક ચરણિ નેઉર ઘૂઘરી;
કંસાલ તાલ મૃદંગ ભંભા તિવિલ વેણુ બજાવતી.
કરિ શસ્ત હસ્તક નમી મસ્તક પુણ્યપૂર ગજાવતી. ૬

સૂરતિ એ સૂરતીબંદિરમાહઇ કે,
સોહાઈ એ સંઘ સુહંકરૂ એ;
ચોથા એ ચોથા એ જગદાધાર કે,
અભિનંદન મોરઇ મનિ વસ્યા એ;
સંવર એ સંવર એ કુલ સિણગાર કે,
સોહઈ એ સૂરતિબંદિરઇ એ.

ત્રુ૦

સૂરતિબંદિરમાહિં સોહઇ સુગુણ **ચોથો જિનવરૂ**;
સિદ્ધારથાનઈ ઉઅર સરવરિ પ્રભુ મરાલ મનોહરૂ;
કલ્યાણ કમલા કેલિમંદિર મેરૂ ભૂધર ધીર એ
મુઝ ધ્યાન સંગિ રમો સામી તરૂઅરિં જિમ કીર એ. ૭

પાસ એ **પાસ જિણેસર** રાજીઉ એ,
જાસ એ જાસ વિમલ જસ રાસિ કે;
ત્રિભુવનમાંહઇ ગાજીઉ એ,
ઉંબપ **ઉંબરવાડામાહઈ** કે;
પાસ જિણેસર રાજીઉ એ.

ત્રુ૦

રાજીઉ **પાસ જિણંદ** જયકર અષયસુષ આવાસ એ,
દરિસણઇ જેહનિ નાગ પામ્યો નાગરાજ વિલાસ એ;
ધરણિંદ પદમાવતી જેહનાં ચરણ સેવઈ ભાવસ્યું,
તસ પાય સુરતરૂ તલઈ રંગઈ વિનય મન સુખભરિ વસ્યું. ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂર જો સૂરતણો સુત સુંદરૂં એ,
સત્તર સત્તરમો ભગવંત કે;
કુંથુ નમું આણંદસ્યુ એ,
સોહ એ સોહ એ સૂરતિમાંહિ હે;
સૂરતણો સુત સુંદરૂં એ.

ત્રુ૦

સુત સૂર કેરો સોહઈ સૂરતિમાહિં સૂરતિ સાર એ,
પ્રભુતણી સૂરતિ દેષી મૂરત હોઇ હર્ષ અપાર એ;
મૃગમાનમોચન સ્વામિલોચન દેખિ મુઝ હઈડું ઠરઈ,
મકરંદભર અરવિંદ દેખી ભમર જિમ ઊલટ ધરઈ. ૯

બીજા એ **બીજા** એ વિજયાકુંઅરૂ એ,
ગજપતિ **ગજપતિ લંછણ** સ્વામિ તો;
નામિ સયલ સુખ સંપજઈ એ,
જિતસત્રુ જિતસત્રુરાય મલ્હાર તો;
બીજા એ વિજયાકુંઅરૂ એ.

ત્રુ૦

બીજા તે **વિજયાકુંઅર જિનવર** નયર સૂરતિ સોહ એ,
પ્રભુતણી મૂરતિ કષ્ટ ચૂરતિ ભવિકનાં મન મોહ એ;
જિનવદન સુંદર સુર પુરંદર દેખિ મનિ આણંદ એ,
જિમ કમલ વિકસઈ દેખિ દિનકર કુમુદ જિમ નવચંદ એ. ૧૦

વંદુ વંદુ એ **પાસ ચિંતામણિ** એ,
દિનમણી દિનમણી તેજ નિધાંન કે;
ધ્યાન ધરૂં સ્વામીતણું એ,
સુખ ઘણું સુખ ઘણું પ્રભુનઈ નાંમિ કે;
વંદુ એ પાસ ચિંતામણી એ.

ત્રુ૦

ચિંતામણી શ્રીપાસ વંદું આણંદું સાહેલડી.
પ્રભુવદન ચંદ અમંદ તેજઈ ફલી મુઝ સુખવેલડી;
અતિ ફૂટરૂં પ્રભુ ફણામંડલ દેખિ મુઝ મન ઉલ્હસઈ.
ઘન ઘટાડંબર દેખિ દહદિસિ મોર જિમ હઈડઈ હસઈ. ૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તીરથ તીરથ સૂરતિ બંદિરઇ એ,
જુહારિયાં જુહારિયાં એહ ઈગ્યાર કે;
દુરગતિનાં દુખ વારીઆં એ,
ઊપનો ઊપનો અતિ આણંદ કે;
સૂરતિ તીરથ જુહારીયાં એ.

ત્રુ૦

જુહારિયાં તીરથ સદા સમરથ હરઈ સંકટ ભવિતણાં,
એ તવન ભણતાં જાત્ર કેરાં દીઈ ફલ રલીઆમણાં,
ઘનસાર ચંદન સાર કેસર કુસુમચંગેરી ભરી,
પ્રભુચરણ અંચી પુણ્ય સંચી ભવપૂજા મેં કરી. ૧૨

આવો એ આવો એ **રાનેર** જાઈએ,
પૂજીઈ પૂજીઈ **રાજુલકંત** કે,
સમરથ સામી સામલો એ,
ભેટીએ ભેટીએ **ઋષભ જિણંદ** કે,
આવો એ રાને જાઈએ.

ત્રુ૦

રાનેર ઈણિપરિ જિન જુહારી વલી મુઝ મન અલજ્યુ,
વડસાલિ જીરાઉલો સ્વામી વીરજિન ભેટણિ ગયો,
ઘણદીવિ ચિંતામણિ જુહારિ **નવસારી શ્રીપાસ** એ.
હાંસોટ ભગવઈ દેવ પૂજી ફલી મનની આસ એ. ૧૩

તપગચ્છ તપગચ્છ હીર પટોધરૂ એ,
જેસિંગ જેસિંગ ગુરૂ ગચ્છ સ્તંભ કે.
રૂપાઇ સુત તસ પટઈ એ,
વિજય એ વિજયદેવસુરિંદ કે,
તપગચ્છ હીર પટોધરૂ એ.

ત્રુ૦

તપગચ્છિ હીર સમાન ગણધર વિજયસિંહસૂરિંદ એ,
તસ ગચ્છભૂષણતિલક વાચક કીર્તિવિજય સુખકંદ એ,
તસ ચરણ સેવક **વિનય** ભગતઈ થુણ્યા શ્રીજિનરાજ એ,
સસિકલા સંવત વર્ષ વસુનિધિ ફલ્યા વંછિત કાજ એ. ૧૪

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ–૩

કટુકમતીયલાધાસાહકૃત

સુરત ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૯૩)

પ્રણમી પાસ જિણંદના ચરણકમલ ચિત્ત લાય;
રચના ચૈત્યપ્રવાડની રચસુ સુગુરુ પસાય. ૧

સુરતબંદીરમાં અછે જિહાં જિહાં જિનવિહાર;
નામ ઠામ કહી દાષવું તે સુણજયો નરનાર. ૨

ઢાલ પ્રથમ

ચતુર સનેહી મોહના, એ દેશી.

સુરતનગર સોહામણું, સોહામણા જિનપ્રાસાદો રે;
ગોપીપુરામાહે નિરષંતા ઉપનો અધિક આલ્હાદો રે. ૧

શ્રીજિનબિંબ જોહારીયેં, ધારીયે જિનમુખચંદો રે;
તારીયે આતમ આપણોં વારીયે ભવદુખફંદો રે. શ્રી જિન૰ ૨

પ્રથમ નમું આદિનાથને દેહરે ચૈત્ય ઉદારો રે;
બિંબ ચૌદ આરસમેં ધાતુમય ચિત ધારો રે. શ્રી જિન૰ ૩

એકલમલ પંચતીરથી પાટલી નેં પટ જાણું રે;
સર્વ થઇ શતદોયનેં બોહોત્તર અધિક વષાણું રે. શ્રી જિન૰ ૪

બીજે શ્રી શાંતિનાથને દેહરે શ્રી જગદીસો રે;
દ્વાદસ બિંબ પાષાણમેં પંચતીરથી ત્રીસો રે. શ્રી જિન૰ ૫

એકલમલ પટ પાટલી એકતાલીસ બિરાજે રે;
ત્યાસી બિંબ સર્વે થઈ જિનમંદીરમાંહે છાજે રે. શ્રી જિન૰ ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રીજે શ્રી ધર્મનાથને દેહરામાંહે સુણો સંતો રે;
સુરજમંડણ પાસજી ભૂયરામાંહે ભગવંતો રે. શ્રી જિન૦ ૭

ચોવીસબિંબ પાષાણમેં સાત રતનમેં દીપે રે;
એકસો સીતરે ધાતુમેં નિરખંતા નયન ન છીપે રે. શ્રી જિન૦ ૮

ચોથે સંભવનાથનેં પ્રાસાદે પ્રભુ ભેટયા રે;
એકવીસબિંબ પાષાણમેં પૂજંતાં પાતક મેટયા રે. શ્રી જિન૦ ૯

ચોવીસવટા પંચતીરથી એકલમલ પટ જાણો રે;
એકસો ઈકોતેર ધાતુમેં સર્વ સંખ્યાયેં પ્રમાણો રે. શ્રી જિન૦ ૧૦

પાંચમે શ્રી મહાવીરજી ભૂવનબિંબ અતિ સોહે રે:
પાંચ પ્રભુ પાષાણમેં નિરખંતાં ભવિમન મોહે રે. શ્રી જિન૦ ૧૧

એકલમલ પંચતીરથી પાટલીયેં પ્રભુ ધારો રે;
એકતાલીસ સર્વે થઈ ધાતુમય સુવિચારો રે. શ્રી જિન૦ ૧૨

શ્રી ઘરઘર દેરાસરતણી હવે કહું સંખ્યા તેહો રે;
સુરા રતનના ઘરથકી પંચોતેર છે જેહો રે. શ્રી જિન૦ ૧૩

તિહાં જિનબિંબ સોહામણા ધાતુમે પાષાણો રે;
સર્વ થઈ સવાપાંચસેં વાંદો ચતુર સુજાણો રે. શ્રી જિન૦ ૧૪

ઢાલ પ્રથમ પૂરી થઈ પુરા કહ્યા **પાંચ પ્રાસાદો** રે;
સાહાજી લાધો કહે નિત્યપ્રતે રણઝણ ઘંટાનાદો રે. શ્રી જિન૦ ૧૫

દુહા

પંચ્યોતેર દેરાસરે દેહરા પાંચ વિસાલ;
સવાતેરસે બિંબને વંદન કરૂ ત્રિકાલ. ૧

ખપાટીયાચકલાતણા દેહરાસર છે જેહ;
અભિનંદન જિન દેહરે હવે હુ પ્રણમુ તેહ. ૨

ઢાલ બીજી

મુની માનસરોવર હંસલો, એ દેશી.

ગોપીપુરાથકી પધારો ચાલો ચતુર મન લાયો રે;
ખપાટીયેં ચકલે જઈ વંદો શ્રી જિનરાયો રે. ૧

શ્રી જિનબિંબ જોહારીયેં વારીયેં કુમતિકુસંગો રે;
મોહમિથ્યાત નીવારીયેં ધારીયેં જિનગુણ રંગો રે. શ્રી૦ ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ નમું જિન દેહરે **અભિનંદન** જિનચંદો રે;
છયાસી બિંબ પાષાણમેં ભાવસુ ભવિ વંદો રે. શ્રી૰ ૩

ધાતુમેં સંખ્યા કહું દોયસત નેં અડસઠ્ઠો રે;
પાંચ રતનમેં સર્વે થઈ તીનસયા ગુણસઠ્ઠો રે. શ્રી૰ ૪

ઘર ઘર દેરાસરતણી સંખ્યાયે ચોવીસો રે;
એકસો બ્યાસી બિંબનેં પ્રણમીજે નિસદિસો રે. શ્રી૰ ૫

તિહાથી **કેલાપીઠે** જાઈયેં સરાસુધી સુજાણો રે;
ઉગણીસ દેરાસરતણી બિંબસંખ્યા હવે જાણો રે. શ્રી૰ ૬

દોયસયા પાંચ ઉપરે પ્રણમી કર્મનિકંદો રે;
કૃષ્ણજી વર્ધમાનને ઘરે પાસ ચિંતામણી વંદો રે. શ્રી૰ ૭

તિહાંથી **વડાચૌટા** ભણી જઈ જિનબિંબને વંદો રે;
વાઘજી ચીલંદાની પોલમેં ભેટયા **અજિત** જિણંદો રે. શ્રી૰ ૮

એકાદસ પાષાણમેં ધાતુમે તેર ધારો રે;
દેહરે શ્રી જિન પ્રણમતાં પામીજે ભવપારો રે. શ્રી૰ ૯

સાહા કેસરીસંઘને ઘરે દેહરુ એક વિસાલો રે;
મૂલનાયક પ્રભુ વાંદીયેં **અજિતજિણંદ** ત્રિકાલો રે. શ્રી૰ ૧૦

એસી બિંબ પાષાણમેં ધાતુમય હવિ સુણીયે રે;
ત્રણસે ત્યાસી બિંબને પ્રણમી પાતક હણીયે રે. શ્રી૰ ૧૧

વાઘજી વીલંદાની પોલથી વડેચૌટે આવી રે;
નાણાવટ સાપુરતણાં દેરાસર નમો ભાવી રે. શ્રી૰ ૧૨

સંખ્યાઈ સર્વે થઈ દેહરાસર ગુણ સઠ્ઠો રે;
બિંબ સંખ્યા સર્વે મલી છસયને અડસઠ્ઠો રે. શ્રી૰ ૧૩

નેમીસર જિન દેહરે પારેખ પ્રેમજીને પાસે રે,
ઉપરેં શાંતિ સોહામણા પ્રણમુ અધીક ઉલાસે રે. શ્રી૰ ૧૪

અધ ઉરધ સર્વે થઈ આરસમેં બિંબ પંચો રે;
ચુમોતેર પ્રભુ ધાતુમેં તેહમાં નહી ષલષંચો રે. શ્રી૰ ૧૫

ઢાલ બીજીમાંહે એ કહ્યાં **દેહરા ચ્યાર** પ્રમાણો રે;
દેરાસર સર્વે થઈ એકસો ને દોય જાણો રે. શ્રી૰ ૧૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુહા

સરાથકી સાહાપુર લગેં ત્રિણ જિનભૂવન ઉદાર;
એકસો દોય દેરાસરે વાંદો જગ આધાર, ૧

ધાતુમેં આરસમેં બિંબ અછે તિહાં જેહ;
સાહાજી લાધો કહેં દોયસહસ ભાવસું પ્રણમુ તેહ. ૨

ઢાલ ત્રીજી

નવમી નિરજરા ભાવનો ચીત ચેતો રે, એ દેશી.

નાણાવટ સાપુરથકી ભવિ વંદો રે, ચાલો ચતુર નરનારી; ભવિ૰
સોનીફલીયામાંહે જઈ ભ૰ શ્રી જિનબિંબ જોહાર, ભ૰ ૧

લાલભાઈના ડેલા તાંઈ ભ૰ દેરાસર છે ઈગ્યાર; ભ૰
એકસો સતાવન બિંબને ભ૰ પ્રણમંતાં જયજયકાર. ભ૰ ૨

તિહાંથી **વિલંદાવાડ**માં ભ૰ દેહરાસરમાંહે દેવ;
સંધ્યાઈ ચૌદ સોહામણા ભ કીજેં નિત્યપ્રતેં સેવ. ભ૰ ૩

બિંબ આરસના ધાતુમેં ભ૰ એકસોને અડવીસ; ભ૰
સરવાલે સરવે થઈ ભ૰ ભેટયા શ્રીજગદીસ; ભ૰ ૪

તિહાંથી અમલીરાણમેં ભ૰ **ગંધરપ ફલીયા** મુઝાર; ભ૰
આઠ દેરાસર અતભલા ભ૰ યાત્રા કરો નરનાર. ભ૰ ૫

બિંબ ઈકોતેર જિનતણા ભ૰ નિરષંતા આણંદ થાય; ભ૰
જિનપ્રતિમા જિન સારીષી ભ૰ પૂજંતા પાપ પુલાય. ભ૰ ૬

સૂરત શહેરના ચૈત્યની ભ૰ થઈ પુરણ જિનયાત્ર; ભ૰
તિહાથી પુરામાંહે જઈ ભ૰ યાત્રા કરો ગુણપાત્ર, ભ૰ ૭

નવાપુરામાંહે દેહરે ભ૰ **સોલસમાં શાંતિનાથ**; ભ૰
ભૂયરામાંહે પ્રભૂ ભેટીયા ભ૰ મૂલનાયક જગનાથ. ભ૰ ૮

ત્રણ્ય બિંબ પાષાણામેં ભ૰ ધાતુમેં નવ સાર; ભ૰
દ્વાદસ બિંબ જોહારતાં ભ૰ ઉપનો હરષ અપાર. ભ૰ ૯

સૈયદપુરાને દેહરે ભ૰ **હિદરપુરા**માહે જેહ; ભ૰
એકાદસ દેરાસરે ભ૰ જિનપ્રતિમા ગુણ ગેહ. ભ૰ ૧૦

સંધ્યાઈ સર્વે થઈ ભ૰ બિંબ એકસો વીસ; ભ૰
નગરથી બાહિર પુરાતણા ભ૰ ભેટીયા ત્રીભોવન ઈસ. ભ૰ ૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરતથી મનમોદસુ ભ જઈ **રાનેર** મુઝાર; ભ૦
શ્રીજિનબિંબ જોહારીયે ભ૦ તે સુણજો નરનાર, ભ૦ ૧૨

ભૂયરૂ એક અછે તિહાં ભ૦ **ચૌદ દેરાસર** સાર; ભ૦
એકસો ત્રહતાલીસ બિંબનઈ ભ૦ પ્રણમીજે બહુ વાર. ભ૦ ૧૩

સોનીના ફળીયાથકી ભ૦ **જિનમંદિર** છે **એક**; ભ૦
અઠાવન દેરાસરે ભ૦ રાનેર તાંઈ છેક. ભ૦ ૧૪

ઢાલ ત્રીજીમાંહે એ કહી ભ૦ બિંબ છસેય એકત્રીસ; ભ૦
સાહાજી લાધો કહે સમરીયેં ભ૦ ભાવસુ નિસદિસ ભ૦ ૧૫

દુહા

સૂરતમાંહે **ત્રણ ભૂયરા દેહરા દશ** શ્રીકાર;
દોયસય પણતીસ છે **દેહરાસર** મનોહાર. ૧

સરવાલે સરવે થઈ બિંબ સંખ્યા કહું તેહ;
તીન હજાર નવસે અધિક બહોતેર પ્રણમુ તેહ. ૨

ઢાલ ચોથી

કનકકમલ પગલા ઠવે, એ દેશી

યાત્રા સુરત શહેરની એ કીધી અધિક ઉહલ્લાસ,
ભવિજન સાંભલો એ;
રાનેરતાંઇ ભાવસું એ પહોતી મનતણી આસ. ભ૦ ૧

દેહરે દેરાસરતણી એ જિનપ્રતિમા છે જેહ, ભ૦
રચના ચૈત્યપ્રવાડની એ સંખ્યાયે કહી તેહ. ભ૦ ૨

એકીકી ગુણતાં થકાં એ પ્રતિમા ચ્યાર હજાર; ભ૦
સરવાલે સરવે થઈ એ સૂરત નગર મુઝાર. ભ૦ ૩

બિંબ પાષાણ ને ધાતુમેં રતનમય છે જેહ; ભ૦
વિગતેસું હવે વર્ણવું એ નરનારી સુણો તેહ. ભ૦ ૪

પાંચસે બિંબ પાષાણમેં એ માંહે રતનમય સાર; ભ૦
એકસો એક ચોવીસવટા એ ચૌમુષ ષટ ચિતધાર. ભ૦ ૫

નવસેં દસ પંચતીરથી એ પટ અઠ્યોતેર જાણ; ભ૦
નવસેં બ્યાસી પાટલી એ નવ તિહાં કમલમંડાણ. ભ૦ ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકલમલ છે ઈગ્યારસે એ અધિકી સડતાલીસ; ભ૦
સિદ્ધચક કહ્યા દોયસે એ ઉપરે ગુણચાલીસ. ભ૦ ૭

ચોવીસવટાની ચોવીસગુણી એ પંચતીરથીની પંચ; ભ૦
અઠાણુગણી કમલની એ ચામુષે ચોવીસ સંચ. ભ૦ ૮

એકલમલ સર્વે થઈ એ સહસ દસ એકતાલ; ભ૦
સૂરતમાંહે જિનબિંબને એ વંદન કરૂં ત્રિણકાલ. ભ૦ ૯

જિનપ્રતિમા જિન સારીષી એ સૂત્ર ઉવાઈ મુઝાર; ભ૦
રાયપસેની ઉવાંગમાં એ સૂરીઆભને અધિકાર. ભ૦ ૧૦

નિક્ષેપા ચૌ જિનતણા એ શ્રી અનુયોગદુયાર; ભ૦
ઠવણસત્ય જિનવર કહેં એ ઠાણાંગે સુવિચાર. ભ૦ ૧૧

શ્રીજિનપૂજા ચાલતી એ ભાષી ભગવઈઅંગ; ભ૦
જ્ઞાતાસૂત્રે દ્રુપદી એ જિન પૂજે મનરંગ. ભ૦ ૧૨

ઈત્યાદિક સૂત્રે ઘણા એ જિનપ્રતિમા અધિકાર; ભ૦
સમકિત નિરમલ કારણી એ સિવસુખની દાતાર. ભ૦ ૧૩

ઉથાપક જિનબિંબના એ તેહનો સંગ નિવાર; ભ૦
સંકા કંષ્યા પરિહરી એ જિન પૂજો નરનાર. ભ૦ ૧૪

ચોથી ચૈત્યપ્રવાડની એ ઢાલ થઈ સુપ્રમાણ; ભ૦
સાહાજી લાધો કહે જેહ ભણે તે તસ ઘરે કોડ કલ્યાણ. ભ૦ ૧૫

દુહા

જેણી રીતે જિમ સાંભલું સંષ્યા કીધી તેહ;
અધિકુ ઉંછુ જે હોય મિચ્છાદુકડ તેહ. ૧

સતરસેં ત્રાણુલગેં યાત્રા કરી મનકોડ;
વર્તમાન જિનબિંબની યુગતે કીધી જોડ. ૨

ઢાલ

રાગ ધન્યાસી

ઈમ ધન્નો ઘણનેં સમજાવે, એ દેશી

યાત્રા સૂરતબિંદરની કેરી કીધી સેરી સેરી જી,
ટાલી ભવોભવ ભ્રમની ફેરી સિવરમણી થઈને રીજી જી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈણીપરે શ્રી જિનબિંબ જોહાર્યા દુરીગતના તુષ વાર્યાજી;
આતમગુણ અનુભવસુ વિચાર્યા એ પ્રભૂ તારણહારાજી ઈ૰ ૨

સમકિત સુદ્ધ દસા આરોપી કુમતિલતા જડ કાપીજી;
કીરત તેહની જગમાં વ્યાપી જેણે જિનપ્રતિમા થાપી જી. ઈ૰ ૩

આગમ અધ્યાતમના અંગી સ્યાદવાદ સતસંગીજી;
નય પ્રમાણ જાણે સપ્તભંગી તે જિનપ્રતિમા રંગીજી. ઈ૰ ૪

જિનપ્રતિમા જિન સરીખી જાણી ભાવસુ પૂજો પ્રાણીજી;
સીવસુખની સાચી સંહિનાણી ભાષી ગુણધર વાણીજી. ઈ૰ ૫

જિનગુણસમ નિજગુણ અવધારી જિનપ્રતિમા સુખકારીજી;
ઉપદાનમાહેં સુવિચારી નિમત્ય સબલ ઉપકારીજી. ઈ૰ ૬

કટુકગછે કલ્યાણ વિરાજે સાહા લહુજી ગણચંદાજી;
થોભણસી તસ પાટ પ્રભાવિક પંડિતમાંહે દિણંદાજી. ઈ૰ ૭

સંવત સતર ત્રાણુયા વરસેં રહી સૂરત ચોમાસેજી;
માગસિર વદિ દશમી ગુરુવારે રચીઉ સ્તવન ઉલ્લાસેજી. ઈ૰ ૮

તપગછનાયક સુજન સુલાયક વિજયદયાસૂરિરાજેજી;
સાહા લાલચંદતણા આગ્રહથી રચના અધિક વિરાજેજી. ઈ૰ ૯

અધિકુંછ જે હોય એહમાં શુદ્ધ કરજ્યો કવિરાયાજી;
સાહાજી લાધો કરે સૂરતમાં રે હરષસુજિનગણ ગાયાજી. ઈ૰ ૧૦

ઈતિ શ્રીસૂરતનગરની ચૈત્યપ્રવાડની સંખ્યાનું સ્તવન સંપૂર્ણ સર્વગાથા ૮૧ શ્રી સૂરતમધ્યે દેહરા ૧૦ છે દેરાસર ૨૩૫ ભૂયરા ૩ પ્રતિમા એકેકી ગણતા ૩૯૭૮ પંચતીરથીની ૫ ચોવીસવટાની ૨૪ એકલમલ ૫ટ પાટલી સિદ્ધચક્ર કમલ ચૌમુષ સર્વે થઈને ૧૦૦૪૧ છઈ.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ ગ્રંથ સૂચિ

	ગ્રંથનું નામ	લેખકનું નામ
૧.	સૂર્યપુરનો સુવર્ણયુગ (૧૯૯૬)	સંચયકાર : કેસરીચંદ હીરાચંદ ઝવેરી
૨.	સુરતની જૈન ડિરેક્ટરી (૧૯૮૪)	પોપટલાલ પૂંજાભાઈ પરીખ
૩.	સૂર્યપુર રાસમાળા (૧૯૯૬)	સંચયકાર : કેસરીચંદ હીરાચંદ ઝવેરી
૪.	જૈન શ્વેતાંબર ડિરેક્ટરી (૧૯૬૩)	
૫.	જૈન તીર્થ સર્વસંગ્રહ (ભાગ-૧)(ખંડ-૧) (૨૦૧૦)	શેઠ આણંદજી કલ્યાણજી (પ્રકાશક)
૬.	સુરત તીર્થ વંદુ કર જોડ (૨૦૫૪)	સંપા૰ શ્રી વિજયસોમચંદ્રસૂરિ મ૰ સા૰
૭.	સુરત ચૈત્યપરિપાટી (૧૯૮૯)	સંચયકાર : કેસરીચંદ હીરાચંદ ઝવેરી
૮.	સૂર્યપુંજ (સૂર્યપુર (સુરત) શહેરની વિવિધ જૈન માહિતીનો સંચય) (૨૦૫૩)	અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી (પ્રકાશક)
૯.	જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧ થી ૩	ત્રિપુટી મહારાજ
૧૦.	જૈન ગૂર્જર કવિઓ ભાગ-૧ થી ૧૦	સંવર્ધિત આવૃત્તિ - જયંત કોઠારી
૧૧.	જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ (૧૯૮૯)	મોહનલાલ દલીચંદ દેસાઈ
૧૨.	શ્રી ૧૦૮ પાર્શ્વનાથ દર્શન (ભાગ-૧) (૨૦૪૩)	સંપા૰ મુનિ શ્રી જગવલ્લભ વિજયજી
૧૩.	નવસારી ચૈત્યદર્શન (૨૦૫૫)	શ્રી સંસ્કાર વિચાર પરિષદ (પ્રકાશક)
૧૪.	પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ અથવા પાર્શ્વનાથના ચમત્કારો (૧૯૭૯)	મણીલાલ ન્યાલચંદ શાહ
૧૫.	રાંદેરની જૈન અસ્મિતા (૨૦૫૩)	શ્રી આદિ નેમનાથ જૈન દેરાસર પેઢી (પ્રકાશક)
૧૬.	જૈન ધર્મનાં યાત્રાસ્થળો (૨૦૧૩)	મોહનલાલ દીપચંદ ચોકસી
૧૭.	તીર્થગાઇડ (ભાગ-૧) (૧૯૬૮)	પરીખ મોતીલાલ મગનલાલ (પ્રકાશક)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતનાં જિનાલયોના ઈતિહાસની યોજના અંગે

સૂચિત યોજનાના ઉપક્રમે ગુજરાતનાં તમામ જિનાલયોની વિગતવાર માહિતી એકઠી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં જે પ્રાચીન જૈન તીર્થો છે તેનો વિગતવાર ઈતિહાસ તૈયાર કરવામાં આવનાર છે. યોજના ઉપક્રમે નીચે મુજબના ગ્રંથો તૈયાર કરવાનું આયોજન છે.

ગ્રંથ નં૰ ૧ - ખંભાતનાં જિનાલયો

ગ્રંથ નં૰ ૨ - પાટણનાં જિનાલયો

ગ્રંથ નં૰ ૩ - સુરત શહેર અને જિલ્લાનાં તથા વલસાડ, નવસારી જિલ્લાનાં જિનાલયો

ગ્રંથ નં૰ ૪ - અમદાવાદ, ખેડા, વડોદરા, ભરૂચ જિલ્લાનાં જિનાલયો

ગ્રંથ નં૰ ૫ - મહેસાણા તથા પાટણ જિલ્લાનાં જિનાલયો

ગ્રંથ નં૰ ૬ - સાબરકાંઠા, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાનાં જિનાલયો

ગ્રંથ નં૰ ૭ - ભાવનગર, જૂનાગઢ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લાનાં જિનાલયો

જૈન તીર્થ સર્વસંગ્રહમાં ગુજરાતનાં આશરે ૮૪ તીર્થોનો ઉલ્લેખ થયેલો છે. તે તીર્થો ઉપરાંત અન્ય કેટલાક તીર્થો ઉમેરાશે. અને માહિતીને ચાર ગ્રંથોમાં સમાવિષ્ટ કરવામાં આવશે.

ગ્રંથ નં૰ ૮

૧. પાનસર	૨. શેરીસા	૩. વામજ	૪. મહેસાણા
૫. ગાંભૂ	૬. કંબોઈ	૭. મોઢેરા	૮. સંડેર
૯. ચાણસ્મા	૧૦. સિદ્ધપુર	૧૧. ઊંઝા	૧૨. વડનગર
૧૩. તારંગા	૧૪. ચારૂપ	૧૫. મેત્રાણા	૧૬. વિજાપુર
૧૭. હારીજ	૧૮. રાંતેજ	૧૯. પાલનપુર	૨૦. સરોત્રા
૨૧. દાંતીવાડા	૨૨. ભીલડિયા	૨૩. રામસેન	૨૪. મહુડી

ગ્રંથ નં૰ ૯

૧. માતર	૨. ખંભાત	૩. વડોદરા	૪. અકોટા
૫. પાવાગઢ	૬. ચાંપાનેર	૭. ડભોઈ	૮. કાવી
૯. ગંધાર	૧૦. ભરૂચ	૧૧. ઝઘડિયા	૧૨. સુરત
૧૩. નરોડા	૧૪. દાવડ	૧૫. ઈડર	૧૬. ખેડબ્રહ્મા
૧૭. વડાલી	૧૮. મોટા પાશીના	૧૯. નાના પોશીના	૨૦. કુંભારિયાજી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગ્રંથ નં૦ ૧૦

૧. થરાદ	૨. વાવ	૩. ભોરોલ	૪. શંખેશ્વર
૫. મુજપુર	૬. પંચાસર	૭. શંખલપુર	૮. ઉપરિયાળા
૯. ઝીંઝુવાડા	૧૦. વડગામ	૧૧. જમણપુર	૧૨. ભદ્રેશ્વર
૧૩. સુથરી	૧૪. જખૌ	૧૫. નળિયા	૧૬. તેરા
૧૭. કોઠારા	૧૮. કટારિયા	૧૯. ગેડી-કંથકોટ-સીકરા	

ગ્રંથ નં૦ ૧૧

૧. ધોળકા	૨. ધંધુકા	૩. વઢવાણ	૪. જામનગર
૫. શત્રુંજય	૬. તળાજા	૭. મહુવા	૮. ઘોઘા
૯. પીરમબેટ	૧૦. વલભીપુર	૧૧. ગિરનાર	૧૨. જૂનાગઢ
૧૩. દ્વારકા	૧૪. ઢાંક	૧૫. વંથલી	૧૬. પ્રભાસપાટણ
૧૭. ઊના	૧૮. દીવ	૧૯. દેલવાડા	૨૦. અજારા

સમગ્ર યોજના એપ્રિલ, ૨૦૦૩ સુધીમાં પૂરી કરવાનું આયોજન છે. જો કે તે સમયપત્રકમાં ફેરફાર થવાનો સંભવ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org